અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના પ.પૂ.ધ.ધુ.આચાર્ય
૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

# ॥ सार्थ स्तोत्रम् ॥




પ્રકાશક

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ

તથા

શ્રી સ્વામિનારાયણ મંદિર, ઈટાસ્કા, શિકાગો, અમેરિકા

# સાર્થ સ્તોત્ર

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

**શ્રીનરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી**
**૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**

# સાર્થ સ્તોત્ર

**: સંપાદક - અનુવાદક :**
મહંત સ્વામી શાસ્ત્રી નિર્ગુણદાસજી (વેદાન્તાચાર્ય, કાશી)

**: પ્રકાશક :**
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
તથા
શ્રી સ્વામિનારાયણ મંદિર, ઈટાસ્કા શિકાગો (ISSO) અમેરિકા

**: પ્રકાશન તિથિ :**
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
૪૮ મી પ્રાગટ્ય તિથિ સં. ૨૦૭૬ આસો સુદ-૧૦
વિજયા દશમી તા. ૨૫-૧૦-૨૦૨૦

**આવૃત્તિ :** પ્રથમ

**પ્રત :** ૨,૦૦૦

**કિંમત :** રૂા. ૫૦/- (રાહત દરે)

© સર્વ હક્ક પ્રકાશક સંસ્થાને સ્વાધીન

પ્રકાશક :

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી**

**૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**

ટ્રસ્ટ બોર્ડ

શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ વતી

**મહંત સ્વામી**

**શાસ્ત્રી નિર્ગુણદાસજી (વેદાન્તાચાર્ય, કાશી)**

**સહયોગ દાતા યજમાનશ્રીઓ :**

મિડવેસ્ટ શ્રી સ્વામિનારાયણ મંદિર (ISSO) શિકાગો અમેરિકા

સંત મંડળ (૧) મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી ભક્તિનંદનદાસજી

(૨) પૂજારી સ.ગુ. બ્રહ્મચારી શ્રી કે.પી. સ્વામી

(૧) અ.નિ. શાંતાબેન રમણભાઈ પટેલ - હસ્તે હરિ અને શિલ પટેલ

(૨) અ.નિ. શકુંતલાબેન બળવંતરાય કવિ - હસ્તે ઘનુભાઈ અને ધ્રુવ કવિ

(૩) અ.નિ. કુસુમબેન ભરતભાઈ અમીન - હસ્તે હિતેન અને ભાવેશ અમીન

(૪) અ.નિ. પશીબેન વેણાંભાઈ પટેલ - હસ્તે વિઠ્ઠલભાઈ અને કમળાબેન પટેલ

(૫) ગં.સ્વ. ડાહીબેન રામદાસ પટેલ વડુ - હસ્તે પંકજભાઈ - મહેન્દ્રભાઈ પટેલ

**પુસ્તક પ્રાપ્તિ સ્થાન :**

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

મિડવેસ્ટ શ્રી સ્વામિનારાયણ મંદિર, (ISSO) શિકાગો

**ટાઈપ સેટીંગ અને મુદ્રક :**

શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ :

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

*His Holiness Acharya Maharaj*
*Shri Koshalendraprasadji Pande*

॥ શ્રી સ્વામિનારાયણાય નમઃ ॥

Per.Sec./14/20-21

Dt : 04/09/2020

## આજ્ઞા પત્ર

પ્રતિ

મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી

શ્રી સ્વામિનારાયણ મંદિર

કાલુપુર, અમદાવાદ-૩૮૦૦૦૧

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના ગુણગાન કરવા એ આપણા સૌના માટે એક મહત્વનો અને અમૂલ્ય અવસર છે. નંદ સંતો હંમેશા શ્રીહરિના સ્વરૂપનું ચિંતન તેમના ગુણ ઐશ્વર્યનું ગાન કરવામાં જ વિતાવતા હતા. તેનું પ્રત્યક્ષ પ્રમાણ તે મહાન સંતોના કીર્તનના પદોમાં વ્યક્ત થતો ધ્વનિ છે. તેવીજ રીતે સંસ્કૃત ભાષાના વિદ્વાનો, સંતો, મહાનુભાવોએ પણ પોતાના સ્તોત્રો અને મોટા ગ્રંથોમાં એવા જ ભાવ શ્રદ્ધા વ્યક્ત કરેલાં છે. તેને સમજવા માટે આ સાર્થ સ્તોત્ર નામની પુસ્તિકા સૌ સંતો, ભક્તોને સહાયક થશે તેવી ભગવાન શ્રી નરનારાયણદેવના શ્રીચરણોમાં પ્રાર્થના સાથે શુભાશીર્વાદ સહ જયશ્રી સ્વામિનારાયણ.

રૂડા આશીર્વાદ સહ

[signature]

આજ્ઞાથી,

[signature]

પર્સનલ સેક્રેટરી
પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજ શ્રી
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર-અમદાવાદ.

Shree Swaminarayan Mandir,
Ahmedabad-1
Tel: 079 2212 3835

Shree Swaminarayan Bagh,
Ahmedabad-52
Tel: 079 2747 8070

# શુભાશંસા

ગુજરાતી ભાષામાં રચાયેલાં કીર્તનોનો જેમ મહિમા છે તેમ સંસ્કૃત ભાષામાં રચાયેલાં સ્તોત્રોનો મહિમા પણ અપાર છે. કારણ કે આ સ્તોત્રોમાં સર્વોપરી શ્રીહરિના સ્વરૂપ ગુણ માહાત્મ્ય ઐશ્વર્ય ધ્યાન પ્રાર્થના વગેરેનું વિશદ્ નિરૂપણ કરાયું છે.

સંસ્કૃત ભાષામાં સાહિત્યની દૃષ્ટિએ ઉચ્ચકોટીનાં તેમજ જુદા જુદા છંદો તથા શાસ્ત્રીય રાગોમાં રચાયેલાં જ્ઞાન સભર ભક્તિ અને શરણાગતિમૂલક એવાં સ્તોત્રોની સંખ્યા તો ઘણી છે. પરંતુ એમાંથી મહંત સ્વામીશ્રી શાસ્ત્રી નિર્ગુણદાસજીએ સાઈઠ સ્તોત્રોનો આ સંગ્રહ શબ્દાનુવાદ ભાવાનુવાદ સાથે પ્રસિદ્ધ કરીને શ્રદ્ધાવાન સત્સંગીજનો માટે મોટું કાર્ય કર્યું છે.

ભક્તજનોને જાણીને નવાઈ લાગશે કે પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી દેશવિદેશમાં કથા પારાયણની સેવા ઉપરાંત હાલમાં આપણા અમદાવાદ મંદિરના મહંત પદે રહી સત્સંગની સેવા નિભાવવાની સાથે આ પુસ્તકમાંના સાઈઠ સ્તોત્રો મહંત સ્વામીએ મુખાગ્ર કર્યા છે. અને દરરોજ શ્રીહરિની સમક્ષ આ સ્તોત્રોનો મુખપાઠ કરે છે.

આ સ્તોત્રોમાં સમાયેલું ગહન જ્ઞાન જે વિદ્વદ્ ગમ્ય હતું તે જ્ઞાન સર્વજન સુલભ કરી આપ્યું છે. આ સ્તોત્રસંગ્રહ સત્સંગ પરાયણ ભગવદ્ ભક્તો માટે ભક્તિ અને જ્ઞાનનું કાયમી ભાથું બની રહેશે. કારણ કે આ સ્તોત્રો ઉપાસનાના અંગભુત છે.

મહંત સ્વામી દ્વારા આવાં સત્સંગ સાહિત્ય સેવાનાં અનુપમ કાર્યો થતા રહે એવી શ્રી નરનારાયણદેવના ચરણ કમળમાં પ્રાર્થના સાથે ધન્યવાદ.

હરિકેશવદાસ શાસ્ત્રી,
શ્રી સ્વામિનારાયણ મંદિર, સેકટર-૨૩, ગાંધીનગર.

# બે શબ્દો

સનાતન હિન્દુ સંસ્કૃતિની એક વિશેષતા એ છે કે આપણા સનાતન ધર્મ ગ્રંથો અને સિદ્ધાંતો દેવાભાષા સંસ્કૃતમાં રચાયેલાં છે. પરમાત્માના દિવ્ય મંગલ વિગ્રહના ગુણગાનની રચના પણ આપણા ઋષિમુનિઓએ અને સંતોએ સંસ્કૃત ભાષામાં જ કરી છે. માટે સંસ્કૃત કાવ્ય દ્વારા પરમાત્માના ગુણોનું ગાન જેટલું ઉત્તમ પ્રકારે કરી શકાય તેટલું કદાચ અન્ય ભાષાઓ વડે અશક્ય પણ બને.

ભગવાન શ્રી સ્વામિનારાયણના નંદ સંતો અને વિદ્વાન હરિભક્તોએ સંસ્કૃત ભાષામાં પરમાત્માને પ્રસન્ન કરવાના સાધનરૂપ પરમાત્માના દિવ્ય ગુણોનું વર્ણન કરતા સ્તોત્રોની રચના કરી છે.

સંપ્રદાયની મુળ પ્રણાલિકા અનુસાર દરરોજ ક્રમશઃ નિશ્ચિત કરેલાં અલગ અલગ સ્તોત્રોનું ગાન થાય છે. પરંતુ સંતો ભક્તો ગુજરાતી અર્થાનુસંધાન સાથે ગાન કરે તો ભગવાન પ્રત્યે ભક્તોને વિશેષ ભાવ થાય તેમજ પરમાત્માની વિશેષ પ્રસન્નતા થાય. એ હેતુથી પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી આ સ્તોત્રોનું ગુજરાતી ભાષામાં ભાષાંતર કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (વેદાન્તાચાર્ય - કાશી) (અસારવા ગુરુકુળ) એ ખૂબજ મહેનત કરી સર્વ હરિભક્તો સંતો સરળ રીતે અર્થ સમજી શકે તેમ આ પુસ્તક તૈયાર કરી સાર્થ સ્તોત્ર નામથી પ્રકાશન કરી સત્સંગ સમાજને ભેટ આપતા ખૂબજ આનંદની હર્ષની લાગણી અનુભવીએ છીએ. આ પુસ્તકના માધ્યમથી શ્રી સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપમાં મૂર્તિમાં મનને જોડી રાખવા ખૂબજ ઉપયોગી નીવડશે.

આ પુસ્તક પ્રકાશનમાં શિકાગો મંદિરના સેવાભાવી હરિભક્તોએ સૌજન્ય સેવા કરી છે તે ખૂબ પ્રશંસનીય છે. તેમને શ્રીહરિ આવીને આવી સેવા કરવાનું બળ આપે તેવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

- મહંત સ્વામીશ્રી ભક્તિનંદનદાસજી,

પૂજારી બ્ર. સ્વામીશ્રી કે.પી. સ્વામી

શિકાગો મંદિર

# નિવેદન

ભગવાનને પ્રસન્ન કરવાના સાધનોમાં નવધા ભક્તિ સર્વ શ્રેષ્ઠ સાધન છે. તે સૌ કોઈ સરળતાથી કરી શકે છે. તેમાં શ્રવણ ભક્તિ પછી તરત જ બીજું સ્થાન કીર્તન ભક્તિને મળેલ છે. મોટા મોટા મહાપુરુષો પરમભાગવત્ ભક્તો દેવર્ષિ નારદદાદિ ઋષિમુનિઓ ભક્તો સૌએ કીર્તન ભક્તિ કરીને શ્રીહરિને અતિ પ્રસન્ન કરેલાં છે. ભગવાન શ્રી સ્વામિનારાયણને પ્રસન્ન કરવા તેમની સાથે કવિઓનો મોટો સમુદાય હમેશાં સાથે રહેતો. તેમાં મુક્તાનંદમુનિ, પ્રેમાનંદમુનિ, બ્રહ્માનંદમુનિ, દેવાનંદમુનિ, નિષ્કુળાનંદમુનિ, મંજુકેશાનંદમુનિ, અવિનાશાનંદમુનિ, ભૂમાનંદમુનિ, પૂર્ણાનંદમુનિ, દયાનંદમુનિ વિગેરે મુખ્ય હતાં. તે સૌ પ્રાકૃત ભાષા એટલે કે ગુજરાતી, હિન્દી, વૃજભાષામાં પદો કીર્તનો અને મોટા ગ્રંથોની રચના દ્વારા જનસમુદાયને ઉદ્ધવસંપ્રદાયની ઓળખ અને શ્રીહરિનો મહિમા માહાત્મ્યનું ગાન કરતાં. તેવી જ રીતે સંસ્કૃત ભાષાના વિદ્વાન સંતો શ્રીહરિની આજ્ઞાથી સમગ્ર જગતના પંડિતો અને વિદ્વાનોને પણ શ્રીહરિનો યથાર્થ મહિમા સ્પષ્ટ રૂપે સ્વીકાર્ય થાય તેવી રચનાઓ મોટા સત્શાસ્ત્રો રૂપે અને સ્તોત્રો જેને આપણે અષ્ટકોના નામથી જાણીએ છીએ તેમની શ્રેષ્ઠ સંસ્કૃત ભાષામાં રચના કરતાં હતાં. જેને સાંભળી વાંચીને કેટલીક વખત શ્રીહરિ સ્વયં અતિ પ્રસન્ન થઈને અનેક પ્રકારના વરદાનો તે વિદ્વાન સંતોને આપતા હતાં. જેમ કે શ્રી શતાનંદમુનિ અને શ્રી વાસુદેવાનંદ વર્ણિકૃત શ્રી સત્સંગિજીવન કે સત્સંગિભૂષણની જે શ્રધ્ધા ભક્તિથી સપ્તાહ પારાયણ સાંભળે કે કરે તેને પોતે પ્રત્યક્ષ પ્રગટ પ્રમાણ દર્શન આપવાનું વરદાન આપેલ છે. તેમના અષ્ટકોને પણ તેવી જ રીતે સાંભળીને પ્રસન્ન થઈને આવા જ શુભ વરદાનો આપેલાં છે. જેમાં પ્રાકૃત ભાષાનાં અનેક કવિ વિદ્વાનો શ્રીહરિ સાથે હતાં તેમજ સંસ્કૃત ભાષાના મહાન વિદ્વાનો પણ શ્રીહરિની સાથે હંમેશા રહેતાં. તેમાં શ્રી શતાનંદમુનિ, શ્રી વાસુદેવાનંદમુનિ, શ્રી ગોપાળાનંદમુનિ, શ્રી નિત્યાનંદમુનિ, અચિત્યાનંદમુનિ, નિષ્કામાનંદમુનિ, મુક્તાનંદમુનિ, બ્રહ્માનંદમુનિ, શ્રી શુકાનંદમુનિ, શ્રીમહાનુભાવાનંદમુનિ અને દીનાનાથ ભટ્ટ આદિ મુખ્ય હતાં. તેમની સંસ્કૃત રચનાઓમાં એક વાત ખાસ જોવા મળી છે તે એ છે કે આ સૌ વિદ્વાન સંતોએ ભગવાન શ્રી સ્વામિનારાયણને જ સાક્ષાત્ પરંબ્રહ્મ પરમાત્મા પુરૂષોત્તમનારાયણ સર્વોપરી સર્વાવતારી છે તેવું પ્રતિપાદન કરેલ છે. તેવા ભાવથી સ્તુતિ પ્રાર્થના કરી છે. તેના અર્થને સમજવાનું અને ભાષાની જેને સાધારણ સમજણ હોય તો પણ તે સ્તુતિ અષ્ટકો ગાવાનો અને સાંભળવાનો કંઈક દિવ્ય અલૌકિક જ આનંદ પ્રાપ્ત થાય છે. તેવો આનંદ સરળતાથી સૌ નાના મોટા ભક્તોને મળે તેવા શુભ આશયથી આ પુસ્તિકામાં કેટલાક પ્રસિદ્ધ ગવાતા અને અર્થ સભર એવા અષ્ટકોનો શબ્દાર્થ ભાવાર્થ સંગ્રહિત કરવાનો પ્રયત્ન કરેલ છે. જેનું છાપકામ કરવામાં સહયોગ દાતા યજમાનશ્રીઓને પ્રેરણા શ્રી મિડવેસ્ટ સ્વામિનારાયણ મંદિર (ISSO) શિકાગોના મહંત સ્વામી સ. શાસ્ત્રી ભક્તિનંદનદાસજી તથા પૂજારી સ. બ્રહ્મચારી શ્રી કે.પી. સ્વામી તથા મંદિરના કમીટીના સર્વ સભ્યોએ કરેલ છે. જેનો વિદ્વદ જનો નિરક્ષીર ન્યાય ગ્રહણ કરીને રાજી થાય એજ સૌના ચરણમાં નમ્ર વિનંતી છે.

- શાસ્ત્રી સ્વામી નિર્ગુંણદાસજી

# अनुक्रमणिका


| अ.नं. | अष्टक | श्लोक | पेज |
|---|---|---|---|
| १ | अथ मनसि शनैः स्थिरत्वमाप्ते | १४ | १ |
| २ | महातेजः पुंजस्फुरदमलसिंहासनवरे स्थितं | ८ | ६ |
| ३ | त्वद्रूपे निश्चला मे मतिरतिरसिका | ९ | १२ |
| ४ | अवतीर्य निजाक्षरात्परादिह मूर्त्यां बद्रीवने स्थितः | ८ | १९ |
| ५ | श्रीनरनारायणमृषिराजं सुखदमहो | ८ | २९ |
| ६ | श्रीवासुदेवइहभारतजीवलोकक्षेमायनिर्जरऋषिः | ८ | ३५ |
| ७ | सुरराजराज तव दर्शनं विना | ९ | ४० |
| ८ | अतिमनोहरं सर्वसुन्दरं तिलकलक्षणं चंचलेक्षणम् | ८ | ४४ |
| ९ | मुक्तानां सदसि सदा विराजमानं | ८ | ४९ |
| १० | ब्राह्मेमुहूर्ते शयनं विहाय निजस्वरुपं हृदि चिन्तयित्वा | ९ | ५३ |
| ११ | श्रीनीलकंठ हरिकृष्ण हरे दयालो स्वामिन् | ८ | ५८ |
| १२ | सद्धर्मरक्षात्तजने सदीश प्रतापनिर्मूलदैत्ययूथ | ८ | ६३ |
| १३ | ब्रह्मधामाधिपं पुंप्रकृत्याक्षिप्तं वन्दितं | ९ | ६७ |
| १४ | स्वामिनारायणदेवं शरणं व्रजामि | ५ | ७३ |
| १५ | वरवरकरूणासागर कृष्ण सतांनाथ संपत्तिकरणम् | ९ | ७७ |
| १६ | नवमेघमेचकविग्रहं धृतपुष्पहारमनोहरं | ८ | ८८ |
| १७ | मानस चिन्तय चारुचरित्रं प्रेमवतिवृषपुत्रं | ९ | ९७ |
| १८ | नित्यं शुद्धमजं भुवनेश्वरमीशेशं किल विश्वेशम् | ८ | १०४ |
| १९ | विहरति योऽक्षरेक्षरपदाक्षरमुक्तपतिः | ८ | ११४ |
| २० | तरुणं लोकयचातिकरुणं कृष्णं पथि | ८ | १२० |
| २१ | हरिकृष्णं मानस लोककमनियमे | ९ | १२४ |
| २२ | अथेकदा दिव्यतपास्तपंस्तस्विनां कौतुककारकर्मकः | ८ | १२९ |
| २३ | भवसंभवभीतिभेदनं सुखसम्पत्करुणानिकेतनम् | ९ | १३३ |
| २४ | श्रीवासुदेव विमलामृतधामवासं नारायणं | ११ | १३८ |
| २५ | जय जय सुखदवरं कमलाननलोभं | ८ | १४३ |
| २६ | श्रीधर्मसद्मन्यवतीर्य विष्णुर्यो वासुदेवो हरिकृष्ण ईशः | ९ | १४७ |
| २७ | गोविन्द नारायण वासुदेव श्रीकृष्ण संकर्षण पद्मनाभ | ९ | १५२ |
| २८ | जलधरसुन्दर मदनमनोहर हृदयतमोहर कृष्ण हरे | ८ | १६२ |
| २९ | परमाद्भुतदिव्यवपु रुचिरं रुचिरेंघ्रितलेंगुलयो रुचिराः | १९ | १६७ |

| अ.नं. | अष्टक | श्लोक | पेज |
|---|---|---|---|
| ३० | केशवतापं हर हर मे ब्रह्मवन्तं | ८ | १७५ |
| ३१ | एहि दयालो हृदय शयालो दर्शय समुधुरमूर्तिम् | ८ | १७९ |
| ३२ | नीतिप्रविण निगमागमशास्त्रबुद्धे | ८ | १८६ |
| ३३ | नवीनजीमुतसमानवर्णं रत्नोल्लसत्कुण्डलशोभिकर्णम् | ८ | १९० |
| ३४ | हर हर गोपीनाथ मम कष्टम् । | ९ | १९४ |
| ३५ | भजमानस त्वं श्रीहरिं हरिकृष्णंपुराणम् | ९ | १९९ |
| ३६ | सजलजलदसुन्दरं समांगं सरसिरुहेक्षणमीक्षणीयमूर्तिम् | ८ | २०४ |
| ३७ | मात्स्यं रूपमलौकिकं भुवि दधत्कल्पान्तकाले नृपं | ११ | २०८ |
| ३८ | हे नीलकंठ शरणागतजीवपालं संसारसिंधु | ९ | २१६ |
| ३९ | हे धर्मपुत्र हरिकृष्ण तपः प्रियाद्य | ११ | २२१ |
| ४० | वदनं दर्शय मंदहसनं भक्तप्रिय ते हरे जनरंजनम् | ८ | २२८ |
| ४१ | विघ्नेश विघ्नचयखण्डननाधेयं श्रीशंकरात्मज | ८ | २३१ |
| ४२ | स्वामिन्परात्पर विभो पुरुषोत्तमाद्य नारायणाक्षरनिवास | १० | २३४ |
| ४३ | जय जय दीनानाथ हरिकृष्ण | ८ | २३९ |
| ४४ | धर्मस्तज्जनको हरेश्चतनयोऽयोध्याप्रसादो | १० | २४२ |
| ४५ | धर्मधुरंधर दैत्यभयंकर भक्तमनोहर भक्तपते | ८ | २४९ |
| ४६ | त्वयितुहरेचेतो रमताम् | ९ | २५५ |
| ४७ | देवाभयदं नारायण देवाभयदं नारायण | ८ | २५९ |
| ४८ | प्रथमतः शकुलाकृतिरादधे श्रुतिगणोधरणाय धरातले | ८ | २६२ |
| ४९ | रमतां सततं सततमखे त्वयि मानसं मम सखे | ६ | २६६ |
| ५० | सिताम्बरं नैष्ठिकवर्णिवेषं पीताम्बरं तं नटवर्यवेषम् | ८ | २७१ |
| ५१ | दयार्जवादिसागरंनिरन्तरप्रजागरंप्रसून दिव्यशेखरंविदांवरं | ८ | २७६ |
| ५२ | श्रीमत्प्रदीपालविरोचमाने स्थानेस्थितां चारुसहासवक्त्राम् | १२ | २८१ |
| ५३ | विशालभालं कलिजाकरालं स्वभक्तपालं वृष भक्तिबालं | ८ | २८८ |
| ५४ | भुविसदंगणे सर्वसद्‌गुणे रचितखेलनं भक्तमेलनम् | ८ | २९३ |
| ५५ | प्रातः स्मरामिवृषपुत्रपदार्विन्दं पापौघपापिजनपातक | ९ | २९७ |
| ५६ | प्रातः स्मरामि भवभीतिमहार्तिशान्त्यै नारायणं | ८ | ३०२ |
| ५७ | स्वीये धाम्नि सदाऽक्षरे परतरेसंसेवितांघ्रिद्वयै | १२ | ३०७ |
| ५८ | अखिलभुवनजन्मस्थेमभंगादि लीले | १२ | ३१८ |
| ५९ | आदौ प्रेमवतिवृषांगजननं सन्नैकतीर्थाटनं | १२ | ३३१ |
| ६० | पातुं धर्ममधर्ममुत्खनयितुं श्रीभक्तिधर्मांगतो | १२ | ३४५ |




**સર્વોપરિ શ્રી નરનારાયણ દેવ- અમદાવાદ**



શ્રી ઘનશ્યામ મહારાજ - રંગ મહોલ, કાલુપુર મંદિર



પ.પૂ.મોટા મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી
પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
પ.પૂ.ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



શ્રી રાધાકૃષ્ણદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ - શિકાગો

# મનમાં શ્રીહરિનું ધ્યાન ચિન્તન

॥ पुष्पिताग्रावृत्तम् ॥

अथ मनसि शनैः स्थिरत्वमाप्ते भगवति मानुषमूर्तिवासुदेवे ॥
निजहृदि पृथगेकमेकमंगं चरणतलादि विचिन्त्यमस्य पुंसां ॥१॥
निजहृदि दृशि गोचरे तदीये ह्यवह्यव एकक एकके पृथकच्च ॥
चपलमपि मनः स्थिरं विधेयं व्रजति लयं खलु तेन तन्मलौघः ॥२॥
ध्वजकमलयवांकुशोर्ध्वरेखाप्रमुखसुलक्षणलक्षिते च रम्ये ॥
अतिशयमृदुले च यावकाभे चरणतले मनसास्यचिन्तनीये ॥३॥
अरुणनखशशांकराजिकान्त्या हृतनिजचिन्तकहृतमोंघ्रियुग्मं ॥
क्रमलघुसमकोमलांगुलीभिर्हृतनवपल्लवकान्ति चास्य चिन्त्यम् ॥४॥
निजजनमनसः प्रहर्षणार्थं परिधृतनूपुरशिंचितातिरम्यम् ॥
स्वगतनिजजनाक्षिवृत्तिचोरं चरणयुगं हृदि चिन्तनीयमस्य ॥५॥
किसलयमृदुले सुवृत्तजंघे क्रमपृथुलेऽथ सुवर्तुलौ च जानूं ॥
करिकरसदृशं समं च पीनं निजहृदि सक्थियुगं च चिन्त्यमस्य ॥६॥
मृदुघनसितमुक्ष्मदीर्घवासः परिदधदुत्तमहैमकाञ्चिनद्धम् ॥
पृथुलकटियुगं च चिन्तनीयं निजहृदये चिरमस्य भक्त भर्तुः ॥७॥
उदरमपि लसद्वलित्रयान्तर्गतशुभसभ्रमनिम्ननाभिकूपम् ॥
हृदयमुरुसुगन्धिपुष्पहारं समविततं हृदि चिन्त्यमस्य तुंगम् ॥८॥
कनककटकशृंखलोर्मिकाभिर्लसदरुणाब्जनिभं करद्वयं च ॥
दृढतरमतिरम्यबाहुयुग्मं निजहृदयेऽस्य विचिन्त्यमंगदाढ्यम् ॥९॥
विविधमणिविशुद्धहेमसूत्रग्रथितसुमौक्तिकहारहारिकण्ठः ॥
विगतशशकलंक आस्यचन्द्रः स्थिरमनसास्य चिरं च चिन्तनीयः ॥१०॥
मितहसितविसर्पिदन्तकान्तिप्रथनसमुज्जवलगण्डयुग्ममस्य ॥
नवनलिनदलायतं विचिन्त्यं निजहृदिचंचललोचनद्वयं च ॥११॥
श्रवणयुगलमस्य कुंडलश्रीबहुविधपुष्पमयावतंसरम्यम् ॥
तरदलघुविशालभालराजत्सतिलककुंकुमचन्द्रकश्च चिन्त्यः ॥१२॥

असिततिलकलक्ष्म दक्षगण्डे तिलकुसुमोत्तमनासिकान्तिकेऽस्ति ॥
विलसितबिन्दुरस्य वामे श्रवणपुटे भवतीति चिन्तनीयः ॥१३॥
विविधकुसुमशेखरालिराजत्पटमुकुटं च शिरोऽस्य चिन्तयित्वा ॥
वदनकमळमेव चिन्तकेन स्मितमधुरं चिरकालमस्य चिन्त्यम् ॥१४॥

સરધારનગરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે કરેલ મોટા જન્માષ્ટમીના દિવ્ય મહામહોત્સવના દર્શન કરીને અને પોતાના ગામ કારિયાણીમાં આવવાનું આમંત્રણ શ્રીહરિને આપીને આવેલા ખટવાંગ રાજા માંચાખાચર ગઢપુરમાં અભયરાજા અને તેમના પરિવારને પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણનો પ્રતાપ અને ઐશ્વર્યની કથાઓ કહીને મહાત્મ્ય કહ્યા પછી તે પરમાત્માના સ્વરૂપનું ધ્યાન ચિન્તવન કેવી રીતે કરવું તે કહે છે. જે ધ્યાન ચિન્તવન કરવાથી સર્વ પ્રકારના દુઃખો કષ્ટો અને ભયનો નાશ થાય છે, તે ધ્યાનને સમજાવવા માટે શતાનંદમુનિ માંચાખાચરના મુખેથી આ સ્તોત્ર અષ્ટક કહે છે, જે સત્સંગિજીવન ધર્મશાસ્ત્રના પ્રકરણ-૨ ના અધ્યાય-૨૫માં શ્લોક ૧૫ થી ૨૮ સુધી વર્ણન કરેલ છે તેના શબ્દોના અર્થને સમજવાનો પ્રયત્ન કરીએ ....

**અથ મનસિ શનૈઃ સ્થિરત્વમાપ્તેઃ ભગવતિ માનુષમૂર્તિવાસુદેવે ॥**
**નિજહૃદિ પૃથગેકમેકમંગં ચરણતલાદિ વિચિન્ત્યમસ્ય પુંસાં ॥૧॥**

અનંત કોટી બ્રહ્માંડોમાં સર્વત્ર વ્યાપકપણે રહીને નિયમન કરનારા પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણ વાસુદેવ પુરૂષોત્તમ નારાયણ શ્રીહરિ જીવોના કલ્યાણ માટે અવતાર ધારણ કરે છે. ત્યારે તે મનુષ્ય જેવા દેખાય છે પણ તે સદા દિવ્ય છે, તે મનુષ્યા કૃતિ ધારણ કરેલ તે મૂર્તિનું સૌ પ્રથમ પોતાના મનને સ્થિર કરીને શરીર અને શરીરના સંબંધવાળા પદાર્થ માત્રમાંથી મનની વૃતિને પાછી વાળીને પછી તે સર્વ વ્યાપક પરમેશ્વરની માનુષી મૂર્તિને પોતાના હૃદયમાં ધારવી તેમાં સૌ પ્રથમ ચરણ કમળના તળથી પ્રારંભ કરીને એક એક અંગને નિરખી નિરખી હૃદયમાં ધ્યાન કરવું, અર્થાત એકાગ્ર ચિત્તે કરીને તે તે અંગને યાદ કરવું ચિન્તવન કરવું. (૧)

**નિજહૃદિ દૃશિ ગોચરે તદીયે હ્યવહ્યવ એકક એકકે પૃથક્ચ્ય ॥**
**ચપલમપિ મનઃ સ્થિરં વિધેયં વ્રજતિ લયં ખલુ તેન તન્મલૌઘઃ ॥૨॥**

ભગવાનનું એક એક અંગ જેમ જેમ પોતાના હૃદયમાં સ્મરણ થતું જાય તેમ તેમ પોતાના ચંચળ મનને હૃદયમાં વિરાજમાન કરેલ ભગવાનની મૂર્તિમાં સ્થિર કરતાં જવું, આ રીતે સ્મરણ કરવાથી ત્રણેય પ્રકારના પાપનો સમૂહ પ્રારબ્ધ સંચિત અને ક્રિયમાણ સાચા અર્થમાં નાશ પામી જશે અને સાથે સાથે મનનો મેલ એટલે કે અજ્ઞાન પણ નાશ પામશે ને સત્ય જ્ઞાનનો ઉદય થશે. (૨)

**ધ્વજકમલયવાંકુશોર્ધ્વરેખાપ્રમુખસુલક્ષણલક્ષિતે ચ રમ્યે ॥**
**અતિશયમૃદુલે ચ યાવકાભે ચરણતલે મનસાસ્યચિન્તનીયે ॥૩॥**

મનુષ્યા કૃતિ ધારણ કરેલ ભગવાનની મૂર્તિના ચરણોમાં સોળ ચિન્હ હોય છે, તેમાં ધ્વજ કમળ જવ અંકુશ ઉર્ધ્વરેખા મુખ્ય છે તે સોળે સોળ ચિન્હને યુક્ત ભગવાનના ચરણ તળ અતિશય સુંદર છે, કોમળ અને લાલ પ્રવાળાના જેવા કાન્તિવાળા છે, તેનું મનમાં ચિન્તવન કરવું જેથી દુઃખ નિવૃતિ પૂર્વક શાંતિની પ્રાપ્તિ થાય છે. (૩)

**અરૂણનખશશાંકરાજિકાન્ત્યા હૃતનિજચિન્તકહૃતમોંઘ્રિયુગ્મં ॥**
**ક્રમલઘુસમકોમલાંગુલીભિર્હૃતનવપલ્લવકાન્તિ ચાસ્ય ચિન્ત્યમ્ ॥૪॥**

પ્રાતઃકાળે સૂર્યોદય થાય ત્યારે જેવો આકાશનો રંગ હોય છે તેવી લાલકાન્તિવાળા રાતા નખનાં કિરણોથી શોભતાં બન્નેય ચરણ કમળનું ચિન્તવન કરવાથી ચિન્તન કરનારા ભક્તના હૃદયમાંથી અજ્ઞાન રૂપી અંધકારનો નાશ થાય છે, બન્નેય ચરણની આંગળીઓ ક્રમથી પ્રથમ મોટી પછી નાની એમ લંબાઈમાં નાની મોટી છે તે એવી રીતે બન્નેય ચરણની આંગળીઓને જોશો તો ચન્દ્રના જેવો આકાર દેખાય છે, તે જાણે નવો ઉગેલો ચન્દ્ર અર્થાત બીજના ચન્દ્રની કાન્તિ એટલે તેજને પણ ઝાંખું કરે છે, અથવા સૂર્યોદય થવાથી તાજા ખીલેલાં પુષ્પની શોભાને પણ ઝાંખી કરે તેવી શોભા જાણે લાલ હિંગળોકનો લેપ કર્યો હોય તે સમાન શોભા વાળા ચરણ કમળનું ચિન્તવન કરવું. (૪)

**નિજજનમનસઃ પ્રહર્ષણાર્થં પરિધૃતનૂપુરશિંઞ્ચિતાતિરમ્યમ્ ॥**
**સ્વગતનિજજનાક્ષિવૃત્તિચોરં ચરણયુગં હૃદિ ચિન્તનીયમસ્ય ॥૫॥**

પોતાના પ્રિય એકાન્તિક ભક્તોના મનને હર્ષ પમાડવા આનન્દિત કરવા માટે અને તેમના મનોરથો પૂર્ણ કરાવા માટે જ જેમણે પોતાના બન્નેય ચરણોમાં કર્ણપ્રિય સુમધુર તાલમાં ગુંજતાં સુંદર નૂપુર ધારણ કરેલ છે, જેના દર્શન કરવાથી ભક્તોની મનની વૃત્તિ તેમાં પરોવાઇ ગઇ છે, એવા ચરણ કમળનું ભક્તજનોએ પોતાના હૃદયમાં સ્વસ્થ ચિત્તે કરીને ચિન્તવન કરવું. (૫)

**કિસલયમૃદુલે સુવૃત્તજંઘે ક્રમપૃથુલેઽથ સુવર્તુલૌ ચ જાનૂ ॥**
**કરિકરસદૃશં સમં ચ પીનં નિજહૃદિ સક્થિયુગં ચ ચિન્ત્યમસ્ય ॥૬॥**

તાજા ખીલેલાં કમલની પાંખડી જેવા કોમળ સુશોભીત ગોળ બે જંઘાઓ અને એક સરખા પુષ્ટ અને વિશાળ ગોળ વર્તુલાકાર બન્નેય ઢીંચણો અને હાથીનીં સૂંઢ જેવા મજબુત બે સાથળ શ્રીહરિના છે તેનું હૃદયમાં ચિન્તવન કરવું. (૬)

**મૃદુઘનસિતસુક્ષ્મદીર્ઘવાસઃ પરિદધદુત્તમહૈમકાઞ્ચિનદ્ધમ્ ॥**
**પૃથુલકટિયુગં ચ ચિન્તનીયં નિજહૃદયે ચિરમસ્ય ભક્ત ભર્તુઃ ॥૭॥**

પોતાના ભક્તોનું સદા સર્વ પ્રકારે રક્ષણ કરનારા તે શ્રીહરિએ પોતાની વિશાળ કેડ્ય ઉપર મૃદુ અર્થાત સુંવાળુ કોમળ અને ઘાટું શ્વેત જીણું અને લાંબું ધોતીયું પહેરેલ છે, અને તેના ઉપર સુવર્ણનો સુંદર કંદોરો ધારણ કરેલ છે, તેનું ચિન્તવન કરવાથી સર્વ પ્રકારે ભક્તની રક્ષા કરે છે. (૭)

**ઉદરમપિ લસદ્વલિત્રયાન્તર્ગતશુભસભ્રમનિમ્નનાભિકૂપમ્ ॥**
**હૃદયમુરૂસુગન્ધિપુષ્પહારં સમવિતતં હૃદિ ચિન્ત્યમસ્ય તુંગમ્ ॥૮॥**

તે ધારણ કરેલ ધોતીના કેડ્યના ભાગની ઉપર ઉદર પેટમાં ત્રિવળી ત્રણ રેખાઓથી સુંદર શોભે છે. તે પેટમાં જળથી ભરેલો ઉંડો કૂવો હોય તેના જેવી ઉંડીં નાભી છે અર્થાત ઉંડી ગોળ દુંટી છે, હૃદય કમળ ઉપર સુંદર સુગન્ધીમાન પુષ્પોના હાર શોભી રહ્યા છે, તે છાતી વિશાળ અને એક સરખી ઉપડતી છે, તેનું ભક્તએ ચિન્તવન પૂર્વક ધ્યાન કરવું. (૮)

**કનકકટકશ્રૃંખલોર્મિકાભિર્લસદરૂણાબ્જનિભં કરદ્વયં ચ ॥**
**દૃઢતરમતિરમ્યબાહુયુગ્મં નિજહૃદયેડસ્ય વિચિન્ત્યમંગદાઢ્યમ્ ॥૯॥**

તે પરમાત્માએ પોતાના બેય લાલ કમળ જેવા કોમળ હાથમાં સોનાના કડાં અને સાંકળા ધારણ કરેલ છે, અને દશે આંગળીઓમાં સોનાની વીંટીઓ શોભી રહી છે, જેમના બાહુઓ ખૂબ દૃઢ અતિ રમણીય છે, તેમાં સુંદર બાજુબંધ શોભી રહ્યા છે, તેવા આ મનુષ્યાકૃતિ ધારણ કરેલાં ભગવાનના હાથ અને બાહુનું ધ્યાન ચિન્તવન કરવું. (૯)

**વિવિધમણિવિશુદ્ધહેમસૂત્રગ્રથિતસુમૌક્તિકહારહારિકણ્ઠઃ ॥**
**વિગતશશકલંક આસ્યચન્દ્રઃ સ્થિરમનસાસ્ય ચિરં ચ ચિન્તનીયઃ ॥૧૦॥**

શુદ્ધ સુવર્ણના તારમાં ગુંથેલાં વિવિધ પ્રકારના હિરા મોતી અને માણેકના હારોથી જેમનો કંઠ અતિ શોભી રહ્યો છે, પૂર્ણિમાંના ચન્દ્રમાંમાં મૃગલાંછન હોય છે પણ શ્રીહરિના સુંદર મુખાર્વિન્દમાં એવા કોઇ પણ પ્રકારના લાંછન અર્થાત ડાઘ વિનાનું તેજસ્વી છે, જેનું સ્વસ્થ ચિત્તે કરીને લાંબા સમય સુધી ચિન્તવન કરવું. (૧૦)

**મિતહસિતવિસર્પિદન્તકાન્તિપ્રથનસમુજ્જવલગણ્ડયુગ્મમસ્ય ॥**
**નવનલિનદલાયતં વિચિન્ત્યં નિજહૃદિચંચલલોચનદ્વયં ચ ॥૧૧॥**

ભક્તોની ભક્તિને જોઇને જેઓ મંદ મંદ હસે છે ત્યારે તેમની સુંદર દન્ત પંક્તિમાંથી નીકળતી કાન્તિથી એક સરખા ઉજ્જવલ બે ગાલ અતિ શોભે છે. તાજા કમળની પાંખડી જેવી લાંબી બે આંખો અતિ ચંચળ અને ભક્તો ઉપર દયા કરનારી છે તેનું પોતાના હૃદયમાં ભકતોએ ચિન્તવન કરવું. (૧૧)

**શ્રવણયુગલમસ્ય કુંડલશ્રીબહુવિધપુષ્પમયાવતંસરમ્યમ્ ॥**
**તરદલઘુવિશાલભાલરાજત્સતિલકકુંકુમચન્દ્રકશ્ચ ચિન્ત્યઃ ॥૧૨॥**

ભગવાન શ્રીહરિએ પોતાના બેય કાન ઉપર સુંદર સુગન્ધીમાન પુષ્પના ગુંથેલા કુંડળ ધારણ કરેલ છે જે અતિ રમણીય લાગે છે. તેજસ્વી અને સપ્રમાણ વિશાળ ભાલમાં સુંદર કુંકુમના ચાંદલાએ યુક્ત ઉર્ધ્વપુંડ્ર તિલક શોભી રહ્યું છે તેનું ચિન્તવન કરવું. (૧૨)

**અસિતતિલકલક્ષ્મ દક્ષગણ્ડે તિલકુસુમોત્તમનાસિકાન્તિકેઽસ્તિ ॥**
**વિલસિતબિન્દુરસ્ય વામે શ્રવણપુટે ભવતીતિ ચિન્તનીયઃ ॥૧૩॥**

ભગવાન શ્રીહરિના જમણા ગાલે એક કાળા તલનું ચિન્હ છે, અને તલના પુષ્પના જેવી સુંદર નાસિકા ના આગળના ભાગે પણ એક તલનું ચિન્હ છે, તેવી જ રીતે ડાબા કાનમાં પણ એક કાળા તલનું ચિન્હ છે, તેનું પણ ભક્તોએ જરૂરથી ધ્યાન ચિન્તવન કરવું. (૧૩)

**વિવિધકુસુમશેખરાલિરાજત્પટમુકુટં ચ શિરોઽસ્ય ચિન્તયિત્વા ॥**
**વદનકમળમેવ ચિન્તકેન સ્મિતમધુરં ચિરકાલમસ્ય ચિન્ત્યમ્ ॥૧૪॥**

જે શ્રીહરિએ પોતાના મસ્તક ઉપર વસ્ત્રનો સાફો કે ફેંટો ધારણ કરેલ છે તેમાં વિવિધ પ્રકારના રંગબેરંગી સુગન્ધીદાર પુષ્પોના તોરા લટકતાં મુકેલાં છે, તે શોભી રહ્યા છે, તેનું ચિન્તવન કરવું, પછી શ્રીહરિના મુખ કમળમાંથી નીકળતાં મધુર હાસ્યથી સમગ્ર વિશ્વને આનંદ અને શાન્તિ પ્રસરાવે છે તેનું ભક્તએ પોતાના હૃદયમાં લાંબા સમય સુધી ચિન્તવન કરવું. (૧૪)

## શ્રીહરિનો શરણાગત છું

॥ शिखरिणीवृत्तम् ॥

महातेजः पुंजस्फुरदमलसिंहासनवरे स्थितं
सर्वाधिशं नखकिरणविद्योतित सभम् ॥
सितच्छत्रं पार्श्वस्फुरदमलसच्चामरयुगं भृशं
धन्यो लब्ध्वा नयनपथि नारायणमहम् ॥१॥
हसद्वक्राम्भोजं चपलनयनालोकितजनं
लसन्मुक्ताहारंविविधकुसुमापीडमुकुटम् ॥
प्रचंचत्प्रावारं चरणविलसन्नूपुरमिदं हरेः
रुपं नित्यं मम मनसि सम्यक् स्फुरतु ते ॥२॥
दृढं विश्वासो मे तव चरणपद्माश्रितजनोः
भवाम्भोधेः पारं व्रजति सहसा त्वत्करुणया ॥

त्वमेवैकः स्वामी सकलजगतामित्यपि हरे
विदित्वा पादौ ते द्दढतरमहं ह्याश्रयमिमौ ॥३॥
नजाने शास्त्राणां विविधमतसन्निर्णयमहं
पुराणव्रतानामपि च बहुकल्पाश्रितकथाः ॥
नवा देवर्षिणां पृथगिह मनोरंजनविधिं परं
जाने स्वामिन् भ्रमहरणं तेऽत्र शरणम् ॥४॥
तपोनोग्रं तप्तं व्रतनियमदानानि च मया न
चेष्टापूर्तं वा श्रवणमननाभ्यासद्दढता ॥
न चीर्णान्याप्तुं त्वामिह तदपि यस्त्वं द्दशिगतो न
जाने तद्धेतुं त्वदतितरकारुण्यत ऋतेः ॥५॥
भृशं पापव्रातैर्मदनमदमानादिभिरपि प्रभो
ग्रस्तस्यालं तव चरणपद्मेक्षणंमिदम् ॥
कथंकारं मे स्याद्यदि न पुरुकारुण्यपदवीं
श्रयेथा नाथत्वं त्वयि हि तदिदं केवलमहो ॥६॥
बलं नो मे बुद्धेर्न च सुद्दढवैराग्यविलसन्नि
जात्मज्ञानस्य प्रचुर नियमानापि हरेः ॥
विमोक्तु संसारन्निरतिशयमेकं हि बिरुदं
विलोक्य स्वीयं मां भवजलनिधेरुद्धरनिजम् ॥७॥
न जानेधर्माणामतिगहनकर्तव्यसरणिं न शास्त्र
मन्त्राणां न च विविधतन्त्रागमविधिम्॥
न वा भक्तैः कृत्यं तव चरणपद्मार्चनविधिं
ततो वन्दे दीनस्तव पदयुगं दण्डवदहम् ॥८॥

*॥ इति श्रीसत्संगिजीवने दीनानाथकृतं नारायणस्तवनाष्टकम् ॥*

શ્રીમદ્ સત્સંગિજીવનના ત્રીજા પ્રકરણના ૧૪માં અધ્યાયમાં દિપાવલીનું અને અન્નકૂટ ઉત્સવનું પૂજન સૌ ભક્તોએ કર્યા પછી ભગવાન શ્રી સ્વામિનારાયણની સ્તુતિ પ્રાર્થના પણ સૌ ભક્તોએ પોત પોતાની સમજણ

અને બુદ્ધિ શક્તિ પ્રમાણે કરી છે, ત્યારે સભામાં ઉપસ્થિત સંસ્કૃત ભાષાના મહાવિદ્વાન એવા દીનાનાથ ભટ્ટે પણ ભગવાન શ્રીસ્વામિનારાયણની સ્તુતિ પ્રાર્થના કરી છે તેને શતાનંદમુનિએ પોતાના ગ્રન્થરાજ શ્રીસત્સંગિજીવનમાં જ તે પ્રાર્થના સ્તુતિને ગૂંથી લીધેલ છે, જે દીનાનાથ ભટ્ટના મુખેથી આ પ્રાર્થના છે તેના શબ્દોના અર્થને વિચારીએ ....

**મહાતેજઃ પુંજસ્ફુરદમલસિંહાસનવરે સ્થિતં**
**સર્વાધિશં નખકિરણવિદ્યોતિત સભમ્ ॥**
**સિતચ્છત્રં પાર્શ્વસ્ફુરદમલસચ્ચામરયુગં ભૃશં**
**ધન્યો લબ્ધ્વા નયનપથિ નારાયણમહમ્ ॥૧॥**

ભગવાન પુરૂષોત્તનારાયણનું નિવાસ સ્થાન એવું જે અક્ષરધામ તેનું જે તેજ તેને જ મહાતેજ કહેવાય છે, અર્થાત બ્રહ્મતેજ પણ કહેવાય છે તેનાં મધ્યમાં વિરાજમાન સદા દિવ્ય દ્વિભુજ સાકાર મૂર્તિ પરમેશ્વરનું સ્વરૂપ સ્ફુરાયમાણ થાય છે તે નિર્મળ શ્વેત સિંહાસન ઉપર વિરાજમાન છે, તે જ સર્વ વિશ્વના અનંતકોટી બ્રહ્માંડોના અને મહામુક્તો નિત્યમુક્તો અને અક્ષરમુક્તોના નિયન્તા છે, તેમના માત્ર નખના તેજમાંથી નીકળતી કિરણોથી જ અક્ષરમુક્તોની દિવ્ય સભાને અને સમગ્ર વિશ્વને પ્રકાશિત કરેલ છે, તે પુરૂષોત્તનારાયણની દિવ્ય મૂર્તિના ઉપર શ્વેત છત્ર ધરવામાં આવેલ છે, અને તેમની બેય બાજુમાં બે અક્ષરમુક્તો સુંદર શ્વેત ચામર ઢોળી રહ્યા છે, એવા દિવ્ય દર્શન શ્રીહરિ પુરૂષોત્તમનારાયણ સર્વાવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણના હું અત્યારે કરી રહ્યો છું તેથી મારા નેત્રો અને મારૂ જીવન અતિ ધન્ય અને કૃતાર્થ થયું છે. (૧)

**હસદ્વક્રામ્ભોજં ચપલનયનાલોકિતજનં**
**લસન્મુક્તાહારંવિવિધકુસુમાપીડમુકુટમ્ ॥**
**પ્રચંચત્પ્રાવારં ચરણવિલસન્નૂપુરમિદં હરેઃ**
**રૂપં નિત્યં મમ મનસિ સમ્યક્ સ્ફુરતુ તે ॥૨॥**

હે પ્રભુ આ તમારૂં રૂપ કેવું સુંદર લાગે છે જ્યારે તમે મંદ મંદ હસતાં હસતાં ચપળ દૃષ્ટિથી સમગ્ર લોકને જોઇ રહ્યા છો, ત્યારે તમારા કંઠમાં રહેલાં

વિવિધ રત્નો અને મણિઓથી યુક્ત તથા મોતીઓથી ચળકતાં હારોની શોભા દેદિપ્યમાન થાય છે, તમારા મસ્તક ઉપર ધારણ કરેલ રંગ બેરંગી સુગન્ધી વાળા પુષ્પોથી ગૂંથેલો ભવ્ય મુકુટ શોભી રહ્યો છે. તમે ધારણ કરેલ ઉત્તરીય વસ્ત્ર સુંદર શ્વેત ખેસ તે પવનના લેહરખામાં ફર ફર ઉડી રહ્યો છે. જેની શોભા અવર્ણનીય છે, તમારા બન્નેય ચરણોમાં ધારણ કરેલાં સુવર્ણના ઝાંઝર નૂપુર જે ભક્તોના મનને અતિ આનંદ આપે છે, એવું આપનું આ અતિ મનોહર રૂપ હે શ્રીહરિ સ્વામિનારાયણ મહાપ્રભુ મારા હૃદયમાં ચિત્તમાં આત્મામાં અન્તઃકરણમાં સદા સ્ફુરાયમાણ રહે તેવી કૃપા કરો. (૨)

**દૃઢં વિશ્વાસો મે તવ ચરણપદ્માશ્રિતજનોઃ**
**ભવામ્ભોધેઃ પારં વ્રજતિ સહસા ત્વત્કરૂણયા ॥**
**ત્વમેવૈકઃ સ્વામી સકલજગતામિત્યપિ હરે**
**વિદિત્વા પાદૌ તે દૃઢતરમહં હ્યાશ્રયમિમૌ ॥૩॥**

હે પ્રભુ મારા મનમાં દૃઢ પણે વિશ્વાસ છે કે તમારા આશ્રયે આવેલાં સર્વ જીવો તમારી અહેતુકી કૃપાકરૂણાથી જ આ અતિ દુષ્કર એવા ભવસાગરને સરળતાથી તત્કાળ જ તરી જાય છે, અનંતકોટી બ્રહ્માંડોના ચેતન અચેતન સર્વના તમે જ એક સ્વામી નિયન્તા છો, એવું દૃઢ પણે જ્ઞાન પૂર્વક સમજીને જાણીને જ હું તમારા આશ્રયે આવેલ છું, તે તમારો આશ્રય મારા હૃદય મનમાં વધારે દૃઢ થાય તેવી કૃપા કરો. (૩)

**નજાને શાસ્ત્રાણાં વિવિધમતસન્નિર્ણયમહં**
**પુરાણવ્રાતાનામપિ ચ બહુકલ્પાશ્રિતકથાઃ ॥**
**નવા દેવર્ષિણાં પૃથગિહ મનોરંજનવિધિં પરં**
**જાને સ્વામિન્ ભ્રમહરણં તેઽત્ર શરણમ્ ॥૪॥**

જગતમાં પ્રવર્તતા અનેક પ્રકારના મત સિદ્ધાન્તોનું મીમાંસા કે કર્મકાણ્ડ આદિનું જ્ઞાન મને નથી તેમજ તે મતોની સત્યતાનો નિર્ણય કરવામાં પણ હું સમર્થ નથી, મારામાં શક્તિ નથી, તેના સત્ય નિર્ણયને હું જાણતો નથી, તેવી જ રીતે અઢારેય પુરાણોના સમૂહમાં બહુ કલ્પોમાં અનેક પ્રકારની થયેલ

કથાઓને પણ હું જાણતો કે સમજતો નથી, અને તેનું મને જ્ઞાન કે સમજણ નથી, અને આ લોકમાં દેવતાઓ અને ઋષિમુનિઓ તેમજ મુનષ્યોએ આપને પ્રસન્ન કરવા માટે રાજી કરવા માટે જુદા જુદા વિધાનો કરેલાં છે તે પણ હું જાણતો નથી, કે મને તેની આવડત નથી, પરન્તુ મને તો એક વાતની દૃઢતા છે કે તમારા શરણે આવેલાં જીવમાત્રના સર્વ પ્રકારના ભ્રમને ટાળીને તેને જન્મમૃત્યુના ભયથી છુટકારો મળે જ છે, તે હું જરૂર જાણું છું. (૪)

**તપોનોગ્રં તપ્તં વ્રતનિયમદાનાનિ ચ મયા ન**
**ચેષ્ટાપૂર્તં વા શ્રવણમનનાભ્યાસદૃઢતા ॥**
**ન ચીર્ણાન્યાપ્તું ત્વામિહ તદપિ યસ્ત્વં દૃશિગતો ન**
**જાને તદ્ધેતું ત્વદતિતરકારૂણ્યત ઋતેઃ ॥૫॥**

આજે મને તમારા આ દિવ્ય દર્શન થયા છે તેના માટે મેં આજ દિન સુધી કોઇ ઉગ્ર તપ પંચાગ્નિ તાપ જેવું કર્યું નથી, તેમજ કોઇ વ્રતો ચાન્દ્રાયણાદિ કર્યાં નથી, કે કોઇ નિયમો નિત્ય પૂજા બ્રહ્મચર્ય આદિનું પાલન કર્યું નથી, કોઇ મોટા અન્નસત્રાદિ દાનો આપ્યા નથી, પરોપકારના કાર્યો જે કૂવા વાવ તળાવ ગળાવ્યાં નથી, દેવાલયાદિ પૂર્તકર્મ કર્યા નથી, શાસ્ત્રોની કથા શ્રવણ મનન નિદિધ્યાસાદિ કર્યા નથી, તે સત્શાસ્ત્રોના અભ્યાસની દૃઢતા પણ નથી, આપની પ્રસન્નતા મેળવવા માટે કોઇ મોટો પરિશ્રમ પણ કરેલ નથી છતાં તમારા મને દર્શન થયા છે, તેમાં તમારી અહેતુકી કૃપા જ કારણ છે તેમ હું ચોક્કસ માનું છું. (૫)

**ભૃશં પાપવ્રાતૈર્મદનમદમાનાદિભિરપિ પ્રભો**
**ગ્રસ્તસ્યાલં તવ ચરણપદ્મેક્ષણંમિદમ્ ॥**
**કથંકારં મે સ્યાદ્યદિ ન પુરૂકારૂણ્યપદવીં**
**શ્રયેથા નાથત્વં ત્વયિ હિ તદિદં કેવલમહો ॥૬॥**

હે પ્રભુ શ્રીહરિ હું તો અનેક વિધ પાપના સમૂહથી ચારે બાજુથી ઘેરાયેલ છું, અને ધન વિદ્યા મદથી કામ ક્રોધ લોભ અને અભિમાન અને અહંકારદિથી અત્યંત ગ્રસ્ત છું, છતાં આજ મારી આગળ દેખાતાં આ તમારા સ્વરૂપનું

મને જે દર્શન થાય છે તેમાં તો તમારી અપાર કૃપા સિવાય બીજુ કોઇ કારણ જ નથી, હે પ્રભુ જો તમારી આવી કરૂણા ન હોય તો આ દર્શન શક્ય જ નથી. માટે હું જેવો છું તેવો તમારા શરણે છું તેથી મને વિશ્વાસ છે કે તમો મારૂં કલ્યાણ અવશ્ય કરશો જ. (૬)

**બલં નો મે બુદ્ધેર્ન ચ સુદઢવૈરાગ્યવિલસન્નિ**
**જાત્મજ્ઞાનસ્ય પ્રચુર નિયમાનાપિ હરેઃ ॥**
**વિમોક્તું સંસારન્નિરતિશયમેકં હિ બિરૂદં**
**વિલોક્ય સ્વીયં માં ભવજલનિધેરૂદ્ધરનિજમ્ ॥૭॥**

હે પ્રભુ જગતમાં લોકોની પાસે જાત જાતના બળ સામર્થ્ય વિદ્યા તપ જ્ઞાન ત્યાગ વૈરાગ્ય ધર્માચરણ વિગેરે હોય છે, પણ મારામાં આ સંસાર સાગરને તારે એવું કોઇ પણ પ્રકારનું બળ નથી, બુદ્ધિનું સામર્થ્ય નથી, તેવી જ રીતે વૈરાગ્યની દઢતા નથી, પોતાના આત્મા અને તેના નિયન્તા પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન નથી, તમારી પ્રસન્નતા મેળવવામાં પ્રસિદ્ધ એવા નિયમોનું પણ મને જ્ઞાન નથી, પણ અનેક જીવોને સંસાર સાગરથી ઉદ્ધાર કરીને કલ્યાણ કરવું એવું જે તમારૂં બિરૂદ છે તેને યાદ કરીને તમો હું તમારો છું એવો મને જાણીને ભવસાગરમાં ડુબેલો જોઇને તેમાંથી મારો ઉદ્ધાર કરવાની કૃપા કરજો. (૭)

**ન જાને ધર્માણામતિગહનકર્તવ્યસરણિં ન શાસ્ત્રં**
**મન્ત્રાણાં ન ચ વિવિધતન્ત્રાગમવિધિમ્ ॥**
**ન વા ભક્તૈઃ કૃત્યં તવ ચરણપદ્માર્ચનવિધિં**
**તતો વન્દે દીનસ્તવ પદયુગં દણ્ડવદહમ્ ॥૮॥**

હે પ્રભુ હું વિવિધ પ્રકારના ધર્મોની કર્તવ્ય સરણી એટલે કે કયો ધર્મ ક્યારે અને કેવી રીતે પાળવો તે મને ખબર નથી, તેની વિવેક બુદ્ધિ મારામાં નથી, વિવિધ મન્ત્ર તંત્ર આગમના અનુષ્ઠાનના વિધિને પણ હું નથી જાણતો, તેમજ તમારા એકાન્તિક ભક્તએ કરવાની ભક્તિને પણ હું જાણતો નથી, તમારા ચરણ કમળનું અર્ચન કરની વિધિ પણ મને આવડતી નથી, એવો

હું દીન અર્થાત દીનાનાથ ભક્ત છું, તો પણ અતિ નમ્ર ભાવે આપના ચરણ કમળમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ કરૂં છું, તે સ્વીકારીને દયા કરીને મારૂં કલ્યાણ અર્થાત આત્યન્તિક મોક્ષ રૂપ તમારૂં અક્ષરધામ આપજો. (૮)

## હે પ્રભુ તમારા સ્વરૂપમાં મારૂ ચિત્ત રહો

॥ श्रीहरिप्रार्थनाष्टकम् ॥

त्वद्रूपे निश्चला मे मतिरतिरसिका स्यात्सदा भक्तिरूपा,
त्वत्सौख्येन सौख्यी सततमतितरां स्यां न चान्येन जातु ॥
मायाजाता अनित्यास्त्वदितरतनवोऽत्यन्ततुच्छा भवन्तु,
हे नाथ प्रार्थये त्वां मुहुरिति सहजानंद तद्देहि मे त्वम् ॥१॥
भक्तिर्माहात्म्ययुक्ता त्वयि वृषतनये स्याच्च धर्मादियुक्ता,
प्रत्यूहाद्रक्षणं मे कुरु मदनमुखाधर्मसर्गात्तु तस्याम् ॥
ज्ञानादौ तत्सहाये भवतु दृढतरा च स्थितिर्धर्मवंशे,
हे नाथ प्रार्थये त्वां मुहुरिति सहजानंद तद्देहि मे त्वम् ॥२॥
साधूनां ते प्रियाणां भवतु मम सदा संग एकान्तिकानाम्,
कुंडानां नास्तिकानां विटकुलमतिमत्संगतिः क्वापि न स्यात् ॥
दासत्वे दोषलेषोऽपि भवत इह मे नावशिष्येत कश्चित्,
हे नाथ प्रार्थये त्वां मुहुरिति सहजानंद तद्देहि मे त्वम् ॥३॥
द्रोहस्ते सेविनां ते न भवतु मनसापि क्वचित्सज्जनानाम्,
तिष्टेन्नैवान्यनिष्ठा ह्यणुरपि हृदि मे वासना सेवनात्ते ॥
दास्यं कुर्यां सदाहं तव निकटगतो वांछितं सज्जनानाम्,
हे नाथ प्रार्थये त्वां मुहुरिति सहजानंद तद्देहि मे त्वम् ॥४॥
देहेऽहंता तदीये क्वचिदपि ममता मे न च स्यात्सुतादौ,
सा तु स्यान्मे सदैव त्वयि वृषतनये च त्वदीयेषु सत्सु ॥
नित्यं ब्रह्मात्मनो मे त्वयि रतिरधिका स्यात्सदानंदरुपे,
हे नाथ प्रार्थये त्वां मुहुरिति सहजानंद तद्देहि मे त्वम् ॥५॥

विश्वासो वाचि ते स्यान्ममकिल कुह्विन्नास्तिकत्वं न मे स्यात्,
सल्लक्ष्माण्यव्ययानि स्युरपि मयि सदा त्वत्प्रणीतानि तानि ॥
नो मे स्यादासुरत्वं क्वचिदेव जनकात्तस्य कामादितोमाम्,
हे नाथ प्रार्थये त्वां मुहुरिति सहजानंद तद्देहि मे त्वम् ॥६॥
नित्यं त्वदर्शने मे नयनयुगमपि स्यात्त्वदीयेक्षणे च,
त्वद्भुक्तान्नेऽस्तु जिह्वा प्रभवतु मम वाक् कीर्तिसंकीर्तने ते ॥
कर्णौ मे त्वत्कथानां श्रवणपरतरौ त्वज्जनास्यात् सदैव,
हे नाथ प्रार्थये त्वां मुहुरिति सहजानंद तद्देहि मे त्वम् ॥७॥
त्वत्संकल्पान्विदध्यादनिशमपि मनो मे च तच्छुद्धिहेतून्
मच्चितं चिन्तनं ते विदधतु वपुषो नासिका त्वत्सुगन्धौ ॥
सेवायां ते सतां ते व्रजतु करयुगं मे त्वदीयस्यनित्यं,
हे नाथ प्रार्थये त्वां मुहुरिति सहजानंद तद्देहि मे त्वम् ॥८॥
पूजनान्तसमये हरिकृष्णप्रार्थनाष्टकमिदं पठनीयम्,
एनदुक्तकृतिना घटनीयं साधुनैतदनीशं रटनीयम् ॥९॥

*॥ इति योगानन्दमुनिकृतं प्रार्थनाष्टकम् समपातम् ॥*

સર્વાવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણના કૃપાપાત્ર મહાન પરમહંસોમાં સંસ્કૃત ભાષાન મહાન સંત કવિ અને પરમ પ્રેમાસક્ત ભક્તિ ભાવના જેમના હૃદયમાં પૂર્ણસ્વરૂપે ભરેલ છે તેવા શ્રીયોગાનંદમુનિ ભગવાનના ભક્તને પ્રાતઃકાળમાં પોતાના ઈષ્ટદેવની પૂજા કર્યા પછી પ્રસન્ન થયેલા તે પરમાત્મા પાસે શું ? માગવું જોઇ તે અતિ ભાવવાહી શૈલીમાં અહીં આ સ્તોત્રમાં વર્ણન કરેલ છે. તે સ્તોત્ર અષ્ટક શબ્દોના અર્થને સમજવાનો પ્રયત્ન કરીએ.....

**ત્વદ્રૂપે નિશ્ચલા મે મતિરતિરસિકા સ્યાત્સદા ભક્તિરૂપા,**
**ત્વત્સૌખ્યેનૈવ સૌખી સતતમતિતરાં સ્યાં ન ચાન્યેન જાતુ ॥**
**માયાજાતા અનિત્યાસ્ત્વદિતરતનવોઽત્યન્તતુચ્છા ભવન્તુ,**
**હે નાથ પ્રાર્થયે ત્વાં મુહુરિતિ સહજાનંદ તદ્દેહિ મે ત્વમ્ ॥૧॥**

હે મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણ હું યોગાનંદ મુનિ આપના શ્રીચરણોમાં પ્રાર્થના પૂર્વક યાચના કરૂ છું કે હે પ્રભુ મારૂં ચિત્ત મન બુદ્ધિ

સદાને માટે તમારા સ્વરૂપમાં કે જે સર્વવ્યાપક સર્વાન્તર્યામી પરથી પણ પર જેને વેદો નેતિ નેતિ કહે છે, તે અક્ષરધામ મધ્યસ્થ સદા દિવ્ય સાકાર મૂર્તિમાં જ અતિ રસિક ભક્તિ ભાવ યુક્ત થઈને નિશ્ચલ પણે દઢતાથી અચળ સ્થિતિમાં જોડાયેલ રહે તેવી મારા ઉપર કૃપા રાખજો નાથ. મારા મનમાં હૃદયમાં સદા તેને જ સુખ કે આનંદ મનાય કે જેનો સંબંધ તમારા સાથે મિત્રતાનો સંબંધ સગપણ બંધાયેલ રહે તેમાં જ મને સુખનો અનુભવ થાય. તમારા સિવાય અન્ય કોઈની સાથે મારા હૃદયમાં સગપણ સંબંધ કે મિત્રતા કે અન્ય કોઇ નાતો કોઇ દિવસ ક્યારેય ન બંધાય. કારણ કે બીજા સર્વ સંબન્ધો કે પદાર્થો તો માયામાંથી જ ઉત્પન્ન થયેલ છે. અને નાશવંત ક્ષણભંગુર અને અનિત્ય છે. દુઃખ દાયક છે તે સર્વમાં સદા ત્યાજ્ય અને તુચ્છ ભાવ મારામાં રહે. તેવું હે મારા નાથ ઈષ્ટદેવ પરબ્રહ્મ પરમાત્મા સર્વવતારી ભગવાન શ્રીસહજાનંદ સ્વામી, સ્વામિનારાયણ મહાપ્રભુ હું આ જ આપના ચરણોમાં પ્રાર્થના કરીને વારંવાર યાચના કરૂં છું માગણી કરૂં છું તે જ આપશો તે સિવાય અન્ય કંઈ જ ન આપશો. (૧)

**ભક્તિર્માહાત્મ્યયુક્તા ત્વયિ વૃષતનયે સ્યાચ્ચ ધર્માદિયુક્તા,**
**પ્રત્યૂહાદ્રક્ષણં મે કુરૂ મદનમુખાર્ધર્મસર્ગાત્તુ તસ્યામ્ ॥**
**જ્ઞાનાદૌ તત્સહાયે ભવતુ દઢતરા ચ સ્થિતિર્ધર્મવંશે,**
**હે નાથ પ્રાર્થયે ત્વાં મુહુરિતિ સહજાનંદ તદ્દેહિ મે ત્વમ્ ॥૨॥**

હે ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયેલાં પ્રભુ તમારા તે દિવ્ય સ્વરૂપમાં મારી ભક્તિ હમેંશાં માહાત્મ્ય જ્ઞાને સહિત જ દઢ પણે રહે. અને તેમાં વિઘ્ન કરનારા કામ ક્રોધ લોભાદિ અન્તઃશત્રુઓથી મારી સદા રક્ષા કરો. અને ધર્મ જ્ઞાન વૈરાગ્ય અને તમારી ભક્તિમાં મારી બુદ્ધિ સ્થિર રહે તેમજ સદા તેમાં વધારો થાય તેની પુષ્ટિ થાય તે માટે તમારા અપરસ્વરૂપે તમેજ સ્થાપન કરેલાં તમારા પુત્ર રૂપે ધર્મવંશી આચાર્યપદે સ્થાપેલાં છે, તેમના વિશે સદા મારી નિષ્ઠા સુદઢ થાય, તેવું હે મારા નાથ ઈષ્ટદેવ પરબ્રહ્મ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રીસહજાનંદ સ્વામી, સ્વામિનારાયણ મહાપ્રભુ હું આ જ આપના

ચરણોમાં પ્રાર્થના કરીને વારંવાર યાચના કરૂં છું માગણી કરૂં છું તે જ આપશો તે સિવાય અન્ય કંઇ જ ન આપશો. (૨)

**સાધૂનાં તે પ્રિયાણાં ભવતુ મમ સદા સંગ એકાન્તિકાનામ્,**
**કુંડાનાં નાસ્તિકાનાં વિટકુલમતિમત્સંગતિઃ ક્વાપિ ન સ્યાત્ ॥**
**દાસત્વે દોષલેશોઽપિ ભવત ઈહ મે નાવશિષ્યેત કશ્ચિત્,**
**હે નાથ પ્રાર્થયે ત્વાં મુહુરિતિ સહજાનંદ તદ્દેહિ મે ત્વમ્ ॥૩॥**

હે પ્રભુ મને સદા આપને અતિ પ્રિય એવા એકાન્તિક સાધુ જનોનો ભક્ત જનોનો સંગ સદા રહે તેવી કૃપા દૃષ્ટિ રાખજો. અને કુડાપંથી નાસ્તિક વામમાર્ગી અને શુષ્કવેદાન્તિનો સંગ ક્યારેય ન થાય તેવી રક્ષા કરજો. કારણ કે જો તેનો સંગ થાય તો તમારી દાસત્વ ભક્તિમાં બહુ મોટી ખામી ઉભી કરે છે. માટે તમારી દાસત્વ ભક્તિમાં જરાય પણ ખામી લેશમાત્ર પણ ક્યારેય ન આવે તેવી દયા દૃષ્ટિ રાખજો. તેવું હે મારા નાથ ઈષ્ટદેવ પરબ્રહ્મ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રીસહજાનંદ સ્વામી, સ્વામિનારાયણ મહાપ્રભુ હું આ જ આપના ચરણોમાં પ્રાર્થના કરીને વારંવાર યાચના કરૂં છું. માગણી કરૂં છું તે જ આપશો તે સિવાય અન્ય કંઇ જ ન આપશો. (૩)

**દ્રોહસ્તે સેવિનાં તે ન ભવતુ મનસાપિ ક્વચિત્સજ્જનાનામ્,**
**તિષ્ટેન્નૈવાન્યનિષ્ઠા હ્યણરપિ હૃદિ મે વાસના સેવનાત્તે ॥**
**દાસ્યં કુર્યાં સદાહં તવ નિકટગતો વાંછિતં સજ્જાનાનામ્,**
**હે નાથ પ્રાર્થયે ત્વાં મુહુરિતિ સહજાનંદ તદ્દેહિ મે ત્વમ્ ॥૪॥**

હે પ્રભુ તમારા એકાન્તિક ભક્તો કે તમારી મન કર્મ વચને કરીને સેવા કરનારા સત્પુરૂષો નો મારાથી ક્યારેય પણ વાણીથી ક્રિયાથી કે મનથી પણ અપરાધ ન થાય તેમનો દ્રોહ ન થાય તેવી બુદ્ધિ આપજો. મારી નિષ્ઠામાં હમેંશાં તમારી સેવા કરવામાં જ રહે અને મારા હૃદયમાં તે સિવાય બીજી અન્ય કોઇ પણ પ્રકારની વાસનાનો લેશ માત્ર પણ ન રહે તેવી કૃપા કરજો. જેમના હૃદયમાં તમારો નિવાસ છે એવા તમારા એકાન્તિક ભક્તો મહાપુરૂષો જે તમારી અત્યન્ત નજીક છે તેવા સત્પુરૂષોની સેવા કરવા તો મોટા મોટા

રાજાઓ પણ સદા તત્પર રહે છે તેવા સજ્જનોની હું સદા દાસત્વ ભાવે કરીને સેવા જ કરતો રહું તેવી મારા ઉપર દયા રાખજો. તેવું હે મારા નાથ ઈષ્ટદેવ પરબ્રહ્મ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રીસહજાનંદ સ્વામી, સ્વામિનારાયણ મહાપ્રભુ હું આ જ આપના ચરણોમાં પ્રાર્થના કરીને વારંવાર યાચના કરૂં છું માગણી કરૂં છું તે જ આપશો તે સિવાય અન્ય કંઈ જ ન આપશો. (૪)

**દેહેઽહંતા તદીયે ક્વચિદપિ મમતા મે ન ચ સ્યાત્સુતાદૌ,**
**સા તુ સ્યાન્મે સદૈવ ત્વયિ વૃષતનયે ચ ત્વદીયેષુ સત્સુ ॥**
**નિત્યં બ્રહ્માત્મનો મે ત્વયિ રતિરધિકા સ્યાત્સદાનંદરૂપે,**
**હે નાથ પ્રાર્થયે ત્વાં મુહુરિતિ સહજાનંદ તદ્દેહિ મે ત્વમ્ ॥૫॥**

હે નાથ આ નાશવન્ત દેહ અને દેહના સંબન્ધ વાળા વિષયોમાં મારા મનમાં ક્યારેય હું અને મારાપણાની બુદ્ધિ ન થાય અને સ્ત્રી પુત્ર આદિ શરીરના સંબન્ધ વાળા કોઈનામાં મમત્વ ન થાય પરન્તુ એવી મમતા મારાપણાની બુદ્ધિ સદા આપના ચરણોમાં રહેલાં સત્પુરૂષો અને આપની સેવાપરાયણ રહેલાં ભક્તોમાં જ થાય તેવી કૃપા કરજો. હું ત્રણ દેહ અને ત્રણ પ્રકારના નાશવન્ત શરીરથી જુદો આત્મા છું અને તે પરંબ્રહ્મ એવા આપનો સદા સેવક છું તેવી બ્રહ્માત્મ બુદ્ધિમાં ક્યારેય પણ અન્ય ભાવ જાગે નહી પણ તે બ્રહ્મરૂપ એવા મારા અન્તરમાં સદા તમારો નિવાસ છે તે ક્યારેય ભૂલાય નહી તેવી કૃપા કરજો. અને તમારા પરંબ્રહ્મ સ્વરૂપમાં જ સદા પ્રીતિ દૃઢ પણે થાય તેવું હે મારા નાથ ઈષ્ટદેવ પરબ્રહ્મ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રીસહજાનંદ સ્વામી, સ્વામિનરાયણ મહાપ્રભુ હું આ જ આપના ચરણોમાં પ્રાર્થના કરીને વારંવાર યાચના કરૂં છું માગણી કરૂં છું. તે જ આપશો તે સિવાય અન્ય કંઈ જ ન આપશો. (૫)

**વિશ્વાસો વાચિ તે સ્યાન્મમકિલ કુહ્વિન્નાસ્તિકત્વં ન મે સ્યાત્,**
**સલ્લક્ષ્માણ્યવ્યયાનિ સ્યુરપિ મયિ સદા ત્વત્પ્રણીતાનિ તાનિ ॥**
**નો મે સ્યાદાસુરત્વં ક્વાચિદેવ જનકાત્તસ્ય કામાદિતોમામ્,**
**હે નાથ પ્રાર્થયે ત્વાં મુહુરિતિ સહજાનંદ તદ્દેહિ મે ત્વમ્ ॥૬॥**

હે શ્રીહરિ આપે કરેલી સત્શાસ્ત્રોમાં આજ્ઞાઓ અને આપના વચનોમાં સદા અચળ વિશ્વાસ મારા હૃદયમાંથી ક્યારેય પણ કચાશ ન રહે અને તેમાં કોઇ પણ સંજોગોમાં અવિશ્વાસ પેદા જ ન થાય તેવી બુદ્ધિ આપજો. પણ મારી બુદ્ધિમાં કોઇ કાળે નાસ્તિકપણું ન આવે તેવી કૃપા કરજો. અને જેનાથી રાજી રહો પ્રસન્ન રહો તેવા જ સદ્‌ગુણો સારા લક્ષણો સત્સંગીના ગુણો લક્ષણો જ મારામાં આવે તેવી કૃપા કરજો. મારા હૃદયમાં ક્યારેય આસુરી વૃત્તિ જે કામ, ક્રોધ, લોભાદિક અન્તઃશત્રુઓનો પ્રવેશ ન થાય અને તેવા દોષે યુક્ત કોઈનો મને સંગ ન થાય તેવી મારા ઉપર દયા રાખજો તેવું હે મારા નાથ ઈષ્ટદેવ પરબ્રહ્મ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રીસહજાનંદ સ્વામી, સ્વામિનારાયણ મહાપ્રભુ હું આ જ આપના ચરણોમાં પ્રાર્થના કરીને વારંવાર યાચના કરૂં છું માગણી કરૂં છું. તે જ આપશો તે સિવાય અન્ય કંઇ જ ન આપશો. (૬)

**નિત્યં ત્વદ્દર્શને મે નયનયુગમપિ સ્યાત્ત્વદીયેક્ષણે ચ,**
**ત્વદ્ભુક્તાન્નેઽસ્તુ જિહ્વા પ્રભવતુ મમ વાક્ કીર્તિસંકીર્તને તે ॥**
**કર્ણૌ મે ત્વત્કથાનાં શ્રવણપરતરૌ ત્વજ્જનાસ્યાત્ સદૈવ,**
**હે નાથ પ્રાર્થયે ત્વાં મુહુરિતિ સહજાનંદ તદ્દેહિ મે ત્વમ્ ॥૭॥**

હે પ્રભુ તમારા અને તમારા એકાન્તિક ભક્તો સિવાય અન્ય ક્યાંય પણ મારી આંખોની વૃતિ જાય નહીં. મારી જીભ તમારા ચરિત્રોનું અને ગુણોનું સદા ગાન કરે રસના તમારી પ્રસાદીનો જ સ્વાદ ચાખે, તેમજ મારા કાન તમારી કથા અને કીર્તન અને ગુણ ગાન જ સાંભળે અને તેમાં જ પ્રવર્ત્તે તમારા સંબન્ધ વાળા ભક્તોની જ કથા વાર્તા સાંભળે તેવી કૃપા કરજો. તેવું હે મારા નાથ ઈષ્ટદેવ પરબ્રહ્મ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રીસહજાનંદ સ્વામી, સ્વામિનારાયણ મહાપ્રભુ હું આ જ આપના ચરણોમાં પ્રાર્થના કરીને વારંવાર યાચના કરૂં છું માગણી કરૂં છું. તે જ આપશો તે સિવાય અન્ય કંઇ જ ન આપશો. (૭)

**ત્વત્સંકલ્પાન્વિદધ્યાદનિશમપિ મનો મે ચ તચ્છુદ્ધિહેતૂન્**
**મચ્ચિતં ચિન્તનં તે વિદધતુ વપુષો નાસિકા ત્વત્સુગન્ધૌ ॥**
**સેવાયાં તે સતાં તે વ્રજતુ કરયુગં મે ત્વદીયસ્યનિત્યં,**
**હે નાથ પ્રાર્થયે ત્વાં મુહુરિતિ સહજાનંદ તદ્દેહિ મે ત્વમ્ ॥૮॥**

હે ભગવન્ મારા મનની શુદ્ધતા અને પવિત્રતામાં કોઇ પણ ફેર ન પડે તે માટે હુ સદા આપની આજ્ઞા એ જ મારી ઈચ્છા અને સંકલ્પ આપની આજ્ઞા સિવાયનો કોઇ સંકલ્પ પણ મારા હૃદયમાં ક્યારેય ન થાય અર્થાત આપને ગમતું હોય તેવું જ કરવાની મારી બુદ્ધિ થાય પણ તેથી વિપરીત બુદ્ધિ કે ઘાટ સંકલ્પ પણ ન થાય અને તેવું હું ક્યારેય ન કરૂં તેવી કૃપા કરજો, મારું ચિત્તમાં હમેંશાં આપની મૂર્તિનું ચિન્તવનમાં જોડાઇને રહે, નાસિકા આપના સંબંધ વાળા પદાર્થોને જ સૂંઘે ગ્રહણ કરે અને મારા હાથ હમેશાં આપની તથા આપના એકાન્તિક ભક્તોની સેવામાં જોડાયેલાં રહે, તેવું હે મારા નાથ ઈષ્ટદેવ પરબ્રહ્મ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રીસહજાનંદ સ્વામી, સ્વામિનારાયણ મહાપ્રભુ હું આ જ આપના ચરણોમાં પ્રાર્થના કરીને વારંવાર યાચના કરૂં છું માગણી કરૂં છું. તે જ આપશો તે સિવાય અન્ય કંઇ જ ન આપશો. (૮)

**પૂજનાન્તસમયે હરિકૃષ્ણપ્રાર્થનાષ્ટકમિદં પઠનીયમ્,**
**એનદુક્તકૃતિના ઘટનીયં સાધુનૈતદનીશં રટનીયમ્ ॥૯॥**

આર્ષ દૃષ્ટા એવા યોગાનંદ મુનિ સર્વ સાધુ જનોને ભલામણ કરીને કહે છે, કે તમો સર્વ સંત પુરૂષો જો સવારના બ્રહ્મ મુહૂર્તમાં નિત્ય પૂજા પાઠાદિ નિત્ય કર્મ કર્યા પછી આ અષ્ટકનું ગાન શ્રીહરિની દિવ્ય મૂર્તિના અનુસંધાન સાથે કરવું જોઇએ. પાઠ કરવો જોઇએ. જેથી તમારા હૃદયમાં અલૌકિક આનંદનો અનુભવ થશે. તેનું રટણ કરશો તો શ્રીહરિ પ્રસન્ન થશે. (૯)

# હે પ્રભુ રક્ષા કરો

॥ श्रीनरनारायणप्रार्थनास्तोत्रम् ॥

अवतीर्य निजाक्षरात्परादिह मूर्त्यां बद्रीवने स्थितः ।
भूविभारतजीवशर्मणे नरनारायणदेव पाहिमाम् ॥१॥
यदुपर्यभवत्कृपा तव स नरो द्दष्टुमिहार्हतीक्षणम् ।
न परः सुरसत्तमोन्यथा नरनारायणदेव पाहिमाम् ॥२॥
प्रथितम् च ब्रहद्व्रतं त्वया जनतायाः निजधामलब्धये ।
अवबोधनमुत्तमम् भुवि नरनारायणदेव पाहिमाम् ॥३॥
जगतो जननं हि पालनं प्रलयं चापि करोषि नित्यदा ।
रजसा तमसा च सत्त्वतो नरनारायणदेव पाहिमाम् ॥४॥
ऋषिरूपधरं तपश्चरं ह्यवमन्येत कदापि कश्चन ।
स भवेत्सततं च नारकी नरनारायणदेव पाहिमाम् ॥५॥
तव मूर्तिरियं सुखाप्तये जनतायाः किलताप शान्तये ।
मरणस्य जयाय नित्यदा नरनारायणदेव पाहिमाम् ॥६॥
जगदन्यतनुस्तथावितुं धरसित्वं च युगे युगेऽद्यवै ।
हरिकृष्णतनुस्त्वया धृता नरनारायणदेव पाहिमाम् ॥७॥
विधिशंभुमुखामर व्रजश्चरणौ ते सततं समर्चति ।
परमादरतश्च चिन्तति नरनारायणदेव पाहिमाम् ॥८॥

પરંબ્રહ્મ પરમાત્મા સર્વાવતારના અવતારી સર્વોપરી ભગવાન શ્રીસ્વામિનારાયણ સ્વેચ્છાથી આ કળિકાળમાં પ્રગટ થઈને અનન્ત જીવાત્માઓને પોતાના દિવ્ય અક્ષરધામમાં તેડી જવા માટે શ્રેષ્ઠ એવા ઉદ્ધવ સંપ્રદાયની ધર્મધુરા સંભાળીને પોતાના જે ચાર ગૂઢ સંકલ્પો કર્યા હતાં તેમાં ઉપાસનાની દૃઢતા માટે મહા મંદિરોનું નિર્માણ કરાવીને તેમાં પોતાના જ સર્વોપરી સ્વરૂપોની સ્થાપના કરીને પ્રાણ પ્રતિષ્ઠા કરીને તેમાં સદા પ્રગટ પ્રમાણ વિરાજમાન રહીને અનન્ત જીવોને અક્ષરમુક્તની પંક્તિમાં ભેળવવા છે. એવો જે ગૂઢ સંકલ્પ તેને સાર્થક કરવાનો શ્રી પ્રારંભ શ્રીનગર એટલે કે

અમદાવાદ શહેરમાં અંગ્રેજ સરકારે દાનમાં આપેલ ભૂમિ ઉપર વિશ્વમાં સૌ પ્રથમ સંપ્રદાયનું મહામંદિર સદ્‌ગુરુ આનન્દાનન્દ સ્વામી પાસે નિર્માણ કરાવીને તેમાં પોતાના જ સ્વરૂપ જે એકાન્તિક ભક્તો વૈરાગ્યવાન સંસારના નાશવન્ત પંચ વિષયોથી વિરક્ત જે ભક્તો હોય તેને ત્યાગાશ્રમી સાધુ સંતો વર્ણીઓ વ્રતધારીઓને તપસ્વીઓને ઉપાસના કરવા જેવા યોગ્ય પોતાના જ સ્વરૂપ એવા શ્રીનરનારાયણદેવ જે જગતના હિત માટે બદ્રીકાશ્રમ ધામમાં સદા ઋષિરૂપ ધારણ કરીને તપ જ કરે છે. તે જ સ્વરૂપને પ્રસ્થાપિત કરીને તેમના જ સ્વરૂપની ઉપાસનાની દૃઢતા કરાવવી છે. તે સંકલ્પને પૂર્ણ કરવા જ અમદાવાદમાં તો સૌ પ્રથમ ભગવાન શ્રીનરનારાયણદેવના આ દિવ્ય સ્વરૂપોની પ્રાણ પ્રતિષ્ઠા કરી છે. પરંતુ ત્યાર પછી જે જે મહામંદિરોનું નિર્માણ થયું તેમાં પણ આ જ ભગવાન શ્રીનરનારાયણદેની જ સ્થાપના કરવાનો સંકલ્પ શ્રીજી મહારાજનો હોય તેવું જણાય છે. કારણ કે કચ્છ-ભુજમાં શ્રીનરનારાયણદેવ વિરાજીત કર્યા છે. ઝાલાવાડ ના મુળીમાં પણ મૂર્તિઓતો શ્રીનરનારાયણદેવની જ આવી પણ ભક્તોની માગણીને લાગણીને જોઈને રાધાકૃષ્ણદેવ પધરાવ્યા અને શ્રીનરનારાયણદેવના સ્વરૂપને રણછોડત્રિકમ નામ ધારણ કરાવીને સાથે પધરાવ્યા. તેવી રીતે ચરોતર માં વડતાલમાં પણ પ્રથમ તો શ્રીનરનારાયણદેવ જ યજ્ઞમંડપમાં આવ્યા પછી ભક્તોની માંગણીથી શ્રીલક્ષ્મીનારાયણદેવ પ્રસ્થાપિત કરવામાં આવ્યા. અને શ્રીનરનારાયણદેવના બે પ્રતિષ્ઠિત સ્વરૂપોને અન્ય બે ગામના ભક્તને સોંપવામાં આવ્યા જે આજ પર્યન્ત તે ગામોના ભક્તો તે સ્વરૂપની ઉપાસના ભક્તિ કરે છે. તેવીજ રીતે સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીએ નિર્માણ કરેલ સોરઠના જુનાગઢમાં પણ મૂર્તિઓતો શ્રીનરનારાયણદેવની જ યજ્ઞમંડપમાં પ્રતિષ્ઠિત થઈ ત્યાર પછી ભક્તોની માગણીથી રાધારમણદેવ મુખ્ય રહ્યા અને શ્રીનરનારાયણદેવના સ્વરૂપોને રણછોડત્રિકમ એવું નામ ધારણ કરાવીને પ્રતિષ્ઠિત કર્યા છે. આમ વિચાર કરતાં ઉદ્ધવ સંપ્રદાયના ઉપાસ્ય ઈષ્ટદેવનું સ્વરૂપ જ ઋષિરૂપ એવા પરમાત્માનું જ છે. અને તે સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણ

અને શ્રીનરનારાયણદેવના સ્વરૂપમાં રંચ માત્રનો ફેર નથી. એક જ છે. જેને સદ્‌ગુરૂ નિષ્કુળાનન્દ સ્વામીએ પોતાના ગ્રન્થ ભક્તચિન્તામણીમાં આ રીતે સરળતાથી વર્ણવ્યું છે. ''દિસો છો દોયને છો એક તેનો ભેદ જાણે જન કોય'' તે સત્શાસ્ત્રોમાં અને સંપ્રદાયના શાસ્ત્રોમાં સ્પષ્ટ પણે પ્રસિદ્ધ છે. તેજ વાતનું સમર્થન કરવા શ્રીજી મહારાજ અંતર્ધ્યાન થયા પછી સંવત ૧૮૯૧ની સાલમાં સદ્‌ગુરૂ શ્રીનિત્યાનન્દ સ્વામી આદિ આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અને આમંત્રણથી અમદાવાદમાં તે સમયના દ્વારિકા પીઠના શંકરાચાર્યજીની સાથે શાસ્ત્રાર્થ કરવા માટે અમદાવાદ આવ્યા ત્યારે પંડિતો સાથે ત્રણ દિવસ સુધી શાસ્ત્રાર્થ થયો અને છેવટે શંકરાચાર્યજીને શ્રીસહજાનન્દ સ્વામી ભગવાનનો જ અવતાર છે. અને સંપ્રદાય વૈદિક છે. તેવું દ્રઢતા પૂર્વકનું પ્રતિપાદન કરીને સિદ્ધ કર્યું. તે વખતે મંદિરમાં જે ભગવાનના સ્વરૂપની અર્ચના થાય છે તેના દર્શન કરાવ્યા જેથી શંકરાચાર્યજીએ પ્રસન્ન થઈને શહેરમાં ઘોષણા કરી કે આ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય ઉદ્ધવ સંપ્રદાય વૈદિક છે. અને તેની ઉપાસના પધ્ધતિ વૈદિક છે. આ ઉદ્ઘોષણાથી સૌને આનન્દ થયો. વિશેષ સદ્‌ગુરુ શ્રીનિત્યાનન્દ સ્વામીને અતિ આનંદ થયો. તેમના પંડિત હૃદયમાંથી જે ભાવના વ્યક્ત કરતાં શબ્દો નીકળી પડ્યા તે આ સંસ્કૃતના અષ્ટક રૂપે છે. તેના શબ્દોનો ભાવાર્થ સમજવાનો પ્રયત્ન કરીએ.

**અવતીર્ય નિજાક્ષરાત્પરાદિ મૂર્ત્યા બદ્રીવને સ્થિતઃ ।**
**ભૂવિભારતજીવશર્મણે નરનારાયણદેવ પાહિમામ્ ॥૧॥**

અવતીર્ય આ જગતમાં જીવાત્મા જન્મ લે છે, તે પોતાના કર્મને આધિન થઈને જેવા કર્મ તેવા પ્રકારનો દેહ તેને પરમેશ્વર આપે છે. પશુ પક્ષી મનુષ્ય કે અન્ય યોનિમાં ચોર્યાસી લાખ પ્રકારના દેહમાં તેને જન્મ મળ્યા કરે છે. તેમાં તે જીવ પરાધીન પણે જન્મ મૃત્યુના સુખ દુઃખ ભોગવે છે. તેમાં કર્મ ભોગમાં જરાય પણ જીવ સ્વતન્ત્ર નથી. પરંતુ અવતાર તેને કહેવાય છે જે સ્વતન્ત્ર રીતે જ્યાં અને જેવા પોતાની મરજી પ્રમાણેના દેહને ઈચ્છામાં

આવે તેવી રીતે ધારણ કરે તે અવતાર છે. તેવો અવતાર ધારણ કરીને. निजाक्षरात्परादिह– પોતાના દિવ્ય એવા ધામમાંથી કે જે अक्षरात् અક્ષર મુક્તો જેઓ પુરુષોત્તમનારાયણની ઉપાસના અને ભક્તિ કરીને પ્રસન્ન કરીને આત્યન્તિક મોક્ષ પ્રાપ્ત કરીને જે અક્ષય થયા છે અર્થાત હવે તેમને ક્યારેય બાળ યુવા કે વૃદ્ધાવસ્થા જેવો ઉતાર ચડાવ આવવાનો નથી. અવિનાશી પદને પ્રાપ્ત કરી ચુક્યા છે. परात् – તેઓ પણ તમે કેવા છો તેમ ઓળખી શકતા નથી. इह એવા તમે આ ભૂમંડળ ઉપર પૃથ્વી ઉપર ભરત ખંડમાં. मूर्त्या – મૂર્તિ નામના તમારા નિત્ય માતા જે આ કળિકાળમાં માતા ભક્તિદેવીના નામથી ઓળખાય છે. જેઓ ધર્મઋષિના તેર પત્નીઓમાં સૌથી જેષ્ઠ છે. અને દક્ષ પ્રજાપતિની સોળ કન્યાઓમાંથી ચોથા દીકરી છે. દક્ષપ્રજાપતિએ પોતાની સોળ કન્યામાંથી પ્રથમ સૌથી મોટા સતિ ભવાનીને ભગવાન શિવને પરણાવ્યા અને બીજા દીકરી-સ્વાહાને અગ્નિદેવને પરણાવ્યા હતાં. અને ત્રીજા દીકરી - સ્વધા પિતૃદેવને આપ્યા હતા. અને બાકી રહેલ તેર કન્યાઓ દીકરીઓનો સ્વયંવર રચ્યો જેમાં શ્રદ્ધા, મૈત્રી, દયા, શાંતિ, તૃષ્ટિ, પુષ્ટિ, ક્રિયા, ઉન્નતિ, બુદ્ધિ, મેધા, તિતિક્ષા, હ્રિ, મૂર્તિ આ તેરે તેર કન્યાઓએ ધર્મઋષિના કંઠમાં વરમાળા પહેરાવી. તે મૂર્તિ દેવીના ચાર પુત્ર સ્વરૂપે પ્રગટ થયા નર, નારાયણ, હરિ, કૃષ્ણ તેમાંથી નર અને નારાયણ બે સ્વરૂપે. बद्रीवने – બોરડીના વનમાં હિમાલયની ટોચ ઉપર કે જ્યાં માઈનસ ૪૦ ડીગ્રી ટેમ્પ્રેચર થાય છે. તેવા શિતળ અને શાંત વનમાં કે જ્યાં કોઈ પણ દેહ ધારી જીવ પુરૂ વર્ષ રહી શકતાં નથી. स्थितः – તેવી વિકટ સ્થિતિમાં સ્થિર પણે રહીને તપઃ પરાયણ રહો છો. भूविभारत – ભારત ભૂમિના જીવોના હિત માટે. जीवशर्मणे તમારા શરણે આવેલ જીવપ્રાણી માત્રના કલ્યાણ અર્થાત આત્યન્તિક મોક્ષની પ્રાપ્તિ કરાવવા માટે તપ કરો છો. એવા હે नरनारायणदेव – નર અને નારાયણ બે શરીર ધારણ કરેલા પરબ્રહ્મ પરમાત્મા પરમેશ્વર ભગાવન શ્રી પુરુષોત્તમનારાયણ કે જેમણે બે મનુષ્યના જેવું શરીર ધારણ કરેલાં પણ તે શરીર દિવ્ય છે તેથી દેવ पाहिमाम् અમારૂં સર્વ પ્રકારે રક્ષણ કરો. ઉદ્ધાર કરો. જન્મ મૃત્યુ અને નરક ચોર્યાસીના મહા દુઃખથી છોડાવો.

પોતાના દિવ્ય પરાત્પર અક્ષરધામમાંથી પોતાની માતા મૂર્તિ દેવીના (ભક્તિ) ઉદરથી મનુષ્ય રૂપે અવતાર ધારણ કરીને ભારતની પવિત્ર ભૂમિ ઉપર જન્મ લેનારા જીવપ્રાણી માત્રનું આત્યંતિક કલ્યાણરૂપે મોક્ષ અપાવવા માટે આ બદ્રીવનમાં બે સ્વરૂપ ધારણ કરીને તપ કરીને તેનું ફળ પોતાનો આશ્રય કરનારા સર્વ જીવને આપો છો એવા હે ભગવાન શ્રી નરનારાયણદેવ હું આપના શરણે આવ્યો છું તો મારી પણ આપ સર્વ પ્રકારે રક્ષા કરીને આપના દિવ્ય અક્ષરધામમાં પહોંચાડો એવી આપના ચરણોમાં પ્રાર્થના કરૂં છું. (૧)

**યદુપર્યભવત્કૃપા તવ સ નરો દ્દષ્ટુમિહાર્હતીક્ષણમ્ ।**

**ન પરઃ સુરસત્તમોન્યથા નરનારાયણદેવ પાહિમામ્ ॥૨॥**

यदुपर्य જેના ઉપર, જગતના દેહ ધારણ કરેલા જે કોઈ જીવપ્રાણી માત્ર તમારા શરણે આવે છે તેના ઉપર भवत्कृपा - તમારી કૃપા, હે પરમાત્મા તમારી કરૂણાના કારણે આ જીવાત્મા ઉપર તમારી દયા થાય છે. પણ તેના એવા કોઈ કર્મ નથી કે જે તમારી કૃપાનું પાત્ર બને. तव स नरो - જેના ઉપર તમારી દ્રષ્ટી પડે તે જીવ. द्दष्टुमिहार्हतीक्षणम् - દ્રષ્ટિ જોવામાં, ઈહ આ જગતમાં, આર્હત માયિક દ્રષ્ટિથી દુઃખી ઈક્ષણમ્ દેખાય છે, જણાય છે. હે શ્રી નરનારાયણ ભગવાન તમારી દ્રષ્ટિ જે જીવ ઉપર પડે છે તે જીવ આ નાશવંત સંસારના ભોગવિલાસનો ત્યાગ કરીને તમારા જેમ જ તપ પરાયણ થાય છે. તેથી જગતમાં એમ જણાય છે કે તેની પાસે કોઈ ભોગ વિલાસનું સુખ નથી. પરંતુ એવું નથી, કારણ કે જે તમારા શરણે છે તેને તો જેવું સુખ છે તેવું સુખ તો न परः सुरसत्तमोन्यथा - સુરસત્તમ સુર એટલે દેવતાઓના રાજા ઈન્દ્રને પણ તેવું અવિનાશી સુખ મળતું નથી તો પછી બીજાની તો ક્યા વાત જ કરવી રહી.

હે શ્રી નરનારાયણ ભગવાન આપનાથી પર (ઉપર) કોઈ નથી. સર્વથી પર છો એવા આપની કૃપા જે જીવ ઉપર થાય તે જીવ પણ જોત જોતામાં તત્કાળ અક્ષરધામને પ્રાપ્ત કરે છે. એવા હે ભગવાન શ્રી નરનારાયણદેવ

હું આપના શરણે આવ્યો છું. તો મારી આપ સર્વ પ્રકારે રક્ષા કરીને આપના દિવ્ય અક્ષરધામમાં પહોંચાડો એવી આપના ચરણોમાં પ્રાર્થના કરૂં છું. (૨)

**પ્રથિતમ્ ચ બ્રહદ્વ્રતં ત્વયા જનતાયાઃ નિજધામલબ્ધયે ।**

**અવબોધનમુત્તમમ્ ભુવિ નરનારાયણદેવ પાહિમામ્ ॥૩॥**

प्रथितम् પ્રારંભ કરેલું સ્વયં સૌ પ્રથમ વખત સ્થાપિત કરેલું એવું વ્રત જેને નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત એવું નામ આપવામાં આવેલ છે. च અને ब्रहद्व्रतं – આ અતિ મોટા વ્રતને તમોએ તમારી પોતાની ઈચ્છાથી જગતના જીવોના હિત માટે ધારણ કરેલ છે. પણ તેમાંથી તમારે પોતાને માટે કોઈ પણ પ્રકારના ફળની ઈચ્છા નથી. त्वया – તમારા દ્વારા થતું આ મહાન તપ અને મોટું ફળ તે તમો जनतायाः – જનતાના હિત માટે જીવ પ્રાણી માત્રને જે તમારો આશ્રય કરે છે તેને તે તપનું ફળ આપી દો છો. કારણ કે તે તપના ફળના પ્રભાવથી તેને તમારા સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય છે. જે જ્ઞાન મળવાથી તે જીવ આત્યન્તિક મોક્ષને પ્રાપ્ત કરી શકે છે. निजधामलब्धये – તમારૂં પોતાનું જે અવિનાશી અક્ષરધામ કે જ્યાં સૂર્ય ચંદ્રને અગ્નિના પ્રકાશની જરૂર પડતી નથી એવા સ્વયં પ્રકાશે યુક્ત દિવ્યધામની પ્રાપ્તિ કરાવવા માટે अवबोधनमुत्तमम् – અતિ ઉત્તમ જે શ્રેષ્ઠ જ્ઞાન તે મેળવવામાં અતિ ઉપયોગી એવું જે તપ. કારણ કે તપ કર્યા વિના તમારા સ્વરૂપનું જ્ઞાન મેળવવું અશક્ય છે. તપસા ચિયતે બ્રહ્મ એમ વેદોમાં કહેલ છે. भुवि – આ પૃથ્વી ઉપર આ સંસારમાં અનંત કોટી બ્રહ્માંડોમાં જગતના જીવોનું કલ્યાણ કરીને અને પોતાના અક્ષરધામમાં તે જીવોને તેડી જવા માટે સ્વયં મહાન મોટું જે વ્રત અર્થાત નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રતને ધારણ કરીને પૃથ્વી ઉપર મનુષ્યોને સારી રીતે તેનું આચરણ કરવાનું જ્ઞાન આપો છો. એવા હે ભગવાન શ્રી નરનારાયણદેવ હું આપના શરણે આવ્યો છું તો મારી પણ આપ સર્વ પ્રકારે રક્ષા કરીને આપના દિવ્ય અક્ષરધામમાં પહોંચાડો એવી આપના ચરણોમાં પ્રાર્થના કરૂં છું. (૩)

**જગતો જનનં હિ પાલનં પ્રલયં ચાપિ કરોષિ નિત્યદા ।**

**રજસા તમસા ચ સત્ત્વતો નરનારાયણદેવ પાહિમામ્ ॥૪॥**

जगतो – અનંત કોટી બ્રહ્માંડો આ સમગ્ર વિશ્વની जननं – ઉત્પન્ન કરો છો. પોતાના સંકલ્પ માત્રથી આ વિશ્વ અને અનંતકોટી બ્રહ્માંડોને ઉત્પન્ન કરો છો. તદેક્ષત બહુ સ્યાં પ્રજાયેય તેમ જે વેદો ઉપનિષદો અને શાસ્ત્રોમાં કહેલ છે. हि – ખરેખર पालनं – ઉત્પન્ન થયેલા સંપૂર્ણ જગતનું જીવપ્રાણી માત્રનું ભરણ પોષણ કરીને પાલન કરો છો. प्रलयं – અને પોતાની જ ઈચ્છાથી જ્યારે સંકલ્પ કરો છો ત્યારે તેનો પ્રલય પણ સ્વાભાવિક રીતે નાશ પણ કરો છો. चापि ચ અપિ અને પણ करोषि – કરો છો. नित्यदा – નિત્ય દરરોજ ભૂતકાળ વર્તમાન કાળ અને ભવિષ્ય કાળમાં પણ તમે જ તે સર્વ કાર્યોના કર્તા છો. रजसा જગતની ઉત્પતિ કરવા રૂપ કાર્યને પૂર્ણ કરવા તમો રજોગુણને ધારણ કરો છો અર્થાત રજોગુણનો આશ્રય લઈને વિશ્વની ઉત્પતિ કરો છો. અને तमसा તે ઉત્પન્ન થયેલાં જગતને તમો ગુણને ધારણ કરીને તેનો નાશ કરો છો. તમોગુણનો આશ્રય લઈને તેનો સંહાર કરો છો. च અને सत्त्वतो – સત્વગુણને ધારણ કરીને અનંતકોટી બ્રહ્માંડોનું સંપૂર્ણ વિશ્વનું પાલન પોષણ કરો છો.

અનંત કોટી બ્રહ્માંડોની ઉત્પતિ સ્થિતિ અને પાલન રૂપ કાર્યને સદાને માટે રજોગુણ તમોગુણ અને સત્વગુણ દ્વારા પોતાના મનોરંજન માટે કરો છો. એવા હે ભગવાન શ્રી નરનારાયણદેવ હું આપના શરણે આવ્યો છું તો મારી પણ આપ સર્વ પ્રકારે રક્ષા કરીને આપના દિવ્ય અક્ષરધામમાં પહોંચાડો એવી આપના ચરણોમાં પ્રાર્થના કરું છું. (૪)

**ઋષિરુપધરં તપશ્ચરં હ્યવમન્યેત કદાપિ કશ્ચન ।**

**સ ભવેત્સતતં ચ નારકી નરનારાયણદેવ પાહિમામ્ ॥૫॥**

ऋषिरूपधरं – ઋષિઓ મુનિઓ અને તપસ્વીઓના જેવું રૂપ અર્થાત્ સાદી અને સરળ સાધારણ વેષભૂષા અને પરોપકાર ક્ષમા આદિક સાત્વિક ગુણોને ધારણ કરીને બદ્રિકાશ્રમ ધામમાં બોરડીના વૃક્ષ નીચે વિરાજો છો.

तपश्चरं – મહાન તપ જે વૈષ્ઠિક બ્રહ્મચર્ય પરાયણ રહીને તેનું આચરણ કરો છો. એવા તમારા દિવ્ય સ્વરૂપનો કોઈ પણ જીવ દેવ દાનવ મનુષ્ય પશુ પક્ષી કે રાક્ષસ જો ह्यवमन्येत – હી ખરેખર અવમાનના કરે છે તો તે અવગણના કરનારા ગમે તેવા જ્ઞાની ધ્યાની કે તપસ્વી હોય કે શક્તિશાળી કે બળવાન હોય તો પણ તે कदापि – ક્યારેય પણ ત્રણેય કાળમાં અને કંઈ પણ સાધને કરીને તે અપરાધમાંથી છૂટી શકતો નથી જ. कश्चन – કોઈ પણ ત્રિલોકીમાં કે અનંત કોટી બ્રહ્માંડોમાં કોઈ પણ સ્થળે જાય તો પણ તેનો છુટકારો ન જ થાય અને તે स – તે તેઓ બધા જ કોઈ સમૂહ હોય કે એક વ્યક્તિ બધાજ भवेत्सततं – વારંવાર સતત અસંખ્ય જન્મો સુધી થાય છે નરકના ભોક્તા જન્મ અને મૃત્યુ અને નરક ચોર્યાસીના મહાન દુઃખ કષ્ટને ભોગવ્યાજ કરે છે. च અને नारकी – નહિ માનનારા નરકમાં જ જાય છે પણ તેનો ક્યારેય ઉધ્ધાર થતો જ નથી. તેને સ્વર્ગ લોક દેવલોકમાં કે મનુષ્ય જન્મ પણ મળતો નથી.

પરોપકાર પરાયણ એવા ઋષિના રૂપને ધારણ કરેલ હોવાથી કોઈ અજ્ઞાની જીવ ક્યારેય પણ જો તમારી અવગણના કરે છે તો તે સતત સદાને માટે નરકમાં જાય છે. તેનો ક્યારેય ઉધ્ધાર થતો નથી. એવા હે ભગવાન શ્રી નરનારાયણદેવ હું આપના શરણે આવ્યો છું. તો મારી પણ આપ સર્વ પ્રકારે રક્ષા કરીને આપના દિવ્ય અક્ષરધામમાં પહોંચાડો એવી આપના ચરણોમાં પ્રાર્થના કરું છું. (૫)

**તવ મૂર્તિરિયં સુખાપ્તયે જનતાયાઃ કિલતાપ શાન્તયે ।**
**મરણસ્ય જયાય નિત્યદા નરનારાયણદેવ પાહિમામ્ ॥૬॥**

તવ – તમારી તમે જે મનુષ્યાકૃતિ ધારણ કરો છો તે આ મૂર્તિ સ્વરૂપે જે અહીં આ શ્રીનગરમાં આ નિર્માણ થયેલા દિવ્ય અદ્‌ભુત મહામંદિરમાં બિરાજો છો તે પ્રતિમા સ્વરૂપે તમે સાક્ષાત છો. मूर्तिरियं – આ તમારી મૂર્તિ અર્થાત્ આ તમારી પ્રતિમાં કે જેનું નિર્માણ સ્વયં પરબ્રહ્મ પરમાત્મા

પુરુષોત્તમનારાયણ અક્ષરધામના અધિપતિ એવા તમારી જ ઈચ્છાથી હિમાલય ગાળવા નીકળેલાં પાંડવો દ્વારા જેની પૂજા અર્ચના અને ઉપાસના બદ્રિનાથ ધામમાં થઈ હતી તે જ મૂર્તિને શ્વેતદ્વિપના નિરંન્ન મુક્તો દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી લાવીને આનંદાનંદ સ્વામીને સુપ્રત કરેલ છે તે તમારી મૂર્તિનું જે પૂજન અર્ચન અને આશ્રય કરશે તેને सुखाप्तये – મહાસુખ આપો છો. અવિનાશી એવા અક્ષરધામનું મહાસુખ પ્રાપ્ત કરાવો છો. जनतायाः – જે જીવાત્માઓએ આ પૃથ્વી ઉપર જન્મ ધારણ કરેલ છે તે સર્વ જનતાના સમુદાયને માટે અને તે સર્વ જીવોના આત્યન્તિક મોક્ષના માટે તેના જન્મ જન્માંતરોના ત્રણેય પ્રકારના પાપોથી છોડાવવા માટે किलताप બધા જ પ્રકારના તાપ આધ્યાત્મિક આધિભૌતિક અને આધિ દૈવિક ત્રિવિધ તાપથી शान्तये – તે ત્રિવિધ તાપની શાંતિ માટે આપના ચરણોનો આશ્રય કરી શકે તે માટે આ મૂર્તિમાં આપ સાક્ષાત્ પ્રગટ પ્રમાણ વિરાજન કરો છો. (૬)

**જગદન્યતનુસ્તથાવિતું ધરસિત્વં ચ યુગે યુગેડદ્યવૈ ॥**

**હરિકૃષ્ણતનુસ્ત્વયા ધૃતા નરનારાયણદેવ પાહિમામ્ ॥૭ ॥**

जगदन्यतनुः – જગતમા તમે આ સિવાય પણ અન્ય શરીર ધારણ કરો છો, આ સમયમાં તમે જે આ દિવ્ય મૂર્તિ સ્વરૂપે તનુ ધારણ કરેલ છે, તેવી જ રીતે તમે યુગ યુગ પ્રતિ વિવિધ પ્રકારના શરીરને ધારણ કરીને જીવોને દર્શન આપીને તેનો ઉદ્ધાર કરો છો. तथावितुं – તેવી જ રીતે આ ભયાનક કળિકાળમાં પણ धरसित्वं – તમે આ દિવ્ય તનુ શરીર ધારણ કરેલ છે. च અને युगेयुगेऽद्यवै – જે તમે દરેક યુગમાં સત્યુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગમાં જેમ રામ, કૃષ્ણ, વરાહ આદિક સ્વરૂપ ધારણ કરો છો, તેમ આ કળિકાળમાં તમે. हरिकृष्ण – જે જે યુગમાં શરીર ધારણ કરો છો, તે તે યુગમાં તે યુગના આપના ભક્તો આપના વિવિધ પ્રકરાના નામો આપે છે, અને તે આપેલાં નામથી આપનું ભજન સ્મરણ ભક્તિ ઉપાસના કરે છે, તે પ્રમાણે આ ભયાનક કળિકાળમાં તમે સ્વયં શ્રેષ્ઠ એવું હરિકૃષ્ણ નામ ધારણ કરેલ છે. तनुस्त्वया – હરિકૃષ્ણ નામ ધારી તનું સ્વયં તમે સાક્ષાત્ પૂર્ણપુરૂષોતમનારાયણ સર્વ

અવતારના અવતારી એવા શ્રીનરનારાયણ ઋષિ પરંબ્રહ્મ પરમાત્મા પરમેશ્વર એવા તમે જ ધારણ કરેલ છે. धृता – ધારણ કરો છો.

આ પૃથ્વી ઉપર આપ વારંવાર મનુષ્ય અવતાર ધારણ કરો છો (શાસ્ત્રોમાં ૨૪ અવતારોનું વર્ણન આવે છે તે) દરેકે દરેક યુગમાં જેમ શરીર ધારણ કરો છો તેમ આ ભયાનક કળિયુગમાં પણ આપે જ હરિકૃષ્ણ રૂપે શરીર ધારણ કર્યું છે. એવા હે ભગવાન શ્રીનરનારાયણદેવ હું આપના શરણે આવ્યો છું તો મારી પણ આપ સર્વ પ્રકારે રક્ષા કરીને આપના દિવ્ય અક્ષરધામમાં પહોંચાડો એવી આપના ચરણોમાં પ્રાર્થના કરૂં છું. (૭)

**વિધિશંભુમુખામર વ્રજશ્ચરણૌ તે સતતં સમર્ચતિ ॥**

**પરમાદરતશ્ચ ચિન્તતિ નરનારાયણદેવ પાહિમામ્ ॥૮॥**

विधिशंभुमुखामर – વિધિ બ્રહ્માં શંભુ શિવજી જેમાં મુખ્ય છે, એવા અમર લોકમાં રહેનારા અમર દેવતાઓ સદાને માટે બીજા બધા કાર્યોને છોડીને તમને પ્રસન્ન કરવા માટે व्रजश्चरणौ – તમારા આ દિવ્ય બેય સ્વરૂપોના ચરણે શરણે તત્કાળ જ આવીને તે ચરણોનું પૂજન અર્ચન કરીને આશ્રય કરે છે. ते – સર્વે જેના પણ નામ લેવામાં આવે તે સર્વે દેવતાઓ सततं – અવિરત એક પણ અવસરને છોડ્યા વિના તમારા ચરણોને समर्चति – અર્ચન કરે છે પૂજે છે, તે પણ જેમ કોઇ પતિવ્રતા સ્ત્રી પોતાના પતિનું પ્રેમ સ્નેહથી સેવા કરે છે તેમ परमादरतश्च – તેવી જ રીતે અંતઃકરણના ભાવ પ્રેમ શ્રદ્ધા અને આદર પૂર્વક તમારા આ દિવ્ય સ્વરૂપનું રાત્રી દિવસ અખંડ चिन्तति ચિન્તવન કરે છે. પોતાના મન અને ચિત્તની વૃત્તિઓને તમારા સ્વરૂપમાં જોડી રાખે છે.

મોટા મોટા દેવો શિવ અને બ્રહ્માજી તથા ઈન્દ્રાદિક દેવો પણ આપના ધારણ કરેલા તે હરિકૃષ્ણ રૂપ મનુષ્ય શરીરમાં વિચરણ કરતાં આપની વારં વાર સ્તુતિ અને પ્રાર્થના કરે છે. અને સ્મરણ ચિન્તવન કરતાં કરતાં અર્ચન પૂજન કરે છે. એવા હે ભગવાન શ્રીનરનારાયણદેવ હું આપના શરણે આવ્યો છું તો મારી પણ આપ સર્વ પ્રકારે રક્ષા કરીને આપના દિવ્ય અક્ષરધામમાં પહોંચાડો એવી આપના ચરણોમાં પ્રાર્થના કરૂં છું. (૮)

# હે જીવ કરૂણાના સાગરનું ભજન કર

श्रीनरनारायणमृषिराजं सुखदमहो करुणा रसभाजं ।
मानसहरिं भजबद्रिपतिं हरिललनापुरईभगतिम् ॥ मानस ॥१॥ (ध्रुवपदम्)
नटवरराजमखिलजनवन्द्यं । निजजनमोक्षपथोज्जितमाद्यं ॥ मानस ॥२॥
निगमकदम्बककृतगुणगानं । श्रितजनदत्त महासुखदानं ॥ मानस ॥३॥
धृतसितवाससममतुलमुदारं । कनकविभूषणलज्जितमारं ॥ मानस ॥४॥
कमलदलोपमनयनविभान्तं । रदनततप्रभयापरिकान्तं ॥ मानस ॥५॥
मृगमदचन्दनतिलकविशोभं । भृकुटीकटाक्षसुरारिवलोभं ॥ मानस ॥६॥
हृदयमनोहर सुमनः सुहारं । मुनिवरवन्दित चित्रविहारं ॥ मानस ॥७॥
ब्रह्ममुनिनित्यकृतपरिचारं । शमितनिजाश्रितसकलविकारं ॥ मानस ॥८॥

ભગવાન શ્રી સ્વામિનારાયણના નિત્ય સખા શીઘ્ર કવિવર શ્રી બ્રહ્માનંદ સ્વામી કે જેઓ પૂર્વાશ્રમમાં કવિરાજ લાડુદાનના નામે સમગ્ર ગુજરાતના મોટા મોટા રજવાડાઓમાં પોતાની કવિત્વ શક્તિના સામર્થ્યથી વિદ્વાનોની સભાઓને શાસ્ત્રાર્થમાં વાદવિવાદમાં જીતીને શતાવધાન અને સહસ્ત્રાવધાનની મોટી પદવીઓ મેળવીને પોતાનો યશ અને કીર્તિની પતાકાઓ સર્વત્ર ફેલાવી હતી. એવા સમર્થ કવિ અને વિદ્યાઓમાં પારંગત થયા પછી ભગવાન શ્રી સ્વામિનારાયણની પરીક્ષા કરવા નિમિત્તે ભેટો થયો અને પરમાત્માના એ પ્રત્યક્ષ પ્રગટ પ્રમાણ આ સાક્ષાત્ અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ પરમાત્મા છે એવો દૃઢ નિશ્ચય થયો એટલે તે પરમેશ્વરની ઉપાસના ભક્તિ કરીને પોતાના આત્માને આત્યન્તિક મોક્ષની પ્રાપ્તિ કરાવવાના માર્ગે વાળી દીધી, અને પોતાના કુટુંબ પરિવાર ધન, સંપત્તિ, વિષય સુખનો ત્યાગ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના ચરણોમાં જીવન સમર્પિત કરીને તે પરમેશ્વરની આજ્ઞાનું પાલન કરતાં જગતના પામર જીવોના અપમાન તિરસ્કાર સહન કરીને પણ શ્રીહરિની આજ્ઞાનું પાલન કરીને આ મારા ઈષ્ટદેવના સ્વરૂપને ઓળખીને તેનો આશ્રય કરીને આત્યાંતિક મોક્ષ મેળવીને મહા સુખી થાય તે માટે પોતાની વિદ્યાનો ઉપયોગ કરીને તે પરમાત્માના પોતાને જે સ્વરૂપની

ઓળખાણ થઈ છે તે સ્વરૂપની ઓળખાણ જગતના જીવને ઓળખાવવાનો પ્રારંભ કર્યો. અને પીંગળ શાસ્ત્રનો આશ્રય લઈને ગુજરાતી ભાષામાં અને વૃજભાષામાં અસંખ્ય પદો (કીર્તનો) રચીને ભાષાઓને પોતાની રચનાઓથી સમૃદ્ધ બનાવી. તેમજ શ્રીહરિની આજ્ઞાથી શિલ્પ શાસ્ત્રનો આશ્રય કરીને વડતાલ, મૂળી અને જુનાગઢ ધામોમાં મહામંદિરોનું નિર્માણ કરીને ઉપાસનાની દ્રઢતા કરાવનારૂ કાર્ય કર્યું. તેવા શ્રીહરિના સ્વરૂપને ઓળખાવવાનો એક અવસર સંસ્કૃત ભાષાના જાણકારોને પણ કરાવવાના આશ્રયથી સંસ્કૃત સ્તોત્રોની પણ રચનાઓ કરી છે તેમાંથી એક આ જીવને ભક્તિ અને ભજન કોનું કરવું તે દર્શાવવા વાળા સંસ્કૃત સ્તોત્રનો વિચાર કરીએ.

આ જગતમાં ભજન કરવા જેવા કોણ છે તે જગતના જીવને સમજાવવા સારૂ આ સુંદર સંસ્કૃત ભાષામાં સ્તોત્રની રચના કરીને સરળતાથી શરૂઆત કરે છે. તેમાં પિલુરાગ નો સાથ લઈને ભગવાનના સ્વરૂપને અતિશય કરૂણા સભર છે તેવું દર્શાવ્યું છે. સાથે સાથે તે સ્વરૂપમાં ભક્ત ઉપર કરૂણા કરવામાં રસપૂર્વકની ગંભીરતા છે તેવું દર્શાવ્યું છે. તેમાં પરમાત્માના દિવ્ય સ્વરૂપને જે ઉપમાઓ આપવામાં આવી છે તેના અર્થોની સમજણ કરવા પ્રયત્ન કરીએ.

**શ્રીનરનારાયણમૃષિરાજં સુખદમહો કરુણા રસભાજં ।**
**માનસહરિં ભજબદ્રિપતિં હરિલલનાપુરઈભગતિમ્ ॥ માનસ ॥૧॥ (ધ્રુવપદમ્)**

પરાત્પર પરમાત્મા સર્વોપરી સર્વવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના તપઃ પરાયણ એવા ઋષિ સ્વરૂપ નરનારાયણદેવનું ભજન કરવાની પ્રેરણા આપવા સારૂ કહે છે હે જીવ તું બદ્રિપતિ શ્રીહરિને ભજ. કારણ કે તે ઋષિ રૂપમાં પ્રત્યક્ષ વિરાજતા પરમાત્માની જે ભક્તિ ઉપાસના કરે છે તેના ઉપર કરૂણા કરીને મહાસુખને આપે છે અર્થાત્ આત્યન્તિક મોક્ષને આપે છે. ऋषिराजं – આપણી ભારતીય સંસ્કૃતિમાં ઋષિ મહાત્માઓ મુનિઓનું બહુજ મોટું માહાત્મ્ય વર્ણન કરવામાં આવે છે. કારણ એમ કહેવાય છે કે તેઓ હમેશાં પરોપકાર પરાયણ જ રહેતાં હતાં. જેમ કહ્યું છે ને - પરોપકારાય સતાં વિભુતયઃ એવા પરોપકારી ઋષિઓમાં રાજાધિરાજ એટલે અતિ મોટો ઉપકાર

અર્થાત્ આત્યન્તિક મોક્ષ રૂપ ઉપકાર કરવા સમર્થ છે. તેથી ઋષિરાજ કહ્યા છે. सुखदमहो – ભગવાનશ્રી નરનારાયણ આ જીવને એવું મહાન સુખ આપે છે જેથી જીવને અહો અહો આવું સુંદર આટલું મોટું સુખ એમ થાય છે. જે મહાસુખ રૂપ આત્યન્તિક મોક્ષ આપે છે.

करुणारसभाजं – આવું મોટું મોક્ષ રૂપ સુખ પરમાત્મા આપે છે તે જીવના કોઈ સાધને કરીને નહિ પણ સ્વયં પરમેશ્વર જીવના ઉપર અતિશે કરૂણા કરીને આપે છે તેથી કહ્યા છે કરૂણાના રસના સાગર છે. मानसहरिं – એટલા માટે હે માનવ તું તારા મનમાં માનસમાં બુદ્ધિમાં જે નર અને નારાયણ બે સ્વરૂપ ધારણ કરીને જીવના હિત માટે તપ કરે છે, તે શ્રીહરિનું ભજન કર. भजबद्रिपतिं – પૃથ્વી ઉપર પ્રગટ પ્રમાણ બે સ્વરૂપ ધારણ કરીને બદ્રિનાથ ધામમાં તપસ્વીનો વેષ ધારણ કરીને જગતના હિત માટે તપ, પરાયણ છે એવા શ્રીહરિનું ભજન કર हरिललनापुरईभगतिम् – ભગવાન શ્રીહરિના વાત્સલ્યપૂર્ણ સ્નેહથી યુક્ત જેમ માતા મૂર્તિદેવી લાલન કરે છે તેવો ભક્તિભાવ પરમાત્મા શ્રી નરનારાયણ ઋષિના સ્વરૂપમાં થાય તો મનુષ્ય માત્રને મહા સુખ અર્થાત દિવ્ય ધામની પ્રાપ્તિ થાય છે. ध्रुवपदम् – અચળ પંક્તિ અર્થાત્ ટેક આ કડીને દરેક કડીની પાછળ બોલવાની છે. અને તેના અર્થનું અનુસંધાન રાખવાનું છે.

**નટવરરાજમખિલજનવન્દ્યં । નિજજનમોક્ષપથોજ્જિતમાદ્યં ॥માનસ॥૨॥**

नटवरराजम् – નટ જેમ જગતમાં અનેક પ્રકારના વેશ ભજવે છે, તેમ આ અનન્તકોટી બ્રહ્માંડમાં જુદા જુદા પ્રકારના અવતાર ધારણ કરવામાં સમર્થ છે. તેથી સૌથી મોટા નટ એટલે નટોના જાણે રાજા જ છો. अखिलजनवन्द्यं અનંતકોટી બ્રહ્માંડના સમસ્ત જીવ સમુદાય જેને વંદન કરે છે ઉપાસના કરે છે ભજન ભક્તિ અને આરાધના કરે છે એવા ભગવાન શ્રી નરનારાયણ ઋષિનું રૂપ ધારણ કરીને સદા પૃથ્વી ઉપર બદ્રિનાથ ધામમાં પ્રગટ પ્રમાણ બિરાજો છો. निजजन – પોતાના આશ્રિત જીવ માત્રને અર્થાત જે ભગવાન શ્રી નરનારાયણના સ્વરૂપનું પૂજન કરે છે. આરાધના કરે છે. દર્શન કરે છે.

કે વંદન કરે છે તે સર્વ જીવોને સદાને માટે मोक्षपथः આત્યન્તિક મુક્તિનો માર્ગ, મોક્ષનો સરળ રસ્તો જે પ્રસ્થાન ત્રયી ઉપનિષદ ભગવદ્‌ગીતા અને બ્રહ્મસૂત્રમાં કહેલ છે તે માર્ગને ઓળખવાનું અને તે માર્ગે ચાલવાનું બળ આપો છો. ऊज्जितमाद्यं જે મોક્ષનો મહા માર્ગ આદિ કાળથી શાસ્ત્રોમાં વર્ણવેલ છે. તે જ આત્યન્તિક મોક્ષના ધોરી માર્ગને સારી રીતે ઓળખાવ્યો છે.

**નિગમકદમ્બકકૃતગુણગાનં । શ્રિતજનદત્ત મહાસુખદાનં ॥માનસ॥૩॥**

निगमकदम्बक – નિગમો આગમો અર્થાત્ વેદો ઉપનિષદો શ્રુતિઓ ના મંત્રો કારીકાઓ શ્લોકો અને આર્ષદ્રુષ્ટા ઋષિઓના અંતઃકરણમાંથી સ્ફુરાયમાણ થયેલા અને સ્વતઃ મુખદ્વારા બોલાયેલાં શબ્દો સ્વરૂપે રહેલાં વૃક્ષો વેલીઓ ના જાણે ફલ પુષ્પ અને પર્ણ હોયને શું ! તેમ તમારા જ સ્વરૂપનું ગાન છે. कृतगुणगानं – જેણે જેણે તમારા સ્વરૂપના ગુણગાન ગાયા છે તે સર્વને તમારી કરૂણાથી તેના સર્વ મનોરથો પૂર્ણ થયા છે. श्रितजनदत्त – તમારા ભજન વંદન દર્શન ઉપાસના ભક્તિ રૂપ આશ્રય કરનારા જીવ માત્રને સદાને માટે વિષય વાસના છોડાવીને તમારા ધામનું સુખ આપો છો. महासुखदानं – જગતના સુખો અને પંચ વિષયના સુખો પાછળ જીવ જન્મ જન્માંતરોથી દોડ્યા કરે છે છતાં તે જીવાત્માને જે સુખ મળે છે તે સામાન્ય અને નાશવંત જ મળે છે. ક્ષણિક સુખ હોય છે જે તત્કાળ નાશ પામી જાય છે. પરંતુ તમારા શરણે આવીને જે જીવ તમારી ઉપાસના ભક્તિ કરે છે. વંદન કરે છે કે દર્શન કેર છે તે જીવને તમે મહાસુખ અર્થાત્ ક્યારેય પણ નાશ ન પામે તેવું અવિનાશી સુખ આપો છો. અર્થાત્ પોતાના અક્ષરધામનું સુખ તેને પ્રાપ્ત થાય છે.

**ધૃતસિતવાસસમમતુલમુદારં । કનકવિભૂષણલજ્જિતમારં ॥માનસ॥૪॥**

धृतसितवास – બદ્રિકાશ્રમધામમાં જગતના હિત માટે બે સ્વરૂપ ધારણ કરીને નૈષ્ઠિક વ્રતે યુક્ત તપ પરાયણ રહો છો ત્યારે સદાને માટે શાંતિ અને શિતળતા આપનારા શ્વેત વસ્ત્રો ધારણ કરીને રહો છો. सममतुलमुदारं – જગતના જીવ પ્રાણી માત્ર ઉપર સમાનતાથી કરૂણા કરો છો. જેની તુલના

કોઈ પણ પ્રકારે કોઈની સાથે ન થઈ શકે તેવી ઉદારતા તમારા હૃદયમાં સદા રહેલ છે. कनकविभूषण – સુવર્ણના અનેક પ્રકારના આભૂષણો જેવા કે મુગુટ, હાર, કડા, ઝાંઝર, વેઢ, વીંટી આદિની શોભાથી અત્યન્ત દર્શનીય એવા તમો કનક સુવર્ણથી સુશોભિત સિંહાસનમાં વિરાજમાન થાઓ છો. लज्जितमारं – વસ્ત્રો આભૂષણો અને સુવર્ણના સિંહાસનમાં વિરાજમાન તમારી શોભા દર્શનીય તમારા સ્વરૂપને અત્યન્ત રમણિય દર્શાવે છે.

**કમલદલોપમનયનવિભાન્તં । રદનતતપ્રભયાપરિકાન્તં ॥માનસ॥૫॥**

कमलदलोपमनयन – શાંત સરોવરમાં પ્રાતઃકાળમાં ખીલેલા સુંદર કમળનાં પાંખડીની ઉપમા અપાય એવા સુંદર વિશાળ નેત્રો (આંખો)થી કરૂણા ભરપુર દ્રષ્ટિથી આશ્રિત ભક્તોને જોવો છો. विभान्तं – હે શ્રી નરનારાયણ ઋષિ તમારૂ સ્વરૂપ એવી શોભાએ યુક્ત દર્શન આપે છે. रदनतत – જીવોના હૃદયમાં રહેલાં આનાદિકાળના અજ્ઞાનને તત્કાળ જ નાશ કરી તેજસ્વી પ્રકાશ પાથરો છો. प्रभया – દિવ્ય પ્રભાવથી અજ્ઞાન રૂપ માયાના અજ્ઞાનને દૂર કરો છો. परिकान्तं – જેના હૃદયમાંથી અજ્ઞાનરૂપી માયામય અંધકાર નાશ પામી ગયો છે. તેવા પરિશુદ્ધ તમારા આશ્રયે આવેલા ભક્તોને કરો છો.

**મૃગમદચન્દનતિલકવિશોભં । ભૃકુટીકટાક્ષસુરારિવલોભં ॥માનસ॥૬॥**

मृगमदचन्दन – પ્રાતઃ કાળમાં બ્રાહ્મમુહૂર્તમાં નિત્ય કર્મ કરીને વિરાજતા તમારા સુંદર વિશાળ ભાલમાં મલયાગિરિ ચંદનમાં કાળીયાર મૃગની સુગન્ધીદાર કસ્તુરીથી થયેલા અર્ચા અતિ શોભાયમાન લાગે છે. तिलकविशोभं – તમારા ઉપડતા ભવ્ય લલાટમાં થયેલ અર્ચાના મધ્યમાં તિલકની વિશેષ શોભા દર્શન કરનારા ભક્તોના હૃદયમાં પરમ શાંતિ ઉત્પન્ન કરે છે. भृकुटीकटाक्ष – સુંદર લાંબી નેણનો ઈશારો મોટા મોટા દેવોને પોત પોતાના કાર્યો કરવા માટે તત્કાળ પ્રેરણા આપે છે. જેથી દેવો પોતાને સોંપેલાં જગત સૃષ્ટિ રૂપ કાર્યમાં વિના વિલંબે લાગી જાય છે. सुरारिवलोभं – સુરાઃ દેવતાઓનો સમુદાય સદાય તમારી આજ્ઞાનું પાલન કરવા માટે યાચકની જેમ પ્રતિક્ષા કરતો રહે છે. કે, ક્યારે અમારો આજ્ઞા પાલન કરવાનો અવસર આવે અને અમારે

પણ આજ્ઞાનું યથાર્થ પાલન કરીને આપની પ્રસન્નતા મેળવવી છે.

**હૃદયમનોહર સુમનઃ સુહારં । મુનિવરવન્દિત ચિત્રવિહારં ॥માનસ॥૭॥**

हृदयमनोहर – હે ઋષિરાજ ભગવાન શ્રી નરનારાયણ પ્રભુ આપનું સ્વરૂપ એવું મનને સ્થિર કરી દેનારૂ છે જેથી ભક્તોના ઋષિઓના યોગીઓના સિદ્ધોના અને અક્ષરમુક્તોના મનને ચિત્તને પોતાના તરફ હરિ લે છે ખેંચી લે છે. सुमनसुहारं – મનને ગમતા સુંદર સુગન્ધીમાન પુષ્પોના શોભાયમાન ભવ્યાતિભવ્ય શ્રેષ્ઠ હાર પુષ્પમાળાને હૃદય ઉપર ધારણ કરેલ છે તે નિરખીને मुनिवरवन्दित – સંસારના સુખો અને વિષયોમાંથી મૌન ધારણ કરીને કેવલ જેમણે તમારૂ જ વર્ણન કરેલ છે તેવા ઋષિઓ અર્થાત મુનિઓ જે તમારા શ્રીચરણોને સદાને માટે વંદન કરે છે, ઉપાસના ભક્તિ અને અર્ચન કરે છે. चित्रविहारं – હે પ્રભુ તમારા દિવ્ય અને અદ્ભુત સ્વરૂપના દર્શન કરવામાં અક્ષરમુક્તો ઋષિમુનિઓ એવા તો તનમય થયા ગયા છે જાણે ભીંત ઉપર ચિત્ર દોરેલા હોયને શું તેમ નિશ્ચળ સ્થિર થઈને તમારા સ્વરૂપનું ધ્યાન કરે છે. તેમનું આંખનું મટકું તો શું પણ રૂંવાડુંય ફરકતું નથી.

**બ્રહ્મમુનિનિત્યકૃતપરિચારં । શમિતનિજાશ્રિતસકલવિકારં ॥માનસ॥૮॥**

ब्रह्ममुनि - ત્રણ દેહ અને ત્રણ અવસ્થાથી પોતાના જીવાત્માને અલગ કરીને બ્રહ્મરૂપ થયેલાં એવા બ્રહ્માનંદ સ્વામી જગતના જીવને કહે છે હે ભક્તો હું નિત્ય સદા સર્વદા હમેશાં આ જ સ્વરૂપની ઉપાસના ભક્તિ અને સેવા કરૂં છું. नित्यकृतपरिचारं – નિત્ય સદા સર્વદા હંમેશા પ્રાતઃકાળમાં થતી સેવા પૂજા કરે છે, તેવા ભક્તોને અને પરિચર્યા અર્થાત્ અનેક પ્રકારના ઉપચારોથી પૂજા ષોડશોપચાર રજોપચાર વગેરે અને સાષ્ટાંગ દંડવત પ્રણામ, પ્રદક્ષિણા, મંત્રજાપ, સ્તુતિ, પ્રાર્થના, યજ્ઞહોમ અને ધ્યાનની સાથે મંદિરની સેવા જેમાં વાળવું, સ્વચ્છ કરવું, વાસણ વસ્ત્રોની સંભાળ રાખવી આદિ સ્વચ્છ રાખવાનું કાર્ય કરે છે. તેના સર્વ પ્રકારના વિષય વિકારોને शमितनिजाश्रित – પોતાના આશ્રયે રહેલાં ભક્તો મુક્તોના સર્વ પ્રકારના માયિક વિકારોનું શમન કરો છો. અર્થાત્ જે જીવાત્મા તમારૂ પૂજન અર્ચન કરે છે ઉપાસના કરે છે, તમારી

આજ્ઞાને માને છે. તેના सकलविकारं – અંતઃકરણના વિષય વાસના સંબંધી બધા જ પ્રકારના વિકારનો નાશ કરો છો. કળીના બળને પામીને બળવાન બનેલા કામ, ક્રોધ, લોભ આદિ અંતઃશત્રુઓને તથા શારીરિક માનસિક વિકાર માત્રનો તમારા દર્શન માત્રથી નાશ થાય છે.

## મુનિ શ્રેષ્ઠ નારાયણનું ભજન

॥ वसन्ततिलकावृत्तम् ॥

श्रीवासुदेवइहभारतजीवलोकक्षेमायनिर्जरऋषिः करुणानिधिस्त्वं ।
आकल्पमाचरतितीव्रतपांसि तं त्वां नारायणं मुनिवरं बदरीशमीडे ॥१॥
श्रीनारदादिमुनिमण्डलसेवितांघ्रि निर्नीडगाढदलसंकुलितां विशालाम् ।
अध्यास्यवेदहृदयस्यनिरूपकंतंत्वा नारायणं मुनिवरं बदरीशमीडे ॥२॥
देवांगनागणवसन्तसुगन्धिवातैर्युक्तः सुराधिपतिमोहकगायकौघैः ।
कामोऽपि येन सहसा विजितश्च तं त्वां नारायणं मुनिवरं बदरीशमीडे ॥३॥
यन्मानसंजिततपस्विगणौपिरोषः स्प्रष्टुंकथंचन कदाचननाऽपशक्तिम् ।
तं त्वां च बिभ्यतियतान्तरवैरिणोऽन्ये नारायणं मुनिवरं बदरीशमीडे ॥४॥
त्वां पूर्णकामपतिरप्यनुवासर स्वं दैवं च पित्र्यमपिकर्मकरोषिकाले ।
संग्राहयन्नखिलनैष्ठिकवर्णिनस्त्वां नारायणं मुनिवरं बदरीशमीडे ॥५॥
यस्मात्प्रवर्त्तत इहाखिलसौख्यहेतुः सच्छास्त्रवृन्दमखिलं खलुनैष्ठिकेन्द्रात् ।
यत्कर्मदुष्करममर्त्यगणैश्च तं त्वां नारायणं मुनिवरं बदरीशमीडे ॥६॥
ये ये निवृत्तिमुपयान्तिविरागवेगात्संसारभीति जनितादधिभूमि ते ते ।
यस्याश्रयेणसुखिनोऽत्र भवन्ति तं त्वां नारायणं मुनिवरं बदरीशमीडे ॥७॥
यत्पादपद्ममकरन्दरसैकलुब्धौ ब्रह्माण्डसौख्यमखिलं हि कदाचिदेव ।
रंकोपिनेच्छन्ति सुखाम्बुधिमेव तं त्वां नारायणं मुनिवरं बदरीशमीडे ॥८॥

*॥ इति सत्संगिजीवनस्थ नारायणाष्टकम् ॥*

શ્રીમદ્ સત્સંગિજીવન ધર્મશાસ્ત્રના રચના કરનારા મહામુનિ શતાનંદનો જન્મ ઉત્તર ભારતમાં આવેલ પ્રસિદ્ધ નગરી પાટલીપુત્ર હાલના બિહારમાં આવેલ પટણામાં ચારેય વેદના જ્ઞાતા પવિત્ર બ્રાહ્મણ કુળમાં વિષ્ણુશર્માના

ઘરે થયો હતો. પિતા વિષ્ણુ શર્માએ પુત્રના લક્ષણોને જોઈને નામ રાખ્યું છે શતાનંદ. પિતા વિષ્ણુ શર્માએ પાંચ વર્ષના થયેલા શતાનંદને ઉપનયન સંસ્કાર કરાવીને જનોઈ આપીને પાઠશાળામાં વિદ્યાભ્યાસ કરવા મોકલ્યા. પાઠશાળામાં વેદનો અભ્યાસ કર્યો અને વિદ્વાન પંડિતો પાસેથી થોડા જ સમયમાં ધર્મ શાસ્ત્ર, ઈતિહાસ, ભાગવતાદિક પુરાણો અને સમગ્ર શાસ્ત્રોમાં પ્રવિણ થયા. તે સર્વ શાસ્ત્રોનું ચિન્તન મનન કરતાં તેમાંથી પોતાના અતિ પ્રિય એવા શ્રીમદ્ ભાગવતના પંચમ સ્કન્ધનું વિસ્તારપૂર્વક મનન અધ્યયન કરવાથી પોતાના હૃદયમાં દ્રઢ નિશ્ચય થયો છે કે જેને પણ આવો દુર્લભ મનુષ્યનો દેહ મળે છે તેણે પોતાના આત્માને આત્યન્તિક મોક્ષ પ્રાપ્ત કરવા માટે જ પરમાત્માએ કૃપા કરીને દેવતાઓને પણ દુર્લભ એવો આ મનુષ્ય દેહ આપ્યો છે. આ મનુષ્ય શરીરે કરીને જો પ્રત્યક્ષ પરમાત્માનો સાક્ષાત્કાર થાય તો તેને દિવ્ય એવા ભગવત્તધામની પ્રાપ્તિ થાય છે. અન્યથા તો આ જીવાત્માને ચોર્યાસી લાખ યોનિઓમાં વારંવાર જન્મ મૃત્યુના ફેરામાં ભટકવું પડે છે. આ ભયાનક કળિકાળમાં સાક્ષાત્ પ્રત્યક્ષ પ્રમાણ સર્વોપરી પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી નરનારાયણદેવનો જ એક માત્ર આશ્રય કરીને સંસારના નાશવંત પંચ વિષયોના સુખનો ત્યાગ કરીને તેમના જ સ્વરૂપની ઉપાસના અને ભક્તિ કરવાથી જ આ જીવાત્માને આત્યન્તિક મોક્ષની પ્રાપ્તિ થશે. આવો મનમાં દ્રઢ નિશ્ચય કરીને માતા પિતાની આજ્ઞા લઈને યાત્રિકોની સાથે યાત્રા કરવા જવાના નિમિત્તે ઘરનો ત્યાગ કરીને પરબ્રહ્મ પરમાત્મા શ્રીહરિને મેળવવા માટે સંસારના સુખ વૈભવોનો ત્યાગ કરીને એક માત્ર શ્રીહરિને જ પ્રસન્ન કરવાની ઈચ્છાથી. વર્ણિના જેવો વેષ ધારણ કરીને બદ્રિનાથ ધામમાં પહોચીને ભગવાન શ્રી નરનારાયણદેવની ઉપાસના ભક્તિ અને આરાધના કરવા લાગ્યા. પવિત્ર પણે ભાગીરથી ગંગામાં સ્નાન કરીને બ્રાહ્મ મુહૂર્તમાં પરમાત્માના અર્ચા સ્વરૂપનું પૂજન અર્ચન કરીને જપનો પ્રારંભ કરીને રાત્રી પર્યન્ત જપ કરતા કરતાં છ માસ વીતી ગયા ત્યારે પ્રબોધિની એકાદશી આવી ત્યારે સદા ઉપવાસી એવા શતાનંદ દિવસે નિરાહાર રહીને રાત્રીના જાગરણ

કરતાં પરમાત્માને પ્રાર્થના કરતા હતાં. તેવામાં જ અચાનક કરૂણાના સાગર એવા ભગવાન શ્રીનારાયણ ઋષિએ પોતાના દિવ્ય સ્વરૂપનું અલૌકિક દર્શન આપીને વરદાન માગવા કહ્યું ત્યારે શતાનંદ સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીને બે હાથ જોડીને બોલ્યા હે પ્રભુ મારે તો આપના સ્વરૂપના ગુણ ગાઈને મારી વાણીને સાર્થક કરવી છે. કારણ કે મને સંસારના કોઈ પણ પદાર્થમાં પ્રીતિ નથી. એક માત્ર તમારા સ્વરૂપમાં જ દ્રઢ પ્રીતિ છે અને તેને અતિ દ્રઢ કરાવનારા તમારા ચરિત્રો અને ગુણોનું ગાન કરનારા ગ્રંથની રચના કરીને જગતના સર્વ જીવને તમારા આશ્રિત કરવાની મનમાં ઈચ્છા છે. કારણ કે જીવ તમારો આશ્રય કરશે તેને તમારા દિવ્ય અલૌકિક તપનું ફળ પ્રાપ્ત થશે. જેથી તે જીવ તમારા સર્વોપરી સ્વરૂપના મહા જ્ઞાનને સમજી શકશે. ત્યારે એ એકાન્તિક તમારો ભક્ત થશે અને સંસારના દુઃખદાયક એવા પંચ વિષયોમાંથી છુટીને તમારા અક્ષરધામને પામશે. શતાનંદની આવી ઈચ્છાને માન આપીને ભગવાન શ્રી નરનારાયણ ઋષિ પ્રસન્ન થઈને બોલ્યા હે શતાનંદ અત્યારે હાલમાં મેં ઉત્તરકોશલ દેશમાં મનુષ્ય દેહ ધારણ કરેલ છે. અને શ્રીહરિ એવા નામથી સૌરાષ્ટ્રમાં પ્રસિદ્ધ થઈને વિચરણ કરૂં છું. તમો ત્યાં મારી પાસે આવો અને મારી પાસે રહીને તમારી ગ્રન્થ રચવાની મનોકામના પૂર્ણ કરો. આટલું કહીને ભગવાન અદ્રશ્ય થયા. આ રીતે પ્રસન્ન થયેલા તે ભગવાન શ્રી નરનારાયણદેવની સ્તુતિ પ્રાર્થના કરી તે આ છે.

શ્રી શતાનંદ મુનિ શ્રીમદ્ સત્સંગિજીવન ધર્મશાસ્ત્રમાં બદ્રિપતિ ભગવાન શ્રી નરનારાયણના આશ્રમમાં બદ્રિનાથધામમાં ભગવાન શ્રી નરનારાયણ દેવના સન્મુખ તપ કરવાથી પ્રસન્ન થયેલાં શ્રી નરનારાયણદેવની સ્તુતિ પ્રાર્થના આ અષ્ટકમાં કરે છે.

**શ્રીવાસુદેવઈહભારતજીવલોકક્ષેમાયનિર્જરઋષિઃ કરુણાનિધિસ્ત્વં ।**
**આકલ્પમાચરતિતીવ્રતપાંસિ તં ત્વાં નારાયણં મુનિવરં બદરીશમીડે ॥૧॥**

હે પ્રભુ સર્વત્ર વ્યાપક સર્વના અન્તર્યામી પણે વાસ કરનારા છો તેથી વાસુદેવ એવા હે ભગવાન કરૂણાના સાગર તમો ભરત ખંડમાં વસતાં

જીવપ્રાણી માત્ર અને સર્વ મુમુક્ષુ જનોના કલ્યાણકારી હિત માટે દેવર્ષિના જેવા શ્રી નર અને શ્રી નારાયણ સ્વરૂપે બે રૂપ ધારણ કરીને આ કલ્પ પર્યન્ત સુધી જ્ઞાન વૈરાગ્યાદિ ગુણેયુક્ત તીવ્ર તપ કરો છો. તે મુનિજનોમાં શ્રેષ્ઠ બદ્રીપતિ નારાયણ ઋષિ એવા તમારી હું પ્રાર્થના કરું છું. (૧)

**શ્રીનારદાદિમુનિમણ્ડલસેવિતાંઘ્રિ નિર્નીડગાઢદલસંકુલિતાં વિશાલામ્ ।**
**અધ્યાસ્યવેદહૃદયસ્યનિરુપકંતંત્વાં નારાયણં મુનિવરં બદરીશમીડે ॥૨॥**

શ્રીનારદ સનકાદિક કુમારો અને ઉદ્ધવાદિ મુનિઓએ સેવેલાં છે ચરણ કમળ જેમના એવા અને ઘાટીને વિશાળ છાયા વાળી છતાં જેમાં કોઈ પણ પક્ષીઓ પોતાના માળાઓ કરી શક્યા નથી એવી સ્વતંત્ર પાંદડાઓથી યુક્ત વિશાલા નામની બોરડીના વૃક્ષ નીચે બેસીને વેદના હૃદયરૂપ રહસ્યમય અર્થ રૂપ એવી પરા ભક્તિનું નિરૂપણ કરો છો એવા હે નારાયણ ઋષિ હું તમારી સ્તુતિરૂપ પ્રાર્થના કરું છું. (૨)

**દેવાંગનાગણવસન્તસુગન્ધિવાતૈર્યુક્તઃ સુરાધિપતિમોહકગાયકૌઘૈઃ ।**
**કામોડપિ યેન સહસા વિજિતશ્ચ તં ત્વાં નારાયણં મુનિવરં બદરીશમીડે ॥૧॥**

ઈન્દ્રાદિક દેવો અને ઋષિમુનિઓને પણ મોહ પમાડે તેવા અપ્સરાઓનો સમૂહ અને વસન્ત ઋતુઓના વાયુઓ મોહક મધુર ગાયન કરનારાઓના સમુદાયે યુક્ત કામદેવને પણ જેમણે તત્કાળ જીતી લીધો છે એવા શ્રી નારાયણ ઋષિ હું તમારી સ્તુતિ રૂપ પ્રાર્થના કરું છું. (૩)

**યન્માનસંજિતતપસ્વિગણૌપિરોષઃ સ્પ્રષ્ટુકથંચન કદાચનનાડપશક્તિમ્ ।**
**તં ત્વાં ચ બિભ્યતિયતાન્તરવૈરિણોડન્યે નારાયણં મુનિવરં બદરીશમીડે ॥૪॥**

મોટા મોટા તપસ્વીઓના સમુદાયને પણ જીતી લેનારો ક્રોધ પણ તમારા મનને સ્પર્શ પણ કોઈ પ્રકારે ક્યારેય કરી શકવા શક્તિમાન થતો નથી. અન્ય અન્તઃશત્રુઓ તો તમારાથી ભય પામે છે. એવા શ્રી નરનારાયણ ઋષિ હું તમારી સ્તુતિ રૂપ પ્રાર્થના કરું છું. (૪)

**ત્વાં પૂર્ણકામપતિરપ્યનુવાસર સ્વં દૈવં ચ પિત્ર્યમપિકર્મકરોષિકાલે ।**
**સંગ્રાહયન્નખિલનૈષ્ઠિકવર્ણિનસ્ત્વાં નારાયણં મુનિવરં બદરીશમીડે ॥૫॥**

પૂર્ણકામ એવા જે અક્ષરમુક્તો તેમના પતિ સ્વામી છો એવા તમો સમગ્ર નૈષ્ઠિક બ્રહ્મચારીઓને પોતાના આચરણથી તે પ્રમાણે શિક્ષણ આપવા માટે સમયે સમયે વર્ણાશ્રમોચિત પોતાનું દૈવ સંબંધી ને પિતૃસંબંધી કર્મ કરો છો. એવા હે શ્રી નારાયણ ઋષિ હું તમારી સ્તુતિ રૂપ પ્રાર્થના કરું છું. (૫)

**યસ્માત્પ્રવર્ત્તત ઈહાખિમસૌખ્યહેતુઃ સચ્છાસ્ત્રવૃન્દમખિલં ખલુનૈષ્ઠિકેન્દ્રાત ।**
**યત્કર્મદુષ્કરમમર્ત્યગણૈશ્ચ તં ત્વાં નારાયણં મુનિવરં બદરીશમીડે ॥૬॥**

નૈષ્ઠિક વર્ણિઓમાં શ્રેષ્ઠ એવા તમારાથી જ સમસ્ત જીવપ્રાણી માત્રના સુખરૂપ એવા વેદાદિ સત્છાસ્ત્રોનો સમુદાય આપના દ્વારા જ જગતમાં પ્રવર્તેલ છે. અને તમારૂ તપશ્ચર્યાદિ કર્મ દેવતાઓથી પણ ન થઈ શકે તેવું દુષ્કર છે. એવા હે શ્રી નારાયણ ઋષિ હું તમારી સ્તુતિ રૂપ પ્રાર્થના કરું છું. (૬)

**યે યે નિવૃત્તિમુપયાન્તિવિરાગવેગાત્સંસારભીતિ જનિતાદધિભૂમિ તે તે ।**
**યસ્યાશ્રયેણસુખિનોડત્ર ભવન્તિ તં ત્વાં નારાયણં મુનિવરં બદરીશમીડે ॥૭॥**

સંસારના જન્મ મૃત્યુના ભયથી ઉત્પન્ન થયેલા વૈરાગ્ય વાળા પુરુષો નિવૃત્તિ માર્ગને અનુસરે છે. તેમને આપ એકના જ આશ્રયથી આ લોક અને પરલોકના સુખની પ્રાપ્તિ થાય છે. તેથી આપ જ નિવૃત્તિ માર્ગ વાળા ત્યાગીઓને આશ્રય કરવા યોગ્ય છો. એવા હે શ્રી નારાયણ ઋષિ હું તમારી સ્તુતિ રૂપ પ્રાર્થના કરું છું. (૭)

**યત્પાદપદ્મમકરન્દરસૈકલુબ્ધૌ બ્રહ્માણ્ડસૌખ્યમખિલં હિ કદાચિદેવ ।**
**રંકોપિનેચ્છન્તિ સુખામ્બુધિમેવ તં ત્વાં નારાયણં મુનિવરં બદરીશમીડે ॥૮॥**

જે જીવાત્માઓને તમારા ચરણકમળના રસનો સ્વાદ મળ્યો છે તે સાવ રંક અર્થાત્ અજ્ઞાની હોય તો પણ સમગ્ર બ્રહ્માંડનું સુખ પણ કોઈકાળે ઈચ્છે જ નહી તો જે સમજુ અને જ્ઞાની વિદ્વાન હોય તે તો ક્યાંથી ઈચ્છે. એવું તમારા આશ્રયનું સુખ મહાન છે. કારણ કે તમોતો સમગ્ર સુખના સાગર છો. એવા હે શ્રીનરનારાયણ ઋષિ હું તમારી સ્તુતિ રૂપ પ્રાર્થના કરું છું. (૮)

# હે હરિકૃષ્ણ ભગવાન તમારા દર્શન આપો

॥ मञ्जुभाषिणीवृत्तम् ॥

सुरराजराज तव दर्शनं विना भगवन्नपि क्षणलवो युगायते ॥
तपतां मनीषियतीनां च दुर्लभं हरिकृष्णकृष्ण तव देहि दर्शनम् ॥१॥
करुणानिधे कुरु कृपां सतांपते भवतो विनाशमपि संविषायते ॥
दहनायते निशि निशाकरोऽपि मे हरिकृष्णकृष्ण तव देहि दर्शनम् ॥२॥
मम मानसं तव वियोगपाकः परितापयत्यपि परं रमापते ॥
सुतरामसौ दहति मे तनूलतां हरिकृष्णकृष्ण तव देहि दर्शनम् ॥३॥
प्रियनाथ नाथ तव वीक्षणं विना कमनीयरूपमपि कुष्ठसन्निभम् ॥
रमणीयहर्म्यमपि कटोरायते हरिकृष्णकृष्ण तव देहि दर्शनम् ॥४॥
भवदीयवीक्षणामृते दयानिधे मरणायते जगति जीवनं मम ॥
श्रवणीयगीतमपि मे शरायते हरिकृष्णकृष्ण तव देहि दर्शनम् ॥५॥
अमृतादपूर्वमपि चाधिकं हरे चरितं त्वदीयमतिशान्तिदं सदा ॥
न तथापि मे भवति शान्तये भृशं हरिकृष्णकृष्ण तव देहि दर्शनम् ॥६॥
जगतामधिशं ममदर्शितं पुरा चरितं त्वया त्रिजगतां च पावनम् ॥
हृदि में यदास्मरति तन्न शान्तये हरिकृष्णकृष्ण तव देहि दर्शनम् ॥७॥
विधिशंभुशेषमुनिभिश्च गीयते चरितं शुभं तदपि दर्शनायते ॥
तव ते भजन्ति सुतनुं सुमंगलां हरिकृष्णकृष्ण तव देहि दर्शनम् ॥८॥
इति कृष्णवियोगिनामनिशं भजतां प्रेमजनेन भाषितम् ॥
विरहाष्टकमादरादिदं पठतामाशु तनोतु मंगलम् ॥९॥

*॥ इति योगानन्दमुनिविरचितं श्रीहरिकृष्णाष्टकं समाप्तम् ॥*

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચસો પરમહંસોમાં જેમ મુક્તાનંદ, બ્રહ્માનંદ, પ્રેમાનંદ આદિ કવિઓ હતાં, તેમ જ શતાનંદ, વાસુદેવાનંદ, નિત્યાનંદ આદિ સંસ્કૃત ભાષાના વિદ્વાનો હતાં. તેમણે શ્રીહરિની આજ્ઞાથી સંસ્કૃત ષાનામાં સત્શાસ્ત્રોની રચના કરી છે. તેવી જ રીતે કવિઓ ગુજરાતી ભાષામાં કીર્તનોના પદો રચીને મહારાજને રાજી કરતાં. તેમજ આ

સંસ્કૃતના વિદ્વાનો મહારાજને સંસ્કૃત ભાષામાં સ્તોત્રો રચિને ગાઈને સંભળાવીને અતિ પ્રસન્ન કરતાં અને તે સાંભળીને શ્રીહરિ વિશેષ રાજી થતાં. કારણ કે આ અષ્ટકોમાં શુદ્ધ સર્વોપરી પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિની જ ઉપાસનાં ભક્તિ અને આરાધના કોઈ પણ પ્રકારના ભય વિના નિર્ભયતાથી પ્રગટ થતી હતી. તેવી જ નિર્ભયતાથી આ અષ્ટકમાં વર્ણિરાજ યોગાનંદ મુનિ શ્રીહરિનાં દર્શન વિના પોતાને કેવી વ્યાકુળતા છે તે મુઞ્જુભાષણી નામના સંસ્કૃત છન્દમાં વર્ણવે છે. જે પ્રિયતમના વિયોગને તાદ્રશ્ય કરે છે. તેમના આ ભાવને અને શ્રીહરિના સ્વરૂપનાં દર્શનની તેમના હૃદયમાં કેવી ઉત્કૃષ્ટ તીવ્રતા છે તે સમજવાનો તેમના સંસ્કૃત શબ્દોના અર્થ જાણીને પ્રયત્ન કરીએ.

**સુરરાજરાજ તવ દર્શનં વિના ભગવન્નપિ ક્ષણલવો યુગાયતે ॥**
**તપતાં મનીષિયતીનાં ચ દુર્લભં હરિકૃષ્ણકૃષ્ણ તવ દેહિ દર્શનમ્ ॥૧॥**

યોગાનંદ મુનિ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણોમાં પ્રાર્થના કરતાં અતિ પ્રેમ મગ્ન થઈને કહે છે - હે ત્રિલોકીના રાજા ઈન્દ્રાદિ દેવોના પણ રાજાધિરાજ શ્રીહરિ તમારા દર્શન કર્યા વિનાનો એક એક ક્ષણ જાણે મોટા યુગ જેવડો લાંબો લાગે છે. મૌન વ્રતધારી યતિઓ સંન્યાસીઓ કઠોર તપશ્ચર્યા કરનારાઓને પણ જે તમારા સ્વરૂપનાં દર્શન દુર્લભ છે. એવા હે હરિકૃષ્ણ નામે મનુષ્ય દેહ ધારી આ પૃથ્વી ઉપર વિચરણ કરતાં શ્રીકૃષ્ણ પરમાત્મા તમારા દિવ્ય સ્વરૂપના મને દર્શન આપો. (૧)

**કરુણાનિધે કુરુ કૃપાં સતાંપતે ભવતો વિનાશમપિ સંવિષાયતે ॥**
**દહનાયતે નિશિ નિશાકરોડપિ મે હરિકૃષ્ણકૃષ્ણ તવ દેહિ દર્શનમ્ ॥૨॥**

હે કરૂણાના સાગર શ્રીહરિ મારા જેવા જીવ ઉપર કૃપા કરો. હે સત્પુરૂષોના પતિ શ્રીહરિ તમારા દર્શન વિના આ જગતમાં ઉપકારક અર્થાત કલ્યાણ કારક પણ દુઃખ દાયક લાગે છે. અને રાત્રીનો શિતળ શાન્ત ચન્દ્રનો પ્રકાશ પણ જાણે તપતા ઉનાળાનો ધગધગતો તડકો હોય તેવો મારા શરીરને દઝાડે છે. હે હરિકૃષ્ણ નામે મનુષ્ય દેહ ધારી આ પૃથ્વી ઉપર વિચરણ કરતાં શ્રીકૃષ્ણ પરમાત્મા તમારા દિવ્ય સ્વરૂપના મને દર્શન આપો. (૨)

**મમ માનસં તવ વિયોગપાકઃ પરિતાપયત્યતિ પરં રમાપતે ॥**
**સુતરામસૌ દહતિમે તનૂલતાં હરિકૃષ્ણકૃષ્ણ તવ દેહિ દર્શનમ્ ॥૩॥**

હે પરમેશ્વર શ્રીહરિ તમારા દર્શન વિના વિયોગના તાપથી મારા મનને પણ અતિ પરિતાપ થાય છે કે હવે ક્યા દર્શન થશે. માટે હે રમાપતિ લક્ષ્મીજીના પતિ પરમાત્મા પુરૂષોત્તમનારાયણ કૃપા કરો. હે શ્રીહરિ હું સત્ય જ કહું છું કે મારૂ સમગ્ર આ ભૌતિક શરીર તમારા વિયોગમાં જેમ પાણી વિના કોમળ વેલાઓ બળી જાય છે તેમ મારૂ શરીર પણ તમારા વિયોગમાં બળીને ભસ્મ થઈ જશે. માટે હે હરિકૃષ્ણ નામે મનુષ્ય દેહ ધારી આ પૃથ્વી ઉપર વિચરણ કરતાં શ્રીકૃષ્ણ પરમાત્મા તમારા દિવ્ય સ્વરૂપના મને દર્શન આપો. (૩)

**પ્રિયનાથ નાથ તવ વીક્ષણં વિના કમનીયરુપમપિ કુષ્ઠસન્નિભમ્ ॥**
**રમણીયહર્મ્યમપિ કટોરાયતે હરિકૃષ્ણકૃષ્ણ તવ દેહિ દર્શનમ્ ॥૪॥**

હે મારા નાથ શ્રીહરિ તમે તો મારા પ્રિયનાથ છો મારા આત્માના પણ પતિ છો. તમારા દર્શન વિના તો સુંદર સ્વરૂપવાન કોઈ રૂપ પણ મને તો જાણે આખુ શરીર કૃષ્ટ રોગી અર્થાત કોઢના રોગ વાળું હોય તેવું જ જણાય છે. અતિ શાંતિ આપવાવાળુ રમણિય પદાર્થ પણ મને તો વિકરાળ રાક્ષસી કોટરા હોય તેવું જ જણાય છે. માટે હે હરિકૃષ્ણ નામે મનુષ્ય દેહ ધારી આ પૃથ્વી ઉપર વિચરણ કરતાં શ્રીકૃષ્ણ પરમાત્મા તમારા દિવ્ય સ્વરૂપના મને દર્શન આપો. (૪)

**ભવદીયવીક્ષણામૃતે દયાનિધે મરણાયતે જગતિ જીવનં મમ ॥**
**શ્રવણીયગીતમપિ મે શરાયતે હરિકૃષ્ણકૃષ્ણ તવ દેહિ દર્શનમ્ ॥૫॥**

હે પરમાત્મા ભગવાન શ્રીહરિ દયાના સાગર તમારા અમૃત જેવા દર્શનથી આ મારા નાશવંત મરણધર્મા શરીરને પણ કંઈક જગતમાં જીવવા જેવું જો તમારા દર્શન થશે તો લાગશે. એ વિના તો હે ભગવાન આ જગતમાં સાંભળવા જેવા મધુર ગીતો પણ મને તો જાણે મોટા મોટા બાણ કાનમાં વાગતા હોય એવા કઠોર લાગે છે. હે હરિકૃષ્ણ નામે મનુષ્ય દેહ ધારી આ

પૃથ્વી ઉપર વિચરણ કરતાં શ્રીકૃષ્ણ પરમાત્મા તમારા દિવ્ય સ્વરૂપના મને દર્શન આપો. (૫)

**અમૃતાદપૂર્વમપિ ચાધિકં હરે ચરિતં ત્વદીયમતિશાન્તિદં સદા ॥**
**ન તથાપિ મે ભવતિ શાન્તયે ભૃશં હરિકૃષ્ણકૃષ્ણ તવ દેહિ દર્શનમ્ ॥૬॥**

સાગરમાંથી દેવો અને દાનવો મળીને સમુદ્રમંથન કરીને મેળવેલાં અમરત્વ આપનારા અમૃત કરતાં પણ હે પ્રભુ તમારા ચરિત્રામૃત સદા વધારે શાંતિ આપનારા છે. પરંતુ મને તે તમારા ચરિત્રામૃતની કથામાં પણ તમારા દિવ્ય દર્શન વિના ક્યાંય શાંતિ મળતી નથી. માટે હે હરિકૃષ્ણ નામે મનુષ્ય દેહ ધારી આ પૃથ્વી ઉપર વિચરણ કરતાં શ્રીકૃષ્ણ પરમાત્મા તમારા દિવ્ય સ્વરૂપના મને દર્શન આપો. (૬)

**જગતામધિશં મમદર્શિતં પુરા ચરિતં ત્વયા ત્રિજગતાં ચ પાવનમ્ ॥**
**હૃદિ મેં યદાસ્મરતિ તન્ન શાન્તયે હરિકૃષ્ણકૃષ્ણ તવ દેહિ દર્શનમ્ ॥૭॥**

હે જગતના અધિપતિ અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ શ્રીહરિ મને તમારા દિવ્ય અને ત્રણેય લોકને પાવન કરનારા અદ્ભૂત ચરિત્રોના તમે જ દર્શન પહેલાં કરાવ્યા છે. પરંતુ હું જ્યારે તે દિવ્ય ચરિત્રોનું સ્મરણ કરૂ છું ત્યારે પણ મારા હૃદયમાં તમારા દિવ્ય અને પ્રત્યક્ષ દર્શન થાય ને જેવી શાંતિ મળે તેવી પરમ શાંતિ મળતી નથી. એટલા જ માટે હે હરિકૃષ્ણ નામે મનુષ્યદેહ ધારી આ પૃથ્વી ઉપર વિચરણ કરતાં શ્રીકૃષ્ણ પરમાત્મા તમારા દિવ્ય સ્વરૂપના મને દર્શન આપો. (૭)

**વિધિશંભુશેષમુનિભિશ્ચ ગીયતે ચરિતં શુભં તદપિ દર્શનાયતે ॥**
**તવ તે ભજન્તિ સુતનું સુમંગલાં હરિકૃષ્ણકૃષ્ણ તવ દેહિ દર્શનમ્ ॥૮॥**

મોટા મોટા વિદ્વાનો પંડિતો જેવા કે સાક્ષાત જગત સૃષ્ટા બ્રહ્માજી, કૈલાસ પતિ શંભુ શિવજી અને હજાર મુખવાળા શેષનારાયણજી પણ તમારા દિવ્ય ચરિત્રોનું સદા ગાન કરે છે. તો પણ તમારા આ હરિકૃષ્ણ નામ ધારી મનુષ્ય દેહના દર્શન કરવા આવે છે અને તેવા દિવ્ય શરીર ધારી તમારી ભક્તિ ઉપાસના મંગલકારી આત્યન્તિક મોક્ષની પ્રાપ્તિ માટે કરે છે. હે હરિકૃષ્ણ

નામે મનુષ્ય દેહ ધારી આ પૃથ્વી ઉપર વિચરણ કરતાં શ્રીકૃષ્ણ પરમાત્મા તમારા દિવ્ય સ્વરૂપના મને દર્શન આપો. (૮)

**ઈતિ કૃષ્ણવિયોગિનામનિશં ભજતાં પ્રેમજનેન ભાષિતમ્ ॥**
**વિરહાષ્ટકમાદરાદિદં પઠતામાશું તનોતુ મંગલમ્ ॥૯॥**

આવી રીતે હરિકૃષ્ણ નામ ધારણ કરીને આ પૃથ્વી ઉપર વિચરણ કરતાં ભગવાન શ્રીકૃષ્ણના વિયોગમાં તેમના પ્રેમીભક્તો રાત્રી દિવસ ગાતા બોલતાં રહે છે. આદર પૂર્વક પ્રેમથી આ વિરહ અષ્ટકનો જે પાઠ કરશે કે પરમાત્માના સ્વરૂપ સન્મુખ ભક્તિ ભાવથી ગાશે તેનું સર્વ પ્રકારે મંગલ થશે અર્થાત્ તેને આત્યન્તિક કલ્યાણરૂપ મોક્ષની પ્રાપ્તિ થશે. (૯)

## હે નાથ નિત્ય દર્શન આપો

॥ ललित छन्दः ॥

अतिमनोहरं सर्वसुन्दरं तिलकलक्षणं चंचलेक्षणम् ॥
विबुधवन्दितं स्वामिनाथते वपुरिहास्तु नो नित्यदर्शने ॥१॥
मदनमोहनं प्रेमदोहनं नयनगोचरं भक्तसंचरम् ॥
भुवि सुदुर्लभं स्वामिनाथते वपुरिहास्तु नो नित्यदर्शने ॥२॥
निजजनैः सदा वाञ्छितंहृदा परसुखावहं हत्तमोपहम् ॥
परममंगलं स्वामिनाथते वपुरिहास्तु नो नित्यदर्शने ॥३॥
हृदयरोचनं बद्धमोचनं विगतशोचनं दीर्घलोचनम् ॥
मृदुसितांम्बरं स्वामिनाथते वपुरिहास्तु नो नित्यदर्शने ॥४॥
मधुरभाषणं पुष्पभूषणं विजितदूषणं शोकशोषणम् ॥
प्रहसदाननं स्वामिनाथते वपुरिहास्तु नो नित्यदर्शने ॥५॥
कुसुमशेखरं कोमलान्तरं सदयदर्शनं दुःखकर्शनम् ॥
विधिहरार्चितं स्वामिनाथते वपुरिहास्तु नो नित्यदर्शने ॥६॥
परमपावनं लोकभावनं कुटिलकुन्तलं पुष्पकुण्डलम् ॥
भवभयापहं स्वामिनाथते वपुरिहास्तु नो नित्यदर्शने ॥७॥

सकलसिद्धिभिः सर्वऋद्धिभिः श्रितपदं सदा योगिभिर्मुदा ॥
तदिदमेवहि स्वामिनाथते वपुरिहास्तु नो नित्यदर्शने ॥८॥

*॥ इति सत्संगिजीवनस्थ श्रीहरिप्रार्थनास्तोत्रं ॥*

## તૃતિય પ્રકરણ, ૪૩ અધ્યાય, શ્લોક૪૭-૫૪

ભગવાન શ્રી સ્વામિનારાયણ વર્ષો વર્ષ જ્યાં વિરાજમાન હોય તે ગામ કે નગરમાં જન્માષ્ટમી, રામનવમી, પ્રબોધિની આદિના મોટા મોટા ઉત્સવો કરતાં અને તેમાં હજારો ને લાખો માનવ મહેરામણ એકઠો થતો તે સૌના બધા જ પ્રકારના મનોરથો શ્રીહરિ પૂર્ણ કરતા. જે જે જનોના મનોરથો પોતાની મનોકામનાઓ ઈચ્છાઓ પૂર્ણ થતી તેઓ તો ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમ આશ્રિત થઈને સત્સંગના દ્દઢ પણે નિયમોનું પાલન કરીને શ્રીહરિને પ્રસન્ન કરીને આત્યન્તિક મોક્ષ રૂપ પોતાનું કાર્ય સાધીને અંતે અક્ષરધામને પામતાં અને આ મોટા સમૈયામાં આવેલ કોઈ સાધારણ વ્યક્તિને પણ જો અન્ત સમયે આ ઉત્સવનું સ્મરણ થાય તો તેના યોગે કરીને ભગવાન શ્રીહરિની સ્મૃતિ પણ અવશ્ય થાય અને તેને પણ અક્ષરધામની પ્રાપ્તિનું વરદાન શ્રી સ્વામિનારાયણ ભગવાને જગતના સર્વ જીવને આપેલ છે. ગઢપુરના એભલ ખાચરનો સમગ્ર પરિવાર સમૈયા અને ઉત્સવો કરવામાં અતિ ઉત્સાહ પૂર્વક પોતાના તન, મન અને ધનનો ઉપયોગ કરીને શ્રીહરિને પ્રસન્ન કરવાની કળા સારી રીતે જાણતાં. તેમાં ખાસ સ્ત્રી ભક્તોમાં જીવુબા અને લાડુબા એ દિપાવલી અને અન્નકૂટનો ભવ્ય ઉત્સવ કરીને શ્રીહરિને અતિ પ્રસન્ન કરીને સૌ ભક્તોને આવતા પ્રબોધિની એકાદશીની રોકાવાની આજ્ઞા કરવાની વિનંતી કરી શ્રીહરિએ તેમનો ભાવ જાણીને સંતો અને ભક્તોને રોકાવાની આજ્ઞા કરી તેથી સર્વે ભક્તોએ પ્રબોધિનીનો ઉત્સવ કરીને પોત પોતાના પ્રદેશ જવાની આજ્ઞા લઈને જતા જતાં સૌ સંતો તથા ભક્તો ભાઈઓ અને બાઈઓ પણ શ્રીહરિની સ્તુતિ પ્રાર્થના તેમાં છેલ્લે દૂર દૂર પ્રાન્તોમાંથી આવેલ સર્વ સ્ત્રીઓએ શ્રીહરિની આ રીતે નિત્ય દર્શન આપવાની પ્રાર્થના સ્તુતિ કરી છે. જે ભક્તો આ સ્તતિનું ગાન કરે છે તેમને પણ તે સર્વ સ્ત્રીઓની જેમ જ શ્રીહરિ દર્શન આપે છે. માટે તેની સમજણ અહિં આપી છે.

**અતિમનોહરં સર્વસુન્દરં તિલકલક્ષણં ચંચલેક્ષણમ્ ॥**
**વિબુધવન્દિતં સ્વામિનાથતે વપુરિહાસ્તુ નો નિત્યદર્શને ॥૧॥**

પ્રબોધિનીના ઉત્સવમાં દેશાન્તરોથી આવેલ સર્વ સ્ત્રીઓ ભગવાન શ્રી સ્વામિનારાયણને સ્તુતિ પ્રાર્થના કરે છે. હે સ્વામિનાથ આ તમારી મૂર્તિ જે અતિ સુંદર છે. અને તમારા જ સર્વ અવતારોના સ્વરૂપો કરતાં આ સ્વરૂપ અતિ મનોહર અને સર્વ પ્રકારની સુંદરતામાં વધારો કરનારૂં એવું સુંદર નાસિકાના સમીપે તિલના ચિન્હે યુક્ત મુખારવિંદ છે. અથવા શાસ્ત્રોમાં કહેલાં ઉર્ધ્વપુંડ તિલકના લક્ષણ વાળુ લલાટને આભૂષણની જેમ શોભાવતું સુંદર દણ્ડાકાર તિલક છે. અતિ ચંચળ નેત્રોથી સર્વત્ર પોતાના ભક્તોને નિરખી રહ્યા છો. એવા તમારા સ્વરૂપને મોટા મોટા વિદ્વાનો પંડિતો બુદ્ધિજીવીઓ અને દેવતાઓ સદા સર્વદા વંદન કરે છે. હે સ્વામિનાથ એવી તમારી દિવ્ય મૂર્તિના સદા સર્વદા આ મૃત્યલોકમાં અમને દર્શન થતાં જ રહે તેવી પ્રાર્થના કરીએ છીએ. (૧)

**મદનમોહનં પ્રેમદોહનં નયનગોચરં ભક્તસંચરમ્ ॥**
**ભુવિ સુદુર્લભં સ્વામિનાથતે વપુરિહાસ્તુ નો નિત્યદર્શને ॥૨॥**

જગતમાં સૌને મોહિત કરનારા કામદેવને પણ મોહ ઉત્પન્ન કરે તેવું અને દર્શન કરનારા તમારા ભક્તોના હૃદયમાં વારંવાર દર્શન કરવાનો પ્રેમનો ઉભરો લાવે તેવું અને ભૌતિક દ્રષ્ટિથી (આંખો) જોઈ શકાય છે. દર્શન કરી શકાય છે. એવું આ પ્રત્યક્ષ સ્વરૂપ જે મૂર્તિ છે તે તો તમારા એકાન્તિક એવા ભક્તોને જ દેખાય છે. તે આ પૃથ્વી ઉપરતો અન્ય જગતના જીવોને અત્યંન્ત દુર્લભ છે. હે સ્વામિનાથ એવી તમારી દિવ્ય મૂર્તિના સદા સર્વદા આ મૃત્યલોકમાં અમને દર્શન થતાં જ રહે તેવી પ્રાર્થના કરીએ છીએ. (૨)

**નિજજનૈઃ સદા વાઞ્ચિતંહૃદા પરસુખાવહં હત્તમોપહમ્ ॥**
**પરમમંગલં સ્વામિનાથતે વપુરિહાસ્તુ નો નિત્યદર્શને ॥૩॥**

હે પરમેશ્વર તમારા પોતાના એકાન્તિક ભક્તો જે સ્વરૂપને સદા પોતાના હૃદયમાં ધારણ કરવાની અભિલાષા ઈચ્છા રાખે છે. કારણ કે તે સ્વરૂપને

ધારણ કરવાથી ભક્તોના હૃદયમાં રહેલા અજ્ઞાન રૂપી અંધકારનો તત્કાળ જ નાશ થાય છે. અને તમારા આ દિવ્ય સ્વરૂપના જ્ઞાન રૂપી પ્રકાશનો અત્યન્ત સુખાવહ આનંદનો અનુભવ થાય છે. જેથી સર્વ પ્રકારના પરમ મંગલની પ્રાપ્તિ થાય છે અર્થાત્ પરમ મોક્ષ રૂપ એવા તમારા અક્ષરધામની પ્રાપ્તિ કરાવે છે. હે સ્વામિનાથ એવી તમારી દિવ્ય મૂર્તિના સદા સર્વદા આ મૃત્યલોકમાં અમને દર્શન થતાં જ રહે તેવી પ્રાર્થના કરીએ છીએ. (૩)

**હૃદયરોચનં બદ્ધમોચનં વિગતશોચનં દીર્ઘલોચનમ્ ॥**
**મૃદુસિતામ્બરં સ્વામિનાથતે વપુરિહાસ્તુ નો નિત્યદર્શને ॥૪॥**

તમારા એકાન્તિક ભક્તોના હૃદયને અત્યન્ત રૂચિકર દિવ્ય પ્રકાશથી આનંદિત કરનારૂ છે. અને અજ્ઞાનરૂપી ત્રિગુણાત્મિકા માયાના બંધનથી છોડાવનારૂ છે. તથા સંસાર પાશબદ્ધ જીવોને મુક્ત કરનારૂ છે. શોક રહિત આનંદ સ્વરૂપ છે. અને દીર્ઘ વિશાળ દૃષ્ટિથી સમગ્ર બ્રહ્માંડમાં પોતાના ભક્તોની સુરક્ષાને જોનારા છો. સદા કોમળ શ્વેત વસ્ત્રો ધારણ કરો છો. એવા હે સ્વામિનાથ એવી તમારી દિવ્ય મૂર્તિના સદા સર્વદા આ મૃત્યલોકમાં અમને દર્શન થતાં જ રહે તેવી પ્રાર્થના કરીએ છીએ. (૪)

**મધુરભાષણં પુષ્પભૂષણં વિજિતદૂષણં શોકશોષણમ્ ॥**
**પ્રહસદાનનં સ્વામિનાથતે વપુરિહાસ્તુ નો નિત્યદર્શને ॥૫॥**

પોતાના ભક્તોને અમૃતમય મધુર વાણીથી ઉપદેશ કરવા માટે ભાષણ આપો છો. અને સદા સાત્વિક અને સરળ એવા સુગન્ધીમાન પુષ્પોના આભૂષણો અલંકારો ધારણ કરો છો. ભક્તોના હૃદયમાં રહેલા મન, કર્મ અને વાણીના દોષોને જીતાડનારૂ અને સ્વયં નિર્દોષ એવું તમારૂ સ્વરૂપ છે. દર્શન કરનાર માત્રના સર્વ પ્રકારના શોકને વિનાશ કરનારૂ છે. પોતાના એકાન્તિક ભક્તોને જોઈને પ્રસન્ન મુખ મુદ્રાથી હાસ્યને વેરતા મુખારવિન્દવાળા છો. હે સ્વામિનાથ એવી તમારી દિવ્ય મૂર્તિના સદા સર્વદા આ મૃત્યલોકમાં અમને દર્શન થતાં જ રહે તેવી પ્રાર્થના કરીએ છીએ. (૫)

**કુસુમશેખરં કોમલાન્તરં સદયદર્શનં દુઃખકર્શનમ્ ॥**
**વિધિહરાર્ચિતં સ્વામિનાથતે વપુરિહાસ્તુ નો નિત્યદર્શને ॥૬॥**

હે પ્રભુ તમે તો સુંદર રંગ બે રંગી સુગન્ધીમાન પુષ્પોના પાઘ ઉપર તોરા ધારણ કરનારા છો. પોતાના ભક્તોના કષ્ટને જોઈને જેમનું હૃદય તત્કાળ દ્રવી જાય છે. એવા કોમળ હૃદય કમળવાળા છો. સદા ભક્તોના ઉપર દયામય દૃષ્ટિ રાખીને નિરખો છો. શરણે આવેલા સમગ્ર ભક્તોના સર્વ પ્રકારના દુઃખોનો સરળતાથી નાશ કરો છો. તેથી મોટા મોટા દેવો બ્રહ્માજી અને શિવજી પણ તમારી સદા પૂજા કરે છે. એવા હે સ્વામિનાથ એવી તમારી દિવ્ય મૂર્તિના સદા સર્વદા આ મૃત્યલોકમાં અમને દર્શન થતાં જ રહે તેવી પ્રાર્થના કરીએ છીએ. (૬)

**પરમપાવનં લોકભાવનં કુટિલકુન્તલં પુષ્પકુણ્ડલમ્ ॥**
**ભવભયાપહં સ્વામિનાથતે વપુરિહાસ્તુ નો નિત્યદર્શને ॥૭॥**

હે પ્રભુ તમે તો સંપૂર્ણ વિશ્વમાં જ્યાં જ્યાં તમારા ચરણનો સ્પર્શ થાય તે સર્વને પરમ પાવન અત્યન્ત પવિત્ર કરનારા છો. તેથી સર્વ લોકોને ભાવતા મનગમતા એવું તમારૂં સ્વરૂપ છે. અને સુંદર મસ્તક ઉપર કાળાને વાંકડીયા કેશ ધારણ કરેલ છે. કર્ણ ઉપર સુગંધિમાન રંગીન પુષ્પોના કુંડલ ધારણ કરેલા છે. દર્શન કરનારા ભક્તોના જન્મ મૃત્યુના ભયને સંસારસાગરના ભયને નાશ કરનારૂં છે. એવા હે સ્વામિનાથ એવી તમારી દિવ્ય મૂર્તિના સદા સર્વદા આ મૃત્યલોકમાં અમને દર્શન થતાં જ રહે તેવી પ્રાર્થના કરીએ છીએ. (૭)

**સકલસિદ્ધિભિઃ સર્વઋદ્ધિભિઃ શ્રિતપદં સદા યોગિભિર્મુદા ॥**
**તદિદમેવહિ સ્વામિનાથતે વપુરિહાસ્તુ નો નિત્યદર્શને ॥૮॥**

હે શ્રીહરિ તમારા ચરણોમાં તો અણિમાદિક આઠ સિદ્ધિઓ નિવાસ કરીને રહે છે. અને તમારા જ ચરણોમાં ભક્તોને સર્વ પ્રકારની રીદ્ધિ સિદ્ધિ અને સમૃધ્ધિ મળે છે. તેથી જીવ માત્રને તમારા જ ચરણનો આશ્રય કરવા યોગ્ય છે. અને અષ્ટાંગ યોગ સિદ્ધ કરેલા મોટા મોટા યોગીઓ પણ સદા તમારા જ ચરણનો આશ્રય કરે છે. એવા હે સ્વામિનાથ એવી તમારી દિવ્ય મૂર્તિના સદા સર્વદા આ મૃત્યલોકમાં અમને દર્શન થતાં જ રહે તેવી પ્રાર્થના કરીએ છીએ. (૮)

# મુક્તોની સભામાં સદા વિરાજતાં

॥ प्रहर्षणीयवृत्तम् ॥

मुक्तानां सदसि सदा विराजमानं पूर्णेन्दुप्रवरमुखाब्जपत्रनेत्रम् ॥
मन्दारस्थलरुहकुन्दसारहारं धर्मांगप्रभवमहं हरिं प्रपद्ये ॥१॥
अम्भोजध्वजकलशांकुशोर्ध्वरेखागोपदप्रमुखसुक्ष्मपादपद्मम् ॥
सामोदभ्रमरविगुंजितावचूलं धर्मांगप्रभवमहं हरिं प्रपद्ये ॥२॥
भक्तेभ्यो विहितसबीजसांख्ययोगं प्रावारप्रचलितकंचुकाभिरामम् ॥
श्रीखण्डप्रवरतमालपत्रमीशं धर्मांगप्रभवमहं हरिं प्रपद्ये ॥३॥
विद्योतन्मणिमयहेमकुण्डलश्रीकर्णाग्रोत्तमकुसुमावतंसरम्यम् ॥
श्रीवत्सोल्लसितभुजान्तरं सदीशं धर्मांगप्रभवमहं हरिं प्रपद्ये ॥४॥
संसारप्रशमनकारणप्रतापं विभ्राणं सुरुचिरमौक्तिकीं च मालाम् ॥
हस्ताग्रे सुललितमालिकां दधानं धर्मांगप्रभवमहं हरिं प्रपद्ये ॥५॥
शान्तानां विदलितमानमत्सराणां कामादिप्रबलविपक्षनिर्जयानाम् ॥
साधूनामनिशमवेक्षणीयरूपं धर्मांगप्रभवमहं हरिं प्रपद्ये ॥६॥
वेदान्तैरूदितसुकीर्तिमाप्तकामं जुष्टांघ्रिविजितविदुषणैर्मुनिन्द्रैः ॥
ब्रह्माण्डस्थपतिसुरेश्वरैकनाथं धर्मांगप्रभवमहं हरिं प्रपद्ये ॥७॥
रम्याणां विमलसुवर्णभूषणानां श्रीमत्तामवयवशोभया दधानम् ॥
घर्मान्तप्रभवनवीनमेघनीलं धर्मांगप्रभवमहं हरिं प्रपद्ये ॥८॥

*॥ इति अचिन्त्यानन्दवर्णिविरचितं धर्मनन्दनाष्टकम् समाप्तम् ॥*

આ પૃથ્વી ઉપર મનુષ્ય દેહ ધારણ કરીને પ્રગટ થયેલાં સર્વોપરી સર્વ અવતારના અવતારી પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણના જે દુર્વાસા મુનિના શ્રાપના નિમિત્તે મનુષ્ય ધરીને વિચરતા હતાં તે ઋષિમુનિઓને સમાચાર મળ્યા કે તરત જ સર્વપ્રકારના જગતના સુખો પંચવિષયોનો તત્કાલ ત્યાગ કરીને શ્રીહરિના દિવ્ય ચરણોમાં આત્મ સમર્પણ કરીને તે પ્રભુની સેવામાં જોડાઈ ગયા હતાં તેમાંના આ મહાન પરમહંસો તે શ્રીહરિના જેવા

પોતે જોયા જાણ્યા છે. અને અનુભવ્યા છે તેવા પરમેશ્વરના ગુણો જગતના જીવ માત્રને જાણવા સમજવા મળે તે શુભ હેતુથી તે દિવ્ય ગુણોનું કીર્તનો પદ અષ્ટકો અને સત્શાસ્ત્રોરૂપે વર્ણન કરતાં તેમાં વર્ણિરાજ અચિંત્યાનંદજી આ અષ્ટકમાં ધર્મનંદન ભગવાન શ્રીહરિની પ્રાર્થના કરે છે. તેમાં તેમણે સંસ્કૃતનો પ્રહર્ષણી નામના છન્દનો પ્રયોગ કર્યો છે. જે સુરક્ષાના ભાવને વ્યક્ત કરે છે.

**મુક્તાનાં સદસિ સદા વિરાજમાનં પૂર્ણેન્દુપ્રવરમુખાબ્જપત્રનેત્રમ્ ॥**
**મન્દારસ્થલરુહકુન્દસારહારં ધર્માંગપ્રભવમહં હરિં પ્રપદ્યે ॥૧॥**

પરમ એકાન્તિક એવા અક્ષરમુક્તોની વિશાળ સભામાં ઉંચા સિંહાસન ઉપર સદા વિરાજમાન શરદપૂર્ણિમાંના ચન્દ્ર સમાન વિશાળ તેજસ્વી મુખારવિન્દ વાળા સરોવરમાં ખીલેલા કમળની પાંખડી જેવા સુંદર નેત્રો (આંખો) વાળા હે શ્રીહરિ તમે શોભો છો. અને તમારા દિવ્ય અદ્ભૂત સુશોભિત કંઠમાં ગંધમાદન પર્વતના સરોવરમાં ખીલેલાં અને સુવર્ણના સમાન તેજસ્વી કાન્તિ વાળા કમળોનો શ્રેષ્ઠ હાર ધારણ કરેલો છે. એવા ધર્મઋષિના અવતાર હરિપ્રસાદ વિપ્રના પુત્ર હે શ્રીહરિ આપના ચરણોંનો હું શરણાગત થઈને પ્રાર્થના કરું છું. (૧)

**અમ્ભોજધ્વજકલશાંકુશોર્ધ્વરેખાગોપદપ્રમુખસુક્ષ્મપાદપદ્મમ્ ॥**
**સામોદભ્રમરવિગુંજિતાવચૂલં ધર્માંગપ્રભવમહં હરિં પ્રપદ્યે ॥૨॥**

જેમના દિવ્ય ચરણ કમળમાં આકાશ ધ્વજ કલશ અંકુશ ઉર્ધ્વરેખા ગોપદ આદિ મુખ્ય પરમાત્માના સૂચક સામુદ્રિક શાસ્ત્રમાં કહેલા અદ્ભુત ચિન્હોએ યુક્ત સુંદર અને માપસરના નાના કમળ જેવા પગ છે. શ્વેત ચન્દ્રના જેવા ઉજ્જવલ વસ્ત્રો ધારણ કરેલા છે. જેને સુંદર પુષ્પો સમજીને ભમરાઓ ચારે બાજુ ગુંજારવ કરે છે. એવા ધર્મઋષિના અવતાર હરિપ્રસાદ વિપ્રના પુત્ર હે શ્રીહરિ આપના ચરણોંનો હું શરણાગત થઈને પ્રાર્થના કરું છું. (૨)

**ભક્તેભ્યો વિહિતસબીજસાંખ્યયોગં પ્રાવારપ્રચલિતકંચુકાભિરામમ્ ॥**
**શ્રીખણ્ડપ્રવરતમાલપત્રમીશં ધર્માંગપ્રભવમહં હરિં પ્રપદ્યે ॥૩॥**

પોતાના શરણે આવેલા એવા એકાન્દિક ભક્તોને સાંખ્ય અને યોગ શાસ્ત્રના રહસ્યોને વિગત પૂર્વક આ અબીજ સાંખ્ય અર્થાત્ ઈશ્વરવાદમાં પરમેશ્વરના અસ્તિત્વમાં માનનાર સાંખ્યશાસ્ત્રના જ્ઞાતાનું જ્ઞાન છે. અને નિર્બીજ સાંખ્ય શાસ્ત્રનું જ્ઞાન તે ઈશ્વરને નહી માનનારા સાંખ્ય શાસ્ત્રના જ્ઞાતાઓનું જ્ઞાન છે. યોગ જે આઠ અંગોનું જ્ઞાન, યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ તેને પણ વિગતથી સભામાં સમજાવતા અને પ્રવાળાના સમાન સુંદર રંગોથી સુશોભીત અંગ ઉપર વસ્ત્રો ધારણ કરેલાં છે. તે એવા શોભી રહ્યા છે જાણે તાલ પત્રો ઉપર શ્વેત હિમખંડ અર્થાત બરફનો સ્તર જામી ગયો હોય ને શું ! એવા ધર્મઋષિના અવતાર હરિપ્રસાદ વિપ્રના પુત્ર હે શ્રીહરિ આપના ચરણોંનો હું શરણાગત થઈને પ્રાર્થના કરું છું. (૩)

**વિદ્યોતન્મણિમયહેમકુણ્ડલશ્રીકર્ણાગ્રોત્તમકુસુમાવતંસરમ્યમ્ ।।**
**શ્રીવત્સોલ્લસિતભુજાન્તરં ધર્માંગપ્રભવમહં હરિં પ્રપદ્યે ।।૪।।**

આકાશમાં જેમ વીજળીના ચમકારા થાય છે તેમ ચમકતા દિવ્ય સૂર્યકાન્તમણિ અને ચન્દ્રકાન્તમણિથી સુશોભિત સુવર્ણના કુંડળો શ્રેષ્ઠ એવા આકાર વાળા કાનોના અગ્ર ભાગે શોભી રહ્યા છે. મસ્તક ઉપર ધારણ કરેલ પાઘમાં ખોસેલા ઉત્તમ પ્રકારના સુગંધીવાળા પુષ્પોના તોરાઓ રમણિય લાગે છે. શ્રીવત્સના ચિન્હથી શોભિત ઉપડતા વક્ષઃ સ્થળ અર્થાત છાતી વાળા અને બેય મજબુત ભુજાઓ બન્નેય હાથો સત્પુરૂષ એવા પોતાના એકાન્તિક ભક્તોની સદા રક્ષા કરવા માટે છે એવા ઈશ્વર મૂર્તિ છો.એવા ધર્મઋષિના અવતાર હરિપ્રસાદ વિપ્રના પુત્ર હે શ્રીહરિ આપના ચરણોંનો હું શરણાગત થઈને પ્રાર્થના કરું છું. (૪)

**સંસારપ્રશમનકારણપ્રતાપં વિભ્રાણં સુરુચિરમૌક્તિકીં ચ માલામ્ ।।**
**હસ્તાગ્રે સુલલિતમાલિકાં દધાનં ધર્માંગપ્રભવમહં હરિં પ્રપદ્યે ।।૫।।**

આપના શરણે આવેલાં જીવ માત્રના જન્મ મૃત્યુ રૂપ સંસારના દુઃખોને નાશ કરવાના સામર્થ્યરૂપ પ્રતાપવાળા છો. મનને અતિશે રૂચિકર અર્થાત્

મનગમતા સુંદર મોતીઓની માળાઓ મોતીના હાર કંઠને વિષે શોભી રહ્યા છે. અને પોતાના જમણા હાથમાં શ્રેષ્ઠ કલાથી ગોળાકાર મણકાઓ વાળી તુલસીના કાષ્ઠની માળા ધારણ કરેલ છે.એવા ધર્મઋષિના અવતાર હરિપ્રસાદ વિપ્રના પુત્ર હે શ્રીહરિ આપના ચરણોંનો હું શરણાગત થઈને પ્રાર્થના કરું છું. (૫)

**શાન્તાનાં વિદલિતમાનમત્સરાણાં કામાદિપ્રબલવિપક્ષનિર્જયાનામ્ ॥**
**સાધૂનામનિશમવેક્ષણીયરુપં ધર્માંગપ્રભવમહં હરિં પ્રપદ્યે ॥૬॥**

આપના આ દિવ્ય સ્વરૂપના દર્શન કરનારા ભક્તોના હૃદયમાંથી સુખ શાંતિને નાશ કરનારા એવા માન મત્સર અને કામ આદિ બળવાન અન્તઃશત્રુઓને જીતાવીને તેમના હૃદયમાં શાંત શિતળતા આપનારા છો. મોક્ષની ઈચ્છાવાળા મુમુક્ષુ સાધુ પુરૂષો સજ્જન પુરૂષોને નિર્નિમેશ નેત્રોથી સદા દર્શનીય એવું તમારૂ દિવ્ય સ્વરૂપ છે.એવા ધર્મઋષિના અવતાર હરિપ્રસાદ વિપ્રના પુત્ર હે શ્રીહરિ આપના ચરણોંનો હું શરણાગત થઈને પ્રાર્થના કરું છું. (૬)

**વેદાન્તૈરુદિતસુકીર્તિમાપ્તકામં જુષ્ટાંઘ્રિવિજિતવિદુષણૈર્મુનિન્દ્રૈઃ ॥**
**બ્રહ્માણ્ડસ્થપતિસુરેશ્વરૈકનાથં ધર્માંગપ્રભવમહં હરિં પ્રપદ્યે ॥૭॥**

હે શ્રીહરિ આપની કીર્તિ અને યશગાન સદા વેદાન્ત શાસ્ત્ર કરે છે. અને પૂર્ણકામ થયેલાં જીવમાત્રને દુષણ રૂપ એવા કામ ક્રોધાદિ અન્તઃશત્રુઓને જીતેલાં એવા મુનિઓ સદા આપના ચરણ કમળનું સેવન કરે છે. અનંતકોટી બ્રહ્માંડના પતિ અને દેવ દાનવ મનુષ્ય સૌના એક માત્ર નાથ અધિષ્ઠાતા નિયન્તા એવા ધર્મઋષિના અવતાર હરિપ્રસાદ વિપ્રના પુત્ર હે શ્રીહરિ આપના ચરણોંનો હું શરણાગત થઈને પ્રાર્થના કરું છું. (૭)

**રમ્યાણાં વિમલસુવર્ણભૂષાણાનાં શ્રીમત્તામવયવશોભયા દધાનમ્ ॥**
**ઘર્માન્તપ્રભવનવીનમેઘનીલં ધર્માંગપ્રભવમહં હરિં પ્રપદ્યે ॥૮॥**

હે શ્રીહરિ આપના અવયવો એવા સુંદર છે કે જે કંઠ કર્ણ બાહુ હાથ કટી અને ચરણ રમણિય સુંદર સુવર્ણના હાર કુંડળ બાજુબંધ કડા કંદોરો અને

ઝાંઝર જેવા આભૂષણોને પણ શોભાવે છે. વર્ષાઋતુના પ્રારંભના પ્રથમ પ્રથમ આકાશમાં ચડી આવેલાં મેઘ ગર્જના કરતાં વાદળોના જેવા ઘાટા અને ગંભીર રંગે યુક્ત સુંદર મનુષ્ય દેહ (શરીર) ધારણ કરેલા એવા ધર્મઋષિના અવતાર હરિપ્રસાદ વિપ્રના પુત્ર હે શ્રીહરિ આપના ચરણોંનો હું શરણાગત થઈને પ્રાર્થના કરું છું. (૮)

## બ્રાહ્મમુહૂર્તમાં ચિન્તન

ब्राह्मेमुहूर्ते शयनं विहाय निजस्वरुपं हृदि चिन्तयित्वा ॥
स्नातं विशुद्धं प्रचुराभिरद्भिः श्रीनीलकंठं हृदि चिन्तयामि ....१
श्वेतं च सूक्ष्मं परिधाय वासः सितं द्वितीयं वसनं वसित्वा ॥
चतुष्कपीठाद्रूतमुतरन्तं श्रीनीलकंठं हृदि चिन्तयामि ....२
आशूपविश्यामलनैजपीठे विधायसन्नैष्ठिककर्म नित्यम् ॥
नारायणं मालिकया स्मरन्तं श्रीनीलकंठं हृदि चिन्तयामि ....३
सुगन्धिना केसरचन्दनेन सन्मल्लिकाचम्पकपुष्पहारैः ॥
सम्पूज्यमानं निजभक्तवर्यैः श्रीनीलकंठं हृदि चिन्तयामि ....४
कर्णे दधानं कुसुमावतंसं शिरः पटे कौसुमशेखरालिम् ॥
कण्ठे च नानाविधपुष्पहारान् श्रीनीलकंठं हृदि चिन्तयामि ....५
भक्ष्यैश्च भोज्यैः सह लेहयचोष्यैर्दृष्ट्वा पुरो भोजनभाजनं च ॥
पूरीमदन्तं च ससूपभक्तं श्रीनीलकंठं हृदि चिन्तयामि ....६
भक्तैरनेकैर्मुनिभिर्गृस्थैर्वृतं सभायां भगणैरिवेन्दुम् ॥
सहासवक्त्राम्बुजचारुनेत्रं श्रीनीलकंठं हृदि चिन्तयामि ....७
निः सीमकारुण्यसुधामयेन विलोकनेनातिमुदा स्वभक्तम् ॥
बध्यांजलिं दीनमवेक्षमाणं श्रीनीलकंठं हृदि चिन्तयामि ....८
श्रीनारायणमातमानुषतनुं भूमौ कृपासागरम् ॥
भक्तैश्चन्दनपुष्पहारनिकरैः संपूज्यमानं निजैः ॥
पीठस्थं तुलसीस्त्रजं च दधतं दक्षे करे सुन्दरम् ॥
स्मेरास्यं सितसूक्ष्मवाससमहं श्रीनीलकंठं भजे ....९

ભગવાન શ્રી સ્વામિનારાયણની સાથે જે ધુરંધરવિદ્વાનો પંડિતો સભામાં સદા હાજર રહેતાં હતા તેમાં સૌથી સારા વિદ્વાન સંસ્કૃત ભાષાના પંડિત દિનાનાથ ભટ્ટજી હતાં. કહેવાય છે કે તેમને સંસ્કૃત ભાષાના શાસ્ત્રોના અઢાર હજાર શ્લોકો કંઠસ્થ હતાં જેનો મુખ પાઠ તેઓ ગમે ત્યારે કરી શકતાં હતાં. તેમજ પોતે સ્વયં પણ પોતાની ભાવના ભક્તિને શ્રદ્ધા ને વ્યક્ત કરતાં કેટલાંક સ્તોત્રો શ્લોકો અને ગ્રન્થોની રચના કરી છે જેમાં તેમની વિદ્વતા જણાય આવે છે. તેમાંનું આ એક સ્તોત્ર અષ્ટક છે જેમાં તેમણે બ્રહ્મમુહૂર્તમાં એટલે કે સવારના પહોરમાં ચાર વાગ્યે ઉઠીને તરત ભગવાનના કેવા સ્વરૂપનું ચિન્તવન કરવું જોઈ તે સ્વરૂપનું વર્ણન કરીને તે સ્વરૂપનું દર્શન કરાવ્યું છે.

**બ્રાહ્મેમુહૂર્તે શયનં વિહાય નિજસ્વરુપં હૃદિ ચિન્તયિત્વા ॥**

**સ્નાતં વિશુદ્ધં પ્રચુરાભિરદ્‌ભિઃ શ્રીનીલકંઠં હૃદિ ચિન્યામિ ....૧**

બ્રાહ્મમુહૂર્ત અર્થાત્ પોતાના બ્રહ્મસ્વરૂપનું ચિન્તવન કરવાનો સમય પ્રાતઃ કાળમાં સવારના પહોરમાં વહેલા ચાર વાગ્યાથી જેનો પ્રારંભ થાય છે ત્યારે રાત્રીની નિદ્રાનો ત્યાગ કરીને પ્રથમ પોતાના હૃદયમાં પોતાનું જ રૂપ જે અનંત કોટી બ્રહ્માંડોના નિયંતા અને ઉત્પતિ સ્થિતિને લયના કર્તા અને સર્વના અંતર્યામી એવા સર્વોપરી સર્વ અવતારના અવતારી એવા પોતાના જ સ્વરૂપનું હૃદયમાં ચિન્તન અર્થાત્ સવારની પ્રથમ માનસી પૂજા કરીને ત્યારબાદ શુદ્ધ અને પવિત્ર સ્વચ્છ ઘણા બધા જળથી સ્નાન વિધિ કરી રહ્યા છે એવા અને વર્ણીના જેવો વેષ ધારણ કરીને અતિ ઉગ્ર તપશ્ચર્યા જેમણે કરી છે જે તપ ભગવાન શિવજી સિવાય કોઈ કરી ન શકે તેવા તપનું આચરણ કર્યું તેથી માર્કણ્ડેય મહામુનિએ જેમનું નામ નીલકંઠ પાડ્યું છે. એવા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપનું હું મારા હૃદયમાં ચિન્તવન કરૂં છું. (૧)

**શ્વેત ચ સૂક્ષ્મં પરિધાય વાસઃ સિતં દ્વિતીયં વસનં વસિત્વા ॥**

**ચતુષ્કપીઠાદ્ભૂતમુતરન્તં શ્રીનીલકંઠં હૃદિ ચિન્તયામિ ....૨**

પ્રાતઃકાળમાં સ્નાન વિધિ કરીને પવિત્ર શ્વેત અને સૂક્ષ્મ અર્થાત્ ઝીણું પાતળું ધોતીયું પહેરીને પછી તેના ઉપર એકદમ શાંત શિતળ શ્વેત રેશમ

જેવું સુંદર સફેદ વસ્ત્ર જે ખેસ તેને ઓઢીને, સ્નાન કરવાના બાજોઠ ઉપરથી તત્કાળ ઉતરીને પૂજા કરવા માટે પવિત્ર પૂજા સ્થાને જઈ રહ્યા છે. એવા અને વર્ણિ જેવો વેષ ધારણ કરીને અતિ ઉગ્ર તપશ્ચર્યા જેમણે કરી છે જે તપ ભગવાન શિવજી સિવાય કોઈ કરી ન શકે તેવા તપનું આચરણ કર્યું તેથી માર્કણ્ડેય મહામુનિએ જેમનું નામ નિલકંઠ પાડ્યું છે એવા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપનું હું મારા હૃદયમાં ચિન્તવન કરૂં છું. (૨)

**આશૂપવિશ્યામલનૈજપીઠે વિધાયસન્નૈષ્ઠિકકર્મ નિત્યમ્ ॥**

**નારાયણં માલિકયા સ્મરન્તં શ્રીનીલકંઠં હૃદિ ચિન્તયામિ ....૩**

અતિ પવિત્ર કારણ કે તે આસન ઉપર બેસીને ક્યારેય ભગવાનની પૂજા સિવાય કોઈ પણ પ્રકારનું કાર્ય કે જગત સંબન્ધી વાતચિત પણ નથી કરી તેથી માયાના મેલ રહિત સ્વચ્છ વા પોતાના આસન ઉપર બેસીને નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત ધારીઓને જે દરરોજ કરવાનું જ હોય છે તે ફરજિયાત પણે જે કરવું જ પડે તે કર્મ અર્થાત નિત્ય પ્રાતઃ પૂજા કરે છે અને જમણા હાથમાં તુલસીના કાષ્ટની બનાવેલી માળા લઈને ષડક્ષરી મહામંત્ર જપ કરતાં એવા અને વર્ણિ જેવો વેષ ધારણ કરીને અતિ ઉગ્ર તપશ્ચર્યા જેમણે કરી છે જે તપ ભગવાન શિવજી સિવાય કોઈ કરી ન શકે તેવા તપનું આચરણ કર્યું તેથી માર્કણ્ડેય મહામુનિએ જેમનું નામ નિલકંઠ પાડ્યું છે એવા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપનું હું મારા હૃદયમાં ચિન્તવન કરૂં છું. (૩)

**સુગન્ધિના કેસરચન્દનેન સન્મલ્લિકાચમ્પકપુષ્પહારૈઃ ॥**

**સમ્પૂજ્યમાનં નિજભક્તવર્યૈઃ શ્રીનીલકંઠં હૃદિ ચિન્તયામિ ....૪**

મન ગમતાં અને આનંદ આપે એવા સરસ સુગન્ધિથી ભરપુર એવા શ્વેત મલયાગર ચંદન ઘસીને તેમાં કાશ્મીરી સુંગન્ધિત કેસરનું મિશ્રણ કરીને ચરણમાં અને કપાળમાં જેનો લેપ પોતાના પ્રેમી એવા શ્રેષ્ઠ ભક્તોએ કર્યો છે અને કણ્ઠમાં દેખાવમાં સુંદર અને દિવ્ય સુગન્ધિદાર પુષ્પ ચમેલી અને

ચંપાના પુષ્પના હારો માળાઓ ધારણ કરાવી છે અને બહુજ શ્રદ્ધા ભક્તિ ભાવથી જેમની પૂજા કરી છે એવા અને વર્ણિ જેવો વેષ ધારણ કરીને અતિ ઉગ્ર તપશ્ચર્યા જેમણે કરી છે જે તપ ભગવાન શિવજી સિવાય કોઈ કરી ન શકે તેવા તપનું આચરણ કર્યું તેથી માર્કણ્ડેય મહામુનિએ જેમનું નામ નિલકંઠ પાડ્યું છે એવા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપનું હું મારા હૃદયમાં ચિન્તવન કરૂં છું. (૪)

**કર્ણે દધાનં કુસુમાવતંસં શિરઃ પટે કૌસુમશેખરાલિમ્ ॥**
**કણ્ઠે ચ નાનાવિધપુષ્પહારાન્ શ્રીનીલકંઠં હૃદિ ચિન્તયામિ ....૫**

પોતાના પ્રેમી ભક્તોએ જેમને કાનોમાં સુંદર પુષ્પોના તોરા ધારણ કરાવ્યા છે. અને મસ્તક ઉપર શોભી રહેલ પાઘમાં રંગબેરંગી પુષ્પના શિરપેચ ફુલની છડી ધારણ કરાવી છે, અને કંબુ જેવી લાંબી ડોકમાં વિવિધ પ્રકારના જાત જાતના રંગ વાળા ફુલના હારો ધારણ કરાવ્યા છે એવા અને વર્ણિ જેવો વેષ ધારણ કરીને અતિ ઉગ્ર તપશ્ચર્યા જેમણે કરી છે જે તપ ભગવાન શિવજી સિવાય કોઈ કરી ન શકે તેવા તપનું આચરણ કર્યું તેથી માર્કણ્ડેય મહામુનિએ જેમનું નામ નિલકંઠ પાડ્યું છે એવા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપનું હું મારા હૃદયમાં ચિન્તવન કરૂં છું. (૫)

**ભક્ષ્યૈશ્ચ ભોજ્યૈઃ સહ લેહ્યચોષ્યૈર્દષ્ટ્વા પુરો ભોજનભાજનં ચ ॥**
**પૂરીમદન્તં ચ સસૂપભક્તં શ્રીનીલકંઠં હૃદિ ચિન્તયામિ ....૬**

દેશાન્તરોથી આવેલાં ભક્તોના સમુદાયે શ્રીહરિની પૂજા કર્યા પછી પોતાના દેશમાંથી પ્રેમથી લાવેલાં અનેક પ્રકારના ભોજ્ય પદાર્થો ચાર પ્રકારના ભક્ષ્ય એટલે ખાઈ શકાય તેવા ફળફળાદિ ભોજ્ય એટલે રાંધેલા મિષ્ટાન પકવાન ફરસાણ વિગેરે લેહ્ય એટલે પી શકાય તેવા કેરીનો રસ લીલા શ્રીફળનું પાણી શરબત વિગેરે ચોષ્ય ચૂસીને ખાઈ શકાય તેવા કેરી, લીંબુ, જાંબુ વિગેરે આ ચારે પ્રકારના ભોજનને જોઈને સુંદર ફુલેલી સફેદ પુરી ખાય છે જમે છે અને તેની સાથે દાળ મેળવીને ભાતને જમે છે એવા અને વર્ણિ જેવો

વેષ ધારણ કરીને અતિ ઉગ્ર તપશ્ચર્યા જેમણે કરી છે જે તપ ભગવાન શિવજી સિવાય કોઈ કરી ન શકે તેવા તપનું આચરણ કર્યું તેથી માર્કણ્ડેય મહામુનિએ જેમનું નામ નિલકંઠ પાડ્યું છે એવા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપનું હું મારા હૃદયમાં ચિન્તવન કરૂં છું. (૬)

**ભક્તૈરનેકૈર્મુનિભિર્ગૃસ્થૈર્વૃતં સભાયાં ભગણૈરિવેન્દુમ્ ॥**

**સહાસવક્ત્રામ્બુજચારુનેત્રં શ્રીનીલકંઠં હૃદિ ચિન્તયામિ ....૭**

હજારો ભક્તોએ મનમોહક સ્વાદિષ્ટ ભોજનો જમાડ્યા પછી તે ભક્તો અને મુનિઓ પરમહંસોની વિશાળ સભામાં જેમ આકાશમાં તારાઓની વચ્ચે દેદિપ્યમાન શોભે છે તેમ શોભતાં અને સુંદર મંદ મંદ હાસ્ય યુક્ત મુખારવિંદમાં કરૂણાના સાગર જેવા શ્રેષ્ઠ નેત્રો આંખોથી ભક્તોને જોઈને સુખ આપતાં એવા અને વર્ણિ જેવો વેષ ધારણ કરીને અતિ ઉગ્ર તપશ્ચર્યા જેમણે કરી છે જે તપ ભગવાન શિવજી સિવાય કોઈ કરી ન શકે તેવા તપનું આચરણ કર્યું તેથી માર્કણ્ડેય મહામુનિએ જેમનું નામ નિલકંઠ પાડ્યું છે એવા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપનું હું મારા હૃદયમાં ચિન્તવન કરૂં છું. (૭)

**નિઃ સીમકારુણ્યસુધામયેન વિલોકનેનાતિમુદા સ્વભક્તમ્ ॥**

**બધ્ધાંજલિં દીનમવેક્ષમાણં શ્રીનીલકંઠં હૃદિ ચિન્તયામિ ....૮**

જગતના જીવ માત્ર ઉપર જેમની દયા અને કરૂણાનો કોઈ પાર નથી અને અમૃતમય કરૂણાના સાગર જેવી દ્રષ્ટિથી પોતાના ભક્તોને જોઈને આનંદ આપતાં અને અતિ ગરીબ દીન એવા મનુષ્યોને પોતાના સન્મુખ બે હાથ જોડીને ઉભેલાં જોઈને દયા કરનારા એવા અને વર્ણિ જેવો વેષ ધારણ કરીને અતિ ઉગ્ર તપશ્ચર્યા જેમણે કરી છે જે તપ ભગવાન શિવજી સિવાય કોઈ કરી ન શકે તેવા તપનું આચરણ કર્યું તેથી માર્કણ્ડેય મહામુનિએ જેમનું નામ નિલકંઠ પાડ્યું છે એવા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપનું હું મારા હૃદયમાં ચિન્તવન કરૂં છું. (૮)

**શ્રીનારાયણમાતમાનુષતનું ભૂમૌ કૃપાસાગરમ્ ॥**
**ભક્તૈશ્ચન્દનપુષ્પહારનિકરૈઃ સંપૂજ્યમાનં નિજૈઃ ॥**
**પીઠસ્થં તુલસીસ્ત્રજં ચ દધતં દક્ષે કરે સુન્દરમ્ ॥**
**સ્મેરાસ્યં સિતસૂક્ષ્મવાસસમહં શ્રીનીલકંઠં ભજે .... ૯**

પોતાના ભક્તોએ સુંદર ચંદન પુષ્પના હારના સમુદાયથી જેમની ખૂબ સારી તે પૂજા કરી છે એવા આ સહજાનંદ સ્વામી સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી પુરુષોત્તમનારાયણ સ્વયં આ મનુષ્ય શરીર ધારણ કરીને પૃથ્વી ઉપર સૌને કૃપા કરીને પ્રત્યક્ષ પોતાના દેવો અને યોગીઓને સિદ્ધોને પણ દુર્લભ એવા દર્શન આપે છે તે તેમની કરૂણાનું જ કારણ છે. ઉંચા પીઠસ્થાન ઉપર વિરાજમાન થઈને હાથમાં સુંદર તુલસીની જમણા હાથમાં માળા ધારણ કરીને સ્વસ્વરૂપનું સ્મરણ કરતાં અને સફેદ જીણા પવિત્ર વસ્ત્રો ધારણ કરેલાં એવા અને વર્ણિ જેવો વેષ ધારણ કરીને અતિ ઉગ્ર તપશ્ચર્યા જેમણે કરી છે જે તપ ભગવાન શિવજી સિવાય કોઈ કરી ન શકે તેવા તપનું આચરણ કર્યું તેથી માર્કણ્ડેય મહામુનિએ જેમનું નામ નિલકંઠ પાડ્યું છે એવા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપનું હું મારા હૃદયમાં ચિન્તવન કરૂં છું. (૯)

## સુખનિધિને પ્રણામ

॥ वसन्ततिलका वृत्तम् ॥

श्रीनीलकंठ हरिकृष्ण हरे दयालो स्वामिन् परात्परवराक्षरधाम वासिन ॥
हारिप्रसाद पुरुषोत्तम धर्मपुत्र नारायणं सुखनिधिं प्रणमाम्यहं त्वाम् ॥१॥
यद्वद्भ्रमन्ति परमाणुगणा गवाक्षे भूमन्नसंख्यभुवनानि तथोद्व्रजन्ति ॥
त्वद्धामरोमविवरे निखिलार्ति हारिन नारायणं सुखनिधिं प्रणमाम्यहं त्वाम् ॥२॥
विघ्नोघपूगदलनस्मरणं शरण्यं पाषण्डखण्डनविचक्षण मासकाम् ॥
शेषागमश्रुतिशिरोक्षरमुक्तगीतं नारायणं सुखनिधिं प्रणमाम्यहं त्वाम् ॥३॥
संसारनीरनिधिमज्जदसंख्य जीवान्निर्हेत्वदभ्र दयया द्रुतमुदध्धरन्तम् ॥
अप्राकृतान्यतुलनोज्झितपुण्यकीर्ति नारायणं सुखनिधिं प्रणमाम्यहं त्वाम् ॥४॥

निर्दोषभक्तजनजुष्टमनन्तकोटिब्रह्माण्डजन्मपरिपालनभंगलीलम् ॥
कल्याणकारिसकलाचरितं स्वतंत्र नारायणं सुखनिधिं प्रणमाम्यहं त्वाम् ॥५॥
दिव्यादभूतानवधिकातिशयस्वसिद्धज्ञानादिसदगुणनिधानमनन्यसाम्यम् ॥
एकान्तधर्ममवनौ परिपोषयन्तं नारायणं सुखनिधिं प्रणमाम्यहं त्वाम् ॥६॥
वाक्यामृताब्धिपरितर्पितभक्तजातं स्वीयान्तरारिदलनातुलप्रतापम् ॥
अज्ञानसंज्ञतिमिरव्रजहारिबोधं नारायणं सुखनिधिं प्रणमाम्यहं त्वाम् ॥७॥
इन्दीवरासितमणीन्द्रपयोदवर्णकोटिस्मरस्मयविभेदनदिव्यरुपम् ॥
संचिन्तितं परमहंसगणैरजस्त्रं नारायणं सुखनिधिं प्रणमाम्यहं त्वाम् ॥८॥

*॥ इति अचिन्त्यानन्द वर्णि रचित श्रीनारायणस्तवनाष्टकम् ॥*

**શ્રીનીલકંઠ હરિકૃષ્ણ હરે દયાલો સ્વામિન્ પરાત્પરવરાક્ષરધામ વાસિન ॥**
**હારિપ્રસાદ પુરુષોત્તમ ધર્મપુત્ર નારાયણં સુખનિધિં પ્રણમામ્યહં ત્વામ્ ॥૧॥**

પર અર્થાત જેને કોઈ સમજી શકે નહીં તે જાણી શકે નહી તે જીવની બુદ્ધિથી બહુજ દૂર તે જે છે તેને આત્માને બ્રહ્મ કહે છે અને કોઈ એ સાધના દ્વારા કે ઈશ્વર કૃપાથી આત્મદર્શન કર્યું છે તે આત્મદર્શી કે બ્રહ્મજ્ઞાની પણ જે સ્વરૂપને સમજી શકતા નથી કે તેને ઓળખી શકતા નથી એવું જેનું સ્વરૂપ છે તે પરમેશ્વર આ પૃથ્વી ઉપર મનુષ્ય શરીર ધારણ કરીને જગતની સર્વ પ્રકારની જે શોભા સંપત્તિ તેને ધારણ કરીને નિલકંઠ નામે જગતના હિત માટે વન વિચરણ કરીને કઠોર તપશ્ચરણ કરે છે, તે અક્ષરધામમાં નિવાસ કરનારા ધર્મદેવ ના પુત્ર રૂપે પ્રગટ થઈને હરિકૃષ્ણ એવા નામે ઓળખાય છે, તે સાક્ષાત્ શ્રીહરિ જીવ પ્રાણી માત્ર ઉપર અતિ દયાએ યુક્ત સમગ્ર વિશ્વના શાસક અને નિયંત્તા પણ છે, જે જીવ માત્રને વરવા યોગ્ય છે અર્થાત પ્રેમથી પ્રાપ્ત કરવા યોગ્ય છે, કારણ કે પુરૂષોમાં સાક્ષાત્ પુરૂષોત્તમ તે જ છે, જીવો ઈશ્વરો અને વિશ્વસૃષ્ટા પ્રકૃતિ-પુરૂષો કે મહાપુરૂષો સર્વના નિયન્તા અને તે સર્વના સ્વામિ છે, તે આજ હરિપ્રસાદ વિપ્રના ધર્મના પુત્ર રૂપે પ્રગટ થઈને સ્વામિનારાયણ નામે જગતમાં પ્રસિદ્ધ થઈને શરણે આવેલાં સર્વ જીવને આત્યન્તિક સુખના નિધિ અર્થાત અક્ષરધામનું મહાસુખ આપે એવા મારા ઈષ્ટ તમને હું સાષ્ટાંગ પ્રણામ કરું છું. (૧)

**યદ્વદ્રમન્તિ પરમાણુગણા ગવાક્ષે ભૂમન્નસંખ્યભુવનાનિ તથોદ્વ્રજન્તિ ॥**
**ત્વદ્ધામરોમવિવરે નિખિલાર્તિ હારિન નારાયણં સુખનિધં પ્રણમામ્યહં ત્વામ્ ॥૨॥**

તમારૂ જે અવિનાશી ધામ નિવાસ સ્થાન જે સાકાર મૂર્તિમાન છે, તેના દિવ્ય લે જાય માન શરીરના રૂંવાડાના છિદ્રોમાં અસંખ્ય બ્રહ્માંડો અણુંની જેમ ઉડતા ફરે છે, જેમ જગતના જીવના નિવાસમાં અર્થાત ઘરમાં બારી કે છતના કોઈ છિદ્રમાંથી પ્રકાશ આવે ને તેમાં જેમ સૂક્ષ્મ જીણા તંત્તુઓ ઉડતા દેખાય છે, તેમ જેની સંખ્યા ગણી શકાય તેમ નથી તેવી રીતે તમારા અક્ષરધામના છિદ્રોમાં ઉડતા બ્રહ્માંડોની પણ સંખ્યા ગણી શકાય તેમ નથી તેથી અસંખ્ય છે, તેમ વેદો પણ કહે છે, એવા અદ્ભુત દિવ્ય ધામ નિવાસી સર્વ જીવ પ્રાણી માત્રના સર્વ પ્રકારના દુઃખોને સ્મરણ કરવા માત્રથી હરિ લો છો. દૂર કરો છો એવા સ્વામિનારાયણ નામે જગતમાં પ્રસિદ્ધ થઈને શરણે આવેલાં સર્વ જીવને આત્યન્તિક સુખના નિધિ અર્થાત અક્ષરધામનું મહાસુખ આપે એવા મારા ઈષ્ટ તમને હું સાષ્ટાંગ પ્રણામ કરું છું (૨)

**વિઘ્નોઘપૂગદલનસ્મરણં શરણ્યં પાષણ્ડખણ્ડનવિચક્ષણ માપ્તકામ્ ॥**
**શેષાગમશ્રુતિશિરોક્ષરમુક્તગીતં નારાયણં સુખનિધિં પ્રણમામ્યહં ત્વામ્ ॥૩॥**

તમારા શરણાગત એકાંતિક ભક્તોને તો તમારું સ્મરણ કરવા માત્રથી સર્વપ્રકારના મહાવિઘ્નો નો સમુદાય નાશ પામી જાય છે, માટે જ તમે એકજ મોટા મોટા સમર્થ સિદ્ધો અને અક્ષરમુક્તોને પણ આશ્રય કરવા યોગ્ય છો, તે સર્વ તમારો આશ્રય કરીને જ સ્થિર રહે છે, અને સાક્ષાત્ શેષનારાયણજી એકહજાર મુખોથી અને વેદની અસંખ્ય શ્રુતિઓ અર્થાત વેદના શ્લોકો શારદા સરસ્વતી અને જે મહાન મુક્ત પદવી પ્રાપ્ત કરી ચૂક્યા છે તે અક્ષરમુક્તો પણ સર્વદા તમારું જ યશગાન કર્યા કરે છે. અને તમારા સંકલ્પમાત્રથી જગતમાં દંભ પાખંડ કરનારાઓનો નાશ થઈ જાય છે. એવા સ્વામિનારાયણ નામે જગતમાં પ્રસિદ્ધ થઈને શરણે આવેલાં સર્વ જીવને આત્યન્તિક સુખના નિધિ અર્થાત અક્ષરધામનું મહાસુખ આપે એવા મારા ઈષ્ટ તમને હું સાષ્ટાંગ પ્રણામ કરું છું. (૩)

**સંસારનીરનિધિમજ્જદસંખ્ય જીવાન્નિર્હેત્વદભ્ર દયયા દ્રુતમુધ્ધરન્તમ્ ॥**
**અપ્રાકૃતાન્યતુલનોજ્જિઝતપુણ્યકીર્તિ નારાયણં સુખનિધિં પ્રણમામ્યહં ત્વામ્ ॥૪॥**

આકાશની જેમ જેમની દયાનો કોઇ પાર નથી એવી કોઇ પણ પ્રકારના હેતુ અર્થાત સ્વાર્થ વિનાની દયા આ સંસાર રૂપી ક્લેશ દુઃખ અને કષ્ટના અપાર સાગરમાં ડુબકા ખાતા અસંખ્ય જીવો ઉપર કરો છો, અને તત્કાળ તે જીવોનો ઉદ્ધાર કરીને પોતાના દિવ્ય અક્ષરધામમાં નિવાસ કરાવો છો, તેથી તમારી કીર્તિ અને યશ એવા પુણ્યશાળી છે કે તેના સમાન બીજા કોઇ અક્ષર પર્યન્ત તેવી યશ કે કીર્તિને મેળવી શકતા નથી. જે અલૌકિક છે અને જેની દિવ્યતાની તુલના કોઇ સાથે થઇ શકે તેમ નથી એવી પાવનકારી છે. એવા સ્વામિનારાયણ નામે જગતમાં પ્રસિદ્ધ થઇને શરણે આવેલાં સર્વ જીવને આત્યન્તિક સુખના નિધિ અર્થાત અક્ષરધામનું મહાસુખ આપે એવા મારા ઈષ્ટ તમને હું સાષ્ટાંગ પ્રણામ કરું છું. (૪)

**નિર્દોષભક્તજનજુષ્ટમનન્તકોટિબ્રહ્માણ્ડજન્મપરિપાલનભંગલીલમ્ ॥**
**કલ્યાણકારિસકલાચરિતં સ્વતંત્ર નારાયણં સુખનિધિં પ્રણમામ્યહં ત્વામ્ ॥૫॥**

તમારા શરણે આવેલાં અર્થાત તમે સ્થાપેલાં દેવ, આચાર્ય અને શાસ્ત્રોને વળગી રહેલાં છે એવા જે ભક્તો તેમનામાંથી સર્વ પ્રકારના દોષો નાશ પામી ગયા છે, તેમને સદા મનોરંજન પૂર્વક આનંદ આપો છો, તે ભક્ત સમૂહનું રંજન કરો છો, અને અસંખ્ય કરોડો બ્રહ્માડોની ઉત્પતિ સ્થિતિ અને પ્રલય રૂપ કાર્ય તો જેમની લીલા માત્ર ચરિત્ર છે, તેવા અસંખ્ય ચરિત્રો દિવ્ય હોય કે મનુષ્ય દેહ ધારણ કરીને કરેલાં માનુષ્ય ચરિત્ર હોય તે સર્વ પ્રકારના લીલાચરિત્રો આશ્રય કરનારા જીવ માત્રને સદા કલ્યાણકારી છે, અને સ્વયં તો સર્વદા સ્વતન્ત્ર અર્થાત જેમને કોઇની ક્યારેય કોઇ પણ પ્રકારની અપેક્ષા કે સહાય સથવારાની આવશ્યકતા નથી. એવા સ્વામિનારાયણ નામે જગતમાં પ્રસિદ્ધ થઇને શરણે આવેલાં સર્વ જીવને આત્યન્તિક સુખના નિધિ અર્થાત અક્ષરધામનું મહાસુખ આપે એવા મારા ઈષ્ટ તમને હું સાષ્ટાંગ પ્રણામ કરું. (૫)

**દિવ્યાદ્ભૂતાનવધિકાતિશયસ્વસિદ્ધજ્ઞાનાદિસદગુણનિધાનમનન્યાસામ્યમ્ ॥**
**એકાન્તધર્મઅવનૌ પરિપોષયન્તં નારાયણં સુખનિધિં પ્રણમામ્યહં ત્વામ્ ॥૬॥**

આ પૃથ્વી ઉપર જેમનું એકાન્તિક ધર્મનું પોષણ કરવા રૂપ કાર્ય એવું દિવ્યાતિ દિવ્ય અર્થાત દિવ્યથી પણ અતિ દિવ્ય છે, અદ્ભુત છે. જે ભૂતકાળમાં ક્યારેય થયું જ નથી એવું છે. છતાં સ્વયં સિદ્ધ છે. કોઈના કહેવાથી કે કોઈની પ્રાર્થનાથી તે કાર્ય કરેલ નથી. જેમને જ્ઞાન ધર્મ ભક્તિ વૈરાગ્ય વિગેરે સદ્ગુણોના નિધિ એટલે કે સાગર કર્યા છે, જેમના સમકક્ષ જગતના બીજા કોઈ સિદ્ધો કે મહાપુરૂષો થઈ શકતાં નથી, એવા સમર્થ પોતાના શરણે આવેલાને કર્યા છે, એવા સ્વામિનારાયણ નામે જગતમાં પ્રસિદ્ધ થઈને શરણે આવેલાં સર્વ જીવને આત્યંતિક સુખના નિધિ અર્થાત અક્ષરધામનું મહાસુખ આપે એવા મારા ઈષ્ટ તમને હું સાષ્ટાંગ પ્રણામ કરું છું. (૬)

**વાક્યામૃતાબ્ધિપરિતર્પિતભક્તજાતં સ્વીયાન્તરારિદલનાતુલપ્રતાપમ્ ॥**
**અજ્ઞાનસંજ્ઞતિમિરવ્રજહારિબોધં નારાયણં સુખનિધિં પ્રણમામ્યહં ત્વામ્ ॥૭॥**

જીવના હૃદયમાં ઘુસી ગયેલાં અહં અને મમત્વ અર્થાત હું અને મારું રૂપ જે અજ્ઞાન રૂપી અંધકારને પોતાના ભક્તોના સમૂહમાંથી સત્ય યથાર્થ જ્ઞાનના ઉપદેશથી વચનરૂપી અમૃતથી વચનામૃતો જે પ્રસિદ્ધ જેની સંખ્યા ૨૭૩નો સમૂહ છે, જેને પાંચ નંદ સંતો (૧) ગોપાળાનંદ સ્વામી (૨) મુક્તાનંદ સ્વામી (૩) બ્રહ્માનંદ સ્વામી (૪) નિત્યાનંદ સ્વામી (૫) શુકાનંદ સ્વામી જેવા સમર્થ વિદ્વાનોએ સંગ્રહિત કરેલ છે. તે દ્વારા સદા સંતોષ અને આનંદ આપો છે. અને ઉપદેશથી પ્રાપ્ત થયેલ સમજણથી પોતાના ભક્તોના અન્તઃશત્રુઓનો નાશ કરવા રૂપ અતુલ શક્તિ સામર્થ્યને આપો છો, એવા સ્વામિનારાયણ નામે જગતમાં પ્રસિદ્ધ થઈને શરણે આવેલાં સર્વ જીવને આત્યંતિક સુખના નિધિ અર્થાત અક્ષરધામનું મહાસુખ આપે એવા મારા ઈષ્ટ તમને હું સાષ્ટાંગ પ્રણામ કરું છું. (૭)

**ઈન્દીવરાસિતમણીન્દ્રપયોદવર્ણકોટિસ્મરસ્મયવિભેદનદિવ્યરુપમ્ ॥**
**સંચિન્તિતં પરમહંસગણૈરજસ્ત્ર નારાયણં સુખનિધિં પ્રણમામ્યહં ત્વામ્ ॥૮॥**

મોટા મોટા પરમહંસો અક્ષર મુક્તો બ્રહ્માંડના નિયંતા નાયકો, જગતના જીવો, વિદ્વાનો, ગૃહસ્થો અને પોતાના એકાન્તિક ભક્તો હમેંશાં અખંડ ગાન કરે છે, અને તેમના સ્વરૂપનું ચિંત્તવન કરે છે. જેમના દિવ્ય શરીરનો વર્ણ તાજા અષાઢ માસના નવીન મેઘ વાદળાના જેવો છે. જે આકાશમાં વાદળો એવી ગર્જના કરી રહ્યા છે જાણે શેષનારાયણની હજારો ફેણાઓ ફુંફાડા મારતી હોયને શું તેવા મેઘ જેવું શ્યામ શરીર ધારી રહ્યા છે, તે એવું રૂપાળું છે કે સાક્ષાત્ કામદેવના રૂપના ગર્વને પણ નાશ કરે છે. એવા સ્વામિનારાયણ નામે જગતમાં પ્રસિદ્ધ થઈને શરણે આવેલાં સર્વ જીવને આત્યન્તિક સુખના નિધિ અર્થાત અક્ષરધામનું મહાસુખ આપે એવા મારા ઈષ્ટ તમને હું સાષ્ટાંગ પ્રણામ કરું છું. (૮)

## નીલકંઠ પ્રભુનો જ્ય હો

॥ उपजातिवृत्तम् ॥

सद्धर्मरक्षात्तजने सदीश प्रतापनिर्मूलनदैत्ययूथ ।।
पाखण्डतो रक्षितानैझभक्ता प्रशान्तमूर्ते जय नीलकंठः ।।१।।
निश्रेयसायैव कलौ नराणां भक्त्याः सदोपास्यमनोज्ञमूर्ते ।।
अतिक्षमाब्धऽतिदयानिधान प्रशान्तमूर्ते जय नीलकंठः ।।२।।
स्वभक्तगोलोकनयात्मनिष्ठः प्रभो सदैकान्तिकधर्मधर्त्तः ।।
प्रवृत्तितक्षेमदसांख्ययोग प्रशान्तमूर्ते जय नीलकंठः ।।३।।
अधर्ममायाकलिकालनानादोषाशुनाशन श्रवणादिभक्तेः ।।
धर्मक्रियातत्परः चारुवेष प्रशान्तमूर्ते जय नीलकंठः ।।४।।
महामुने योगकलाप्रवृत्ते योगेश्वरानन्तगुणप्रभावः ।।
विभोः धराभीतिदः दिव्यरुपेः प्रशान्तमूर्ते जय नीलकंठः ।।५।।
कामाद्यऽरित्रासदः चिन्तनेश पापौघविद्रवणनामधेय ।।
अज्ञानविध्वसंन बोधशक्तेः प्रशान्तमूर्ते जय नीलकंठः ।।६।।
हारिप्रसादे हरिकृष्ण कृष्णस्वामिन् हरे तापस नैष्ठिकेन्द्रः ।।
नारायणः प्रेमवतीतनुजः प्रशान्तमूर्ते जय नीलकंठः ।।७।।

अदीनदिव्यचरितः स्वतन्त्रः ब्रह्मर्षिराजर्षिसमर्चितांघ्रेः ।।
श्री स्वामिनारायणदेशिकेन्द्रः प्रशान्तमूर्ते जय नीलकंठः ।।८।।

*।। इति श्रीमुकुन्दानंद वर्णिकृता स्तुतिः ।।*

શ્રી સ્વામિનારાયણ ભગવાનની સેવામાં સદા સાથે જ સર્વત્ર વિચરણ કરતાં એવા વર્ણિરાજ બ્રહ્મચારી મુકુન્દાનંદજીએ શ્રીહરિએ નીલકંઠ નામ ધારણ કરીને જગતના જીવોના હિત માટે ઘોર વનમાં વિચરણ કરીને જે તપશ્ચર્યા કરી અને સ્વયં આચરણ કરીને જીવોને ઉપદેશ આપ્યો કે આવું તપ કરશો ત્યારે ભગવાન મળશે તેવા તપસ્વી સ્વરૂપની સ્તુતિ આ સ્તોત્રમાં કરી છે.

**સદ્ધર્મરક્ષાત્તજનો સદીશ પ્રતાપનિર્મૂલનદૈત્યયૂથ ।।**
**પાખણ્ડતો રક્ષિતાનૈઝભક્તા પ્રશાન્તમૂર્તે જય નીલકંઠઃ ।।૧।।**

આ ભયાનક કળિકાળમાં જ્યાં સર્વત્ર પાપાચરણ અને અભક્ષ્યનું ભક્ષણ જીવહિંસા સહજ રીતે થયા કરે છે. એવા વિકટ સમયમાં સદ્ધર્મની રક્ષા કરવા અને પોતાના એકાન્તિક ભક્તોની રક્ષા કરવા માટે સાક્ષાત્ ઈશ્વર મૂર્તિ પરંબ્રહ્મ પરમાત્મા એવા ભગવાન શ્રી પુરુષોત્તમ નારાયણ આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરીને પોતાના અલૌકિક દિવ્ય પ્રતાપથી દૈત્યોના સમૂહોનો વિનાશ કરીને દંભ આડંબર જેવા પાખંડ થી પોતાના ભક્તોની રક્ષા કરનારા એવા હે અતિ શાંત મૂર્તિ હે શ્રી નીલકંઠ પ્રભુ તમારો જય જયકાર થાય છે. (૧)

**નિશ્રેયસાયૈવ કલૌ નારાણં ભકત્યાઃ સદોપાસ્યમનોજ્ઞામૂર્તે ।।**
**અતિક્ષમાબ્ધડતિદયાનિધાન પ્રશાન્તમૂર્તે જય નીલકંઠઃ ।।૨।।**

મુમુક્ષુ એવા જીવાત્માને આત્યન્તિક મોક્ષ મેળવવા માટે શાસ્ત્રોમાં ઘણા પ્રકારના ઉપાયો કહ્યા છે. પણ આ ઘોર કળિયુગના સમયમાં તે ઉપાયો મોટા મોટા યજ્ઞો વનમાં જઈને કઠોર તપશ્ચર્યા કરવા કોઈ મનુષ્ય શક્તિમાન થઈ શકે તેમ નથી. માટે બુદ્ધિમાન એવા વિદ્વાન મનુષ્યોએ તો એક તમારી એકાન્તિકી ભક્તિ કરીને સદા તમારી ઉપાસના કરવી એજ મોક્ષનું સાધન

છે. જીવ પ્રાણી માત્રના અપરાધો ક્ષમા કરવામાં સાગર જેવા અતિ ક્ષમાવાળા છો. દુઃખના સાગરમાં ડૂબતાં જીવો ઉપર કરૂણા કરવામાં દયાના ભંડાર સમાન છો. એવા હે અતિ શાંત મૂર્તિ હે શ્રી નીલકંઠ પ્રભુ તમારો જય જયકાર થાય છે. (૨)

**સ્વભક્તગોલોકનયાત્મનિષ્ઠઃ પ્રભો સદૈકાન્તિકધર્મધર્ત્તઃ ॥**
**પ્રવૃત્તિતક્ષેમદસાંખ્યોગ પ્રશાન્તમૂર્તે જય નીલકંઠઃ ॥૩॥**

પોતાના અનન્ય ભક્તોને પોતાના દિવ્ય ગોલોક ધામમાં તેડી જવામાં સદા તત્પર એવા છો. જાણે પોતાના આત્મીય જનો માટે જેમ કોઈ તત્પર રહે છે તેવી જ રીતે તમો ભક્તો માટે છો. સંપૂર્ણ વિશ્વના સમર્થ શાસક અને નિયન્તા હોવા છતાં સદા એકાન્તિક ભક્તોના જે ધર્મો તેને સ્વયં પોતે ધારણ કરીને જ વર્તો છો. જીવાત્માઓને મહામોક્ષ આપનાર એવા સાંખ્ય શાસ્ત્રનું જ્ઞાન અને યોગ શાસ્ત્રના સાચા જ્ઞાનનું પ્રવર્તન પ્રચાર પ્રસાર કર્યો છે. એવા હે અતિ શાંત મૂર્તિ હે શ્રી નીલકંઠ પ્રભુ તમારો જય જયકાર થાય છે. (૩)

**અધર્મમાયાકલિકાલનાનાદોષાશુનાશન શ્રવણાદિભક્તોઃ ॥**
**ધર્મક્રિયાતત્પરઃ ચારુવેષ પ્રશાન્તમૂર્તે જય નીલકંઠઃ ॥૪॥**

અધર્મનું આચરણ કરવું અને માયિક એવા નાશવંત પદાર્થોની અતિ આશક્તિમાં સદા આશક્ત એવા અનેક પ્રકારના કળિયુગના દોષોનું તત્કાળ નાશ તેને તમારા એકાન્તિક ભક્તોને તમારી શ્રવણ કીર્તનાદિક ભક્તિમાં અને તમારી સેવા પૂજા યજ્ઞ હોમ હવનાદિ ધર્મ સંબંધી સાત્વિક ક્રિયા કરવામાં તત્પર કરો છો. અને શાન્ત શ્રેષ્ઠ વેષભૂષાને ધારણ કરાવો છો એવા હે અતિ શાંત મૂર્તિ હે શ્રી નીલકંઠ પ્રભુ તમારો જય જયકાર થાય છે. (૪)

**મહામુને યોગકલાપ્રવૃત્તો યોગેશ્વરાનન્તગુણપ્રભાવઃ ॥**
**વિભોઃ ધરાભીતિદઃ દિવ્યરુપેઃ પ્રશાન્તમૂર્તે જય નીલકંઠઃ ॥૫॥**

મોટા મોટા મહાન મુનિઓને અષ્ટાંગ યોગ યમ નિયમ આસન પ્રાણાયામ પ્રત્યાહાર ધારણા ધ્યાન અને સમાધિની કળાનું જ્ઞાન આપવામાં સદા તત્પર

રહો છો. અને તેમની યોગ કળાની પ્રવૃત્તિને વેગવંત કરો છો. આવા તો અનેક ગુણો યોગના ઈશ્વર એવા તમારામાં રહેલા છે. અને તેના શુભ પ્રભાવથી તમારો આશ્રય કરનારાને નિર્ભય કરો છો. સમગ્ર વિશ્વમાં અનંત કોટી બ્રહ્માંડોમાં વ્યાપક છો પણ આ પૃથ્વી ઉપર દિવ્ય સ્વરૂપે વિરાજમાન રહીને શરણાગતના ભયને દૂર કરો છો. એવા હે અતિ શાંત મૂર્તિ હે શ્રી નીલકંઠ પ્રભુ તમારો જય જયકાર થાય છે. (૫)

**કામાદ્યડરિત્રાસદઃ ચિન્તનેશ પાપૌઘવિદ્રવણનામધેય ॥**
**અજ્ઞાનવિધ્વસંન બોધશક્તેઃ પ્રશાન્તમૂર્તે જય નીલકંઠઃ ॥૬॥**

આપના આવા દિવ્યસ્વરૂપનું ચિન્તવન કરવાથી જીવના હૃદયમાંથી કામ ક્રોધ લોભ આદિ ત્રાસ આપનારા શત્રુઓનો નાશ થઈ જાય છે. તમારા દિવ્ય કલ્યાણ કારી નામોનું સ્મરણ કરવા માત્રથી પ્રારબ્ધ સંચિત અને ક્રિયમાણ ત્રણે પ્રકારના પાપો ધોવાઈ જાય છે. અને એવા નિષ્પાપ થયેલાં ભક્તોના હૃદયમાંથી અહં મમત્વ રૂપ માયા અર્થાત્ આવો હું અને આપદાર્થ મારૂં એવા અજ્ઞાન રૂપી માયાના અંધકારનો નાશ કરીને જીવાત્માના અને પરંબ્રહ્મ પરમાત્માના સત્ય સ્વરૂપનું જ્ઞાન અર્થાત બોધ આપવામાં આપ જ સમર્થ છો. એવા હે અતિ શાંત મૂર્તિ હે શ્રી નીલકંઠ પ્રભુ તમારો જય જયકાર થાય છે. (૬)

**હારિપ્રસાદે હરિકૃષ્ણ કૃષ્ણસ્વામિન્ હરે તાપસ નૈષ્ઠિકેન્દ્રઃ ॥**
**નારાયણઃ પ્રેમવતીતનુજઃ પ્રશાન્તમૂર્તે જય નીલકંઠઃ ॥૭॥**

હે પ્રભુ હે મારા સ્વામી હે શ્રીહરિ આપે આ પૃથ્વી ઉપર ધર્મઋષિના અવતાર એવા હરિપ્રસાદ નામના વિપ્રના પુત્ર થઈને હરિકૃષ્ણ કૃષ્ણ એવા નામ ધારણ કરીને નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત ધારણ કરીને કઠોર તપશ્ચર્યા કરીને બ્રહ્મચારીઓમાં શ્રેષ્ઠ એવા તમો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ માતા પ્રેમવતી ભક્તિદેવીના પુત્ર રૂપે દર્શન આપો છો. એવા હે અતિ શાંત મૂર્તિ હે શ્રી નીલકંઠ પ્રભુ તમારો જય જયકાર થાય છે. (૭)

**અદીનદિવ્યચરિતઃ સ્વતન્ત્રઃ બ્રહ્મર્ષિરાજર્ષિસમર્ચિતાંઘ્રે ॥**
**શ્રી સ્વામિનારાયણદેશિકેન્દ્ર પ્રશાન્તમૂર્તે જય નીલકંઠઃ ॥૮॥**

હે પરમાત્મા શ્રીહરિ તમારામાં રહેલાં દયા કરૂણા ક્ષમા નિર્માનીપણું આદિક ગુણોને આપે સ્વતંત્રતા પૂર્વક ધારણ કરેલ છે. પરંતુ જગતના જીવની જેમ પરાધિન પણે કે ગરીબાઈના કારણે એવા ગુણો તમારામાં છે એમ નથી. કારણ કે મોટા મોટા બ્રહ્મઋષિઓ કે જેમણે આત્મજ્ઞાનનો સાક્ષાત્કાર કરેલ છે તેવા જ્ઞાનીઓ અને સમગ્ર પૃથ્વીનું રાજ્ય જેમને મળેલ છે તેનો પણ ત્યાગ કરીને તપસ્વી થયેલાં રાજઋષિઓ પણ તમારા ચરણોની સેવા કરે છે. એવા હે સ્વામિનારાયણ મહાપ્રભુ તમે ધર્માચાર્યોના ધર્મપ્રવર્તકોના શાસક નિયન્તા ઈન્દ્ર સમાન છો. એવા હે અતિ શાંત મૂર્તિ હે શ્રી નીલકંઠ પ્રભુ તમારો જય જયકાર થાય છે. (૮)

## શ્રી સ્વામિનારાયણને ભજો

॥ स्रग्वीणीवृत्तम् ॥

ब्रह्मधामाधिपं पुंप्रकृत्याक्षिप्तं वन्दितं निर्ज्जरैः पण्डितैर्नन्दितम् ॥
धार्मिकं स्वामिनं सदगुणं श्रीहरिं स्वामिनारायणं हे मनस्त्वं भज ॥१॥
मानदं कारणं शर्मणस्तारणं सागरादुःखतोजन्मिनां सद्गतिम् ॥
ज्ञानिनं ध्यनिनं योगिनं निर्ममं स्वामिनारायणं हे मनस्त्वं भज ॥२॥
वासुदेव जगत्पावनं सर्वदावारणेन्द्रं यथाधावमानं तथा ॥
सत्वरं सिद्धिदं सिद्धिपं सत्पतिं स्वामिनारायणं हे मनस्त्वं भज ॥३॥
देवदेवेशं दयासागरं नागरं श्रीहरं श्रीकरं नीलकंठाभिधम् ॥
धर्मवंश्यावनं धर्मरक्षाभवं स्वामिनारायणं हे मनस्त्वं भज ॥४॥
छुप्पैयावासिनं पद्मसिंहासनं चन्द्रबिम्बाननं कन्दमूलाशनम् ॥
तापसं वर्णिनां नैष्ठिकानां गुरूं स्वामिनारायणं हे मनस्त्वं भज ॥५॥
मस्तकेपिंगलां संदधानं जटां मेखलां मौजिकां चांसयुग्मेकटौ ॥
चर्मचेणं सदानन्दकन्दमुदां स्वामिनारायणं हे मनस्त्वं भज ॥६॥

सिंहशार्दुलगौव्यालनागादिभिर्जन्तुभिर्दुर्गमेदुष्टभीकानने ॥
पद्यमानं हिमागस्य चानेकशः स्वामिनारायणं हे मनस्त्वं भज ॥७॥
पुष्पहारावलिं दीर्घदोर्दण्डकं वेदवाचं नराकारमण्डस्थितम् ॥
कंजशोणाम्बकं मेघनिम्नस्वनं स्वामिनारायणं हे मनस्त्वं भज ॥८॥
पापहं वर्णिनावासुदेवेन शं स्तोत्रमेतत्कृतं श्रीहरेच्छयाखिलं ॥
यः कथेद्यः पठेदन्ततः प्रत्यहं मानवः प्राप्नुयान्मंगलं सोऽत्रहि ॥९॥

*॥ इति श्रीवासुदेवानंदवर्णिविरचित श्रीहरिस्तोत्रं समाप्तम् ॥*

ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી જેમણે શ્રીમદ્ સત્સંગિભૂષણ નામના મહાન ભક્તિ શાસ્ત્રની રચના કરી છે એવા આદિ સદ્‌ગુરુ વર્ણિરાજ શ્રી વાસુદેવાનંદજી પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિનો પ્રતાપ કેવો છે તેનું વર્ણન કરીને કહે છે. માટે જ હે મન તારે પરમાત્માને છોડીને બીજા કોઈનુંય ભજન કરવાની તારે જરૂર નથી. કારણ કે સત્યુગમાં સ્વયં પરમાત્માએ જીવોને પોતાનું એક અક્ષર વાળું નામ ૐ નો જપ કરવાની આજ્ઞા કરી હતી અને પ્રણવ રૂપ ભગવાન પુરૂષોત્તમના દિવ્ય નામનો જપ કરવાથી જીવાત્માના સર્વ કાર્યો સિદ્ધ થતાં હતાં. ત્યાર બાદ સત્યુગ ગયોને ત્રેતા યુગ આવ્યો ત્યારે એજ પરમેશ્વરનું બે અક્ષરો વાળુ રામ નામ જપવાથી જીવ માત્રના સર્વ પ્રકારના કાર્યો પૂર્ણ થતાં હતાં. ત્યાર બાદ ત્રેતાયુગ પણ ગયો અને દ્વાપર યુગ આવ્યો ત્યારે એજ પરંબ્રહ્મ પરમાત્માના સાડા ત્રણ અક્ષરો વાળુ કૃષ્ણ નામનો જપ કરવાથી સર્વ કાર્યો સિદ્ધ થતાં હતાં પરંતુ ત્યાર બાદ દ્વાપરયુગ ગયો અને મહાભયાનક કળિયુગ આવ્યો છે. માટે તેમાં તો એ જ પરમેશ્વરના ષડઅક્ષરી એવા સ્વામિનારાયણ નામના જપ કરવાનું જ સર્વ શાસ્ત્રોમાં કહેલ છે.

**બ્રહ્મધામાધિપં પુંપ્રકૃત્યાક્ષિપ્તં વન્દિતં નિર્જરૈઃ પણ્ડિતૈર્નન્દિતમ્ ॥**
**ધાર્મિકં સ્વામિનં સદગુણં શ્રીહરિં સ્વામિનારાયણં હે મનસ્ત્વં ભજ ॥૧॥**

પરમેશ્વરને સદા સર્વદા સાકાર સ્વરૂપે નિવાસ કરવાનું જે સ્થાન વિશેષ તેને ભગવાનનું ધામ શાસ્ત્રોમાં કહેલ છે. અર્થાત્ ભગવાનનું ઘર જેના અનેક

નામો છે. જેમ કે ગોલોકધામ, વૈકુંઠધામ, શ્વેતદ્વિપધામ અને અક્ષરધામ એવા નામોથી વર્ણન કરવામાં આવે છે. તે જ અક્ષરધામને બ્રહ્મધામ પણ કહે છે. તે સર્વોપરી અવિનાશી એવા બ્રહ્મધામના અધિપતિ અને પુરૂષ અને પોતાની પ્રકૃતિ રૂપ એવા માયાને જગતનું સર્જન કરવામાં જેમણે જોડી રાખી છે તથા મોટા મોટા દેવતાઓ જેમને સદા વંદન કરે છે. અને વિદ્વાન પંડિતો જેમના ગુણોનું પોતે રચેલાં સત્શાસ્ત્રોમાં વખાણ અને વર્ણન કરે છે કે જોઓમાં સદા ધાર્મિક પણું રહેલ છે અને સર્વ સદ્‌ગુણોનો ભંડાર છે. અને સમગ્ર જગતના સ્વામી અર્થાત્ નિયન્તા છે. એવા સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીહરિ જે સ્વામિનારાયણ નામે પૃથ્વી ઉપર વિચરણ કરે છે. તે પરમેશ્વરનું હે મનુષ્યો તમે ભજન કરો. (૧)

**માનદં કારણં શર્મણસ્તારણં સાગરાદ્દુઃખતોજન્મિનાં સદ્‌ગતિમ્ ॥**
**જ્ઞાનિનં ધ્યનિનં યોગિનં નિર્મમં સ્વામિનારાયણં હે મનસ્ત્વં ભજ ॥૨॥**

આ જગતમાં માનની ઈચ્છા વાળાને માન આપનારા છે. અનંત કોટી બ્રહ્માંડોની ઉત્પતિના કારણ છે. જીવોને સંસાર સાગરના મહા ભયાનક દુઃખોથી પાર ઉતારીને તારીને તેનું કલ્યાણ કરે છે અને આતન્તિક મોક્ષ રૂપી મહાન સદ્‌ગતિ પમાડે છે. તેથી જ આત્મા પરમાત્માના સ્વરૂપને જાણનારા જ્ઞાનીઓમાં તેઓ શ્રેષ્ઠ છે. ધ્યાન કરનારાઓમાં અને અષ્ટાંગ યોગની સાધના કરનારાઓમાં તથા મૌન ધારણ કરીને પોતાના આત્મસ્વરૂપમાં સ્થિર રહેનારાઓ પણ જેમને સદા હૃદયમાં ધારણ કરે છે. એવા સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીહરિ જે સ્વામિનારાયણ નામે પૃથ્વી ઉપર વિચરણ કરે છે. તે પરમેશ્વરનું હે મનુષ્યો તમે ભજન કરો. (૨)

**વાસુદેવ જગત્પાવનં સર્વદાવારણેન્દ્રં યથાધાવમાનં તથા ॥**
**સત્વરં સિદ્ધિદં સિદ્ધિપં સત્પતિં સ્વામિનારાયણં હે મનસ્ત્વં ભજ ॥૩॥**

સમગ્ર વિશ્વમાં અંતર્યામી સ્વરૂપે વ્યાપક પણે રહેલાં છે તેથી વાસુદેવ એવા ભગવાન જગતને પાવન અને પવિત્ર કરવા માટે જેમ અશ્વોનો કે હાથીઓનો રાજા ગજેન્દ્ર હમેંશા ચંચળતા પૂર્વક દોડ્યા જ કરે છે તેમ સદા

વિચરણ કરતાં એવા ભગવાન શ્રીહરિ સ્વામિનારાયણ તત્કાળ સર્વપ્રકારની સિદ્ધિઓને આપનારા છે. કારણ કે તેઓ જ સ્વયં સર્વ સિદ્ધિઓના પતિ છે. અને સત્પુરૂષોના પણ પતિ છે. એવા સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રીહરિ જે સ્વામિનારાયણ નામે પૃથ્વી ઉપર વિચરણ કરે છે. તે પરમેશ્વરનું હે મનુષ્યો તમે ભજન કરો. (૩)

**દેવદેવેશં દયાસાગરં નાગરં શ્રીહરં શ્રીકરં નીલકંઠાભિધમ્ ।।**
**ધર્મવંશ્યાવનં ધર્મરક્ષાભવં સ્વામિનારાયણં હે મનસ્ત્વં ભજ ।।૪।।**

દેવતાઓના દેવ એવા મહાદેવના પણ ઈશ્વર છે. જીવો ઉપર દયા કરવામાં મોટા સાગર જેવા દયાળુ છે. સમગ્ર વિશ્વમાં અનંત કોટી બ્રહ્માંડોમાં સર્વથી શ્રેષ્ઠ સુખ સંપન્ન છે. જીવોને ધન ધાન્ય અને સંપત્તિ આપીને શોભાવનારા છે. તે જ પરમાત્મા શ્રીનીલકંઠ નામ ધારણ કરીને વનમાં વિચરણ કરે છે. પોતાના પિતા ધર્મદેવનાં વંશની રક્ષા કરવા માટે અને પૃથ્વી ઉપર ભગવત ધર્મની રક્ષા કરવા માટે જેમણે અવતાર ધર્યો છે. એવા સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રીહરિ જે સ્વામિનારાયણ નામે પૃથ્વી ઉપર વિચરણ કરે છે. તે પરમેશ્વરનું હે મનુષ્યો તમે ભજન કરો. (૪)

**છુપ્પૈયાવાસિનં પદ્મસિંહાસનં ચન્દ્રબિમ્બાનનં કન્દમૂલાશનમ્ ।।**
**તાપસં વર્ણિનાં નૈષ્ઠિકાનાં ગુરૂં સ્વામિનારાયણં હે મનસ્ત્વં ભજ ।।૫।।**

ધર્મભક્તિના પુત્ર રૂપે મનુષ્ય શરીર ધારણ કરીને પ્રગટેલાં પરમાત્મા ભગવાન શ્રીહરિ ઉત્તરપ્રદેશના છપૈયા નામના નાનકડા ગામમાં અગીયાર વર્ષ પર્યન્ત નિવાસ કરીને રહ્યા છો તેથી છપૈયાવાસી જ છો. ધર્મદેવના આંગણામાં સુંદર વિશાળ નારાયણ સરોવરમાં ખીલેલાં દિવ્ય કમળના સુશોભિત આસન ઉપર વિરાજમાન થઈને પોતાના એકાન્તિક ભક્તોને દર્શન આપો છો. ત્યારે તમારા આ દિવ્ય માનુષી શરીરમાંથી શાંત શિતળ ચન્દ્રની કિરણોના જેવો પ્રકાશ સર્વત્ર વ્યાપી જાય છે. જગતના જીવ માત્રના હિત માટે વર્ણીના જેવો વેશ ધારણ કરીને વનમાં વિચરણ કરતાં નીલકંઠ વર્ણી

સ્વરૂપે કેવલ વનમાં મળતાં કંદ અને વૃક્ષના મૂળીયાનું ભક્ષણ કરીને દેહ ટકાવી રાખતાં. વનમાં રહીને કઠોરને ઉગ્ર તપ કરનારાના અને વિદ્યાભ્યાસ કરવા માટે બટુક વેશ ધારણ કરેલાં વર્ણિઓ અને સંસારના સુખોનો ત્યાગ કરીને મોક્ષ મેળવવા માટે નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત ધારીઓના ગુરૂ અર્થાત્ તેમને આદર્શ આચરણ કરી બનાવનારા છો. એવા સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રીહરિ જે સ્વામિનારાયણ નામે પૃથ્વી ઉપર વિચરણ કરે છે. તે પરમેશ્વરનું હે મનુષ્યો તમે ભજન કરો. (૫)

**મસ્તકેપિંગલાં સંદધાનં જટાં મેખલાં મૌજિકાં ચાંસયુગ્મેકટૌ ॥**
**ચર્મચેણં સદાનન્દકન્દમુદાં સ્વામિનારાયણં હે મનસ્ત્વં ભજ ॥૬॥**

નીલકંઠવર્ણી સ્વરૂપે વનમાં વિચરણ કરતાં નિયમ ધારણ કરીને મસ્તક ઉપર જટાને વધારી પણ તેને સંભાળવાની ક્યારે ચિંતા કરી નથી તેથી પીળા રંગની થઈ ગઈ છે. મુંજના ઘાસની અર્થાત્ ડાભની કટી મેખલાં કંદોરો અને તેનું જ ઉપનયન અર્થાત જનોઈ પણ દર્ભ બેયને સારી રીતે ધારણ કરી રાખેલ છે. અને મૃગચર્મને ધારણ કરી રહેલા છો છતાં મુખ મંડળ ઉપર સર્વદા પરમાનંદનું હાસ્ય વેરતાં એવા સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રીહરિ જે સ્વામિનારાયણ નામે પૃથ્વી ઉપર વિચરણ કરે છે. તે પરમેશ્વરનું હે મનુષ્યો તમે ભજન કરો. (૬)

**સિંહશાર્દુલગૌવ્યાલનાગાદિભિર્જન્તુભિર્દુર્ગમેદુષ્ટભીકાનને ॥**
**પદ્યમાનં હિમાગસ્ય ચાનેકશઃ સ્વામિનારાયણં હે મનસ્ત્વં ભજ ॥૭॥**

મહા ભયાનક વનમાં જ્યાં અતિ વિકરાળ કેશવાલી વાળા સિંહો, ક્રૂર હિંસા પરાયણ વાઘો, ચમરી ગાયો શિયાળીયાઓ અને અત્યંત વિષૈલાં સર્પો આદિ પ્રાણ ઘાતક જીવજન્તુંઓના સમુદાયની વચ્ચે ઘાટા ભયાનક દુર્ગમ અને દુષ્કર મહાવનમાં ઉઘાડા પગે ચાલીને વિચરણ કરો છો. અને જ્યાં સર્વત્ર બરફાછાદિત છે તેવી હિમાલયની અનેક પ્રકારની ટેકરીઓ અને કોતરોમાં નિર્ભયતાથી વિચરણ કરો છો. એવા સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રીહરિ

જે સ્વામિનારાયણ નામે પૃથ્વી ઉપર વિચરણ કરે છે. તે પરમેશ્વરનું હે મનુષ્યો તમે ભજન કરો. (૭)

**પુષ્પહારાવલિં દીર્ઘદોર્દણ્ડકં વેદવાચં નરાકારમણ્ડસ્થિતમ્ ॥**
**કંજશોણામ્બકં મેઘનિમ્નસ્વનં સ્વામિનારાયણં હે મનસ્ત્વં ભજ ॥૮॥**

ઉદ્ધવ સંપ્રદાયની ગાદી રામાનંદ સ્વામીએ સોંપેલ ધર્મધુરાને ધારણ કરીને અસંખ્ય ભક્તોનું સ્વાગત સ્વીકાર્યું છે. અને તે સૌ ભક્તોએ કંઠમાં પહેરાવેલાં પુષ્પોની માળાઓની હારો વિરાજમાન છે. વિશાળ લાંબા આજાન બાહુ બેઉ હસ્ત કમળને ઉંચા કરીને ભક્તોને પોતાના મુખ કમળમાંથી નિકળતાં અમૃતમય વેદ વચનો સાંભળવા માટે સાવધાન કરતાં નરના આકારનો અર્થાત્ પુરૂષના આકારનો મનુષ્ય દેહ ધારણ કરેલાં એવા અને કાળુ કાજળ આંજેલી વિશાળ મોટી મોટી આંખોમાં ભક્તો ઉપર કરૂણામય દયા વર્ષાવતાં અષાઢ માસના ચડી આવેલાં નવા તાજા મેઘ વાદળોના જેવા વર્ણના મનુષ્ય દેહ ધારણ કરી રહેલાં એવા સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રીહરિ જે સ્વામિનારાયણ નામે પૃથ્વી ઉપર વિચરણ કરે છે. તે પરમેશ્વરનું હે મનુષ્યો તમે ભજન કરો. (૮)

**પાપહં વર્ણિનાવાસુદેવેન શં સ્તોત્રમેતત્કૃતં શ્રીહરેચ્છયાખિલં ॥**
**યઃ કથેદ્યઃ પઠેદન્તતઃ પ્રત્યહં માનવઃ પ્રાપ્નુયાન્મંગલં સોઽત્રહિ ॥૯॥**

વર્ણિરાજ બ્રહ્મચારી શ્રી વાસુદેવાનંદજી કહે છે કે જીવ માત્રના ત્રણેય પ્રકારના પાપોનો નાશ કરનારૂં આ સ્તોત્ર મેં કેવળ ભગવાન શ્રીહરિ સ્વામિનારાયણની ઈચ્છા માત્રથી કરેલ છે. જે કોઈ આ સ્તોત્રનો પાઠ કરશે ગાશે કે સંભળાવશે તે મનુષ્ય માત્રનું સર્વ પ્રકારે મંગળ કરીને તે સર્વને અર્થાત્ ગાનારા સાંભળનારા અને પાઠ કરનારાને ભગવાન શ્રીહરિ કલ્યાણરૂપ આત્યંતિક મોક્ષ આપીને આલોકમાંથી પોતાના દિવ્ય અક્ષરધામમાં તેડી જશે. એવા સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રીહરિ જે સ્વામિનારાયણ નામે પૃથ્વી ઉપર વિચરણ કરે છે તે પરમેશ્વરનું હે મનુષ્યો તમે ભજન કરો. (૯)

# શરણે આવ્યો છું

स्वामिनारायणदेवं शरणं व्रजामि शरणं ॥ (ध्रुवपदम्)

भक्तिधर्मसुप्रियतमबालम् । मायाकालमहाविकरालम् ।
सदाश्वेताम्बरशालं भवन्तं भजामि ॥ शरणं...॥१॥

सकलशास्त्रनिगमागमसारम् । वर्णिवेषरमणीयमुदारम् ।
शरणागतपातकहारम् शरण्यम नमामि ॥ शरणं...॥२॥

कोटिमदनमोहनसुखरुपम् । सुरनरवरमुनिवरभूपम् ।
ज्ञानसुधारसकूपम् सततं स्मरामि ॥ शरणं...॥३॥

ब्रह्मरुपमुनिवन्दितपादम् । संहृतसंश्रितसर्वविषादम् ।
वादिजनखण्डिवादम् प्रपन्नोभवामि ॥ शरणं...॥४॥

हित्वा राजसतामसदेवम् कार्य हरिपदशरणमित्येकम् ।
निष्कामानन्दजनोऽहं शतशो वदामि ॥ शरणं...॥५॥

*॥ निष्कामानन्दवर्णिविरचितं शरणस्तोत्रं समाप्तम् ॥*

આપણા આ ઉદ્ધવસંપ્રદાયમાં અર્થાત ભગવાનશ્રીસ્વામિનારાયણે સ્વયં પ્રવર્તાવેલા શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીહરિના સમયમાં જ તેમના પ્રગટ પ્રમાણ પ્રત્યક્ષ વિચરણ કરતા મનુષ્યાકૃતિ ધારી સ્વરૂપની ઉપાસના અને ભક્તિ હજારો અને લાખો ભક્તોએ કરવાનો પ્રારંભ કરી લીધો હતો તેમાં વિદ્વાનો, મહાપુરૂષો સંત મહાત્માઓ અને કવિઓ સંગીતકારોની સાથે સાથે રાજા મહારાજાઓ પણ તેમના પ્રત્યક્ષ દર્શન અને નામ જપ કરતા હતાં અને પ્રાર્થના કરતાં હતાં શરણે આવતાં હતાં. તે શરણાગત ભક્તો સંતો અને કવિઓ અન્યને પણ શરણાગત થવું તો કોનું થયું તે સાચું અને સત્ય માર્ગદર્શન જનસમાજને આપતાં હતાં તેમાં પ્રાકૃત ભાષાના કવિઓ છન્દ દોહા ચોપાઇ અને કીર્તનોના પદો ની રચના કરીને જાગૃતિ લાવતાં હતાં. તેવી જ રીતે વિદ્વાનોના સમુદાયમાં સંસ્કૃત ભાષાના ગ્રન્થો શ્લોકો અને અષ્ટકોની રચના કરીને પોતાના સ્વાનુભુત અભિપ્રાયને જણાવતા હતાં અને તેનું અનુસરણ કરવા પ્રેરતા હતાં. તેવી જ એક પ્રેરણાદાયક અષ્ટકની રચના નિષ્ઠામાનંદવર્ણીની

છે જે જીવ માત્રને શરણ સ્વીકારવા જેવા તો એક દેવ ભગવાન શ્રીસ્વામિનારાયણ જ છે. તે સમજાવવા માટે તેમણે જે સંસ્કૃત શબ્દોનો પ્રયોગ કરેલ છે તેને સમજવાનો પ્રયત્ન કરીએ.

**સ્વામિનારાયણદેવં શરણં વ્રજામિ । શરણં ॥ (ધ્રુવપદમ્ )**

**ભક્તિધર્મસુપ્રિયતમબાલમ્ । માયાકાલમહાવિકરાલમ્ ।**

**સદાશ્વેતામ્બરશાલં ભવન્તં ભજામિ ॥ શરણં...॥૧॥**

આ સંસારમાં જે જીવાત્માને મનુષ્યનું શરીર પરમેશ્વરની કૃપાથી મળેલ છે, તે દેવતાઓને પણ મળવું ઘણું કઠણ છે. તેવા મૂલ્યવાન દુર્લભ મનુષ્ય દેહે કરીને પોતાના જીવાત્માનું શ્રેય અર્થાત આત્યન્તિક કલ્યાણ રૂપ મોક્ષ મેળવી લેવો તેજ સર્વશ્રેષ્ઠ માનવ માત્રનું કર્તવ્ય છે. તે કર્તવ્યને પૂર્ણ કરવા સત્યુગમાં મુનિઓ મૌન ધારણ કરીને તપશ્ચર્યા કરતાં જેથી તેમના મનોરથો પૂર્ણ થતાં. ત્રેતાયુગમાં મોટા મોટા યજ્ઞો કરતાં અને સ્વ ઈચ્છિત ફળ મેળવતાં હતાં. દ્વાપરયુગમાં વૈદિક મંત્રોનો જપ કરીને મોક્ષ રૂપી સિદ્ધિ મેળવી લેતાં હતાં. પણ આ ભયાનક કળિયુગમાં માનવી પાસે એવા તપ યજ્ઞ કે જપ કરી શકે તેવી શક્તિ સામર્થ્ય રહ્યું નથી. જ્યારે પોતાની પાસે કોઈ પણ પ્રકારની શક્તિ સામર્થ્ય ન હોય ત્યારે કોઈ એવા સમર્થનો આશ્રય શોધવો રહ્યો જે પોતાના જીવાત્માને આત્યંતિક મોક્ષ અપાવી શકે. એવા સમર્થને યોગ્ય તો એક પરંબ્રહ્મ પરમેશ્વર પરમાત્મા ભગવાન શ્રી પુરૂષોત્તમનારાયણ સિવાય બીજુ આ અનંતકોટી બ્રહ્માંડમાં કોણ છે ? માટે તે પરમેશ્વરનો આશ્રય કરવો એજ આ કળિયુગમાં સરળ સાધન છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ આ કળિયુગના જીવોના ઉદ્ધાર માટે સ્વયં મનુષ્ય દેહ ધારણ કરીને પ્રગટ થયા છે તે સાક્ષાત્ શ્રી પુરૂષોત્તમનારાયણ છે અનંતકોટી બ્રહ્માંડોના નિયન્તા અને સ્વામી છે. માટે તેમણે પોતેજ પોતાનો દિવ્ય ષડક્ષરી મહામંત્ર આ યુગમાં પ્રગટ કર્યો છે. સ્વામિ એટલે અધિપતિ માલિક નિયન્તા રાજાધિરાજ જેમ જગતમાં કોઈ એક ગામ કે ખેતર કે મકાનનો હોય છે તેમ અનંતકોટી બ્રહ્માંડોના જે માલિક અધિપતિ નિયન્તા છે તે નારાયણ છે તેથી સ્વામિનારાયણ

એવા શાસ્ત્રીય નામથી જે પરમેશ્વરનું સ્મરણ કરવામાં આવે તે હે પરમાત્મા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણ હું તમારો શરણાગત છું. કારણ કે શરણું સ્વીકારવા યોગ્ય કોઇ હોય તો તે માત્રને માત્ર આપ જ શ્રીસ્વામિનારાયણ દેવ અર્થાત ભગવાન છો. માટે હું તમારા શરણમાં નમ્રતા પૂર્વક આવીને નમસ્કાર કરું છું. મારો સ્વીકાર કરો. (૧)

**સકલશાસ્ત્રનિગમાગમસારમ્ । વર્ણિવેષરમણીયમુદારમ્ ।**
**શરણાગતપાતકહારમ્ શરણ્યમ નમામિ ॥ શરણં...॥૨॥**

જગતના પ્રસિદ્ધ બધા જ શાસ્ત્રોનો સાર એ જ છે અને નિગમ શાસ્ત્ર વેદો જેને અપૌરૂષેય કહેવાય છે, અર્થાત જેની રચના કે લેખન કોઇ પુરૂષે કરેલ નથી પણ સમાધિમાં ગયેલા સિદ્ધયોગીઓએ પરસ્પરની દિવ્યવાણી સાંભળીને સમાધિમાંથી જાગૃત થઇને પોતાના શિષ્ય સમુદાયને સમાધિનો જે અનુભવ કહ્યો છે તે વેદ વાણી એટલે કે વેદની શ્રુતિઓ નો સાર અને મોટા મોટા સમાધિનિષ્ઠ વિદ્વાનોએ તે ગૂઢ રહસ્યોને સમજાવવાનો જે પોતે સમજ્યા છે તે જગતને જણાવવાનો પ્રયત્ન કર્યો છે તે સર્વનો સાર એજ છે કે બટુક વર્ણીના જેવો વેષ ધારણ કરીને ઉદારતાપૂર્વક જગતના જીવપ્રાણી માત્રના આત્યન્તિક મોક્ષ રૂપી મહાન હિત માટે બદ્રિકાશ્રમ ધામમાં તપનું આચરણ કરતાં એવા આપના શરણે જે અધમમાં અધમ પાપીમાં પાપી જીવ આવે તેના બધા જ પ્રારબ્ધ સંચિત અને ક્રિયમાણ ત્રણેય પ્રકારના પાપોને હરિ લોશો અર્થાત તેના પોપોનો નાશ કરીને તે જીવને મોક્ષના માર્ગે પ્રેરો છો, તેથી શરણું સ્વીકારવા યોગ્ય કોઇ હોય તો તે માત્રને માત્ર આપ જ શ્રીસ્વામિનારાયણ દેવ અર્થાત ભગવાન છો માટે હું તમારા શરણમાં નમ્રતા પૂર્વક આવીને નમસ્કાર કરું છું. મારો સ્વીકાર કરો. (૨)

**કોટિમદનમોહનસુખરુપમ્ । સુરનરવરમુનિવરભૂપમ્ ।**
**જ્ઞાનસુધારસકૂપમ્ સતતં સ્મરામિ ॥ શરણં...॥૩॥**

આ બ્રહ્માંડમાં મનુષ્ય શરીર ધારણ કરીને પ્રગટ થયા છો તે તમારૂ મનુષ્યનું દેહ પણ કેવું સુંદર રૂપાળુ છે કે જે કરોડો કામદેવના રૂપને એક સાથે ભેળા

કર્યા હોય તોય પણ તેના રૂપપણાના મદને ગર્વને નાશ કરી નાખે તેવું રૂપવાન છે અને સદા સુખ રૂપ છે, સાધારણ મનુષ્યનું શરીર રૂપાળુ તો હોય પણ તેમાં ક્યારે દુઃખ દાયક રોગોની પીડા વૃદ્ધાવસ્થા અને મૃત્યુ આવી પડે તેનો કોઈ નિરધાર ન હોય, જે આપમાં ક્યારેય સંભવિત નથી. તેના કારણે જ મોટા મોટા દેવાધિપતિઓ, ઈન્દ્રાદિક મનુષ્યાધિપતિઓ, રાજામહારાજાઓ અને મૌન ધારણ કરીને વનમાં તપ કરનારા મુનિઓમાં અતિ શ્રેષ્ઠ મુનિઓ પણ તમારા આ સ્વરૂપનું સતત સદા સ્મરણ કરે છે. તમારા દિવ્ય મુખ કમળમાંથી પ્રવાહિત થયેલ અમૃત જેવા જ્ઞાનના પ્રવાહમાં જાણે અખૂટ મીઠા જળનો કૂવો હોયને તેમાંથી સતત જળ પ્રવાહ વહેતો હોય તેમ વચનામૃતોનું જ્ઞાન અવિરત વહ્યા કરે છે. તેનું હું સદા સ્મરણ કરું છું, તેથી શરણું સ્વીકારવા યોગ્ય કોઇ હોય તો તે માત્રને માત્ર આપ જ શ્રીસ્વામિનારાયણ દેવ અર્થાત ભગવાન છો. માટે હું તમારા શરણમાં નમ્રતા પૂર્વક આવીને નમસ્કાર કરું છું. મારો સ્વીકાર કરો. (૩)

**બ્રહ્મરુપમુનિવન્દિતપાદમ્ । સંહૃતસંશ્રિતસર્વવિષાદમ્ ।**
**વાદિજનખણ્ડિવાદમ્ પ્રપન્નોભવામિ ॥ શરણં...॥૪॥**

સ્થૂળ સુક્ષ્મ અને કારણ આ ત્રણેય શરીરથી પોતાના આત્માને જુદો કરીને સદા બ્રહ્મ સ્થિતિમાં નિમગ્ન રહેનારા બ્રહ્મરૂપ મુનિઓના મંડળ પણ આપના ચરણને સદાસર્વદા વંદન કરે છે, આ ભયાનક કળિયુગમા જે તમારા શરણે આવે છે તેના બધા પ્રકારના મનના સંશયોને અને જન્મ મૃત્યુના દુઃખોના ભયનો જે હૃદયમાં વિષાદ ભર્યો છે તેનો તત્કાળ જ નાશ કરો છો. તમારી પાસે શાસ્ત્રનો વાદ વિવાદ કરવા કોઇ પંડિત કે જગતનો સાધરણ માણસ આવે તેના સર્વ વિવાદોનો ખંડન કરીને સત્ય વાતને સમજાવો છો, તે જોઇ સમજી વિચારીને હું તમારો શરણાગત થયો છું, કારણ કે શરણું સ્વીકારવા યોગ્ય કોઇ હોય તો તે માત્રને માત્ર આપ જ શ્રીસ્વામિનારાયણ દેવ અર્થાત ભગવાન છો માટે હું તમારા શરણમાં નમ્રતા પૂર્વક આવીને નમસ્કાર કરું છું. મારો સ્વીકાર કરો. (૪)

**હિત્વા રાજસતામસદેવમ્ કાર્યં હરિપદશરણમિત્યેકમ્ ।**

**નિષ્કામાનન્દજનોડહં શતશો વદામિ ॥ શરણં...॥૫॥**

જગતમાં રાજસ કામનાઓ પૂર્ણ કરતાં દેવતાં જેમ કે કોઇને ધન સંપત્તિ, પુત્ર કલત્ર આપનારા સ્થાનો અને તામસ કામનાઓ પૂર્ણ કરતાં સ્થાનો, કોઇને શત્રુઓ ઉપર વિજય શત્રુનો નાશ, વિષય ભોગની પ્રાપ્તિ કરાવતાં સ્થાનોનો ત્યાગ કરીને વિચારવાન સમજુ જ્ઞાની મનુષ્યોએ કેવલ ભગવાન શ્રીહરિનું જ એક શરણ સ્વીકારવું જોઇએ તેમ બુદ્ધિમાન મનુષ્યોનું કહેવું છે. તેથી હું નિષ્કામાનંદ વર્ણી જગતના જીવ માત્રને કહું છું કે જેના હૃદયમાં કોઇ જગતની કામના નથી તેવા નિષ્કામ મનુષ્યોએ તો ભગવાન શ્રીસ્વામિનારાયણના જ શરણમાં આવીને સો સો વાર વંદન કરવું જોઈએ. કારણ કે શરણું સ્વીકારવા યોગ્ય કોઇ હોય તો તે માત્રને માત્ર આપ જ શ્રીસ્વામિનારાયણ દેવ અર્થાત ભગવાન છો. માટે હું તમારા શરણમાં નમ્રતા પૂર્વક આવીને નમસ્કાર કરું છું. મારો સ્વીકાર કરો. (૫)

## શ્રીહરિ ને નમન

આદિ સદ્‌ગુરુ વર્ણિરાજ શ્રી વાસુદેવાનંદ બ્રહ્મચારી પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાર્થના પૂર્વકની કષ્ટ હરનારી સ્તુતિ કરીને નમસ્કાર કરે છે. તે પરમેશ્વર કેવા દયાળુ અને તેમનામાં કેવા શ્રેષ્ઠ ગુણો વિદ્યમાન છે તેનું પણ આ સ્તોત્રમાં સુંદર ઉપમાઓ આપીને વર્ણન કરે છે. આ અદ્ભુત સ્તોત્રની રચના અને તેના અર્થ ગાંભિર્યનો વિચાર કરીએ તો આ સ્તોત્રને અષ્ટપદી એવું નામ આપવામાં આવેલ છે. આ એક પ્રકારનો છંદ અર્થાત રાગ છે. તેને ગાવા માટે વિવિધ પ્રકારે ગાઈ શકાય છે. અને દરેક વખતે તેને ગાવામાં નવીનતા અને મુધરતામાં વિવિધતા આવે છે. સાથે સાથે તેમાં અર્થની ગંભીરતા વધતી જાય છે. આપણા પ્રાચીન ઋષિમુનિઓ જેમ આર્ષદષ્ટા હતાં તેમને ત્રિકાળાબાધિત દિવ્ય જ્ઞાન હતું. તેવીજ રીતે વર્ણિરાજ શ્રીવાસુદેવાનંદજીને પણ ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી દિવ્ય જ્ઞાન પ્રાપ્ત થયું હતું. જેથી તેઓશ્રી આર્ષદષ્ટા ઋષિમુનિઓની જેમ જ ત્રિકાળાબાધિત

દિવ્ય જ્ઞાનથી પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણની અદ્ભુત મૂર્તિનું લીલાઓનું સદા પ્રત્યક્ષ પ્રમાણ દર્શન કરતાં અને તે સાક્ષાત્ જોયેલ સ્વરૂપ અને લીલાનું વર્ણન સ્વાન્તઃ સુખાય પોતાની કવિત્વ શક્તિથી સંસ્કૃત ભાષામાં રચના કરતાં. જેમાં પોતે જોયેલ અનુભવેલા દિવ્ય સુખનો આભાસ જગતના સૌ જીવને થાય તેવા શુભ હેતુથી સ્તોત્રોની ગુંથણી કરવામાં આવી છે. આપણા પ્રાચીન શાસ્ત્રોમાં ધ્વન્યાલોક નામના સાહિત્યના ગ્રંથમાં અને યોગ શાસ્ત્રમાં પણ વર્ણન આવે છે કે ધ્વનિ એટલે કે અવાજ કોઈ પણ પ્રકારનો હોય તેનો એક નિશ્ચિત પ્રકારનો આકાર ઉત્પન્ન થાય છે. અને તેના અર્થનું અનુસરણ કરે છે. તેથી શબ્દને એમ કહેવાય છે કે શબ્દ ગુણકમ્ આકાશમ્ આવા જ પ્રકારે શ્રી સ્વામિનારાયણ ભગવાને પણ પોતાના વચનામૃતમાં આકાશનું લક્ષણ કહેલ છે. તેથી સાબિત થાય છે કે જે પણ શબ્દ અર્થાત્ અવાજ ધ્વનિ થાય છે તેનો આકાશમાં જેવો અવાજ તેવા પ્રકારનો આકાર ઉત્પન્ન થાય છે. તેનું જ્ઞાન આર્ષદ્દષ્ટા એવા યોગીઓને હોય છે. તેઓ તે પ્રકારના આકારને પ્રત્યક્ષ દેખે છે. અને પછી પોતે પણ એવા અવાજને પસંદ કરે છે કે જેમાં જગતનું કલ્યાણ હિત અને શાંતિ સમાયેલ હોય છે. તેનો અનુભવ જો કોઈ દિવસ શાસ્ત્રીય સંગીત સાંભળવાનો કે તેમાં રસ લેવાનો અવસર મળ્યો હોય તો જરૂર અનુભવ થાય છે. શબ્દોની સૂરની તાલની વારંવારની લયબદ્ધતાના કારણે શ્રોતાઓમાં કેવો અનોખો શાંત આનંદનો અનુભવ છવાય જાય છે. જેમાં કેટલો રાત્રીનો સમય વિતી ગયો તે ખ્યાલ આવતો નથી. તેનું કારણ ધ્વનિના તરંગો દ્વારા સાંભળનારાના મસ્તીસ્કમાં રહેલાં કરોડ સૂક્ષ્મ જ્ઞાન તંતુઓનું સ્પદંન દ્વારા એક સુખમય સંરચના ઉભી થાય છે. જે હ્રદયાકાશમાં આનંદનો અનુભવ કરાવે છે. જેમ કોઈ કુશળ ચિત્રકાર પોતાના હાથમાં પીછી કે પેન લઈને બોર્ડ ઉપર પોતાના મનમાં કલ્પના કરી રાખેલ ચિત્ર દોરવા માટે જે પ્રથમ લાઈન અર્થાત લીટી ખેંચે છે તે જોનારાને એમજ લાગે કે આતો લીટા કરે છે. પણ અન્તે તેમાંથી જ સંપૂર્ણ મનગમતું સુંદર ચિત્ર તૈયાર થાય છે. તેવી જ રીતે અવાજના તરંગોને ઓળખતા આર્ષદ્દષ્ટા યોગીઓ એવી

રીતે અવાજની ધ્વનિની સંરચના કરે છે કે જેથી વાતાવરણમાં પોતાની કલ્પના પ્રમાણે દિવ્ય સુંદર આકારનું નિર્માણ થાય, અને સાથે સાથે તેના વર્ણનનો અર્થ તેવા આકારને જ મળતો આવે તેવી રચનાઓ સ્તોત્ર કેવલ સંસ્કૃત ભાષામાં જ થઈ શકે છે. તેવું આજના આધુનિક વિજ્ઞાને પણ સ્વીકાર્યું છે. અને સમગ્ર વિશ્વના કમ્પ્યુટરોમાં આજ સંસ્કૃત ભાષાનું લોજીક વાપરવામાં આવે છે. તેવા અવાજના તરંગોને ઓળખીને કરેલા સ્તોત્ર અષ્ટક કે સૂક્તની રનચાથી સમગ્ર આકાશમાં જ્યાં સુધી અવાજ પહોંચે ત્યાં સુધી અને સાંભળનારાના મસ્તિસ્કના જ્ઞાનતંતુઓમાં પણ સ્પંદન દ્વારા વાયબ્રેશનથી એવી સંરચના ઉત્પન્ન થાય છે, જેવી સ્તોત્રમાં વર્ણવેલ પરમાત્માની મૂર્તિનો જેવો આકાર તેવો જ આકાર વાતાવરણમાં અને મસ્તિસ્કમાં તૈયાર થાય છે. તેથી આપણા વૈદિક સ્તોત્રો અને સૂક્તોની વેદોમાં મર્યાદા બાંધેલ છે કે આ સ્તોત્ર કે સૂક્ત અપવિત્ર સ્થળમાં કે અપવિત્ર વ્યક્તિ સાંભળે તેમ તેનો ઉચ્ચારણ અર્થાત ગાન કરવું નહિ. તેનું કારણ પણ એજ છે જે સ્તોત્રનું ગાન થશે અને તેનો જ્યાં પણ અવાજ સંભળાશે ત્યાં પરમેશ્વરનું દિવ્ય સ્વરૂપ તેના મગજના જ્ઞાન તંતુઓ દ્વારા તૈયાર થશે અને પરમાત્માને અપવિત્ર સ્થળ ઉપર પધરાવવાનો દોષ ન લાગે તેવા હેતુથી આ મર્યાદાનું પાલન કરવાનું કહેવામાં આવે છે. આવા પ્રકારની વાતનું મહિમાનું વર્ણન સાંભળીને તેનો વૈજ્ઞાનિક પ્રયોગ પણ કરવામાં આવ્યો કે આ વાત કેટલાં અંશે સત્ય હોય શકે છે, તો તેમાં પણ સિદ્ધ થયું છે કે સંસ્કૃત ભાષામાં રચાયેલાં સ્તોત્રો દ્વારા તેનું જેવું માહાત્મ્ય કહેલ છે તેવું સપ્રમાણ સિદ્ધ થાય છે. તેનો પ્રયોગ કેટલાંક પ્રસિદ્ધ દેશના અને વિદેશના વૈજ્ઞાનિકોએ મળીને આ પ્રકારે પ્રયોગ કર્યો છે. મોટા વિશાળ પાત્ર અર્થાત્ કડાઈ કે તપેલા જેવું પાત્ર વાસણ લઈને તેના અંદર સ્પીકર રાખીને ઉપર વસ્ત્ર કાપડ ગરણું બાંધીએ છીએ તેમ બાંધીને તેના ઉપર ઝીણી પાતળી રેતીનો થર એક ઈંચ જાડો મુલાયમતાપૂર્વક બિછાવીને પછી અંદર રહેલાં સ્પીકરમાં માઈક દ્વારા સ્તોત્રનું સ્વર રાગ સહિત ગાન કરવામાં આવ્યું અને જ્યાં સંપૂર્ણ ગાન પુરૂ થયું ત્યારે ઝીણી સુક્ષ્મ રેતીના

કણો એવી રીતે સ્પંદિત થઈને ગોઠવાઈ ગયા કે જાણે કોઈ શિલ્પીએ મૂર્તિ કંડારી હોય ને આ શું ? પ્રયોગ કર્યો તેમાં સો ટકા મહિમાની વાત સિદ્ધ થઈ છે. જેમ સૂક્ષ્મ રેતીના કણો સ્પંદિત થઈને સેટ થાય છે તેમ જ માણસના મગજમાં રહેલાં અબજોની સંખ્યામાં સૂક્ષ્મ જ્ઞાનતંતુઓ પણ આ ધ્વનિને સાંભળીને સ્પંદિત થઈને તેવા જ આકારમાં ગોઠવાઈને સેટ થઈ જાય છે. અને તે મૂર્તિ પછી ક્યારેય મસ્તિસ્કમાંથી ખસતી નથી. તેથી આ સ્તોત્ર ગાન કરનારને અને શ્રદ્ધાથી સાંભળનારાને પણ આત્યન્તિક મોક્ષ અપાવે છે. આવાજ પ્રકારના વર્ણિરાજ શ્રી વાસુદેવાનંદજીએ રચેલા સ્તોત્ર છે. તેને અહિં સમજીએ.

જેને સાંભળીને શ્રીહરિ અતિ પ્રસન્ન થઈને તેમને પોતાના કંઠમાંથી પુષ્પનો હાર ઉતારીને પહેરાવતાં અને બાથમાં લઈને ભેટીને મળતાં અને અનેક પ્રકારના વરદાનો આપતાં. આવાજ એક પ્રસંગમાં સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે શ્રી વાસુદેવાનંદવર્ણીને બાથમાં લઈને પોતાના સિંહાસન ઉપર બેસાડીને જાહેરાત કરી કે આજથી અમારા સ્થાને આ વર્ણી છે. આટલી મોટી પ્રસન્નતાનું કારણ વર્ણીરાજની સ્તોત્ર દ્વારા વ્યક્ત થતી નિષ્કપટ પ્રેમલક્ષણા ભક્તિ જ છે.

॥ अष्टपदीयम् ॥

वरवरकरूणासागर कृष्ण सतांनाथ संपत्तिकरणम् ।
जयजय धार्मिक नमामीहं संकष्टहरणम् ॥ (ध्रुवपदम्)
वरवर नरसख चन्द्रानन देवाधिप दैत्यानाशनम् ।
वृषसुत परमदया कर साधो खगपतिवाहनम् ॥ खग. २ ॥ सतांनाथ ॥१॥
वरवरजलधरकायाभयरूपाकर लोकपावनम् ।
जितरुषतरणिकरोज्ज्वलवासो लघुतरधावनम् ॥ लधु. ॥ सतांनाथ ॥२॥
वरवरदीनदयाकर तपःप्रियाजित कुसुमोत्तमहारम् ।
किसलय मृदुलमहाबलहस्तं महसि महाकारम् ॥ मह. ॥ सतांनाथ ॥३॥
वरवरसरसिजलोचन पापविमोचन जनतासुखकारम् ।
विधिविधि महितपदाम्बुजदेवं भवसागरतारम् ॥ भव. ॥ सतांनाथ ॥४॥

वरवरसुचरितपुण्यावनभूमिधृतसुरूचिरनरदेहम् ।
अनलस वरदतमोहर तेजः स्थितरुचिमयगेहम् ॥ स्थित. ॥ सतांनाथ ॥५॥
वरवर नरमुनिसिद्धेश्वरदेवासुरसंस्कृतगुणगानम् ।
सुनयन निजनृविधापितयोषातनुपशुकुणमानम् ॥ तनु ॥ सतांनाथ ॥६॥
वरवर लोकविभूषण वृषकुलभूषण भक्तारिमरणम् ।
बहुदयहृदयकजेश्वरमात्मन्नशरणजनशरणम् ॥ नशर ॥ सतांनाथ ॥७॥
वरवर परमतखंडन दक्षनिरंजन निगमागमगीतम् ।
घनरवनिनदमनोहर नित्यं पुरुहरिरसपीतम् ॥ पुरु ॥ सतांनाथ ॥८॥
वरवर शुभमिदमेवं किल वासुदेववर्णिविरचितम् ।
परतर हरतुतमःस्तवनं तत् कविजनसम्भणितम् ॥ कवि ॥ सतांनाथ ॥९॥

*॥ श्री वासुदेवानंदवर्णिविरचाताष्टपदी संपूर्ण ॥*

**વરવરકરુણાસાગર કૃષ્ણ સતાંનાથ સંપત્તિકરણમ્ ।**
**જયજય ધાર્મિક નમામીહં સંકષ્ટહરણમ્ ॥ (ધ્રુવપદમ્)**

વર વર - શ્રેષ્ઠ પતિ સ્વામી માલિક વરવા યોગ્ય શ્રેષ્ઠવર એવા શ્રીહરિ, करुणासागर - જીવપ્રાણી માત્ર ઉપર અતિ કરૂણા કરનારા જાણે કરૂણાનો સાક્ષાત્ અખૂટ સાગર હોયને શું તેવા કરૂણા દયા વાળા શ્રીહરિ, कृष्ण - ભક્તોના ઋષિઓના ચિત્તને મનને પોતાના સ્વરૂપમાં આકર્ષિત કરનારા એવા ભગવાન શ્રીહરિ જેમનું કૃષ્ણ એવું બીજું નામ માર્કણ્ડેય ઋષિએ નામકરણ સંસ્કાર વખતે પાડેલ છે તે શ્રીહરિ सतांनाथ - સત્પુરુષોના સ્વામી સાધુઓના નાથ. જેમ ભગવાન શ્રીરામ રઘુનાથ છે, અને ભગવાન શ્રીકૃષ્ણ યદુનાથ કે દ્વારિકાનાથ છે તેમ ભગવાન શ્રી સ્વામિનારાયણને અહિં વર્ણિરાજ શ્રી વાસુદેવાનંદજીએ સતાંનાથ એવું સાર્થક નામ આપેલ છે. संपत्तिकरणम् - ભક્તોની સદ્સંપત્તિનો વધારો કરનારા છે. જગતમાં બે પ્રકારની સંપત્તિ પ્રસિદ્ધ રીતે હોય છે. સાત્વિક સંપત્તિ અર્થાત દૈવી સંપત્તિ અને આસુરી સંપત્તિ અર્થાત માયિક સંપત્તિ-સાત્વિક સંપત્તિ એટલે ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, સત્ય, દયા, ક્ષમા, અહિંસા, પવિત્રતા વિગેરે છે. અને અસત્સંપત્તિ એટલે માયિક

પદાર્થો વિષય વાસના, ધન-વૈભવ સત્તા, જગતના ભોગ વિલાસ, હિંસા અધર્મનું આચરણ પરપિડન આદિ છે. जयजय હમેંશા ધર્મનો જ વિજય કરનારા છે. વારંવાર ભક્તોનો વિજય કરાવનારા છે. બે વખત કહેવાથી દઢતા પૂર્વકનો નિશ્ચય થાય છે. धार्मिक ધર્મપરાયણ પણે વર્તનારા અને ધર્મને જ જીવનમાં પ્રધાન અંગ કરીને સત્શાસ્ત્રોમાં કહેલા સદ્ધર્મને જ અનુસરતા એવા ભક્તોનો જય કરે છે. नमामीहं – ઈહ એટલે આ જગતમાં મન વાણી અને કર્મ ત્રણેય પ્રકારે નમન કરવા યોગ્ય એવા હે શ્રીહરિ આપ એક જ છો. તેથી આપના શ્રેષ્ઠ વરવા યોગ્ય શ્રીચરણોમાં નમસ્કાર કરૂં છું. संकष्टहरणम् – આશ્રયે આવેલ માત્રના કષ્ટોને હરનારા છો. જીવાત્માને જન્મમૃત્યુ રૂપ મહાન કષ્ટથી છોડાવનારા છો. શરીરને સુખ કે દુઃખ આવે તેને તો કષ્ટ કહે છે. પણ અહિં સંકષ્ટ શબ્દનો પ્રયોગ કર્યો છે તે સંસાર સાગરના મહાન ભયંકર કષ્ટને હરો દૂર કરો એવી પ્રાર્થના પૂર્વકની વિનંતી કરવામાં આવી છે. ॥ ध्रुवपदम् ॥ અચળ પંક્તિ અર્થાત ટેક આ કડીને દરેક કડીની પાછળ બોલવાની છે. અને તેના અર્થનું અનુસંધાન રાખવાનું છે.

**વરવર નરસખ ચન્દ્રાનન દેવાધિપ દૈત્યાનાશનમ્ ।**
**વૃષસુત પરમદયા કર સાધો ખગપતિવાહનમ્ ॥ ખગ. ૨ ॥ સતાંનાથ ॥૧॥**

नरसख – અહીં ભગવાન શ્રી સ્વામિનારાયણની સ્તુતિ કરવાની છે, એટલે કવિશ્વર વર્ણિરાજ નિર્દેશ કરે છે કે તમો સ્વામી અર્થાત્ અનંત કોટી બ્રહ્માંડના પતિ અધિપતિ નાયક શાસક નિયંતા ઉત્પત્તિ સ્થિતિ પ્રલયના કરનારા એવા છો તેથી સ્વામી વિશેષણે આપના નામની આગળ રાખવાથી સ્વામિનારાયણ એવું સાર્થક નામ સિદ્ધ થાય છે પણ આ વિશેષણ ક્યા નારાયણના નામ આગળ રાખ્યું છે તેની પણ અહીં સ્પષ્ટતા કરવા માટે નરસખ શબ્દનો પ્રયોગ કર્યો છે. અર્થાત નરઋષિના સખા ભાઈ નારાયણઋષિ એટલે સ્વામિનારાયણ આપ છો. चन्दानन – બદ્રિકાશ્રમધામમાં ખુલ્લા આકાશમાં પોતાના આશ્રિતોના હિત માટે તપ કરો છે ત્યારે આકાશમાં રહેલાં તેજસ્વી ચન્દ્રના સમાન આપના મુખનો પ્રકાશ ચહુ દિશામાં વ્યાપી જાય છે. देवाधिप – દેવતાઓના અધિપતિ

ઈન્દ્રાદિક દેવોને શક્તિ સામર્થ્ય અને બળ આપનારા છો. સદા દેવી પ્રકૃતિવાળાનું રક્ષણ કરનારા છો. दैत्यानाशनम् - આસુરી પ્રકૃતિવાળા એવા દૈત્યોનો નાશ કરનારા છો. દયા રહિત ક્રૂર સ્વભાવના ક્ષમા વિનાના પરપિડન કરનારાનો વિનાશ કરનારા છો. वृषसुत - ધર્મના પુત્ર આદિ સત્યુગમાં ધર્મઋષિના પુત્રરૂપે પ્રગટ્યા હતા અને પાદ્મકલ્પમાં પણ ધર્મઋષિના પુત્ર સ્વરૂપે મૂર્તિદેવીના ઉદરથી પ્રગટ્યા હતા અને આ કળિકાળમાં પણ ધર્મદેવના પુત્ર સ્વરૂપે ભક્તિદેવીના ઉદરથી પ્રગટ્યા છો. એવા શ્રીહરિ परमदयाकर - જગતમાં જેટલા પણ દયા કરનારા છે તેમાંથી આપ પરમ દયા કરો છો આ જીવ ઉપર અને તેને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપીને આત્યન્તિક મોક્ષના માર્ગે વાળો છો એવી મોટી દયા કરનારા આપ છો. साधो - સરળ સ્વભાવના સત્પુરુષો જે તમારા આશ્રયે આવેલાં છે. खगपतिवाहनम् - પક્ષીઓના અધિપતિ ગરૂડ જેમનું વાહન છે એવા હે પ્રભુ તમે છો.

**વરવરજલધરકાયાભયરુપાકર લોકપાવનમ્ ।**

**જિતરુષતરણિકરોજ્જ્વલવાસો લઘુતરધાવનમ્ ॥ લઘુ. ॥ સતાંનાથ ॥૨॥**

जलधरकाया - અષાઢ માસના આકાશમાં નવા નવા મેઘાડંબર વાદળાઓ રચાય છે તેના જેવા રંગ અને વિશાળ કાયા અર્થાત્ શરીર વાળા છો. જે જગતને દેખાય છે. भयरूपाकर – મેઘની ગર્જના અને વિજળીના કડાકાભડાકા જગતના જીવને ભય ઉત્પન્ન કરે છે પણ તે જ लोकपावनम् - જીવમાત્રને જીવન આપે છે. લોકોને આનંદિત કરી દે છે તેમ जितरुषतरणिकर ऊज्ज्वलवासो - પંચ વિષયો અને અગીયારેય ઈન્દ્રિયોને જીતવાનો ઉપાય કરાવીને સંસાર સાગરથી તારીને ઉદ્ધાર કરો છો. અને પોતાનાઅતિ પ્રકાશમય દિવ્ય અવિનાશી એવા અક્ષરધામમાં વાસ નિવાસ કરાવો છે. लघुतरधावनम् – પૃથ્વી ઉપર ધીરી ધારે વર્ષાદ પડે તે જેમ વધારે હિતકારી હોય છે તેમ પોતાના ભક્તોને ધીરે ધીરે જપ તપના નિયમો ધારણ કરાવીને તેના ધર્મ ભક્તિ જ્ઞાન અને વૈરાગ્યનો વધારો કરાવો છો.

**વરવરદીનદયાકર તપઃપ્રિયાજિત કુસુમોત્તમહારમ્ ।**

**કિસલય મૃદુલમહાબલહસ્તં મહસિ મહાકારમ્ ॥ મહ. ॥ સતાંનાથ ॥૩॥**

दीनदयाकर - જગતમાં દિન ગરીબ ધન હિન જનોને કહેવાય છે. પરંતુ ભગવાનની સામે આવા માયિક પદાર્થોવાળાને ધનવાન નથી કહેવાતા પરંતુ જેનામાં જપ, તપ, ધર્મ, જ્ઞાન વૈરાગ્યાદિ શુભ ગુણને ભક્તની સંપત્તિ કહેવાય છે. તે જેનામાં ન હોય તે દીન. એવા દીન ભક્તો ઉપર પણ આપ દયા કરો છો. જેનામાં શુભ ગુણ ન હોય તે ઉપર દયા કરનારા છો. तपःप्रियाजित - જે ભક્તો પોતાની ઈન્દ્રિયો દમન રૂપ તપ કરે છે તેવા ભક્તો આપને પ્રિય છે. કારણ કે આપ સ્વયં બદ્રીકાશ્રમ ધામમાં બે સ્વરૂપ ધારણ કરીને જીવ માત્રના હિત માટે નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરીને કઠોર તપ કરો છો અને તેનું ફળ ભરત ખંડના જે જીવો આપનો આશ્રય કરે છે તેને આપો છો. कुसुमोत्तमहारम् - તમારા પ્રેમી ભક્તોએ શ્રદ્ધા અને ભાવથી પ્રેમપૂર્વક જાતે બનાવેલા પુષ્પના સુંદર હારને ધારણ કરો છો. પ્રેમી ભક્ત કવિઓના હૃદયની ભાવના રૂપે તેમના મુખેથી ગવાતી સુંદર કવિતાઓ સ્તોત્રો રૂપ ઉત્તમ કુસુમ પુષ્પોના સ્મરણ રૂપ હારને ધારણ કરો છો. किसलय - સુંદર શ્વેત પૂર્ણિમાના ચન્દ્ર જેવા ઉજ્જવલ વસ્ત્રો જે मृदुल - કોમળ મુલાયમ હોય તે महाबल - આપના અતિ બલિષ્ઠ મજબુત આજાનબાહુ એવી हस्तं - ભૂજાઓ ઉપર ધારણ કરો છો. महसिमहाकारम् - જે બન્નેય ભૂજાઓ મહાનથી પણ મહાન વિશાળ આકાર વાળી છે.

**વરવરસરસિજલોચન પાપવિમોચન જનતાસુખકારમ્ ।**

**વિધિવિધિ મહિતપદામ્બુજદેવં ભવસાગરતારમ્ ॥ ભવ. ॥ સતાંનાથ ॥૪॥**

सरसिजलोचन - સુંદર શાન્ત સરોવરમાં પ્રાતઃકાળમાં ખીલી ઉઠેલા કમળના જેવા કોમળ અને વિશાળ નેત્રોની દૃષ્ટિ જેના ઉપર પડે છે તેના બધા જ पापविमोचन - કર્મ આધ્યાત્મિક આધિભૌતિક આધિદૈવિક પાપ કર્મોથી તત્કાળ છોડાવો છો અને પોતાના અક્ષરધામના મુક્તોની પંક્તિમાં ભેળવી

દો છો. जनतासुखकारम् - સામાન્ય જનોને પણ સુખી કરનારા, જીવમાત્રના ત્રણેય પ્રકારના દુઃખો દૂર કરીને આત્યન્તિક મહાસુખ આપવા માટે विधिविधि - દરેકે દરેક યુગમાં સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કળિયુગમાં અનેક વિવિધ પ્રકારના રૂપ ધારણ કરીને અસંખ્ય વાર અવતાર ધારણ કરનારા તમો આ - - પૃથ્વી ઉપર મૃત્યુલોકમાં पदाम्बुज - સ્પર્શ માત્રથી જીવોને અમર બનાવનારા તમારા ચરણકમળને પધરાવો છો. देवं - દિવ્ય ભૌતિક નહિ તેવા અલૌકિક ચરણ કમળ જે भवसागरतारम् - દર્શન કરનારાને સંસાર સાગરથી પાર ઉતારનારા છો. શરણે આવેલાને આત્યન્તિક મોક્ષ આપનારા છો.

**વરવરસુચરિતપુણ્યાવનભૂમિધૃતસુરુચિરનરદેહમ્ ।**
**અનલસ વરદતમોહર તેજઃ સ્થિતરુચિમયગેહમ્ ॥ સ્થિત. ॥ સતાંનાથ ॥૫॥**

सुचरितपुण्यावनभूमि - અનેક પ્રકારના શ્રેષ્ઠ ઉત્તમ ચરિત્ર આચરણ કરીને એકાકી વનોમાં વિચરણ કરીને વનની ભૂમિને પવિત્ર પાવન કારી અને પુણ્યવાન કરો છો. धृतसुरुचिर - દેવ, મનુષ્ય, દાનવ કે યક્ષ ગંધર્વાદિને ન મળે તેવા અતિ રૂપાળા રૂચિર સુંદર મનુષ્યના શરીરને ધારણ કરો છો. नरदेहम् - પુરૂષનું શરીર નરના જેવી આકૃતિ अनलस - શરીર ધારીઓ ને દૂષણ રૂપ એવી આળસનો ત્યાગ કરીને જીવોના હિત માટે તત્પર સદા રહો છો. वरदतमोहर – પોતાના ભક્તોને અનેક પ્રકારના વરદાનો આપીને ઉપદેશના વચનો કહીને તેમના હૃદયમાં રહેલો અજ્ઞાનરૂપી તમ-અંધકારને હરનારા દૂર કરનારા છો. અને દિવ્ય જ્ઞાનરૂપી પ્રકાશ જે तेजः - આત્મા પરમાત્માના સત્ય જ્ઞાન રૂપી પ્રકાશ બ્રહ્મતેજથી પોતાના ભક્તોને પ્રકાશિત કરો છો. स्थितरुचिमयगेहम् - જીવપ્રાણી માત્રને રહેવા માટે અતિશય પ્રિય રૂચિકર ગમતું એવું સુંદર ઘર નિવાસ કરવા માટેનું સ્થાન હોવા છતાં તેનો ત્યાગ કરીને વનમાં વિચરણ કરવાનું જીવોના હિત માટે ગમે છે. એવા શ્રીહરિ નિલકંઠવર્ણી આપ છો.

**વરવર નરમુનિસિદ્ધેશ્વરદેવાસુરસંસ્કૃતગુણગાનમ્ ।**

**સુનયન નિજનૃવિધાપિતયોષાતનુપશુકુણમાનમ્ ॥ તનુ. ॥ સતાંનાથ ॥૬॥**

नरमुनि - બદ્રિકાશ્રમ ધામમાં આપશ્રીની સાથે તપ કરતાં નરઋષિ અને અસંખ્ય મુનિમંડળ જે આપના શરણે આવે છે તે સૌ અને सिद्धेश्वर - જપ તપ યજ્ઞાદિ કરીને જેમણે અનેક પ્રકારની સિદ્ધિઓ મેળવી છે. શક્તિ અને સામ્થર્ય મેળવેલ છે તેવા સિદ્ધપુરુષો देवासुर - કષ્યપ પ્રજાપતિની બેય પત્નીઓ દિતિ અને અદિતિના સંતાનો, અદિતિના દેવો, ઈન્દ્ર, ચન્દ્ર, વરૂણાદિક અને દિતિના દાનવો હિરણ્યાક્ષ હિરણ્યકશિપુ વિરોચન, બલિ પ્રહલાદ આદિ એવા દેવો અને અસુરો તમારા संस्कृत - સંસ્કૃત ભાષામાં જગતના હિત માટે કરેલા આચરણો ચરિત્રોને गुणगानम् - દિવ્ય ગુણોનું ગાન કરે છે તેની પ્રસંશા કરે છે અને સતત તેવા દિવ્ય ચરિત્રોનું કીર્તનોમાં સ્તોત્રોમાં ગુંથીને ગાયા કરે છે સ્મરણ કર્યા કરે છે. અને જે જીવ તેને सुनयन - સાંભળે છે કે ગાય છે તે સર્વ પ્રકારના જીવપ્રાણીને निज - પોતાના એકાન્તિક ભક્તો અક્ષરમુક્તો શરણે આવેલાઓ नृ - નર પુરુષો મનુષ્ય લોકના જીવો विधापित - વિધાતાને આધિન, પોતાના નસીબને આધિન વિધુર વિધવા ત્યજી દેવાયેલ એવા દુઃખી જનો योषा - અબળાઓ, સ્ત્રીઓ કે જે યજ્ઞ હોમ હવન, જપ, તપ ન કરી શકનારાને પણ तनु - શરીર ધારી જીવ માત્રને पशुकुणमानम् - આત્યન્તિક મોક્ષ પમાડનારા છો. તે તે શરીરધારી જીવોના શરીરના કર્મોથી મુક્તિ આપનારા છો.

**વરવર લોકવિભૂષણ વૃષકુલભૂષણ ભક્તારિમરણમ્ ।**

**બહુદયહૃદયકજેશ્વરમાત્મન્નશરણજનશરણમ્ ॥ નશર ॥ સતાંનાથ ॥૭॥**

लोकविभूषण - આ બ્રહ્માંડમાં પ્રગટ થઈને યવુદ લોકને સુશોભિત કરનારા છો. જનસમાજમાં રહેલા અનેક પ્રકારના દૂષણોને દૂર કરીને તેનામાં શુભ ગુણોનું સિંચન કરનારા છો. જે જીવ આપનો આશ્રય કરે છે તેને જગતમાં સુંદર શોભાયુક્ત સુશોભીત કરો છો. वृषकुलभूषण - વૃષ એટલે ધર્મદેવના કુળના આભૂષણ રૂપે પ્રગટ થયા છો. ધર્મદેવના વંશનો દશે દિશાઓમાં યશ

કીર્તિની પતાકાઓને શોભાવો છો. भक्तारिमरणम् - તમારે શરણે આવેલાં તમારા એકાન્તિક ભક્તોના સમગ્ર અન્તઃશત્રુઓ કામ, ક્રોધ લોભાદિનો વિનાશ કરો છો. કારણ કે ભગવાનના ભક્તને બાહ્ય શત્રુઓ તો કોઈ પણ પ્રકારે કષ્ટ પહોંચાડી શકતાં જ નથી. बहुदयहृदय - આપના હૃદય કમળમાં તમારા ભક્તો ઉપર અતિ દયા રહેલી છે. कजेश्वरमात्मन्नशरण - જેમ આકાશ સૌને આશ્રય આપે છે તેમ આપ જગતમાં જે જીવાત્માને કોઈનોય આશ્રય ન હોય તેને તમારો સુરક્ષિત આશ્રય પ્રાપ્ત થાય છે. जनशरणम् - જીવ માત્રનું સાચું શરણ આપનું જ શરણ છે.

**વરવર પરમતખંડન દક્ષનિરંજન નિગમાગમગીતમ્ ।**

**ઘનરવનિનદમનોહર નિત્યં પુરુહરિરસપીતમ્ ॥ પુરુ ॥ સતાંનાથ ॥૮॥**

परमतखंडन - પોતાના એકાન્તિક ભક્તોને સ્વસ્વરૂપનું અને આત્મસ્વરૂપનું સાચું જ્ઞાન પ્રાપ્ત કરવાના માર્ગમાં અનેક પ્રકારના મતપંથમાં અટવાય જાય ત્યારે તે સર્વ પ્રકારના મતો અને જગતમાં પ્રસિદ્ધ થયેલાં અનેક પ્રકારના વાદવિવાદોનું નિરાકરણ પૂર્વક તેનું ખંડન કરીને સાચો જ્ઞાનનો માર્ગ પ્રકાશિત કરો છો. दक्षनिरंजन - આત્મા પરમાત્માના સ્વરૂપનું જીવાત્માને જ્ઞાનનો ઉપદેશ આપવામાં અતિશે નિપુણ દક્ષ છો. અજ્ઞાન દૂર કરીને જ્ઞાન રૂપી દિવ્ય પ્રકાશ આપીને અજ્ઞાન રૂપી અધંકારનો નાશ કરવામાં દક્ષ છો. निगमागमगीतम् - નિગમ અને આગમ, શ્રુતિ સ્મૃતિ, વેદો અને ઉપનિષદો અને ધર્મશાસ્ત્રો પુરાણો તમારા આ દિવ્ય સદ્‌ગુણોના ગીતોનું સદા ગાન કર્યા કરે છે. घनरव - આકાશમાં ગરજતા વાદળોની જેમ નિરંતર ઘાટા સાદથી ગીતો ગાય છે. निनदमनोहर - તમારા દિવ્યગુણોનું શ્રવણ કરનારાના મનને હરિ લે તેવું નિનાદ મધુર અવાજ સાંભળતાં જ ભક્તોને આનંદ ઉપજે છે. તેથી नित्यं - દરરોજ સતત નિત્ય પ્રતિ ગાન કીર્તન સાંભળ્યા કરે છે. पुरुहरिरसपीतम् - આવા પ્રકારના હરિ ભક્તિનું રસપાન જે જીવાત્માએ પ્રથમ કરેલ છે તેવા સર્વ ભક્તો તમારા દિવ્યસ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરીને આત્યન્તિક મોક્ષને મેળવે છે.

**વરવર શુભમિદમેવં કિલ વાસુદેવવર્ણિવિરચિતમ્ ।**
**પરતર હરતુતમઃ સ્તવનં તત્ કવિજનસમ્ભણિતમ્ ॥ કવિ ॥ સતાંનાથ ॥૮॥**

શુભમિદમેવં - આ જગતમાં કોઈ પણ શુભ કાર્ય હોય તો આ જ છે કે તમારા આવા દિવ્યગુણો અને ચરિત્રોનું ગાન કરીને તેનું રસપાન કરે તે જ શુભ છે. किल - સમગ્ર વિશ્વમાં અનંતકોટી બ્રહ્માંડોમાં वासुदेववर्णिविरचितम् - વર્ણીરાજ વાસુદેવાનંદજીએ સંસ્કૃત ભાષામાં રચેલાં આ સ્તોત્રમાં જીવ માત્રનું શુભ હિત સમાયેલ છે. परतर - પરબ્રહ્મ પરમેશ્વરના સ્વરૂપનું જ્ઞાન જે આત્મા અને અક્ષરથી પણ પર છે તે સ્વરૂપના જ્ઞાન રૂપી પ્રકાશથી हरतुतमः - અજ્ઞાનરૂપી અંધકારને આ સ્તોત્રનું ગાન હરે છે દૂર કરે છે. ગાનારા અને શાંત ચિત્તે સાંભળનારાના અન્તઃકરણમાંથી અજ્ઞાન નાશ પામે છે. स्तवनं - આ સ્તોત્ર અષ્ટપદીમાં અને સંસ્કૃત ભાષામાં રચેલું આ અષ્ટક तत् - તેવું તે પ્રમાણે સનાતન સત્ય कविजनसम्भणितम् - તેવું કવિઓએ સારી રીતે સમજી વિચારીને કહેલ છે. કવિઓના મુખમાંથી જે શબ્દો પ્રવાહિત થાય છે તે પોતાના નહીં પણ સ્વયં દિવ્ય આર્ષદૃષ્ટિ ત્રિકાળજ્ઞાનથી જે જોવા જાણવા અને અનુભવમાં આવે છે તેનું શબ્દ ચિતરણ માત્ર હોય છે. તેમાં કોઈ પણ પ્રકારની અતિશ્યોક્તિ કે અસત્ય હોતું નથી.

## ધર્મનંદન હરિકૃષ્ણને નમસ્કાર

॥ हरिगीत छन्दः ॥

नवमेघमेचकविग्रहं धृतपुष्पहारमनोहरं ।
जयकारिणं भयहारिणं तमसः परं शिशिरोदरम् ॥
निजमोदितं निगमोदितं जगदीश्वरैः कृतवन्दनं ।
हरिकृष्ण कृष्ण भवन्तमीश नमाम्यहं वृषनंदनम् ॥१॥
जनताप पापविनाशितं क्षितिभक्तिधर्मविकाशितं ।
जितदेवदानवदैत्यमानवकामगर्वविपाटितम् ॥
द्विजसाधुदैवतमण्डनं कृतकौलनास्तिकखण्डनं ।
हरिकृष्ण कृष्ण भवन्तमीश नमाम्यहं वृषनंदनम् ॥२॥

परिपूर्णचन्द्रसमाननं तपसे मुदाश्रितकाननं ।

हयवाहनं रिपुगाहनं कुलदेवमारुतिमाननम् ॥

करुणालयं जगदालयं घृतपीतकेशरचन्दनम् ।

हरिकृष्ण कृष्ण भवन्तमीश नमाम्यहं वृषनंदनम् ॥३॥

शरदब्जपत्रविलोचनं निजभक्तकष्टविमोचनं ।

वनमालिनं सुरशालिनं ज्वलनार्कसोमविरोचनम् ॥

कलिभूरिसारविभंजनं निजदासहासविरंजनं ।

हरिकृष्ण कृष्ण भवन्तमीश नमाम्यहं वृषनंदनम् ॥४॥

मृदुपल्लवारुणपत्तलं व्रततीर्थदानतपः फलं ।

पदपावनं लघुधावनं भुवनावनं गगनामलम् ॥

तिलपुष्पसन्निभनासिकं जनतान्तराहितगंजनं ।

हरिकृष्ण कृष्ण भवन्तमीश नमाम्यहं वृषनंदनम् ॥५॥

करिपुष्करोपमदोर्युगं सुहृदां खलान्तरभेदनं ।

पृथुभालकुंकुमचन्द्रकं भुवि बोधितात्मनिवेदनम् ॥

भगवन्तमच्युतमव्ययं प्रकृतिश्वरान्तककंपनं ।

हरिकृष्ण कृष्ण भवन्तमीश नमाम्यहं वृषनंदनम् ॥६॥

यमदूतभूतनिवारणं सकलागामोद्भवकारणं ।

सितवाससं रविभाससं नरकातिकष्टवितारणम् ॥

श्रुतदुर्गपत्तनवासिनं सुकृतारिबन्धुनिकन्दनं ।

हरिकृष्ण कृष्ण भवन्तमीश नमाम्यहं वृषनंदनम् ॥७॥

कविवासुदेवपरिष्ठुतं यशसोज्वलेन भुवि श्रुतं ।

गुणसागरं सुहृदाहरं बहुमूल्यभूषणसंयुतम् ॥

वृषवंशिवाडवमंगलं समितौ तु विप्रसदंचनं ।

हरिकृष्ण कृष्ण भवन्तमीश नमाम्यहं वृषनंदनम् ॥८॥

*॥ इति वासुदेवानंदवर्णि विरचितं नमनाष्टकम् ॥*

આદિ સદ્‌ગુરૂ વર્ણીરાજ શ્રીવાસુદેવાનંદજીએ શ્રીહરિની આજ્ઞાથી ભક્તિશાસ્ત્ર શ્રીમદ્ સત્સંગિભૂષણની રચના અને અસંખ્ય અષ્ટકો સ્તુતિઓ

ભગવાન શ્રીસ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના ભક્તિને પુષ્ટ કરવા માટે કરેલ છે. તેમની સર્વ રચનાઓમાં હંમેશા સર્વાવતારના અવતારી સર્વોપરી એવા ભગવાન શ્રીસ્વામિનારાયણ જ છે તેવો દૃઢતા પૂર્વકનો ભાવ વ્યક્ત થાય છે . આ સ્તોત્રની રચના પણ એવા જ સંયોગોમાં કરી છે. શ્રીહરિની આજ્ઞાથી વર્ણીરાજ પંચમહાલ જીલ્લાના લુણાવાડા ગામમાં રહીને સત્સંગની પ્રવૃત્તિ અને શાસ્ત્રની રચના કરતાં હતાં તે સમયમાં શ્રાવણ માસમાં સવારમાં ભક્તો સાથે લુણસી નદીમાં સ્નાન કરવા પધાર્યા હતાં ત્યારે નદી કિનારે લુણેશ્વર મહાદેવના મંદિરમાં સ્થાનિક વિપ્રો શ્રાવણ માસનું પૂજન અર્ચન કરતાં હતાં. જે સંસ્કૃત સ્તોત્રો બોલાતાં હતાં તેમાં કેટલીક ભાષાની અને સંસ્કૃત વ્યાકરણની ત્રુટિઓ સાંભળીને બ્રહ્મચારી મહારાજના હૃદયમાં વેદના થઈ. જેને શાંત કરવા તેમણે તે પૂજા કરનારા વિપ્રોને પાસે બોલાવીને તે પાઠ સારી રીતે શુદ્ધ ઉચ્ચારણ સાથે કરવા વિનંતી કરી. પણ આ રીતે વિપ્રો માનવા તૈયાર ન થયા અને સામેથી પ્રશ્ન કર્યો તમે જે કહો છો તે સાચું અમે કેમ માની લઈએ. તેનું કંઇ પ્રમાણ હોય તોજ માનીએ. ત્યારે વર્ણીરાજ બોલ્યા કે જો સાચી રીતે પાઠ કરવામાં આવે તો પરમાત્મા સ્વયં પ્રત્યક્ષ પ્રમાણ આપે જ છે. તમારે જો જોવું જ હોય તો હું મારા ઈષ્ટદેવની સ્તુતિ સ્તોત્રનો પાઠ સાચી રીતે કરૂં છું. તેમ કહીને એજ સમયે પોતાની ભક્તિ સભર શુદ્ધ ભાવનાથી તત્કાળ જ આ સ્તોત્ર અષ્ટકની રચના કરી અને ગાન કર્યું ત્યારે તે લુણસી નદીના પાણીના વિશાળ ધરામાં જેવું આ સ્તોત્રમાં વર્ણન છે તેવા શ્યામ સુંદર શ્રીહરિના સ્વરૂપના દર્શન સૌને થયા. જેથી પ્રભાવિત થઇને સર્વ વિપ્રો શ્રીહરિનો આશ્રય કરીને સત્સંગી થયા. તેવું ચમત્કારી આ સ્તોત્ર અષ્ટક છે. તેના શબ્દોનો ભાવાર્થ સમજવાનો પ્રયત્ન કરીએ -

**નવમેઘમેચકવિગ્રહં ધૃતપુષ્પહારમનોહરં,**
**જયકારિણં ભયહારિણં તમસઃ પરં શિશિરોદરમ્ ॥**
**નિજમોદિતં નિગમોદિતં જગદીશ્વરૈઃ કૃતવન્દનં,**
**હરિકૃષ્ણ કૃષ્ણ ભવન્તમીશ નમામ્યહં વૃષનંદનમ્ ॥૧॥**

મનુષ્ય શરીરધારી પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીસ્વામિનારાયણની મૂર્તિનું રૂપ એવું જેમ અષાઢ માસના પ્રથમ મેઘના ઘાટા વાદળો ચડી આવ્યા હોયને જેવો તેનો રંગ હોય તેવો શ્યામ શરીરનો વર્ણ છે. એવા સુંદર શરીર ઉપર દર્શન કરનારાના મનને તત્કાળ જ પોતાના સ્વરૂપમાં ખેંચી લે તેવા મનોહર સુંદર પુષ્પના હાર કંઠમાં ધારણ કરેલાં છે. જે જગતના આશ્રય કરનારા જીવમાત્રને જીવનમાં સર્વત્ર વિજય અપાવનારા છે. અને જન્મ મૃત્યુના મહા ભયાનક ભયને બીકને દૂર કરનાર છે. અને માયા જન્ય અહં મમત્વ રૂપ અજ્ઞાન રૂપી અંધકારને પાર કરીને સત્ય સ્વરૂપ પરમેશ્વરના દિવ્ય જ્ઞાન રૂપી પ્રકાશ પૂર્ણિમાના ચન્દ્રની સમાન સર્વત્ર ફેલાવે છે. દિવ્ય શાંત શિતળ પ્રકાશમાં પોતાના ભક્તોને મોજ કરાવે છે. બ્રહ્માનંદનો આનંદ આપે છે. આ વાત સર્વત્ર વેદો ઉપનિષદો અને સત્શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે જ. તેવા ભગવાનને  સમગ્ર જગતના સંપૂર્ણ વિશ્વના ઈશ્વરો ઉત્પતિ સ્થિતિ અને પ્રલયના કર્તા હર્તા બે હાથ જોડીને વંદન નમસ્કાર કરે છે. એવા મારા ઈષ્ટદેવ પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીસ્વામિનારાયણ જે કળિયુગમાં ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયા છે અને માર્કંડેય મહામુનિએ જેમનું નામ હરિ, કૃષ્ણ, હરિકૃષ્ણ અને નીલકંઠ એવા નામ ધારણ કરાવેલ છે. તેમના શ્રીચરણોમાં હું સાષ્ટાંગ દંડવત સહ નમસ્કાર વન્દન કરૂં છું. (૧)

**જનતાપ પાપવિનાશિતં ક્ષિતિભક્તિધર્મવિકાશિતં,**
**જિતદેવદાનવદૈત્યમાનવકામગર્વવિપાટિતમ્ ॥**
**દ્વિજસાધુદૈવતમણ્ડનં કૃતકૌલનાસ્તિકખણ્ડનં,**
**હરિકૃષ્ણ કૃષ્ણ ભવન્તમીશ નમામ્યહં વૃષનંદનમ્ ॥૨॥**

જીવમાત્રના ત્રણ પ્રકારના તાપો જેવા કે, આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક અને જીવને અનાદિકાળથી વળગેલાં પ્રારબ્ધ સંચિત અને ક્રિયમાણ પાપોનો તમારૂં સ્મરણ આશ્રય કરનારાના નાશ કરો છો. પૃથ્વી ઉપર ભાગવદ્ધર્મ અને એકાન્તિકી પરા ભક્તિનો વિકાસ પ્રચાર પ્રસાર તમો જ કરો છો.  કામ રૂપી મહા ભયંકર અન્તઃ શત્રુ જેણે દેવતાઓ દાનવો

અને નાના મોટા સર્વ મનુષ્યો, ઋષિમુનિઓ, તપસ્વીઓને પરાજીત કરનારા કામદેવના ગર્વને તમે જીતીને નાશ કર્યો છે. સંધ્યા વંદનાદિ  નિત્ય કર્મ કરનારા દ્વિજો સત્પુરૂષોના ગુણોને ધર્મ ભક્તિ જ્ઞાન વૈરાગ્યાદિને  જગતમાં પ્રકાશિત તમે જ કરો છો. જે લોકો ઈશ્વરના અસ્તિત્વને નથી માનતા તેવા નાસ્તિક મત અને હિંસા તથા મદિરા પાનને પ્રોત્સાહન આપનારા કૌલમતનું સારી રીતે ખંડન તમે જ કરો છો. એવા મારા ઈષ્ટદેવ પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીસ્વામિનારાયણ જે કળિયુગમા ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયા છે અને માર્કંડેય મહામુનિએ જેમનું નામ હરિ, કૃષ્ણ, હરિકૃષ્ણ અને નીલકંઠ એવા નામ ધારણ કરાવેલ છે. તેમના શ્રીચરણોમાં હું સાષ્ટાંગ દંડવત સહ નમસ્કાર વંદન કરૂં છું. (૨)

**પરિપૂર્ણચન્દ્રસમાનનં તપસે મુદાશ્રિતકાનનં,**
**હયવાહનં રિપુગાહનં કુલદેવમારૂતિમાનનમ્ ॥**
**કરૂણાલયં જગદાલયં ધૃતપીતકેશરચન્દનમ્,**
**હરિકૃષ્ણ કૃષ્ણ ભવન્તમીશ નમામ્યહં વૃષનંદનમ્ ॥૩॥**

માનવ દેહ ધારણ કરીને દર્શન આપતાં તમારી મૂર્તિનું મુખાર્વિન્દ શરદ પૂર્ણિમાંના વિકસિત ચંદ્રના જેવું તેજસ્વી અને સદા શાંત છે. કઠોર અને ઉગ્ર તપ કરીને પોતાના આશ્રિતોના સમુદાયને આત્યન્તિક મોક્ષ અપાવવારૂપ મહાન સુખ આપો છો. જ્યાં જ્યાં તમારા એકાન્તિક ભક્તો છે ત્યાં વિચરણ કરવા માટે પોતાની અતિ પ્રિય માણકી ઘોડી ઉપર વિરાજમાન થઈને તે ભક્તોના હૃદયમાં રહેલાં અન્તઃશત્રુઓ કામ, ક્રોધ, લોભાદિનો નાશ કરો છો. તે સર્વ આશ્રિત ભક્તોના રક્ષણ માટે પોતાના કુળદેવ હનુમાનજી મારૂતિના મંત્રોનો પાઠ કરાવો છો. જગતના દુઃખી જીવોને જન્મ મૃત્યુના મહા દુઃખોથી છોડાવવા માટે તમારા હૃદયમાં અતિ કરૂણા ભરેલી છે. સર્વ જગતનું પાલન પોષણ અને રક્ષણ તમે જ કરો છો. પોતાના દિવ્ય માનુષી શરીર ઉપર પીતામ્બર ધારણ કરો છો અને વિશાળ ભાલમાં કપાળમાં સુંદર કેસર કસ્તુરી યુક્ત ચંદનનું તિલક ધારણ કરો છો. એવા મારા ઈષ્ટદેવ પરંબ્રહ્મ

પરમાત્મા ભગવાન શ્રીસ્વામિનારાયણ જે કળિયુગમાં ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયા છે અને માર્કંડેય મહામુનિએ જેમનું નામ હરિ, કૃષ્ણ, હરિકૃષ્ણ અને નીલકંઠ એવા નામ ધારણ કરાવેલ છે. તેમના શ્રીચરણોમાં હું સાષ્ટાંગ દંડવત સહ નમસ્કાર વંદન કરૂં છું. (૩)

**શરદબ્જપત્રવિલોચનં નિજભક્તકષ્ટવિમોચનં,**
**વનમાલિનં સુરશાલિનં જ્વલનાર્કસોમવિરોચનમ્ ॥**
**કલિભૂરિસારવિભંજનં નિજદાસહાસવિરંજનં,**
**હરિકૃષ્ણ કૃષ્ણ ભવન્તમીશ નમામ્યહં વૃષનંદનમ્ ॥૪॥**

સરોવરમાં શરદઋતુમાં ખીલતાં વિશાળ કમળની પાંખડી જેવા દયાળુ અને કોમળ નેત્રો આંખોથી ભક્તોના ઉપર દૃષ્ટિ કરો છો. પોતાના આશ્રિત ભક્તોને સર્વ પ્રકારના કષ્ટો દુઃખોથી મુક્ત કરો છો. સુંદર બાગને જેમ કુશળ માળી તેને સુશોભીત કરે છે તેમ ભક્ત સમુદાયને ઉપદેશ આપીને તેમના વર્તન આચરણને શોભાવો છો. દેવતાઓના જેવું શ્રેષ્ઠ ચારિત્ર્ય અને શાલીનતા શીલ મર્યાદાવાન બનાવો છો. તેમની જોવાની જ્ઞાન રૂપી દૃષ્ટિ સૂર્ય અને ચંદ્રના જેવી વિશાળ અને તેજસ્વી કરો છો. ભયાનક કળિયુગના ગુણો અને દુર્ગુણોનું સારી રીતે વિભાગ કરીને તેનાંમાં રહેલાં સારા ગુણોને ગ્રહણ કરીને નબળાનો ત્યાગ કરાવો છો. પોતાના આશ્રિત દાસત્વ ભક્તિપરાયણ એવા ભક્તોને હાસ્ય વિનોદથી આનંદિત કરો છો. એવા મારા ઈષ્ટદેવ પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીસ્વામિનારાયણ જે કળિયુગમા ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયા છે અને માર્કંડેય મહામુનિએ જેમનું નામ હરિ, કૃષ્ણ, હરિકૃષ્ણ અને નીલકંઠ એવા નામ ધારણ કરાવેલ છે. તેમના શ્રીચરણોમાં હું સાષ્ટાંગ દંડવત સહ નમસ્કાર વંદન કરૂં છું. (૪)

**મૃદુપલ્લવારૂણપત્તલં વ્રતતીર્થદાનતપઃ ફલં,**
**પદપાવનં લઘુધાવનં ભુવનાવનં ગગનામલમ્ ॥**
**તિલપુષ્પસન્નિભનાસિકં જનતાન્તરાહિતગંજનં,**
**હરિકૃષ્ણ કૃષ્ણ ભવન્તમીશ નમામ્યહં વૃષનંદનમ્ ॥૫॥**

હે શ્રીહરિ તમારા ચરણ કમળના તળિયા કમળની પાંખડી જેવા કોમળ મૃદુ અને લાલ છે. જેમાં સોળ ચિન્હ શોભે છે. તેનો આશ્રય કરવા માત્રથી જીવોને સર્વ પ્રકારના તીર્થો કર્યાનું ફળ અને મોટા મોટા એકાદશી આદિ વ્રતોનું અને કઠોર ઉગ્ર તપ પંચાગ્નિ તપવા રૂપ તે સર્વનું ફળ તમારા આશ્રયમાં મળી જાય છે. એવા પુણ્યશાળી પાવન કરનારા તમારા ચરણ પગલા પૃથ્વીને પાવન કરવા માટે નાના પગલાઓથી તીવ્ર ગતિથી ચાલતાં તમારા દર્શન ભક્તોને આપો છો. તેના માટે સ્વયં તમારા એકાન્તિક ભક્તોના ઘરો સુધી તમો વિચરણ કરતાં કરતાં પહોંચો છો. જેમ આકાશ માર્ગે દિવ્ય વિમાનો આવતા હોય તેમ સર્વ વાતાવરણને પાવન કરતાં તેમાં રહેલા મળને અર્થાત દોષોને દૂર કરતાં પધારો છો. તલના વૃક્ષમાં આવતાં ફુલડાના જેવા સુંદર વળાંક વાળી નાસિકા મુખાર્વિંદમાં શોભી રહી છે. જગતના જીવ જનતા માત્રનું આત્યન્તિક હિત અર્થાત મોક્ષ પ્રાપ્ત કરવા રૂપી હિત થાય તેવું જ હંમેશા તેમને ઉપદેશ આપીને વર્તાવો છો. એવા મારા ઈષ્ટદેવ પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીસ્વામિનારાયણ જે કળિયુગમાં ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયા છે અને માર્કંડેય મહામુનિએ જેમનું નામ હરિ, કૃષ્ણ, હરિકૃષ્ણ અને નીલકંઠ એવા નામ ધારણ કરાવેલ છે. તેમના શ્રીચરણોમાં હું સાષ્ટાંગ દંડવત સહ નમસ્કાર વંદન કરૂં છું. (૫)

**કરિપુષ્કરોપમદોર્યુગં સુહૃદાં ખલાન્તરભેદનં,**
**પૃથુભાલકુંકુંમચન્દ્રકં ભુવિ બોધિતાત્મનિવેદનમ્ ॥**
**ભગવન્તમચ્યુતમવ્યયં પ્રકૃતિશ્વરાન્તકકંપનં,**
**હરિકૃષ્ણ કૃષ્ણ ભવન્તમીશ નમામ્યહં વૃષનંદનમ્ ॥૬॥**

પોતાના ભક્તોને નિર્ભય કરવા તેમને અભયદાન આપો છો ત્યારે તમારા બન્ને હાથ ભુજાના જાણે મદમસ્ત હાથીની મજબુત સૂંઢના જેવા વિશાળ અને સશક્ત ભક્તોને દર્શન થાય છે. શ્રેષ્ઠ આચરણવાળા અને શઠતા કરનારા મનુષ્યના ભેદને તમો સારી રીતે ઓળખીને અલગ પાડો છો. તમારા વિશાળ કપાળમાં ભાલમાં સુંદર કુંકુંમનો ચાંદલાએ યુક્ત કેસરી તિલક શોભી રહ્યું

છે. પૃથ્વી ઉપર વસતા જીવોને તમારા સ્વરૂપનું જ્ઞાન અને આત્મ સ્વરૂપના જ્ઞાનનો ઉપદેશ આપીને નાશવંત માયા અને વિષયાશક્તિ છોડાવો છો. સમગ્ર વિશ્વની ઉત્પતિ સ્થિતિ અને લયના કારણ છો છતાં સદા એકજ સ્થિતિમાં રહો છો. ક્યારેય કોઈ પણ પ્રકારનો ફેરફાર તમારા સ્વરૂપમાં થતો જ નથી અચ્યુત છો. સર્વમાં સદા એક સરખી સ્થિતિમાં રહો છો. ક્યાંય પણ ન્યુનાધિક પણે નથી રહોતાં. તમારી આજ્ઞાનું પાલન પ્રકૃતિ પર્યન્ત સૌ કોઈને ફરજીયાત પણે કરવું જ પડે છે. તમારી આજ્ઞા વિના એક સાધારણ તણખલું પણ હલી શકવા સમર્થ નથી. એવા મારા ઈષ્ટદેવ પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીસ્વામિનારાયણ જે કળિયુગમા ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયા છે અને માર્કંડેય મહામુનિએ જેમનું નામ હરિ, કૃષ્ણ, હરિકૃષ્ણ અને નીલકંઠ એવા નામ ધારણ કરાવેલ છે તેમના શ્રીચરણોમાં હું સાષ્ટાંગ દંડવત સહ નમસ્કાર વંદન કરૂં છું. (૬)

**યમદૂતભૂતનિવારણં સકલાગમોદ્ભવકારણં,**
**સિતવાસસં રવિભાસસં નરકાતિષ્ટવિતારણમ્ ॥**
**શ્રુતદુર્ગપત્તનવાસિનં સુકૃતારિબન્ધુનિકન્દનં,**
**હરિકૃષ્ણ કૃષ્ણ ભવન્તમીશ નમામ્યહં વૃષનંદનમ્ ॥૭॥**

આશ્રયે આવેલાં જીવમાત્રના ઉપરથી યમપુરીના દુઃખોનું નિવારણ કરનારા તમો જ છો. ભૌતિક દેહ ધારણ રૂપ જન્મમૃત્યુનું પણ નિવારણ તમારાથી જ થાય છે. જગતના સર્વ શાસ્ત્રો વેદો ઉપનિષદો આગમ નિગમ એવું જ પ્રતિપાદન કરે છે કે તમોજ સર્વના કારણ અને કર્તા હર્તા છો. સદા શ્વેત શાંત સ્વભાવના સફેદ વસ્ત્રો ધારણ કરીને વિચરણ કરો છો. તમારા પ્રતાપ, તેજ, ઐશ્વર્ય, દર્શન કરનારા ભક્તોને સાક્ષાત્ સૂર્યના જેવો પ્રકાશિત દેખાય છે. તમારો આશ્રય જીવોને ચોરાસી લાખ નરકના કુંડોના અતિ ભયાનક કષ્ટો દુઃખોથી પાર ઉતારે છે. જગતમાં પ્રસિદ્ધ છે કે આપ દુર્ગપુરમાં નિવાસ કરીને રહો છો. અને સત્કર્મ કરવા વાળા ધર્મ ભક્તિ જ્ઞાન અને

વૈરાગ્યે યુક્ત તમારી  નવધા પરા ભક્તિ કરનારાના અંતઃ શત્રુઓનું નિકંદન કરો છો તેનો નાશ કરો છો. એવા મારા ઈષ્ટદેવ પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીસ્વામિનારાયણ જે કળિયુગમા ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયા છે અને માર્કંડેય મહામુનિએ જેમનું નામ હરિ, કૃષ્ણ, હરિકૃષ્ણ અને નીલકંઠ એવા નામ ધારણ કરાવેલ છે તેમના શ્રીચરણોમાં હું સાષ્ટાંગ દંડવત સહ નમસ્કાર વંદન કરૂં છું. (૭)

**કવિવાસુદેવપરિષ્ઠુતં યશસોજ્વલેન ભુવિ શ્રુતં,**
**ગુણસાગરં સુહૃદાહરં બહુમૂલ્યભૂષણસંયુતમ્ ॥**
**વૃષવંશિવાડવમંગલં સમિતૌ તુ વિપ્રસદંચનં,**
**હરિકૃષ્ણ કૃષ્ણ ભવન્તમીશ નમામ્યહં વૃષનંદનમ્ ॥૮॥**

હે શ્રીહરિ તમારા દાસ એવો હું કવિ વાસુદેવાનંદ વર્ણીએ ખૂબ જ સારી રીતે તપાસ કરીને પરિશીલન કરીને નિશ્ચય કર્યો કે તમારો યશ કીર્તિ અને પ્રતાપ ઐશ્વર્ય પૃથ્વી ભુવિ ઉપર સર્વત્ર ઉજ્જવળ ડાઘ રહિત છે. કોઈ પણ પ્રકારના દોષ કે કલંક રહિત છે. તેવું સર્વત્ર જોવા સાંભળવામાં આવે છે. તમારામાં અને તમારા ભક્તોમાં કલ્યાણકારી દિવ્ય સદ્ગુણોનો ભંડાર સાગર જેટલો વિશાળ છે. તમારી જેના ઉપર હૃદયથી પ્રસન્નતા થાય છે તેને તમારા ધારણ કરેલાં  સુવર્ણના રત્નજડીત બહુ મૂલ્ય આભૂષણો ભર સભામાં પ્રસન્નતા પૂર્વક આપીને તેના મનોરથો પૂર્ણ કરો છો. ધર્મદેવના વંશના વિપ્રો ધર્મકુળનું સદા મંગળ કલ્યાણ થાય તેવું જ તમો કરો છો. મોટી વિશાળ પોતાના એકાન્તિક ભક્તોની સભામાં ગુણવાન વિદ્વાન બ્રાહ્મણોનું સદા અનેક પ્રકારના દાન દક્ષિણાઓ આપીને માન સન્માન કરીને તેમનું પૂજન કરો છો. એવા મારા ઈષ્ટદેવ પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીસ્વામિનારાયણ જે કળિયુગમા ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયા છે અને માર્કંડેય મહામુનિએ જેમનું નામ હરિ, કૃષ્ણ, હરિકૃષ્ણ અને નીલકંઠ એવા નામ ધારણ કરાવેલ છે. તેમના શ્રીચરણોમાં હું સાષ્ટાંગ દંડવત સહ નમસ્કાર વંદન કરૂં છું. (૮)

# શ્રીહરિના સ્વરૂપનું ચિંતન

ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય અંગોનું દર્શન સ્મરણ પૂર્વક ચિંતવન કરવાથી ચિત્તની વૃત્તિ એકાગ્ર થઈને જ્યારે તેમાં પરોવાય જાય છે ત્યારે પરબ્રહ્મ પરમાત્માના સાક્ષાત દર્શનનો લાભ જીવાત્માને પ્રાપ્ત થાય છે. તે યથાર્થ તથ્યને ધ્યાનમાં રાખીને પરમહંસોએ જે ચિંતવન કર્યું છે તેનાથી સાક્ષાત્ પુરૂષોત્તમનારાયણના દર્શન કરવા માટેનો આ સરળ માર્ગ છે. આવી રીતે જ્યારે બ્રહ્માનંદ સ્વામી કે પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી કે વાસુદેવાનંદવર્ણી પદો ગાતા ત્યારે સ્વયં શ્રીહરિ તે પદો સાંભળીને પ્રસન્ન થઈને સામે ચાલીને તેમને ભેટતાં અને અનેક પ્રકારના વરદાનો આપતાં. જેમ કે બ્રહ્માનંદ સ્વામીને એવું વરદાન આપ્યું કે આવા સુંદર તમારા રચેલાં કીર્તનોના કોઈપણ વ્યક્તિ ૧૦૦ પદો ગાશે તેને અમો સાક્ષાત્ પ્રસન્ન થઈને અમારી મૂર્તિના દિવ્ય દર્શન કરાવીશું. આવું જ વરદાન વર્ણીરાજ શ્રી વાસુદેવાનંદજીને તેમના રચેલાં સંસ્કૃત ભાષાના અષ્ટકો અર્થાનુસંધાન પૂર્વક ગાનાર ભક્તને પણ પ્રત્યક્ષ દર્શનનું વરદાન આપ્યું છે. તેવા સુંદર અષ્ટકો એક ચિત્તથી ગાવાથી કેટલાય અનુભવી સંતો અને ભક્તોને શ્રીજી મહારાજે કૃપા કરીને પોતાના દુર્લભ દિવ્ય દર્શન આપ્યા છે.

આવા દિવ્ય દર્શનની ઈચ્છા વાળા ભક્તો નંદ સંતોના રચેલા કીર્તનો અથવા અષ્ટકો ગાવા માટે શું ઉપાય કરવો જેથી પાંચસો પરમહંસોની જેમ જ આપણા ઉપર પણ શ્રીહરિ પ્રસન્ન થઈને પોતાના દિવ્ય દર્શન આપે. અનુભવી સંતો અને ભક્તોના અનુભવથી જાણેલ ઉપાય કંઈક આવી રીતનો જાણવા મળે છે. જે અહીં પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

જે ભક્તોએ કીર્તન કે અષ્ટકો ગાઈને શ્રીહરિજીને પ્રસન્ન કરવા હોય તેમણે પ્રથમ પોતાને અતિ પ્રિય એવું કીર્તન કે અષ્ટક પસંદ કરીને તેને સારી રીતે ગાવું. જે ગાતાં ગાતાં શ્રીહરિની મૂર્તિમાં એક રસ થઈ જવાય તેમ ગાવું. આજુ બાજુમાં કોણ આવ્યું કે ગયું શું બોલે છે કે શું કહે છે તેના ઉપર ધ્યાન આપ્યા વિના પોતાના ગાનમાં એક ચિત્તથી પરોવાય જવાની ટેવ પાડવી.

પછી બીજા પદો કે અષ્ટકો એક પછી એક સંપુટ આપીને ગાવા. જેમ કે, પોતાનું પ્રિય ગાન કર્યા પછી પસંદ કરેલા પદ કે અષ્ટકમાંથી એક ગાવું, પાછું વળી પોતાને પ્રિય ગાવું એમ એકસો આઠ પદો દરરોજ ગાવાથી શ્રીહરિના આપેલ વરદાન પ્રમાણે થોડાક જ દિવસોમાં શ્રીહરિની પ્રસન્નતાના દર્શન અવશ્યમેવ થયા વિના રહેશે નહીં. શિક્ષાપત્રીના શ્લોક ૫૭ માં કહેલ આજ્ઞા પ્રમાણે જે સંસ્કૃત ભાષા જાણતા હોય તેના માટે તો સંસ્કૃતના અષ્ટક ગાવા એજ પ્રથમ આજ્ઞા છે. કારણ કે સંસ્કૃત ભાષામાં રચાયેલી દરેક રચનામાં સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનનું જ વર્ણન અને સ્તૃતિ છે. તેમાં ક્યાંય પણ પરોક્ષ રીતે ભગવાનને કહ્યા જ નથી. અને વળી તેમાં વિશેષતા એ છે કે કોઈ પણ નંદ સંતની રચના અષ્ટકના સ્વરૂપમાં હોય તે ગાવા માત્રથી શ્રીહરિએ આપેલ વર્ણીરાજ શ્રીવાસુદેવાનંદજીનું વચન સત્ય થાય છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. અને બીજી સરળતા એ છે કે અષ્ટકો ફક્ત આઠ જ ગાવાથી આપેલ વચનની પૂર્ણતા થાય છે. આ અનુભવથી સિદ્ધ થયેલ સત્ય વાત છે.

અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ સર્વાવતારી સર્વોપરી પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિનું વર્ણન નંદ સંતોએ પોતાની કવિતાઓમાં અતિ રસાળ અને સરળ ભાષામાં સુંદરતાથી કરેલ છે. જેમાં એક એક અંગને વિવિધ પ્રકારની શ્રેષ્ઠત્તમ ઉપમાઓ આપીને રૂપ લાવણ્યતા અને કમનીયતાના ગુણગાન ગાયા છે. જે ગાનાર સાંભળનાર અને વિચારનાર સૌ કોઈના હૃદયમાં ચોટી જાય તેવું છે. તેથી વર્ણીરાજ નિષ્કામાનંદજીની રચનાનું એક અષ્ટક ॥ मानस चिन्तय ॥ ના અર્થનો વિચાર કરીએ તો મહારાજના અંગો કેવા સુંદર છે અને તેની ઉપમાઓ કેવી સાર્થક છે તે અંગોનું સુંદર ભાવવાહી શૈલીમાં વર્ણન કરેલ છે. દાસત્વભાવે ભગવાનના અંગોનું વર્ણન કરવું હોય ત્યારે પ્રથમ મસ્તકથી પ્રારંભ કરી ચરણોમાં સમાપ્ત થાય તે દાસત્વ ભાવ દર્શાવે છે. રૂપ અને લીલાનું ગાન કરવા માટે પીલુ (છંદ) રાગ (માલકોસ) અષ્ટપદીમાં પસંદ કરેલ છે. જે મધુરતા અને ગંભીરતાના ભાવો દર્શાવે છે.

॥ पिलुरागेण गीयते ॥ अष्टपदी ॥

मानस चिन्तय चारुचरित्रं प्रेमवतिवृषपुत्रं पवित्रं मा. (ध्रुवपद)
नूतनमुदितदयितमंजुकाये । चन्द्रविशदवसनानि धरन्तं म. ॥१॥
केसरतिलकललितनिजभाले । कुंकुमचन्द्रकधरमभिरामं मा. ॥२॥
बिन्दुपरिष्कृतशुभश्रुतियुग्मे । रत्नसुशोभितकुण्डलधारं मा. ॥३॥
अम्बकमधुपलसितलपनाब्जे । कुन्दमुकुलसमहासं दधानं मा. ॥४॥
रेखाविराजितवरकम्बुकण्ठे । पुरुविधपुष्पकनकमणिहार मा. ॥५॥
विषधरविग्रहकल्पकरद्वये । पुष्परचितवलयांगदधारं मा. ॥६॥
हरिमदहरतनमंजुलकट्याम । नंगखचितचामीकररसनाढ्यम् मा. ॥७॥
करिकरकदलीकरभसमसक्थिम । सुषमसुवृत्तमुकुररुपजानुं मा. ॥८॥
नूपुरनादितचरणमुदारं । निष्कामानन्दनिखिलतापहारं मा. ॥९॥

**માનસ ચિન્તય ચારૂચરિત્રમ્, પ્રેમવતિવૃષપુત્રમ્ પવિત્રમ્ મા. (ધ્રુવપદ)**

मानस - હે માણસ જીવમાત્રને ઉદ્દેશીને, હે મન. चिन्तय - ચિંતન કર વિચાર કર, સ્મરણ કર, તારૂ સાચુ હિત ક્યાં છે. चारु - શ્રેષ્ઠ અતિ ઉત્તમ, મોક્ષ રૂપી હિતકરનાર, અતિપ્રિય હોય તે. चरित्र આચરણ, વિચરણ, ચરિત્ર, લીલા. प्रेमवती માતા ભક્તિદેવી, જેના હૃદયમાં હમેશાં સમગ્ર જીવ માટે નિર્દોષ પ્રેમ ભરેલો છે. वृष - ધર્મ, જે સદા શાસ્ત્ર આજ્ઞા પ્રમાણે જ વર્તે છે. એવા ધર્મદેવ, હરિપ્રસાદ વિપ્ર. पुत्र - પુત્ર, સંતાન સ્વરૂપે જન્મેલાં પુંનામના નરકમાંથી તારે તેને પુત્ર કહેવાય. એવા શ્રીહરિ ઘનશ્યામ મહારાજ. पवित्र - સદા પવિત્ર, સ્મરણ કરવાથી પદાર્થમાત્ર પવિત્ર કરે એવા, મન કર્મ અને વચનથી સત્યનું વર્ણન કરવાવાળા નિત્ય શુદ્ધ સત્વગુણ મય. ध्रुवपद - અચળ સ્થાન, દરેક કડી પદ પંક્તિ અને (શ્લોક)ના અંતે ફરીથી રિપીટ કરવાનું છે તેને ધ્રુવપદ કહે છે.

હે મન ચિંતન કરવા જેવા પરમાત્માના અતિ ઉત્તમ શ્રેષ્ઠતમ એવા ચરિત્રો છે. જેના સ્મરણ માત્રથી ચિદ્દચિદ્ જડચેતન પદાર્થ માત્ર પવિત્ર થઈ જાય છે. એવા પ્રેમવતી માતા ભક્તિદેવી અને ધર્મદેવના પુત્ર શ્રીહરિના ચરિત્રો અને સ્વરૂપનું મન લગાવીને ધ્યાનરૂપ ચિંતન કર.

**નૂતનમુદિતદયિતમંજુકાયે, ચંદ્રવિશદવસનાનિ ધરંતં મા. ॥૧॥**

નૂતનં - નવીન, નવા તાજા ચડી આવેલાં વાદળા જેવા, પ્રાતઃકાળે ઉગેલાં સૂર્ય જેવા, અન્યત્ર ન જોવા મળે તેવા. અષાડ માસના મેઘ સમાન. उदीत - પ્રાતઃકાળે ઉગેલા સૂર્ય સમાન, ચોમાસાના પ્રારંભે ચડી આવેલા ઘટાદાર વાદળો જેવા. दयित - દયાવાળા, કરૂણાદ્ર હૃદય હોવાથી અતિ દયાળુતાના કારણે. मंजु - સુડોળ, સુકોમળ, મંજુલ, જોનારાને મનમાં મોજ કરાવે તેવા. कायं - શરીરે, અંગો ઉપર. चन्द्र - શરદ પૂર્ણિમાનાં ચંદ્ર જેવા ઉજ્જવલ, સફેદ. विशद - વિશાલ, લાંબા. वसनानि - વસ્ત્રો, ધોતી ખેસ પાઘ અને જામો વિગેરે કપડા धरन्तं - પરિધારણ કરેલાં પહેરેલાં છે. સ્વીકારેલા છે. એવા.

અષાડ માસના નવા નવા પ્રાતઃકાળમાં ઉગેલા સૂર્યની સાથે તાજા મેઘની સમાન અતિ સુકોમળ શરીર ઉપર ચન્દ્રના જેવા સ્વેત, ઉજ્જવળ વસ્ત્રો પરિધારણ કરેલાં છે. એવા પ્રેમવતી માતા ભક્તિદેવી અને ધર્મદેવના પુત્ર શ્રીહરિના ચરિત્રો અને સ્વરૂપનું મન લગાવીને ધ્યાન રૂપ ચિન્તવન કર. (૧)

**કેસરતિલકલલિતનિજભાલે, કુંકુમચંદ્રકધરમભિરામં મા. ॥૨॥**

केसर – કેસર યુક્ત ચંદનથી, કેસરી રંગીન तिलक - તિલક, ઉર્ધ્વપુંડ્ર તિલક, ललित - લાવણ્યમય, અતિસુંદર, निज - પોતાના. भाले - કપાળના મધ્યમાં, ભાલમાં. कुंकुम - કંકુનો લાલચટાકદાર. चन्द्रक - ચાંદલો धरं - ધારણ કરેલાં. अभिराम - અતિ શોભાયમાન રમણીય આનંદ દાયક.

પોતાના લાવણ્યમય અતિ સુંદર લલાટ ભાલ ઉપર કેસર યુક્ત ચંદનથી મનોહર ઉર્ધ્વપુન્ડ્ર તિલક ધારણ કરીને મધ્યમાં અતિ શોભાયમાન કુંકુમનો ચાંદલો પણ ધારણ કરેલાં એવા પ્રેમવતી માતા ભક્તિદેવી અને ધર્મદેવના પુત્ર શ્રીહરિના ચરિત્રો અને સ્વરૂપનું મન લગાવીને ધ્યાનરૂપ ચિંતવન કર. (૨)

**બિંદુપરિષ્કૃતશુભશ્રુતિયુગ્મે, રત્નસુશોભિતકુણ્ડલધારં. મા. ॥૩॥**

बिन्दु – તલ, નિશાન, ચિન્હ. परिष्कृत - સુશોભીત શણગાર કરેલા. शुभ - શુભ, સુખદાયક, श्रुति - બન્નેય કાન. युग्मे - બેય કાનના જોડલાં.

रत्न - રત્નોથી, હીરાઓથી. सुशोभित - શોભાયમાન કરેલા, સુશોભીત. कुण्डल - કુંડળ, કાનના આભૂષણ धारं - ધારણ કરાવેલાં છે. પહેરાવેલા છે.

શ્રીહરિના અતિ શુભ બન્નેય કાનો ઉપર સુંદર તલના ચિન્હ શોભાયમાન છે. તેના ઉપર રત્નો હીરાઓ જડીને સુશોભીત કરેલા સુંદર કુંડળ ધારણ કરેલ એવા પ્રેમવતી માતા ભક્તિદેવી અને ધર્મદેવના પુત્ર શ્રીહરિના ચરિત્રો અને સ્વરૂપનું મન લગાવીને ધ્યાનરૂપ ચિંતવન કર. (૩)

**અંબકમધુપલસિતલપનાબ્જે, કુન્દમુકુલસમહાસં દધાનં મા. ॥૪॥**

अम्बक – બેય આંખો, બન્નેય નેત્રો. मधुपल - ભ્રમરના જેવી, મધુરતાનો સાગર, જાણે મધનો મોટો મધપુડો. शितल - શિતલ, શાંતિદાયક, બરફ જેવા ઠંડા. पनाब्जे - પનાહ, ઉંડાણ, માપ સમુદ્રના તળીયા જેટલું. कुन्द - કુંદન, સુવર્ણ, સોના જેવા. मुकुल - મુકુલ, ચાંદની, પોયણાંના ફુલ. सम - સમાન, જેવા જ. हासं - હાસ્ય, હસવું, પ્રસન્નતા વ્યક્ત કરતા दधानं - ધારણ કરેલાં છે.

શ્રીહરિના નેત્રોની મધુરતા અને શિતલતા એવી છે કે સમુદ્રના સમાન ઉંડાણ વાળી છે. આંખો તો જાણે ભ્રમરના જેવી કાળી અને શાંત શિતલ છે. મુખાકૃતિ તો જાણે પૂર્ણિમાના વિકસીત ચંદ્ર સમાન છે. આવા સુંદર મુખથી હાસ્ય નિતરે છે ત્યારે સુવર્ણના પોયણાના ફુલ ખીલી ઉઠ્યા હોય તેવા સુંદર હાસ્યને ધારણ કરી રહેલા એવા પ્રેમવતી માતા ભક્તિદેવી અને ધર્મદેવના પુત્ર શ્રીહરિના ચરિત્રો અને સ્વરૂપનું મન લગાવીને ધ્યાનરૂપ ચિંતવન કર. (૪)

**રેખાવિરાજીતવરકમ્બુકણ્ઠે, પુરૂવિધપુષ્પકનકમણિહારં મા. ॥૫॥**

रेखा – ત્રિવળીની રેખા, લીટી, विराजीत - સુશોભાયમાન થયેલ છે. वर–श्रेष्ठ - શ્રેષ્ઠ, અતિ સુંદર. कम्बु - શંખ સમાન, ઘડાના જેવા ગળા વાળા. कण्ठे - ગળા ઉપર, કંઠ ઉપર, पुरु - આગળ, હૃદય ઉપર. विध - અનેક પ્રકારના, જાતજાતના. पुष्प - ફુલ, પુષ્પો અને कनक - સોનાના સુવર્ણના, मणि - મણકા, પારાનો. हार - હાર, માળા ધારણ કરેલા છે.

ત્રિવળીની રેખાઓ સુંદર શંખના સમાન આકૃતિ વાળા કંઠ ઉપર અતિ શોભાયમાન છે. એવા સોહામણા કંઠ ઉપર વિવિધ પ્રકારના રંગબેરંગી પુષ્પના હાર અને સુવર્ણના મણી અને હિરાથી સુશોભીત હારો ધારી રહ્યા છે. એવા પ્રેમવતી માતા ભક્તિદેવી અને ધર્મદેવના પુત્ર શ્રીહરિના ચરિત્રો અને સ્વરૂપનું મન લગાવીને ધ્યાન રૂપ ચિંતવન કર. (૫)

**વિષધરવિગ્રહકલ્પકરદ્દ્વયે, પુષ્પરચિતવલયાંગદધાર મા. ॥૬॥**

विषधर – ઝેરીલા કાળા નાગ, શેષનાગ. विग्रह – શરીર. कल्प – કલ્પના કરો એટલાં લાંબા कर - બેય હાથ द्वये - બન્નેય. पुष्प - ફુલ, पुष्प रचित - રચેલાં, બનાવેલાં. वलय વર્તુલ, ગજરા, બાજુબંધ. अंग - અંગો ઉપર, હાથો ઉપર. दधार - ધારણ કરેલાં છે, પહેરેલાં છે.

શ્રીહરિના અભય આપનારા કરકમળો એટલા લાંબા છે કે જાણે કલ્પના કરો કે શેષનાગનું શરીર જોઈલો, એવા લાંબા કરકમળોથી સદા ભક્તની રક્ષા કરનારા અથવા વાદળ જેવું શ્યામ જેમનું શરીર છે. અને બે સમર્થ એવા હાથમાં પુષ્પના ગજરા અને બાજુબંધ ધારણ કરેલા એવા પ્રેમવતી માતા ભક્તિદેવી અને ધર્મદેવના પુત્ર શ્રીહરિના ચરિત્રો અને સ્વરૂપનું મન લગાવીને ધ્યાન રૂપ ચિંતવન કર. (૬)

**હરિમદહરતનુમંજુલકટ્યામ્, નંગખચિતચામીકરરસનાઢ્યમ્ મા. ॥૭॥**

हरि – મદમસ્ત સિંહ, રાજા, વાનર, સ્વયં ભગવાન હરિ. मद - અભિમાન, અહંકાર. हर - નાશ કરનાર, હરનાર. तनु - શરીર, मंजुल - શોભાયમાન, સુશોભીત. कट्याम् - કેડ, કટીભાગ. नंग - હીરા, મણી. खचित - જડેલા, ચોટાડેલાં. चामीकर - કંદોરો, કટીમેખલાં. रसनाढ्यं - સોનાનો સુવર્ણમય.

મદ મસ્ત થઈને વનોમાં વિહરતાં સિંહને પોતાના શરીર અને કેડની શોભાનો જે અતિ ગર્વ છે. તેનો વિનાશ કરે એવી અત્યંત શોભાયમાન મંજુલ કમનીય કેડ્ય જેમની છે. જેના ઉપર અતિ કિંમતી મણી અને હિરા જડેલ સુવર્ણનો કંદોરો ધારણ કરેલ છે. એવા પ્રેમવતી માતા ભક્તિદેવી અને ધર્મદેવના પુત્ર શ્રીહરિના ચરિત્રો અને સ્વરૂપનું મન લગાવીને ધ્યાન રૂપ ચિંતવન કર. (૭)

**કરિકરકદલિકરભસમસક્થિમ્, સુષમસુવૃત્તમુકુરરૂપજાનું મા. ॥૮॥**

करिकर – હાથીની સુંઢ, હાથીનો હાથ कदली કદલી - કેળનો સ્તંભ, કેળાનો ગર્ભ करभ ગર્ભ, અંદરનો ભાગ. सम - સમાન, જેવું. सक्थि - સાથળ, જાંધ. सुषम - સમાન, સર્વપ્રકારે સમાન. सुवृत्त - એક સરખા ગોળ, સમાન વર્તુલાકાર. मुकुर - બટ મોગરાના પુષ્પ જેવા, મુક્તિદાયક. रुप સુંદર આકૃતિ जानु - ઢીંચણ, ગોઠણ.

બન્નેય સાથળો શ્રીહરિના એવા મજબુત છે કે જાણે હાથીની સૂંઢ હોય તેવા છે અને કોમળ તો એવા છે જેમ કેળના ગર્ભની જેમ સુકોમળ છે. ઢીંચણ તો જાણે પૂર્ણ ખિલેલા બટ મોગરાના પુષ્પ જેમ એક સરખા ગોળ વર્તુળ વાળા મુક્તિ આપનારા છે. એવા પ્રેમવતી માતા ભક્તિદેવી અને ધર્મદેવના પુત્ર શ્રીહરિના ચરિત્રો અને સ્વરૂપનું મન લગાવીને ધ્યાન રૂપ ચિંતવન કર. (૮)

**નૂપુરનાદિતચરણમુદારં, નિષ્કામાનંદનિખિલતાપહારં મા. ॥૯॥**

नूपुर – નૂપુર તોડા नादित - અવાજ વાળા, નાદ કરવા વાળા, ઘુઘરીના ધમકાર. चरण - ચરણ, પગ उदारं - ઉદાર મૂર્તિ, દયાવાળા. निष्कामानन्द - નિષ્કામાનંદનામ વાળા વર્ણીના, નિષ્કામી ભક્તોના, કામના વગરના ભક્તોના निखिल સર્વપ્રકારના બધા જ પ્રકારના ताप - કષ્ટને, દુઃખોને. हारं - દૂર કરવા વાળા, હરવાવાળા, નાશ કરે છે તેવા.

ઉદારતાની મૂર્તિ એવા શ્રીહરિએ ચરણોમાં ધારણ કરેલ નૂપૂરનો અવાજ સાંભળે તેના પણ તત્કાળ સમગ્ર જગતના ત્રિવિધ તાપને દૂર કરે છે. નિષ્કામ કામના રહિત સર્વ ભક્તોના અને નિષ્કામાનન્દ વર્ણિના બધાજ પ્રકારના તાપને દૂર કર્યા છે એવા પ્રેમવતી માતા ભક્તિદેવી અને ધર્મદેવના પુત્ર શ્રીહરિના ચરિત્રો અને સ્વરૂપનું મન લગાવીને ધ્યાન રૂપ ચિંતવન કર. (૯)

આ રીતે ભગવાન શ્રીસ્વામિનારાયણની ધેય ધ્યાન કરવા યોગ્ય મૂર્તિનું હૃદયના આંતર સ્તર સુધી નિમગ્ન કરીને અષ્ટક ગાવાથી કે સાંભળવાથી ત્રિવિધ તાપનો (આધ્યાત્મિક, આધિદૈવિક, આધિભૌતિક) તત્કાળ નાશ થાય છે.

# સુખકન્દ શ્રી સહજાનંદનું ચિંતવન

॥ अष्टपदी ॥

नित्यं शुद्धमजं भुवनेश्वरमीशेशं किल विश्वेशम्,
मायापाशनिराकरणं शरणं निगमागमगीतगुणम् ॥
प्रगटीतसर्वकलं विकलं कमनं जनिमृत्युजराशमनं,
सर्वज्ञं श्रुतिसारं चिन्तय सुखकन्दं सहजानन्दम् ॥१॥
श्रेष्ठं यज्ञपति भूयिष्ठं विश्ववरिष्ठं धर्मिष्ठं दान्तं,
शान्तमखिलहृदिभान्तंसुललितमम्बुधिजाकान्तम् ॥
योगिध्येयमजेयमगेज्ञं विज्ञेयं निर्गतहेयं गोविन्द,
वरदेशं चिन्तय सुखकन्दं सहजानन्दम् ॥२॥
पुण्यं प्रेमवतीप्रियपुत्रं परमपवित्रं सच्चरितम्,
वागीशं वृषवंश विभूषणमादिगुरुं करुणाधारम् ॥
शाश्वतमब्जविलोचनरोचन मन्तकमोचनमतिसारं,
कालिदतमदध्नं चिन्तय सुखकन्दं सहजानन्दम् ॥३॥
स्वेच्छाविरचितविविधाकारं दिव्याकारघनाकारम्,
लीलाधृतवरमनुजाकारं विश्वविहारं भयहारम् ॥
पूर्णचतुर्दशलोकाधारं सर्वाधारमनाधारं,
श्रीवत्सांकमुदारं चिन्तय सुखकन्दं सहजानन्दम् ॥४॥
वेत्तारं नरकान्तकमव्ययमव्यक्तं परमानन्दम्,
सिद्धसुरासुरवंद्यपदं विपदन्तकरं जनतासुखदम् ॥
भक्तानुग्रहतत्परमादिमनादिमशेषगुणोपेतम्,
कोमलगात्रमनीहं चिन्तय सुखकन्दं सहजानन्दम् ॥५॥
वामं वामरिपुञ्जयविग्रहं सुरविनिग्रहमभिरामम्,
दुःखविमोचनमम्बुजरोचनमसुरविमोहनमार्तिहरम् ॥
भयविनिवारणमानततारण मागमधारणमवितारं,
श्यामं धनवदकामम् चिन्तय सुखकन्दं सहजानन्दम् ॥६॥

शर्मकलापं मधुरालापं विरमितनिजजनसंतापम्,

शिवकरजापं कुमतिदुरापं मुक्तकलापं हतपापम् ॥

विदलिततिष्यज कलुषकलापं धृतमतिचापं श्रितशापम्,

कटितटपुरटकलापम् चिन्तय सुखकन्दं सहजानन्दम् ॥७॥

बहुतरदिनकरचन्द्रछटाहरमवितचराचरमात्मरतिम्,

योगकलाधरमसुरभयं करममितगुणाकरमाधिहरम् ॥

धार्मिधर्मधुरंधरमीड्यमनेक जनाभयदातारम्,

कविनिष्कामविचिन्त्यम् चिन्तय सुखकन्दं सहजानन्दम् ॥८॥

*॥ इति निष्कामानन्दवर्णिविरचित सहजानन्दाष्टकम् ॥*

સુખકન્દ શ્રી સહજાનંદનું ચિંતવન

મનુષ્ય માત્ર સદા કોઈને કોઈ વિષયનું ચિન્તવન કર્યા જ કરતો હોય છે, ક્યારેક શુભ કે ક્યારેક અશુભ વિચારોનું ચિંતન સતત ચાલ્યા કરતું હોય છે તેથી તો કહેવાય છે કે મનને વશ કરવું અતિ કઠણ છે, શ્રીમદ્‌ભગવદ્ ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણને અર્જુનજી કહે છે - ॥ चंचल ही मनः ॥ એવા ચંચલ મનને જેમ મહારાજ વચનામૃતમાં ભૂતનું દ્રષ્ટાંત આપે કે તેને વાંસડો આપી રાખવો. ચડેને ઉતરે તેમ અહીં નિષ્કામાનંદ વર્ણી કહે છે ચિન્તવન કરવું તો એક ભગવાન પૂર્ણ પુરૂષોત્તમ શ્રીસ્વામિનારાયણ શ્રીસહજાનંદ સ્વામીનું કરવું તે કેવું કરવું તેનો મહિમા અને દિવ્ય અલૌકિક મહાપ્રતાપ કેવો છે તે સ્વયં આ સ્તોત્રમાં વર્ણન કરે છે.

**નિત્યં શુદ્‌ધમંજં ભુવનેશ્વરમીશેશં કિલ વિશ્વેશમ્,**

**માયાપાશનિરાકરણં શરણં નિગમાગમગીતગુણમ્ ॥**

**પ્રગટીતસર્વકલં વિકલં કમનં જનિમૃત્યુજરાશમનં,**

**સર્વજ્ઞં શ્રુતિસારં ચિન્તય સુખકન્દં સહજાનન્દમ્ ॥૧॥**

ભગવાન શ્રી સ્વામિનારાયણ શ્રીહરિ મહાપ્રભુ શ્રીસહજાનંદ સ્વામીનું સ્વરૂપ કેવું છે તો નિત્યં ત્રિકાળાબાધિત ભૂતકાળ ભવિષ્યકાળ અને વર્તમાનકાળમાં સદા સ્થિર એક સમાન ભાવે રહે છે. શુદ્ધ કોઈ પણ પ્રકારના

દૂષણ માયિકભાવ રહિત શુદ્ધ છે, અજ જન્મ મૃત્યુથી રહિત છે. અજન્મા છે અને ક્યારેય જરા વૃદ્ધાવસ્થા આવતી નથી એવા છે. સમગ્ર ભુવનના ઈશ નિયન્તા સ્વામી છે અર્થાત માલિક છે. ઈશ્વરોના પણ ઈશ્વર નિયન્તાઓના પણ નિયન્તા છે. સમગ્ર વિશ્વના ઈશ્વર છે. સમગ્ર વિશ્વના જીવ માત્રને ઈચ્છવા યોગ્ય છે ભજવા યોગ્ય છે. કારણ કે તેમના આશ્રય કરવાથી શરણે જવાથી જ જીવ માયાના બંધનથી પાશથી મુક્ત થઇ શકે છે. જેનું શરણ સ્વીકારવાથી માયાનું બંધનનું નિરાકરણ આવે છે. એવા મહાન સદ્‌ગુણો તેમનામાં સદા રહ્યા છે. એવું સદા સર્વ શાસ્ત્રો વેદો ઉપનિષદો ઈતિહાસ અને પુરાણો ગાન કરે છે વખાણ કરે છે વર્ણન કરે છે. તે પરંબ્રહ્મપરમાત્મા સ્વયં સર્વકળાઓ સહિત પૂર્ણ રૂપે આ પૃથ્વી ઉપર પ્રગટ પ્રમાણ વિચરે છે. કોઇ પણ પ્રકારની કળા શક્તિ સામર્થ્ય રહિત અને વિંકૃત સ્વભાવના અને વિકૃત મનવાળા કુત્સત મનોભાવ વાળા જન્મ અને મૃત્યુના પાશમાં જકડાયેલા વૃદ્ધાવસ્થાના દુઃખો ભોગવતા જીવોને શાન્તિ આપવા બંધનોનું શમન કરવા નાશ કરવા આ કળિકાળમાં મનુષ્ય દેહ ધારણ કરીને વિચરણ કરે છે. એવા સર્વજ્ઞ જીવપ્રાણી માત્રના મન વાણી અને કર્મને જાણનારા છે. તેવું શ્રૃતિ અર્થાત વેદ વાક્યનો સાર પણ એમ જ કહે છે અથવા સાંભળવાનો સાર પણ એમના જ ગુણગાન છે, એવા મારા ઈષ્ટ દેવ ભગવાન શ્રીસ્વામિનારાયણ સુખના કંદ છે અર્થાત કંદ જેમાંથી કોઇ વસ્તુ ક્યારેય વિપરિત સ્વાદ વાળી નથી હોતી. જેમ કે સાકરનો ગાંગડો હોય તે ઉપરથી નીચેથી કે વચમાથી કોઇ પણ ભાગેથી ચાખો એક જ સરખો સ્વાદ આવે છે તેમ સર્વ પ્રકારે જીવને સુખ આપે માટે સહજ માં થોડા જ સત્કાર્યમાં ભજન ભક્તિ કે ધર્માચરણ કરવાથી પોતાના અવિનાશી અક્ષરધામનું મહાન સુખ આપે એવા સહજાનંદ સ્વામીનું ચિંતવન કરો. (૧)

**શ્રેષ્ઠં યજ્ઞપતિ ભૂયિષ્ઠં વિશ્વવરિષ્ઠં ધર્મિષ્ઠં દાન્તં,**
**શાન્તમખિલહૃદિભાન્તંસુલલિતમમ્બુધિજાકાન્તમ્ ॥**
**યોગિધ્યેયમજેયમગેજ્ઞં વિજ્ઞેયં નિર્ગતહેયં ગોવિન્દ,**
**વરદેશં ચિન્તય સુખકન્દં સહજાનન્દમ્ ॥૨॥**

જેમનું વર્તન આચરણ અને વાણી સદા સર્વપ્રકારે અતિ ઉત્તમ છે શ્રેષ્ઠ છે. જગતમાં જેટલા પ્રકારના યજ્ઞ છે જેમ કે ગીતાજીમાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે યજ્ઞોમાં હું જપ યજ્ઞ છું. આ સિવાયના જેટલા પણ યજ્ઞો છે તે સર્વના પતિ અર્થાત સ્વામી નિયન્તા છે. આ ભૂમિ ઉપર વસતા સર્વને ઈચ્છનીય છે પ્રાપ્ત કરવા જેવા છે. અનંત કોટી બ્રહ્માડોમાં સમગ્ર વિશ્વમાં સર્વથી વરિષ્ઠ છે. પ્રતાપથી ગુણથી અને ઐશ્વર્યથી મોટા છે. સદા સર્વ પ્રકારે બધાજ ધર્મમાં વર્તવા વાળા છે ધર્મનિષ્ઠ છે. જીવોને સુખ આપવામાં પોતાના અક્ષરધામ આપવામાં ઉદાર છે. સદા શાન્ત છે. શાન્ત સ્વાભવના છે અન્તઃશત્રુઓના વિકારથી રહિત છે. સમગ્ર બ્રહ્માંડોના જીવમાત્રના અન્તઃકરણમાં રહીને દિવ્ય પ્રકાશ જે આત્મા પરમાત્માના જ્ઞાન રૂપી પ્રકાશ રૂપે દેખાય છે. સ્વચ્છ નિર્મળ શાન્ત જળનો મહાન સાગરના જેવી જેમની ક્રાન્તિ છે. વર્ણ છે રંગ છે. જે સ્વરૂપનું યોગીઓ પોતાના હૃદયમાં અષ્ટાંગ યોગ સિદ્ધ કરીને ધ્યાન કરે છે. જે સદા અજેય છે. કોઈ પ્રકારે તેમના સ્પરૂને જીતી શકાતું નથી. સમાધિમાં પણ જેમને પૂર્ણ સ્વરૂપે જાણી શકાતા નથી. તો પણ પોતાના શરણાગત ભક્તોને વિજ્ઞેય વિશેષ રૂપે કરીને ઓળખી શકાય જાણી શકાય તેવા છે. જેમના સ્વરૂપ સર્વ પ્રકારના અનિચ્છનીય દોષોથી રહિત છે. કોઈ પણ પ્રકારના નિંદનીય ગુણો કામ ક્રોધ લોભાદિ તેમાં ક્યારેય નથી. સર્વ ઈન્દ્રિયોના સમુદાયને પોતાના વશમાં રાખનારા છે. પોતાનું ભજન કરનારા આશ્રયે આવનારા સર્વ ભક્તોને અનેક પ્રકારના વરદાન આપવા વાળા છે. એવા મારા ઈષ્ટ દેવ ભગવાન શ્રીસ્વામિનારાયણ સુખના કંદ છે અર્થાત કંદ જેમાંથી કોઈ વસ્તુ ક્યારેય વિપરિત સ્વાદ વાળી નથી હોતી. જેમ કે સાકરનો ગાંગડો હોય તે ઉપરથી નીચેથી કે વચમાથી કોઈ પણ ભાગેથી ચાખો એક જ સરખો સ્વાદ આવે છે તેમ સર્વ પ્રકારે જીવને સુખ આપે માટે સહજમાં થોડા જ સત્કાર્યમાં ભજન ભક્તિ કે ધર્માચરણ કરવાથી પોતાના અવિનાશી અક્ષરધામનું મહાન સુખ આપે એવા સહજાનંદ સ્વામીનું ચિંતવન કરો. (૨)

**પુણ્યં પ્રેમવતીપ્રિયપુત્રં પરમપવિત્રં સચ્ચરિતમ્,**
**વાગીશં વૃષવંશ વિભૂષણમાદિગુરું કરુણાધારમ્ ।।**
**શાશ્વતમબ્જવિલોચનરોચન મન્તકમોચનમતિસારં,**
**કાલિદતમદધ્નં ચિન્તય સુખકન્દં સહજાનન્દમ્ ।।૩।।**

ત્રણેય કાળમાં ત્રણેય સ્થિતિમાં ત્રણેય અવસ્થમાં સદા સત્કર્મ જગતના હિતનું કાર્ય પુણ્ય કાર્ય જ કરવાવાળા છે. અને માતા પ્રેમવતી દેવીના અતિ પ્રિય પુત્રસ્વરૂપે આ પૃથ્વી ઉપર મનુષ્ય જન્મ ધારણ કરેલ છે. જેઓ મન કર્મ વાણી અને દેહથી અતિ પવિત્ર છે. પરમ ભાગવદ્‌ભક્ત વેદાધ્યન પરાયણ પવિત્ર બ્રાહ્મણ કુળમાં દેહ ધારણ કર્યો છે. જેમનું ચારિત્ર્ય સત્ય પરાયણ છે. મન કર્મ અને વાણીથી સદા સત્યનું જ આચરણ કરાનાર છે. સત્ય અને પવિત્ર વાણીના ઈશ છે. અર્થાત જ્યાં સત્ય વાણીનો ઉપયોગ થાય ત્યાં જ તેમનો વાસ હોય છે. વૃષ જે ધર્મદિવના વંશમાં દેહ ધારણ કરેલ છે. અથવા જે ધર્મ સર્ગ સત્ય દયા અહિંસા આદિ જ્યાં છે ત્યાં જ શ્રીહરિ છે. જગતમાં જીવ માત્રને આત્યન્તિક મોક્ષ અને સર્વોપરી ઉપાસનાનો ઉપદેશ આપનારા ગુરૂઓમાં સૌ પ્રથમ પોતે ગુરૂ સ્થાનને અતિ શોભાયમાન કરવા સ્વયં વિરાજમાન થયા છે. સંસાર સાગરમાં ડૂબતા અને દુઃખ ભોગવતા જીવો ઉપર અતિ દયાએ યુક્ત કરૂણાને ધારણ કરનારા છે. જે દયા અને કરૂણાને સદાય શાશ્વત ધારણ કરી રાખે છે. સરોવરમાં ઉત્પન્ન થયેલ કમળ તેની શોભા સદાય ધારણ કરી રાખે છે તેમ તેવાજ કમળ સમાન નેત્રો વાળા મનગમતા રૂચિકર દૃષ્ટિથી દેખે છે. કાળ અને મૃત્યુથી જીવમાત્રને છોડાવનારા છે. જીવન માટે તે શ્રીહરિ સારમાં સાર મેળવવા માટે અતિ શ્રેષ્ઠ છે. જે પ્રભુએ માતા પ્રેમવતીના ઉદરે જન્મ ધારણ કરીને અત્યન્ત માયાવી કાલીદત્ત નામના અસુરનો ઘમંડ અભિમાનનો નાશ કર્યો છે. એવા મારા ઈષ્ટ દેવ ભગવાન શ્રીસ્વામિનારાયણ સુખના કંદ છે અર્થાત કંદ જેમાંથી કોઈ વસ્તુ ક્યારેય વિપરિત સ્વાદ વાળી નથી હોતી જેમ કે સાકરનો ગાંગડો હોય તે ઉપરથી નીચેથી કે વચમાથી કોઈ પણ ભાગેથી ચાખો એક જ સરખો સ્વાદ

આવે છે તેમ સર્વ પ્રકારે જીવને સુખ આપે માટે સહજમાં થોડા જ સત્કાર્યમાં ભજન ભક્તિ કે ધર્માચરણ કરવાથી પોતાના અવિનાશી અક્ષરધામનું મહાન સુખ આપે એવા સહજાનંદ સ્વામીનું ચિંતવન કરો. (૩)

**સ્વેચ્છાવિરચિતવિવિધાકારં દિવ્યાકારઘનાકારમ્,**
**લીલાધૃતવરમનુજાકારં વિશ્વવિહારં ભયહારમ્ ॥**
**પૂર્ણચતુર્દશલોકાધારં સર્વાધારમનાધારં,**
**શ્રીવત્સાંકમુદારં ચિન્તય સુખકન્દં સહજાનન્દમ્ ॥૪॥**

અનંત કોટી બ્રહ્માંડોના અધિપતિ એવા પરમેશ્વર પોતાની જ ઈચ્છાએ કરીને આ પૃથ્વી ઉપર વિવિધ પ્રકારના આકાર ધારણ કરે છે. અર્થાત વિવિધ દેહ ધારણ કરે છે. જેમ કે મત્સ્ય, કચ્છ, વરાહ, વામન, નૃસિંહ, રામ, કૃષ્ણ એવી જ રીતે સ્વામિનારાયણ નામે જન્મ ધારણ કરે છે. જે જે દેહ કે આકાર ધારણ કરે છે તે મનુષ્ય હોય કે પશુ પક્ષીનો આકાર પરન્તુ તે સર્વ દેહ દિવ્ય હોય છે. સર્વ પ્રકારે તેમાં દિવ્યતા રહેલ હોય છે. કોઈ એક દેહ કે અંગ દિવ્ય છે તેમ નહી પણ સાકરના ગાંગડાની જેમ ઘન સ્વરૂપે તેમાં દિવ્યતા રહેલ છે. દેહ ધારણ કરવો અને છોડવો તે તો તે પરમેશ્વરની કેવળ લીલામાત્ર છે. પછી તે મનુષ્યનો દેહ ધારે કે અન્ય કોઈ પણ પ્રકારની આકૃતિ ધારણ કરે તે માત્ર જગતને દેખાડવા માટે છે. પોતે તો સદા દ્વિભૂજ દિવ્ય સાકાર નરાકૃતિ જ છે. અનેક પ્રકારના દેહ ધારણ કરીને અનંતકોટી બ્રહ્માડોમાં વિશ્વમાં વિચરણ કરે છે. તે કેવળ જીવના હૃદયમાંથી જન્મ મૃત્યુના ભયને દૂર કરવા માટે છે. પોતે સ્વયં પૂર્ણકામ છે તેમને કોઇ પ્રકારની ઈચ્છા કે કામના નથી. છતાં ચૌદ લોકને ધારણ કરી રહ્યા છે અને ચૌદ લોકના આધાર પણ સ્વયં જ છે. અનંતકોટી બ્રહ્માંડોના આધાર સર્વાધાર છે. જેનો કોઈ આધાર નથી તેના પણ શ્રીહરિ જ આધાર છે. અને જેમણે ઉદારતા પૂર્વક પોતાના વક્ષ સ્થળમાં શ્રીવત્સનું ચિન્હ ધારણ કરી રાખેલ છે. એવા મારા ઈષ્ટ દેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ સુખના કંદ છે અર્થાત કંદ જેમાંથી કોઇ વસ્તુ ક્યારેય વિપરિત સ્વાદ વાળી નથી હોતી. કેમ કે સાકરનો ગાંગડો

હોય તે ઉપરથી નીચેથી કે વચમાથી કોઇ પણ ભાગેથી ચાખો એક જ સરખો સ્વાદ આવે છે તેમ સર્વ પ્રકારે જીવને સુખ આપે માટે સહજમાં થોડા જ સત્કાર્યમાં ભજન ભક્તિ કે ધર્માચરણ કરવાથી પોતાના અવિનાશી અક્ષરધામનું મહાન સુખ આપે એવા સહજાનંદ સ્વામીનું ચિંતવન કરો. (૪)

**વેત્તારં નરકાન્તકમવ્યયમવ્યક્તં પરમાનન્દમ્,**
**સિદ્ધસુરાસુરવંદ્યપદં વિપદન્તકરં જનતાસુખદમ્ ॥**
**ભક્તાનુગ્રહતત્પરમાદિમનાદિમશેષગુણોપેતમ્,**
**કોમલગાત્રમનીહં ચિન્તય સુખકન્દં સહજાનન્દમ્ ॥૫॥**

સર્વજ્ઞ છે. ભૂત ભવિષ્યને વર્તમાનને જાણે છે. જીવના પ્રારબ્ધ સંચિત અને ક્રિયમાણ કર્મને પણ જાણે છે. તે જાણીને જીવના ઉપરથી નરકના દુઃખનો નાશ કરે છે. છતાં અવ્યક્ત પણ રહે છે. અર્થાત કોઇને જાણ્યામાં આવતા નથી. કોઇ જાણી શકતું નથી. તેવા અવ્યય સ્વરૂપે રહે છે. જેમનો કોઇ પ્રકારે વધારો ઘટાડો કે બાળ યુવા કે વૃદ્ધાવસ્થા જેવો વિકાર થતો નથી. મન વાણીથી જેનું વર્ણન ન થઇ શકે જીવ જેનો પાર ન પામી શકે તેવા દિવ્ય અલૌકિક અક્ષરધામના આનંદમાં સદા મસ્ત રહે છે. અષ્ટાંગ યોગ સિદ્ધ કરનારા મોટા સિદ્ધો અને ત્રિલોકીના દેવતાઓ અસુરોના અધિપતિઓ પણ જેમના ચરણને સદા વંદન કરે છે. શરણે આવનારા સર્વની બધા જ પ્રકારની વિપત્તિઓનો નાશ કરનારા છે. સમગ્ર બ્રહ્માંડોની વિશ્વની જનતાને સુખ આપનારા છે. પોતાના ભક્તો ઉપર અનુગ્રહ કરીને અવિનાશી એવું જે પોતાનું અક્ષરધામ તે આપવા સદા તત્પર રહે છે.તૈયાર રહે છે. આદિ એટલે કે પ્રથમથી ગણત્રી કરો અને અન્ત સુધી જેટલા ગુણો ગણી શકો તે બધા જ ગુણો કોઇ પણ સદ્‌ગુણ બાકી ન રહે તે બધાજ ગુણોથી યુક્ત છે. એવો સુંદર દેહ ધારણ કર્યો છે કે જેમના સર્વ અંગો ગાત્રો એટલા બધા કોમલ કમલની પાંખડી જેવા છે. કોઇ પણ અંગની ટીકા થઇ શકે તેમ નથી. એવા મારા ઈષ્ટ દેવ ભગવાન શ્રીસ્વામિનારાયણ સુખના કંદ છે અર્થાત કંદ જેમાંથી કોઇ વસ્તુ ક્યારેય વિપરિત સ્વાદ વાળી નથી હોતી કેમ કે સાકરનો ગાંગડો

હોય તે ઉપરથી નીચેથી કે વચમાથી કોઇ પણ ભાગેથી ચાખો એક જ સરખો સ્વાદ આવે છે તેમ સર્વ પ્રકારે જીવને સુખ આપે માટે સહજમાં થોડા જ સત્કાર્યમાં ભજન ભક્તિ કે ધર્માચરણ કરવાથી પોતાના અવિનાશી અક્ષરધામનું મહાન સુખ આપે એવા સહજાનંદ સ્વામીનું ચિંતવન કરો. (૫)

**વામં વામરિપુઞ્જયવિગ્રહં સુરવિનિગ્રહમભિરામમ્,**
**દુઃખવિમોચનમમ્બુજરોચનમસુરવિમોહનમાર્તિહરમ્ ॥**
**ભયવિનિવારણમાનતતારણ માગમધારણમવિતારં,**
**શ્યામં ઘનવદકામમ્ ચિન્તય સુખકન્દં સહજાનન્દમ્ ॥૬॥**

સદા ઐકેશ્વર સિદ્ધાન્તનું પ્રતિપાદન કરનારા છે. એકલાજ એકાન્તમાં રહેવાની અને નૈષ્ટિક બ્રહ્મચર્ય વ્રત ધારણ કરવાની રૂચિવાળા છે. મનુષ્ય દેહ તો એવો સુંદર ધારણ કર્યો છે કે જેને જોઇને સાક્ષાત્ કામદેવ પણ લજ્જા પામે છે. અર્થાત કામદેવને જીતી લેવો જેમના માટે કોઇ મોટી વાત નથી તે તો સહજતાથી જીતેલ છે. મોટા દેવતાઓનું નિગ્રહ વશ કરે તેવું સુંદર શરીરના દર્શન થતાં મનને અતિ આનંદ આપે છે. દર્શન માત્રથી જીવોને ભયાનક દુઃખોથી તત્કાળ જ મુક્ત કરે છે. શાન્તસાગરના નિર્મળ જળના જેવા સુંદર રૂચિકર દેહના દર્શન કરીને મોટા મોટા દેવતાઓ પણ મોહ પામી જાય છે. અને સતત નિરખ્યા જ કરે છે જેથી તેમના સર્વ પ્રકારના દુઃખો કષ્ટો નાશ પામી જાય છે. અસુરોનો અન્તઃ શત્રુઓનો ભયનું નિવારણ કરે એવા જેમના દર્શન છે. જન્મ મૃત્યુ જરા વ્યાધિ અને સંસારસાગરના દુઃખોથી તારનારા છે. આગમ રૂપી વેદની શ્રુતિઓના અર્થને ધારણ કરે છે. અર્થાત વેદની શ્રુતિઓ જે પ્રતિપાદન કરે છે તે સર્વ ઐશ્વર્યો શ્રીહરિએ ધારણ કરીને આ મનુષ્ય અવતાર ધારણ કરેલ છે. મેઘના જેવા શ્યામ સુંદર મનુષ્ય શરીરે કરીને જે ક્યારેય ન જીતી શકાય તેવા શરીરમાં અતિ વ્યાપ્ત કામદેવને જેમણે જીતી રાખ્યો છે. એવા મારા ઈષ્ટ દેવ ભગવાન શ્રીસ્વામિનારાયણ સુખના કંદ છે અર્થાત કંદ જેમાંથી કોઇ વસ્તુ ક્યારેય વિપરિત સ્વાદ વાળી નથી હોતી જેમ કે સાકરનો ગાંગડો હોય તે ઉપરથી નીચેથી કે વચમાથી કોઇ

પણ ભાગેથી ચાખો એક જ સરખો સ્વાદ આવે છે તેમ સર્વ પ્રકારે જીવને સુખ આપે માટે સહજમાં થોડા જ સત્કાર્યમાં ભજન ભક્તિ કે ધર્માચરણ કરવાથી પોતાના અવિનાશી અક્ષરધામનું મહાન સુખ આપે એવા સહજાનંદ સ્વામીનું ચિંતવન કરો. (૬)

**શર્મકલાપં મધુરાલાપં વિરમિતનિજજનસંતાપમ્,**
**શિવકરજાપં કુમતિદુરાપં મુક્તકલાપં હતપાપમ્ ॥**
**વિદલિતતિષ્યજ કલુષકલાપં ધૃતમતિચાપં શ્રિતશાપમ્,**
**કટિતટપુરટકલાપમ્ ચિન્તય સુખકન્દં સહજાનન્દમ્ ॥૭॥**

જીવોને બંધનોથી મુક્તિ આપવામાં અતિ કુશળતા પૂર્વકની યુક્તિઓ સમજાવનારા છે. જ્યારે પણ કોઇ ભજન કે કીર્તનનું ગાન કરે છે ત્યારે સંગીતમય મધુર આલાપ સાંભળીને પોતાના ભક્તોના સર્વ પ્રકારના સંતાપો દુઃખો કષ્ટો તત્કાળ વિરામ પામી જાય છે.જેમના નામોનો જપ જીવ માત્રને કલ્યાણ કરનારો છે. આત્યન્તિક મહામોક્ષ આપે છે. જીવના હૃદયમાં રહેલી કુબુદ્ધિ દુઃષ્ટબુદ્ધિને દૂર કરીને શ્રેષ્ઠબુદ્ધિ સદ્બુદ્ધિ આપે છે. જેનું ગાન કે જપ મોટા મોટા અક્ષરમુક્તો વિવિધ પ્રકારની રાગરાગીણીઓમાં કલાએ યુક્ત સદા કરે છે. જેનાથી જીવોના પ્રારબ્ધ સંચિત અને ક્રિયમાણ પાપોનો નાશ થાય છે. જગતમાં કલંક લગાડનારા કામ ક્રોધ લોભાદિ અન્તઃશત્રુઓનો નાશ થાય છે. કળિયુગના દૂષણો હિંસા, વ્યભિચાર, અભક્ષ્યનું ભક્ષણ જેવા કલંકિત આચરણોથી થતાં પાપો નાશ પામે છે. ધૃતિ, ક્ષમા, દયા, શાંતિ, સહનશીલતા અને ઉત્તમબુદ્ધિનો ઉદય થાય છે. પોતાના આશ્રયે આવેલા સર્વને પૂર્વમાં દુર્વાસા ઋષિએ આપેલા શ્રાપથી છોડાવીને પોતાના દિવ્ય અક્ષરધામના અધિકારી કર્યા છે. શરણે આવેલાને મહાન અગાધ લાગતો સંસાર સાગર કેડ્ય સમાન થઇ જાય છે. અથવા જેમણે પોતાની કેડય ઉપર સુંદર કલા કારીગરી યુક્ત કળાયુક્ત રંગીન વસ્ત્ર ભેટ બાંધી રાખી છે એવા મારા ઈષ્ટ દેવ ભગવાન શ્રીસ્વામિનારાયણ સુખના કંદ છે અર્થાત કંદ જેમાંથી કોઇ વસ્તુ ક્યારેય વિપરિત સ્વાદ વાળી નથી હોતી જેમ કે સાકરનો ગાંગડો હોય તે

ઉપરથી નીચેથી કે વચમાથી કોઇ પણ ભાગેથી ચાખો એક જ સરખો સ્વાદ આવે છે તેમ સર્વ પ્રકારે જીવને સુખ આપે માટે સહજમાં થોડા જ સત્કાર્યમાં ભજન ભક્તિ કે ધર્માચરણ કરવાથી પોતાના અવિનાશી અક્ષરધામનું મહાન સુખ આપે એવા સહજાનંદ સ્વામીનું ચિંતવન કરો. (૭)

**બહુતરદિનકરચન્દ્રછટાહરમવિતરચાચરમાત્મરતિમ્,**
**યોગકલાધરમસુરભયં કરમમિતગુણાકરમાધિહરમ્ ॥**
**ધાર્મિધર્મધુરંધરમીડ્યમનેક જનાભયદાતારમ્,**
**કવિનિષ્કામવિચિન્ત્યમ્ ચિન્તય સુખકન્દં સહજાનન્દમ્ ॥૮॥**

કોટી કોટી સૂર્ય અને ચન્દ્રના પ્રકાશથી પણ અતિ તેજસ્વી સ્વયં પ્રકાશે યુક્ત એવું જે પોતાનું દિવ્ય અક્ષરધામ જ્યાં સુધી જગતનો કોઇ ચર કે અચર જીવ ક્યારેય પહોંચી શકતો નથી એવા દિવ્ય અક્ષરધામમાં બિરાજમાન થઇને સ્વસ્વરૂપનું આત્મસ્વરૂપનું સદા ચિંતવન કરે છે. અષ્ટાંગ યોગની કળાઓને યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર ધારણા, ધ્યાન અને સમાધિ તથા યોગની ક્રિયાઓ નેતિ ધોતિ બસ્તી કુંજર કપાલભાતિ શક્તિપાત કુંડલીની અને ત્રાટકને ધારણ કરી રહ્યા છે અર્થાત આ બધી કળાઓને પોતે કરે છે અને પોતાના આશ્રિતોને શિક્ષા આપે છે. આસુરી વૃતિવાળા કુબુદ્ધિ વાળાઓને જેમના દર્શન અતિ ભયંકર દેખાય છે. પોતાના આશ્રિત ભક્તોને તેજ દર્શન અત્યન્ત ગુણકારક દેખાય છે. અને આધિ વ્યાધિ અને ઉપાધિનો નાશ કરનાર છે. જેમનું સ્વરૂપ સદા ધર્મને ધારણ કરીને રહે છે. એવા ધાર્મિક છે અર્થાત જે મનુષ્યો ધર્મનું આચરણ કરીને તેમનો આશ્રય કરે છે ભજન કરે છે. તેવા જનોને જીવોને મનુષ્યોને સર્વપ્રકારના ભયથી અભયદાન આપે છે. એટલા માટે જ કવિ અર્થાત આર્ષદૃષ્ટા ત્રિકાળજ્ઞાની નિષ્કામાનંદ વર્ણી તેમનું સદા ચિન્તવન કરે છે. એવા મારા ઈષ્ટ દેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ સુખના કંદ છે અર્થાત કંદ જેમાંથી કોઇ વસ્તુ ક્યારેય વિપરિત સ્વાદ વાળી નથી હોતી કેમ કે સાકરનો ગાંગડો હોય તે ઉપરથી નીચેથી કે વચમાથી કોઇ પણ ભાગેથી ચાખો એક જ સરખો સ્વાદ આવે છે તેમ

સર્વ પ્રકારે જીવને સુખ આપે માટે સહજમાં થોડા જ સત્કાર્યમાં ભજન ભક્તિ કે ધર્માચરણ કરવાથી પોતાના અવિનાશી અક્ષરધામનું મહાન સુખ આપે એવા સહજાનંદ સ્વામીનું ચિંતવન કરો. (૮)

# શ્રીહરિકૃષ્ણને ભજો

॥ कोकिलवृत्तं ॥

विहरति योऽक्षरेक्षरपदाक्षरमुक्तपतिः पुरुषविधो विधिंविधिहरीश्वरमुख्यबुधाः ।
शिरसिवहन्ति ते समुदितं किल येन मुदा हृदि तमजं भजे भवहरं हरिकृष्णमहम् ॥१॥
प्रकृतिमया गुणा न च भवन्ति हि यत्र हरौ इति निगमागमा अपि वदन्ति च निर्गुणकम् ।
इति सगुणं गणैरपि युतं परदिव्यशुभैर्हृदि तमजं भजे भवहरं हरिकृष्णमहम् ॥२॥
शमदमकौशलस्मृतितपोबलकान्तिभगश्रुत–शुचिसत्यतास्ववशतार्जवकीर्तिमुखाः ।
अपरिमिता गुणा ध्रुवतयात्र वसन्ति सदा हृदि तमजं भजे भवहरं हरिकृष्णमहम् ॥३॥
प्रकृतिपराक्षरे बृहतिधामनि मूर्तिधरेर्निगमनिजायुधैश्च निजपार्षदमुख्यगणैः ।
उरूय उपस्यतेऽपि रमया रमणीयतनुर्हृदि तमजं भजे भवहरं हरिकृष्णमहम् ॥४॥
निखिलभगैश्च योऽक्षरपदे दिवि देवगणैरखिलविभूतिभिर्विभवभूमिरुपास्यत ए ।
रतिपतिदर्पहारमणरम्यकरुपनिधिर्हृदि तमजं भजे भवहरं हरिकृष्णमहम् ॥५॥
विजितमनोभवा भुविभजन्ति च यं सततं शमदमसाधनैः प्रशमितेन्द्रियवाजिरयाः ।
प्रकटितमानुषाकृतिमिमे मुनिदेवगणा हृदि तमजं भजे भवहरं हरिकृष्णमहम् ॥६॥
द्विजवृषसाधुगोमुनिगणानवितुं भुवि यो वृषभवने वृषादधृतजनिर्जनको जगताम् ।
प्रकृतिभुवामपि प्रशमितुं यदधर्मकुलं हृदि तमजं भजे भवहरं हरिकृष्णमहम् ॥७॥
ऋषिभिरभिष्टुतो नृपगणैर्नतपादतलः श्रुतिशिरसां गणैरुदितसूज्ज्वलकीर्तिरसौ ।
अतिकृतिभिः प्रगीत इति यः कविकोकिलकैर्हृदि तमजं भजे भवहरं हरिकृष्णमहम् ॥८॥

*॥ इति योगानन्दमुनिविरचितं भजनाष्टकम् ॥*

ભગવાન શ્રીસ્વામિનારાયણના પરમહંસોમાં કવિઓ સંસ્કૃતના વિદ્વાનો અને શાસ્ત્રીય સંગીતના ધુરંધરો હતા તેમાં યોગાનંદમુનિ ત્રણેય અંગોમાં પારંગત સંગીત સંસ્કૃત સહિત્ય અને કવિતાઓ રચવામાં કુશળતાની સાથે શૂરવીરતાના અંગવાળા હતા. તેથી જ તેઓશ્રીને સ્વયં ભગવાન

શ્રીસ્વામિનારાયણે કવિઓમાં આ તો કોકિલ કંઠ છે તેમ કહીને તેમનું બહુમાન કરેલ છે. અને પોતાના કંઠમાંથી પુષ્પનો હાર તેમને પહેરાવેલ છે. એવા શ્રીહરિના કૃપાપાત્ર યોગાનંદમુનિએ અહીં ભગવાનની ભક્તિ કરવી, ધર્મનિયમમાં રહેવું અને આત્યન્તિક મોક્ષ મેળવવો એજ જીવનું અંતિમ લક્ષ છે. તેના માટે પરમેશ્વરનું કેવી રીતે ભજન કરવું તે આ અષ્ટકમાં દર્શાવેલ છે.

**વિહરતિ યોઽક્ષરેક્ષરપદાક્ષરમુક્તપતિઃ પુરુષવિધો વિધિંવિધિહરીશ્વરમુખ્યબુધાઃ।**
**શિરસિવહન્તિ તે સમુદિતં કિલ યેન મુદા હૃદિ તમજં ભજે ભવહરં હરિકૃષ્ણમહમ્॥૧॥**

જે પરબ્રહ્મ પરમાત્મા દિવ્ય સાકાર મનુષ્યાકૃતિ ધારણ કરીને સદા સર્વદા અક્ષરમાં અર્થાત અક્ષરમુક્તોના સમુદાયમાં વિચરણ કરે છે. અનંતકોટી અક્ષરમુક્તોના પતિ નિયન્તા અધિપતિ એવા પરબ્રહ્મ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રીકૃષ્ણપુરુષોત્તમનારાયણ પાંચસો પરમહંસોની સાથે જગતના અનંત જીવોને અક્ષરમુક્તના પદે પહોંચાડવા વિચરણ કરે છે. એવી રીતે માનવ શરીરમાં પુરૂષાકૃતિ ધારણ કરી રહેલાં પરમેશ્વરની વિધિપૂર્વક બ્રહ્માજી શિવજી અને વિષ્ણજી અને બીજા તે પરમાત્માના સ્વરૂપના જ્ઞાનવાળા જ્ઞાની વિદ્વાનો પણ પૂજન અર્ચન સ્તુતિ પ્રાર્થના કરે છે. એવી રીતે વેદોની શ્રુતિઓનો સમુદાય પણ પ્રથમ સ્થાને તે જ પરમેશ્વરનું જ ગાન કરે છે. તેમની પ્રાર્થનાથી જ સમગ્ર જગત સર્વ પ્રકારે સુખમય રહે છે. એવા જીવના હૃદયમાં રહેલાં અજ્ઞાન રૂપી અંધકાર અહં અને મમત્વ રૂપી માયાના અજ્ઞાનને નાશ કરવા અને ભવબંધનથી છૂટવા અને આત્યન્તિક મોક્ષ પ્રાપ્ત કરવા હે જીવ તું આ કળિકાળમાં મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરતા ભગવાનશ્રીહરિકૃષ્ણ નામ ધારી શ્રી સ્વામિનારાણ ભગવાનનું ભજન કર. (૧)

**પ્રકૃતિમયા ગુણા ન ચ ભવન્તિ હિ યત્ર હરૌ ઈતિ નિગમાગમા અપિ વદન્તિ ચ નિર્ગુણકમ્।**
**ઈતિ સગુણં ગણૈરપિ યુતં પરદિવ્યશુભૈર્હૃદિ તમજં ભજે ભવહરં હરિકૃષ્ણમહમ્॥૨॥**

પ્રકૃતિ થી ઉત્પન્ન થનારા ગુણો માયિક ગુણો જે સત્વગુણ રજોગુણ અને તમોગુણ અને તેના વિકારો ક્યારેય પણ આ મનુષ્યાકૃતિ ધારણ કરેલા શ્રીહરિમાં

હોતા નથી. તેમ વેદની શ્રુતિઓ સ્મૃતિઓના વાક્યો કહે છે. અને તેથી જ તેમના સ્વરૂપને નિર્ગુણ અર્થાત માયાજન્ય કોઇ પ્રકારના ગુણ સ્વભાવથી રહિત છે તેમ કહે છે. એવા હોવા છતાં તે પરમેશ્વર સગુણ મનુષ્યાકૃતિ મનુષ્યના જેવા રૂપને ધારણ કરીને દિવ્ય એવા સમગ્ર કલ્યાણકારી શુભ ગુણોથી યુક્ત છે જે અક્ષરમુક્તોથી પણ પર છે અર્થાત તેમના મહિમાને કે તેમના સ્વરૂપના જ્ઞાનને અક્ષરમુક્તો પણ પાર પામી શકતા નથી. એવા જીવના હૃદયમાં રહેલાં અજ્ઞાન રૂપી અંધકાર અહં અને મમત્વ રૂપી માયાના અજ્ઞાનને નાશ કરવા અને ભવબંધનથી છૂટવા અને આત્યન્તિક મોક્ષ પ્રાપ્ત કરવા હે જીવ તું આ કળિકાળમાં મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરતા ભગવાનશ્રીહરિકૃષ્ણ નામ ધારી શ્રીસ્વામિનારાણ ભગવાનનું ભજન કર. (૨)

**શમદમકૌશલસ્મૃતિતપોબલકાન્તિભગશ્રુત-શુચિસત્યતાસ્વવશતાર્જવકીર્તિમુખાઃ।**
**અપરિમિતા ગુણા ધ્રુવતયાત્ર વસન્તિ સદા હૃદિ તમજં ભયે ભવહરં હરિકૃષ્ણમહમ્ ॥૩॥**

મનુષ્ય શરીર ધારણ કરીને વિચરણ કરતાં એવા ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વરૂપમાં મુખ્ય પણે સદા સ્થિર થઇને શમ- ઇન્દ્રિઓના વિકારોનું શમન કરવું. દમ- ઈન્દ્રિઓનું દમન કરવું. કૌશલ-નિપુણ પણું જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ ઈચ્છાશક્તિને કાર્યાન્વિત કરવામાં કુશળતા છે. સ્મૃતિ- ભૂત ભવિષ્ય અને વર્તમાન ત્રણેય કાળનું જેમને સદા સ્મરણ રહે ભક્તોની ઉપર કૃપા કરવાનું. તપ- ઇન્દ્રિઓને વિષયોમાં ન જવા દેવી સ્વસ્વરૂપમાં જોડી રાખવી. બલ- જગતની ઉત્પતિ સ્થિતિ પ્રલયાદિમાં બલવાન સમર્થપણું શક્તિશાળી ક્રાન્તિ- દિવ્ય તેજ સ્વપ્રકાશે યુક્તપણું. ભગ- સૃષ્ટિનું સર્જન વિસર્જન અને સ્થિતિ જેમાં છે અને જ્ઞાનાદિ સદ્‌ગુણોની ઉત્પતિનું સ્થાન. શ્રુત- સર્વ શાસ્ત્રોના જ્ઞાતા પણું જેમનો મહિમા વેદોની કૃતિઓ શાસ્ત્રોના વચનોમાં સંભળાય છે. શુચિ- જે સદા સર્વદા પરમપવિત્ર છે જેમનું નામ લેવા માત્રથી જગતના જીવો શુદ્ધ અને પવિત્ર થાય છે. સત્યતા- જે વચન બોલે તે સત્ય થાય છે, મન કર્મને વાણીથી જેમાં ત્રણેય કાળમાં ભૂત ભવિષ્ય અને વર્તમાન સમપણું છે. સ્વવશતા- સમગ્ર જગતને પોતાના આધિન રાખે

છે પણ પોતે કોઈને પણ આધિન નથી. આર્જવ- મન વાણી ક્રિયામાં એક પણું, પવિત્રતા કોમળ પણે જેમા રહેલ છે. કીર્તિ- સમગ્ર બ્રહ્માંડોમાં આદરણીય .જેમના નામોનું યશ કીર્તિનું ગુણગાન વેદો ઉપનિષદો અને શાસ્ત્રો સતત કરે છે. જેવા અગણિત કલ્યાણ કારી સદ્ગુણો વાસ કરીને રહે છે. એવા જીવના હૃદયમાં રહેલા અજ્ઞાન રૂપી અંધકાર અહં અને મમત્વ રૂપી માયાના અજ્ઞાનને નાશ કરવા અને ભવબંધનથી છૂટવા અને આત્યંતિક મોક્ષ પ્રાપ્ત કરવા હે જીવ તું આ કળિકાળમાં મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરતા ભગવાનશ્રીહરિકૃષ્ણ નામ ધારી શ્રીસ્વામિનારાણ ભગવાનનું ભજન કર. (૩)

**પ્રકૃતિપરાક્ષરે બૃહતિધામનિ મૂર્તિધરેનિંગમનિજાયુધૈશ્ચ નિજપાર્ષદમુખ્યગણૈઃ ।**
**ઉરસ્ય ઉપસ્યતેડપિ રમયા રમણીયતનુર્હૃદિ તમજં ભજે ભવહરં હરિકૃષ્ણમહમ્ ॥૪॥**

કાળ માયા અને પ્રકૃતિ થી પર અર્થાત જ્યાં આ ત્રણેય પહોંચતા નથી એવા જે અક્ષર છે તેનાથી પણ પર અર્થાત અક્ષર પણ જેનો મહિમા પુરો સમજી શકતા નથી એવું જે પોતાનું બ્રહ્મધામ તે ધામને વિષે સદા સાકાર મૂર્તિમાન વિરાજે છે. અને પોતાના આયુધો જે શંખ, ચક્ર, ગદા, પદ્મ અને પોતાના મુખ્ય પાર્ષદો સેવકો તેણે સહિત રહે છે. તેમ નિગમ અને આગમ કહે છે, અર્થાત વેદો ઉપનિષદો સ્મૃતિઓ અને શાસ્ત્રો તેવું વર્ણન કરે છે. અને તેની ઉપાસના ભક્તિ સુંદર રૂપને ધારણ સ્ત્રીરૂપને ધારણ કરીને સાક્ષાત્ લક્ષ્મીજી પોતાના હૃદય કમળમાં તે દિવ્ય સાકાર મૂર્તિને ધારી રહ્યા છે. એવા જીવના હૃદયમાં રહેલાં અજ્ઞાન રૂપી અંધકાર અહં અને મમત્વ રૂપી માયાના અજ્ઞાનને નાશ કરવા અને ભવબંધનથી છૂટવા અને આત્યંતિક મોક્ષ પ્રાપ્ત કરવા હે જીવ તું આ કળિકાળમાં મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરતા ભગવાનશ્રીહરિકૃષ્ણ નામ ધારી શ્રીસ્વામિનારાણ ભગવાનનું ભજન કર. (૪)

**નિખિલભગૈશ્ચ યોડક્ષરપદે દિવિ દેવગણૈરખિલવિભૂતિભિર્વિભવભૂમિરુપાસ્યત એ।**
**રતિપતિદર્પહારમણરમ્યકરુપનિધિર્હૃદિ તમજં ભજે ભવહરં હરિકૃષ્ણમહમ્ ॥૫॥**

સ્વસંકલ્પ માત્રથી જેની ઉત્પતિ થઈ છે તેવા સમગ્ર બ્રહ્માડોમાં જન્મ ધારણ કરેલા જીવો દેવલોક અને સ્વર્ગલોકના દેવતાઓનો સમુદાય અને સમગ્ર

વિભુતિ સ્વરૂપો ઈશ્વરો વિરાટાદિ પુરૂષો આ પૃથ્વી ઉપર ભૂમિ ઉપર મનુષ્ય શરીર ધારણ કરીને વિચરણ કરતા ભગવાનની ઉપાસના કરે છે. જેમણે એવું તો સુંદર અને કમનિય રૂપ ધારણ કરેલ છે, કે જેથી સાક્ષાત્ કામદેવનો રૂપાળાપણાનો ગર્વ દર્પ અહંકાર નાશ થાય છે. અને અનેક પ્રકારની દિવ્ય અદ્‌ભૂત લીલાઓ કરતાં પોતાના દિવ્ય રૂપમાં જીવમાત્રના ચિત્તને આકર્ષણ કરી લેતા એવા જીવના હૃદયમાં રહેલાં અજ્ઞાન રૂપી અંધકાર અહં અને મમત્વ રૂપી માયાના અજ્ઞાનને નાશ કરવા અને ભવબંધનથી છૂટવા અને આત્યન્તિક મોક્ષ પ્રાપ્ત કરવા હે જીવ તું આ કળિકાળમાં મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરતા ભગવાન શ્રીહરિકૃષ્ણ નામ ધારી શ્રીસ્વામિનારાણ ભગવાનનું ભજન કર. (૫)

**વિજિતમનોભવા ભુવિભજન્તિ ચ યં સતતં શમદમસાધનૈઃ પ્રશમિતેન્દ્રિયવાજિરયાઃ।**
**પ્રકટિતમાનુષાકૃતિમિમે મુનિદેવગણા હૃદિ તમજં ભજે ભવહરં હરિકૃષ્ણમહમ્ ॥૬॥**

આ પૃથ્વી ઉપર દેહ ધારણ કરીને જેમણે અતિ કઠોર તપશ્ચર્યા કરીને પોતાના મનને જીતી લીધું છે તેવા મહાન યોગીઓ, તપસ્વીઓ ઋષિમુનિઓ સતત સર્વદા શમ દમ આદિક કઠણ સાધનો કરીને અને પોતાની અતિ બળવાન અશ્વ જેવી વિષયોમાં જવામાં તત્પર ઈન્દ્રિઓને જીતીને ભજન કરે છે. તેવા આ મનુષ્ય શરીર ધારી રહેલા ભગવાન શ્રીસહજાનંદ સ્વામી શ્રીસ્વામિનારાયણને મુનિઓ દેવતાઓનો સમૂહ અને પુરૂષાર્થની ઈચ્છાવાળા મનુષ્યો ભજે છે. એવા જીવના હૃદયમાં રહેલાં અજ્ઞાનરૂપી અંધકાર અહં અને મમત્વ રૂપી માયાના અજ્ઞાનને નાશ કરવા અને ભવબંધનથી છૂટવા અને આત્યંતિક મોક્ષ પ્રાપ્ત કરવા હે જીવ તું આ કળિકાળમાં મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરતા ભગવાન શ્રીહરિકૃષ્ણ નામ ધારી શ્રીસ્વામિનારાણ ભગવાનનું ભજન કર. (૬)

**દ્વિજવૃષસાધુગોમુનિગણાનવિતું ભુવિ યો વૃષભવને વૃષાદધૃતજનિર્જનકો જગતામ્।**
**પ્રકૃતિભુવામપિ પ્રશમિતું યદધર્મકુલં હૃદિ તમજં ભજે ભવહરં હરિકૃષ્ણમહમ્ ॥૭॥**

આ ભયાનક કળિયુગના કષ્ટોને સહન કરતાં એવા દ્વિજાતિના મનુષ્યો અર્થાત સંધ્યાવંદનાદિક કર્મ કરીને ભગવાનને પ્રસન્ન કરવાવાળા, વર્ણઃ

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર અને આશ્રમોમા- બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ વાનપ્રસ્થાશ્રમ અને સન્યાસ્થાશ્રમ. ધર્મોઃ સત્ય, દયા, શૌચ આદિ સાધુઓ – સરળ અને સાદુ ત્યાગ વૈરાગ્ય પૂર્ણ જીવન જીવતા મનુષ્યો, મુનિગણ- સંસારથી ઉદાસ થઈને એકાન્તમાં ઈશ્વરાધાન કરતા મહાત્માઓનું રક્ષણ કરવામાં પૃથ્વી ઉપર ધર્મદેવ હરિપ્રસાદ વિપ્રના ઘરે તેમની અર્ધાંગ્નિ ભક્તિદેવી થકી જેમણે જગતમાં જન્મ ધારણ કરેલ છે. પ્રકૃતિથી ઉત્પન્ન થયેલ સર્વ માયિક ગુણો અન્તઃશત્રુઓ કામ, ક્રોધ, લોભ આદિ નું પ્રશમન કરવા અને અધર્મકુળ જે અસત્ય, હિંસા, વ્યભિચાર, દૂષ્કર્મ, અભક્ષ્યનું ભક્ષણ પાપાચાર જેવા અધર્મનો નાશ કરવા અવતરેલા એવા જીવના હૃદયમાં રહેલાં અજ્ઞાન રૂપી અંધકાર અહં અને મમત્વ રૂપી માયાના અજ્ઞાનને નાશ કરવા અને ભવબંધનથી છૂટવા અને આત્યન્તિક મોક્ષ પ્રાપ્ત કરવા હે જીવ તું આ કળિકાળમાં મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરતા ભગવાન શ્રીહરિકૃષ્ણ નામ ધારી શ્રીસ્વામિનારાણ ભગવાનનું ભજન કર. (૭)

**ઋષિભિરભિષ્ટુતો નૃપગણૈર્નતપાદતલઃ શ્રુતિશિરસાં ગણૈરુદિતસૂજ્જ્વલકીર્તિરસૌ।**
**અતિકૃતિભિઃ પ્રગીત ઈતિ યઃ કવિકોકિલકૈર્હૃદિ તમજં ભજે ભવહરં હરિકૃષ્ણમહમ્॥૮॥**

મનુષ્ય દેહ ધારણ કરીને વિચરતાં ભગવાન શ્રી સ્વામિનારાયણને મોટા મોટા ઋષિમુનિઓ પાંચસો પરમહંસો સદા સ્તુતિ પ્રાર્થના કરે છે. અને મોટા રાજા મહારાજાઓનો સમૂહ તેમના પાદ પ્રક્ષાલન કરે છે. અને ચરણોમાં વંદન કરે છે. વેદની શ્રૃતિઓ શાસ્ત્રના વચનો જેમની ઉજ્જવલ કીર્તિનું ગાન કરે છે. કવિઓ પોતાની રસમય વાણીથી અને નવીન કૃતિઓ રચનાઓથી શ્લોકો અષ્ટકો કવિતાઓથી યશ ગાન કરે છે. તેવી જ રીતે અહીં હું કવિઓમાં કોકિલ અર્થાત કોયલની ઉપમા મને મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે જ આપેલ છે. તે હું પણ તેમની આ રચનાતી સ્તુતિ કરૂ છું. એવા વીર જીવના હૃદયમાં રહેલાં અજ્ઞાન રૂપી અંધકાર અહં અને મમત્વ રૂપી માયાના અજ્ઞાનને નાશ કરવા અને ભવબંધનથી છૂટવા અને આત્યન્તિક મોક્ષ પ્રાપ્ત કરવા હે જીવ તું આ કળિકાળમાં મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરતા ભગવાનશ્રીહરિકૃષ્ણ નામ ધારી શ્રીસ્વામિનારાણ ભગવાનનું ભજન કર. (૮)

# અતિ કરૂણા કરી છે

॥ अष्टपदी ॥

तरुणं लोकयचातिकरुणं कृष्णं पथि, हे सखी मम् रज्जनम् ॥ तरुणं....१
आवयमानं कलरवगानं, विधुमुखबालानन्दनम् ॥ तरुणं....२
वपुषि नीले गजगतिलीले, दधतं तु केसरचंदनम् ॥ तरुणं....३
चेतो हरन्तं सखि विहरन्तं, कुसुमहारमीशमण्डनम् ॥ तरुणं....४
चंञ्चलद्दष्टिं कृतलोकसृष्टिं, अजितमदनमदगञ्जनम् ॥ तरुणं....५
सुमनोऽनुकूलं मंगलमूलं, कुपथदेशिकमतखण्डनम् ॥ तरुणं....६
धृतसितवसनं मुखमितहसनं, विधिभवदेवकृतवन्दनम् ॥ तरुणं....७
उपचितसेवं कविवासुदेवं, तं पाति कलिकालकम्पनम् ॥ तरुणं....८

*॥ इति श्रीवासुदेवानन्दवर्णिरचिताऽष्टपदी सम्पूर्णा ॥*

ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન પરમહંસોમાં જે ભગવદ્નિષ્ઠા સર્વોપરી ઉપાસના જે સર્વોત્કૃષ્ટ પણે છે, તેવા પરમહંસોમાં સૌથી પ્રથમ નામ વર્ણિરાજ શ્રીવાસુદેવાનંદ સ્વામીનું ગણી શકાય. કારણ કે તેમણે રચેલાં ગ્રન્થોમાં તેના પ્રત્યક્ષ દર્શન થાય છે. શ્રીમદ્ સત્સંગિભૂષણ ગ્રન્થમાં પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણની જ ઉપાસના ભક્તિ અને શરણાગતિ થી જ જીવાત્માને આત્યંતિક મોક્ષ અર્થાત અક્ષરધામની પ્રાપ્તિ થાય છે તેવું સ્પષ્ટ પણે પ્રતિપાદન કરેલ છે. તેમજ તેઓશ્રીના રચેલાં સ્તોત્રોમાં પણ સર્વત્ર કેવળ ભગવાન શ્રી સ્વામિનારાયણની જ ઉપાસનાનું શુદ્ધ વર્ણન કરેલ છે. આ સ્તોત્રમાં ભગવાન શ્રી સ્વામિનારાયણને અને પોતાને કેવો સખા ભાવનો સબંધ છે તેનું સુંદર આલેખન કરેલ છે. તેમના શબ્દોનો વિચાર કરીએ ....

**તરુણં લોકયચાતિકરુણં કૃષ્ણં પથિ, હે સખી મમ્ રજ્જનમ્ ॥ તરુણં....૧**

વર્ણિરાજ શ્રીવાસુદેવાનંદ સ્વામી ભગવાન શ્રીસ્વામિનારાયણના સ્વાભાવિક સ્વભાવની વાત કરે છે. પોતાની સાથે વિચરણ કરતાં અને તે જ ભગવાન શ્રીસ્વામિનારાયણના અનન્ય એકાન્તિક પરમભક્ત એવા પાંચસો પરમહંસમાંથી કોઇ એક તે બ્રહ્માનંદ સ્વામી કે પછી મહાનુભાવનંદ સ્વામી

કોઇ પણ હોય શકે છે. જેઓ પરમાત્માની સખા ભાવથી ભક્તિ કરે છે. તેમને કહે છે કે જુઓ મારા સખા એટલે કે ભગવાન શ્રીહરિ સહજાનંદ સ્વામી કેવા સુંદર રૂપવાન યુવાન લોકોમાં દર્શન આપે છે. અને તેમનું હૃદય ભક્તોના ઉપર અતિ કરૂણામય છે. જેથી દર્શન કરનારા સૌના ચિત્તને પોતાના સ્વરૂપમાં ખેંચી લે છે. દૂર દૂર દેશાન્તરોમાં વિચરણ કરીને અહીં દર્શન કરવા માટે આવીએ છીએ ત્યારે રસ્તામાં ચાલતાં લાગેલો થાક પરિશ્રમ તે સર્વ તે પ્રભુ શ્રીકૃષ્ણપુરુષોત્તમનારાયણ શ્રી સહજાનંદ સ્વામીના કરૂણા કટાક્ષમય જોવા માત્રથી પરમાનંદમાં પરિવર્તિત થઇ જાય છે. અને મારા હૃદયમાં અતિ આનંદ લહેરાવા માંડે છે. (૧)

**આવયમાનં કલરવગાનં, વિધુમુખબાલાનન્દનમ્ ॥ તરુણં....૨**

જે પ્રદેશ કે નગરમાં મોટા મોટા સમૈયાઓ ઉત્સવો જન્માષ્ટમી આદિ કરે છે ત્યારે સર્વ સંતોને દર્શન કરવા બોલાવે છે ત્યારે સંતોના મંડળો આવવા માંડે તેમનો દૂરથી આવવાનો અવાજ કલરવ સાંભળીને તત્કાળ જ તેમના સન્મુખ તેમને મળવા અને દર્શન દેવા ઉતાવળા ઉતાવળા જાય છે. ત્યારે તે શ્રીહરિ માતા ભક્તિદેવી બાળાદેવીના પુત્રના પૂર્ણિમાના ચન્દ્ર જેવા પ્રફુલ્લિત મુખ કમળને જોઇને દૂર દૂર દેશાન્તરોમાં વિચરણ કરીને અહીં દર્શન કરવા માટે આવીએ છીએ ત્યારે રસ્તામાં ચાલતાં લાગેલો થાક પરિશ્રમ તે સર્વ તે પ્રભુ શ્રીકૃષ્ણપુરુષોત્તમનારાયણ શ્રી સહજાનંદ સ્વામીના કરૂણા કટાક્ષમય જોવા માત્રથી પરમાનંદમાં પરિવર્તિત થઇ જાય છે. અને મારા હૃદયમાં અતિ આનંદ લહેરાવા માંડે છે. (૨)

**વપુષિ નીલે ગજગતિલીલે, દધતં તુ કેસરચંદનમ્ ॥ તરુણં....૩**

મનુષ્ય શરીર ધારણ કરેલ છે એવા પરંબ્રહ્મ પરમાત્મા શ્રીહરિએ અષાડ માસના વાદળ છાયા આકાશ જેવા શ્યામ સુંદર દેહને ધારણ કરી રાખેલ છે. એવા દિવ્ય શરીરે જાણે સામેથી કોઇ મોટો મદમસ્ત હાથી ચાલ્યો આવતો હોયને શું તેવી ભવ્ય ચાલવાની કળાથી ચાલ્યા આવતા તે શ્રીહરિના વિશાલ ભાલ પ્રદેશમાં સુંદર શોભાયમાન કેસર અને ચન્દનથી સુગન્ધીમાન ઉર્ધ્વ

પુંડતિલક અને ગોળ ચાન્દલો ધારણ કરેલ એવા દર્શન થતાં જ દૂર દૂર દેશાન્તરોમાં વિચરણ કરીને અહીં દર્શન કરવા માટે આવીએ છીએ ત્યારે રસ્તામાં ચાલતાં લાગેલો થાક પરિશ્રમ તે સર્વ તે પ્રભુ શ્રીકૃષ્ણપુરુષોત્તમનારાયણ શ્રી સહજાનંદ સ્વામીના કરૂણા કટાક્ષમય જોવા માત્રથી પરમાનંદમાં પરિવર્તિત થઇ જાય છે. અને મારા હૃદયમાં અતિ આનંદ લહેરાવા માંડે છે. (૩)

**ચેતો હરન્તં સખિ વિહરન્તં, કુસુમહારમીશમણ્ડનમ્ ॥ તરુણં....૪**

હે સખી જુવો તો ખરા તે પ્રભુનું આમ તેમ આ ગામથી તે ગામ આ ભક્ત પાસેથી તે ભક્ત પાસે સતત વિચરણ કરતાં દર્શન આપીને મારા અને સમગ્ર દર્શન કરનારા ભક્તોના ચિત્તને પોતાના આ દિવ્ય અને સુશોભિત સુગન્ધિમાન રંગ બે રંગી પુષ્પોના હારથી ઢંકાયેલ સ્વરૂપમાં ખેંચી લેય છે. અને દૂર દૂર દેશાન્તરોમાં વિચરણ કરીને અહીં દર્શન કરવા માટે આવીએ છીએ ત્યારે રસ્તામાં ચાલતાં લાગેલો થાક પરિશ્રમ તે સર્વ તે પ્રભુ શ્રીકૃષ્ણપુરુષોત્તમનારાયણ શ્રી સહજાનંદ સ્વામીના કરૂણા કટાક્ષમય જોવા માત્રથી પરમાનંદ માં પરિવર્તિત થઇ જાય છે. અને મારા હૃદયમાં અતિ આનંદ લહેરાવા માંડે છે. (૪)

**ચંચ્ચલદૃષ્ટિં કૃતલોકસૃષ્ટિં, અજિતમદનમદગઞ્જનમ્ ॥ તરુણં....૫**

તે શ્રીહરિની દ્રષ્ટિ એવી અતિ ચપળ અને ચંચળ છે. તે પ્રભુની નજર પડતા જ આ ચૌદ લોક સહિત સમગ્ર બ્રહ્માંડોની ઉત્પતિ સ્થિતિ અને પ્રલય થાય છે. તેવું માત્ર તેમની દ્રષ્ટિમાં સામર્થ્ય છે. જગતમાં સૌને પરાજીત કરનારા કોઇથી ન જીતી શકાય તેવા સાક્ષાત્ કામદેવના ગર્વને તેનામાં રહેલાં અહંકારને નાશ કરે તેવું તો તેમનું સુંદર રૂપ છે. અને દૂર દૂર દેશાન્તરોમાં વિચરણ કરીને અહીં દર્શન કરવા માટે આવીએ છીએ ત્યારે રસ્તામાં ચાલતાં લાગેલો પરિશ્રમ તે સર્વ તે પ્રભુ શ્રીકૃષ્ણપુરુષોત્તમનારાયણ શ્રી સહજાનંદ સ્વામીના કરૂણા કટાક્ષમય જોવા માત્રથી પરમાનંદમાં પરિવર્તિત થઇ જાય છે. અને મારા હૃદયમાં અતિ આનંદ લહેરાવા માંડે છે. (૫)

**સુમનોઽનુકૂલં મંગલમૂલં, કુપથદેશિકમતખણ્ડનમ્ ॥ તરુણં....૬**

તે શ્રીહરિના મધુર અમૃત જેવા કંઠમાંથી નીકળતા શબ્દો મનુષ્ય માત્રના મનને તત્કાળ જ અનુકુળ લાગે છે. અર્થાત સૌના મનને ગમવા માંડે છે. અને તેવા વચનોને માનીને તેમનું અનુસરણ કરે છે આશ્રિત થાય છે. તે સર્વ જીવ પ્રાણી માત્રનું સર્વદા સર્વત્ર સર્વ પ્રકારે મંગળ થાય છે. અને તેમને અંતે આત્યંતિક મહામોક્ષની પ્રપ્તિ કરાવે છે. મોક્ષથી વિપરીત માર્ગે નિર્દોષ ભોળા લોકોને ભરમાવીને કુપથ અર્થાત અવળા માર્ગે લઈ જનારા એવા દુષ્ટ બુદ્ધિ મત પંથ મંડળોની પ્રવૃત્તિ કરનારા એવાના મતનો ખોટા માર્ગનું ખંડન કરીને સત્ય સનાતન માર્ગ જે પરમાત્માની ભક્તિ રૂપ માર્ગે જીવોને ચલાવે છે. અને દૂર દૂર દેશાન્તરોમાં વિચરણ કરીને અહીં દર્શન કરવા માટે આવીએ છીએ ત્યારે રસ્તામાં ચાલતાં લાગેલો થાક પરિશ્રમ તે સર્વ તે પ્રભુ શ્રીકૃષ્ણપુરુષોત્તમનારાયણ શ્રી સહજાનંદ સ્વામીના કરૂણા કટાક્ષમય જોવા માત્રથી પરમાનંદમાં પરિવર્તિત થઈ જાય છે. અને મારા હ્રદયમાં અતિ આનંદ લહેરાવા માંડે છે. (૬)

**ધૃતસિતવસનં મુખમિતહસનં, વિધિભવદેવકૃતવન્દનમ્ ॥ તરુણં....૭**

આ પૃથ્વી ઉપર ભયાનક કળિકાળમાં અવતાર ધારણ કરીને મનુષ્ય ચરિત્ર કરતાં પ્રભુ હમેંશા સુંદર શ્વેત સાદા સફેદ વસ્ત્રો પોતાના અંગ ઉપર ધારણ કરે છે. જે જીવોને શિતળતા શાન્તિ અને સુખ આપે છે. અને પોતાના મુખકમળ ઉપર સદા સૌના માટે આનંદ આપતા મંદ મંદ હાસ્યને ધારણ કરે છે, જેથી જીવોના હ્રદયમાંથી શોક ચિન્તા અને દુઃખ નાશ પામી જાય છે. તેથી મોટા મોટા દેવો સાક્ષાત્ બ્રહ્માજી શિવજી અને ઈન્દ્રાદિ આવીને તેમના શ્રીચરણોમાં પોતાના બેય હાથ જોડીને વંદન કરે છે. નમસ્કાર કરે છે. અને દૂર દૂર દેશાન્તરોમાં વિચરણ કરીને અહીં દર્શન કરવા માટે આવીએ છીએ ત્યારે રસ્તામાં ચાલતાં લાગેલો થાક પરિશ્રમ તે સર્વ તે પ્રભુ શ્રીકૃષ્ણપુરુષોત્તમનારાયણ શ્રી સહજાનંદ સ્વામીના કરૂણા કટાક્ષમય જોવા માત્રથી પરમાનંદમાં પરિવર્તિત થઈ જાય છે. અને મારા હ્રદયમાં અતિ આનંદ લહેરાવા માંડે છે. (૭)

**ઉપચિતસેવં કવિવાસુદેવં, તં પાતિ કલિકાલકમ્પનમ્ ॥ તરુણં....૮**

તે ભગવાન શ્રીહરિ સહજાનંદ સ્વામી શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુનો સેવક હું કવિ વાસુદેવાનંદ વર્ણી તેમની કૃપાથી તે શ્રીહરિની પોતાની અંગત સેવા જે પ્રાતઃકાળમાં નિત્યકર્મ પૂજાના ઉપકરણો વાસણો વસ્ત્રો તેને ધોવા સ્વચ્છ રાખવાની સેવાનો અવસર મળ્યો છે. તેથી મારા હૃદયમાંથી ભયાનક કળિયુગના ધર્મો જીવના હૃદયને કંપાવનારા અંતઃશત્રુઓ કામ, ક્રોધ, લોભ આદિ નાશ પામી ગયા છે. અને અન્તકરણ નિર્મળ થયું છે જેથી તેમાં મારા ઈષ્ટ પ્રભુનો વાસ થયો છે. દૂર દૂર દેશાન્તરોમાં વિચરણ કરીને અહીં દર્શન કરવા માટે આવીએ છીએ ત્યારે રસ્તામાં ચાલતાં લાગેલો થાક પરિશ્રમ તે સર્વ તે પ્રભુ શ્રીકૃષ્ણપુરૂષોત્તમનારાયણ શ્રી સહજાનંદ સ્વામીના કરૂણા કટાક્ષમય જોવામાત્રથી પરમાનંદમાં પરિવર્તિત થઇ જાય છે. અને મારા હૃદયમાં અતિ આનંદ લહેરાવા માંડે છે. (૮)

## દશાવતાર ધારી શ્રીહરિ

॥ अष्टपदीयम ॥

हरिकृष्णं मानस लोककमनियमे ॥हरिः॥

भजहरिमविरतम् धावतु मा ॥हरिः॥ .... (ध्रुवपद)

ततो वरेह निगम कायजलधौ । तमानिन्ये विधाय ततो नमनियमे ॥भज.. १॥

तिष्ठति कमठमये धरणीयं । यस्य पृष्ठे चपलभयशमनीयमे ॥भज.. २॥

वराहरूपधरोऽवनये सा । दतादैत्य जघान हि नमनियम ॥भज.. ३॥

द्वतो नखैर्हरिणां नरहरिणा । दितिपुत्रो द्विरदइव गमनियमे ॥भज.. ४॥

वसुधां दांपयितुं शचीपतये । बलीं विप्रो ययाच फलजमनियमे ॥भज.. ५॥

क्षत्रियरुधिरजले स्नापयन्तं । जामदग्न्यो जनतापशमनियमे ॥भज.. ६॥

रावणनाशकरो भूविरामो । यशः सेतुदधेह भवदमनियमे ॥भज.. ७॥

बलबुधकल्किवपुषा येन चरितं । कृतं परंपरं पूरूश्रयणीयमे ॥भज.. ८॥

वासुदेवस्य धवो हरिकृष्णो । दशाकृति दधार बहुरमणीयमे ॥भज.. ९॥

*॥ इति श्रीवासुदेवानन्दवर्णिविरचिताष्टपदी संपूर्णा ॥*

ભગવાન શ્રી સ્વામિનારાયણને આપણા સંપ્રદાયમાં સર્વ સંતોએ પોતાની કૃતિઓમાં સર્વાવતારી તરીકે જ વર્ણન કરેલ છે. તે શ્રીહરિ કેવી રીતે સર્વાવતારી છે. તેનું વર્ણન આ સ્તોત્રમાં શ્રીવાસુદેવાનંદ વર્ણીએ પરમાત્માએ ધારણ કરેલાં પ્રસિદ્ધ દશ અવતારોના લીલા ચરિત્રોનું ગાન કરવા પૂર્વક વર્ણન કરીને તે અવતારોને ધારણ કરનારા આ મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણ જ છે. તેવું પ્રતિપાદન કરવા માટે અને તે પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણનું જ ભજન કરવા માટે વર્ણીરાજ અહિ પ્રેરણા આપે છે. તે અષ્ટપદી અષ્ટકના અર્થોનું આપણે વિચાર કરીએ.

**હરિકૃષ્ણં માનસ લોકકમનિયમે ।।હરિઃ।।**

**ભજહરિમવિરતમ્ ધાવતુ મા ।।હરિઃ।। .... (ધ્રુવપદ)**

જગતના જીવ માત્રને સંબોધન કરીને વર્ણીરાજ કહે છે કે હે મનુષ્ય તું જ્યાં ત્યાં જેવી તેવી રીતે આડો અવળો દોડા દોડી ન કરીશ એવી નિર્થક દોડા દોડાથી તને સુખ કે શાન્તિ મળશે નહી, તેમજ મોક્ષની પણ પ્રાપ્તિ થશે નહીં. અને વારંવાર જન્મ મૃત્યુના ફેરામાં જવું પડશે. માટે સર્વ અવતારોના અવતારી બધા જ અવતારોને ધારણ કરનારા એવા ભગવાન શ્રીહરિકૃષ્ણ શ્રીસ્વામિનારાયણનું જ તું ભજન કરી લે. કારણ કે આ જગતમાં સુંદરતામાં અતિ સુંદર અને મેળવવામાં શ્રેષ્ઠ મેળવવા યોગ્ય જો કોઈ હોય તો તે ભગવાન શ્રીહરિકૃષ્ણ છે. માટે તું સદા અવિરત તેમનું જ ભજન કરવા લાગી જા. તે જ તારા આત્યંતિક મોક્ષનું કારણ છે. સૌ કોઈને સર્વદા નમન કરવા યોગ્ય છે. તે પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણનું તું નિરંતર ભજન કર તેમાં જ તારૂ શ્રેય છે. (ધ્રુવપદ)

**તતો વરેહ નિગમ કાયજલધૌ । તમાનિન્યે વિધાય તતો નમનિયમે ।।ભજ.. ૧।।**

જ્યારે હયગ્રીવ નામનો અસુર વેદો અને સમગ્ર કલ્યાણ કારી જ્ઞાનને ઉપાડી ગયો અને જળ પ્રલયથી જીવ સૃષ્ટિનો પણ વિનાશ કરવાનો પ્રારંભ કર્યો ત્યારે તે અસુરનો નાશ કરીને જગતનું રક્ષણ કરવા માટે અને વેદોનો

ઉદ્ધાર કરવા માટે મત્સ્ય રૂપ ધારણ કરીને સર્વની રક્ષા કરી એવા સર્વાંગ સુંદર મત્સ્ય અવતાર ધારણ કરેલ છે. માટે તુ સદા અવિરત તેમનું જ ભજન કરવા માં લાગી જા તે જ તારા આત્યન્તિક મોક્ષનું કારણ છે. એવા સૌ કોઈને સર્વદા નમન કરવા યોગ્ય છે. તે પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણન તુ નિરંતર ભજન કરે રાખે તેમાં જ તારૂ શ્રેય છે. (૧)

**તિષ્ઠતિ કમઠમયે ધરણીયં । યસ્ય પૃષ્ઠે ચપલભયશમનીયમે ॥ભજ.. ૨॥**

સમુદ્ર મંથન સમયે જ્યારે પૃથ્વી રસાતળમાં જવા લાગી ત્યારે સર્વના હિત માટે જેમણે કાચબાનું રૂપ ધારણ કરીને પોતાની પીઠ ઉપર પૃથ્વીને ધારણ કરી રાખી છે તે પ્રભુનો આશ્રય કરવાથી સૌના મનના વિકારો શાન્ત થાય છે અને જેની ઉપાસના અને ભક્તિ માટે તુ સદા અવિરત તેમનું ભજન કરવામાં લાગી જા તે જ તારા આત્યન્તિક મોક્ષનું કારણ છે. એવા સૌ કોઈને સર્વદા નમન કરવા યોગ્ય છે. તે પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણનું તું નિરંતર ભજન કરી લે. (૨)

**વરાહરુપધરોડવનયે સા । દતાદૈત્ય જઘાન હિ નમનિયમ ॥ભજ.. ૩॥**

હિરણાયક્ષ નામનો રાક્ષસ જ્યારે પૃથ્વીને રસાતળમાં ઉપાડી ગયો ત્યારે વરાહનું (ભુંડ જેવું) રૂપ ધારણ કરીને તે રાક્ષસનો નાશ કરીને જગતના હિત માટે પૃથ્વીને પાછી લાવીને જગતનું સર્જન કરવા માટે બ્રહ્માજીને સોંપી. માટે તું સદા અવિરત તેમનું જ ભજન કરવામાં લાગી જા તે જ તારા આત્યન્તિક મોક્ષનું કારણ છે. એવા સૌ કોઈને સર્વદા નમન કરવા યોગ્ય છે. તે પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણનું તું નિરંતર ભજન કરે રાખ તેમાં જ તારૂ શ્રેય છે. (૩)

**દતો નખૈર્હરિણાં નરહરિણા । દિતિપુત્રો દ્વિરદઈવ ગમનિયમે ॥ભજ.. ૪॥**

પોતાના ભક્ત નાના બાળક પ્રહલાદજીનું રક્ષણ કરવા માટે વિકરાળ નરસિંહ રૂપ ધારણ કરીને હિરણ્યકશિપુનો જેમ હાથી વૃક્ષની ડાળીને ચીરે છે તેમ રાક્ષસના શરીરને ચીરી નાખીને તેનો વિનાશ કર્યો એવા છે. માટે

તું સદા અવિરત તેમનું જ ભજન કરવામાં લાગી જા તે જ તારા આત્યંતિક મોક્ષનું કારણ છે. સૌ કોઈને સર્વદા નમન કરવા યોગ્ય છે. તે પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણનું તું નિરંતર ભજન કરે રાખ તેમાં જ તારૂ શ્રેય છે. (૪)

**વસુધાં દાંપયિતું શચીપતયે । બલીં વિપ્રો યયાચ ફલજમનિયમે ॥ભજ.. ૫॥**

આસુરી વૃત્તિવાળા દાનવોના રાજા દાનવરાજ બલિ પાસેથી ત્રિલોકીનું રાજ્ય છોડાવીને સાત્ત્વિક વૃત્તિવાળા ઈન્દ્રાદિક દેવોને પાછું અપાવવા માટે જેમણે બટુક વામન રૂપ ધારણ કરીને બલિ પાસેથી દાનમાં ત્રણ ડગલાં પૃથ્વી માંગીને સાત્ત્વિક એવા ઇન્દ્રાદિક દેવોને પાછું આપનારા છે. માટે તું સદા અવિરત તેમનું જ ભજન કરવામાં લાગી જા તે જ તારા આત્યન્તિક મોક્ષનું કારણ છે. એવા સૌ કોઈને સર્વદા નમન કરવા યોગ્ય છે. તે પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણનું તું નિરંતર ભજન કરે રાખ તેમાં જ તારૂ શ્રેય છે. (૫)

**ક્ષત્રિયરુધિરજલે સ્નાપયન્તં । જામદગ્ન્યો જનતાપશમનિયમે ॥ભજ.. ૬॥**

સત્તાના મદથી ચકનાચુર થયેલાં અને અસુરો જેવા દુષ્ટ કર્મ કરનારા સહસ્ત્રાર્જુન જેવા રાજાઓ ક્ષત્રિઓનો વિનાશ કરવા જેમણે મહાન ઋષિ જમદગ્નિના પુત્ર પરશુરામ રૂપ ધારણ કરીને પૃથ્વી ઉપરથી એકવીસ વખત પાપીઓનો નાશ કર્યો છે. અને પોતાના ભક્તોના દુઃખ રૂપી તાપનો નાશ કર્યો છે. માટે તું સદા અવિરત તેમનું જ ભજન કરવા માં લાગી જા તે જ તારા આત્યન્તિક મોક્ષનું કારણ છે. એવા સૌ કોઈને સર્વદા નમન કરવા યોગ્ય છે. તે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણનું તું નિરંતર ભજન કરે રાખ તેમાં જ તારૂ શ્રેય છે. (૬)

**રાવણનાશકરો ભૂવિરામો । યશઃ સેતુદધેહ ભવદમનિયમે ॥ભજ.. ૭॥**

દુષ્ટ કર્મ કરવાવાળા રાક્ષસ રાવણનો નાશ કરવા માટે મર્યાદા પુરૂષોત્તમ રામ રૂપે અવતાર ધારણ કરીને અધર્મી રાવણનો નાશ કરીને પોતાની યશ

કીર્તિ રૂપી સમુદ્ર ઉપર સંસાર સાગર ઉપર મર્યાદા રૂપી પુલ બાંધ્યો છે જે પોતાના ભક્તોને તે લીલાનું ગાન ભવસાગર તરવા માટે છે. માટે તું સદા અવિરત તેમનું જ ભજન કરવામાં લાગી જા તે જ તારા આત્યન્તિક મોક્ષનું કારણ છે. એવા સૌ કોઈને સર્વદા નમન કરવા યોગ્ય છે. તે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણનું તું નિરંતર ભજન કરે રાખ તેમાં જ તારૂ શ્રેય છે. (૭)

**બલબુધકલ્કિવપુષા યેન ચરિતં । કૃતં પરંપરં પૂરુશ્રયણીયમે ॥ભજ.. ૮॥**

જગતના જીવ માત્રનું પરમ કલ્યાણ અર્થાત આત્યન્તિક મોક્ષ પ્રાપ્ત થાય એટલા માટે જેમણે આ પૃથ્વી ઉપર કૃષ્ણ બલરામ, બુદ્ધ અને કલ્પીરૂપ ધારણ કરીને અનેક પ્રકારના નિત્ય ગાન કરવા માટે દિવ્ય અને અદ્‌ભુત લીલા ચરિત્રો કરેલાં છે. જેનો એક પછી એક આશ્રય કરવાથી વધારે ને વધારે શ્રેષ્ઠત્તમ કલ્યાણ મોક્ષ ક્રમશઃ આત્યંતિક મોક્ષ કરનાર છે. માટે તું સદા અવિરત તેમનું જ ભજન કરવામાં લાગી જા તે જ તારા આત્યન્તિક મોક્ષનું કારણ છે. એવા સૌ કોઈને સર્વદા નમન કરવા યોગ્ય છે. તે પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણનું તું નિરંતર ભજન કરે રાખ તેમાં જ તારૂ શ્રેય છે. (૮)

**વાસુદેવસ્ય ધવો હરિકૃષ્ણો । દશાકૃતિ દધાર બહુરમણીયમે ॥ભજ.. ૯॥**

વાસુદેવાનંદવર્ણીના સ્વામી સમગ્ર વિશ્વમાં વ્યાપેલાં જીવ સમુદાયના સ્વામી જે આજ આ પૃથ્વી ઉપર હરિકૃષ્ણ નામ ધારણ કરીને પ્રગટ થયા છે. તેમણે જ પોતાના ભક્તોના લાલન પાલન માટે આવી રીતના પૂર્વમાં દશ અવતાર ધારણ કરેલાં છે જે અત્યન્ત રમણીય અને રૂપ ગુણવાન સુંદર છે. માટે તું સદા અવિરત તેમનું જ ભજન કરવામાં લાગી જા તે જ તારા આત્યન્તિક મોક્ષનું કારણ છે. એવા સૌ કોઈને સર્વદા નમન કરવા યોગ્ય છે. તે પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણનું તું નિરંતર ભજન કરે રાખ તેમાં જ તારૂ શ્રેય છે. (૯)

# હે વર્ણિવેષ ધારી રક્ષા કરો

॥ वंशस्थवृत्तम् ॥

अथेकदा दिव्यतपास्तपंस्तस्विनां कौतुककारकर्मकः ॥
यथेस्टयोगाय वने वसन्वशी स वर्णिवेषोऽवतु धर्मनन्दनः ॥१॥
नवीननीलाम्बुददिव्यविग्रहो जितेन्द्रियो योगकलासु कौशलः ॥
कृषीकृषांगतपसा तपोधनः स वर्णिवेषोऽवतु धर्मनन्दनः ॥२॥
कटितटे पिंगलवर्णवेशलां नवीनमौंजीं दधदेवमेखलाम् ॥
जटां दधानोऽथ शिरोरूहच्छटां स वर्णिवेषोऽवतु धर्मनन्दनः ॥३॥
सितोपवितां सततोऽटवींरुचिरतीव कौपीनपटं द्दढं दधत् ॥
विराजमानो मृगचारुचर्मणा स वर्णिवेषोऽवतु धर्मनन्दनः ॥४॥
दधच्चकण्ठे तनुतौलसीं स्त्रजं सनामपाणौ जपमालिकां तथा ॥
सचन्द्रमध्योर्ध्वतमालपत्रकः स वर्णिवेषोऽवतु धर्मनन्दनः ॥५॥
तनूतरस्कन्धनिषक्तपुस्तको रतः सदा बालमुकुन्दपूजने ॥
वनेचरैः सिद्धगणैस्तु सेवितः स वर्णिवेषोऽवतु धर्मनन्दनः ॥६॥
ससिंहशार्दूलवराहवारणैर्महामृगैर्व्यालगणैश्च संकुले ॥
वनेऽपि धीरो विचरन्नभीतिकः स वर्णिवेषोऽवतु धर्मनन्दनः ॥७॥
सदात्मदर्शी फलकन्दभोजनो वने निवासो यदि दुःखदः खलु ॥
तथाऽपि तत्रापि सुखो महामतिः स वर्णिवेषोऽवतु धर्मनन्दनः ॥८॥

*॥ इति श्रीयोगानन्दमुनि विरचितं श्रीधर्मनन्दनतपश्चर्या वर्णनाष्टकम् ॥*

**અથેકદા દિવ્યતપાસ્તપંસ્તસ્વિનાં કૌતુકકારકર્મકઃ ॥**
**યથેસ્ટયોગાય વને વસન્વશી સ વર્ણિવેષોડવતુ ધર્મનન્દનઃ ॥૧॥**

યોગાનંદ મુનિ ભગવાનશ્રી સ્વામિનારાયણે નિલકંઠ નામે વર્ણિવેષ ધારણ કરીને પુલહાશ્રમમાં જે ચાતુર માસ પર્યન્ત અતિ કઠોર અને ઉગ્ર તપશ્ચર્યા કરી તે તપ કેટલું ઉગ્ર અને કઠોર છે કે જેને જોઈને એક સમયે પુલહાશ્રમમાં યુગોથી દિવ્ય શરીર ધારીને તપ કરતાં મોટા મોટા તપસ્વીઓને પણ અતિ આશ્ચર્ય થવા માંડ્યું જેથી પરસ્પર એકબીજાને પુછવા માંડ્યું કે આવું ઉગ્ર

તપ કરનારા છે કોણ ? આવા શબ્દો સાંભળીને અન્ય તપસ્વીઓ પણ કુતુહલ આશ્ચર્ય પૂર્વક નિલકંઠ વર્ણિ મહાપ્રભુના આ મહાન તપને નિરખવા માંડ્યા અને વિચારે છે કે આ કર્મ કોઇ દેવ કે મનુષ્યથી થઇ શકે તેમ નથી. આપણા જેવા તપસ્વીઓને પણ અચંબામાં નાખે તેવું કાર્ય કરવાની સામર્થી સાધારણ દેવ કે મનુષ્યમાં તો હોય જ નહીં. માટે જરૂર આ કોઇ પોતાની ઈચ્છાથી આ મહાન યોગની સાધના કરવા સ્વયં દિવ્ય દેહ ધારી પરમેશ્વર જ હોય તેમ જણાય છે. તે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થઇને તપસ્વીના જેવો વર્ણિનો વેષ ધારણ કરીને વનમાં નિવાસ કરતાં પ્રભુ મારા જપ તપ ધર્મ જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિની રક્ષા કરો. (૧)

**નવીનનીલામ્બુદદિવ્યવિગ્રહો જિતેન્દ્રિયો યોગકલાસુ કૌશલઃ ॥**
**કૃષીકૃષાંગતપસા તપોધનઃ સ વર્ણિવેષોડવતુ ધર્મનન્દનઃ ॥૨॥**

અષાડ માસના પ્રાતઃ કાળમાં આકાશમાં છવાઇ ગયેલાં મેઘાડમ્બર જેવા શ્યામ વર્ણના દિવ્ય સુંદર રૂપાળા મનુષ્ય શરીર ધારણ કરેલાં અને પોતાની સર્વ ઈન્દ્રિયોને જીતીને અષ્ટાંગ યોગ સિદ્ધ કરવામાં કુશળતા વાળા. યોગની કળાઓ યમ નિયમ આસન પ્રાણાયામ પ્રત્યાહાર ધારણા ધ્યાન અને સમાધિ આ આઠઅંગ અને આઠ ક્રિયાઓ નેતી ધોતી બસ્તી કુંજર કપાલભાતી શક્તિપાત કુણ્ડલીની અને ત્રાટક આ ક્રિયાઓ કરવામાં પ્રવિણતા પ્રાપ્ત કરવા માટે જેમણે પોતાના શરીરને તપકરીને એકદમ કુશ કરી નાખ્યું છે. અર્થાત એવું કઠોર તપ કર્યું છે, જેથી પોતાના શરીરમાં માંસ અને રૂધિરને સુકવી નાખ્યું છે. કેવલ તપ રૂપી ધન જ બાકી રાખ્યું છે. તે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થઇને તપસ્વીના જેવો વર્ણિનો વેષ ધારણ કરીને વનમાં નિવાસ કરતાં પ્રભુ મારા જપ તપ ધર્મ જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિની રક્ષા કરો. (૨)

**કટિતટે પિંગલવર્ણવેશલાં નવીનમૌંજીં દધદેવમેખલામ્ ॥**
**જટાં દધાનોડથ શિરોરુહચ્છટાં સ વર્ણિવેષોડવતુ ધર્મનન્દનઃ ॥૩॥**

શ્રીહરિ મહાપ્રભુએ વર્ણિવેષ ધારણ કરીને પોતાની કટી કેડ્ય ઉપર મુંજ નામના સુકાઈને પીળા થઈ ગયેલાં ઘાસની દર્ભ (ડાભડો)ની મેખલા બાધી છે, કંદોરો બાંધ્યો છે. નવીન તાજી સુંદર જનોઇ ધારણ કરી રાખેલ છે. અને જ્યારથી ગૃહ ત્યાગ કર્યો છે. ત્યારથી પોતાના મસ્તકના વાળનું મુંડન કરેલ નથી તેથી લાંબી અને કાળી મસ્તકને શોભાવનારી સુંદર જટા ધારણ કરી રહ્યા છે એવા તે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થઈને તપસ્વીના જેવો વર્ણિનો વેષ ધારણ કરીને વનમાં નિવાસ કરતાં પ્રભુ મારા જપ તપ ધર્મ જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિની રક્ષા કરો. (૩)

**સિતોપવિતાં સતતોડટવીંરુચિરતીવ કૌપીનપટં દ્દઢં દધત્ ॥**
**વિરાજમાનો મૃગચારુચર્મણા સ વર્ણિવેષોડવતુ ધર્મનન્દનઃ ॥૪॥**

સિતળ શાન્ત સફેદ પવિત્ર અને સ્વચ્છ ખેસ ધારણ કરેલ છે. અને સતત ગાઢ જંગલમાં એકલા જ વિચરણ કરવાનું મને ઘણુંજ ગમે છે. બ્રહ્મચર્ય વ્રતની રક્ષા માટે કોપીન વસ્ત્ર બહુજ મજબુત કઠણ કરીને બાંધવાની ટેવ છે. તપ કરવા અને મંત્ર જપ કરવા સુંદર અને શ્રેષ્ઠ મૃગચર્મ ઉપર વિરાજમાન થઈને નિત્ય કર્મ અને પૂજા વિગેરે કરે છે. તે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થઈને તપસ્વીના જેવો વર્ણિનો વેષ ધારણ કરીને વનમાં નિવાસ કરતાં પ્રભુ મારા જપ તપ ધર્મ જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિની રક્ષા કરો. (૪)

**દધચ્ચકણ્ઠે તનુતૌલસીં સ્રજં સનામપાણૌ જપમાલિકાં તથા ॥**
**સચન્દ્રમધ્યોર્ધ્વતમાલપત્રકઃ સ વર્ણિવેષોડવતુ ધર્મનન્દનઃ ॥૫॥**

જગતના હિત માટે તપસ્વી વર્ણિનો વેષ ધારણ કરેલા શ્રીરિએ પોતાના કંઠમાં તુલસીના લાકડામાંથી બનાવેલી કંઠી ગળામાં ધારણ કરી છે, અને જમણા હાથમાં મહામંત્રનો અને નામ મંત્રનો જપ કરવા માટે તુલસીની ૧૦૮ મણકા વાળી માળા ધારણ કરીને નામીએ સહિત અંખડ નામનો જપ કરે છે. પોતાના વિશાળ ભાલમાં કપાળમાં ઉર્ધ્વપુંઢું તિલક ચાંદલાએ સહિત કરેલ

છે. એવા તે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થઇને તપસ્વીના જેવો વર્ણિનો વેષ ધારણ કરીને વનમાં નિવાસ કરતાં પ્રભુ મારા જપ તપ ધર્મ જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિની રક્ષા કરો. (૫)

**તનૂતરસ્કન્ધનિષકતપુસ્તકો રતઃ સદા બાલમુકુન્દપૂજને ॥**
**વનેચરૈઃ સિદ્ધગણૈસ્તુ સેવિતઃ સ વર્ણિવેષોઽવતુ ધર્મનન્દનઃ ॥૬॥**

પિતા ધર્મદેવ અને વિદ્વાન પંડિતો પાસેથી ભણીને જે આઠ સન્શાસ્ત્રોના સારનો ગુટકો લખ્યો છે તે પુસ્તક પોતાને નિત્ય પાઠ માટે સાથે રાખે છે તેને વસ્ત્રમાં વિટીને કંઠે ગળા સાથે બાંધી રાખેલ છે. અને દરરોજ સવારમાં નિત્યપૂજામાં બાળમુકુન્દના સ્વરૂપની પૂજા કરે છે. વનમાં રહેનારા વનવાસીઓ વર્ણિની આવી કઠોર તરશ્ચર્યાના દર્શન કરીને તે શ્રીહરિની પૂજા કરવા લાગ્યા છે. તેમને જોઇને કેટલાંક મંત્રની સાધના અને અષ્ટાંગ યોગને સિદ્ધ કરનારા સિદ્ધો પણ વર્ણિની પૂજા કરવામાં જોડાઇ ગય છે. તે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થઇને તપસ્વીના જેવો વર્ણિનો વેષ ધારણ કરીને વનમાં નિવાસ કરતાં પ્રભુ મારા જપ તપ ધર્મ જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિની રક્ષા કરો. (૬)

**સસિંહશાર્દૂલવરાહવારણૈર્મહામૃગૈર્વ્યાલગણૈશ્ચ સંકુલે ॥**
**વનેઽપિ ધીરો વિચરન્નભીતિકઃ સ વર્ણિવેષોઽવતુ ધર્મનન્દનઃ ॥૭॥**

કાર્યં સાધયમ વા દેહં પાતયામિ નો સિદ્ધાન્ત મનમાં નક્કી કરી રાખ્યો છે, તેથી મહા ભયાનક વનમાં કે જ્યાં વિકરાળ સિંહો ભયાનક વાઘો જંગલી માંસ ભક્ષી ભંડો મોટા મોટા શિંગડા વાળા હરણો ડાઓ હાથીઓ અને વરૂઓના જુડો વાળા વિસ્તારમાં નિર્ભયતા પૂર્વક એકલા વિચરણ કરે છે. અને ક્યારેય પણ પોતાની ઇચ્છા પૂર્ણ કરવામાં સહાય રૂપ ધીરજનો ત્યાગ કરતાં નથી, સદા ભયહોવા છતાં ધીરજ છોડતા નથી નિરભય રહે છે .એવા તે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થઇને તપસ્વીના જેવો વર્ણિનો વેષ ધારણ કરીને વનમાં નિવાસ કરતાં પ્રભુ મારા જપ તપ ધર્મ જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિની રક્ષા કરો. (૭)

**સદાત્મદર્શી ફલકન્દભોજનો વને નિવાસો યદિ દુઃખદઃ ખલુ ॥**
**તથાઽપિ તત્રાપિ સુખો મહામતિઃ સ વર્ણિવેષોઽવતુ ધર્મનન્દનઃ ॥૮॥**

હમેંશા સર્વકાળમાં પોતાના આત્મનું ચિત્તવન કરે છે. કાયમ ફળ મૂળ અને વૃક્ષના પાંદડાંનો જ આહાર કરે છે ખાય છે. વનમાં રહેવું તે મનુષ્ય શરીર ધારીને ઘણું દુઃખદાયક છે. છતાં વર્ણિરાજ શ્રીહરિને તો તેમાં જ આનંદ આવે છે. વનમાં રહીને તપ કરવું અને ભગવાનને રાજી કરવા એ જ તેમની બુદ્ધિમાં સમજણ છે. એવા તે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થઈને તપસ્વીના જેવો વર્ણિનો વેષ ધારણ કરીને વનમાં નિવાસ કરતાં પ્રભુ મારા જપ તપ ધર્મ જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિની રક્ષા કરો. (૮)

## સદા ભજન કરવા જેવા ગુરૂ

॥ श्रीगुरु भजन स्तोत्रम्, वियोगिनीवृत्तम् ॥

भवसंभवभीतिभेदनं सुखसम्पत्करुणानिकेतनम् ॥
व्रतदानतपः क्रियाफलं सहजानन्दगुरुं भजे सदा ॥१॥
करुणामयचारुलोचनं शरणायातजनार्तिमोचनम् ॥
पतितोद्धरणाय तत्परं सहजानन्दगुरुं भजे सदा ॥२॥
निजतत्त्वपथावबोधनं जनतायाः स्वत एव दुर्गमम् ॥
इति चिन्त्य गृहितविग्रहं सहजानन्दगुरुं भजे सदा ॥३॥
विधिशंभुमुखैरनिग्रहं भवपाथोधिपरिभ्रमाकुलम् ॥
अपिधार्यमनो नरप्रभं सहजानन्दगुरुं भजे सदा ॥४॥
निजपादपयोजकीर्तनं सततं स्याद्भवजीवगोचरम् ॥
इति यः कुरुते क्रतूत्सवं सहजानन्दगुरुं भजे सदा ॥५॥
बहिरीक्षणलोकमानुषं निजदत्ताम्बकदर्शिनां हरिम् ॥
भजनियपदं जगद्गुरुं सहजानन्दगुरुं भजे सदा ॥६॥
शरणागतपापपर्वतं गणयित्वा न तदीयसद्गुणम् ॥
अणुमप्यतुलं हि मन्यते सहजानन्दगुरुं भजे सदा ॥७॥

भववारिधिमोक्षसाधनं गुरुराजप्रकटस्वसंगमम् ॥
प्रकटीकृतवान् कृपावशः सहजानन्दगुरुं भजे सदा ॥८॥
भगवन् कृपया त्वया कृतं जनतायामुपकारमीदृसम् ॥
क्षमते प्रतिकर्तुमत्र कः कुरुते दीनजनस्ततोऽञ्जलिम् ॥९॥

આ સંસારથી જેને મુક્તિ પ્રાપ્ત કરીને પરમેશ્વરના અવિનાશી અક્ષરધામને મેળવવું હોય તેને ભજન કરવા યોગ્ય અર્થાત આશ્રય કરવા યોગ્ય કેવા ગુરૂ હોવા જોઈએ તેનું સુંદર વર્ણન આ સ્તોત્રમાં પંડિત વર્ય શ્રીદીનાનાથ ભટ્ટજીએ આ રીતે કર્યું છે.

**ભવસંભવભીતિભેદનં સુખસમ્પત્કરુણાનિકેતનમ્ ॥**
**વ્રતદાનતપઃ ક્રિયાફલં સહજાનંદગુરું ભજે સદા ॥૧॥**

જે ગુરૂશ્રીમાં શરણે આવેલા મુમુક્ષુના જન્મ મૃત્યુના ભયને દૂર કરવાનું સામર્થ છે, અને વળી જે સર્વ સુખ ને સમ્પત્તિના એકમાત્ર આશ્રય સ્થાન છે, તો પણ પોતાના શરણે આવેલા ઉપર કરૂણા કરવામાં સાગર જેવા છે. અને શાસ્ત્રોમાં કહેલા સર્વ વ્રતો અનેક પ્રકારના દાનો તેમજ ધર્મ સંબન્ધી સર્વ ક્રિયાઓના ફળ રૂપ છે, એવા જીવ માત્રને ગુરૂ કરવા યોગ્ય મારા ગુરૂ ભગવાન શ્રીહરિ શ્રી સહજાનંદ સ્વામીનું હું અવિરત સદા આશ્રય રૂપ ભજન કરૂં છું. (૧)

**કરુણામયચારુલોચનં શરણાયાતજનાર્તિમોચનમ્ ॥**
**પતિતોદ્ધરણાય તત્પરં સહજાનંદગુરું ભજે સદા ॥૨॥**

જીવ માત્ર ઉપર અતિ કરૂણામય દૃષ્ટિથી સુંદર નેત્રો દ્વારા જોવાનો જેમનો સ્વભાવ છે, પોતાના શરણે આવેલા સર્વ ભક્તોના ત્રણેય પ્રકારના દુઃખોથી મુક્ત કરનારા છે, અને અતિ પાપી અને પતિત જનોનો પણ ઉદ્ધાર કરવા સદા તત્પર રહે છે, એ જીવ માત્રને ગુરૂ કરવા યોગ્ય મારા ગુરૂ ભગાવન શ્રીહરિ શ્રી સહજાનંદ સ્વામીનું હું અવિરત સદા આશ્રય રૂપ ભજન કરૂં છું. (૨)

**નિજતત્ત્વપથાવબોધનં જનતાયાઃ સ્વત એવ દુર્ગમમ્ ॥**
**ઈતિ ચિન્ત્ય ગૃહિતવિગ્રહં સહજાનંદગુરું ભજે સદા ॥૩॥**

આ લોકના જીવાત્માને મોક્ષ તો વેદમાં કહેલા માર્ગથી જ પ્રાપ્ત થાય છે. તે વેદની શ્રુતિઓ કહે છે - ऋतेः ज्ञानान्न मुक्ति। પરમેશ્વરના સ્વરૂપનું યથાર્થ તત્વજ્ઞાન થી જ આત્યન્તિક મોક્ષની પ્રાપ્તિ થાય છે. અને એ પરમેશ્વરના સ્વરૂપનું જ્ઞાન તો કેવળ કૃપા સાધ્ય જ છે. કારણ કે તે દિવ્ય અને સૂક્ષ્મ સ્વરૂપનું જ્ઞાન કોઈ પણ સાધને કરીને થતું નથી. જેમ કે કોઈ વ્રત દાન તપ ત્યાગ કે યોગની સાધના જેવા અતિ કઠોર ઉપાયો કરે કે મોટા મોટા યજ્ઞો કરે પણ પરમેશ્વરના સ્વરૂપનું જ્ઞાન થવું એ તો અતિ મુશ્કેલ છે. અને એ જ્ઞાન વિના જીવાત્માને આત્યંતિક મોક્ષ અર્થાત્ અક્ષરધામની પ્રાપ્તિ થાય નહિ અને અસંખ્ય જીવાત્માને પોતાના દિવ્ય એવા અક્ષરધામમાં તેડી જવા માટે જ સ્વયં સર્વોપરી પરબ્રહ્મ પરમાત્માએ પોતાના તત્વસ્વરૂપનું જ્ઞાન જનતાને આપવા માટે મનુષ્ય દેહ ધારણ કરેલ છે. અને મનુષ્યના જેવું સાધારણ વર્તન આચરણ કરે છે, એવા જીવ માત્રને ગુરૂ કરવા યોગ્ય મારા ગુરૂ ભગાવન શ્રીહરિ શ્રી સહજાનંદ સ્વામીનું હું અવિરત સદા આશ્રય રૂપ ભજન કરૂં છું. (૩)

**વિધિશંભુમુખૈરનિગ્રહં ભવપાથોધિપરિભ્રમાકુલમ્ ॥**
**અપિધાર્યમનો નરપ્રભં સહજાનંદગુરું ભજે સદા ॥૪॥**

આ જગતના જીવાત્માને જ્યાં સુધી પરમેશ્વરમાં મન સ્થિર ન થાય ત્યાં સુધી તે પરમેશ્વરના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થતું નથી અને મન તો અતિ ચંચળ છે તે શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણ કહે છે - चंचल हि मनः એવા ચંચલ મને ને વશ નિગ્રહ કરવું મોટા મોટા બ્રહ્મા શિવ આદિ દેવોને પણ મુશ્કેલ થાય છે તો આ જીવ જે અનાદિ કાળથી સંસાર સાગરમાં સતત ભટકી ભટકીને અતિ વ્યાકુળ થયેલો છે તે જીવ મનનો કેમ કરીને નિગ્રહ કરી શકે. જ્યાં સુધી મનની ચંચળતા અને અસ્થિરતા દૂર ન થાય ત્યાં સુધી ભગવાનના સ્વરૂપનું જ્ઞાન અર્થાત ભગવાનને ઓળખવા કે પ્રાપ્ત

કરવા મુશ્કેલ જ નહીં પણ અશક્ય જ છે. માટે અતિ કૃપા કરીને જેમણે મનુષ્ય દેહ ધારણ કરેલ છે એવા જીવ માત્રને ગુરૂ કરવા યોગ્ય મારા ગુરૂ ભગવાન શ્રીહરિ શ્રી સહજાનંદ સ્વામીનું હું અવિરત સદા આશ્રય રૂપ ભજન કરૂં છું. (૪)

**નિજપાદપયોજકીર્તનં સતતં સ્યાદ્‌ભવજીવગોચરમ્ ॥**
**ઈતિ યઃ કુરુતે ક્રતૂત્સવં સહજાનંદગુરું ભજે સદા ॥૫॥**

ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતોમાં કહેલ છે કે મનને ભગવાનના ચરિત્ર રૂપી જાળામાં ગુંચવી મુકવું. તો એ અતિ ચંચળ મન અન્ય પદાર્થોમાં ન જાય તો એવા ચરિત્રો જીવને જોવા સાંભળવા મળે અને તેનું ગાન કરવાનો અવસર મળે તેટલા માટે પરમેશ્વર સ્વયં મનુષ્યાકૃતિ ધારણ કરીને જગતના જીવ માત્રને પોતાના ચરણ કમળનાં દર્શન સ્મરણ કીર્તનનો યોગ થાય એવા કલ્યાણ કારી હેતુથી જેઓ મોટા મોટા વિષ્ણુ યાગ આદિ સમૈયાઓ કરે છે એવા જીવ માત્રને ગુરૂ કરવા યોગ્ય મારા ગુરૂ ભગવાન શ્રીહરિ શ્રી સહજાનંદ સ્વામીનું હું અવિરત સદા આશ્રય રૂપ ભજન કરૂં છું. (૫)

**બહિરીક્ષણલોકમાનુષં નિજદત્તામ્બકદર્શિનાં હરિમ્ ॥**
**ભજનિયપદં જગદ્‌ગુરું સહજાનંદગુરું ભજે સદા ॥૬॥**

જગતના લોકોને સ્થૂળ દૃષ્ટિથી બાહ્ય દૃષ્ટિથી મનુષ્ય જેવા જ દેખાય છે. પરંતુ જેના ઉપર તે પરંબ્રહ્મ પરમાત્મા શ્રીહરિએ કૃપા કરી છે તેવા એકાન્તિક ભક્તો માટે તો તે સાક્ષાત્ અક્ષરધામ વાસી પરમેશ્વર જ છે અને તેમના જ ચરણ કમળ હમેંશા ભજવા યોગ્ય છે. કારણ કે તેઓ જ સમગ્ર જગતના એક માત્ર ગુરૂ છે. એવા જીવ માત્રને ગુરૂ કરવા યોગ્ય મારા ગુરૂ ભગવાન શ્રીહરિ શ્રી સહજાનંદ સ્વામીનું હું અવિરત સદા આશ્રય રૂપ ભજન કરૂં છું. (૬)

**શરણાગતપાપપર્વતં ગણયિત્વા ન તદીયસદ્‌ગુણમ્ ॥**
**અણુમપ્યતુલં હિ મન્યતે સહજાનંદગુરું ભજે સદા ॥૭॥**

આ જગતના જીવાત્માને જન્મ જન્માંતરોના પ્રારબ્ધ સંચિત અને ક્રિયમાણ ત્રણ પ્રકારના પાપ કર્મ પર્વત જેટલાં વળગેલાં હોય છે. પણ જો તે જીવ શ્રીહરિના શરણે આવે તો તેના આટલાં મોટા પાપોને પણ જોતા નથી. પરંતુ તેનામાં થોડા અણું જેટલા પણ જો સદ્‌ગુણ હોય તો તેને જોઈને પોતાનો એકાન્તિક ભક્ત કરે છે. એવા જીવ માત્રને ગુરૂ કરવા યોગ્ય મારા ગુરૂ ભગવાન શ્રીહરિ શ્રી સહજાનંદ સ્વામીનું હું અવિરત સદા આશ્રય રૂપ ભજન કરૂં છું. (૭)

**ભવવારિધિમોક્ષસાધનં ગુરુરાજપ્રકટસ્વસંગમમ્ ॥**
**પ્રકટીકૃતવાનં કૃપાવશઃ સહજાનંદગુરું ભજે સદા ॥૮॥**

જીવાત્માને આ વિકટ સંસાર સાગરને તરવા માટે અને આત્યન્તિક મોક્ષ પ્રાપ્ત કરવા માટે પોતાના સાનિધ્ય રૂપ આશ્રય મળી રહે તે માટે જેમણે કૃપા વશ થઈને મનુષ્ય દેહ ધારણ કરીને યોગ કરી આપ્યો છે એવા ગુરૂઓના પણ ગુરૂ રાજાધિરાજ જે કેવળ પોતાની કૃપાથી મળે છે. એવા જીવ માત્રને ગુરૂ કરવા યોગ્ય મારા ગુરૂ ભગવાન શ્રીહરિ શ્રી સહજાનંદ સ્વામીનું હું અવિરત સદા આશ્રય રૂપ ભજન કરૂં છું. (૮)

**ભગવન્ કૃપયા ત્વયા કૃતં જનતાયામુપકારમીદસમ્ ॥**
**ક્ષમતે પ્રતિકર્તુમત્ર કઃ કુરુતે દીનજનસ્તતોઙ્જલિમ્ ॥૯॥**

હે પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સહજાનંદ સ્વામી તમોએ કૃપા કરીને આ લોકમાં મનુષ્ય દેહ ધારણ કરીને જગતના જીવ પ્રાણી માત્રને સેવા પૂજા અને દર્શન દેવા રૂપ જે મહા મોટો ઉપકાર કર્યો છે તેનો બદલો વાળવા આ જગતમાં કોઈ જીવની પાસે સમજણ કે બુદ્ધિ નથી કે જેથી તેનું ઋણ ચુકવી શકે તેથી હે પ્રભુ અતિ ગરીબ દીન એવો હું દીનાનાથ ભટ્ટ આપના શ્રીચરણોમાં કેવળ માત્ર બે હાથ જોડીને અંજલી રૂપ નમસ્કાર કરતો વિનય થી ઉભો છું. (૯)

# ભક્તિધર્મના પુત્રને શરણે

॥ वसन्ततिलकावृत्तम् शतानन्दमुनि रचित् ॥

श्रीवासुदेव विमलामृतधामवासं नारायणं नरकतारणनामधेयम् ॥
श्यामं सितं द्विभुजमेव चतुरभुजं च त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥१॥
शिक्षार्थमत्र निजभक्तिमतां नराणामेकान्तधर्ममखिलं परिशीलयन्तम् ॥
अष्टांगयोगकलनाश्च महाव्रतानि त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥२॥
श्वासेन साकमनुलोमविलोमवृत्त्या स्वान्तर्बहिश्च भगवत्युरुधा निजस्य ॥
पूरे गतागतजलाम्बुधिनोपमेयं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥३॥
बाह्यान्तरिन्द्रियगणश्वसनाधिदैववृत्त्युद्भवस्थितिलयानपि जायमानान ॥
स्थित्वा ततः स्वमहसा पृथगीक्षमाणं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥४॥
मायामयाकृतितमोऽशुभवासनानां कर्तुं निषेधमुरुधा भगवत्स्वरुपे ॥
निर्बीजसांख्यमतयोगसुयुक्तिभाजं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥५॥
दिव्याकृतित्वसुमहस्त्वसुवासनानां सम्यग्विधि प्रथयितुं च पतौ रमायाः ॥
सालम्बसांख्यपथयोगसुयुक्तिभाजं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥६॥
कामार्ततस्करनटव्यसनिद्विषन्तः स्वस्वार्थसिद्धिमिव चेतसि नित्यमेव ॥
नारायणं परमयैव मुदा स्मरन्तं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥७॥
साध्वीचकोरशलभास्तिमिकालकण्ठकोका निजेष्टविषयेयु यथैव लग्नाः ॥
मूर्तौ तथा भगवतोऽत्र मुदातिलग्नं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥८॥
स्नेहास्तुरस्त्वथ भयातुर आमयावीं यद्वत्क्षुधातुरजनैश्च विहायमानम् ॥
दैन्यं भजेयुरिह सत्सु तथा चरन्तं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥९॥
धर्मस्थितैरुपगतैर्बृहता निजैक्यं सेव्यो हरिः सितमहः स्थितदिव्यमूर्तिः ॥
शब्दाद्यरागिभिरिति स्वमतं वदन्तं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥१०॥
सद्गन्थनित्यपठनश्रवणादिसक्तं ब्राह्मी च सत्सदसि शासतमत्र विद्याम् ॥
संसारजालपतिताखिलजीवबन्धो त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥११॥

*॥ इति सत्संगिजीवने धार्मिकस्तोत्रम् । सत्संगिजीवन पंचम् ५ प्रकरण*
*अध्याय-६६, श्लोक १२ थी ॥*

શ્રીમદ્ સત્સંગિજીવનનાં પાંચમાં પ્રકરણમાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે શતાનન્દ મુનિના પ્રશ્નનો ઉત્તર કરવાના નિમિત્તે સમગ્ર જગતને સાંખ્યશાસ્ત્ર અને યોગ શાસ્ત્રનો સત્ય સનાતન સાચો અર્થ સમજાવ્યો તેને સાંભળીને અતિ હર્ષથી ગદ્‌ગદ્ થયેલા સર્વ સંતો વતી સ્વયં શતાનંદ મુનિ ભગવાનશ્રી સ્વામિનારાયણના ચરણોમાં નમસ્કાર કરીને આ પ્રમાણે સ્તુતિ પ્રાર્થના કરી છે. તે પ્રાર્થના સાંભળીને અતિ પ્રસન્ન થયેલા પરમાત્મા ભગવાન શ્રીહરિએ મન ગમતાં વરદાનો આપેલ છે, અને જે કોઈ આ સ્તોત્ર (અષ્ટક)નો પાઠ કરશે કે ગાન કરશે તેના ઉપર પ્રસન્ન થઈને તેના બધા જ મનોરથો પૂર્ણ કરવાનું વરદાન શ્રીહરિ અવશ્ય આપશે. તો તે સ્તુતિના શબ્દોના અર્થોને કે જેમાં સાંખ્ય શાસ્ત્ર અને યોગશાસ્ત્રના રહસ્યો જે અતિ ગૂઢ છે તેને સરળતાથી અને સંક્ષેપથી સમજવા હોય તો કેવી રીતે સમજી શકાય તે આ સ્તોત્રને હૃદયમાં ધારણ કરવાથી અને તેને નિત્ય ગાવાથી અનાયાસે સમજી શકાય તેમ છે. એવા આ અષ્ટકના શબ્દોને સમજવાનો પ્રયત્ન કરીએ.

**શ્રીવાસુદેવ વિમલામૃતધામવાસં નારાયણં નરકતારણનામધેયમ્ ॥**
**શ્યામં સિતં દ્વિભુજમેવ ચતુરભુજં ચ ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૧॥**

હે નારાયણમુનિ અથવા નિર્મલ અક્ષરધામમાં સદા નિવાસ કરનારા હે નરનારાયણ ઋષિ એવા નામ વાળા સર્વત્ર વ્યાપક હોવાથી હે વાસુદેવ ભગવાન આપના સ્વામિનારાયણ નરનારાયણ વિગેરે નામના સ્મરણ કીર્તન માત્રથી નરકનું દુઃખ નાશ પામે છે, મેઘ સમાન શ્યામ શરીર વાળા ઘનશ્યામ સદા શ્વેત કાન્તિવાળા પણ છો અને આપ જ દ્વિભુજ છો અને આપ જ ચર્તુભુજ પણ આપ જ છો. એવા હે ભક્તિમાતા અને ધર્મપિતાના સુપુત્ર હે શ્રીહરિ હું તમારી શરણાગતિ માગું છું. (૧)

**શિક્ષાર્થમત્ર નિજભક્તિમતાં નરાણામેકાન્તધર્મમખિલં પરિશીલયન્તમ્ ॥**
**અષ્ટાંગયોગકલનાશ્ચ મહાવ્રતાનિ ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૨॥**

જેના હૃદયમાં સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણની એકાન્તિકી ભક્તિ છે તેવા પોતાના પ્રિય ભક્તોને શિક્ષા આપવા માટે અર્થાત્ સ્વયં આચરણ કરીને શિખામણ આપવા કે જે અક્ષરધામમાં અમારી સાથે રહેવું હશે તો આવી રીતે રહેવું પડશે તેવો પાઠ શીખવવા માટે જ પોતે એકાન્તિક ધર્મનું તથા અષ્ટાંગ યોગનું તથા તેની બધી જ કળાઓ યમ નિયમાદિ આઠ કળા અને નેતિ ધોતી, બસ્તી, કુંજર, કપાલભાતી કુંડલીની શક્તિપાત ત્રાટક આ આઠ ક્રિયાઓને સ્વયં કરે છે અને નૈષ્ઠિકબ્રહ્મચર્ય તથા એકાદશી આદિ ઉપવાસ રૂપ મહાવ્રતોને આજીવન કરે છે. એવા હે ભક્તિમાતા અને ધર્મપિતાના સુપુત્ર હે શ્રીહરિ હું તમારી શરણાગતિ માગું છું. (૨)

**શ્વાસેન સાકમનુલોમવિલોમવૃત્ત્યા સ્વાન્તર્બહિશ્ચ ભગવત્યુરુધા નિજસ્ય ॥**
**પૂરે ગતાગતજલામ્બુધિનોપમેયં ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૩॥**

કળાઓનું અનુસરણ કરો છો જ્યારે ત્યારે શ્વાસ દેહની અંદર અને અંતરમાં સ્થિર કરો છો ત્યારે જે પ્રતિલોમવૃત્તિથી ભગવાનની મૂર્તિને અંતરમાં ધારો છો અને જ્યારે શ્વાસ બહાર કાઢો છો ત્યારે અનુલોમવૃત્તિથી નેત્ર આગળ બહાર ભગવાનના સ્વરૂપને ધારો છો એવી રીતે મનની વૃત્તિને બેય પ્રકારે ભગવાનના સ્વરૂપમાં અખંડ જોડાયેલી રાખો છો જેમ સાગરમાં ભરતી અને ઓટ આવે છે ત્યારે વેગથી પાણી ચઢે છે. ઓટ આવે ત્યારે પાણી વેગથી પાછુ ફરે છે તેવી જ રીતે મનની વૃત્તિને અનુલોમ વિલોમ બન્નેય ક્રિયામાં સતત ભગવાનના સ્વરૂપમાં રાખો. એવા હે ભક્તિમાતા અને ધર્મપિતાના સુપુત્ર હે શ્રીહરિ હું તમારી શરણાગતિ માગું છું. (૩)

**બાહ્યાન્તરિન્દ્રિયગણશ્વસનાધિદૈવવૃત્ત્યુદ્ભવસ્થિતિલયાનપિ જાયમાનાન ॥**
**સ્થિત્વા તતઃ સ્વમહસા પૃથગીક્ષમાણં ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૪॥**

પાંચ કર્મ ઈન્દ્રિયો અને પાંચ જ્ઞાન ઈન્દ્રિયો આ દશ બ્રાહ્મ ઈન્દ્રિયોનો સમુદાય અને મન બુદ્ધિ ચિત્ત અહંકાર એ ચાર અન્તઃકરણ આંતર ઈન્દ્રિયોના સમૂહને અને પંચ પ્રાણ અને તેના અધિષ્ટાતા દેવતાઓ ગુણ સ્વભાવને અનુસારે ગુણ કાર્યોમાં પ્રવર્તતા તે સર્વની ઉત્પતિ સ્થિતિ અને લયને તેનાથી

વિલક્ષણ પણે જુદા રહીને પોતાના પ્રતાપથી સ્વસ્વરૂપથી અલગ પણે જોતા એવા હે ભક્તિમાતા અને ધર્મપિતાના સુપુત્ર હે શ્રીહરિ હું તમારી શરણાગતિ માગું છું. (૪)

**માયામયાકૃતિતમોઽશુભવાસનાનાં કર્તું નિષેધમુરુધા ભગવત્સ્વરુપે ॥**
**નિર્બીજસાંખ્યમતયોગસુયુક્તિભાજં ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૫॥**

પરંબ્રહ્મ પરમાત્માના સ્વરૂપમાં ક્યારેય માયાજન્ય શબ્દાદિક પંચ વિષયો અને વૈભવોના ઉપભોગની કામનાઓ અર્થાત્ અશુભ વાસનાઓ અને તેવી ક્રિયાઓ માયિક આકાર માયાજન્ય હું અને મારૂં રૂપ અજ્ઞાન તેમજ માયિક ગુણે યુક્ત કામના અને ક્રિયાનો સદા નિષેધ સમજાવવા માટે નિર્બજ સાંખ્ય અને નિર્બિજ યોગ મતની યુક્તિઓ એટલે કે તેના રહસ્યને પોતાના જીવનમાં સ્વયં તેના આચરણથી જગતને જ્ઞાન આપતા એવા હે ભક્તિમાતા અને ધર્મપિતાના સુપુત્ર હે શ્રીહરિ હું તમારી શરણાગતિ માગું છું. (૫)

**દિવ્યાકૃતિત્વસુમહસ્ત્વસુવાસનાનાં સમ્યગ્વિધિ પ્રથયિતું ચ પતૌ રમાયાઃ ॥**
**સાલમ્બસાંખ્યપથયોગસુયુક્તિભાજં ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૬॥**

સર્વવ્યાપક એવા રમાયા પતિ અર્થાત્ લક્ષ્મીપતિ ભગવાન શ્રી વાસુદેવનારાયણનું સ્વરૂપ દિવ્યાકૃતિ છે સર્વોત્કૃષ્ટ તેજસ્વી છે અને સર્વજીવોને માયાના બંધનથી છોડાવીને આત્યન્તિક કલ્યાણ કરવા રૂપ સત્યસંકલ્પ છે અને જેમનામાં દયા અને કૃપા કરવાનો સ્વભાવ સદા છે તે જણાવવા માટે પોતાના સ્વભક્તોએ અર્પણ કરેલ સેવા સદા સ્વીકાર કરે છે તે સ્વભાવને પ્રતિપાદન કરવા માટે સબીજ સાંખ્ય મત અને સબીજ યોગ મતમાં કહેવામાં આવેલી યુક્તિઓ એટલે કે તે તે મતનો સાચો સિદ્ધાન્ત પોતાના જીવન દ્વારા સમજાવતા એવા હે ભક્તિમાતા અને ધર્મપિતાના સુપુત્ર હે શ્રીહરિ હું તમારી શરણાગતિ માગું છું. (૬)

**કામાર્તતસ્કરનટવ્યસનિદ્વિષન્તઃ સ્વસ્વાર્થસિદ્ધિમિવ ચેતસિ નિત્યમેવ ॥**
**નારાયણં પરમયૈવ મુદા સ્મરન્તં ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૭॥**

જગતમાં કામી જીવો ચોરી કરવાના સ્વભાવ વાળા નૃત્ય કરનારા નટ વ્યસનોમાં આસક્ત અને દ્વેષ કરનારા હમેશાં જ પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે જેમ પોતાના મનમાં અનાયાસે અતિ આનંદથી તે વિષયોનું સ્મરણ કરે છે તેવી જ રીતે પરમ હર્ષ પૂર્વક શ્રીનારાયણના સ્વરૂપમાં સદા જોડાયેલ રહેવા પોતાના ભક્તોને ઉપદેશ આપતા એવા હે ભક્તિમાતા અને ધર્મપિતાના સુપુત્ર હે શ્રીહરિ હું તમારી શરણાગતિ માગું છું. (૭)

**સાધ્વીચકોરશલભાસ્તિમિકાલકણ્ઠકોકા નિજેષ્ટવિષયેયુ યથૈવ લગ્નાઃ ॥**
**મૂર્તૌ તથા ભગવતોઽત્ર મુદાતિલગ્નં ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૮॥**

શ્રેષ્ઠ સ્વભાવ વાળી સતિ સ્ત્રી જેમ પતિવ્રતા ધર્મમાં રહે છે. ચકોર પક્ષી જેમ ચન્દ્રને નિરખ્યા કરે છે. પતંગિયું અગ્નિમાં, માછલું જળમાં, મોર પક્ષી મેઘની ગર્જનામાં, ચક્રવાક પક્ષી ચક્રવીમાં સદા નિમગ્ન રહે છે તેમ પોતાના પ્રિયાતિપ્રિય એવા શ્રી વાસુદેવનારાયણના સ્વરૂપમાં સદા અંતરના પ્રેમથી હર્ષ પૂર્વક પોતાના ભક્તોને જોડતા એવા હે ભક્તિમાતા અને ધર્મપિતાના સુપુત્ર હે શ્રીહરિ હું તમારી શરણાગતિ માગું છું. (૮)

**સ્નેહાસ્તુરસ્ત્વથ ભયાતુર આમયાવીં યદ્વત્ક્ષુધાતુરજનૈશ્ચ વિહાયમાનમ્ ॥**
**દૈન્યં ભજેયુરિહ સત્સુ તથા ચરન્તં ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૯॥**

સ્નેહાતુર એટલે કે પ્રેમવિહવળપ્રેમી પોતાના પ્રિય પાત્રમાં અને ભયાતુર અતિ ભયભીત જેનાથી ભય ઉત્પન્ન થયો હોય તેમ રોગાતુર અતિ ભયંકર રોગમાં સપડાયેલ તે રોગને મટાડનારમાં અર્થાત વૈદ્ય કે ડૉકટરમાં શ્રૃધાતુર અત્યન્ત ભૂખ્યો જે પોતાની ભૂખ અન્ન વિગેરે આપીને દૂર કરે તેમ જે માન મુકીને દિન ભાવે રહે છે તેમ એકાન્તિક એવા ભક્તોએ ભગવાન અને સંતની આગળ રહેવા સમજાવતા એવા હે ભક્તિમાતા અને ધર્મપિતાના સુપુત્ર હે શ્રીહરિ હું તમારી શરણાગતિ માગું છું. (૯)

**ધર્મસ્થિતૈરુપગતૈર્બૃહતા નિજૈક્યં સેવ્યો હરિઃ સિતમહઃ સ્થિતદિવ્યમૂર્તિઃ ॥**
**શબ્દાદ્યરાગિભિરિતિ સ્વમતં વદન્તં ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૧૦॥**

સત્શાસ્ત્રોમાં કહેલાં પોતાના વર્ણાશ્રમના ધર્મમાં સુદૃઢ સ્થિર રહીને અને સ્થુલ સુક્ષ્મ ને કારણ ત્રણ દેહથી વિલક્ષણ એવા બ્રહ્મરૂપ થઈને અર્થાત્ પોતાને એક બ્રહ્મરૂપ અક્ષરમુક્ત સમજીને શબ્દાદિ પંચ વિષયોમાંથી વૈરાગ્ય પ્રાપ્ત કરીને પોતાના પરાત્પર અતિ શ્વેત પ્રકાશપુંજના મધ્યમાં અર્થાત્ અક્ષરધામમાં દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન દિવ્ય સદા સાકાર મૂર્તિ શ્રીહરિને ભક્તોએ સર્વદા સેવવા જોઈએ એવો પોતાનો સિદ્ધાંત સમજાવતા એવા હે ભક્તિમાતા અને ધર્મપિતાના સુપુત્ર હે શ્રીહરિ હું તમારી શરણાગતિ માગું છું. (૧૦)

**સદ્‌ગન્થનિત્યપઠનશ્રવણાદિસક્તં બ્રાહ્મી ચ સત્સદસિ શાસતમત્ર વિદ્યામ ॥**
**સંસારજાલપતિતાખિલજીવબન્ધો ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૧૧॥**

સત્શાસ્ત્રોનું નિત્ય પ્રતિ વાંચન કરવું તેનું શ્રવણ કરવું અને શાસ્ત્રોમાં કહેલા ઉપદેશમાં સદા વર્તવું એવો બ્રહ્મવિદ્યાનો ઉપદેશ સત્પુરુષોની પરમહંસો અને એકાન્તિક ભક્તોની સભામાં આપતા અને સંસારરૂપી જાળમાં પડેલાં સમગ્ર જીવના એકમાત્ર બંધુ એવા હે ભક્તિમાતા અને ધર્મપિતાના સુપુત્ર હે શ્રીહરિ હું તમારી શરણાગતિ માગું છું. (૧૧)

## શ્રી ઘનશ્યામનો જય

॥ मालवरागे रूपकताले गीयते ॥

जय जय सुखदवरं कमलाननलोभं दर्शयमुनिवरवन्दितशौभं ॥
माधवरूपमखिलविदित जय घनश्याम हरे जय घनश्याम हरे ॥१॥
जय जय कीर्तिधरं श्रितशान्तिसमुद्रम् ॥
द्दष्टिचलितविधिहरिहररूद्रं । माधव..॥२॥
जय जय विजयकरं धृतसुमनःसुहारम् ॥
निजचरणाश्रितविदलितमारम । माधव..॥३॥
जय जय सुमतिवरं निजजनहितभाजं ॥
रतिविलसितमुनिसदसिविराजं । माधव..॥४॥
जय जय जगदुदयं गजगतिकमनियम् ॥
कनकवसनभूषणरमणीयम् । माधव..॥५॥

जय जय मधुरवं रतिपतिमतिगम्यम् ॥

विविधविचित्रजगदेकरम्यम् । माधव..॥६॥

जय जय कुमतिहरं धृतनटवरवेशम् ॥

शुभदमुनिराजिकृतपरिवेषम् । माधव..॥७॥

जय जय सद यद्दशं अवतरणनिदानं ॥

ब्रह्ममुनिनित्यविरचितमानं । माधव..॥८॥

*॥ इति श्रीब्रह्मानंदमुनिविरचिताष्टपदी समाप्ता ॥*

સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામીએ ગુજરાતી ભાષા અને વૃજભાષામાં અસંખ્ય પદોની રચના કરી છે. અને સત્સંગમાં ખૂબજ પ્રસિદ્ધ પણ છે. પરંતુ તેઓશ્રી સંસ્કૃતભાષામાં પણ તેવા જ નિષ્ણાંત હતા. તેનો પરિચય આપણે તેઓશ્રીના આવા સંસ્કૃતમાં રચેલાં અષ્ટકોને સમજીએ તો જરૂર તેમની જે પ્રતિભા છે કે તેઓ શતાવધાની અને સહસ્રાવધાનીની પદવી મેળવી હતી તેની ઝાંખી થાય છે. ભગવાનની મૂર્તિનું વર્ણન કરવું અને તેમજ પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની સુમધુર દિવ્ય લીલાચરિત્રોનું વર્ણન કરવામાં જ તેઓશ્રીને પરમાનંદ પ્રાપ્ત થાય છે. પરમાત્માની સુમધુર મૂર્તિમાં કેવી રીતે પોતાના મનને પરોવી દેવું તે આ અષ્ટકમાં આપેલ વર્ણનનું સ્મરણ કરે તો તે મૂર્તિ હૃદયમાં ઉતરી જાય એવી અદ્‌ભુત સંસ્કૃત રચનાના શબ્દોને સમજવાનો પ્રયત્ન કરીએ.

**જય જય સુખદવરં કમલાનનલોભં દર્શયમુનિવરવન્દિતશૌભં ॥**

**માધવરુપમખિલવિદિત જય ઘનશ્યામ હરે જય ઘનશ્યામ હરે ॥૧॥**

હે મારા ઈષ્ટદેવ પ્રભુ ઘનશ્યામ તમારો સર્વત્ર જય જયકાર આ લોકમાં અને પરલોકમાં થાય છે. કમલા જે લક્ષ્મીજી તેમના મુખકમળથી પણ અધિક દિવ્ય શોભાએ યુક્ત સુંદર શોભી રહ્યું છે. જેના દર્શનનો લાભ મોટા મોટા મુનિઓ કે જેઓ પોતાના આત્મામાં જ અખંડ સુખ મેળવે છે. તેઓ પણ મહાન શ્રેષ્ઠ સુખ આપનાર તમારા અલૌકિક રૂપના દર્શનની ઈચ્છા રાખે છે તે સર્વ જગત જાણે છે. એવા હે માધવ શ્રીહરિ ઘનશ્યામ તમારો સર્વત્ર જય જયકાર થાય છે. (૧)

**જય જય કીર્તિધરં શ્રિતશાન્તિસમુદ્રમ્ ॥**

**દ્રષ્ટિચલિતવિધિહરિહરરુદ્રં ॥માધવ.. ॥૨॥**

હે પ્રભુ તમો એવી સમુદ્ર પર્યન્ત જગતમાં કીર્તિધારણ કરી રહ્યા છો કે જે કોઈ જીવ આશ્રય કરે છે તેના અન્તઃકરણમાં સદાને માટે શાશ્વત શાન્તિ વ્યાપી જાય છે. એટલા માટે જ તમારી કૃપા દૃષ્ટિ પ્રાપ્ત કરવા માટે મોટા મોટા દેવો બ્રહ્મા શિવ અને વિષ્ણુ પણ ઉત્સુકતાપૂર્વક ચલાયમાન રહે છે. એવા હે ઘનશ્યામ પ્રભુ તમારો સર્વત્ર જય જયકાર થઈ રહ્યો છે. (૨)

**જય જય વિજયકરં ધૃતસુમનઃ સુહારમ્ ॥**

**નિજચરણાશ્રિતવિદલિતમારમ ॥માધવ.. ॥૩॥**

હે પ્રભુ તમારો જય જયકાર બોલવા વાળાને સર્વત્ર સર્વ કાર્યોમાં વિજય રૂપી સફળતા મનને પ્રસન્ન કરનારા સુગંધીદાર ફુલનો હાર માળા ધારણ કરવાનો અવસર મળે છે. તમારે શરણે આવેલા સૌ ભક્તોના વિચલિત કરનારા એવા કામ ક્રોધ આદિ અંતઃશત્રુઓને પરાજીત કરીને તેના ઉપર વિજય કરાવનારા છો. એવા હે ઘનશ્યામ પ્રભુ તમારો સર્વત્ર જય જયકાર થઈ રહ્યો છે. (૩)

**જય જય સુમતિવરં નિજજનહિતભાજં ॥**

**રતિવિલસિતમુનિસદસિવિરાજં ॥માધવ.. ॥૪॥**

હે પ્રભુ તમારો જય જયકાર બોલનારા ભક્તોને સાત્વિક શ્રેષ્ઠ સમજણપૂર્વકની બુદ્ધિમત્તા આપીને પોતાના ભક્તજનોનું સર્વપ્રકારનું હિત અર્થાત આત્યન્તિક મોક્ષ પ્રાપ્ત કરવારૂપ અક્ષરધામની પદવી આપનારા છો. કામાદિક મહાભયંકર અન્તઃશત્રુને જીતીને તમારા દિવ્ય સર્વોપરી સ્વરૂપનું જ ચિન્તવન કરતાં એવા મૌન વૃત્તધારી પરમહંસોની વિશાળ સભામાં સદા હાજરા હજુર પ્રગટ બિરાજો છો. એવા હે ઘનશ્યામ પ્રભુ તમારો સર્વત્ર જય જયકાર થઈ રહ્યો છે. (૪)

**જય જય જગદુદયં ગજગતિકમનિયમ ॥**

**કનકવસનભૂષણરમણીયમ્ ॥માધવ.. ॥૫॥**

હે પ્રભુ તમારો જય જયકાર બોલાવનારાને આ જગતમાં પણ પોતાને જોઈતો સર્વપ્રકારનો ઉદય અર્થાત પ્રગતિ સુખસમૃદ્ધિ આપવા માટે જેમ કોઈ ગજરાજ હાથી દ્રઢતા પૂર્વકની ગતિએ ચાલે છે તેમ તેની કમાલની પ્રગતિ કરો છો. અને સુવર્ણના આભૂષણો સુંદર રમણિય મનગમતા વસ્ત્રો જેવા આપ ધારણ કરો છો તેવા તે ભક્તને પણ આપો છો. એવા હે ઘનશ્યામ પ્રભુ તમારો સર્વત્ર જય જયકાર થઈ રહ્યો છે. (૫)

**જય જય રતિપતિમતિગમ્યમ્ ॥**

**વિવિધવિચિત્રજગદેકરમ્યમ્ ॥માધવ.. ॥૬॥**

હે પ્રભુ મધુર કંઠે સંગીતના તાલે તમારા ગુણગાન ગાઈને જય જયકાર કરનારા ભક્તોને સાક્ષાત્ કામદેવને પણ ન મળે તેવા મધુરશ્વરની સાથે જગતમાં ક્યાંય જોવા ન મળે તેવા આ વિવિધ પ્રકારના રંગબેરંગી સુખદુઃખથી ભરાયેલાં વિચિત્ર અર્થાત્ માયાવી જગતમાં જેમ તમો જ એક મનને સુખ આપનારા છો તેમ તે ભક્તને પણ સુખ પ્રાપ્ત કરાવો છો. એવા હે ઘનશ્યામ પ્રભુ તમારો સર્વત્ર જય જયકાર થઈ રહ્યો છે. (૬)

**જય જય કુમતિહરં ધૃતનટવરવેશમ્ ॥**

**શુભદમુનિરાજિકૃતપરિવેષમ્ ॥માધવ.. ॥૭॥**

હે પ્રભુ તમારો જય જયકાર કરનારાના મનમાંથી પોતાને જ કષ્ટ આપનાર દુઃખી કરનાર જે અવળા નિર્ણયો કરાવનારી કુબુદ્ધિ તેને દૂર કરો છો. તે માટે જેમ કોઈ નટ એટલે કે કોઈ વેશ ભજવનારો અનેક રૂપોનો વેશ પહેરે છે તેમ તમો પણ આ પૃથ્વી ઉપર વિવિધ પ્રકારના રૂપ ધારણ કરીને અવતાર ધારણ કરીને પ્રગટ થાઓ છો. જગતને શુભ આશીર્વાદ આપનારા મુનિઓના મનને રાજી કરનારૂં રૂપ અને પહેરવેશ ધારણ કરો છો. એવા હે ઘનશ્યામ પ્રભુ તમારો સર્વત્ર જય જયકાર થઈ રહ્યો છે. (૭)

**જય જય સદ યદશં અવતરણનિદાનં ॥**

**બ્રહ્મમુનિનિત્યવિરચિતમાનં ॥માધવ.. ॥૮॥**

હે પ્રભુ જય જયકાર કરતાં આ સત્ય સનાતન સાત્વિક બ્રહ્મ જ્ઞાની એવા સંતોને જે દેખાય છે આ તમારૂ રૂપ તે સાક્ષાત્ પ્રગટ પ્રમાણ તમોએ અવતાર

ધારણ કરેલ છે. તે અવતાર ધારણ કરીને જે જે ચરિત્રો કર્યા છે. લીલાઓ કરી છે તેનું નિત્ય કાયમ દરરોજ બ્રહ્માનંદ મુનિ વિવિધ ભાષાઓમાં કવિતાઓ પદોની રચના કરે છે. અને તેનું સર્વ જગતમાં ગાન કરે છે. એવા હે ઘનશ્યામ પ્રભુ તમારો સર્વત્ર જય જયકાર થઈ રહ્યો છે. (૮)

## ધર્મ પુત્રનું ધ્યાન કરો

श्रीधर्मसद्मन्यवतीर्य विष्णुर्यो वासुदेवो हरिकृष्ण ईशः ॥
श्रीनिलकण्ठोऽत्रपुनाति मर्त्यान् ध्यायेहरिं तं हृदि धर्मपुत्रम् ॥१॥
यस्य स्वरुपे तिललक्षणानि स्वभक्तचेतांसि हरन्ति यद्वत् ॥
अयांसिचाकर्षमणिप्रवेका ध्यायेहरिं तं हृदि धर्मपुत्रम् ॥२॥
यस्याक्षरे धाम्नियतप्रसक्ताः क्रीडन्ति दिव्येऽक्षरसंज्ञमुक्ताः ॥
सम्राट्तनुजा इवसर्व मान्या ध्यायेहरिं तं हृदि धर्मपुत्रम् ॥३॥
यस्यायस्यपद्मेऽद्भुतभूरिशोभे वसन्ति नेत्रभ्रमरा जनानाम् ॥
हंसायथा मानसपद्मवृन्दे ध्यायेहरिं तं हृदि धर्मपुत्रम् ॥४॥
यः पोषयत्यत्र जना स्वकीयज्ञानोपदेशेन सुधोपमेन ॥
वत्सान् सुशिला पयसा यथा गौः ध्यायेहरिं तं हृदि धर्मपुत्रम् ॥५॥
पाखण्डधर्माद्युदयेन यस्य शाक्ताः व्यलीयन्त यथोदितेऽर्के ॥
घूका वृषद्वेषिण एव चान्ये ध्यायेहरिं तं हृदि धर्मपुत्रम् ॥६॥
यत्पादपद्मेऽक्षरमुक्तचेतो भृगां रमन्ते सरसीवमीनाः ॥
आसेव्यमाने भुवि भूरिभक्तैः ध्यायेहरिं तं हृदि धर्मपुत्रम् ॥७॥
यदीयसौन्दर्यगुणादिपारं शेषादयो यान्ति न यस्य भक्ताः ॥
वांच्छन्तिनाप्यक्षरसौख्यमन्तः ध्यायेहरिं तं हृदि धर्मपुत्रम् ॥८॥

॥ स्रग्धरावृत्तम् ॥

गोपालानन्दनाम्ना रचितमतिशुभंत्वष्टकं सन्मयेदं प्रीत्यै
श्री धर्मसूनोः प्रगटभगवतः स्वामिनारायणस्य ॥
तन्महात्म्यावबोधं य इदमिह जनः श्रावयेत्कीर्त्तयेद्वा स स्याद्वै
ब्रह्मरुपः हरिरतुलमुदं चाप्नुयात्तत्र धार्मिः ॥९॥

ભગવાન શ્રીસ્વામિનારાયણના હૃદયના અભિપ્રાયને સમજીને તે અનુસારે સંપ્રદાયમાં તે જ પ્રમાણેની ઉપાસના જ્ઞાન પ્રવર્તાનારા જો કોઇ હોય તો તે અક્ષરમૂર્તિ સદ્‌ગુરૂ ગોપાલાનંદ સ્વામી છે. જેમને શ્રીસ્વામિનારાયણ ભગવાને આ સંપ્રદાયની અને બન્નેય આચાર્યોની સંભાળ રાખવાની ભલામણ કરી હતી. તે સ્વામીશ્રી જગતમાં આત્યન્તિક મોક્ષને ઇચ્છતા સર્વ કોઇ જીવમાત્રને જો પોતાના હૃદયમાં ધ્યાન કરવા યોગ્ય સ્વરૂપ હોય તો તે સાક્ષાત્ ધર્મદેવના પુત્ર સ્વરૂપે આ કળિકાળમાં મનુષ્ય શરીર ધારણ કરીને પ્રગટ પ્રમાણ પૃથ્વી ઉપર વિચરણ કરતા ભગવાન શ્રી સ્વામિનારાયણની આ દિવ્ય મૂર્તિ જ છે. અને તે મૂર્તિનો કેવો અલૌકિક પ્રતાપ છે તે સમજાવવા માટે સ્વામીએ જે પ્રકારે શ્રીહરિનો પ્રતાપ અને ઐશ્વર્ય છે તેનું વર્ણન કરવા માટે આ એક સુંદર ઉપજાતી છન્દમાં સંસ્કૃત ભાષામાં મધુર અષ્ટકની રચના કરી છે. તેના સરળ અર્થને સમજવાનો પ્રયત્ન કરવો જરૂરી છે. તે જોઈએ કેવો મધુર છે --

**શ્રીધર્મસદ્મન્યવતીર્ય વિષ્ણુર્યો વાસુદેવો હરિકૃષ્ણ ઈશઃ ॥**
**શ્રીનીલકંણ્ઠોઽત્રપુનાતિ મર્ત્યાન્ ધ્યાયેહરિં તં હૃદિ ધર્મપુત્રમ્ ॥૧॥**

આ ભયાનક કળિકાળમાં છપૈયા ગામના નિવાસી જે ધર્મદેવ હરિપ્રસાદ વિપ્રના ઘરે જે પ્રગટ થયા છે તે સાક્ષાત્ વિષ્ણુ છે. વાસુદેવ છે. હરિકૃષ્ણ છે. ઈશ્વર છે. શ્રીનીલકણ્ઠ છે. આ પાંચ વિશેષણો આપીને સ્વામીએ સર્વઅવતારોના અવતારી અને સર્વત્ર વ્યાપક અન્તકોટી બ્રહ્માંડોની ઉત્પતિ સ્થિતિ અને પાલન કરનારા પરંબ્રહ્મ પરમાત્મા સર્વ કારણના કારણ એવા પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણપુરૂષોત્તમ નારાયણ છે છતાં સર્વજીવ પ્રાણી માત્રનું હિત કરવા માટે આત્યન્તિક મોક્ષ અપાવવા માટે મનુષ્ય શરીર ધારણ કરીને વિચરણ કરે છે તે આ ધર્મદેવના પુત્ર શ્રીહરિ ભગવાન શ્રીસ્વામિનારાયણનું હું મારા હૃદયમાં સ્મરણ ચિન્તન રૂપ ધ્યાન કરૂ છું. (૧)

**યસ્ય સ્વરુપે તિલલક્ષણાનિ સ્વભક્તચેતાંસિ હરન્તિ યદ્વત્ ॥**
**અયાંસિચાકર્ષમણિપ્રવેકા ધ્યાયેહરિં તં હૃદિ ધર્મપુત્રમ્ ॥૨॥**

**યસ્યાક્ષરે ધામ્નિયત્પ્રસક્તાઃ ક્રીડન્તિ દિવ્યેડક્ષરસંજ્ઞમુક્તાઃ ॥**
**સમ્રાટ્તનુજા ઈવસર્વ માન્યા ધ્યાયેહરિં તં હૃદિ ધર્મપુત્રમ્ ॥૩॥**

ભગવાન શ્રીહરિએ ધારણ કરેલ માનવ દેહમાં જેમ લોહચુંબક લોખંડના પદાર્થ માત્રને પોતાના તરફ ખેંચી લેશે છે, તેમ પોતાના સર્વ ભક્તો તેમજ દર્શન કરનારાના મનને પોતાની મૂર્તિમાં બળપૂર્વક ખેંચી લે તેવા શરીરમાં શ્રીહરિએ તલના ચિન્હો અને લાખુના ચિન્હો ધારણ કરેલ છે. ભગવાનને ઓળખાવનારા શાસ્ત્રોમાં કહેલાં ચરણાર્વિન્દના સોળ ચિન્હો ઉપરાંત શરીર ઉપર પણ કેટલાંક પ્રકારના ઓળખ ચિન્હોનું વર્ણન સામુદ્રિક શાસ્ત્રમાં આવે છે તે સર્વ ચિન્હો આ મૂર્તિમાં વિદ્યમાન છે. અક્ષરધામ એવું નામ જેમના ધામનું છે તે સર્વ ધામોથી પર છે. અને તે અક્ષરધામની તુલના અન્ય કોઈ ધામ કે સ્થાન સાથે થઈ જ ન શકે એવા અક્ષરધામમાં જે ભક્તો આ શ્રીહરિનો આશ્રય કરે છે તેમને જ પ્રાપ્ત થાય છે. તે દિવ્ય અક્ષરધામમાં ગયેલ ભક્તનું નામ અક્ષરમુક્ત એવું થાય છે. તે ધામમાં ગયેલા ભક્તો શું કરે છે તો ત્યાં વિરાજમાન પરંબ્રહ્મ પરમાત્માના દ્વિભુજ દિવ્ય સદા સાકર સ્વરૂપની સદા સર્વદા સેવારૂપી ક્રિડા ક્રિયા કરીને તેમનું રંજન કરે છે. તે અક્ષરમુક્તોનું સામર્થ્ય કેવું છે તો જેમ ચક્રવર્તી સમ્રાટનો રાજકુમાર હોય તેના જેટલા તેના આધિન રાજ્યો હોય તેના સર્વ શાસકો અધિકારીઓ તેનું ખૂબજ સન્માન કરે છે તેમ અક્ષરમુક્તોનું સર્વ બ્રહ્માંડના નિયન્તાઓ ઉત્પતિ સ્થિતિ પ્રલય કરનારા તે અક્ષરમુક્તોનું માન સન્માન કરે છે. અને તેમની બધી આજ્ઞાઓનું પાલન પણ કરે છે. એવા અક્ષરમુક્તો જેમની સેવામાં છે. તે આ ધર્મદેવના પુત્ર શ્રીહરિ ભગવાન શ્રીસ્વામિનારાયણનું હું મારા હૃદયમાં સ્મરણ ચિન્તન રૂપ ધ્યાન કરૂ છું. (૩)

**યસ્યાયસ્યપદ્મેડદ્ભુતભૂરિશોભે વસન્તિ નેત્રભ્રમરા જનાનામ્ ॥**
**હંસાયથા માનસપદ્મવૃન્દે ધ્યાયેહરિં તં હૃદિ ધર્મપુત્રમ્ ॥૪॥**

ભગવાન શ્રીસ્વામિનારાયણના આ દિવ્ય માનુષ શરીરની શોભા એવી છે કે તેમના મુખાર્વિન્દને જોઈને મનુષ્યોના નેત્રો જેમ માનસ સરોવરના

ભમરાઓ કમળની સુગન્ધ લેવામાં મગ્ન બની જાય છે તેમ સર્વ જોનારાઓની આંખો સ્થિર થઇ જાય છે. એવી અદ્ભુત કમળની પાંખડી જેવી વિશાળ તેમની આંખો છે. તે આ ધર્મદેવના પુત્ર શ્રીહરિ ભગવાન શ્રીસ્વામિનારાયણનું હું મારા હૃદયમાં સ્મરણ ચિન્તન રૂપ ધ્યાન કરૂ છું. (૪)

**યઃ પોષયત્યત્ર જના સ્વકીયજ્ઞાનોપદેસેન સુધોપમેન ॥**
**વત્સાન્ સુશિલા પયસા યથા ગૌઃ ધ્યાયેહરિં તં હૃદિ ધર્મપુત્રમ્ ॥૫॥**

જેવી રીતે સુરભી કામધેનુ શ્રેષ્ઠ દુગ્ધવાળી ગાય પોતાના વાછરડાને અમૃત જેવા મીઠા દુગ્ધથી તેનું પોષણ કરે છે અને રક્ષણ પણ કરે છે. તેમ જ ભગવાન શ્રીહરિ સ્વામિનારાયણ પણ પોતાના આશ્રિત ભક્તોનું પોતાના જ્ઞાનોપદેશ વચનામૃતો દ્વારા સર્વ પ્રકારે તેનું પોષણ કરીને અન્તઃશત્રુઓથી તેમનું સર્વ પ્રકારે રક્ષણ પણ કરે છે. તે આ ધર્મદેવના પુત્ર શ્રીહરિ ભગવાન શ્રીસ્વામિનારાયણનું હું મારા હૃદયમાં સ્મરણ ચિન્તન રૂપ ધ્યાન કરૂ છું. (૫)

**પાખણ્ડધર્માદ્યુદયેન યસ્ય શાક્તાઃ વ્યલીયન્ત યતોદિતેઽર્કે ॥**
**ઘૂકા વૃષદ્વેષિણ એવ ચાન્યે ધ્યાયેહરિં તં હૃદિ ધર્મપુત્રમ્ ॥૬॥**

પૃથ્વી ઉપર જ્યારે સૂર્યનો ઉદય થાય છે ત્યારે સમગ્ર અન્ધકાર માત્રનો નાશ થાય છે. તેવી જ રીતે આ પૃથ્વી ઉપર જ્યારે આ ભયાનક કળિકાળમાં સ્વયં ભગવાન શ્રીસ્વામિનારાયણ સ્વરૂપે પ્રગટ પ્રમાણ વિચરણ કરે છે. તેમના પ્રભાવથી દુષ્ટ કર્મ કરનારા અને ધર્મનું અપમાન કરનારા દંમ્ભ અને આડમ્બર કરીને ભોળી પ્રજાને છેતરનારા પાખંડીઓ જીવહિંસા કરનારા માંસ મદિરાનું ભક્ષણ કરનારા એવા અધર્મીઓનો આપોઆપ જ વિનાશ જેણે કર્યો છે એવા તે આ ધર્મદેવના પુત્ર શ્રીહરિ ભગવાન શ્રી સ્વામિનારાયણનું હું મારા હૃદયમાં સ્મરણ ચિન્તન રૂપ ધ્યાન કરૂ છું. (૬)

**યત્પાદપદ્મેઽક્ષરમુક્તચેતો ભૃગાં રમન્તે સરસીવમીનાઃ ॥**
**આસેવ્યમાને ભુવિ ભૂરિભક્તૈઃ ધ્યાયેહરિં તં હૃદિ ધર્મપુત્રમ્ ॥૭॥**

જેવી રાતે સુગંધવાળા ફુલોને વિંટળાઇને ભમરાઓ ગુંજારવ કર્યા કરે છે. તેમ જ પોતાના દિવ્ય અક્ષરધામમાં અક્ષરમુક્તો જેમની ચારેય બાજુ તેમના ગુણોનું ઐશ્વર્યોનું સદા ગાન કર્યા કરે છે. તે જ પરંબ્રહ્મ પરમેશ્વર આજ

પૃથ્વી ઉપર માનવ શરીરે વિચરણ કરે છે અને અસંખ્ય એકાન્તિક ભક્તો તેમની ચારે બાજુ તેમના ગુણોનું અને યશનું ગાન કરતાં સેવામાં તત્પર રહે છે. તે આ ધર્મદેવના પુત્ર શ્રીહરિ ભગવાન શ્રીસ્વામિનારાયણનું હું મારા હૃદયમાં સ્મરણ ચિન્તન રૂપ ધ્યાન કરૂ છું. (૭)

**યદીયસૌન્દર્યગુણાદિપારં શેષાદયો યાન્તિ ન યસ્ય ભક્તાઃ ॥**
**વાંચ્છન્તિનાપ્યક્ષરસૌખ્યમન્તઃ ધ્યાયેહરિં તં હૃદિ ધર્મપુત્રમ્ ॥૮॥**

સ્વયં શેષજી કે સાક્ષાત્ શારદાદેવી માં સરસ્વતીજી પણ જેમના ગુણો અને ઐશ્વર્યોનું રૂપનું સૌન્દર્યનું પૂરેપુરૂ વર્ણન કરી શકતા નથી. તેવા જેમના અનંત ગુણો અને અપાર રૂપસૌન્દર્યનું રસપાન કરતાં એકાન્તિક ભક્તો આ દર્શન સેવાનું સુખ મુકીને અક્ષરબ્રહ્મનું સુખ ઐશ્વર્ય પણ ઈચ્છતાં નથી તેમના એકાન્તિક ભક્તો બીજા કોઈ સુખ કે ઐશ્વર્યને ક્યારેય ઈચ્છતાં જ નથી. તે આ ધર્મદેવના પુત્ર શ્રીહરિ ભગવાન શ્રીસ્વામિનારાયણનું હું મારા હૃદયમાં સ્મરણ ચિન્તન રૂપ ધ્યાન કરૂ છું. (૮)

**॥ સ્રગ્ધરાવૃત્તમ્ ॥**

**ગોપાલાન્દનામ્ના રચિતમતિશુભંત્વષ્ટકં સન્મયેદં પ્રીત્યૈ**
**શ્રી ધર્મસૂનોઃ પ્રગટભગવતઃ સ્વામિનારાયણસ્ય ॥**
**તન્મહાત્મ્યાવબોધં ય ઈદમિહ જનઃ શ્રાવયેત્કીર્ત્તયેદ્વા સ સ્યાદ્વૈ**
**બ્રહ્મરુપઃ હરિરતુલમુદં ચાપ્નયાત્તાત્ર ધાર્મિઃ ॥૯॥**

અક્ષરમુક્ત સદ્ગુરૂ શ્રીગોપાળાનંદ સ્વામી કહે છે કે મેં આ જે અષ્ટકની રચના કરી છે તે માત્ર ને માત્ર મનુષ્ય દેહ ધારી રહેલાં પ્રગટ પ્રમાણ શ્રીહરિ ધર્મદેવના પુત્ર ભગવાન શ્રીસ્વામિનારાયણની કેવળ પ્રસન્નતા માટે જ આ શુભ ગુણયુક્ત અને સૌનું શુભ મંગલકારી આ અષ્ટકની રચના કરી છે. શ્રીહરિનો અપાર મહિમાં વાળા આ અષ્ટકનું જે કોઈ મનુષ્ય શ્રદ્ધા ભક્તિ ભાવપૂર્વક શ્રવણ કરશે કે તેનું ગાન કરશે તે સર્વ બ્રહ્મરૂપ થશે અને અક્ષરમુક્તની પદવીને પ્રાપ્ત કરશે. બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મ પરમેશ્વરના આ અષ્ટકનું જે ગાન કે શ્રવણ કરશે તેના ઉપર ધર્મદેવના પુત્ર શ્રીહરિ ભગવાન શ્રીસ્વામિનારાયણ નિશ્ચય જરૂરથી અતિ પ્રસન્ન થશે. (૯)

# શ્રીહરિના દિવ્ય ૧૦૮ નામો

॥ श्रीहरि महिमाष्टकम् ॥

गोविन्द नारायण वासुदेव श्रीकृष्ण संकर्षण पद्मनाभ ॥
नरानिरुद्धेश्वर लोकनाथ हरे मुकुन्दाद्य नमो नमस्ते ॥१॥
आनन्दकंदाच्युत सुंदरागं दयानिधे माधव मंगलात्मन ॥
विष्णो हृषिकेश परावरेश प्रद्युम्न पद्मनाभ ते नोऽस्तु ॥२॥
विशुद्धमूर्ते मधुसूदनाज दामोदर श्रीधर सर्ववन्द्य ॥
ब्रह्मण्यदेवाक्षर पूर्णकाम प्रभो विभो नाथ नमो नमस्ते ॥३॥
वैकुन्ठ सत्योत्तम सत्व भूमन् हिरण्यगर्भ त्रिककुत्कलेश ॥
विश्वोतमश्लोक विधे महर्षे प्राणेश विश्वेश्वर ते नमोऽस्तु ॥४॥
वृषाकपे केशव धर्म धीर शुचिश्रवो भूतपते परात्मन् ॥
पुण्यांग यज्ञेष्टद पुण्यकीर्ते सुधीर्नमस्ते पुरुषोतमाय ॥५॥
अधोक्षज श्रीकर कंजनेत्र वेदैकविद्वेदकृदव्ययात्मन् ॥
अव्यक्त संश्रित्पर सौख्य हेतो आनंद विद्याधिपते नमोऽस्तु ॥६॥
ज्ञेयादिदेव प्रियभक्त पूज्य प्रेष्ठ प्रजेशामरवर्य सर्व ॥
ब्रह्मागुणागम्य सदर्चनीय प्रमाणहीनाधिपते नमोऽस्तु ॥७॥
स्वामिन्महेशामलधाम देव ज्ञानप्रदागोचर सद्गुणाप्त ॥
सहस्त्रमूर्ते पुरुषाप्तकाम प्रकाशकाकाशवपुनर्मस्ते ॥८॥
स्वतंत्र मायाधिप सर्वशक्ते सदा प्रसन्नो भव पाहि चास्मान् ॥
त्वमेव सर्वाश्रयणीय एकस्तस्मै मुहुस्ते भगवन्नमोऽस्तु ॥९॥

પરબ્રહ્મ પરમાત્માના શાસ્ત્રોમાં અસંખ્ય નામો આવે છે. જેની ગણના કરવી મનુષ્યની બુદ્ધિથી થઇ શકે તેમ નથી. આ કળિકાળમાં મનુષ્ય દેહ ધારણ કરીને પ્રગટ થયેલા આપણાં ઈષ્ટ દેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના નામો પણ નંદ સંતોએ પોતાની રચનાઓમાં વિવિધ સ્થળે અનેક નામથી સંબોધન કરે છે અને અનેક નામોનું ગાન પણ કર્યું છે. સત્સંગિજીવનના રચયિતા શતાનંદ મુનિએ પોતાની રચનામાંથી ભક્તોની સરળતા માટે

શ્રીહરિના એક હજાર નામો અલગથી તારવીને સર્વમંગળ સ્તોત્રની રચના કરી છે જેથી સૌ ભક્તો તેનું ગાન કરી શકે. તેમાં પણ વધારે સરળતા માટે ફરી પાછા શ્રીહરિના ૧૦૮ એકસોને આઠ નામોવાળું જનમંગલ સ્તોત્ર કરી આપ્યું જે સંપ્રદાયમાં ખૂબજ પ્રસિદ્ધ છે અને તેનું ગાન પાઠ જપ સૌ ભક્તો અવશ્ય નિત્યપ્રતિ કરતાં જ હોય છે. તેવી જ રીતે શતાનંદ મુનિએ સત્સંગિજીવન ગ્રન્થમાં જ ભગવાન શ્રીહરિ જે વારંવાર અનેક સ્થળોએ મોટા મોટા ઉત્સવો કરતાં અને તેમાં જે ભક્તોનો મોટો સમુદાય એકઠો થતો તેમાંના એક સમૈયામાં વિક્રમ સંવત ૧૮૭૩ ને ફાગણ વદ ૧ ને તારીખ ૩ માર્ચ ૧૮૧૭ને સોમવારના દિવસ નો સમૈયો એટલે કે ભગવાન શ્રીનરનારાયણ દેવનો જન્મોત્સવનો ઉત્સવ ખૂબજ મોટા પ્રમાણમાં વડતાલમાં ઉજવ્યો હતો ત્યારે દેશાન્તરોથી આવેલાં હજારો ભક્તો સંતો પરમહંસો ગૃહસ્થો ભાઈઓ બાઈઓ સૌ એક સાથે મળીને જે પોતાના ઈષ્ટદેવ પ્રભુ ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય અને અલૌકિક નામો સૌના હૃદય કમળમાં સ્કુરાયમાણ થયા તેના અનાયાસે મુખમાં થી નિસરી પડ્યા તેનું સુંદર સ્તોત્ર શતાનંદ મુનિએ રચીને સૌના માટે સરળ બનાવી આપ્યું છે. તે સ્તોત્ર સત્સંગિજીવનના તૃતીય પ્રકરણના અધ્યાય ૫૫ શ્લોક ૧૮થી ૨૬ સુધી આવેલ છે તે દિવ્ય અને અદ્‌ભૂતનામો ને સમજવાનો પ્રયત્ન કરીએ......

**ગોવિન્દ નારાયણ વાસુદેવ શ્રીકૃષ્ણ સંકર્ષણ પદ્મનાભ ॥**
**નરાનિરૂદ્ધેશ્વર લોકનાથ હરે મુકુન્દાદ્ય નમો નમસ્તે ॥૧॥**

૧ ગોવિન્દ – સ્તુતિ પ્રાર્થના જેને વેદોમાં સૂક્તના નામથી પણ કહેવાય છે. તે દ્વારા તેમને ઓળખી શકાય છે. મેળવી શકાય છે. તે અથવા ગો એટલે પાંચ જ્ઞાનેન્દ્રિઓનો સમુદાય તે ઈન્દ્રિઓની વૃત્તિઓને પોતાનામાં ખેંચીને રાખે તે ગોવિન્દ છે. અથવા જે ભક્ત ઈન્દ્રિઓની વૃત્તિને પરમેશ્વરના સ્વરૂપમાં જોડે છે તેને જ મળે છે. એવા ગોવિન્દ છે પરમાત્મા. ૨ નારાયણ – નાર એટલે જળ અને જળ એજ જેનું જીવન છે એવા જે નરો અર્થાત મનુષ્યોમાં અયન એટલે સ્થાન આધાર રહેનારા આત્માના આધાર આત્મામાં

અન્તર્યામી સ્વરૂપે રહેનારા નરના આત્મા નારાયણ છે. ૩ વાસુદેવ - સમગ્ર વિશ્વમાં વ્યાપક પણે રહેલાં છે તે વાસુદેવ જેને વેદો ईशावस्म्यमिदं - થી ગાન કરે છે તે વાસુદેવ છે. ૪ શ્રીકૃષ્ણ – કષતિતિ કૃષ્ણ જે જીવમાત્રના મન પ્રાણ ઈન્દ્રિઓને પોતાનામાં આકર્ષે ખેંચે તે કૃષ્ણ અથવા જેમનું નામ માર્કેન્ડેય મહામુનિએ કૃષ્ણ એવું પાડ્યું છે તે અતિ સુંદર શોભા વિશિષ્ટ શ્રીકૃષ્ણ છે. ૫ સંકર્ષણ – આ યુગમાં મનુષ્ય શરીર ધારણ કરીને પોતાના આશ્રિતોના સંસૃતિજનક જન્મમૃત્યુ આપનારા વાસનારૂપી દુઃખને હરે છે તે સંકર્ષણ છે. ૬ પદ્મનાભ – પોતાના ભક્તોના હૃદયકમળમાં સદા નિવાસ કરીને રહે છે અથવા જેની નાભી કમળ જેવી છે તે પદ્મનાભ છે. ૭ નર – જે હમેશાં પુરૂષાકૃતિ છે. અને જે અક્ષર પર્યન્ત સૌના નેતા છે નાયક છે દોરનારા છે. અથવા ધર્મઅને મૂર્તિદેવીના ચાર પુત્ર રૂપે પ્રગટ થયા ત્યારે બીજા પુત્રરૂપે જે નર હતાં તે નર છે. ૮ અનિરૂદ્ધ - જેનું સ્વરૂપ અને રૂપ નો પાર મળી શકે તેમ નથી અર્થાત જેને અક્ષર પર્યન્ત કોઇ પાર પામી શકે તેમ નથી જે અકળ અને સ્વતંત્ર છે તે અનિરૂદ્ધ છે. ૯ ઈશ્વર – પરંબ્રહ્મ પરમાત્મા જે સર્વના ઈષ્ટ છે. સર્વના નિયન્તા છે. ૧૦ લોકનાથ – સર્વ જીવપ્રાણી માત્ર ના નાથ નિયન્તા છે. ૧૧ હરિ – સર્વના કષ્ટને દૂર કરે હરે તે હરિ અથવા માર્કન્ડેય મહામુનિએ જેમનું નામ હરિ એવું પાડ્યું છે તે હરિ. ૧૨ મુકુન્દ – પોતાના આશ્રિતોને આત્યન્તિક મોક્ષ આપે તે મુકુન્દ છે. ૧૩ આદ્ય – જે સર્વથી પહેલાં હોય તે આદ્ય છે અનંત કોટી બ્રહ્માડોની ઉત્પત્તિ પહેલાં હતાં અને મધ્યમાં પણ છે અને છેવટે અને રહેવાના જ છે તે આદ્ય છે. એવા હે સ્વામિનારાયણ ભગવાન આપના ચરણોમાં અમે સૌ વંદન કરીએ છીએ. (૧)

**આનન્દકંદાચ્યુત સુંદરાગં દયાનિધે માધવ મંગલાત્મન ॥**
**વિષ્ણો હૃષિકેશ પરાવરેશ પ્રદ્યુમ્ન પદ્મનાભ તે નોડસ્તુ ॥૨॥**

૧૪ આનંદકંદ – અનંદનું મૂળ છે ૧૫ અચ્યુત – જેનો કોઈ અંશ નથી જે ક્યારેય ચલાયમાન થતાં નથી તે અચ્યુત છે. ૧૬ સુંદરાંગ – જેના સર્વ

અંગો હાથ પગ નાક કાન વિગેરે અતિ સુંદર છે તે સુંદરાંગ છે. ૧૭ દયાનિધિ – જીવો ઉપર દયા કરૂણાના સાગર છે. ૧૮ માધવ – જગતના જીવ માત્રનું પોષણ કરે તે દયા કરૂણા શોભા અને બ્રહ્મવિદ્યાના આશ્રય સ્થાન તે માધવ છે. ૧૯ મંગલાત્મા – જેના અન્તરમાં વિરાજે છે તેનું સર્વત્ર મંગલ થાય છે. ૨૦ વિષ્ણુ – જગતમાં સર્વત્ર વ્યપક પણે રહિને ક્ષર અક્ષર પર્યન્ત સર્વનું નિયંત્રણ કરે છે તે વિષ્ણુ છે. ૨૧ હૃષિકેશ – પાંચ જ્ઞાનેન્દ્રિઓ અને કર્મેન્દ્રિઓ અને ચાર અન્તકરણના સમૂહને હૃષિક કહેવાય છે તેના ઈશ એટલે નિયંતા છે તે હૃષિકેશ છે. ૨૨ પરાવરેશ – જે જીવોથી જાણી ન શકાય તે પર અને અવર જે જોઈ જાણી શકાય છે તે સર્વના નિયન્તા જે છે તે પરાવર છે. ૨૩ પ્રદ્યુમ્ન – જે સ્વયં પ્રકાશિત છે જેનો પ્રકાશ સર્વોત્કૃષ્ટ છે જે સૌને તૃણથી લઈને સ્તંબ પર્યન્ત સૌને પ્રકાશ આપે છે પણ પોતાને કોઈના પ્રકાશની જરૂર નથી તે પ્રદ્યુમ્ન છે. ૨૪ પદ્મનાભ – જેનું મુખ કમળ જેવું સુંદર અને કોમળ છે તે પદ્મનાભ એવા હે પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ આપના ચરણોમાં વંદન છે. (૨)

**વિશુદ્ધમૂર્તે મધુસૂદનાજ દામોદર શ્રીધર સર્વવન્દ્ય ॥**
**બ્રહ્મણ્યદેવાક્ષર પૂર્ણકામ પ્રભો વિભો નાથ નમો નમસ્તે ॥૩॥**

૨૫ વિશુદ્ધમૂર્તે – સત્વગુણ રજોગુણ અને તમોગુણ આ ત્રિગુણ મયિ જે માયા તેના થી અત્યન્ત બાહ્યાભ્યન્ત શુદ્ધ અને પવિત્ર છે તે માનવ દેહ ધારી પરમાત્મા છે વિશુદ્ધમૂર્તે છે. ૨૬ મધુસૂદન – પોતાના શરણે આવેલા ભક્તોનાં મન બુદ્ધિ વિષયોમાં મધુરતા માણી છે તેને તે વિષયોમાંથી છોડાવીને ભગવત્ સ્વરૂપમાં જોડે તે મધુસૂદન છે. ૨૭ અજ – જે સદા અજન્મા છે છતાં લીલારૂપ મનુષ્ય શરીર ધારણ કરીને પોતાના ભક્તોને દર્શન આપે છે તે અજ છે. ૨૮ દામોદર – દમ શમાદિ સાધનોથી જેમને મેળવી શકાય છે તે અથવા દામ એટલે સમગ્ર જગત અને તેનું જે ધન સંપત્તિ શક્તિ ઐશ્વર્ય આદિ જેના ઉદરમાં રહેલ છે તે દામોદર છે. ૨૯ શ્રીધર - અનંત પ્રકારની શોભા ઐશ્વર્યા સામર્થ્ય જે ધારી રહ્યા છે તે શ્રીધર છે. ૩૦ સર્વવંદ્ય – જેની

મૂર્તિને વિશ્વના સૌ દેવદાનવ મનુષ્યોને વંદન કરવાથી મોક્ષ આપે છે તે સર્વવંદ્ય છે. ૩૧ બ્રહ્મણ્યદેવ – જે ત્રણ દેહ જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિ તેનાથી પર જુદો જે આત્મા તે રૂપ થાય છે તેને બ્રહ્મરૂપ કહેવાય છે તેના દેવ અર્થાત તેમનું સર્વપ્રકારે હિત કરનારા છે માટે તે બ્રહ્મણ્યદેવ છે. ૩૨ અક્ષર – જેમના કોઈ પણ પ્રકારની વિકૃતિ ક્યારેય ન આવે અક્ષર છે. અર્થાત ક્ષય જે વિકૃતિ જન્મ જરાદિ છે તે ન હોય તે અક્ષર છે. ૩૩ પૂર્ણકામ - જેના હૃદયમાં કોઈ પણ પ્રકારની જગતની કામના કે ઈચ્છા નથી તે પૂર્ણકામ છે. ૩૪ પ્રભુ – સ્વસત્તા રૂપથી સ્વયં ઐશ્વર્યવાન છે તે પ્રભુ. ૩૫ વિભુ – અનન્નકોટી બ્રહ્માંડમાં સર્વત્ર વ્યાપક છે સર્વત્ર છે તે સૌથી મોટા મહાન છે તે વિભુ. ૩૬ નાથ – ચેતન અચેતન સર્વના નિયન્તા નાથ સ્વામી છે તે નાથ છે. એવા હે સ્વામિનારાયણ ભગવાન તમારા ચરણોમાં નમસ્કાર પૂર્વક વંદન છે. (૩)

**વૈકુન્ઠ સત્યોત્તમ સત્વ ભૂમન્ હિરણ્યગર્ભ ત્રિકકુત્કલેશ ॥**
**વિશ્વોતમશ્લોક વિધે મહર્ષે પ્રાણેશ વિશ્વેશ્વર તે નમોઽસ્તુ ॥૪॥**

૩૭ વૈકુંઠ – કુંઠા જે જે જીવોની બુદ્ધિ મોક્ષમાર્ગમાં સંકુચિત છે ટુંકી છે તે કુંઠા પણું જેના આશ્રય કરવાથી નાશ પામે છે તે અથવા પોતાના ભક્તોની કુંઠાને છોડાવીને આત્યન્તિક મોક્ષ ગતિ આપે છે વૈકુંઠ છે. ૩૮ સત્ય – ત્રણેય કાળમાં જેની એકસરખી સ્થિતિ છે તે ભૂત ભવિષ્ય અને વર્તમાન કાળમાં એકસમાન પણે જ રહે છે તે સત્ય છે. ૩૯ ઉત્તમ - સર્વથી શ્રેષ્ઠ જે છે તે ઉત્તમ જેનાથી કોઈ કોઈપણ પ્રકારે અધિક નથી તે ઉત્તમ છે. ૪૦ સત્વ - જગતમાં સદા સત્તામાત્ર પણે રહેલ છે તે સત્ત્વ છે. ૪૧ ભૂમન - જેમના ગુણ ઐશ્વર્ય ક્રાન્તિ અનંત અચિત્ય અને જાણી ન શકાય તેવા હોય તે ભૂમન છે. ૪૨ હિરણ્યગર્ભ – સુવર્ણના જેવા અતિ તેજસ્વી અપ્રાકૃત ધામના અધિપતિ તે ધામના મધ્યમાં વિરાજમાન છે તે હિરણ્યગર્ભ છે. ૪૩ ત્રિકકુત્ – જેના ત્રણેય અંગો અતિ ઉંચા અને શ્રેષ્ઠ હોય તે ત્રિકકુત છે. ૪૪ કલેશ – સર્વપ્રકારની કલાના ઈશ નિયન્તા સ્વામી અનેક પ્રકારની

કળાઓ છે જેમ કે ૬૪ ચૌસઠ કળાઓ ૧૬ કળા અને ૬૮ અડસઠ કળાઓ આ સિવાય પણ જગતમાં જેટલી કળાઓ છે તેના નિયન્તા સ્વામી છે તે કલેશ છે. ૪૫ વિશ્વ – સમગ્ર વિશ્વના આધાર કર્તા અને નિયંતા છે અથવા જેમાં સમસ્ત જગત સમાહિત છે અથવા જે સમસ્ત જગતમાં વ્યાપક પણે રહેલ છે વિશ્વ છે. ૪૬ ઉત્તમ શ્લોક – વિશ્વમાં જે કંઇ પણ શ્રેષ્ટતા છે તે સર્વ જેમનામાં સમાહિત છે તેના સાગર છે જીવના પુણ્યો સત્કર્મોના સાગર છે. તે ઉત્તમ શ્લોક છે. ૪૭ વિધે – વેદાદિ સત્શાસ્ત્રોમાં જેમનું જગત નિયન્તા સ્વરૂપે વિધાન કરેલ છે તે વિધે અથવા જીવ ઈશ્વર માયા અક્ષર પર્યન્ત સર્વના નિયન્તા વિધાતા ફલપ્રદાતા જે છે તે વિધે છે. ૪૮ મહર્ષે - ઋષિમુનિઓમાં જે મહાન છે અર્થાત તપ ઇન્દ્રિય દમન કરવામાં સમર્થ છે તે મહર્ષે છે ૪૯ પ્રાણેશ – પ્રાણ સંચરણ ચેતના શક્તિ જે સમગ્ર વિશ્વમાં છે તેના નિયત્તા સ્વામી છે તે પ્રાણેશ છે. ૫૦ વિશ્વેશ્વર – અનંતકોટી બ્રહ્માંડોના ઉત્પતિ સ્થિતિ અને પ્રલયના કર્તા અને નિયન્તા છે તે અથવા સમગ્ર વિશ્વના ઈશ્વર પૂજનીય ભજનીય ઉપાસનીય જે છે તે વિશ્વેશ્વર છો એવા ભગવાન શ્રીસ્વામિનારાયણ આપના ચરણોમાં નમન પૂર્વક વંદન છે. (૪)

**વૃષાકપે કેશવ ધર્મ ધીર શુચિશ્રવો ભૂતપતે પરાત્મન્ ॥**
**પુણ્યાંગ યજ્ઞેષ્ટદ પુણ્યકીર્તે સુધીર્નમસ્તે પુરૂષોતમાય ॥૫॥**

૫૧ વૃષાકપિ – વૃષ એટલે ધર્મ અને તેને ધારણ કરનારા તે વૃષાકપિ અથવા ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયા છે વૃષાકપિ છે. ૫૨ કેશવ - જગતના જીવ પ્રાણી માત્રના અન્તઃકરણમાં અન્તર્યામી સ્વરૂપે રહીને જે તેનું નિયમન કરે છે તે કેશવ છે. ૫૩ ધર્મ – સમગ્ર વિશ્વને પોતાના સ્વરૂપમાં ધારણ કરીને રહેલાં તે ધર્મ અથવા જે ધર્મના પુત્ર રૂપે પ્રગટ થયા છે ધર્મ છે. ૫૪ ધીર – જે હમેંશાં સ્થિર રહે તે ધીરજ વાન છે. ધીર છે. ૫૫ શુચિશ્રવ – જેનું નામ લીલા ચરિત્ર ગુણગાન સૌના કાનને પવિત્ર કરે છે તે શુચિશ્રવ છે. ૫૬ ભૂતપતિ – આ વિશ્વમાં જે માયાથી આવૃત છે સર્વ ભૂત છે અર્થાત જીવ ઇશ્વર માયા અને અક્ષર પણ ભૂત નામથી ઓળખાય છે તે સર્વના

પતિ છે-નિયન્તા છે તે ભૂતપતિ છે. ૫૭ પરાત્મા – જે આત્માના અન્તર્યામી છે પણ આત્મા તેને જાણી શકતો નથી ઓળખી શકતો નથી તેનાથી પર છે તે પરાત્મા છે. ૫૮ પુણ્યાંગ – જેના શરીરના સર્વ અંગો અતિ દિવ્ય છે જેના દર્શન માત્રથી જીવોના પુણ્યોનો ઉદય થાય છે તે પુણ્યાંગ છે ૫૯ - યજ્ઞ સાક્ષાત્ યજ્ઞ મૂર્તિમાન છે જે સર્વના સતસતું કર્મોને પોતાનામાં સ્વાહા કરે છે ભસ્મ કરે છે તે યજ્ઞ છે. ૬૦ ઈષ્ટદ - યાચકોને પોતાના મનમાં માગેલ સર્વ પ્રકારના ફળને આપનારા છે તે ઈષ્ટદ છે. ૬૧ પુણ્યકીર્તિ - જેમનો યશ કીર્તિ નામના સર્વત્ર ગવાય છે તે અથવા જેના ચરિત્રોનું ગુણોનું ગાન કરનારાના પુણ્યનો ઉદય થાય છે તે પુણ્યકીર્તિ છે. ૬૨ સુધી – પોતાના આશ્રયે આવેલાં ભક્તોના દુઃખ દૂર કરવામાં જેમની બુદ્ધિ શ્રેષ્ઠ છે ઉત્તમબુદ્ધિ મતિ વાળા છે તે સુધી છે. ૬૩ પુરૂષોત્તમ - અનંતકોટી બ્રહ્માંડોમાં જેટલા પણ પુરૂષ શબ્દથી કહેવાય તેમાં સર્વશ્રેષ્ઠ છે અતિ ઉત્તમ છે તે પુરૂષોત્તમ છે એવા હે ભગવાન શ્રીસ્વામિનારાયણ આપના ચરણોમાં વંદન છે. ૫

**અધોક્ષજ શ્રીકર કંજનેત્ર વેદૈકવિદ્વેદકૃદવ્યયાત્મન્ ॥**
**અવ્યક્ત સંશ્રિત્પર સૌખ્ય હેતો આનંદ વિદ્યાધિપતે નમોઽસ્તુ ॥૬॥**

૬૪ અધોક્ષજ – જેનું ભજન ભક્તિ કરવાથી અસંખ્ય ભકતો અક્ષરમુક્તની પદવીને મેળવે છે. તથા જેની ભકિત ઉપાસના કરીને ઉંચી પદવીઓ મેળવે છે છતાં તેમનામાંથી જરાય પણ ઓછપ થતી નથી તે અધોક્ષજ છે. ૬૫ શ્રીકર – ઐશ્વર્ય રૂપ જે બ્રહ્મજ્ઞાન બ્રહ્મવિદ્યા જેને પરાવિદ્યા કહે છે તેના દાતા આપનારા છે તે શ્રીકર છે. ૬૬ કંજનેત્ર – કંજ એટલે કમળ અને તેના જેવા સુંદર આંખોવાળા છે તે કંજનેત્ર છે. ૬૭ વેદૈકવિત – જેના સ્વરૂપને ઓળખવું હોય તો વેદ જે જ્ઞાન રૂપ છે અને સત્શાસ્ત્રોના વચનો સિવાય ઓળખી શકાતા નથી તે વેદકવિત છે. ૬૮ વૈદકૃત વેદ જે જ્ઞાન અને વેદો જે ઋગ્વેદ યજુર્વેદ સામવેદ અને અથર્વવેદના નામથી ઓળખાય છે તે સર્વના જેમના કરેલા છે તે વેદકૃત છે. ૬૯ અવ્યયાત્મા - જેના સ્વરૂપમાં ક્યારેય કોઈ પણ પ્રકારનો વિકાર વિકૃતિ નથી તે જે નિત્ય અપ્રાકૃત અને

દિવ્ય છે. તેના નિયન્તા અને અન્તર્યામી રૂપે રહેલાં છે તે અવ્યયાત્મા છે. ૭૦ અવ્યક્તઃ - સમગ્ર વિશ્વમાં અન્તર્યામી સ્વરૂપે રહેલાં છે પણ તેને કોઇ જોઇ શકતું નથી જાણી શકતું નથી જે ક્યારેય પ્રત્યક્ષ થતાં નથી જે અન્તર્યામી શકિત રૂપે રહેલાં છે તે અવ્યક્તઃ છે. ૭૧ સન્ – સત્ સદા સર્વપ્રકારે સર્વથી શ્રેષ્ઠ છે તે સન છે. ૭૨. ચિત્પર – જે ચેતન તત્વમાત્રથી પર છે અર્થાત કોઇ પણ ચેતન તત્વ તેને જાણી કે ઓળખી શકતું નથી તે ચિત્પર છે અથવા જીવોને એકજ પોતાના ચિત્તમાં ચિન્તન કરવા યોગ્ય છે તે ચિત્પર છે. ૭૩ સૌખ્ય – જીવોને જ્યાપણ સુખ શાન્તિ દેખાય છે તે સર્વના નિધિ છે તે સૌખ્ય છે. ૭૪ હેતૌ - જે જીવોને સર્વપ્રકારના સુખો મળે છે તેના હેતુ છે કારણ કે તે હેતૌ છે. ૭૫ આનંદ - જેના સ્વરૂપમાં જીવોને મળનારો સર્વપ્રકારનો આનંદનો વાસ છે અથવા જે સદા સર્વદા આનંદઘન છે તે આનંદ છે. ૭૬ વિદ્યાપતિ - સર્વપ્રકારની વિદ્યાઓના જ્ઞાનના પતિ છે નિયતા છે તે વિદ્યાપતિ છે. એવા હે ભગવાન શ્રીસ્વામિનારાયણ આપના ચરણોમાં વંદન છે. (૬)

**જ્ઞેયાદિદેવ પ્રિયભકત પૂજ્ય પ્રેષ્ઠ પ્રજેશામરવર્ય સર્વ ॥**
**બ્રહ્માગુણાગમ્ય સદર્ચનીય પ્રમાણહીનાધિપતે નમોઽસ્તુ ॥૭॥**

૭૭ જ્ઞેય – વેદાદિ સદ્શાત્રોના જ્ઞાનથી જાણવા યોગ્ય જે છે તે એકલાં છે તે જ્ઞેય છે. ૭૮ આદિદેવ – અનંતકોટી બ્રહ્માડોની ઉત્પતિના પહેલાંથી જે વિદ્યમાન છે તે સૌના પ્રથમથી છે દિવ્ય રૂપે છે તે આદિદેવ છે. ૭૯ પ્રિયભક્ત – જે પોતાના ભક્તોને અતિ પ્રિય છે અને પોતાના ભક્તો જેને અતિપ્રિય છે તે પ્રિય ભક્ત છે. ૮૦ પૂજ્ય - જીવથી લઇને બ્રહ્માંડોના નિયન્તા એવા સૌને પ્રથમ આદરણીય પૂજનીય છે તે પૂજ્ય છે. ૮૧ પ્રેષ્ઠ – ચેતન માત્રને માટે પ્રિયમાં અતિ પ્રિયત્તમ છે તે પ્રેષ્ઠ છે. ૮૨ પ્રજેશ – શરીર ધારણ કરનારા સર્વના પ્રજા માત્રના ઈશ નિયંતા સ્વામી છે તે પ્રજેશ છે. ૮૩ અમરવર્ય જે પણ અમર છે મુક્ત છે મૃત્યુથી રહિત છે તે સર્વમાં શ્રેષ્ઠ છે અથવા નિયમુક્તો અને અમરો એટલે દેવતાઓને પણ સદા વરણીય છે

ઉપાસનીય છે તે અમરવર્ય છે. ૮૪ સર્વ – જેનો નિવાસ અણું અણુમાં છે તે અને સર્વમાં સર્વત્ર છે સર્વ છે. ૮૫ બ્રહ્મ – જેનામાં અતિમોટા પણું છે તે અર્થાત સૌથી વિશાળ અને મહાન છે તે બ્રહ્મ છે. ૮૬ અગુણ - જેનામાં ક્યારેય કોઇ પણ પ્રકારનો માયિક ગુણ સત્વરજતમ ત્રણેય કાળમાં નથી તે નિર્ગુણ છે તે અગુણ છે. ૮૭. અગમ્ય – કોઇ પણ સાધનથી જેને જાણી કે ઓળખી શકાતા નથી તે કેવળ તેમની જ કૃપાથી જાણી શકાય છે તે અગમ્ય છે. ૮૮ સદર્ચનીય – મુમુક્ષુઓને ભક્તોને સત્પુરૂષોને સદા સર્વદા પૂજનીય અર્ચનીય છે તે સદર્શનીય છે. ૮૯ પ્રમાણહીન - જેમના ઐશ્વર્ય નું પ્રતાપનું રૂપ ગુણ અને સ્વભાવ શક્તિ સામર્થ્યનું કોઇ માપ પ્રમાણ જ નથી જે સદા અમાપ છે તે પ્રમાણહીન છે. ૯૦ અધિપતિ – જે નિયન્તાઓના પણ નિયન્તા છે સ્વામીના પણ સ્વામી છે જેમ કોઇ ધનપતિ લક્ષ્મીપતિ ભૂમિપતિ હોય છે તે સર્વના પતિ છે તે અધિપતિ છે. એવા હે ભગવાન શ્રી સ્વામિનારાયણ આપને સદા વંદન છે. (૭)

**સ્વામિન્મહેશામલધામ દેવ જ્ઞાનપ્રદાગોચર સદ્ગુણાપ્ત ॥**
**સહસ્ત્રમૂર્તે પુરુષાપ્તકામ પ્રકાશકાકાશવપુનર્મસ્તે ॥૮॥**

૯૧. સ્વામિન – જે સર્વ જીવ માત્રના સ્વામી છે નિયન્તા છે પણ જેનો કોઇ સ્વામી નથી કે નિયન્તા નથી તે સ્વામીન છે. ૯૨ મહેશ – સર્વ ઈશ્વરોના પણ ઈશ્વર નિયન્તા શાસક છે જે મહાન છે તે મહેશ છે. ૯૩ અમલધામ - જેમનું ધામ નિવાસ સ્થાન સદા અમલ માયાના જે ગુણ મળ દોષ તેનાથી રહિત છે સત્વરજતમથી રહિત છે. તે અમલધામ છે. ૯૪ દેવ – જે સદા દિવ્ય છે તે જેનામાં ક્યારેય કોઇ પણ જાતનું પ્રમાણ માપ નથી તે અઘોર્વે પ્રમાણ રહિત તેજોરાશિ છે તે દેવ છે. ૯૫ જ્ઞાનપ્રદ – જીવોને સર્વ પ્રકારનું જ્ઞાન પોતાના આત્મસ્વરૂપનું પણ જ્ઞાન આપનારા છે તે જ્ઞાનપ્રદ છે. ૯૬ અગોચર – જીવોને પોતાના સાધનો થી કે માયિક એવી જે ઇન્દ્રિયો તેનાથી જાણી કે ઓળખી શકાતા નથી તે અગોચર છે. ૯૭ સદ્ગુણાપ્ત – જેનો આશ્રય કરનારાને શ્રેષ્ઠ ગુણો જે શમદમાદિ કલ્યાણ કરનારા છે તે આપે છે અથવા જે શમદમાદિ સદ્ગુણોથી જ ઓળખી શકાય છે તે સદ્ગુણાપ્ત છે. ૯૮

સહસ્રમૂર્તે - જેઓ એક સાથે હજારો રૂપ ધારણ કરવા સમર્થ છે અથવા જેમની બ્રહ્માંડોમાં હજારો મૂર્તિઓ છે તે સહસ્રમૂર્તે છે. ૯૯ પુરૂષ – જે સદા સર્વદા પોતાના દિવ્ય અક્ષરધામમાં પુરૂષાકૃતિ ધારણ કરીને વિરાજે છે તે પુરૂષ છે. ૧૦૦ આપ્તકામ – જેમને કોઇ પણ પ્રકારની કામના કે ઇચ્છા નથી તે પોતાના જ સ્વરૂપમાં મગ્ન છે તે આપ્તકામ છે. ૧૦૧ પ્રકાશક – અનંતકોટી બ્રહ્માંડમાં જ્યાં પણ પ્રકાશ છે તેજ છે જ્ઞાન છે અજવાળું છે તે સર્વના આપનારા છે તે પ્રકાશક છે. ૧૦૨ આકાશવપુ - જેમનું શરીર આકાશની જેમ નિર્લેપ છે અથવા જેમના શરીરમાં માયિક પંચમહાભૂતનો લેશ માત્ર નથી એવા હે ભગવાન શ્રી સ્વામિનારાયણ આપના ચરણમાં નમસ્કાર છે. (૮)

**સ્વતંત્ર માયાધિપ સર્વશક્તે સદા પ્રસન્નો ભવ પાહિ ચાસ્માન્ ॥**
**ત્વમેવ સર્વાશ્રયણીય એકસ્તસ્મૈ મુહુસ્તે ભગવન્નમોઽસ્તુ ॥૯॥**

૧૦૩ સ્વતંત્ર – ચેતન અચેતન સર્વ જીવથી લઇને અક્ષર પર્યન્ત સર્વ સદા પરતંત્ર છે પણ એક પરમેશ્વર જ પોતાને આધિન છે સ્વતંત્ર છે. ૧૦૪ માયાધિપ – જે જડ અને ચેતનાત્મક માયા છે તે જગતની ઉત્પતિ સ્થિતિ લયનું કારણ તે માયાના નિયન્તા અધિપતિ જે છે તે માયાધિપ છે. ૧૦૫ સર્વશક્તિ – અક્ષરપર્યન્ત સર્વએ શક્તિ સામર્થ્ય સાધને કરીને મેળવેલ છે. સ્વયં તો અશકત છે તે સૌને શક્તિ સામર્થ્ય આપનારા છે તે સર્વશક્તિ છે. ૧૦૬ સર્વાશ્રયણીય – અક્ષર પર્યન્ત સર્વના આશ્રય સ્થાન છે સર્વને આશ્રય આપે છે તે સર્વને આશ્રય કરવા યોગ્ય છે તે સર્વાશ્રયણીય છે. ૧૦૭ એક – અનંતકોટી બ્રહ્માંડોમાં જેમના સમાન કે જેનાથી અધિક કોઇ નથી એવા જે છે તે એક જ છે. ૧૦૮ ભગવાન – ભગ અર્થાત જેમનામાં જ્ઞાનશક્તિ ક્રિયાશક્તિ ઇચ્છાશક્તિ સદા રહેલાં છે તે જે અનંતકોટી બ્રહ્માંડોની ઉત્પતિ સ્થિતિ અને લય કરનારા છે તે જીવોને જન્મ મરણ અને ગતિને જાણે છે અને તે ને તે પ્રમાણે આપે છે તે ભગવાન શ્રી સ્વામિનારાયણ છે એવા હે મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ હું વારંવાર સાષ્ટાંગ દંડવત પ્રણામ સહિત નમન વંદન કરૂ છું. (૯)

# હે પ્રભુ જગતને પ્રકાશિત કરો

॥ अष्टपदीयम् योगानन्दमुनिकृतम् ॥

जलधरसुन्दर मदनमनोहर हृदयतमोहर कृष्ण हरे ।
वृषकुलभुषण दलितविदूषण दिव्यविभूषण दिव्यगते ॥
जय जय जयकर दीनदयाकर जगतिदिवाकर दिव्यपते ॥१॥
निजजनरंजन भवभयभंजन मुनिजनरंजन भक्तरते ।
मुनिजनमंडन विषयविखंन खलजनदंडन दंडविधे ॥ जयजय..॥२॥
असुरनिकंदन सुरवृषनंदन चर्चितचंदन मुक्तमुने ।
भवजलतारण दोषनिवारण मंगलकारण मुक्तपते ॥ जयजय..॥३॥
सरसिजलोचन जनिमृतिमोचन रविशशिरोचन रागिरते ।
असुरविमोहन सुरसुखदोहन वारणरोहण शीघ्रगते ॥ जयजय..॥४॥
निजहितशासन शापविनाशन हयगरूडासन सादिवृते ।
दुर्गपुरासन भक्तनिवासन भुंजितकुवासना भक्तरते ॥ जयजय..॥५॥
रचितनिजावन भक्तविभाजन पंक्तिसुपावन पुण्यपते ।
शंकुरु शंकर वैरिभयंकर धर्मधुंरधर योगिगते ॥ जयजय..॥६॥
खंडितचंडं पंडितमंडं जितपाखडं दंडभटम् ।
कंपितकालं वृषकुलपालं वरवनमालंपीतपटं ॥ जयजय..॥७॥
श्रितसुखकंदं बोधितमंदं सहजानंदं त्वधिभजे ।
कुरू तव दासं चरणनिवासं त्यक्तकुवासं योगमुनिम् ॥ जयजय..॥८॥

યોગાનંદ મુનિ પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણોમાં પ્રાર્થના પૂર્વક વિનંતિ અને સ્તુતિ કરતાં કહે છે હે ભગવાન તમારો સર્વજગતમાં જય જયકાર થાય છે. માટે જગતના જીવના હૃદયમાં રહેલાં અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરીને જ્ઞાન રૂપી પ્રકાશને પ્રકાશિત કરો જેથી જીવ પોતાના આત્માનું શ્રેય સાધી શકે અને પોતાના હૃદયમાંથી વિષયોની કુત્સિત વાસનાને બાળી શકે અને તમારા દિવ્ય સ્વરૂપને ધારણ કરી શકે એવી કૃપા કરો તે તમારું દિવ્ય સ્વરૂપ કેવું અદ્‌ભુત છે તેનું વર્ણન આ અષ્ટકમાં કરે છે તેના અર્થનો વિચાર કરીએ --

**જલધરસુંદર મદનમનોહર હૃદયતમોહર કૃષ્ણ હરે ।**
**વૃષકુલભુષણ દલિતવિદૂષણ દિવ્યવિભૂષણ દિવ્યગતે ॥**
**જય જય જયકર દીનદયાકર જગતિદિવાકર દિવ્યપતે ॥૧॥**

શ્રી યોગાનંદ મુનિ સ્વયં જે દિવ્ય અને અદ્‌ભુત સ્વરૂપના નિત્ય દર્શન કર્યા છે તે સ્વરૂપ કેવું છે તેનું વર્ણન કરે છે – જેમનું મનુષ્ય શરીર અષાઢ માસના નવીન ઘેરાયેલાં વાદળોના જેવું શ્યામ સુંદર છે. જેમાં કામદેવનું પણ મન ખેંચાઈ જાય તેવું રૂપ સૌન્દર્ય છે. જીવના હૃદયમાં આદિ કાળથી વ્યાપેલ હું અને મારું રૂપ જે અજ્ઞાન તેને પણ નાશ કરે તેવું છે. જેમનું નામ માર્કંડેય મહામુનિએ શ્રીકૃષ્ણ રાખ્યું છે અને શ્રીહરિ એવું બીજું નામ પણ પાડ્યું છે અને ધર્મદેવના કુળના આભૂષણ રૂપ છે. પોતાના આશ્રયે આવેલાં ભકતોના સર્વ દોષોને દૂર કરે છે. જેઓ હમેંશા દિવ્ય વસ્ત્ર અને આભૂષણો ધારણ કરે છે. આશ્રિત ભક્તોને સદા દિવ્ય ગતિ અર્થાત આત્યન્તિક મોક્ષ આપે છે. જેમનો આશ્રય કરવાથી જીવનો જગતમાં સર્વત્ર જય જયકાર થાય છે.સમગ્ર જગતને જ્ઞાન રૂપી દિવ્ય પ્રકાશ આપનારા છે. દિવ્યતાના અધિપતિ છે દીન અને પામર જનો ઉપર અતિ કરૂણામય દયા કરે છે એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનો સર્વત્ર જય જય કાર થાય છે. (૧)

**નિજજનરંજન ભવભયભંજન મુનિજનરંજન ભક્તરતે ।**
**મુનિજનમંડન વિષયવિખણ્ડન ખલજનદંડન દંડવિધે ॥ જય જય.. ॥૨॥**

પોતાના આશ્રયે આવેલાં સ્વભક્તોને સદા રંજન કરીને આનંદ આપે છે. જન્મમૃત્યુના ભયનો નાશ કરે છે. સમગ્ર વિશ્વને રંજન કરીને આનંદ આપે છે. પોતાના ભક્તો જેમને અતિ પ્રિય છે. જે મૌન વ્રત ધારી ઋષિઓ તપસ્વીઓ અને સત્પુરૂષોનું માહાત્મ્ય કહે છે.અને જેઓ માયિક પંચ વિષયોનું સદા ખંડન કરે છે. જેઓ આસુરી વૃત્તિવાળા પાપકર્મ કરનારાને દંડ આપે છે. અને તેને કેવા પ્રકારના કર્મનો કેવો દંડ આપવો તેની વિધિના પ્રવર્તનારા છે. જેમનો આશ્રય કરવાથી જીવનો જગતમાં સર્વત્ર જય જયકાર થાય

છે.સમગ્ર જગતને જ્ઞાન રૂપી દિવ્ય પ્રકાશ આપનારા છે. દિવ્યતાના અધિપતિ છે દીન અને પામર જનો ઉપર અતિ કરૂણામય દયા કરે છે એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનો સર્વત્ર જય જય કાર થાય છે. (૨)

**અસુરનિકંદન સુરવૃષનંદન ચર્ચિતચંદન મુક્તમુને ।**
**ભવજલતારણ દોષનિવારણ મંગલકારણ મુક્તપતે ॥ જય જય... ॥૩॥**

અધર્મનું આચરણ કરનારા અભક્ષ્યનું ભક્ષણ કરનારા આસુરી વૃત્તિવાળાનો વિનાશ કરે છે.સત્કર્મ કરનારા અને પુણ્યવાળા ભક્તોનું સદા રક્ષણ કરીને તેને પરમાનંદ આપે છે. જેમના લલાટમાં મુક્તાનંદ મુનિ સુગંધીદાર ચંદનનો લેપ કરે છે. અર્ચા કરે છે. જીવોને જન્મમૃત્યુ રૂપ ભવસાગરથી પાર ઉતારે છે. જે શ્રીહરિનો આશ્રય કરનારાના સર્વ દોષોનું નિવારણ થાય છે. જગતના મંગળ અને શ્રેયના મૂળ કારણ છે. અનંત અક્ષરમુક્તોના પતિ છે. જેમનો આશ્રય કરવાથી જીવનો જગતમાં સર્વત્ર જય જયકાર થાય છે.સમગ્ર જગતને જ્ઞાનરૂપી દિવ્ય પ્રકાશ આપનારા છે. દિવ્યતાના અધિપતિ છે દીન અને પામર જનો ઉપર અતિ કરૂણામય દયા કરે છે એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનો સર્વત્ર જય જય કાર થાય છે. (૩)

**સરસિજલોચન જનિમૃતિમોચન રવિશશિરોચન રાગિરતે ।**
**અસુરવિમોહન સુરસુખદોહન વારણરોહણ શીઘ્રગતે ॥ જય જય.. ॥૪॥**

જે શ્રીહરિએ માનવ દેહ ધારણ કરેલ છે તેમના નેત્રો આંખો ખીલેલાં કમળની પાંખડી જેવા છે. આશ્રિતોને જન્મમૃત્યુ રૂપ સ્મૃતિથી મુકાવે છે. જગતને પ્રકાશ આપનારા સૂર્ય અને ચન્દ્રને પ્રકાશ આપે છે. જેઓ ભગવાન શ્રીનરનારાયણના જન્મોત્સવના ફુલદોલોત્સવમાં પોતાના ભક્તો ઉપર ગુલાલ ઉડાડવાની રૂચિ વાળા છે. અજ્ઞાની એવા અસુરોને મોહ ઉપજાવે છે. સાત્વિક વૃત્તિવાળા પુરૂષોને સુખ આપે છે. પોતાને પ્રિય એવા અશ્વ માણકી ઘોડી ઉપર અશ્વારી કરે છે. અને જે સ્વયં ઉતાવળી ગતિથી ચાલવાની ટેવ વાળા છે. જેમનો આશ્રય કરવાથી જીવનો જગતમાં સર્વત્ર

જય જયકાર થાય છે.સમગ્ર જગતને જ્ઞાન રૂપી દિવ્ય પ્રકાશ આપનારા છે. દિવ્યતાના અધિપતિ છે દીન અને પામર જનો ઉપર અતિ કરૂણામય દયા કરે છે એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણનો સર્વત્ર જય જય કાર થાય છે. (૪)

**નિજહિતશાસન શાપવિનાશન હયગરૂડાસન સાદિવૃતે ।**
**દુર્ગપુરાસન ભક્તનિવાસન ભુંજિતકુવાસન ભક્તરતે ॥ જય જય... ॥૫॥**

પોતાના આશ્રિતોને ભાગવદ્ધર્મમાં સદા સ્થિર રાખે છે. ભગવાન શ્રીનરનારાયણના આશ્રમમાં મુનિઓને થયેલા દુર્વાસા ઋષિના શ્રાપથી છોડાવે છે. દેશાન્તરોમાં વિચરણ કરવા ગરૂડના જેવી ગતિવાળા પોતાના અશ્વ માણકી ઘોડી ઉપર વિરાજે છે. જેમનું વર્તન વેષભૂષા સાદા અને સાત્વિક છે. જેઓ ગઢપુરમાં નિવાસ કરે છે. ક્યારેક દેશાન્તરોમાં પોતાના પ્રિય ભક્તોના ઘરોમાં પણ નિવાસ કરે છે. આશ્રિતોના હૃદયમાંથી કુવાસનાનો જેમણે નાશ કર્યો છે. જેઓ પોતાના ભક્તોની સંભાળ લેવામાં સદા તત્પર રહે છે. જેમનો આશ્રય કરવાથી જીવનો જગતમાં સર્વત્ર જય જયકાર થાય છે. સમગ્ર જગતને જ્ઞાન રૂપી દિવ્ય પ્રકાશ આપનારા છે. દિવ્યતાના અધિપતિ છે દીન અને પામર જનો ઉપર અતિ કરૂણામય દયા કરે છે એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનો સર્વત્ર જય જય કાર થાય છે. (૫)

**રચિતનિજાવન ભકતવિભાજન પંક્તિસુપાવન પુણ્યપતે ।**
**શંકુરૂ શંકર વૈરિભયંકર ધર્મધુરંધર યોગિગતે ॥ જય જય ॥૬॥**

પોતાને આશ્રિત ભક્તોની રક્ષા માટે પોતાના સંપ્રદાયના બંધારણ રૂપ શિક્ષાપત્રીની રચના કરી છે. ભકતોના રક્ષણ માટે વિભાગ ત્યાગી ગૃહિ બાઈ ભાઈના વિભાગ કર્યા છે. ભક્તોને સંતોને જમાડવા માટે પંક્તિમાં મિષ્ટાન્નો પીરસીને તૃપ્ત કર્યા છે. જેઓ સમગ્ર પુણ્યના સ્વામી છે. જે ભક્તોને સુખ આપે છે અને તેમનું કલ્યાણ કરે છે. જે ધર્મના શત્રુઓ માટે ભયંકર છે. જેઓ ધર્મને સદા ધારણ કરી રહ્યા છે. યોગ સિદ્ધ કરનારાના ધ્યેય છે અને

તેમને મોક્ષ આપનારા છે જેમનો આશ્રય કરવાથી જીવનો જગતમાં સર્વત્ર જય જયકાર થાય છે સમગ્ર જગતને જ્ઞાન રૂપી દિવ્ય પ્રકાશ આપનારા છે. દિવ્યતાના અધિપતિ છે દીન અને પામર જનો ઉપર અતિ કરૂણામય દયા કરે છે એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનો સર્વત્ર જય જય કાર થાય છે. (૬)

**ખંડિતચંડ પંડિતમંડ જિતપાખંડ દંડભટમ્ ॥**
**કંપિતકાલં વૃષકુલપાલં વરવનમાલપીતપટમ્ ॥ જય જય.. ॥૭॥**

પોતાના ભકતોને ઉપદેશ આપતી વખતે નાસ્તિક એવા ચાર્વાક અને વામમાર્ગીઓના મતનું ખંડન કર્યું છે. સત્યવાદી વાદિ પંડિતોનું માન કરે છે. જગતમા પાખંડ ફેલાવનારાને જીતી લીધા છે. અપરાધ કરનારાને દંડ આપવામાં કુશળ છે. જેની દૃષ્ટિ માત્રથી કાળ માયા કંપી ઉઠે છે. જે ધર્મદેવના કુળના વંશનું ભરણ પોષણ કરે છે. જેમના કંઠમાં સુંદર સુગન્ધીવાળા પુષ્પોની માળા હાર ધારણ કરેલા છે. જેઓ સદા પીળા રેશમી વસ્ત્રને ધારણ કરે છે. જેમનો આશ્રય કરવાથી જીવનો જગતમાં સર્વત્ર જય જયકાર થાય છે.સમગ્ર જગતને જ્ઞાન રૂપી દિવ્ય પ્રકાશ આપનારા છે. દિવ્યતાના અધિપતિ છે દીન અને પામર જનો ઉપર અતિ કરૂણામય દયા કરે છે એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનો સર્વત્ર જય જય કાર થાય છે. (૮)

**શ્રિતસુખકંદં બોધિતમંદં સહજાનંદ ત્વધિભજે ।**
**કુરૂ તવ દાસ ચરણનિવાસં ત્યક્તકુવાસં યોગમુનિ ॥ જય જય... ॥૦૮॥**

જેમના ચરિત્રો ગુણગાન લીલાઓ સાંભળનારા પોતાના આશ્રિતોને સદા મહાસુખ આપે છે. મંદબુદ્ધિવાળા અજ્ઞાની જીવોને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપે છે. ભકતોને સહજમાં સરળતાથી આનંદ આપે છે તે સહજાનંદ સ્વામી છો એવા આપને હું યોગાનંદ મુનિ અતિ ભાવથી ભજુ છું. મારામાં રહેલી બધા પ્રકારની કુવાસનાને છોડાવીને તમારા દાસ કરીને તમારા ચરણારવિન્દમાં સ્થાન આપો એવી મારી પ્રાર્થના છે. (૮)

# अथ रुचिराष्टकम्

परमाद्भुतदिव्यवपु रुचिरं रुचिरेंघ्रितलेंगुलयो रुचिराः ॥
नखमंडलमिंदुनिभं रुचिरं रुचिराधिपतेरखिलं रुचिरम् ॥१॥
प्रपदे रुचिरे प्रसूते रुचिरे मृदुजानुयुगं रुचिरं रुचिरम् ॥
करिहस्तनिभोरुयुगं रुचिरं रुचिराधिपतेरखिलं रुचिरम् ॥२॥
कटिपुष्टनितंबयुगं रुचिरं नतनाभिकंज जठरं रुचिरम् ॥
मृदुलो स्तननीलमणीरुचिरौ रुचिराधिपतेरखिलं रुचिरम् ॥३॥
हृदयं रुचिरं पृथुतुंगमुरः स्थलहंसयुगं रुचिरं रुचिरौ ॥
करभौ करकंजतले रुचिरे रुचिराधिपतेरखिलं रुचिरम् ॥४॥
भुजदंडयुगं रुचिरं चिबुकं विधुमोदकरं वदनं रुचिरम् ॥
रसना रुचिरा दशना रुचिरा रुचिराधिपतेरखिलं रुचिरम् ॥५॥
जलजोपकंठशिरो रुचिरं तिलपुष्पनिभा सुनसा रुचिरा ॥
अधरौ रुचिरावलीकं रुचिरं रुचिराधिपतेरखिलं रुचिरम् ॥६॥
अरुणे चपले नयने रुचिरं स्मरचापनिभे मुनिशान्तिकरे ॥
भृकुटी रुचिरे श्रवणौ रुचिरौ रुचिराधिपतेरखिलं रुचिरम् ॥७॥
हरिचंदन चर्चितमंगममलं तिलकं रुचिरं कुसुमाभरणम् ॥
बहुशस्तिलका रुचिराश्चिकुरा रुचिराधिपतेरखिलं रुचिरम् ॥८॥
सितसूक्ष्मघनं वसनं रुचिरं मुनिरंजनकं वचनं रुचिरम् ॥
अवलोकनमाभरणं रुचिरं रुचिराधिपतेरखिलं रुचिरम् ॥९॥
स्नपनं रुचिरं तरणं रुचिरं भरणं रुचिरं शरणं रुचिरम् ॥
रमणं रुचिरं श्रवणं रुचिरं रुचिराधिपतेरखिलं रुचिरम् ॥१०॥
कथनं रुचिरं स्मरणं रुचिरं मननं रुचिरं स्तवनं रुचिरम् ॥
विनयो रुचिरो घटनं रुचिर रुचिराधिपतेरखिलं रुचिरम् ॥११।
अशनं रुचिरं मुखवास ईहाचमनं रुचिरं नमनं रुचिरम् ॥
जलपानमहो रुचिरं रुचिराधिपतेरखिलं रुचिरम् ॥१२॥
गमनं रुचिरं दमनं रुचिरं शमनं रुचिरं जपनं रुचिरम् ॥

तपनं रुचिरं यजनं रुचिरं रुचिराधिपतेरखिलं रुचिरम् ॥१३॥
हवनं रुचिरं यमनं रुचिरं भजनं रुचिरं त्यजनं रुचिरम् ॥
भवनं रुचिरं सदनं रुचिरं रुचिराधिपतेरखिलं रुचिरम् ॥१४॥
जननी रुचिरा जनको रुचिरः स्वजना रुचिरा मुनयो रुचिराः ॥
बटवो रुचिरां पदगा रुचिरा रुचिराधिपतेरखिलं रुचिरम् ॥१५॥
अवनं रुचिरं रुचिरं रचनं हरणं रुचिरं रुचिरं करणम् ॥
पठनं रुचिरं रुचिरं रटनं रुचिराधिपतेरखिलं रुचिरम् ॥१६॥
वचनं रुचिरं दृढभक्तिविरागसदाचरणं रुचिरं रुचिराः ॥
परिषन्निजभक्तजना रुचिरा रुचिराधिपतेरखिलं रुचिरम् ॥१७॥
हरिकृष्णमुदारमनन्तमजं प्रणतार्त्तिहरं जलदाभतनुम् ॥
करुणार्द्रदृशं वृषभक्तिसुतं नमन विदधे सुचिरं रुचिरम् ॥१८॥
ईदमर्थभृतं मुनिनित्यकृतं रुचरं स्तवनं जनपावनम् ॥
श्रुतमात्रमनोमलनाशकरं जनतापहरं भवतीष्टकम् ॥१९॥

**પરમાદ્‌ભુતદિવ્યવપુ રૂચિરં રૂચિરેંઘ્રિતલેંગુલયો રૂચિરાઃ ॥**
**નખમંડલમિંદુનિભં રૂચિરં રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૧॥**

નિત્યાનંદ સ્વામી પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વરૂપનું વર્ણન કરતાં કહે છે. તે કેવું છે તો દર્શન કરનારાને મન હૃદયમાં અત્યન્ત રૂચિકર એક અવયવમાં તેનું ચિત્ત નિમગ્ન થાય છે. એવું પરમ કે જ્યાં કોઈની કલ્પના પણ ન પહોંચી શકે તેવા પરથી પણ પર એવું અદ્‌ભુત જેમનું દિવ્ય શરીર છે જે દર્શન કરતાં જ અન્તઃકરણમાં ગમી જાય છે. અર્થાત રૂચિકર છે. હવે એક એક અવયવની વાત લખતા કહે છે. તે પરમાત્માના ચરણના બેય તળામાં રહેલાં સોળ ચિન્હ મારા હૃદયમાં અતિ રૂચિ ઉત્પન્ન કરે છે. તેવી જ રીતે તે બન્નેય ચરણની આંગળીયો જોતાં જ તેમાં રૂચિ થાય તેવી છે. તે બન્નેય ચરણની આંગળીયોના નખનું વર્તુલાકાર મંડળ પૂર્ણિમાના ચંદ્રની જેમ તેજસ્વી શાન્ત શિતળતા આપે છે જે ચિત્તમાં રૂચિકર લાગે છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ

અન્તરતયામી પરબ્રહ્મ પરમાત્માના તેની નિયન્તા છે તેથી જ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત્ જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**પ્રપદે રૂચિરે પ્રસૂતે રૂચિરે મૃદુજાનુયુગં રૂચિરં રૂચિરમ્ ॥**
**કરિહસ્તનિભોરૂયુગં રૂચિરં રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૨॥**

તે પરમાત્મા શ્રીહરિના દિવ્યસ્વરૂપના ચરણારવિંદના પોંચા અતિરૂચિર છે. અને ચરણની ઘૂંટી અને તળાઓ પણ અતિશે રૂચિકર છે. તેમજ અતિકોમલ એવા બન્નેય ગોઠણો અન્તઃકરણને રૂચિ ઉત્પન્ન કરે છે. હાથીના હાથ અર્થાત્ સૂંઢના જેવા મજબુત દેખાતા બન્નેય સાથળો રૂચિપ્રદ છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથી જ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત્ જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**કટિપુષ્ટનિતંબયુગં રૂચિરં નતનાભિકજં જઠરં રૂચિરમ્ ॥**
**મૃદુલૌ સ્તનનીલમણીરૂચિરૌ રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૩॥**

શ્રીહરિની કેડ્ય અને જાડા મોટા બેય નિતંબ રૂચિર છે. ઊંડી કમળાકાર નાભી અને કોમળ પેટ ચિત્તમાં રૂચિ જાય તેવા છે. અને મૃદુલ કહેતાં કોમળ સુંવાળા નીલમણી જેવા ચમકતા બેય સ્તન અતિ રૂચિર છે. રૂચિર જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથી જ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**હૃદયં રૂચિરં પૃથુતુંગમુરઃ સ્થલહંસયુગં રૂચિરં રૂચિરૌ ॥**
**કરભૌ કરકંજતલે રૂચિરે રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૪॥**

શ્રીહરિ મહારાજનું હૃદય સ્થળ બહુજ રૂચિકર છે અને ઉપડતી અને મજબુત વિશાળ છાતી ઉપર બન્નેય હાંસડીઓ અતિશે રૂચિકર છે. બેય કરકમળના કરભો અને બેય હાથની કમળ જેવી હથેળીઓ અત્યન્ત રૂચિપ્રદ છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ

અન્તરયામિ પરબ્રહ્મ પરમાત્મા તેમના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**ભુજદંડયુગં રૂચિરં ચિબુકં વિધુમોદકરં વદનં રૂચિરમ્ ॥**
**રસના રૂચિરા દશના રૂચિરા રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૫॥**

શ્રીજી મહારાજના બેય ભુજદંડ અન્તઃકરણમાં રૂચિ ઉત્પન્ન કરે છે અને તેમની દાઢી અને પૂર્ણિમાના ચન્દ્રસમાન આનંદ આપનાર મુખારવિંદ જોનારને દર્શન કરવાની રૂચિ કરે છે. તે શ્રીહરિની રસના જીહ્વા જીભ અને દાડમના બીજ જેવી દાંતોની હાર અતિશે રૂચિર દેખાય છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે

**જલજોપકંઠશિરો રૂચિરં તિલપુષ્પનિભા સુનસા રૂચિરા ॥**
**અધરૌ રૂચિરાવલીકં રૂચિરં રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૬॥**

મહારાજનો કંઠ સાગરમાંથી ઉત્પન્ન થયેલ શંખના આકાર જેવો અને સુંદર મસ્તક મનગમતુ રૂચિર છે. તલના વૃક્ષના પુષ્પ જેવી દેખાતી નાસિકા અર્થાત્ નાક શ્રેષ્ઠ રૂચિકરનાર છે. બન્નેય સુંદર હોઠ અને જીણો મૂછનો દોરો ઘણોજ રૂચિપ્રદ છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**અરૂણે ચપલે નયને રૂચિરં સ્મરચાપનિભે મુનિશાન્તિકરે ॥**
**ભ્રૂકુટી રૂચિરે શ્રવણૌ રૂચિરૌ રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૭॥**

શ્રીહરિના ચપળનેત્ર પ્રાતઃકાળે ખીલી ઉઠેલા કમળના જેવા રંગવાળા અતિ રૂચિર છે. કામદેવના બાણ જેવા દેખાતા તો પણ મુનિઓને હૃદયમાં શાંતિ આપનારી ભ્રૂકુટી અતિ રૂચિકર છે. તેમજ બન્નેય કાન રૂચિ ઉત્પન્ન

કરે છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**હરિચંદન ચર્ચિતમંગમમલં તિલકં રૂચિરં કુસુમાભરણમ્ ॥**
**બહુશસ્તિલકા રૂચિરાશ્ચિકુરા રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૮॥**

શ્રીજી મહારાજના ચંદન ચર્ચિત કરેલાં અંગો અને કપાળમાં સુંદર સ્વચ્છ તિલક રૂચિકર છે. અને પુષ્પોથી સજ્જ કરેલાં આભુષણો રૂચિકર છે. શ્રીજી મહારાજના શરીરે ઘણાં તલ પણ રૂચિકર છે. તેવીજ રીતે અનેક ચિન્હો પણ રૂચિકર છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**સિતસૂક્ષ્મઘનં વસનં રૂચિરં મુનિરંજનકં વચનં રુચિરમ્ ॥**
**અવલોકનમાભરણં રૂચિરં રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૯॥**

શ્રીજી મહારાજે ધારણ કરેલાં સૂક્ષમ અને ઘાટા સફેદ વસ્ત્રો હૃદયને રૂચિકર છે. મહારાજના મુનિઓને આનંદ આપનારા ઉપદેશના વચનો પણ એવા જ રૂચિપ્રદ છે. મહારાજનું ભક્તોના સામે જોવું રૂચિકર લાગે છે. અને સુવર્ણના વિવિધ ઘરેણાઓ પણ રૂચિ ઉત્પન્ન કરે છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**સ્નપનં રૂચિરં તરણં રૂચિરં ભરણં રૂચિરં શરણં રૂચિરમ્ ॥**
**રમણં રૂચિરં શ્રવણં રૂચિરં રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૧૦॥**

શ્રીજી મહારાજ જ્યારે પણ નદી કે સરોવરમાં સ્નાન કરે છે તે પણ રૂચિકર છે. સરોવર કે નદીમાં તરે છે તે પણ રૂચિકર છે. સ્નાન કરવા માટે

હાથમાં લોટો લઈને પાણી ભરે છે તે અતિ રૂચિકર છે. મહારાજનું શરણું સ્વીકારવું તે પણ રૂચિકર છે. મહારાજ સંતો કે ભક્તો સાથે રંગ રમવું વિગેરે ક્રિડા કરે છે તે પણ રૂચિપ્રદ છે અને મહારાજની વાણી રૂપ ઉપદેશ સાંભળવો પણ રૂચિકર છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**કથનં રૂચિરં સ્મરણં રૂચિરં મનનં રૂચિરં સ્તવનં રૂચિરમ્ ॥**
**વિનયો રૂચિરો ઘટનં રૂચિર રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૧૧॥**

શ્રીજી મહારાજ જે પણ કહે છે તે રૂચિર છે. તેમનું સ્મરણ કરવું તે પણ અતિ રૂચિકર છે. મહારાજની મૂર્તિનું મનન કરવું તેવું જ રૂચિરપ્રદ છે. મહારાજની સ્તુતિ કરવી, પ્રાર્થના કરવી અષ્ટક કે કીર્તન બોલવા તે પણ અતિ રૂચિ ઉત્પન્ન કરે છે. મહારાજનો વિનયપૂર્વકનો સર્વ વ્યવહાર રૂચિકર છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**અશનં રૂચિરં મુખવાસ ઈહાચમનં રૂચિરં નમનં રૂચિરમ્ ॥**
**જલપાનમહો રૂચિરં શયનં રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૧૨॥**

શ્રીજી મહારાજ ભોજન ગ્રહણ કરે છે જમે છે તે પણ રૂચિકર છે. જમ્યા પછી મુખવાસ આરોગે છે અને આચમન કરે છે તે અતિ રૂચિપ્રદ છે. મહારાજ દેવોની મૂર્તિ સન્મુખ નમસ્કાર કરે છે તે પણ અતિ રૂચિર છે. દિવસમાં જ્યારે પણ પાણી પીવે છે તે પણ રૂચિકર છે. રાત્રે આરામ કરે છે. શયન કરે સૂવે છે તે પણ રૂચિકર છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**ગમનં રૂચિરં દમનં રૂચિરં શમનં રૂચિરં જપનં રૂચિરમ્ ॥**
**તપનં રૂચિરં યજનં રૂચિરં રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૧૩॥**

શ્રીજી મહારાજનું દેશાન્તરોમાં ગમન કરવું જવું તે રૂચિર છે. દેહનું દમન કરે છે તે રૂચિર છે. ઈન્દ્રિઓનું શમન કરે છે તે પણ રૂચિર છે. હાથમાં માળા રાખીને જપ કરે છે તે રૂચિર છે. વ્રતના દિવસે અથવા કોઈ નિમિત્તે ઉપવાસ કરીને તપ કરે છે તે પણ રૂચિર છે. મહારાજ જેતલપુર ડભાણ વિગેરે સ્થાનોમાં મોાટ મોટા યજ્ઞો કરે છે તે પણ રૂચિપ્રદ છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**હવનં રૂચિરં યમનં રૂચિરં ભજનં રૂચિરં ત્યજનં રૂચિરમ્ ॥**
**ભવનં રૂચિરં સદનં રૂચિરં રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૧૪॥**

શ્રીજી મહારાજ મોટા યજ્ઞોમાં હોમ કરે છે તે પણ રૂચિર છે. હઠ યોગના પ્રથમ અંગ સમાન યમન કરે છે તે પણ રૂચિર છે. તાળી પાડીને ભજન કરે છે તે પણ રૂચિર છે. મહારાજનો ત્યાગ રૂચિર છે. શ્રીજી મહારાજનું ધામ જે અક્ષરધામ તે પણ રૂચિર છે. અને મહારાજનું નિવાસ સ્થાન જે રંગમહોલ અને અક્ષર ઓરડી વિગેરે સ્થાન પણ રૂચિર છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**જનની રૂચિરા જનકો રૂચિરઃ સ્વજના રૂચિરા મુનયો રૂચિરાઃ ॥**
**બટવો રૂચિરાં પદગા રૂચિરા રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૧૫॥**

શ્રીજી મહારાજને આ દેહને જન્મ આપનારા માતા ભક્તિદેવી રૂચિર છે. અને પિતા ધર્મદેવ રૂચિર છે. મહારાજના કુટુંબીજનો ભાઈઓ વિગેરે રૂચિર છે. મહારાજના દીક્ષીત પરમહંસો મુનિઓ રૂચિર છે. મહારાજના દીક્ષીત બ્રહ્મચારીઓ રૂચિર છે. મહારાજના પાર્ષદો રૂચિર છે. રૂચિ જીવના

અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**અવનં રૂચિરં રૂચિરં રચનં હરણં રૂચિરં રૂચિરં કરણમ્ ॥**
**પઠનં રૂચિરં રૂચિરં રટનં રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૧૬॥**

શ્રીજી મહારાજનું દેશાન્તરોમાંથી આવવું રૂચિર છે. મહારાજે સંપ્રદાયની રચના કરી શિક્ષાપત્રીની રચના કરી તે પણ રૂચિર છે. મહારાજ પોતાના ભક્તોના કષ્ટોને દૂર કરે છે હરે છે તે પણ રૂચિર છે. મહારાજના બધા જ કાર્યો રૂચિર છે. મહારાજ વાંચન કરે છે પઠન કરે છે તે પણ રૂચિર છે. મહારાજ મંત્ર કે શ્લોકનું રટન કરે છે તે પણ રૂચિર છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**વચનં રૂચિરં દઢભક્તિવિરાગસદાચરણં રૂચિરં રૂચિરાઃ ॥**
**પરિષન્નિજભક્તજના રૂચિરા રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૧૭॥**

શ્રીજી મહારાજે આપેલાં ભક્તોને મોક્ષ આપવાના વચનો રૂચિર છે. મહારાજની દ્રઢ ભક્તિ અને વૈરાગ્ય તેમજ સદાચાર રૂપી શ્રેષ્ઠ આચરણ રૂચિર છે. શ્રીજી મહારાજની સભામાં પોતાના ભક્તજનો રૂચિર છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**હરિકૃષ્ણમુદારમનન્તમજં પ્રણતાર્ત્તિહરં જલદાભતનુમ્ ॥**
**કરૂણાર્દ્રદૃશં વૃષભક્તિસુતં નમનં વિદધે સુચિરં રૂચિરમ્ ॥૧૮॥**

નિત્યાનંદ મુનિ કહે છે આ મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ જેમનું નામ માર્કંડેય મુનિએ હરિકૃષ્ણ એવું નામ પાડ્યું છે તેઓ ઉદાર મૂર્તિ છે. અજન્મા છે. અનંત છે. તેમના ગુણોનો કે કાર્યોના કોઈ છેડો નથી.

શરણાગતના સર્વ પ્રકારના દુઃખોનો નાશ કરનારા છે. મેઘ સમાન શ્યામ વર્ણના શરીર વાળા છે. ભક્તો ઉપર કરૂણા મય દૃષ્ટિ વાળા છે. એવા ધર્મદેવ અને ભક્તિમાતાના પુત્ર ને જે નમસ્કાર કરે છે તે પણ લાંબા સમય સુધી રૂચિકર થઈ જાય છે.

**ઈદમર્થભૃતં મુનિનિત્યકૃતં રૂચિરં સ્તવનં જનપાવનમ્ ॥**
**શ્રુતમાત્રમનોમલનાશકરં જનતાપહરં ભવતીષ્ટકમ્ ॥૧૯॥**

આ નિત્યાનંદ મુનિએ રચેલ ગૂઢ અર્થથી ભરેલું સ્તોત્ર અષ્ટક જીવમાત્રને પાવન કરનાર છે. સાંભળવામાત્રથી મનના મેલને દૂર કરનાર છે. જીવમાત્રના જન્મમરણના તાપને નાશ કરે છે.

# હે કેશવ તાપ હરો

केशवतापं हर हर मे ब्रह्मवन्तं । त्वां नमामि सदा भगवन्तं ।
(ध्रुवपदम्)

अरुण कमल लोचनहृतखंजनमानमहागुणवन्तं ।
नारायणहरिकृष्णमहेश सुकृतं सदसि कथयन्तं ॥ केशव....१
नीलजलदसमविग्रहचर्चितचन्दनमतिबलवन्तं ।
दीनदयाकर जय जयदेवं कुरु हृदि मम शमनन्तम् ॥ केशव....२
सदय हृदय दर्शय मुखपंकजमाशुमालामाहरन्तं ।
यष्टयासु मनसां ते भक्तवासं कुसुममुकुलगौरदन्तं ॥ केशव....३
किसलय कोमलतलमधिशोभं ध्यायत्यजस्रं हसन्तम् ।
तं चारुयन्मुनयः पादपद्मं मदनकदन भगवन्तम् ॥ केशव....४
नवघनधवलमृदुलवसनानि शिवेनवपुषाधरन्तम् ।
नयनानन्दमान्तरशत्रून् शमयझटितिदयाव ॥ केशव....५
कालाक्षरपुंप्रकृतिविराजं तरूणवारणगतिमन्तम् ।
शंकरौयस्यशिरसिसुकरौ तं तवधरममधृतिमन्तं ॥ केशव....६
कलितललितभूषणभवनस्त्वं भूवनत्रयेविलसन्तं ।
गोविन्दमेदयितोभवगाढं जननिहृदयनिवसन्तम् ॥ केशव....७

वृषकुलरविमण्डलभूषयन्तं वाममुखं रुचिमन्तम् ।

वासुदेवचेतसिमनुजानामघगणनिकरं दहन्तम् ॥ केशव....८

*॥ इति वासुदेवानन्दवर्णिविरचिताषटपदी ॥*

આદિ સદ્‌ગુરુ વર્ણીરાજ શ્રી વાસુદેવાનંદ સ્વામી પોતાના ઈષ્ટદેવ પરબ્રહ્મપરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રી ચરણોમાં સદાસર્વદા પ્રણામ કરવા માત્રથી જ તે દયાળુ પ્રભુ જગતના જીવના આધ્યાત્મિક આધિભૌતિક આધિદૈવિક ત્રણેય પ્રકારના તાપોને દૂર કરીને અક્ષરધામની પ્રાપ્તિ કરાવે છે. એવા દીન ઉપર દયા કરનારા પરમેશ્વરની કેવી સુંદર મૂર્તિ છે. અને તેમના કેવા મધુર ચરિત્રો છે તેનું પ્રત્યક્ષ દર્શન કરીને વર્ણન કરે છે. તે સ્મૃતિ અષ્ટકના શબ્દોને સમજીએ.

**કેશવતાપં હર હર મે બ્રહ્મવન્તં । ત્વાં નમામિ સદા ભગવન્તં ।**

**(ધ્રુવપદમ્)**

અનંતકોટી બ્રહ્માંડોની ઉત્પતિ સ્થિતિ અને લયના કર્તા નિયન્તા અને બ્રહ્મસ્વરૂપ એવા અક્ષરમુક્તોથી સદા વિંટાયેલા એવા હે કેશવ ભગવાન અમારા હૃદયમાંથી જન્મમૃત્યુના તાપનો વિનાશ કરો, હે પ્રભુ હું તમારો આશ્રય કરીને સદા તમારા ચરણોમાં નમન કરૂં છું અર્થાત્ તમારી આજ્ઞામાં રહીને તમારી જેવી મરજી હશે તેવું વર્તન આચરણ કરીશ. હંમેશાં નમ્રતાથી રહીશ.

**અરુણ કમલ લોચનહતખં જનમાનમહાગુણવન્તં ।**

**નારાયણહરિકૃષ્ણમહેશ સુકૃતં સદસિ કથયન્તં ॥ કેશવ....૧**

સવારના પ્રાતઃ કાળમાં પૂર્વ દિશામાં ઉગેલા સૂર્યના સમાન અરૂણ રંગીન કમલ જેવા સુંદર નેત્રો આંખો વાળા જેની શોભા જોઈને ખંજન નામના પક્ષીના માનને અભિમાનનો તત્કાળ નાશ કરે એવા મહાન ગુણો કરૂણા દયા વાત્સલ્ય સ્નેહ આદિ શુભ ગુણો સદા હાજર જ રહે છે. પરબ્રહ્મ પરમાત્મા ભગવાન પુરૂષોત્તમનારાયણ એવા હે પ્રભુ તમે હરિ નામ ધારણ કરીને અને કૃષ્ણ નામ ધારણ કરીને તેમજ મહેશ નામ ધારણ કરીને જે જે સત્કર્મ કરવાનો

ઉપદેશ આપ્યો છે તે સંતોની વિશાળ સભામાં દરરોજ કથા સંભળાવો છો. એવા હે કેશવ ભગવાન જીવોના ત્રણેય પ્રકારના તાપોનો વિનાશ કરો તે માટે આપના ચરણોમાં હું સદા નમન કરૂં છું. (૧)

**નીલજલદસમવિગ્રહચર્ચિતચન્દનમતિબલવન્તં ।**
**દીનદયાકર જય જયદેવં કુરુ હૃદિ મમ શમનન્તમ્ ॥ કેશવ....૨**

ચોમાસાના અષાઢ માસના ચડી આવેલા મેઘાડંબરના વાદળોના જેવા સમાન ઘાટા આસમાની વર્ણના શરીર ધારી એવા તમારા ભાલમાં કપાળમાં પરમહંસોએ સુગન્ધિત ચંદનની અર્ચા કરી છે. જેથી વિશાળ કપાળ અતિ બળવાન સૂર્યના જેવું શોભે છે. હે પ્રભુ તમારો જય જય નાદ પોકારનારા દીન ગરીબ જનો ઉપર દયા કરવામાં પણ આપ અતિ બળશાળી છો. એવા હે ભગવાન મારા હૃદયમાં થી ત્રિવિધ તાપનો નાશ કરીને પરમ શાંતિ આપો છો. એવા હે કેશવ ભગવાન જીવોના ત્રણેય પ્રકારના તાપોનો વિનાશ કરો તે માટે આપના ચરણોમાં હું સદા નમન કરૂં છું. (૨)

**સદય હૃદય દર્શય મુખપંકજમાશુમાલામાહરન્તં ।**
**યષ્ટયાસુ મનસાં તે ભક્તવાસં કુસુમમુકુલગૌરદન્તં ॥ કેશવ....૩**

જીવો ઉપર અતિ દયાએ યુક્ત હૃદયવાળા હે સ્વામિનારાયણ ભગવાન તમોએ મોટા મોટા સમૈયાના ઉત્સવમાં આવેલાં ભક્તોએ અર્પણ કરેલાં સુંદર સુગંધી યુક્ત પુષ્પમાળાનો સ્વીકાર કરો છો ત્યારે મોટા ભક્તોના સમુદાયને જોઈને ક્યારેક પોતાના હાથમાં રહેલ સુવર્ણની છડીથી દૂર ઉભેલાં ભક્તોના હારને ગ્રહણ કરો છો ત્યારે તમારા કમળ જેવા ખીલેલાં મુખમાંથી પોયણાના જેવા સફેદ દંત પંક્તિનાં દર્શન કરવાવાળા ભક્તોના હૃદયમાં વાસ કરી જાય છે. એવા હે કેશવ ભગવાન જીવોના ત્રણેય પ્રકારના તાપોનો વિનાશ કરો તે માટે આપના ચરણોમાં હું સદા નમન કરૂં છું. (૩).

**કિસલય કોમલતલમધિશોભં ધ્યાયત્યજસ્રં હસન્તમ્ ।**
**તં ચારુયન્મુનયઃ પાદપદ્મં મદનકદન ભગવન્તમ્ ॥ કેશવ....૪**

પરબ્રહ્મ પરમાત્મા ભગવાન એવા પ્રભુ તમારા તાજા કમળની પાંખડી જેવા કોમળ ચરણારવિંદમાં પગના તળીયામાં જે સોળ ચિન્હ અતિ શોભાયમાન છે, તેનું સદા સર્વદા હંમેંશા પરમહંસો મુનિઓ ધ્યાન કરે છે ત્યારે તેમાં દિવ્ય તેજનાં દર્શન થાય છે તેથી પ્રસન્નતાથી મુખ પ્રફુલ્લિત થાય છે. અને તેમના હૃદયમાંથી હે ભગવાન તમો કામાદિક અંતઃશત્રુઓનો વિનાશ કરો છો. એવા હે કેશવ ભગવાન જીવોના ત્રણેય પ્રકારના તાપોનો વિનાશ કરો તે માટે આપના ચરણોમાં હું સદા નમન કરૂં છું. (૪)

**નવઘનધવલમૃદુલવસનાનિ શિવેનવપુષાધરન્તમ્ ।**
**નયનાનન્દમાન્તરશત્રૂનં શમયઝટિતિદયાવ ॥ કેશવ....૫**

હે શ્રીહરિ દેશાન્તરોથી આવેલા ભક્તોએ અર્પણ કરેલાં નવીન સુંદરઘાટા અને સુંવાળા વસ્ત્રોને જગતના કલ્યાણ માટે ધારણ કરેલા મનુષ્ય શરીર ઉપર ધારણ કરો છો. ત્યારે દર્શનાર્થીઓના નેત્રોને આંખોને અતિ આનંદ ઉપજાવો છો. અને તેમના હૃદયમાંથી કામ ક્રોધ લોભ આદિ અંતઃશત્રુઓને તત્કાળ જ શાંત કરીને અતિ દયા કરો છો. એવા હે કેશવ ભગવાન જીવોના ત્રણેય પ્રકારના તાપોનો વિનાશ કરો તે માટે આપના ચરણોમાં હું સદા નમન કરૂં છું. (૫)

**કાલાક્ષરપુંપ્રકૃતિવિરાજં તરુણવારણગતિમન્તમ્ ।**
**શંકરૌયસ્યશિરસિસુકરૌ તં તવધરમમધૃતિમન્તં ॥ કેશવ....૬**

પુરુષ પ્રકૃતિ કાળ અને અક્ષરના પણ ધારણ કરનારા અને અંતર્યામી નિયન્તા એવા પ્રભુ તમો જ્યારે અતિ તીવ્ર વેગે ચાલનારી દોડતી યુવાન અવસ્થા વાળી માણકી ઘોડી ઉપર વિરાજમાન થાઓ છો ત્યારે આપના બન્ને કલ્યાણકારી હસ્તકમળ પોતાના મસ્તક માથા ઉપર રહેલી સુંદર શ્વેત પાઘને પકડી રાખો છો. તેવા તમારા ઉંચા ધારણ કરેલા હસ્તકમળને મારી ધૈર્ય પૂર્વકની બુદ્ધિમાં સદા યાદ રહે છે. એવા હે કેશવ ભગવાન જીવોના ત્રણેય પ્રકારના તાપોનો વિનાશ કરો તે માટે આપના ચરણોમાં હું સદા નમન કરૂં છું. (૬)

**કલિતલલિતભૂષણભવનસ્ત્વં ભૂવનત્રયેવિલસન્તં ।**

**ગોવિન્દમેદયિતોભવગાઢં જનનિહૃદયનિવસન્તમ્ ॥ કેશવ....૭**

હે પ્રભુ અનેક પ્રકારની કલાકારીગરીથી યુક્ત અને લાલિત્ય પૂર્ણ સુંદર આભૂષણોથી ભરાયેલા અર્થાત્ સંપૂર્ણ સમૃદ્ધિથી ભરપુર એવું આપનું નિવાસ સ્થાન ભવન રંગમહોલ ત્રણેય લોકમાં અતિ પ્રસિદ્ધ છે, તે અતિ સુંદર રંગ મહોલમાં જેમ સદા પ્રત્યક્ષ પ્રગટ પ્રમાણ રહ્યા છો અને માતા ભક્તિદેવીના હૃદયમાં સદા નિવાસ કરો છો તેમ જ હે ગોવિંદ પ્રભુ મારા ઉપર દયા કરીને ભવબંધનને તોડવા અને અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવા રહ્યા છો. એવા હે કેશવ ભગવાન જીવોના ત્રણેય પ્રકારના તાપોનો વિનાશ કરો તે માટે આપના ચરણોમાં હું સદા નમન કરૂં છું. (૭)

**વૃષકુલરવિમણ્ડલભૂષયન્તં વામમુખં રુચિમન્તમ્ ।**

**વાસુદેવચેતસિમનુજાનામઘગણનિકરં દહન્તમ્ ॥ કેશવ....૮**

પોતાના કુળ જે ધર્મકુળના નામે પ્રસિદ્ધ છે, તેનો યશ અને કીર્તિ સૂર્યમંડળ પર્યન્ત સુધી આપે પહોંચાડેલ છે, અને મારા (વાસુદેવાનંદ વર્ણીના) હૃદયમાંથી ચિન્તા ઉપજાવનારા કળિયુગના અનેક પ્રકારના પાપોના સમુદાયને બાળીને નાશ કરો છો. એવા હે પ્રભુ આપને ડાબા પડખે જોવું અથવા સૂવાનું ગમે છે, એવા હે કેશવ ભગવાન જીવોના ત્રણેય પ્રકારના તાપોનો વિનાશ કરો તે માટે આપના ચરણોમાં હું સદા નમન કરૂં છું. (૮)

# સુમધુર મૂર્તિના દર્શન આપો

॥ गुर्जररागे एकतालीताले गीयते ॥

एहि दयालो हृदय शयालो दर्शय समुधुरमूर्तिम् ।
प्रशमय तांपं विदलय पापं जनय हृदयसुखपूर्तिम् ॥ (ध्रुवपदम्)

सुखकरशीले जलधरनीले हसितमुखे त्वयि याते ॥
ताम्यति चेतो वीक्षणहेतोः कृतिरियमतिविषमाते ॥एहि. १॥

चरणसमीपे शुभमतिदीपे सुखयसि खलु जनजातम् ॥
स्मर तव दासं दूरनिवासं कुरु पुरुविरहविघातं ॥एहि. २॥

जगनुकुले मंगलमूले त्वयि चिरयति द्दशिदाने ॥
नहि मम स्नाने न च जलपाने रुचिररपि न निधाने ॥एहि. ३॥
जनसुखकारी भवभयहारी त्वमसि विषयविषपाता ॥
मा विपरीतो भव सुप्रीतो रमण चरण द्दशिदाता ॥एहि. ४॥
वचन विगितं चरितमधीतं मम बहुतरमपराधम् ॥
मा कुरु भावे करुणाहावे शीलमेव निजमगाधम् ॥एहि. ५॥
पश्यमपूर्ण त्यजसि हि तूर्ण का बत तव परिपाटी ॥
त्वयि सुखपुरे निवसति दूरे प्रपतति कलिमलघाटी ॥एहि. ६॥
बोधितमंदं सहजानन्दं शासितशामनभटधावम् ॥
प्रोज्झ्य भवन्तं भुवि विलसन्तं न गतिरतितनावम् ॥एहि. ७॥
गतसुखलेशे कुमतिनगेशे कुरु करूणां चरणसम्बम् ॥
विरहविहीनं कुरु तव दीनं किमिति करोषि विलम्बम् ॥एहि. ८॥

*॥ इति दीनानाथभट्टविरचितविरहाष्टपदी ॥*

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ મનુષ્ય દેહ ધારણ કરીને ગુજરાત કચ્છ અને કાઠીયાવાડના ગામોમાં વિચરણ કરતાં હતાં ત્યારે તેમનો પ્રભાવ પ્રતાપ અને ઐશ્વર્યના દર્શન કરીને કેટલાય મુમુક્ષુ જીવાત્માઓ પોતાનો મત સંપ્રદાય અને ગુરુઓને છોડીને આ સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા પ્રગટ પ્રમાણ પરમેશ્વર મળ્યા છે તો તેમનો જ દ્રઢ નિશ્ચય પૂર્વક આશ્રય કરવા લાગ્યા હતાં. તેમાંના એક મહા વિદ્વાન પંડિત દિનાનાથ ભટ્ટ પણ હતાં. જેઓ સંસ્કૃત ભાષાના પ્રકાણ્ડ પંડિત અને સંસ્કૃતના શીઘ્ર કવિ હતાં. તત્કાળ સંસ્કૃત ભાષામાં શ્લોકોની રચના કરવામાં દક્ષ હતાં. એવા વિદ્વાન પંડિત દીનાનાથ ભટ્ટ પોતાની ભાવવાહી આ સંસ્કૃત અષ્ટકથી ભગવાન શ્રી સ્વામિનારાયણને પોતાના દિવ્ય સ્વરૂપના દર્શન દાન દેવાની ગદ્ ગદ્ કંઠે સ્તુતિ પ્રાર્થના કરે છે. કારણ કે તેઓના હૃદયમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં મયારામ વિપ્રનું નામ લીધું અને તેમના કરતાં વિદ્વતામાં અને ઉમરમાં પોતે સિનિયર છે છતાં મારૂં નામ ન આવ્યું તેવા રાગ દ્વેષાત્મક દુઃખથી છુટવા આ સ્તોત્રમાં સ્તૃતિ પ્રાર્થના કરી છે.

**એહિ દયાલો હૃદય શયાલો દર્શય સમુધુરમૂર્તિમ્ ॥**

**પ્રશમય તાંપ વિદલય પાપં જનય હૃદયસુખપૂર્તિમ્ ॥ (ધ્રુવપદમ્)**

एहि – હે પરમેશ્વર આ પૃથ્વી પર અહિં અત્યારે હાલ તમારા સિવાય પ્રાર્થના કરવા યોગ્ય કોઈ નથી તેથી હે दयालो – અત્યન્ત દયા વાળા દયાથી ભરપુર हृदय – હૃદયમાં દયાવાળા કરૂણા જેમના અંતઃકરણમાં સદા વિરાજમાન છે. એવા હે પ્રભુ शयालो – દયા કરૂણા કરવામાં તમારા જેવા વિશાળ હૃદયવાળા બીજા કોઈ નથી. दर्शय – દર્શન આપો, પ્રત્યક્ષ મૂર્તિના દર્શન કરાવો. सुमधुरमूर्तिम् – તમારી મૂર્તિ એવી મધુર છે કે જેના દર્શન કરવાની મારી લાલચને રોકી શકતો નથી. માટે તમારી અત્યન્ત સુમધુર મૂર્તિના દર્શન કરાવો જ. प्रशमयतापं – દર્શન આપીને મારા સમગ્ર તાપોને આધ્યાત્મિક આધિભૌતિક આધિદૈવિક ત્રિવિધ તાપને શમાવો ત્રિવિધ તાપનો નાશ કરો. विदलयपापं – જીવના વાસનામય મન કર્મને વાણીથી થતાં અનેક પ્રકારના પાપોનો વિનાશ કરો પ્રભુ. जनय – મારા હૃદયમાં જન્માવો-ઉત્પન્ન કરો. સદ્‌વિચારોને સત્કર્મોને પુણ્યને કે જેનાથી હું हृदयसुखपूर्तिम् – મારા હૃદયમાં આધ્યાત્મિક સુખની પૂર્ણતા કરો. જ્યાં સુધી પ્રત્યક્ષ મૂર્તિના પ્રગટના દર્શન ન થાય ત્યાં સુધી પૂર્ણ સુખ આવતું નથી. ध्रुवपदम् – અચળ પંક્તિ અર્થાત્ ટેક આ કડીને દરેક કડીની પાછળ બોલવાની છે અને તેના અર્થનું અનુસંધાન રાખવાનું છે.

**સુખકરશીલે જલધરનીલે હસિતમુખે ત્વયિ યાતે ॥**

**તામ્યતિ ચેતો વીક્ષણહેતોઃ કૃતિરિયમતિવિષમાતે ॥એહિ. ૧॥**

सुखकरशीले – હે પ્રભુ તમારો તો સ્વભાવ જ એવો છે કે જીવ માત્રને હંમેશા મહાસુખ જ આપો છો એવું જ તમારૂ ચરિત્ર અર્થાત્ વર્તન છે. કે ક્યારેય પણ કોઈ પણ જીવને તમારાથી કોઈ પણ પ્રકારનું દુઃખતો આવતું જ નથી. जलधरनीले – જેમ આકાશમાં કાળા ભમર જેવા વાદળોની ગરજના થાય પણ તે સંસારના પ્રાણી માત્રને પ્રકૃતિના સર્વ સૌન્દર્યને સુખ જ આપે છે તેની સમાન જ આપ પણ हसितमुखे – મંદ મંદ હાસ્યને વેરતા મુખકમળ

વાળા તમારા દર્શનથી સૌને સદા સુખ જ થાય છે. त्वयि याते –તમારૂ આવવાનું જાણીને સૌ કોઈના ચિત્તને ताम्यति चेतो – આપના દિવ્ય અદ્ભુત સ્વરૂપના દર્શન કરવા માટે મારા જેવા જીવોના ચિત્ત અનાયાસે તણાઈ આવે છે. वीक्षणहेतोः – ચિત્તને તણાઈને આવવાનું માત્ર તમારા દિવ્ય દર્શન કરવાનો જ જેના હૃદયમાં ધ્યેય છે એવા ભક્તોને कृतिरियमतिविषमाते – હે પ્રભુ આટલું જ કરવાનું છે કે તમારા દિવ્ય દર્શન જ આપવાના છે તો તેમાં આટલો બધો વિલંબ શા માટે કરો છો. હે પ્રભુ તત્કાળ દર્શન આપો.

**ચરણસમીપે શુભમતિદીપે સુખયસિ ખલુ જનજાતમ્ ॥**
**સ્મર તવ દાસં દૂરનિવાસં કુરુ પુરુવિરહવિઘાતં ॥એહિ. ૨॥**

चरणसमीपे – હે પરમેશ્વર તમારા ચરણની સમીપે તો સદા આવનાર માત્રને કોઈ પણ પ્રકારનું દુઃખ ટકતું જ નથી. शुभमतिदीपे – જેના હૃદયમાં શુભ ભાવના હોય જેની બુદ્ધિમાં સદ્ભાવના હોય તે તમારા ચરણે આવે છે. सुखयसि – તે સર્વ પ્રકારના સુખને સહજતાથી પ્રાપ્ત કરે છે. खलु સત્ય જ ખરેખર જ. जनजातम् – પૃથ્વી ઉપર જન્મેલ જીવમાત્રને તમારા દર્શન થતાં જ સુખ મળે છે. स्मर હે પ્રભુ સ્મરણ કરો યાદ કરો. तव दासं – તમારા દાસને તમારા અનન્ય આશ્રિત ભક્તને दूरनिवासं – તમારાથી દૂર જઈને રહે છે તેવા તમારા ભક્તને कुरु તેના વિરહ રૂપી દુઃખને पुरुविरहविघातं વિયોગના દુઃખનો નાશ કરીને તેના મનોરથોને પૂર્ણ કરો.

**જગનુકુલે મંગલમૂલે ત્વયિ ચિરયતિ દશિદાને ॥**
**નહિ મમ સ્નાને ન ચ જલપાને રુચિરપિ ન નિધાને ॥એહિ. ૩॥**

जगनुकुले – હે પરમેશ્વર તમારી કૃપા થાય તો આખું જગત તત્કાળ અનુકુલ જ થાય છે. પછી ભક્તને કોઈની ચિંતા રહેતી નથી. मंगलमूले જગતમાં જેટલા મંગલ કાર્યો છે તેના મૂળ તો તમારામાં જ છે. त्वयि चिरयति – હે પ્રભુ તમે દયાળુ થઈને દર્શન દેવામાં આટલો બધો વિલમ્બ કેમ કરો છો. दृशिदाने પોતાના ભક્તોને દર્શન દેવા એ તો તમારૂ જ પ્રણ છે. માટે

હે ભગવાન મને વહેલાં દર્શન આપો. नहि मम स्नाने – જ્યાં સુધી તમારા દર્શન નહિ થાય ત્યાં સુધી મને સવારમાં જાગીને સ્નાન કરવાનું મન થતું નથી. न च जलपाने – અને મને જળપાન કરવાનું રૂચતું નથી. रूचिररपि न निधाने – બીજુ તો શું કહું પ્રભુ ! તમારા દર્શન કર્યા વિના તો આ દુઃખદાયક સંસારમાંથી મરવાનું પણ ઈચ્છા થતી નથી. અર્થાત જ્યાં સુધી તમારા પ્રત્યક્ષ દર્શન ન થાય ત્યાં સુધી જીવન પર્યંત તમારા દર્શન થાય તેવો જ ઉપાય કરવો છે.

**જનસુખકારી ભવભયહારી ત્વમસિ વિષયવિષપાતા ॥**

**મા વિપરીતો ભવ સુપ્રીતો રમણ ચરણ દ્દશિદાતા ॥એહિ. ૪॥**

जनसुखकारी – જગતમા અને શાસ્ત્રોમાં તો તમારી પ્રસિદ્ધિ જીવમાત્રના સુખ કરનારા છે એવી છે તો પછી તમારા દર્શન આપીને મને સુખી કરો. भवभयहारी – જીવને જન્મ મૃત્યુના મહાન ભયને દૂર કરનારા છો. त्वमसि – તમો છો જીવમાત્રના દુઃખોને દૂર કરનારા. विषयविषपाता – હે પ્રભુ તો પછી મારા માટે તમે કેમ આ વિયોગ રૂપો વિષ ઝેરનું પાન કરાવો છો. પંચ વિષયોનું સુખ તો તમારા ભક્તોને વિષ ઝેર જેવું છે. मा – ન કરો, ન થાવ. विपरीतो भव – તમારા આપેલા વચનથી વિપરિત ન કરો અર્થાત્ તમારા દર્શન દેવાને વિયોગમાં ન નાખો. सुप्रीतो – તમારો પ્રેમ તો શ્રેષ્ઠ છે. તો પછી શા માટે વિયોગમાં તહપાવો છો. रमण – તમારા ચરિત્રો અને તમારી લીલાઓ અને चरण – તમારા નિર્ભય ચરણ કમળના દર્શન થાય તેવી દયા કરો. द्दशिदाता – હે પ્રભુ તમે તમારા દર્શન દાન આપનારા છો.

**વચન વિગિતં ચરિતમધીતં મમ બહુતરમપરાધમ્ ॥**

**મા કુરુ ભાવે કરુણાહાવે શીલમેવ નિજમગાધમ્ ॥એહિ. ૫॥**

वचन – તમારા વચનનોને આજ્ઞાઓને કદાચ હું પાલન કરવામાં કાચો પડ્યો છું. विगितं – તમારા વચન આજ્ઞાને સમજવામાં મારાથી ભૂલ થઈ હશે. चरितमधीतं – તમારા ચરિત્રોનું અધ્યન કર્યું છે અને તેથી મને સમજાયું

છે. આજ્ઞાનો ભંગ કરનારને તમારા દિવ્ય દર્શન ક્યારેય થતાં નથી. મમ – મારો આ મોટો અપરાધ હોય છે તમારી આજ્ઞાનો ભંગ કર્યો છે. बहुतरमपराधम् – આવા તો મારા બહુજ અપરાધો છે પણ આપ તો દયાળુ છે તેથી મારા બધા અપરાધોને ક્ષમા કરીને જરૂર દર્શન આપો. मा कुरू – કરો. भावे – તમારા ભક્તની ભાવના સાચી અને સારી છે. માટે તે ભાવના સામું જોઈને દયા કરો. करूणाहावे – અને હે પ્રભુ તમારા હૃદયમાં તો કરૂણા ભરપુર છે. शीलमेव – અને તમારું ચરિત્ર પણ એવું જ છે કે સૌના ઉપર દયા જ કરો છે. निजमगाधम् – આ તમારૂં પોતાનું ન ફરે તેવું આગાધ વચન છે. માટે તમારી સુમધુર મૂર્તિના દર્શન આપો જ.

**પશ્યમપૂર્ણ ત્યજસિ હિ તૂર્ણ કા બત તવ પરિપાટી ॥**

**ત્વયિ સુખપુરે નિવસતિ દૂરે પ્રપતતિ કલિમલઘાટી ॥એહિ. ૬॥**

पश्यमपूर्ण – હે પ્રભુ તમે તો દયાળુ છો તો પછી આ તમારા દાસના અપરાધને પુરો જોયા સિવાય કેમ ત્યાગ કરી દીધો છે. त्यजसि हि तूर्णं – શું તત્કાળ કોઈનો ત્યાગ કરી દેવો તે તમારો સ્વભાવ છે ? का बत तव परिपाटी – શું આવી રીતે કોઈનો ત્યાગ કરી દેવો એ તમારો રિવાજ છે. त्वयि – આપ તો. सुखपुरे – જ્યાં અનેક પ્રકારના સુખ ભરપુર છે ત્યાં સુખેથી નિવાસ કરો છો. निवसति दूरे – તમારાથી દૂર રહેલા તમારા જ ભક્તોને મહાન જન્મ મૃત્યુના દુઃખનો સામનો કરવો પડે છે. प्रपतति – આપના વિયોગમાં તે તમારા ભક્તો સંસારના દુઃખોમાં પટકાય છે. कलिमलघाटी – મહાન ભયાનક કળિયુગના અનેક પ્રકારના અધર્મોમાં ફસાયને દુઃખ ભોગવે છે.

**બોધિતમંદં સહજાનંદ શાસિતશામનભટધાવમ્ ॥**

**પ્રોજઝ્ય ભવન્તં ભુવિ વિસલન્તં ન ગતિરતિતનાવમ્ ॥એહિ. ૭॥**

बोधितमंदं – આ જગતના મંદબુદ્ધિના જીવને ઉપદેશ આપીને સદ્‌બુદ્ધિ આપો છો. सहजान्दं – જીવ માત્રને સહજમાં સુખ આપનારા સહજાનંદ એવા

તમારા નામને સાર્થક કરો અને મારા દુઃખોને દૂર કરીને દર્શનનો આનંદ આપો. शासितशामनभटधावम् – તમારા શરણે આવેલા આ તમારા ભક્તનું શાસન કરો. જેમ જગતના ઈશ્વરો એવા કાળ માયા પુરૂષ અક્ષરા આદિનું નિયમન કરો છો. તેમ મારી બુદ્ધિને પણ નિયમન કરીને વિષયોમાંથી રોકીને તમારા સ્વરૂપમાં સ્થિર કરો. અર્થાત તેની રક્ષા કરો. સંસારના વિષય સુખમાં તેની દોડને અટકાવો અને તમારા દર્શન આપો. प्रोज्झ्यभवन्तं – સંપૂર્ણ વિશ્વમાં તમે એક જ જ્ઞેય છો, જાણવા યોગ્ય છો કે જેના જ્ઞાનથી જીવાત્માને મોક્ષની પ્રાપ્તિ થાય છે. भुवि विलसन्तं – આ જગતના જીવ પ્રાણી માત્રને સૌ કોઈને પ્રકાશ અને જ્ઞાન આપીને પ્રાણને ટકાવી રાખનારા છો. न गतिरतितनावम् – સંપૂર્ણ જગતના જીવ પ્રાણી માત્રના તથા મારા માટે તમારા સિવાય હે પ્રભુ મારી કોઈ ગતિ નથી અને બીજો કોઈ રક્ષક પણ નથી.

**ગતસુખલેશે કુમતિનગેશે કુરુ કરુણાં ચરણસમ્બમ્ ॥**
**વિરહવિહીનં કુરુ તવ દીનં કિમિતિ કરોષ વિલમ્બમ્ ॥એહિ. ૮॥**

गतसुखलेशे – હે પ્રભુ તમારા દર્શન વિના મારા જીવનમાંથી સુખ માત્રનો નાશ થઈ ગયો છે. कुमतिनगेशे – તમારા સ્વરૂપને યથાર્થ ન ઓળખવારૂપ મહાન કુબુદ્ધિ રૂપે મારામાં અને જગતના જીવમાં હિમાલય પર્વત જેટલું અજ્ઞાન ભરેલું છે. તેના પ્રભાવથી હું તમારા વચનોને સમજી ન શક્યો. कुरुकरुणां – તમારી દયા અને કરૂણાથી જ મારામાં રહેલ અજ્ઞાન દૂર થશે. બીજો કોઈ મારા માટે માર્ગ નથી. चरणसम्बम् – તેથી જગતમાં સર્વત્રથી થાકી હારીને તમારો શરણાગત થઈને ચરણે આવ્યો છું. विरहविहीनं – તેથી હે પ્રભુ તમારા દર્શન આપીને મારા હૃદયમાંથી તમારા વિરહનું દુઃખ દૂર કરો. कुरू – કરો. तव दीनं – તમારો શરણાગત આશ્રિત ભક્ત એવો હું દીનાનાથ ભટ્ટ. किमिति – શા માટે એવું શું કારણ છે કે करोषि विलम्बम् – આટલો લાંબો દર્શન દેવામાં વિલંબ કરો છો.

# શ્રી હનુમાનજીની પ્રાર્થના

॥ हनुमत्सतोत्रम् ॥

नीतिप्रविण निगमागमशास्त्रबुद्धे राजाधिराजरघुनायकमन्त्रिवर्य ॥
सिन्दूरचर्चितकलेवर नैष्ठिकेन्द्र श्रीरामदूत हनुमन् हर संकंटं मे ॥१॥
सीतानिमित्तजरघूत्तमभूरिकष्टोप्रोत्सारणैककसहाय हतास्त्रपौध ॥
निर्दग्धायातुपतिहाटकराजधाने श्रीरामदूत हनुमन् हर संकंटं मे ॥२॥
दुर्वार्यरावणविसर्जित शक्तिघातकष्ठासुलक्ष्मणसुखाहृतजीववल्ले ॥
द्रोणाचलानयननन्दितरामपक्ष श्रीरामदूत हनुमन् हर संकंटं मे ॥३॥
रामागमोक्तितरितारितबन्ध्वयोग दुःखाब्धिमग्नभरतार्पितपारिबर्ह ॥
रामांघ्रिपद्मधुपीभवदन्तरात्मन् श्रीरामदूत हनुमन् हर संकंटं मे ॥४॥
वातात्मकेसरिमहाकपिराट तदीयभार्याञ्जनीपुरुतपः फलपुत्रभाव ॥
ताक्ष्योपमोचितवपुर्बलतीव्रवेग श्रीरामदूत हनुमन् हर संकंटं मे ॥५॥
नानाभिचारिकविसृष्टसवीरकृत्याविद्रावणरुणसमीक्षणदुःप्रधर्ष्य ॥
रोगघ्नसत्सुतदवित्तदमन्त्रजाप श्रीरामदूत हनुमन् हर संकंटं मे ॥६॥
यन्नामधेयपदकश्रुतिमात्रतोऽपि ये ब्रह्मराक्षसपिशाचगणाच्च भूताः ॥
ते मारिकाश्च सभयं ह्युपयान्ति स त्वं श्रीरामदूत हनुमन् हर संकंटं मे ॥७॥
त्वं भक्तमानससमीप्सितपूर्तिशक्तो दीनस्य दुर्मदसपत्नभयार्तिभाजः ॥
इष्टं ममापि परिपूरय पूर्णकाम श्रीरामदूत हनुमन् हर संकंटं मे ॥८॥

*॥ इति श्रीशतानन्दमुनिविरचितं श्रीहनुमानत्स्त्रोम् ॥*

શ્રી હનુમાનજી મારૂતિ ભગવાનશ્રી સ્વામિનારાયણના પિતા હરિપ્રસાદ વિપ્ર ધર્મદેવના કુળદેવ છે. શાત્રોમાં સૌ સૌના સ્વના કુળદેવનું ઘણું જ મહત્વ માહાત્મ્ય કહેલ છે, તેને શ્રીહરિએ પણ સ્વીકારેલ છે. કારણકે ભગવાનનો ભક્ત પોતાના ઈષ્ટદેવની ભક્તિ નિષ્કામભાવથી કરે છે. તેથી પોતાને ક્યારેય કોઇ પણ પ્રકારની ઉપાધિ કે દુઃખ કષ્ટ આવી પડે તો ક્યાં જવું અને કોનું શરણું લેવું તે ભકત માટે મોટો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. કારણ કે ભગવાનને જો પ્રાર્થના કરવામાં આવે તો તેની ભકિત સકામ થઇ જાય છે. અને અન્યની

પ્રર્થના કરે તો પતિવ્રતા ભક્તિમાં ખામી આવે છે. આવી સ્થિતિમાં પોતાના કુળદેવ હોય કે જે સદા કુળનું રક્ષણ કરીને તે કુળને ભગવદ્‌માર્ગે લઇ જાય છે. તેને શરણે જ જવું યોગ્ય ગણાય છે. તે વાત ને શિક્ષાપત્રીમાં પણ સ્વામિનારાયણ ભગવાને શ્લોક ૮૫માં સ્પષ્ટ રૂપે આજ્ઞા કરી છે કે આવી ઉપાધિ આવી પડે ત્યારે હનુમાનજી કે નારાયણ કવચનો જ પાઠ કરવો પણ અન્ય કોઇ દેવ દેવી કે મંત્ર તંત્રનો સહારો ભગવાનના ભકતએ ન લેવો, આ નિયમાનુંસાર જ જ્યારે ધર્મદેવને આસુરી લોકોથી અસહ્ય ઉપાધિ આવી પડી ત્યારે શ્રીમદ્ સંતસંગિજીવનના પ્રકરણ ૧ ના અધ્યાય ૧૭ માં શતાનંદ મુનિ વર્ણન કરે છે કે ત્યારે ધર્મદેવે જે રીતે પોતાના કુળદેવની સ્તુતિ પ્રાર્થના કરી જેથી તેમના સમગ્ર દુઃખો કષ્ટોનો હનુમાનજીએ અંત લાવી દીધો. તેમજ જે કોઇ આ સ્તોત્રનો પાઠ કે જપ કરશે તેના પણ બધા કષ્ટો દુઃખો નાશ પામી જશે તે નિશ્ચિત છે. તે સ્તોત્ર શતાનંદ મુનિનો રચેલ સંસ્કૃતમાં છે તેનો ગુજરાતીમાં શબ્દાર્થનો વિચાર કરીએ.....

**નીતિપ્રવિણ નિગમાગમશાસ્ત્રબુદ્ધે રાજાધિરાજરઘુનાયકમન્ત્રિવર્ય ॥**
**સિન્દૂરચર્ચિતકલેવર નૈષ્ઠિકેન્દ્ર શ્રીરામદૂત હનૂમન્ હર સંકંટં મે ॥૧॥**

ભગવાનના ભક્તોની અને સ્વયં ભગવાનની સેવા કેવી રીતે કરવી અને તેમની રક્ષા કેમ કરવી તેની રીતિ નીતિને સારી રીતે જાણનારા અથવા રાજાના મંત્રી એટલે સામ દામ દંડ અને ભેદની રાજનીતિમાં પણ પ્રવિણ છે, સાથે સાથે શાસ્ત્રો વેદ વેદાંગ આદિમાં પણ એમની શ્રેષ્ઠ બુદ્ધિ છે. અયોધ્યાના મહારાજા ધિરાજ પ્રભુ રામચન્દ્રના પ્રિય ભક્ત અને મંત્રી વર્ય છે, અને જેમને પોતાના શરીરે સિંદૂરનો લેપ બહુ જ ગમે છે, અને આજીવન નૈષ્ઠિક બ્રહ્મચર્ય મહાવ્રત ધારી રહ્યા છે, તે વ્રતધારણ કરનારામાં સર્વશ્રેષ્ઠ છે, એવા હે પ્રભુરામના દૂત હનુમાનજી મારા સર્વ કષ્ટોને દૂર કરો. (૧).

**સીતાનિમિત્તજરઘૂત્તમભૂરિકષ્ટોપ્રોત્સારણૈકકસહાય હતાસ્ત્રપૌધ ॥**
**નિર્દગ્ધાયાતુપતિહાટકરાજધાને શ્રીરામદૂત હનૂમન્ હર સંકંટં મે ॥૨॥**

પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી પુરૂષોત્તમ શ્રીરામ રૂપે મનુષ્ય શરીર

ધારણ કરીને માનવ લીલાનું અનુસરણ કરી રહ્યા હતાં ત્યારે રાક્ષસ રાવણ સતિ માતા શ્રી સીતાજી નું અપહરણ કરી ગયો ત્યારે દુઃખી થયેલાં પ્રભુ શ્રીરામનું દુઃખ દૂર કરવામાં સહાયક થયા અને મોટા મોટા રાક્ષસોના ટોળાનો નાશ કરીને રાક્ષસ રાજ રાવણની સુવર્ણની લંકાને ભસ્મ કરનારા એવા હે પ્રભુરામના દૂત હનુમાનજી મારા સર્વ કષ્ટોને દૂર કરો (૧).

**દુર્વાર્યરાવણવિસર્જિત શક્તિઘાતકષ્ઠાસુલક્ષ્મણસુખાહૃતજીવવલ્લે ॥**
**દ્રોણાચલનયનનન્દિતરામપક્ષ શ્રીરામદૂત હનૂમન્ હર સંકંટં મે ॥૩॥**

રામ રાવણના મહાયુદ્ધમાં જ્યારે પણ પ્રભુરામના સૈન્યમાં સંકટ આવે ત્યારે અને ખાસ કરીને શ્રીરામ કે લક્ષ્મણજી ઉપર કોઈ પણ પ્રકારનો પ્રહાર થાય ત્યારે તેમની રક્ષા કરવા માટે સર્વસ્વ ન્યોછાવર કરી દેનારા હનુમાનજી લક્ષ્મણજીના ઉપર રાવણ દ્વારા શક્તિ નામના મહા દિવ્યાસ્ત્રનો પ્રયોગ થયો ત્યારે વિશલ્ય કરણી ઔષધી જેને મૃતસંજીવની પણ કહે છે તે હિમાલયમાંથી લાવીને શ્રીરામના સૈન્યમાં આનંદ કરાવ્યો હતો એવા હે પ્રભુરામના દૂત હનુમાનજી મારા સર્વ કષ્ટોને દૂર કરો (૩).

**રામાગમોક્તિતરિતારિતબન્ધ્વયોગ દુઃખાબ્ધિમગ્નભરતાર્પિતપારિબર્હ ॥**
**રામાંધ્રિપદ્મમધુપીભવદન્તરાત્મન્ શ્રીરામદૂત હનૂમન્ હર સંકંટં મે ॥૪॥**

મનુષ્ય દેહધારી પ્રભુરામને પિતાના વચન પૂર્તિ માટે વનમાં નિવાસ કરવો પડ્યો અને મોટા ભાઈના પ્રેમી ભરતજીને ૧૪ વર્ષ પર્યન્ત સુધી તેમનો વિયોગ સહન કરવો પડ્યો તે વિયોગના દુઃખને દૂર કરે તેવા શુભ સમાચાર ભરતજીને આપીને દુઃખ દૂર કરનારા તેવા હનુમાનજીને ભરતજી એ પ્રસન્ન થઈને વરદાન રૂપી મોટો પુરસ્કાર આપ્યો છે, જેના કારણે જેમનું ચિત્ત હમેશાં પોતાના ઈષ્ટ પ્રભુના ચરણ કમળમાં સદા ભ્રમર જેમ સુગન્ધમાં આસક્ત હોય છે તેમ દાસત્વ ભાવે આસક્ત રહે છે, એવા હે પ્રભુરામના દૂત હનુમાનજી મારા સર્વ કષ્ટોને દૂર કરો (૪).

**વાતાત્મકેસરિમહાકપિરાટ તદીયભાર્યાઞ્જનીપુરૂતપઃ ફલપુત્રભાવ ॥**
**તાર્ક્ષ્યોપમોચિતવપુર્બલતીવ્રવેગ શ્રીરામદૂત હનૂમન્ હર સંકંટં મે ॥૫॥**

મહા બલવાન કેસરીરાજ વાયુના પત્ની શ્રીઅંજની માતાના કઠોર તપના પ્રભાવથી તેમના પુત્ર રૂપે મહા બળવાન વાયુપુત્ર નામ ધારણ કરીને જન્મેલાં અને બળ અને વેગમાં સાક્ષાત્ ગરૂડજીને પણ પાછા પાડે તેવા છો એવા હે પ્રભુરામના દૂત હનુમાનજી મારા સર્વ કષ્ટોને દૂર કરો (૫).

**નાનાભિચારિકવિસૃષ્ટસવીરકૃત્યાવિદ્રાવણરુણસમીક્ષણદુ:પ્રધર્ષ્ય ॥**
**રોગઘ્નસત્સુતદવિત્તદમન્ત્રજાપ શ્રીરામદૂત હનૂમન્ હર સંકંટં મે ॥૬॥**

આસુરી વૃત્તિવાળા મંત્ર કામણ ટુમણ કરનારાના મારણ ઉચ્ચાટનાદિક મંત્રો દ્વારા મોકલેલાં વીર કૃત્યા આદિને ક્રોધ કરીને લાલ આંખની દૃષ્ટિ માત્રથી ભગાડી દેનારા, અસુરો અને પાપીઓ જેમના નેત્રો સામે જોઇ પણ ન શકે એવા તેજસ્વી દૃષ્ટિ વાળા અને જેમના મંત્રોનો જપ કરવાથી પ્રભુના ભક્તોના સર્વ પ્રકારના રોગો નાશ થઈ જાય છે, તથા પુત્રની ઇચ્છા વાળાને પુત્ર મળે છે. દ્રવ્યની ઇચ્છા વાળાને તત્કાળ જ દ્રવ્યની પ્રાપ્તિ થાય છે, એવા હે પ્રભુરામના દૂત હનુમાનજી મારા સર્વ કષ્ટોને દૂર કરો (૬).

**યન્નામધેયપદકશ્રુતિમાત્રતોઽપિ યે બ્રહ્મરાક્ષસપિશાચગણાશ્ચ ભૂતાઃ ॥**
**તે મારિકાશ્ચ સભયં હ્યુપયાન્તિ સ ત્વ શ્રીરામદૂત હનૂમન્ હર સંકંટં મે ॥૭॥**

હે મારૂતિ તમારું નામ સાંભળીને બ્રહ્મરાક્ષસ પિશાચ ભૂત પ્રેત યક્ષ વિગેરે લોકોને હેરાન પરેશાન કરનારા તત્કાળ ભાગી જાય છે, તમારું નામ સાંભળતા જ પોતાના પ્રાણ બચાવવા દૂર નાસી જાય છે, એવા હે પ્રભુરામના દૂત હનુમાનજી મારા સર્વ કષ્ટોને દૂર કરો (૭).

**ત્વં ભક્તમાનસસમીપ્સિતપૂર્તિશક્તો દીનસ્ય દુર્મદસપત્નભયાર્તિભાજઃ ॥**
**ઈષ્ટં મમાપિ પરિપૂરય પૂર્ણકામ શ્રીરામદૂત હનૂમન્ હર સંકંટં મે ॥૮॥**

પ્રભુ શ્રીરામની કૃપાથી જે કોઇ ભક્ત તમારૂ સ્મરણ કરે છે તેના મનમાં રહેલાં બધા જ પ્રકારના મનોરથો પૂર્ણ કરવાની શક્તિ સામર્થ્ય વાળા અને અન્તઃશત્રુઓના ભયથી ભક્તોનું રક્ષણ કરનારા તમે તો પૂર્ણ કામ છો તો પણ મારી કામનાઓ પૂર્ણ કરશો જ એવો મને વિશ્વસ છે, એવા હે પ્રભુરામના દૂત હનુમાનજી મારા સર્વ કષ્ટોને દૂર કરો (૮).

# શ્રી રાધિકાકૃષ્ણાષ્ટક

॥ श्रीराधिकाष्टम् ॥

नवीनजीमुतसमानवर्णं रत्नोल्लसत्कुण्डलशोभिकर्णम् ॥
महाकिरीटाग्रमयूरपर्णं श्रीराधिकाकृष्णमहं नमामि ॥१॥
निधाय पाणिद्वितीयेन वेणु निजाधरे शेखरयातरेणुम् ॥
निनादयन्तं च गतौ करेणुं श्रीराधिकाकृष्णमहं नमामि ॥२॥
विशुद्धहेमोज्जवलपीतवस्त्र हतारियुथं च विनापि शस्त्रम् ॥
व्यर्थीकृतानेकसुरद्विऽस्त्र श्रीराधिकाकृष्णमहं नमामि ॥३॥
अधर्मतिष्यर्दितसाधुपालं सद्धर्मवैरासुरसंघकालम् ॥
पुष्पादिमालं व्रजराजबालं श्रीराधिकाकृष्णमहं नमामि ॥४॥
गोपीप्रियारंभितरासखेलं रासेश्वरीरञ्जजनकृतप्रहेलम् ॥
स्कन्धोल्लसत्कृंकुमचिन्हचेलं श्रीराधिकाकृष्णमहं नमामि ॥५॥
वृन्दावने प्रीततया वसन्तं निजाश्रितानापद उद्धरन्तम् ॥
गोगोपगोपीरभिनंदयन्तं श्रीराधिकाकृष्णमहं नमामि ॥६॥
विश्वद्विषन्मन्मथदर्पहारं संसारिजीवाश्रयणीयसारम् ॥
सदैव सत्पुरुषसौख्यकारं श्रीराधिकाकृष्णमहं नमामि ॥७॥
आनन्दितात्मव्रजवासितोकं नंदादिसंदर्शितदिव्यलोकम् ॥
विनाशितस्वाश्रितजीवशोकं श्रीराधिकाकृष्णमहं नमामि ॥८॥

ભગવાન શ્રીસ્વામિનારાયણે પોતાના આશ્રિતોને ધર્મવંશી એવા આચાર્ય પાસેથી દીક્ષા પ્રાપ્ત કર્યા પછી ભગવાનની સ્તુતિ પ્રાર્થના કેમ કરવી તેનું શિક્ષણ પણ સ્વયં પોતેજ સત્સંગિજીવનના ચોથા પ્રકરણના અધ્યાય-૮૩માં શ્લોક-૨૮ થી આ સ્તોત્ર અષ્ટકનો ઉપદેશ આપેલ છે અને તેને નિત્ય પ્રતિ સંધ્યાં સમયે પાઠ કરવાની પણ આજ્ઞા કરી છે, તે સ્તોત્રને શતાનંદમુનિએ સત્સંગિજીવનના ચોથા પ્રકરણના અધ્યાય ત્યાંસીમાં શ્લોક સંખ્યા અઠ્યાવીસથી પાંત્રીસ સુધી વર્ણવેલ છે. સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે અને જેનું આપણે સૌ દરરોજ સાંધ્યા આરતી પછી સમગ્ર સંપ્રદાયના મંદિરોમાં તેનું ગાન થાય છે. તે સંસ્કૃત

ભાષામાં હોવાથી સૌને સમજવામાં કઠણ પડે છે તેથી અહિં તેનું સરળ ગુજરાતી ભાષામાં સમજવાનો પ્રયત્ન કરીએ ..

**નવીનજીમુતસમાનવર્ણં રત્નોલ્લસત્કુણ્ડલશોભિકર્ણમ્ ॥**
**મહાકિરીટાગ્રમયૂરપર્ણં શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ॥૧॥**

જેમના માનુષી શરીરનો રંગ અષાઢ માસના નવા નવા ચડી આવેલાં મેઘના વાદળો જેવો શ્યામ છે. અથવા જાંબુના ફળ જેવો શ્યામ છે. અને બન્ને કાનો ઉપર વિવિધ પ્રકારના રંગબેરંગી સુંદર હિરાઓ જડેલાં કુંડળો શોભે છે, મસ્તક ઉપર ધારણ કરેલાં મોટા વિશાળ મુકુટમાં મોરના પીંછા શોભી રહ્યા છે. એવી પોતાની દિવ્ય શક્તિઓ જ્ઞાન શક્તિ ક્રિયા શક્તિ અને ઈચ્છા શક્તિ રાધ યતિ સાધયતિ આરાધયતિ ઈતિ રાધારૂપે દિવ્ય દેહ ધારણ કરીને માર્કણ્ડેય મહામુનિએ જેમનું નામ શ્રીકૃષ્ણ પાડ્યું છે એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણને હું સાષ્ટાંગ દંડવત સહિત નમન નમસ્કારરૂપ પ્રણામ કરૂં છું. (૧)

**નિધાય પાણિદ્વિતીયેન વેણું નિજાધરે શેખરયાતરેણુમ્ ॥**
**નિનાદયન્તં ચ ગતૌ કરેણું શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ॥૨॥**

જે શ્રીહરિ પોતાના બેય હાથોથી પકડીને પોતાના અધરોષ્ઠ હોઠો ઉપર વેણું ધારણ કરી રહ્યા છે, જેના ઉપર પોતાના જ મસ્તક ઉપર ધારણ કરેલી પાઘમાં લટકાવેલાં સુગન્ધી યુક્ત પુષ્પના પરાગ રજ ઉડીને પડવાથી સુગન્ધીત થયેલ છે, તેને વગાડીને મધુર સ્વરો રેલાવી રહ્યાં છે. અને જેમની ચાલવાની રીત જાણે મદમસ્ત હાથીના જેવી છે, એવી પોતાની દિવ્ય શક્તિઓ જ્ઞાન શક્તિ ક્રિયા શક્તિ અને ઈચ્છા શક્તિ રાધયતિ સાધયતિ આરાધયતિ ઈતિ રાધારૂપે દિવ્ય દેહ ધારણ કરીને માર્કણ્ડેય મહામુનિએ જેમનું નામ શ્રીકૃષ્ણ પાડ્યું છે એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણને હું સાષ્ટાંગ દંડવત સહિત નમન નમસ્કાર રૂપ પ્રણામ કરૂં છું. (૨)

**વિશુદ્ધહેમોજ્જવલપીતવસ્ત્રં હતારિયુથં ચ વિનાપિ શસ્ત્રમ્ ॥**
**વ્યર્થીકૃતાનેકસુરદ્વિડસ્ત્રં શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ॥૩॥**

જે શ્રીહરિએ એકદમ શુદ્ધ સુવર્ણના રંગ જેવા પીળા ઉજ્જવળ વસ્ત્રો ધારણ કરેલ છે, જેમના પ્રતાપથી શસ્ત્ર કે અસ્ત્ર વિના જ અસંખ્ય આસુરી વૃત્તિવાળા અસુરોનો વિનાશ થયો છે. અને કરે છે. અસુરોએ કરેલાં શસ્ત્રાસ્ત્રના પ્રયોગો અને મન્ત્ર તંન્ત્ર કે કામણ ટુમણ બેય પ્રકારના પ્રયોગોને નિષ્ફળ બનાવેલાં છે, એવા પોતાની દિવ્ય શક્તિઓ જ્ઞાન શક્તિ ક્રિયા શક્તિ અને ઈચ્છા શક્તિ રાધયતિ સાધયતિ આરાધયતિ ઈતિ રાધા રૂપે દિવ્ય દેહ ધારણ કરીને માર્કણ્ડેય મહામુનિએ જેમનું નામ શ્રીકૃષ્ણ પાડ્યું છે એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણને હું સાષ્ટાંગ દંડવત સહિત નમન નમસ્કાર રૂપ પ્રણામ કરૂં છું. (૩)

**અધર્મતિષ્યર્દિતસાધુપાલં સદ્ધર્મવૈરાસુરસંઘકાલમ્ ॥**
**પુષ્પાદિમાલં વ્રજરાજબાલં શ્રીરાધિકાકૃષ્ણમહંનમામિ ॥૪॥**

આસુરી અધર્મી અને પાપીઓના કર્મોથી હેરાન પરેશાન સાધુજનો સજ્જનોની હમેંશાં રક્ષા કરે છે, અને જે પરમાત્મા ભાગવદ્ધર્મની સાથે વૈર વૃત્તિથી વિરોધ કરનારાના અસુરોના કાળ રૂપ છે, જેમના કંઠમાં વિવિધ પુષ્પોની અને સુવર્ણ આદિની માળાઓ ધારણ કરેલ છે, અને વ્રજના રાજા નંદજીના પ્રિય બાળક છે, એવી પોતાની દિવ્ય શક્તિઓ જ્ઞાન શક્તિ ક્રિયા શક્તિ અને ઈચ્છા શક્તિ રાધયતિ સાધયતિ આરાધયતિ ઈતિ રાધારૂપે દિવ્ય દેહ ધારણ કરીને માર્કણ્ડેય મહામુનિએ જેમનું નામ શ્રીકૃષ્ણ પાડ્યું છે એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણને હું સાષ્ટાંગ દંડવત સહિત નમન નમસ્કાર રૂપ પ્રણામ કરૂં છું. (૪)

**ગોપીપ્રિયારંભિતરાસખેલં રાસેશ્વરીરઞ્જનકૃતપ્રહેલમ્ ॥**
**સ્કન્ધોલ્લસત્કુંકુમચિન્હચેલં શ્રીરાધિકાકૃષ્ણમહંનમામિ ॥૫॥**

પોતાને પ્રિય એવા ભક્તોમાં શ્રેષ્ઠ ગોપીને આનંદ આપવા માટે જેમણે તેમની સાથે રાસ રમવાનો પ્રારંભ કરેલ છે, રાસેશ્વરી રાસની અધિષ્ઠાત્રી રાધાને રંજન કરવા આનંદિત કરવા માટે શ્રેષ્ઠ દિવ્ય અને ઉત્કૃષ્ટ રાસ રમવાનો ખેલવાનો જેમણે પ્રારંભ કરેલ છે, પ્રેમ મગ્ન ગોપીઓ જ્યારે રાસ

રમતાં રમતાં પોતાના પ્રિય પ્રભુના ખંભા ઉપર મસ્તક રાખે છે અને તેના કપાળમાં રહેલાં કુંકુંમના ચાંદલાનું કુંકુંમ નિશાન જે વસ્ત્ર ઉપર પડેલ તેવું સુંદર વસ્ત્ર શોભી રહ્યું છે, એવી પોતાની દિવ્ય શક્તિઓ જ્ઞાન શક્તિ ક્રિયા શક્તિ અને ઈચ્છા શક્તિ રાધયતિ સાધયતિ આરાધયતિ ઈતિ રાધારૂપે દિવ્ય દેહ ધારણ કરીને માર્કણ્ડેય મહામુનિએ જેમનું નામ શ્રીકૃષ્ણ પાડ્યું છે એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણને હું સાષ્ટાંગ દંડવત સહિત નમન નમસ્કાર રૂપ પ્રણામ કરૂં છું. (૫)

**વૃન્દાવને પ્રીતતયા વસન્તં નિજાશ્રિતાનાપદ ઉદ્ધરન્તમ્ ॥**
**ગોગોપગોપીરભિનંદયન્તં શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ॥૬॥**

પોતાના એકાન્તિક ભક્તોના દિવ્ય સમૂહ સદા જ્યાં નિવાસ કરીને રહે છે તેવા વૃન્દાવનમાં પ્રીતિએ યુક્ત નિવાસ કરવાનું જેમને ગમે છે, પોતાના શરણે આવેલાં સર્વનું દરેક પ્રકારની આપત્તિમાંથી ઉગારીને તેનું રક્ષણ કરીને ઉદ્ધાર કરે છે, તેનું આત્યન્તિક કલ્યાણ કરે છે, ગાયો પવિત્ર વ્યક્તિઓ ગોપીઓ જેમણે પોતાની સર્વ ઇન્દ્રિઓને વશ કરીને પરમેશ્વરમાં જોડી રાખી છે એવા એકાન્તિક ભક્તો, ગોપ પ્રેમ લક્ષણા એકાન્તિકી ભક્તિમાં જ રચ્યા પચ્યા રહેનારા ભક્તોને આનંદને દિવ્યમ આનંદ ઉપજાવતાં એવા પોતાની દિવ્ય શક્તિઓ જ્ઞાન શક્તિ ક્રિયા શક્તિ અને ઈચ્છા શક્તિ રાધયતિ સાધયતિ આરાધયતિ ઈતિ રાધારૂપે દિવ્ય દેહ ધારણ કરીને માર્કણ્ડેય મહામુનિએ જેમનું નામ શ્રીકૃષ્ણ પાડ્યું છે એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણને હું સાષ્ટાંગ દંડવત સહિત નમન નમસ્કાર રૂપ પ્રણામ કરૂં છું. (૬)

**વિશ્વદ્વિષન્મન્મથદર્પહારં સંસારિજીવાશ્રયણીયસારમ્ ॥**
**સદૈવ સત્પુરૂષસૌખ્યકારં શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ॥૭॥**

સમગ્ર વિશ્વમાં મોટા મોટાઓને પણ પરાજીત કરનારા કામદેવના ગર્વ અહંકારને જેમણે નાશ કરી નાખ્યો છે, અને સંસાર સાગરમાં ડુબકા ખાતાં જીવોને એકમાત્ર આશ્રય કરવા યોગ્ય જેથી આત્યન્તિક કલ્યાણ રૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે એવા એક જ છે. જે સદા સત્પુરૂષો જે સત્યના માર્ગે ચાલે

છે તેમને સદા પરમ સુખ આપનારા છે એવી પોતાની દિવ્ય શક્તિઓ જ્ઞાન શક્તિ ક્રિયા શક્તિ અને ઈચ્છા શક્તિ રાધયતિ સાધયતિ આરાધયતિ ઈતિ રાધારૂપે દિવ્ય દેહ ધારણ કરીને માર્કણ્ડેય મહામુનિએ જેમનું નામ શ્રીકૃષ્ણ પાડ્યું છે એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણને હું સાષ્ટાંગ દંડવત સહિત નમન નમસ્કાર રૂપ પ્રણામ કરૂં છું. (૭)

**આનન્દિતાત્મવ્રજવાસિતોકં નંદાદિસંદર્શિતદિવ્યલોકમ્ ॥**
**વિનાશિતસ્વાશ્રિતજીવશોકં શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ॥૮॥**

મનુષ્ય દેહ ધારણ કરીને પ્રગટેલાં પ્રભુ પોતાના દિવ્ય ચરિત્રોથી આશ્રિત ભક્તોના સમૂહને વ્રજવાસી જનોને પરમ આનંદ આપે છે, નંદાદિ ભક્તો જે નંદ પંક્તિના એકાન્તિક ભક્તોનો સમૂહ છે તેમને દિવ્ય સમાધિ દ્વારા પોતાના દિવ્ય અક્ષરધામના દર્શન કરાવીને તેમના હૃદયમાં રહેલ મોક્ષ મળશે કે નહી તેવો જે શોક ચિન્તા તેનો નાશ કરે છે, એવી પોતાની દિવ્ય શક્તિઓ જ્ઞાન શક્તિ ક્રિયા શક્તિ અને ઈચ્છા શક્તિ રાધયતિ સાધયતિ આરાધયતિ ઈતિ રાધારૂપે દિવ્ય દેહ ધારણ કરીને માર્કણ્ડેય મહામુનિએ જેમનું નામ શ્રીકૃષ્ણ પાડ્યું છે એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણને હું સાષ્ટાંગ દંડવત સહિત નમન નમસ્કાર રૂપ પ્રણામ કરૂં છું. (૮)

# હે ગોપીનાથજી મારા કષ્ટને દૂર કરો

॥ ठुमरी रागेण गीयते ॥

हर हर गोपीनाथ मम कष्टम् । हर.... (ध्रुवपदम्)

सुरनर मुनिवर जलधरसुन्दर । मारमहामदमार । मम...१॥
राजीवलोचन पापविमोचन । दुर्गपुरीसुविहार । मम...२॥
हाटकभूषण हतजनदूषण । दिव्यगुणालयसार । मम...३॥
वृषकुलनायक सुरसुखदायक । कुन्दकुसुमशुभहार । मम...४॥
मंगलकारण गतिजितवारण । प्रेमवतीसुकुमार । मम...५॥
मानसमोदन दितिसुतरोदन । भूमिनिवारितभार । मम...६॥
विश्वविभावन दुर्मतिपावन । कालदवानलहार । मम...७॥

सुरकुलरंजन नित्यनिरंजन । भानुसुतावितनार । मम...८॥

ब्रह्मपुरासन जनहितशासन । निष्कामानन्दनिधान । मम...९॥

*॥ इति निष्कामानन्दवर्णिविरचिता अष्टपदी समाप्ता ॥*

ભગવાન શ્રીસ્વામિનારાયણે ઘોર કળિકાળમાં પ્રગટ થઈને સંસાર સાગરમાં મહાન દુઃખ અને કષ્ટ ભોગવતા જીવોના ઉદ્ધાર માટે પોતે કરેલા ચાર સંકલ્પો માં પ્રથમ સંકલ્પ મહામંદિરોનું નિર્માણ કરવું તેની પૂર્ણતા કરવા માટે જે આ પૃથ્વી ઉપર નવ મહામંદિરોની સ્થાપના કરીને તેમાં પોતાના સ્વરૂપો વિવિધ નામ અને આકૃતિ ધારણ કરેલાં સ્વહસ્તે પધરાવ્યા છે, તેમાં રહેલાં શ્રીહરિના તે દિવ્ય સ્વરૂપોમાં પૂર્ણ પુરષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણના દર્શન કરતાં પરમહંસો તે તે સ્વરૂપોની પોતાના હૃદય કમળમાં થતી પ્રેરણાથી તેમની સ્તુતિ અને પ્રાર્થના કરતા હતાં તેમાંની એક સ્તુતિ પ્રાર્થના નિષ્કામાનંદવર્ણીએ શ્રીગોપીનાથજી મહારાજની સમક્ષ જે સ્તુતિ સંસ્કૃત ભાષામાં કરેલ છે, જેને આપણા સંપ્રદાયમાં અષ્ટકોના નામથી જાણીએ છીએ. તે અષ્ટક હર હર ગોપીનાથ ખૂબજ ગવાય છે અને પ્રસિદ્ધ છે. તેના શબ્દોના અર્થને સમજવાનો પ્રયત્ન કરીએ....

**હર હર ગોપીનાથ મમ કષ્ટમ્ । હર. (ધ્રુવપદ)**

**સુરનરમુનિવર જલધરસુંદર મારમહામદમાર । મમ..૧॥**

પોતાના અને જીવમાત્રના જીવનમાં આવતાં અનેક વિધ કષ્ટો દુઃખોને દૂર કરવા માટે પોતાના ઈષ્ટદેવ અર્ચાસ્વરૂપે વિરાજમાન છે તેવા શ્રીગોપીનાથ પરમાત્માને વિનંતી સ્વરૂપે પ્રાર્થના આજીજી કરવા માટે હર હર દૂર કરો દૂર કરો એમ પોકાર કરીને કહેવા માટે આ શબ્દનો બે વખત ઉપયોગ કરેલ છે. તે શ્રીહરિ જે અહિં પ્રત્યક્ષ સ્વરૂપે ગોપીનાથ નામે વિરાજમાન છે. ગોપી અર્થાત કોઈ સ્ત્રી નહી પણ જે જીવાત્મા પોતાની સર્વ ઈન્દ્રિયોની વૃત્તિને વિષયોમાં થી પાછી વાળીને પોતાના ઈષ્ટદેવના સ્વરૂપમાં જોડી રાખે છે તે જીવ માત્રના માટે નાથ એટલે પતિ અર્થાત સર્વ પ્રકારે રક્ષણ કરનારા ભરણપોષણ કરનારા નાથ પતિ સ્વામી એવા આ મારા ઈષ્ટદેવ પરમાત્મા

શ્રીહરિ છે કે જેમને મોટા મોટા દેવો ઋષિઓ મનુષ્યો સર્વ જેમની પ્રેમલક્ષણા ભક્તિ કરે છે. કારણ કે તેમની સુંદરતાં એવી છે જાણે અષાઢ માસના નવીન મેઘ વાદળો ખૂબજ પાણી ભરીને આવ્યા હોય અને તેનો જેવો રંગ હોય તેવો શ્યામ રંગ છે. જે જગતને જીતનારા કામદેવના ગર્વનો નાશ કરે તેવા સુંદર દેખાય છે. જે સમગ્ર બ્રહ્માંડમાં એક જ છે. જેમનો કામદેવથી ક્યારેય પરાભવ થતો નથી. એવા મારા ઈષ્ટદેવ ગોપીનાથ નામ ધારી રહેલાં ભગવાન શ્રીસ્વામિનારાયણ મારા સમગ્ર કષ્ટો દુઃખો આધ્યાત્મિક આધિભૌતિક આધિદૈવિક જન્મ મૃત્યુ જરા વ્યાધિ મોહ માયા અજ્ઞાન વાસના આદિને દૂર કરો. (૧)

**રાજીવલોચન પાપવિમોચન । દુર્ગપુરીસુવિહાર । મમ..૨॥**

જળથી ભરેલાં સરોવરનો જે રાજા છે તેના જેવી સુંદરતાં જળમાં કોઈની નથી એવા શ્રેષ્ઠ કમળની સમાન જેમના નેત્રો આંખો છે જે પોતાને આશ્રયે આવે છે તેને પોતાના કરેલાં સમગ્ર પાપોથી છોડાવીને આત્યંતિક મોક્ષ આપે છે. એવા પરમાત્મા આજ ગઢપુરમાં નિવાસ કરીને જ્યાં જ્યાં પોતાના આશ્રિતો છે ત્યાં તેમને મોક્ષ અપાવવા માટે વિચરણ કરે છે. એવા મારા ઈષ્ટદેવ ગોપીનાથ નામ ધારી રહેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણ મારા સમગ્ર કષ્ટો દુઃખો આધ્યાત્મિક, આધિભૌતિક, આધિદૈવિક, જન્મ, મૃત્યુ, જરા વ્યાધિ, મોહ, માયા, અજ્ઞાન, વાસના આદિને દૂર કરો. (૨)

**હાટકભૂષણ હતજનદૂષણ । દિવ્યગુણાલયસાર । મમ..૩॥**

પોતાના આશ્રયે આવેલાં ભક્તોના મનને પોતાની મૂર્તિમાં જોડવા માટે સ્વયં પોતે અતિ શોભાયમાન સુવર્ણના આભૂષણો અલંકારો ધારણ કરેલ છે. જે પણ આશ્રિત તે રમ્યમૂર્તિના દર્શન કરે છે તેમના બધાજ પ્રકારના દોષો અવગુણોને દૂર કરે છે નાશ કરે છે. અને તેમનામાં અનેક પ્રકારના દિવ્ય સદ્‌ગુણો આપે છે સ્વયં પોતે તે સર્વ સદ્‌ગુણોના આશ્રય સ્થાન છે. એવા મારા ઈષ્ટદેવ ગોપીનાથ નામ ધારી રહેલાં ભગવાન શ્રીસ્વામિનારાયણ મારા સમગ્ર કષ્ટો દુઃખો આધ્યાત્મિક આધિભૌતિક આધિદૈવિક જન્મ મૃત્યુ જરા વ્યાધિ મોહ માયા અજ્ઞાન વાસના આદિને દૂર કરો. (૩)

**વૃષકુલનાયક સુરસુખદાયક । કુન્દકુસુમશુભહાર । મમ..૪।।**

હરિપ્રસાદ વિપ્ર જે ધર્મદેવના નામથી પ્રસિદ્ધ છે તેમના કુલના વંશના નાયક છે તારણ હાર છે, અથવા જે ધર્મનું આચરણ કરે છે પાલન કરે છે તે સર્વના તારણ હાર છે. પોતાના આશ્રિત સાત્વિક સદાચારનું આચરણ કરનારા દૈવી સંપત્તિ વાળા એવા સુર દેવોને સદા સુખ આપે છે. જેમણે પોતાના કંઠમાં સુવર્ણના જેવા તેજસ્વી પોયણાના પુષ્પનો સુંદર હાર માળા ધારણ કરેલ છે, એવા મારા ઈષ્ટદેવ ગોપીનાથ નામ ધારી રહેલાં ભગવાન શ્રીસ્વામિનારાયણ મારા સમગ્ર કષ્ટો દુઃખો આધ્યાત્મિક આધિભૌતિક આધિદૈવિક જન્મ મૃત્યુ જરા વ્યાધિ મોહ માયા અજ્ઞાન વાસના આદિને દૂર કરો. (૪)

**મંગલકારણ ગતિજિતવારણ । પ્રેમવતિસુકુમાર । મમ..૫।।**

સમગ્ર જગતના સર્વ પ્રકારના મંગલનું જેઓ કારણ છે, અર્થાત સર્વનું કલ્યાણ કરવા માટે જ જેમણે અવતાર ધારણ કરેલ છે. જે મનુષ્ય શરીર એવું સુંદર છે કે ચાલવાની કળા એવી છે કે જેનાથી મદોમત્ત હાથીની શ્રેષ્ઠ ગતીને પણ જીતી લે છે. અર્થાત તેના કરતાં પણ શ્રેષ્ઠ ચાલે કરીને ચાલે છે. તે સ્વરૂપ જેમણે પોતાના માતા ભક્તિદેવી જે સાક્ષાત્ પ્રેમની મૂર્તિ છે તેમના પુત્ર રૂપે અવતાર ધારણ કરેલ છે, એવા મારા ઈષ્ટદેવ ગોપીનાથ નામ ધારી રહેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણ મારા સમગ્ર કષ્ટો દુઃખો આધ્યાત્મિક આધિભૌતિક આધિદૈવિક જન્મ મૃત્યુ જરા વ્યાધિ મોહ માયા અજ્ઞાન વાસના આદિને દૂર કરો. (૫)

**માનસમોદન દિતિસુતરોદન । ભૂમિનિવારિતભાર । મમ..૬।।**

આ દિવ્ય સુંદર મૂર્તિના દર્શન કરનારા પોતાના આશ્રિત સર્વ ભક્તોના મનને સદા આનંદ પ્રમોદ આપે છે, અને આસુરી પ્રકૃતિ વાળા એવા દાનવો દૈત્યોને દંડ આપીને તેમના કર્મોના ફળ રૂપે રૂદન રૂપી દુઃખ જ આપે છે. તે રીતે પૃથ્વી ઉપર વધેલાં અધર્મ અને પાપના ભારને દૂર કરે છે નાશ કરે છે. એવા મારા ઈષ્ટદેવ ગોપીનાથ નામ ધારી રહેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણ મારા સમગ્ર કષ્ટો દુઃખો આધ્યાત્મિક આધિભૌતિક આધિદૈવિક જન્મ મૃત્યુ જરા વ્યાધિ મોહ માયા અજ્ઞાન વાસના આદિને દૂર કરો. (૬)

**વિશ્વવિભાવન દુર્મતિપાવન । કાલદવાનલહાર । મમ..૭॥**

સમગ્ર વિશ્વના જીવોને ભરણ પોષણ કરનારા અને અને મોક્ષ આપનારા છે. અને દુષ્ટ બુદ્ધિવાળા આસુરી વૃત્તિવાળા પણ જો શરણે આવે છે તો તેને પાવન પવિત્ર કરીને પોતાનો આશ્રય આપે છે. અને તેને કાળના ભયથી મૃત્યુના ભયથી છોડાવીને નિર્ભય બનાવે છે, એવા મારા ઈષ્ટદેવ ગોપીનાથ નામ ધારી રહેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણ મારા સમગ્ર કષ્ટો દુઃખો આધ્યાત્મિક આધિભૌતિક આધિદૈવિક જન્મ મૃત્યુ જરા વ્યાધિ મોહ માયા અજ્ઞાન વાસના આદિને દૂર કરો. (૭)

**સુરકુલરંજન નિત્યનિરંજન । ભાનુસુતાવિતનાર । મમ..૮॥**

સાત્વિક અને દૈવી સંપત્તિ વાળા જે સત્પુરૂષો સાધુ સંતો અને ભક્તોના સમૂહને સદા આનંદ આપે છે. જે સદા નિત્ય છે. અર્થાત ત્રણેય કાળમાં જેમની સ્થિતિ એક જ સરખી છે. તેમાં ક્યારેય કોઈ પણ પ્રકારનો ફેરફાર થતો નથી, અને જેઓ સદા માયાના પ્રભાવથી રહિત છે. જે અજ્ઞાન રૂપી અંધકાર જેમને ક્યારેય બાધ કરી શકતો નથી. જેમના પોતાના સ્વરૂપનું જ્ઞાન સદાકાળ રહે છે, ક્યારેય વિસ્મરણ થતું નથી. અને જેવો યમના પુત્રી યમુના મહારાણીના શ્રેષ્ઠ પતિ છે અર્થાત જેઓ યમુનાજીને હૃદયથી પ્રેમ કરે છે. જે યમુનાજીમાં સ્નાન કરે છે તેના બધા પાપોને દૂર કરે છે. એવા મારા ઈષ્ટદેવ ગોપીનાથ નામ ધારી રહેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણ મારા સમગ્ર કષ્ટો દુઃખો આધ્યાત્મિક, આધિભૌતિક, આધિદૈવિક જન્મ મૃત્યુ જરા વ્યાધિ મોહ માયા અજ્ઞાન વાસના આદિને દૂર કરો. (૮)

**બ્રહ્મપુરાસન જનહિતશાસન । નિષ્કામાનંદનિધાન । મમ..૯॥**

પોતાનું જ ધામ અક્ષરધામ જેને બ્રહ્મપુરધામ પરમધામ ચિદાકાશધામ કહે છે તે દિવ્યધામમાં સદા નિવાસ કરે છે. તે સ્વયં પોતાના આશ્રિત ભકતોના હિત માટે જ અને તેમને ભગવત ધર્મમાં રાખવા માટે જ આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરે છે. અને તે સર્વ ભક્તોનું આત્યન્તિક હિત મોક્ષરૂપી કરવા માટે જ શરીર ધારણ કરે છે. એવા પરમાત્મા જે નિષ્કામાનંદ વર્ણી

કહે છે મારા આશ્રય સ્થાન છે, અને જે કોઇ આશ્રય કરે છે તે ભકતોને આનંદનું અને આત્યંતિક મોક્ષનું પરમ સ્થાન છે. એવા મારા ઈષ્ટદેવ ગોપીનાથ નામ ધારી રહેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણ મારા સમગ્ર કષ્ટો દુઃખો આધ્યાત્મિક આધિભૌતિક આધિદૈવિક જન્મ મૃત્યુ જરા વ્યાધિ મોહ માયા અજ્ઞાન વાસના આદિને દૂર કરો. (૯)

## પુરાણ પુરૂષ હરિકૃષ્ણનું ભજન કરો

॥ अष्टपदी ठुमरी राग ॥ निष्कामानंद वर्णिरचितः

भजमानस त्वं श्रीहरिं हरिकृष्णंपुराणम् । भज..... ध्रुवपदम्
मायापारे निलये निवसन्तम् । मुनिजनमण्डलमण्डितं.. हरि..॥१॥
नवघनमेचकमंगं दधानम् । वामरिपुमदमारकम्.. हरि..॥२॥
भास्वद्द्युतिवसनैर्विलसन्तम् । बहुविधभूषणभूषितम्.. हरि..॥३॥
भुवि शकुलाद्याकृतिं विदधानम् । स्वीयजनानन्ददायकम्.. हरि..॥४॥
प्रेमवतीवृषलालं विशोकम् । दुर्गपत्तनसंवासिनं.. हरि..॥५॥
उन्मतगंगाजले विहरंतम् । ज्ञानसुधाजनशंकरम्.. हरि..॥६॥
ब्रह्मप्रियं ब्रह्मवर्तधरवेषम् । ब्रह्मव्रतधरनायकम्.. हरि..॥७॥
हंसरूचिरगमनं कंजनेत्रम् । धर्मवंशावनकारकं.. हरि..॥८॥
निष्कामवर्णिरचितगीतगीतम् । निष्कामनरव्रजशर्मद.. हरि..॥९॥

*॥ इति निष्कामानन्दवर्णिविरचिता अष्टपदी समाप्ता ॥*

ભગવાનશ્રી સ્વામિનારાયણનો જે જે યોગ ભ્રષ્ટ એવા મુમુક્ષુઓને સંગ થયો તેઓ ને સર્વવતારી ભગવાનશ્રીહરિ સહજાનંદ સ્વામી સાક્ષાત્ પ્રત્યક્ષ પ્રગટ પ્રમાણ પુરૂષોત્તમનારાયણ છે તેવો દ્દઢ નિશ્ચય પોતાના હૃદયમાં તત્કાળ થયો છે, અને તેવા જ દ્દઢ નિશ્ચય વાળા પોતાના સંગ કરનારા સૌનો થાય તેવા જ શુભ પ્રયત્નો તે સર્વ મહાન મોટા પરમહંસો શ્રીહરિની આજ્ઞાથી સદા સર્વદા કરતાં રહેતા હતાં તે માટે શ્રીહરિના ગુણ ઐશ્વર્ય અને લીલાચરિત્રોનું ગાન ભક્તો સમક્ષ કરતાં તેમાંથી કીર્તનો કવિતાઓ શ્લોકો અને સુંદર વાર્તા રૂપે ગદ્ય સાહિત્ય સંપ્રદાયમાં પ્રચુર માત્રામાં સૃજાણું છે.

તેમાં સંસ્કૃત ભાષાના નિષ્ણાંત સંતો જગતના વિદ્વાનોને શ્રીહરિનો નિશ્ચય થાય તેવા શુભ હેતુ થી સંસ્કૃત ભાષામાં ગ્રન્થો અને કવિતાઓ અર્થાત અષ્ટકોની રચના કરીને તેનું ગાન કરતાં જેથી સાંભળનારાને અવશ્ય હૃદયમાં તે વાત વસી જાય તેવું જ આ સ્તોત્ર અષ્ટક છે જેમાં વર્ણિરાજ શ્રીનિષ્કામાનંદજી પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણના સ્વરૂપનું જ્ઞાન થાય તેવી શબ્દાવલીથી વર્ણન કરે છે. જેના અર્થને સમજવાનો પ્રયત્ન કરીએ.

**ભજમાનસ ત્વં શ્રીહરિં હરિકૃષ્ણ પુરાણમ્ । ભજ. (ધ્રુવપદ)**
**માયાપારે નિલયે નિવસન્તમ, મુનિજનમણ્ડલમંડિતમ ॥હરિ..॥૧॥**

માયા જેને શાસ્ત્રોમાં ત્રિગુણાત્મિકા કહે છે સત્વગુણ રજોગુણ અને તમોગુણ જ્યાં હોય ત્યાં માયા હોય અને જ્યાં માયા હોય ત્યાં ભેદ હોય. સારા નરસા નાના મોટા સ્ત્રી પુરૂષ વિગેરે આવા પ્રકારના જ્યાં કોઈ પણ પ્રકારના ભેદ નથી ત્યાં જેમનું નિવાસ સ્થાન છે, અર્થાત પોતાનું ધામ છે. જેને અક્ષરધામ કહે છે ચિદાકાશ ધામ કહે છે બ્રહ્મધામ કહે છે. સદા દ્વિભુજ દિવ્ય સાકાર મૂર્તિ એવા પૂર્ણપુરુષોત્તમ શ્રીહરિ અનંતકોટી અક્ષરમુક્તો જેમનું અખંડ ધ્યાન પરાયણ થઈને વિંટળાઈને નિરખી રહ્યા છે એવી દિવ્ય શોભાએ યુક્ત પોતાના નિવાસ સ્થાન ભૂત અક્ષરધામમાં પુરાણ પુરૂષ રૂપે અર્થાત સદા ભૂત ભવિષ્ય અને વર્તમાન સમયે એક સરખી સ્થિતિમાં રહેનારા અનાદિકાળથી તેમ જ છે તે પુરાણપુરૂષ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આજ પૃથ્વી ઉપર જે હરિકૃષ્ણ નામે પ્રગટ મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરણ કરે છે તેમનું હે માનવ તું ભજન કર જેથી તે અક્ષરધામમાં નિવાસ કરવાનો તને અવસર મળે. (૧)

**નવઘનમેચકમંગ દધાનમ્ । વામરિપુમદમારકમ્ ॥હરિ..॥૨॥**

ધર્મદેવ અને માતા ભક્તિદેવીના ઘરે મનુષ્ય શરીર જેમણે ધારણ કરેલ છે તે માનવ શરીરનો વર્ણ અર્થાત રંગ શ્યામ છે જાણે અષાઢ માસના આકાશમાં નવા નવા વાદળો જળ ભરીને તાજા તાજા ચડી આવ્યા હોય તેના રંગ જેવો ઘાટો શ્યામ રંગ ધારણ કરેલ છે તો પણ સમગ્ર બ્રહ્માંડમાં

વસતાં દેવો દાનવો મનુષ્યો અને સિદ્ધો તપસ્વીઓને પરાજીત કરનારા વામરિપુ અર્થાત કામદેવના ગર્વને પણ દૂર કરે તેવું તો તેમનું સૌન્દર્ય છે. તે પુરાણપુરૂષ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આજ પૃથ્વી ઉપર જે હરિકૃષ્ણ નામે પ્રગટ મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરણ કરે છે તેમનું હે માનવ તું ભજન કર જેથી તે અક્ષરધામમાં નિવાસ કરવાનો તને અવસર મળે. (૨)

**ભાસ્વદ્દ્યુતિવસનૈર્વિલસન્તમ્ । બહુવિધભૂષણભૂષિતમ્ ॥હરિ...॥૩॥**

પોતાના ભક્તોના સમુદાયમાં સદા વિચરણ કરતાં મનુષ્યાકૃતિ ધારી શ્રીહરિ સદા શ્વેત વસ્ત્રો તો એવા ધારણ કરે છે કે જેમના ચળકાટ થી જોનારાને તો એમ જ લાગે છે કે જાણે આકાશમાથી સાક્ષાત સૂર્ય સંપૂર્ણ પોતાના તેજ સાથે પૃથ્વી ઉપર આવી ગયો ને શું ! એવા સુંદર તેજસ્વી વસ્ત્રોથી શોભી રહ્યા છે. તેમજ જેમના દરેક દરેક અંગ ઉપર હીરા મોતી માણેક જડેલાં સુવર્ણના અલંકારો આભૂષણો ધારણ કરેલાં છે. તે પુરાણપુરૂષ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આજ પૃથ્વી ઉપર જે હરિકૃષ્ણ નામે પ્રગટ મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરણ કરે છે તેમનું હે માનવ તું ભજન કર જેથી તે અક્ષરધામમાં નિવાસ કરવાનો તને અવસર મળે. (૩)

**ભુવિ શકુલાદ્યાકૃતિં વિદધાનમ । સ્વીયજનાનંદદાયકમ્ ॥હરિ..॥૪॥**

પોતાના એકાન્તિક ભક્તોને સુખ આપવા અને તેમના મનોરથો પુરા કરવા અને પોતાના અક્ષરધામમાં તેડી જવા માટે જેમણે આ પૃથ્વી ઉપર વિવિધ પ્રકારના ચિત્રવિચિત્ર આકૃતિ વાળા શરીર ધારણ કરીને અવતરણ કર્યું છે, અને પોતાના આશ્રિતોને મહાસુખ જે અવિનાશી અક્ષરધામનું જે સુખ તે ને પ્રાપ્ત કરાવીને સ્વયં પોતે અક્ષરધામમાં તેડી જાય છે, તે પુરાણપુરૂષ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આજ પૃથ્વી ઉપર જે હરિકૃષ્ણ નામે પ્રગટ મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરણ કરે છે તેમનું હે માનવ તું ભજન કર જેથી તે અક્ષરધામમાં નિવાસ કરવાનો તને અવસર મળે. (૪)

**પ્રેમવતીવૃષલાલં વિશોકમ । દુર્ગપત્તનસંવાસિનમ ॥હરિ..॥૫॥**

પ્રેમલક્ષણા ભક્તિએ કરીને જ જેમને મેળવી શકાય છે તે પોતાના માતા ભક્તિદેવી જેમણે પ્રેમથી લાલન પાલન કર્યું છે. અને પિતા વૃષ એટલે ધર્મદેવના પુત્ર થઈને તેમના સમગ્ર શોક જેમણે દૂર કર્યો છે, તેવી જ રીતે દુર્ગપુરમાં નિવાસ કરનારા પોતાના ભક્તો જે તેવા જ પ્રેમી છે તેમના શોકને દુઃખને પણ દૂર કર્યા છે તે પુરાણપુરૂષ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આજ પૃથ્વી ઉપર જે હરિકૃષ્ણ નામે પ્રગટ મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરણ કરે છે તેમનું હે માનવ તું ભજન કર જેથી તે અક્ષરધામમાં નિવાસ કરવાનો તને અવસર મળે. (૫)

**ઉન્મત્તગંગાજલે વિહરંતમ્ । જ્ઞાનસુધાજનશંકરમ્ ॥હરિ..॥૬॥**

મનુષ્ય દેહધારી ભગવાન શ્રીહરિ ગઢપુરમાં નિવાસ કરીને રહે છે ત્યારે ઉન્મત્તગંગા એટલે કે ઘેલાં નદીમાં દરરોજ સ્નાન ક્રીડા કરે છે. અને તે નદીના જળને મહાન પવિત્ર કરે છે. પોતાના સ્વરૂપનું એકાન્તિક સરળ સ્વભાવના સાધુજનોને ભક્તોને વચનામૃતો દ્વારા જ્ઞાન આપીને આત્યન્તિક મોક્ષ રૂપ પોતાના અક્ષરધામનો મહાન બ્રહ્માનંદનો આનંદ આપે છે, તે પુરાણપુરૂષ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આજ પૃથ્વી ઉપર જે હરિકૃષ્ણ નામે પ્રગટ મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરણ કરે છે તેમનું હે માનવ તું ભજન કર જેથી તે અક્ષરધામમાં નિવાસ કરવાનો તને અવસર મળે. (૬)

**બ્રહ્મપ્રિયં બ્રહ્મવર્તધરવેષમ્ । બ્રહ્મવૃતધરનાયકમ્ ॥હરિ..॥૭॥**

શિક્ષાપત્રી શ્લોક ૧૧૬માં કહેલાં ત્રણ દેહ સ્થૂળ, સુક્ષ્મ અને કારણ થી અલગ પોતાના આત્માને બ્રહ્મરૂપ કરીને ભજે છે તેને અતિ પ્રિય છે અથવા તેવા બ્રહ્મરૂપ થયેલાં ભક્તો જેને પ્રિય છે, સ્વયં પોતે મનુષ્ય દેહ ધારણ કરેલ છે તે દેહે કરીને પણ નૈષ્ઠિક બ્રહ્મચારીના જેવા જ વેષ વસ્ત્રો ધારણ કરે છે, અથવા બ્રહ્મચર્ય વ્રતધારીના જેવો વેષ જેમને પ્રિય છે. બ્રહ્મચર્ય વ્રતધારીઓમાં જે સર્વશ્રેષ્ઠ છે. તેમના નાયક છે આરાધ્ય છે ઉપસનીય છે, તે પુરાણપુરૂષ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આજ

પૃથ્વી ઉપર જે હરિકૃષ્ણ નામે પ્રગટ મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરણ કરે છે તેમનું હે માનવ તું ભજન કર જેથી તે અક્ષરધામમાં નિવાસ કરવાનો તને અવસર મળે. (૭)

**હંસરૂચિરગમન કંજનેત્રમ । ધર્મવંશાવનકારકં ॥હરિ..॥૮॥**

જેમના શરીરની સુંદરતાં અને તેમની ચાલવાની રીત જાણે મદ ગતીએ ચાલતાં હંસના જેવી છે અથવા પોતાના આશ્રિત પરમહંસોની ગતિરૂપ જેમનું તિલ ચિન્હ યુક્ત સ્વરૂપ છે. જગતના જીવો ઉપર દયા કરવામાં જેમના નેત્રો આંખોમાં દયા અને કરૂણા એટલાં ભરેલાં છે તે એવા શોભે છે જાણે સરોવરમાં ખીલેલા કમળ જેવા દેખાય છે. અને જેમનું કાર્ય પોતાના પિતા ધર્મદેવના વંશનું રક્ષણ કરવું તે જ છે. અથવા જેનામાં ધર્મ, જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય આદિ સદ્‌ગુણો છે તેવા એકાન્તિક પોતાને આશ્રિતોનું સદા રક્ષણ કરવું એજ છે, તે પુરાણપુરૂષ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણ આજ પૃથ્વી ઉપર જે હરિકૃષ્ણ નામે પ્રગટ મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરણ કરે છે તેમનું હે માનવ તું ભજન કર જેથી તે અક્ષરધામમાં નિવાસ કરવાનો તને અવસર મળે. (૮)

**નિષ્કામવર્ણિરચિતગીતગીતમ । નિષ્કામનરવૃજશર્મદ ॥હરિ..॥૯॥**

નિષ્કામ એકાતિક ભક્તો જેમને ક્યારેય જગતના નાશવન્ત પદાર્થોની આશા નથી કામના નથી તેવા ભક્તોએ ગાયેલ ગીતને જે હમેંશા ગાય છે અર્થાત યાદ રાખે છે અથવા તેવા ભક્તોની પ્રાર્થના સાંભળે છે. અને તેવા ભક્તોને સદા પોતાના સ્વરૂપનું સુખ આપે છે. જગતની કોઈ પણ પ્રકારની જેમના હૃદયમાં વાસના કે કામના નથી તેવા નિષ્કામી ભક્તોને જે શરણે આવે છે તેમને આત્યન્તિક મોક્ષ આપે છે. તેવા શ્રીહરિનું નિષ્કામાનંદ વર્ણીએ રચેલાં સ્તોત્રનું તું ગાન કરીશ તો તને પણ આત્યંતિક મોક્ષ આપશે, તે પુરાણપુરૂષ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણ આજ પૃથ્વી ઉપર જે હરિકૃષ્ણ નામે પ્રગટ મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરણ કરે છે તેમનું હે માનવ તું ભજન કર જેથી તે અક્ષરધામમાં નિવાસ કરવાનો તને અવસર મળે. (૯)

# શ્રી હરિકૃષ્ણના સ્વરૂપને હૃદય કમળમાં ધારવું

पुषपिताग्रावृत्तम् योगानन्द मुनि कृत

सजलजलदसुन्दरं समांगं सरसिरुहेक्षणमीक्षणीयमूर्तिम् ॥
निखिलभुवननायकैकनाथं हृदि हरिकृष्णमहं सदा स्मरामि ॥१॥
कलितललितनीलनुत्नवासः कटितटमंसतटे पटंदधानम् ॥
वसितविशदसुन्दरांबरं च हृदि हरिकृष्णमहं सदा स्मरामि ॥२॥
कुसुमरचितशेखरालिरम्यं शिरसि सुरक्तशिरः पटं दधानम् ॥
विविधकुसुमहारिकम्बुकण्ठं हृदि हरिकृष्णमहं सदा स्मरामि ॥३॥
भगणमुनिगणैर्वृत्तंयथेन्दु सदयदृशास्वजनान्विलोकयन्तम् ॥
मधुरवचनमोदितस्वभक्तं हृदि हरिकृष्णमहं सदा स्मरामि ॥४॥
रुचिरकरपुटे विचालयन्तं नवतुलसीन्धनसंभवा सुमालाम् ॥
मुनिविहितसबीजसांख्ययोगं हृदि हरिकृष्णमहं सदा स्मरामि ॥५॥
हसितवदनचन्द्रचन्द्रिकाभिर्हतनिजभक्तहृदन्धकारतापम् ॥
प्रकटीतजगतीसधर्मभक्तिं हृदि हरिकृष्णमहं सदा स्मरामि ॥६॥
धृतिदमशमशीलसत्यशौच स्मृतिबलकीर्तितपः प्रगल्भताद्यैः ॥
अपरिमितगुणैयुतं च नित्यं हृदि हरिकृष्णमहं सदा स्मरामि ॥७॥
परनिजमहसा जनान्समाधौ प्रकृतिपराक्षरनैज धामनिष्ठाम् ॥
जगति निज तनुं च दर्शयन्तं हृदि हरिकृष्णमहं सदा स्मरामि ॥८॥

*॥ इति श्रीयोगानन्दमुनि विरचित हरिकृष्णस्मरणाष्टकम् ॥*

ભગવાનના પરમએકાંતિક ભક્તો હમેંશા પોતાના ઈષ્ટ પરંબ્રહ્મપરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના અલૌકિક સ્વરૂપને સદા પોતાના હૃદય કમળમાં ધારણ કરીને જ વિચરતાં હોય છે. તો પણ તે સ્મૃતિને કાયમ તાજી તરો રાખવા માટે તે પ્રભુની મૂર્તિને કેવા પ્રકારે કરીને સરળતાથી અને સતત પોતાના હૃદયમાં ધારણ કરી રાખવી તેના માટે અનેક પ્રકારની યુક્તિ પ્રયુક્તિ શિખતા જ રહે છે. તેવી જ કોઈક યુક્તિને આત્મસાત કરનારા

શ્રીયોગાનંદમુનિ આ સ્તોત્ર અષ્ટકમાં વર્ણન કરે છે. યોગાનંદ મુનિ ઉત્તરગુજરાતના ગણથોર નામના ગામમાં પવિત્ર ક્ષત્રિય પરિવારમાં જન્મ ધારણ કરીને અમદાવાદ પાસેના કણભા ગામે ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન થયા અને શ્રીહરિના ચરણ કમળમાં પોતે આત્મસમર્પણ કરીને હૃદયમાં જે સ્વરૂપના દર્શન થયા છે તેજ સ્વરૂપને સદાય ધારણ કરવા માટે સેવામાં જોડાઈ ગયા. તેનું સુંદર વર્ણનનો અર્થ આપણે વિચારીએ –

**સજલજલદસુન્દરં સમાંગં સરસિરુહેક્ષણમીક્ષણીયમૂર્તિમ્ ॥**
**નિખિલભુવનનાયકૈકનાથં હૃદિ હરિકૃષ્ણમહં સદા સ્મરામિ ॥૧॥**

ભગવાન શ્રી સ્વામિનારાયણના હરિકૃષ્ણ નામ ધારી સ્વરૂપનું વર્ણન કરતાં યોગાનંદ મુનિ કહે છે. – ચોમાસાની શરૂઆતમાં અષાઢ માસના તાજા ચડી આવેલા મેઘાડમ્બરના જળથી ભરપુર વાદળો જેવું શ્યામ છે. સરોવરમાં પૂર્ણ રીતે તંદુરસ્ત અને વિકસિત કમળના જેવી મુખાકૃતિ છે. બધાજ અંગો સમાન રીતે શોભા યુક્ત છે. અર્થાત મુખાકૃતિમાં આંખો નાક કાન અધરોષ્ટ અને લલાટ એવા શોભે છે જાણે જોનારાઓ દર્શન કરનારાઓની આંખો જોયા કરે છે. એક ક્ષણ પણ દર્શન કરવાનું છોડતા નથી. તે પરમાત્મા સ્વયં પોતે જ એક જ અનંત કોટી બ્રહ્માડોના સ્વામી નાથ નાયક અને કર્તાહર્તા છે. એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિકૃષ્ણના સ્વરૂપને હું મારા હૃદયમાં સદા સ્મરણ કરૂ છું ધારણ કરીને રાખું છું. (૧)

**કલિતલલિતનીલનુત્નવાસઃ કટિતટમંસતટે પટંદધાનમ્ ॥**
**વસિતવિશદસુન્દરાંબરં ચ હૃદિ હરિકૃષ્ણમહં સદા સ્મરામિ ॥૨॥**

ભગવાન શ્રીહરિકૃષ્ણએ પોતાના ભક્તોને સુખ આપવા માટે પોતાના અંગ ઉપર સુંદર કલા કારીગરીથી બનાવેલ અનેક પ્રકારની ભાતભાતની આકૃતિઓ વાળા શ્યામ (મેઘ જેવા વાદળી) રંગના જરિયાની વસ્ત્રો ધારણ કરેલા છે. રણભૂમિમાં જનારા શૂરવીરો જેમ પોતાની રક્ષા માટે કસીને ભેટ બાંધે છે તેમ શ્રીહરિએ સુંદર વસ્ત્રની મજબુત ભેટ બાંધી છે. ખૂબ સુંદર લાંબા વિશાળ મોટા પનાનું પીતાંબર ધોતી ધારણ કરેલ છે. એવા મારા

ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિકૃષ્ણના સ્વરૂપને હું મારા હ્રદયમાં સદા સ્મરણ કરૂ છું ધારણ કરીને રાખું છું. (૨)

**કુસુમરચિતશેખરાલિરમ્યં શિરસિ સુરક્તશિરઃ પટં દધાનમ્ ॥**
**વિવિધકુસુમહારિકમ્બુકણ્ઠં હૃદિ હરિકૃષ્ણમહં સદા સ્મરામિ ॥૩॥**

મારા પ્રભુએ સુગંધીદાર રંગબેરંગી પુષ્પોથી ગૂંથેલા પરોવેલાં લાંબા તોરા મસ્તક ઉપર ધારણ કરેલી ચમકતા લાલ રંગની પાઘમાં ખોસી રાખ્યા છે ધારણ કરી રાખ્યા છે. સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલા શંખના જેવાં આકૃતિવાળા કંઠ ડોક ઉપર અનેક પ્રકારના સુગંધ યુક્ત રંગબેરંગી પુષ્પોના ફુલોના હારો ધારણ કરેલાં છે. એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિકૃષ્ણના સ્વરૂપને હું મારા હ્રદયમાં સદા સ્મરણ કરું છું. (૩)

**ભગણમુનિગણૈર્વુત્તંયથેન્દુ સદયદ્દશાસ્વજનાન્વિલોકયન્તમ્ ॥**
**મધુરવચનમોદિતસ્વભક્તં હૃદિ હરિકૃષ્ણમહં સદા સ્મરામિ ॥૪॥**

આકાશમાં જેમ અસંખ્ય ચમકતા તેજસ્વી તારલાઓથી વિંટળાયેલો ચન્દ્ર જેમ સૌનું પોષણ કરે છે અને શિતળતા આપે છે તેમ શ્રીહરિની ચારે બાજુ મહાન તપસ્વી પરમહંસો વિંટળાઈને બેઠા છે. અને સર્વત્ર પોતાના ભક્તોને સહાય કરૂણામય દ્રષ્ટિથી જોવા માત્રથી તેમને સુખ આપે છે. ત્યારે મધુર અમૃત જેવા વચનામૃતોનો ઉપદેશ આપીને પરમહંસોને અને સર્વ ભક્તોને અતિ આનંદ ઉપજાવે છે. એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિકૃષ્ણના સ્વરૂપને હું મારા હ્રદયમાં સદા સ્મરણ કરૂ છું. ધારણ કરીને રાખું છું. (૪)

**રુચિરકરપુટે વિચાલયન્તં નવતુલસીન્ધનસંભવા સુમાલામ્ ॥**
**મુનિવિહિતસબીજસાંખ્યયોગં હૃદિ હરિકૃષ્ણમહં સદા સ્મરામિ ॥૫॥**

પ્રભુ શ્રીહરિ જગતના જીવ માત્રને અભયદાન આપનારા પોતાના અતિ પ્રિયકર રૂચિકરનારા હસ્ત કમળની મુઠ્ઠી જે દર્શન કરનારાની રૂચિને અનુરૂપ જેમના કરકમળનો સુંદર આકાર છે, એવા પોતાના જમણા હસ્તકમળની વચલી આંગળી ઉપર રાખીને નવા તાજી તુલસીના લાકડામાંથી બનાવેલ ૧૦૮ મણકા વાળી માળાને ફેરવે છે. અને સામે બેઠેલાં પોતાના ભક્તોને

સબીજ સાંખ્ય શાસ્ત્રનું રહસ્ય અને સબીજ યોગશાસ્ત્રનું રહસ્ય અને તેને સમજવાની રીત શિખવે છે. એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિકૃષ્ણના સ્વરૂપને હું મારા હૃદયમાં સદા સ્મરણ કરૂ છું ધારણ કરીને રાખું છું. (૫)

**હસિતવદનચન્દ્રચન્દ્રિકાભિર્હતનિજભક્તહૃદન્ધકારતાપમ્ ॥**
**પ્રકટીતજગતીસધર્મભક્તિં હૃદિ હરિકૃષ્ણમહં સદા સ્મરામિ ॥૬॥**

આકાશમાં શિતળ શાન્ત ચન્દ્રનો ઉદય થાય અને પોયણાઓ ખીલી ઉઠે છે તેમ મંદ મંદ હાસ્ય યુક્ત શ્રીહરિના મુખચન્દ્રના દર્શન કરવાથી પોતાના ભક્તોના હૃદયમાંથી અજ્ઞાન રૂપી અંધકારનો તત્કાળ જ નાશ થાય છે. અર્થાત હૃદયમાં રહેલાં અહં મમત્વ રૂપી અજ્ઞાનના અંધકારને દૂર કરે છે. જગતમાં મનુષ્ય દેહ ધારણ કરીને સ્વયં પોતે ધર્મભક્તિના આંગણે પ્રકટ થયા છે. તે પણ વિશ્વમાં સદ્ ધર્મે યુક્ત પરાભક્તિની પ્રવૃત્તિ કરવા માટે જ છે. અર્થાત મોક્ષની ઈચ્છાવાળા મુમુક્ષુઓએ ધર્મે યુક્ત ભક્તિ કરીને પરમાત્માને પ્રાપ્ત કરવાનો ઉપદેશ આપે છે. એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિકૃષ્ણના સ્વરૂપને હું મારા હૃદયમાં સદા સ્મરણ કરૂ છું ધારણ કરીને રાખું છું. (૬)

**ધૃતિદમશમશીલસત્યશૌચ સ્મૃતિબલકીર્તિતપઃ પ્રગલ્ભતાદ્યૈઃ ॥**
**અપરિમિતગુણૈર્યુતં ચ નિત્ય હૃદિ હરિકૃષ્ણમહં સદા સ્મરામિ ॥૭॥**

જે શ્રીહરિના સ્વરૂપનો આશ્રય કરીને સદા ધૈર્ય ધીરજતા રૂપ ગુણ, દમ ઈન્દ્રિય નિગ્રહ શમ કલ્યાણ કારી ગુણ રૂપ શાન્તિ, શીલ વર્ણાશ્રમની મર્યાદા પૂર્વકનું ચારિત્ર્ય રૂપ ગુણ, સત્ય સર્વદા સત્યનું સદાચારનું આચરણ, શૌચ બાહ્ય અને આન્તરિક શુદ્ધિ પવિત્રતા, સ્મૃતિએ આપેલાં અને કહેલાં વચનોનું સ્મરણ, બળ, જગતની ઉત્પતિ સ્થિતિ કરવા રૂપ સામર્થ્ય, કીર્તિ સદા એક સરખા પણે રહેવા પણાની પ્રસિદ્ધિ, પ્રગલ્ભતા કોઈ પણ વિષય વસ્તુનું યથાર્થ વાસ્તવિક જ્ઞાન હોવા છતાં તેનું માન નહી, આના જેવા અનેક જેનો કોઈ પાર નથી એવા કલ્યાણ કરી ગુણો જેમના સ્વરૂપમાં અંખડ નિવાસ કરીને રહેલાં છે. એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિકૃષ્ણના સ્વરૂપને હું મારા હૃદયમાં સદા સ્મરણ કરૂ છું ધારણ કરીને રાખું છું. (૭)

**પરનિજમહસા જનાન્સમાધૌ પ્રકૃતિપરાક્ષરનૈજ ધામનિષ્ઠામ્ ॥**
**જગતિ નિજ તનું ચ દર્શયન્તં હૃદિ હરિકૃષ્ણમહં સદા સ્મરામિ ॥૮॥**

ભગવાન શ્રીહરિ પોતાના આશ્રયે આવેલ ભક્તોને સમાધિમાં પોતાના પરાત્પર દિવ્ય અવિનાશી અક્ષરધામના દર્શન કરાવીને તે અલૌકિક પોતાના ઐશ્વર્યથી તે ધામમાં પોતાના ભક્તોને પ્રત્યક્ષ પ્રમાણ તેડી જાય છે. તે કૃપા કરીને પોતાનું પરાત્પર વિશ્વસ્વરૂપ જગતના લોકોને પ્રત્યક્ષ દેખાડે છે. એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિકૃષ્ણના સ્વરૂપને હું મારા હૃદયમાં સદા સ્મરણ કરૂ છું ધારણ કરીને રાખું છું. (૮)

## સમગ્ર કષ્ટોને દૂર કરનારા શ્રીહરિ

॥ संकटहर दशावतार स्तोत्र ॥

सत्संगिजीवन प्रकरण-२ अध्याय-२६ नुं

मात्स्यं रूपमलौकिकं भुवि दधत्कल्पान्तकाले नृपं ।
सार्कं भूतरणौ महर्षिभिरपात्सत्यव्रतं तोयगः ॥
तस्मै मत्स्यपुराणमाह च हयग्रीवं निहत्यासुरं ।
धात्रेऽदान्निगमांश्चयः स हरतात्कष्टं समग्रं हरिः ॥१॥
पीयूषाय पयोनिधिः स्वमहसा देवासुराणामनाधारं ।
चोन्मथतां तु मन्दरगिरिं मज्जन्तमम्भो निधौ ॥
पृष्ठे कूर्मतनुर्दधार सहसा कारुण्यतो यो जगौ ।
सद्धर्मांश्च मुनिभ्य एष हरतात्कष्टं समग्रं हरिः ॥२॥
यो वाराहतनू रसातलगतां क्षोणीं क्षणादुद्दधौ ।
दैतेयं च जघान संयति हिरण्याक्षं तनुस्थाध्वरः ॥
धर्मानाह भुवेऽभवाय च नृणां यज्ञान्वितत्याखिलान् ।
कल्पादौ प्रतिवासरं स हरतात्कष्टं समग्रं हरिः ॥३॥
दैत्यानामधिपं हिरण्यकशिपुं हत्वा नृसिंहाकृतिः ।
प्रह्लादं च ततोऽभिरक्ष्य परमंभक्तं निजं निर्जरान् ॥
इन्द्रादीन् सुरसद्मसौरव्यमुदितांश्चक्रे य उग्रेक्षणो ।
भक्ताभीष्टफलप्रदः स हरतात्कष्टं समग्रं हरिः ॥४॥

याचित्वा त्रिपदच्छलेन च बलिं त्रैलोक्यमिन्द्राय यः ।

प्रादाद्वामनमूर्तिरस्य च पुनर्दौवारिकत्वं स्वयम् ॥

चक्रेऽथ त्रिदिवस्थितोऽपि च मनोर्वैवस्वतस्यावनं ।

सुत्रामावरजः स मेऽपहरतात्कष्टं समग्रं हरिः ॥५॥

क्षत्रं घोरतरं च कापथगतं त्रिःसप्तकृत्वश्च यो ।

हत्वा सान्वयकार्तवीर्यनृपति प्राणापहृद्भार्गवः ॥

रामः पर्शुकरो धरामरकरप्रत्तासमुद्रक्षितिः ।

सिद्धर्षिस्तुतसद्यशा स हरतात्कष्टं समग्रं हरिः ॥६॥

धर्मात्मा पितुराज्ञया सदयितासौमित्रिराप्तो ।

वनंबद्ध्वा सेतुमपांनिधौ स्वमहसा लङ्केश्वरं सान्वयम् ॥

योषाहारिणमाशु यो निहतवान् धर्मेण सर्वाः प्रजा ।

रामः स्मावति पुत्रवत्स हरतात्कष्टं समग्रं हरिः ॥७॥

कंसादीनसुरान्निहत्य नृपतीन् भारान् भुवो भूरिशो ।

गोभूसाधुधरामरामरवृषान् पाति स्म यः सर्वतः ॥

लोकक्षेमकरस्वरू पचरितो विघ्नोघविद्रावणः ।

श्रीकृष्णः स यदूत्तमोऽपहरतात्कष्टं समग्रं हरिः ॥८॥

श्रीबुद्धोऽसुरबुद्धिमोहचरितः सद्धर्मसंस्थापकः ।

पाषण्डादवितात्मभक्तनिकरः कारुण्यवारांनिधिः ॥

हिंसाहीनमखप्रवर्तन यशा यः शुद्धबुद्धिप्रदः ।

संसारार्णवतारकः स हरतात्कष्टं समग्रं हरिः ॥९॥

आरुह्याश्वममर्त्यदत्तमवनौ निस्त्रिंशपाणिश्चरन्

कल्की पापिनराधिपांश्च बहुशो हत्वाऽवसाने कलेः ॥

धर्मं स्थापयिता विशुद्धमखिलं यः स्वाङ्गसङ्गानिल-

स्पर्शोच्छिन्नकुबुद्धिरेष हरतात्कष्टं समग्रं हरिः ॥१०॥

स्तोत्रस्य श्रवणाद्दशाकृतिधृतः स्यान्नास्य पाठाच्च भी-

स्तोयार्तेर्निरयार्तितोऽसुरगणाद् व्याघ्रादितो दुःस्थलात् ॥

राजभ्यश्च कदध्वतो रिपुगणादज्ञानतोऽथो कले-

र्देहान्ते सुगतिर्नृणां करुणया स्याद्दीनबन्धोर्हरेः ॥११॥

પરમેશ્વરની દયાના એવા ભક્તના હૃદયમાં ઉંડા સંસ્કાર હોય છે કે આપણે ગમે ત્યારે અને પોતાને આવડે તેવી રીતે ભગવાનની પ્રાર્થના કરીશું એટલે જરૂરથી મારા ઈષ્ટદેવ પરંબ્રહ્મ પરમાત્મા શ્રીહરિ મારી સર્વ પ્રકારે રક્ષા કરવા અને દુષ્ટોનો વિનાશ કરવા અવશ્યમેવ આવીને પ્રગટ થશે ને મારા સર્વ કષ્ટોને તત્કાળ જ દૂર કરશે. આવી જે શ્રદ્ધા છે ભક્તના હૃદયમાં તેને અવશ્યમેવ ભગવાન પુરી કરે જ છે. અને તેથી જ જગતમાં સર્વત્ર પ્રસિદ્ધ છે કે ભક્તો કોઈને કોઈ પ્રકારે પોતાને દુઃખ આવી પડે ત્યારે તેની નિવૃત્તિ માટે ભગવાનની પ્રાર્થનોનો જ આશ્રય લે છે. અને ભગવાન સૌ ભક્તોની પ્રાર્થના સાંભળીને તેના દુઃખોને દૂર કરે છે અને તે ભક્તનું રક્ષણ પણ કરે છે, આવા દૃઢ વિશ્વાસથી ખટ્વાંગ રાજાએ એભલ ખાચરને કહીને તે જ પ્રમાણે પોતાના ઈષ્ટદેવના પ્રતાપનું સ્મરણ કરાવવા માટે તેમણે ધારણ કરેલાં દશ અવતારોની સ્તુતિ કરી તે સંસ્કૃત ભાષામાં શતાનંદમુનિ એ દસ શ્લોકવાળા અષ્ટકની રચના કરી છે જે સત્સંગિજીવનના પ્રકરણ-૨, અધ્યાય-૨૬ માં ૯ થી ૧૯ સુધી વર્ણવેલ છે. તેના શબ્દોનો અર્થ વિચારીએ ....

**માત્સ્યં રૂપમલૌકીકમં ભુવિ દધત્કલ્પાન્તકાલે નૃપં,**
**સાકં ભૂતરણૌ મહર્ષિભિરપાત્સત્યવ્રતં તોયગઃ ॥**
**તસ્મૈ મત્સ્યપુરાણમાહ ચ હયગ્રીવં નિગત્યાસુરં,**
**ધાત્રેડદાન્નિગમાંશ્ચયઃ સ હરતાત્કષ્ટં સમગ્રં હરિઃ ॥૧॥**

શાસ્ત્રોમાં પરમેશ્વરના અનંત અવતારોનું વર્ણન કરેલ છે, તે સર્વ અવતારોને ધારણ કરનારા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ છે તેમ સમજાવવા માટે સંત્સંગિજીવન ધર્મશાસ્ત્રમાં માંચા ખાચર જે ખટ્વાંગ રાજાના નામે અત્રે કહેવાયેલ છે તેમના મુખેથી મુખ્ય અને સર્વત્ર પ્રસિદ્ધ દશ અવતારોનું વર્ણન કરે છે તેમાં પ્રથમ અવતાર ધારણ કરીને જે લીલા કરી છે તે કહે છે, - સૃષ્ટિનું સર્જન ભગવાન શ્રી પુરૂષોત્તમનારાયણે કર્યું તેમાં પૂર્વ કલ્પનાં અન્ત સમયે પ્રલયકાળમાં જળ સર્વત્ર ફરી વળ્યા ત્યારે સ્વયં પરમાત્માએ મહા સત્સ્યનું રૂપ ધારણ કરીને સત્યવ્રત નામના રાજા

અને સપ્તઋષિઓને પૃથ્વી રૂપી નૌકામાં બેસાડીને પોતાના દિવ્ય અને અલૌકિક સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન ચૌદ હજારવાળા મત્સ્ય પુરાણ દ્વારા આપીને સૌનું રક્ષણ કર્યું છે, અને ત્યાર પછી હયગ્રીવ નામના અસુરે હરણ કરી લીધેલાં વેદો અને નિગમાગમાદિ સત્શાસ્ત્રો તે અસુરનો વિનાશ કરીને પાછા લાવીને જગતનું સર્જન કરવા માટે બ્રહ્માજીને સોંપ્યા છે, એવા હે મારા ઈષ્ટદેવ પરમાત્મા ભગવાન શ્રીહરિ તમે સમગ્ર કષ્ટોને હરનારા છો તે મારા જીવનમાં આવનારા કષ્ટોને પણ દૂર કરો. (૧)

**પીયુષાય પયોનિધિં સ્વમહસા દેવાસુરાણામનાધાર,**
**ચોન્મથતાં તુ મંદરગિરિં મજ્જતમમ્ભો નિધૌ ॥**
**પૃષ્ઠે કૂર્મતનુર્દધાર સહસા કારૂણ્યતો યો જગૌ,**
**સદ્ધર્માંશ્ચ મુનિભ્ય એષ હરતાત્કષ્ટં સમગ્રં હરિઃ ॥૨॥**

અમૃત મેળવવા માટે દેવતાઓ અને દાનવોએ મળીને પોતાના બાહુબળના પ્રતાપે કરીને જ્યારે સમુદ્ર મંથન કરવા માટે મંદરાચળ પર્વતને રવૈયો બનાવ્યો અને વાસુકી નામના નાગને નેત્રા એટલે કે વલોવવાનું દોરડું બનાવીને સમુદ્રને મથવાનું ચાલુ કર્યું ત્યારે મંદરાગીરી તળીયે બેસવા માંડ્યો ત્યારે દેવતાઓ પરમાત્માના શરણે જઈને પ્રાર્થના કરીને દેવોનું કાર્ય કરવા માટે સ્વય ંપરમેશ્વરે કરૂણા કરીને કૂર્મ એટલે કાચબાનું રૂપ ધારણ કરીને પોતાની પીઠ ઉપર મંદરાચળને ધારણ કરી રાખ્યો અને દેવ દાનવોનો અહંકાર દૂર કરીને તેથી વિશેષ દયા કરીને નારદાદિક ઋષિમુનિઓ માનવો અને દેવદાનવોને પોતાના મૂળસ્વરૂપનું જ્ઞાન કરાવનારૂ સત્તર હજાર શ્લોકોવાળા કૂર્મપુરાણ દ્વારા ભગવદ્ધર્મનો ઉપદેશ આપ્યો છે, એવા હે મારા ઈષ્ટદેવ પરમાત્મા ભગવાન શ્રીહરિ તમે સમગ્ર કષ્ટોને હરનારા છો તે મારા જીવનમાં આવનારા કષ્ટોને પણ દૂર કરો. (૨)

**યો વરાહતનૂં રસાતલગતાં ક્ષોણીં ક્ષણાદુદધૌ,**
**દૈતેયં ચ જઘાન સંયતિ હિરણ્યાક્ષ તનુસ્થાધ્વરઃ ॥**
**ધર્માનાહ ભુવેડભવાય ચ નૃણાં યજ્ઞાન્વિતત્યાખિલાન્,**
**કલ્પાદૌ પ્રતિવાસરં સ હરતાત્કષ્ટં સમગ્રં હરિઃ ॥૩॥**

કશ્યપ પ્રજાપતિના પત્ની દિતિદેવીએ વ્રત કરીને મેળવેલા પુત્ર હિરણ્યાક્ષ નામના દૈત્ય જ્યારે પૃથ્વીને રસાતળમાં લઈ ગયો ત્યારે તે દૈત્યનો વિનાશ કરવા અને પૃથ્વીનો ઉદ્ધાર કરવા વરાહનું રૂપ ધારણ કરીને દૈત્ય હિરણ્યાક્ષનો ક્ષણવારમાં જ વધ કરીને પૃથ્વીને લાવીને જગત સર્જન માટે બ્રહ્માજીને સોંપીને તે સમયે ભૂદેવોને ઉદ્દેશીને પોતાના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરાવનારા વિવિધ પ્રકારના યજ્ઞોનો વિવિધ પ્રકારના વિધિઓનું રહસ્યનો ઉપદેશ આપવા ચોવીસ હજાર શ્લોકવાળા વરાહપુરાણનો ઉપદેશ આપ્યો છે. એવા હે મારા ઈષ્ટદેવ પરમાત્મા ભગવાન શ્રીહરિ તમે સમગ્ર કષ્ટોને હરનારા છો તે મારા જીવનમાં આવનારા કષ્ટોને પણ દૂર કરો. (૩)

**દૈત્યાનામધિપં હિરણ્યકશિપું હત્વા નૃસિંહાકૃતિઃ,**
**પ્રહ્લાદં ચ તતોઽભિરક્ષ્ય પરમંભક્તં નિજં નિર્જરાન્ ॥**
**ઇન્દ્રાદિન્ સુરસદ્મસૌખ્યમુદિતાંશ્ચક્રે ય ઉગ્રેક્ષણો,**
**ભક્તાભિષ્ટફલપ્રદઃ સ હરતાત્કષ્ટં સમગ્રં હરિઃ ॥૪॥**

પોતાના મોટા ભાઈ હિરણ્યાક્ષના વધનો બદલો લેવા તપ કરીને અતિ દુર્લભ વરદાનો મેળવીને બલિષ્ટ થયેલાં દૈત્યોના રાજા હિરણ્યકશિપુનો વધ કરવા અને પોતાના પરમ ભાગવદ્ ભક્ત બાળક પ્રહલાદજીનું રક્ષણ કરવા અને દૈત્યનો વિનાશ કરવા ઉગ્ર અને ભયાનક નૃસિંહરૂપ ધારણ કરીને ભક્ત પ્રહ્લાદજીનું રક્ષણ કર્યું અને ઇંદ્રાદિક દેવતાઓને સ્વર્ગનું રાજ્ય પાછું અપાવ્યું તેથી દેવો અતિશે આનંદમાં આવી ગયા હતાં એવી રીતે પોતાના ભક્તોને હમેંશાં ઇચ્છિત ફળ આપનારા છો, એવા હે મારા ઈષ્ટદેવ પરમાત્મા ભગવાન શ્રીહરિ તમે સમગ્ર કષ્ટોને હરનારા છો તે મારા જીવનમાં આવનારા કષ્ટોને પણ દૂર કરો. (૪)

**યાચિત્વા ત્રિપદચ્છલેન ચ બલિં ત્રૈલોક્યમિન્દ્રાય યઃ,**
**પ્રાદાદ્વામનમૂર્તિરસ્ય ચ પુનર્દૌવારિકત્વં સ્વયમ્ ॥**
**ચક્રેઽથ ત્રિદિવસ્થિતોઽપિ ચ મનોર્વૈવસ્વતસ્યાવનમ્,**
**સુત્રામાવરજઃ સ હરતાત્કષ્ટં સમગ્રં હરિઃ ॥૫॥**

દેવમાતા અદિતિના વ્રતથી પ્રસન્ન થઈને દેવોના નાનાભાઈ વામનરૂપે જન્મ ધારણ કરેલાં પરમાત્માએ ઈન્દ્રને સ્વર્ગલોકનું રાજ્ય પાછું અપાવવા માટે દૈત્યોના રાજા બલી પાસેથી કપટ કરીને ત્રણ પગલાં પૃથ્વીનું દાન માંગ્યું અને પોતાના ત્રણ પગલામાં સમગ્ર ત્રિલોકી લઈને ઈંદ્રને સ્વર્ગનું રાજ્ય પાછું આપ્યું, તે ત્રિલોકીનું દાન આપનારા બલીરાજાની પ્રેમ લક્ષણા ભક્તિને વશ થઈને તેના દ્વારપાળ બનીને પાતાળમાં રહ્યા છે, અને વૈવસ્વત નામના મનુનું રક્ષણ કરનારા છે, એવા હે મારા ઈષ્ટદેવ પરમાત્મા ભગવાન શ્રીહરિ તમે સમગ્ર કષ્ટોને હરનારા છો તે મારા જીવનમાં આવનારા કષ્ટોને પણ દૂર કરો. (૫)

**ક્ષત્રં ઘોરતરં ચ કાપથગતં ત્રિઃસપ્તકૃતવશ્ચ યો,**
**હત્વા સાન્વયકાર્તવીર્યનૃપતિ પ્રાણાપહૃદ્ભાર્ગવઃ ॥**
**રામઃ પર્શુકરો ધરામરકરપ્રત્તાસમુદ્રક્ષિતિઃ,**
**સિદ્ધર્ષિસ્તુતસદ્યશાઃ સ હરતાત્કષ્ટં સમગ્રં હરિઃ ॥૬॥**

પૃથ્વી ઉપરના રાજાઓ ક્ષત્રિઓ જ્યારે અતિબળના ગર્વથી અધર્મનું આચરણ કરવા લાગ્યા ત્યારે ભૃગુકુળના મહર્ષિ જમદગ્નિ ઋષિના પુત્ર રૂપે પ્રગટ થઈને સહસ્રાર્જુન કાર્તવીર્ય નામના રાજાનો પરિવાર સહિત હાથમાં ફરસી ધારણ કરીને નાશ કર્યો છે, તેવી જ રીતે કુમાર્ગે ચાલનારા ક્ષત્રિય રાજાઓને સમગ્ર પૃથ્વી ઉપરથી એકવીસ વખત સંહાર કરીને જગતમાં પર્શુરામ તરીકે પ્રસિદ્ધ થયા તે ક્ષત્રિઓ પાસેથી સમુદ્ર પર્યન્તની રાજ્ય સત્તા પડાવીને તે સત્તા બ્રાહ્મણોને અને ઋષિ મુનિઓને દાનમાં આપી જેથી સિદ્ધો અને મુનિઓએ તેમના યશ કીર્તિનું ગાન કર્યું છે, એવા હે મારા ઈષ્ટદેવ પરમાત્મા ભગવાન શ્રીહરિ તમે સમગ્ર કષ્ટોને હરનારા છો તે મારા જીવનમાં આવનારા કષ્ટોને પણ દૂર કરો. (૬)

**ધર્માત્મા પિતુરાજ્ઞયા સદયિતાસૌમિત્રિરાપ્તોવનં,**
**બદ્ધ્વા સેતુમપા નિધૌ સ્વમહસા લંકેશ્વરં સાન્વયમ્ ॥**
**યોષાહારિણમાશુ યો નિહતવાન્ ધર્મેણ સર્વાઃ પ્રજાઃ,**
**રામઃ સ્માવતિ પુત્રવત્સ હરતાત્કષ્ટં સમગ્રં હરિઃ ॥૭॥**

જેમના હૃદયમાં સદા ધર્મનો નિવાસ છે એવા સ્વયં પરમાત્મા પોતાના પિતા મહારાજ દશરથની આજ્ઞાથી પોતાના પ્રિય પત્ની શ્રીસીતાજી અને સુમિત્રાજીના પુત્ર પોતાના નાનાભાઈ લક્ષ્મણજીની સાથે ચૌદ વર્ષ પર્યન્ત વનમાં નિવાસ કર્યો હતો, અને તે સમયે પોતાના અપાર ઐશ્વર્યથી સમુદ્ર ઉપર મહાસાગર ઉપર સેતુ પુલ બાંધીને પોતાના પત્ની સીતાજીનું અપહરણ કરનારા લંકાપતિ રાવણનો જેમણે સપરિવાર નાશ કર્યો તથા પોતાની પ્રજાનું પુત્રની સમાન પાલન પોષણ કર્યું એવા મર્યાદા પુરૂષોત્તમ શ્રીરામચંદ્રરૂપે અવતાર ધારણ કરીને ધર્મનું સ્થાપન કર્યું છે, એવા હે મારા ઈષ્ટદેવ પરમાત્મા ભગવાન શ્રીહરિ તમે સમગ્ર કષ્ટોને હરનારા છો તે મારા જીવનમાં આવનારા કષ્ટોને પણ દૂર કરો. (૭)

**કંસાદિનસુરાન્નિહત્ય નૃપતિન્ ભારાન્ ભુવો ભૂરિશો,**
**ગોભૂસાધુધરામરામરવૃષાન્પાતિ સ્મ યઃ સર્વતઃ ॥**
**લોકક્ષેમકરસ્વરૂપચરિત્તો વિઘ્નોઘવિદ્રાવણઃ,**
**શ્રીકૃષ્ણઃ સ યદૂત્તમોડપરતાત્કષ્ટં સમગ્રં હરિઃ ॥૮॥**

દ્વાપર યુગના અન્તે યદુકુળમાં વસુદેવજી અને દેવકીજીના પુત્રરૂપે શ્રીકૃષ્ણ નામે પ્રગટ થઈને ભૂમિના પૃથ્વીના ભાર રૂપ એવા કંસ વિગેરે ઘણા રાજાઓનો નાશ કરીને અને ગોપીઓ ગોવાળો ગાયો અને સાધુજનોનું સર્વ રીતે જેમણે રક્ષણ કર્યું છે, અને જેમનું સ્વરૂપ અને ચરિત્ર હમેશાં લોકોનું કલ્યાણ કરનારૂં જ છે, અને જેઓ પોતાના ભક્તોના જીવનમાં આવનારા મોટા મોટા વિઘ્નોનો નાશ કરવામાં સમર્થ છે, એવા હે મારા ઈષ્ટદેવ પરમાત્મા ભગવાન શ્રીહરિ તમે સમગ્ર કષ્ટોને હરનારા છો તે મારા જીવનમાં આવનારા કષ્ટોને પણ દૂર કરો. (૮)

**શ્રીબુદ્ધોડસુરબુદ્ધિમોહચરિતઃ સદ્ધર્મસંસ્થાપકઃ,**
**પાષણ્ડાદવિતાત્મભક્તનિકરઃ કારૂણ્યવારાંનિધિઃ ॥**
**હિંસાહિનમખપ્રવર્તન યશાઃ યઃ સુદ્ધબુદ્ધિપ્રદઃ,**
**સંસારાર્ણવતારકઃ સ હરતાત્કષ્ટં સમગ્રં હરિઃ ॥૯॥**

યજ્ઞો અને તપના પ્રભાવથી બળવાન બનેલાં આસુરી બુદ્ધિવાળા અસુરોને ભ્રમિત કરવા મોહ પમાડે તેવા જેમણે ચરિત્રો કરીને જેમણે સદ્ધર્મની રક્ષા અને સારી રીતે સ્થાપના કરી છે, અને પોતાના ભક્તોનું પાખણ્ડ ધર્મથી રક્ષણ કર્યું છે, જગતમાં તેમના જેવી કરૂણા ક્યાંય નથી એવા કરૂણાના સાગર છે, તેથીજ અહિંસામય યજ્ઞોનું પ્રવર્તન કરીને યશ અને કીર્તિ મેળવેલ છે, જે જીવમાત્રને શુદ્ધ બુદ્ધિ આપે છે, મુમુક્ષુને સંસારરૂપી સાગરમાંથી તારનારા બુદ્ધનામે અવતાર ધારણ કરનારા છે, એવા હે મારા ઈષ્ટદેવ પરમાત્મા ભગવાન શ્રીહરિ તમે સમગ્ર કષ્ટોને હરનારા છો તે મારા જીવનમાં આવનારા કષ્ટોને પણ દૂર કરો. (૯)

**આરૂહ્યાશ્વમમર્ત્યદત્તમવનૌ નિસ્ત્રિંશપાણિશ્ચરન્,**
**કલ્કિ પાપિનરાધિપાંશ્ચ બહુશો હત્વાડવસાને કલેઃ।**
**ધર્મં સ્થાપયિત્વાવિશુદ્ધમખિલં યઃ સ્વાંગસંગાનિલ-**
**સ્પર્શોચ્છિન્નકુબુદ્ધિરેષ સહરતાત્કષ્ટં સમગ્રં હરિઃ॥૧૦**

પૃથ્વી ઉપર જ્યારે અતિ કળિયુગના પ્રભાવથી પાપાચાર વધશે ત્યારે કળિયુગના અન્ત ભાગમાં કલ્કી નામ ધારણ કરીને સ્વયં પરમેશ્વર ભગવાન શ્રીહરિ પ્રગટ થશે અને હાથમાં તલવાર ધારણ કરીને દેવોએ આપેલાં અશ્વ ઉપર વિરાજમાન થઈને, વિચરણ કરશે અને પાપના મૂળ એવા અનેક રાજ્ય કરનારાઓનો નાશ કરશે, ત્યારે પૃથ્વી ઉપર ફરીથી શુદ્ધ ભાગવત્સદ્ધર્મની સ્થાપના કરશે, ત્યારે પોતાના દિવ્ય માનવ શરીરના દિવ્ય અંગોના સ્પર્શથી પવિત્ર થયેલા પવનનો પણ જેને સ્પર્શ થશે તેની કુબુદ્ધિ નાશ પામી જશે અને અજ્ઞાન દૂર કરશે, એવા હે મારા ઈષ્ટદેવ પરમાત્મા ભગવાન શ્રીહરિ તમે સમગ્ર કષ્ટોને હરનારા છો તે મારા જીવનમાં આવનારા કષ્ટોને પણ દૂર કરો. (૧૦)

**સ્તોત્રસ્ય શ્રવણાદશાકૃતિધૃતઃ સ્યાન્નાસ્ય પાઠાચ્ચ ભી-**
**સ્તોયાર્તેર્નિરયાર્તિતોડસુરગણાદ્વ્યાઘ્રાદિતો દુઃસ્થલાત્।**
**રાજભ્યશ્ચ કદધ્વતો રિપુગણાદજ્ઞાનતોડથો કલેઃ,**
**દેહાન્તે સુગતિનૃણાં કરૂણયા સ્યાદ્દીનબંધોર્હરેઃ ॥૧૧॥**

શતાનંદ મુનિ માંચાખાચરના મુખે કહેવડાવે છે કે દશ અવતાર ધારણ કરનારા શ્રીહરિના આ સ્તોત્રનો જે પાઠ કરશે કે શ્રવણ કરશે તેની જળ સંબંધી પીડા અર્થાત અતિ વૃષ્ટિનું દુઃખ, નરકની પીડા દુઃખો, આસુરી વૃત્તિવાળા અસુરોથી થતું દુઃખ, સિંહ, વાઘ વિગેરે હિંસક પ્રાણીઓથી થનાર દુઃખ કે પીડા, દુર્ગમ સ્થળ અને દુષ્ટરાજ કર્તાઓથી થનાર પીડા દુઃખ, કુમાર્ગ ગમન શત્રુઓથી થતી પીડા દુઃખ, અજ્ઞાનથી અને કળિયુગના ભયથી થતું દુઃખ પીડાથી રક્ષણ કરીને અન્તે શ્રીહરિભગવાન શ્રીસ્વામિનારાયણની કૃપાથી આત્યન્તિક મહામોક્ષની પ્રાપ્તિ થશે. (૧૧)

## ભક્તિતનયનું શરણું મળ્યું છે

॥ प्रार्थना स्तोत्र – वसंततिलका वृत्तम् अखंडानन्द वर्णी कृत् ॥

हे नीलकंठ शरणागतजीवपालं संसारसिंधु पतितोद्धरणैककृत्यम् ॥
स्वानां सुखं वितरितुं धृतनैकरुपं प्राप्तोऽस्मि भक्तितनयं शरणं हरिं त्वाम् ॥१॥
स्वामिन् सदाऽतिकरुणार्द्रविलोचनाब्जं स्वातिप्रियोद्धवमताब्जविकासनार्कम् ॥
पाखंडखंडनपटुं स्वजनार्द्रचितं प्राप्तोऽस्मि भक्तितनयंशरणंहरिं त्वाम् ॥२॥
मुक्तिप्रदं भवभयार्तजनस्य बंधुम् धर्माढ्यभक्तिपथपोषणतत्परं च । ।
भक्तप्रियं सुरनराधिपवंद्यपादम् प्राप्तोऽस्मि भक्तितनयंशरणंहरिं त्वाम् ॥३॥
नारायणं धृतमनोहरवर्णिवेषम् धर्मं च नैष्ठिकमिह प्रथयंतमाद्यम् ॥
तापत्रयाभिभवकारिगुणानुवादं प्राप्तोऽस्मि भक्तितनयंशरणंहरिं त्वाम् ॥४॥
शर्मप्रदातुमवनौ स्वसत्तामदभ्रमं हंतुं च तत्प्रतीपदुष्टजनान्सदीशम् ॥
भक्तौ वृषाद्धृतशुभांगमजं रमेशं प्राप्तोऽस्मि भक्तितनयंशरणंहरिं त्वाम् ॥५॥
यस्येक्षणं स्मरणकीर्तनवंदनानि प्रीत्यार्हणं श्रवणमाशु हरंति पापम् ॥
मोक्षं दिशन्तिभवपाशनिबंधनातम् प्राप्तोऽस्मि भक्तितनयंशरणंहरिं त्वाम् ॥६॥
यस्याश्रयादवरजंतुरपि स्वपापं हित्वाप्य देववरणीयमथ स्वरुपम् ॥
एत्यक्षरे निवसनं तमतीत्य विघ्नान् प्राप्तोऽस्मि भक्तितनयंशरणंहरिं त्वाम् ॥७॥
दीनानुकंपितमरं शरणागताघस्तोमम् गुणज्ञ न गणय्यगुणम् तदीयम् ॥
अप्यल्पमीश सुभगं बहु मन्यमानम् प्राप्तोऽस्मि भक्तितनयंशरणंहरिं त्वाम् ॥८॥

संसारसिंधुपतितस्य निजाधतः स्वप्रारब्धकर्म परिभुक्तवतोऽल्प बुद्धैः ॥
वीक्ष्य स्वयं स्वबिरुदं कुरु मे भवाब्धेरुध्धारमार्तिहरणं प्रणामाम्यहं त्वाम् ॥९॥

અખંડાનંદ વર્ણી આ સ્તોત્રમાં પોતાના ઈષ્ટદેવ પરબ્રહ્મ પરમાત્મા સર્વાવતારી ભગવાનશ્રીસ્વામિનારાયણની ભાવવિભોર થઈને પ્રાર્થના કરે છે. સંપ્રદાયમાં પ્રચલિત મહાપૂજાનો વિધિ વર્ણિરાજ અખડાનંદજીએ પોતાના ગ્રન્થ હરિચરિત્ર નામના સંસ્કૃત ભાષામાં રચેલ છે તેમાં વર્ણવેલ છે. જેની પ્રસિદ્ધિ અને પ્રચાર અ.સ.શ્રી ગોપાળાનંદ સ્વામીની આજ્ઞાથી વિશેષ થયેલ છે. તે શ્રીહરિને અતિ પ્રિય છે કારણ કે આ મહાપૂજાનો વિધિ શ્રીમદ્ભાગવત અને શ્રીવાસુદેવ માહાત્મ્યમાં પણ વર્ણન કરીને તે એકાન્તિક ભક્તોને હમેશાં કરવાની આજ્ઞા પણ કરેલ છે. તેથી આ ઉદ્ધવસંપ્રદાયની રીતિ પ્રમાણેની વિધિની રચના કરેલ છે. તે મહાપૂજાના અને શ્રીહરિની પ્રાર્થના આવી રીતે કરવા માટે આ સ્તોત્ર અષ્ટકની રચના પણ કરવામાં આવેલ છે. તેનો ભાવ એ છે કે કેવા મોટા ભગવાન આપણને મળ્યા છે તેના શબ્દોના અર્થને સમજવાનો પ્રયત્ન કરીએ

**હે નીલકંઠ શરણાગતજીવપાલ સંસારસિંધુ પતિતોદ્ધરણૈકકૃત્યમ્ ॥**
**સ્વાનાં સુખ વિતરિંતુ ધૃતનૈકરૂપં પ્રાપ્તોડસ્મિ ભક્તિતનયં શરણં હરિં ત્વામ્ ॥૧॥**

હે નીલકંઠ નામધારી પરમાત્મા આપનો સ્વાભાવિક સ્વભાવ છે કે આપના શરણે આવેલા કોઈ પણ જીવને તે પાત્ર છે કે કુપાત્ર તેનો વિચાર કર્યા વિના જ જીવમાત્રનું રક્ષણ કરો છો. સંસારસાગરમાં ડુબકા ખાતા અર્થાત માયિક દુઃખ અને કષ્ટોને ભગવતા જીવોનો ઉદ્ધાર કરવો તેને તેમાંથી તારવા એ જ એક જેમનો આ પૃથ્વી ઉપર અવતરણનો હેતુ છે. અવતાર ધારણ કરવાનું કારણ છે. જગતની ઉત્પતિ સ્થિતિને પ્રલય રૂપ ક્રિયા પણ ભગવાન જ જીવોના હિત માટે જ કરે છે. અને પછી તે પોતે સૃજેલાં જગતમાં પોતે જ અનેક રૂપ ધારણ કરે છે વારે વારે અવતાર ધારણ કરે છે જ્યાં જેવા રૂપની જરૂર જણાય ત્યાં તેવા રૂપે અવતાર ધારણ કરીને જીવોને ઉગારે છે. એવા દયાળુ જગત જનની જગતમાતા ભક્તિદેવીના પુત્ર રૂપે આ કળિકાળમાં

પ્રગટ થયેલાં સ્વયં પરંબ્રહ્મ પરમાત્મા શ્રીહરિનું શરણું પ્રાપ્ત થયું છે અને શરણાગત બનાવ્યો છે. (૧)

**સ્વામિન્ સદાઽતિકરૂણાર્દ્રવિલોચનાબ્જં સ્વાતિપ્રિયોદ્ધવમતાબ્જવિકાસનાર્કમ્ ॥**
**પાખણ્ડખણ્ડનપટુંસ્વજનાર્દ્રચિતંપ્રાપ્તોઽસ્મિભક્તિતનયંશરણંહરિત્વામ્॥૨॥**

હે સ્વામીન સર્વના નિયન્તા સર્વના કર્તાહર્તા સર્વાન્તર્યામી હે પ્રભુ આપ સદા સર્વકાળમાં જીવમાત્ર ઉપર અતિશે કરૂણામય નેત્રોથી દયા કરૂણાને કારણે દ્રવી ગયા છે ભીના થઇ ગયેલ છે અર્થાત આંખોમાંથી આંસુઓ વહે છે એવા નેત્રકમલથી પ્રેમ વાત્સલ્યનો જાણે સાગર છે તેમ જુવો છો. તેથી પોતાના સખા એવા ઉદ્ધવજીએ પોતાની જ આજ્ઞાથી જગતમાં પ્રવર્તાવેલ એકેશ્વર ઉપાસનાનું જ્ઞાન રૂપી મતને સારી રીતે પોષણ કરો છો. તેને વિકસાવો છો. અને જગતમાં ચાલતા દંભ આડંબર રૂપી પાખંડ મતનું ખણ્ડન કરવામાં અતિ ચતુરતાથી કુશળતાથી નિરાકરણ કરો છો. પોતાના એકાન્તિક ભક્તોની સમજણથી જેમનું હૃદય સદા સર્વદા હમેંશા કરૂણાથી ભરેલું જ રહે છે. એવા દયાળુ જગત જનની જગતમાતા ભક્તિદેવીના પુત્ર રૂપે આ કળિકાળમાં પ્રગટ થયેલાં સ્વયં પરંબ્રહ્મ પરમાત્મા શ્રીહરિનું શરણું પ્રાપ્ત થયું છે અને શરણાગત બનાવ્યો છે. (૨)

**મુક્તિપ્રદં ભવભયાર્તજનસ્યબન્ધુમ્ ધર્માઢ્યભક્તિપોષણતત્પરં ચ ॥**
**ભક્તપ્રિયંસુરનરાધિપવંન્દ્યપાદમ્પ્રાપ્તોઽસ્મિભક્તિતનયંશરણંહરિત્વામ્॥૩॥**

હે પરમેશ્વર શ્રીહરિ આપના શરણે આવેલાને આત્યન્તિક મોક્ષની પ્રાપ્તિ થાય છે. અને જન્મ મરણના ભયથી અતિ વ્યાકુળ છે તેવા જીવોના સાચા બંધુ છો. મુમુક્ષુને સત્ય માર્ગ જે ધર્મો સહિત એકાન્તિકિ ભક્તિ કરીને ભગવાન મેળવવાનો સરળ ઉપાય તેનો ઉપદેશ આપો છો. ભક્ત જનોને આપ અતિ પ્રિય છો. અને આપને પણ ભક્તો અતિ પ્રિય છે. જેમના ચરણોને મોટા મોટા દેવતાઓ રાજા મહારાજાઓ સિદ્ધો અને તપસ્વીઓ પણ સેવે છે. એવા દયાળુ જગત જનની જગતમાતા ભક્તિદેવીના પુત્ર રૂપે આ કળિકાળમાં પ્રગટ થયેલાં સ્વયં પરંબ્રહ્મ પરમાત્મા શ્રીહરિનું શરણું પ્રાપ્ત થયું છે અને શરણાગત બનાવ્યો છે. (૩)

**નારાયણં ધૃતમનોહરવર્ણિવેષમ્ ધર્મંચ નૈષ્ઠિકમિહં પ્રથયન્તમાદ્યં ॥**
**તાપત્રયાભિભવકારિગુણાનુવાદં પ્રાપ્તોડસ્મિ ભક્તિતનયં શરણં હરિ ત્વામ્ ॥૪॥**

બદ્રિકાશ્રમમાં તપ કરતા નરનારાયણ ઋષિ તે જ દુર્વાસા ઋષિનો શ્રાપ સ્વીકારીને નારાયણ સાક્ષાત્ અત્યારે મનુષ્ય શરીર ધારણ કરીને વિચરણ કરો છો. જે અતિ મનોહર વર્ણીનો બટુક બ્રહ્મચારીનો વેષ વસ્ત્રો ધારણ કરેલ છે. અતિ કઠણ અને મહાન જે નૈષ્ઠિક બ્રહ્મચારીનો ધર્મ તેનું પાલન કરીને જગતને તે માર્ગે વાળો છો. તમારા ગુણોનું ગાન કરનારાના ત્રણ પ્રકારના તાપ દુઃખો કાયિક વાચિક માનસિક આધ્યાત્મિક આધિદૈવિક આધિભૌતિક નાશ પામે છે. એવા દયાળુ જગત જનની જગતમાતા ભક્તિદેવીના પુત્ર રૂપે આ કળિકાળમાં પ્રગટ થયેલાં સ્વયં પરબ્રહ્મ પરમાત્મા શ્રીહરિનું શરણું પ્રાપ્ત થયું છે અને શરણાગત બનાવ્યો છે. (૪)

**શર્મપ્રદાતુમવનૌ સ્વસત્તામદભ્રમ્ હંતું ચ તત્પ્રતીપદુષ્ટજનાન્સદીશમ્ ॥**
**ભક્તૌ વૃષાદ્ધૃતશુભાંગમજં રમેશં પ્રાપ્તોડસ્મિ ભક્તિતનયં શરણં હરિ ત્વામ્ ॥૫॥**

પોતાના અતિપ્રિય ભક્તોને આત્યન્તિક મોક્ષ અપાવવા માટે સ્વયં સદા અજન્મા હોવા છતાં તેમના જન્મ અને કર્મ સદા દિવ્ય છે તો પણ સત્પુરૂષ એવા ભક્તોને સુખ આપવા માટે અને ધર્મના વિરોધી દુષ્ટોનો વિનાશ કરવા માટે સર્વના ઈશ નિયન્તા સ્વામી લક્ષ્મીપતિ એવા પરમેશ્વર શ્રીહરિ સ્વયં હરિપ્રસાદ વિપ્ર જે ધર્મદેવના નામથી પ્રસિદ્ધ છે તેમના આંગણે માતા ભક્તિદેવીના ઉદરથી જન્મી મનુષ્ય દેહ ધારણ કરેલ છે. એવા દયાળુ જગત જનની જગતમાતા ભક્તિદેવીના પુત્ર રૂપે આ કળિકાળમાં પ્રગટ થયેલાં સ્વયં પરંબ્રહ્મ પરમાત્મા શ્રીહરિનું શરણું પ્રાપ્ત થયું છે અને શરણાગત બનાવ્યો છે. (૫)

**યસ્યેક્ષણં સ્મરણકીર્તનવંદનાનિ પ્રીત્યાર્હણં શ્રવણમાશુ હરંતિ પાપમ્ ॥**
**મોક્ષં દિશન્તિભવપાશનિબંધનાત્તમ્ પ્રાપ્તોડસ્મિ ભક્તિતનયં શરણં હરિ ત્વામ્ ॥૬॥**

હે પ્રભુ આપના પ્રેમ પૂર્વક દર્શન કરે કે સ્મરણ કરે વંદન કરે કે પૂજન કરે છે કે ગુણગાન મહિમા ની કથા સાંભળે છે તેના સર્વ પાપો તત્કાળ

જ નાશ પામી જાય છે. અને ભવબંધનના પાશથી મુક્ત થઈને મોક્ષને મેળવે છે એવા દયાળુ જગત જનની જગતમાતા ભક્તિદેવીના પુત્ર રૂપે આ કળિકાળમાં પ્રગટ થયેલાં સ્વયં પરંબ્રહ્મ પરમાત્મા શ્રીહરિનું શરણું પ્રાપ્ત થયું છે અને શરણાગત બનાવ્યો છે. (૬)

**યસ્યાશ્રયાદવરજન્તુરપિ સ્વપાપં હિત્વાપ્ય દેવવરણીયમથ સ્વરૂપમ્ ॥**
**એત્યક્ષરે નિવસનં તમતીત્ય વિધ્નાન્ પ્રાપ્તોઽસ્મિ ભક્તિતનયં શરણં હરિ ત્વામ્ ॥૭॥**

હે પરમેશ્વર આપનો આશ્રય કરવા માત્રથી પામરમાં પામર જીવ અધમમાં અધમ વ્યક્તિ સાધારણ જીવ પણ મોટા દેવતાઓને પણ જે ન મળી શકે તેવી ઉંચી પદવીને પ્રાપ્ત કરે છે. અને મોક્ષ મેળવવાના માર્ગમાં આવતાં સર્વ પ્રકારના વિધ્નો અંતઃશત્રુઓ અને વિષયવાસનાને જીતીને અવિનાશી એવા અક્ષર ધામમાં જઈને સદા મહાસુખ ભોગવે છે. એવા દયાળુ જગત જનની જગતમાતા ભક્તિદેવીના પુત્ર રૂપે આ કળિકાળમાં પ્રગટ થયેલાં સ્વયં પરંબ્રહ્મ પરમાત્મા શ્રીહરિનું શરણું પ્રાપ્ત થયું છે અને શરણાગત બનાવ્યો છે. (૭)

**દીનાનુકંપિતમરં શરણાગતાઘસ્તોમં ગુણજ્ઞ નગણય્યગુણમ તદીયમ્ ॥**
**અપ્યલ્પમીશં સુભગં બહુ મન્યમાનં પ્રાપ્તોઽસ્મિ ભક્તિતનયં શરણં હરિ ત્વામ્ ॥૮॥**

આપના શરણે કોઈ દીન સાધારણમાં સાધારણ ગરીબ જીવ આવે છે તેના ઉપર અતિ દયા કરીને અનુકંપા કરૂણા કરીને તેના મોટા મોટા પાપોનો સમુદાય હોય તેનો તત્કાળ નાશ કરીને તેનામાં રહેલા કિંચિત માત્ર થોડા જ પણ કંઈક સદ્‌ગુણ હોય તો તેને મોટા માનીને અપનાવી લો છો અને પોતાના એકાંતિક ભક્તોના જેવી સ્થિતિ ગતિ આત્યન્તિક મોક્ષ આપો છો. એવા દયાળુ જગત જનની જગતમાતા ભક્તિદેવીના પુત્ર રૂપે આ કળિકાળમાં પ્રગટ થયેલાં સ્વયં પરંબ્રહ્મ પરમાત્મા શ્રીહરિનું શરણું પ્રાપ્ત થયું છે મને શરણાગત બનાવ્યો છે. (૮)

**સંસારસિન્ધુપતિતસ્ય નિજાધતઃ સ્વપ્રારબ્ધકર્મ પરિભુક્તવતોઽલ્પબુદ્ધેઃ ॥**
**વીક્ષ્ય સ્વયં સ્વબિરૂદં કુરૂ મે ભવાબ્ધેરૂદ્ધરણં માર્તિહરણં પ્રણમામ્યહમ ત્વામ્ ॥૯॥**

હે ભગવાન પોતાના જ કર્મોથી આ સંસાર સાગરમાં જન્મમૃત્યુના ફેરામાં પડેલો જીવ પોતાના જ પાપ કર્મોના કારણે મહાન કષ્ટ અને દુઃખને ભોગવે છે. તે સાધારણ અલ્પ બુદ્ધિવાળા જીવો ને ખબર નથી મોક્ષમાર્ગની તેથી મોક્ષનો ઉપાય પણ કરી શકતા નથી. એવા જીવો ઉપર આપ જ સ્વયં આપના જ આપેલા વચનને યાદ કરીને જે આપે કહેલ છે કે જીવોના કર્મોને જાયા વિના જ તેનો ઉધ્ધાર કરવો એ જે વચન બિરૂદ તેનું સ્વયં પોતેજ સ્વીકાર કરીને પ્રાર્થના કરતાં વર્ણીરાજ કહે છે હે પ્રભુ મારો અને સૌ શરણે આવેલ જીવોનો ભવસાગરથી જન્મ મરણના બંધનથી ઉદ્ધાર કરજો આ પ્રાર્થના કર્યા વિના મારી પાસે બીજો કોઇ ઉપાય નથી તેથી તમારા ચરણોમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ કરૂ છું. તેનો સ્વીકાર કરજો.

## અવતારી ને સદા નમન

॥ वसंततिलकावृतम्, अखंडानन्द वर्णी कृत ॥

हे धर्मपुत्र हरिकृष्ण तपः प्रियाद्य नारायणाखिलगुरो विजितेन्द्रियेश ॥
ज्ञानिन प्रभोऽनिलसुतेष्ट हरे अजन्मन कृष्णं नमामि सततं अवतारिणं त्वाम् ॥१॥
भूमन् बृहद् वृतधरात्मद वासुदेव भक्त्यात्मजास्तिक महाव्रत साधुशिल ॥
स्वामिन् स्वतंत्र घनमैचक नीलकंठ कृष्णं नमामि सततं अवतारिणं त्वाम् ॥२॥
योगीश्वरातिकरुणार्द्र विलोचनाब्ज सिद्धेश्वरोद्धवमताब्जविकाससूर्य ॥
पाखंडखंडनपटौ स्वजनार्द्रचित कृष्णं नमामि सततं अवतारिणं त्वाम् ॥३॥
ब्रह्मन् परात्परविभोऽक्षरवास विष्णो कारुण्यसागर महामुनिवंदितांघ्रे ॥
भक्तप्रियोतम नराधिपवंद्यपाद कृष्णं नमामि सततं अवतारिणं त्वाम् ॥४॥
मुक्तेड्य चाश्रितजनार्तिहरप्रताप धर्माढ्यभक्तिपथपोषक दिव्यमूर्ति ॥
तापत्रयाभिभावार्तजनानुराग कृष्णं नमामि सततं अवतारिणं त्वाम् ॥५॥
लक्ष्मीपते जनपते स्वपते परात्मन् मयापते मुनिपतैऽजपते महात्मन् ॥
गोपीपते सुरपतेऽर्कपतेऽव्ययात्मन् कृष्णं नमामि सततं अवतारिणं त्वाम् ॥६॥
शुद्धप्रगल्भपुरुषोत्तम मोक्षदायिन् दातांतिशांत विशदाशय भक्तलभ्यः ॥
वाग्मिन् क्षमाजलनिधे शुभलक्ष्मपाद कृष्णं नमामि सततं अवतारिणं त्वाम् ॥७॥

सर्वोपकारक नियामक पुण्यकीर्ते निर्दोष निस्पृह वशिन्निजभक्तपूज्य ॥
लोभादिदोषदमनाच्युत कौलहंत कृष्णं नमामि सततं अवतारिणं त्वाम् ॥८॥
यज्ञेड्य यजहृदयामर यज्ञतंतो यज्ञेश यज्ञफलदोतम यज्ञकर्ता ॥
यज्ञेज्य यजविधिशंसन यज्ञमूर्ति कृष्णं नमामि सततं अवतारिणं त्वाम् ॥९॥
सर्वज्ञ दिव्यचरितातिमनोज्ञ सत्य वेदैकवेद्यः पुरुषार्थद दीनबंधो ॥
धर्मेष्ट निर्गुण निरंजन नित्यमुक्त कृष्णं नमामि सततं अवतारिणं त्वाम् ॥१०॥
गोविंद केशव वरेण्य महाधिराज दैत्यांतकाशुभहरिशुद वर्णीवेष ॥
स्वस्तोत्रपाठकजनेप्सितसर्वदायिन् कृष्णं नमामि सततं अवतारिणं त्वाम् ॥११॥

અખંડાનંદવર્ણી એ કરેલ મહાપૂજા વિધિમાં પૂજન પૂર્ણ થયા પછી ભગવાનના અમૃતાભિષેક કરવા માટે ભગવાનશ્રી સ્વામિનારાયણના એકસોને આઠ નામોનું વર્ણન કરતી સ્તુતિ ગાવા માટે આ સ્તોત્રમાં સર્વાવતારી ભગવાનશ્રી સ્વામિનારાયણના ધર્મદેવના પુત્ર સ્વરૂપે પ્રગટ થઇને જે નામો ધારણ કરેલ છે તે નામો જેમાં સૌ પ્રથમ માર્કન્ડેય મહામુનિએ જે ચાર નામો ધારણ કરાવેલ છે. કૃષ્ણ, હરિ, હરિકૃષ્ણ, નિલકંઠ તેમાંથી પ્રથમ નામ કૃષ્ણ પાડ્યું હતું તે પ્રથમ નામથી અહિં સતત નમસ્કાર કરવાનું વર્ણીરાજ સૂચવે છે. જે આ પૃથ્વી ઉપર અનેક અવતાર ધારણ કરનારા છે.

**હે ધર્મપુત્ર હરિકૃષ્ણતપ પ્રિયાદ્ય નારાયણાખિલગુરો વિજિતેન્દ્રિયેશ ॥**
**જ્ઞાનિનપ્રભોઽનિલસુતેષ્ટહરે અજન્મન કૃષ્ણ નમામિ સતત અવતારિણં ત્વામ્ ॥૧॥**

પ્રાર્થના પૂર્વક વિનમ્રતાથી પરમાત્માના દિવ્ય નામોનું ઉચ્ચારણ કરવાનું છે. એટલા માટે સૌ પ્રથમ સંબોધન વાચક વિનય અને નમ્રતાનું સૂચક હે શબ્દનો ઉપયેગ કરેલ છે. હે ધર્મદેવના પુત્ર તમારૂ હરિકૃષ્ણ એવું નામ છે, તમને તપ કરવું બહુજ ગમે છે. સૌના તમે આદિ પુરૂષ છો. નારાયણ છો. જીવમાત્રના ગુરૂ તમારા સિવાય બીજુ કોઇ નથી. તમારે ઈન્દ્રિયોને જીતવાની જરૂર નથી. સર્વના નિયન્તા સ્વામી ઈશ છો. જ્ઞાનશક્તિ ઈચ્છાશક્તિ અને ક્રિયાશક્તિના ધારક છો. જ્ઞાનીઓનું શ્રેય તત્વ છે. પ્રભુ સૌના નિયન્તા છો. અનિલસુત હનુમાનજીના જેવું જેમને યતિ પણું નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત જેમને

ઈષ્ટ છે ગમે છે. ભક્તો યોગીઓને ઋષિમુનિઓના ચિત્તને પોતાના સ્વરૂપમાં હરિ લીઓ છો તે શ્રીહરિ અજન્મા છો છતાં અનંત બ્રહ્માંડોમાં જીવોના કલ્યાણ માટે જે અવતારો ધારણ કરો છો તે સર્વ અવતારોના અવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આ કળિયુગમાં પ્રગટ્યા ત્યારે જેમનું નામ માર્કન્ડેય મહામુનિએ કૃષ્ણ એવું પાડ્યું છે તે સર્વાવતારી પરમેશ્વરને હું સતત સદા નમસ્કાર કરૂ છું. (૧)

**ભૂમન બૃહદ્ વૃતાધરાત્મક વાસુદેવ ભકત્યાત્મજાસ્તિક મહાવ્રત સાધુશીલ ॥**
**સ્વામિન સ્વતન્ત્ર ઘનમેચક નીલકંઠ કૃષ્ણ નમામિ સતતં અવતારિણં ત્વામ ॥૨॥**

ભૂમિ ઉપર અવતાર ધારણ કરેલાં છો. મહામોટું વ્રત બ્રહ્મચર્ય વ્રતને ધારણ કરો છો. સર્વજીવને આત્માનું જ્ઞાન આપનારા અન્તર્યામી છો. સર્વ વ્યાપક અનંતકોટી બ્રહ્માંડોમાં વ્યાપક છો. છતાં પ્રેમવશ માતા ભક્તિના પુત્ર થયા છો. સાકાર પરમેશ્વરની ભક્તિ કરવામાં આસ્તિક શ્રદ્ધાવાન છો. કોઇ દિવસ કોઇનીય પાસે કંઇ માંગવું નહિ તેવું અયાચક મહાવ્રતને ધારણ કરેલાં છો. સરલ સ્વભાવ અને સદાચારને ધારણ કરેલાં છો. સર્વના અધિપતિ સ્વામી છો. સ્વયં પોતાનું આ વિશ્વરૂપી તંત્રના નિયામક છો. પોતાને જ આધિન છો. અને અષાઢ માસના ચઢી આવેલાં મેઘ વાદળોના જેવો જેમના માનવ શરીરનો વર્ણ રંગ ધારણ કરેલો છે. અનંત બ્રહ્માંડોમાં જીવોના કલ્યાણ માટે જે અવતારો ધારણ કરો છો તે સર્વ અવતારોના અવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આ કળિયુગમાં પ્રગટ્યા ત્યારે જેમનું નામ માર્કન્ડેય મહામુનિએ કૃષ્ણ એવું પાડ્યું છે તે સર્વાવતારી પરમેશ્વરને હું સતત સદા નમસ્કાર કરૂ છું. (૨)

**યોગીશ્વરાતિકરૂણાદ્ર વિલોચનાબ્જ સિદ્ધેશ્વરોદ્ધવમતાબ્જવિકાસસૂર્ય ॥**
**પાખણ્ડખણ્ડનપટો સ્વજનાર્દ્રચિત્ત કૃષ્ણ નમામિ સતતં અવતારિણે ત્વામ્ ॥૩॥**

યોગની સાધના કરનારા યોગીઓના નિયન્તા ઈશ્વર છો. જીવો ઉપર અતિ દયા કરૂણામય દૃષ્ટિથી જુઓ છો ત્યારે તમારા નેત્રો જાણે તાજા વિકસિત કમળ જેવા વિશાળ દેખાય છો. અનેક પ્રકારની સાધનાઓથી સિદ્ધિમેળવનારા

સિદ્ધોના પણ નિયન્તા છો. ઉદ્ધવના અવતાર એવા રામાનંદ સ્વામીએ પ્રવર્તાવેલ આ ઉદ્ધવ સંપ્રદાય શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયનો જેમ કમળનો વિકાસ સૂર્ય કરે છે તેમ સંપ્રદાયનો વિકાસ કરવામાં સૂર્ય સમાન છો. પાખંડ ધર્મનું આચરણ કરનારનું ખંડન કરવામાં કુશળ છો. પોતાના ભક્તો માટે અતિ કરૂણાર્દ કોમળ હૃદય વાળા છો. અનંત બ્રહ્માંડોમાં જીવોના કલ્યાણ માટે જે અવતારો ધારણ કરો છો તે સર્વ અવતારોના અવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણ આ કળિયુગમાં પ્રગટ્યા ત્યારે જેમનું નામ માર્કન્ડેય મહામુનિએ કૃષ્ણ એવું પાડ્યું છે તે સર્વાવતારી પરમેશ્વરને હું સતત સદા નમસ્કાર કરૂ છું. (૩)

**બ્રહ્મન્ પરાત્પરવિભોઽક્ષરવાસ વિષ્ણો કારૂણ્યસાગર મહામુનિવન્દિતાંઘ્રે ॥**
**ભક્તપ્રિયોત્તમ નરાધિપવંદ્યપાદ કૃષ્ણં નમામિ સતતં અવતારિણં ત્વામ્ ॥૪॥**

તમો સાક્ષાત બ્રહ્મ છો. પરથી પણ પર છો અર્થાત કોઈથી ન સમજી શકાય તેવા છો. વિભુ સર્વને ધારણ કરનારા છો. પોતાના અક્ષરધામમાં સદા નિવાસ કરીને રહો છો.સર્વવ્યાપક છો. જીવો ઉપર કરૂણા કરવામાં સાગર સમાન છો. મોટા મોટા મુનિઓ જેમના ચરણ કમળોનું સદા વંદન કરે છે. ભક્તોના અતિ પ્રિય છો. અને ભક્તો જેમને અતિ પ્રિય છે. મનુષ્યો રાજાઓ દેવો અને મુનિઓ જેમના ચરણને વંદન કરે છે. અનંત બ્રહ્માંડોમાં જીવોના કલ્યાણ માટે જે અવતારો ધારણ કરો છો તે સર્વ અવતારોના અવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણ આ કળિયુગમાં પ્રગટ્યા ત્યારે જેમનું નામ માર્કન્ડેય મહામુનિએ કૃષ્ણ એવું પાડ્યું છે તે સર્વાવતારી પરમેશ્વરને હું સતત સદા નમસ્કાર કરૂ છું. (૪)

**મુક્તેઽય ચાશ્રિતજનાર્તિહરપ્રતાપ ધર્માઢયભક્તિપથપોષક દિવ્યમૂર્તે ॥**
**તાપત્રયાભિભાવાર્તજનાનુરાગ કૃષ્ણ નમામિ સતત અવતારિણં ત્વામ્ ॥૫॥**

માયાના બંધનથી મુક્ત થયેલાં અક્ષરમુક્તો જેમની સદા સ્તુતિ કરે છે. અને પોતાના આશ્રિત જીવોને સર્વપ્રકારના દુઃખોથી મુક્ત કરો છો - છોડાવો છો. એવો જેનો પ્રતાપ ઐશ્વર્ય છે. ધર્મયુક્ત ભક્તિમાર્ગનું પોષણ કરનારા

છો. સદા સાકાર દિવ્ય મુર્તિ છો. ત્રણ પ્રકારના તાપ દુઃખો કષ્ટોથી પોતાના ભક્તોને છોડાવવા એજ જેમની રૂચી છે ગમતું છે. અનંત બ્રહ્માંડોમાં જીવોના કલ્યાણ માટે જે અવતારો ધારણ કરો છો તે સર્વ અવતારોના અવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણ આ કળિયુગમાં પ્રગટ્યા ત્યારે જેમનું નામ માર્કન્ડેય મહામુનિએ કૃષ્ણ એવું પાડ્યું છે તે સર્વાવતારી પરમેશ્વરને હું સતત સદા નમસ્કાર કરૂ છું. (૫)

**લક્ષ્મીપતે જનપતે સ્વપતે પરાત્મન માયાપતે મુનિ પતેઅજપતે મહાત્મન ॥**
**ગોપીપતે સુરપતેડર્કપતેડવ્યયાત્મન્ કૃષ્ણં નમામિ સતતં અવતારિણં ત્વામ્ ॥૬॥**

શોભા સંપત્તિ ધનદ્રવ્યના જે નિયન્તા પતિ છે. જીવમાત્રના પતિ નિયન્તા છે. પોતે સ્વયં પોતાના નિયન્તા સ્વરાટ છે તેમનું કોઇ નિયન્તા નથી. જે આત્મજ્ઞાનીઓને પણ જાણી શકાતા નથી એવા પર છે. જગત સૃજન રૂપ માયાના પતિ નિયન્તા છે. નિર્દોષ એવા ઋષિમુનિઓના આત્માના પતિ નિયન્તા છે. જગત સૃર્જન કરનારાના પણ પતિ નિયન્તા છે. સૌથી મોટા બ્રહદ આત્મા છે. તેમનાથી કોઈ મોટું નથી. પ્રેમીભક્તો એવા ગોપીઓના પતિ છે નિયન્તા છે. દેવલોકમાં રહેનારા દેવતાઓ અને તેમના નિયન્તા રાજા ઈન્દ્રાદિકના પણ પતિ છે નિયન્તા છે. જગતને પ્રકાશ આપનારા સૂર્યના પતિ છે નિયન્તા છે. સ્વયં પોતે સદા અવ્યય છે. જેનો ક્યારેય કોઇ પણ પ્રકારે ફેરફાર ન થાય તેવા છે. અનંત બ્રહ્માંડોમાં જીવોના કલ્યાણ માટે જે અવતારો ધારણ કરો છો તે સર્વ અવતારોના અવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણ આ કળિયુગમાં પ્રગટ્યા ત્યારે જેમનું નામ માર્કન્ડેય મહામુનિએ કૃષ્ણ એવું પાડ્યું છે તે સર્વાવતારી પરમેશ્વરને હું સતત સદા નમસ્કાર કરૂ છું. (૬)

**શુદ્ધપ્રગલ્ભપુરૂષોત્તમ મોક્ષદાયિન દાંતાતિશાન્ત વિશદાશય ભક્તલભ્યઃ ॥**
**વાગ્મિન ક્ષમાજલનિધે શુભલક્ષ્મપાદ કૃષ્ણં નમામિ સતતં અવતારિણં ત્વામ્ ॥૭॥**

જેઓ સદા શુદ્ધ સત્વમય છે. અતિ તેજસ્વી છે. સર્વપુરૂષોમાં અતિ ઉત્તમ છે. પુરૂષોત્તમ છે. પોતાના આશ્રિત માત્રને પરમ મોક્ષ આપનારા છે. જીવોને

અભયદાન મોક્ષદાન આપનારા છે. અતિ શાન્ત મૂર્તિ છો. મનુષ્ય દેહ ધારણ કરવું એ જીવોના ઉપર દયા કરીને ઉદારતાથી મોક્ષ આપવો એજ વિશાળ હૃદય છે. પોતાની ભક્તિ કરનારાને મેળવી શકાય છે. પોતાની વાણીથી જીવોના અજ્ઞાનને દૂર કરનારા છે. જીવમાત્ર ઉપર ક્ષમા કરવી એજ જેમની સાગર જેવી દૃષ્ટિ છે. અર્થાત ક્ષમાના સાગર છે. જેમના ચરણ જ્યાં પણ પડે છે ત્યાં સર્વત્ર શુભમંગલ જ થાય છે. અનંત બ્રહ્માંડોમાં જીવોના કલ્યાણ માટે જે અવતારો ધારણ કરો છો તે સર્વ અવતારોના અવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણ આ કળિયુગમાં પ્રગટ્યા ત્યારે જેમનું નામ માર્કન્ડેય મહામુનિએ કૃષ્ણ એવું પાડ્યું છે તે સર્વાવતારી પરમેશ્વરને હું સતત સદા નમસ્કાર કરૂ છું. (૭)

**સર્વોપકારક નિયામકઃ પુણ્યકીર્તે નિર્દોષ નિઃસ્પૃહ વશીન્નિજભક્તપૂજ્ય ॥**
**લોભાદિદોષદમનાચ્યુત કૌલહન્ત કૃષ્ણં નમામિ સતતં અવતારિણં ત્વામ્ ॥૮॥**

જ્ઞાની અજ્ઞાની ભક્ત અભક્ત સર્વ ઉપર ઉપકાર કરનારા છે. અનંતકોટી બ્રહ્માંડના અક્ષરબ્રહ્મ સુધી સૌના નિયન્તા છે. પુણ્યકીર્તિ સર્વદોષો અને અવગુણોથી શ્રેષ્ઠ યશ અને કીર્તિ વાળા છે અને કલંક રહિત છે.સ્પૃહા ઈચ્છા કે કામના રહિત છે. તેને પોતાને વશ કરનારા છે. પોતાના એકાંતિક ભક્તોને આદર પૂર્વક પૂજનીય છે. ભક્તોમાં રહેલાં લોભ કામ ક્રોધ આદિ દોષોનું દમન કરનારા છે. અચ્યુત પોતાના અક્ષરધામથી ક્યારેય ચલાયમાન થતાં નથી વિચલિત થતાં નથી. નાસ્તિકો ભૂતભૈરવાદિની ઉપાસના કરનારા જીવહિંસા કરનારા શુષ્કવેદાંતિ ચાર્વાક અને કર્મવાદીના મત સિદ્ધાન્તનું ખંડન કરનારા છે. અનંત બ્રહ્માંડોમાં જીવોના કલ્યાણ માટે જે અવતારો ધારણ કરો છો તે સર્વ અવતારોના અવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આ કળિયુગમાં પ્રગટ્યા ત્યારે જેમનું નામ માર્કન્ડેય મહામુનિએ કૃષ્ણ એવું પાડ્યું છે તે સર્વાવતારી પરમેશ્વરને હું સતત સદા નમસ્કાર કરૂ છું. (૮)

**યજ્ઞેડ્ય યજ્ઞહૃદયામર યજ્ઞ તાંતો યજ્ઞેશ યજ્ઞફલદોત્તામ યજ્ઞકર્તા ॥**
**યજ્ઞેજ્ય યજ્ઞવિધિશંસન યજ્ઞમૂર્તિ કૃષ્ણં નમામિ સતતં અવતારિણં ત્વામ ॥૯॥**

જપ કે હોમાત્મક યજ્ઞોથી પ્રસન્ન થાય છે. યજ્ઞ કરનારાના હૃદયમાં સદા વાસ કરો છો. યજ્ઞ કરવાનું રહસ્ય પણ તમો જ છો. યજ્ઞના અને યજ્ઞકરનારાના પ્રાણ છો. અને તેના ઈશ્વર છો. યજ્ઞોનું ઉત્તમ ફળ પણ તમે જ આપો છો. યજ્ઞો કરનારા અને તેનું કારણ પણ તમે જ છો. યજ્ઞોથી તમારી પ્રાપ્તિ થાય છે. યજ્ઞનો જે વિધિ શાસ્ત્રોમાં કહેલ છે તેની જ પ્રશંસા કરનારા છો તેવી જ આજ્ઞા કરો છો. તે પ્રમાણે રહીને જે યજ્ઞો કરે છે તેને જ મળો છો. યજ્ઞના તો સાક્ષાત્ તમે જ મૂર્તિમાન છો. અનંત બ્રહ્માંડોમાં જીવોના કલ્યાણ માટે જે અવતારો ધારણ કરો છો તે સર્વ અવતારોના અવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આ કળિયુગમાં પ્રગટ્યા ત્યારે જેમનું નામ માર્કન્ડેય મહામુનિએ કૃષ્ણ એવું પાડ્યું છે તે સર્વાવતારી પરમેશ્વરને હું સતત સદા નમસ્કાર કરૂ છું. (૯)

**સર્વજ્ઞ દિવ્યચરિતાતિમનોજ્ઞઃ સત્ય વેદૈકવેદ્યઃ પુરૂષાર્થદ દીનબંધો ॥**
**ધર્મેષ્ટ નિર્ગુણ નિરંજન નિત્યમુક્તઃ કૃષ્ણ નમામિ સતત અવતારિણં ત્વામ્॥૧૦॥**

અનંતકોટી બ્રહ્માંડોના જીવ પ્રાણી માત્રના મન બુદ્ધિ કે શરીરથી થતાં કર્મને જાણો છો. દિવ્ય સ્વરૂપે સદા વિચરણ કરો છો તે તો તમારામાં જેણે મન પરોવેલ છે તેવા ભક્તો જ તમારા સ્વરૂપને ઓળખે છે, જાણે છે. તમે સદા ત્રણેય કાળમાં એક સરખી સ્થિતિમાં રહેનારા છો. સત્ય છો. તમારા સ્વરૂપને વેદાદિક સાત્વિક શાસ્ત્રોથી જ જાણી શકાય છે. મનુષ્યોને ચારેય પ્રકારની સિદ્ધિ તમેજ આપો છો. સત્કર્મ કે પુણ્ય કર્મ કે જ્ઞાન રહિત એવા દીન જનોના પણ તમેજ બંધુ મિત્ર સાચા પથદર્શક છો. વર્ણાશ્રમ અને સદાચારાંદિ ધર્મો તમને પ્રિય છે. તેનું અનુસરણ કરનારા પણ પ્રિય છે. માયિક એવા જે સત્વગુણ તમોગુણ રજોગુણથી રહિત છો. તમારે કોઈ કાર્ય કરવામાં કોઈ પણ પ્રકારના અંજન કે સહાયકની જરૂર નથી. પણ બીજાને સહાયક થાવ છો. સદા સર્વદા અનાદિકાળથી તમે સ્વયં જ સ્વતન્ત્ર નિત્યમુક્ત જ છો. અનંત બ્રહ્માંડોમાં જીવોના કલ્યાણ માટે જે અવતારો ધારણ કરો છો તે સર્વ અવતારોના અવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આ કળિયુગમાં

પ્રગટ્યા ત્યારે જેમનું નામ માર્કન્ડેય મહામુનિએ કૃષ્ણ એવું પાડ્યું છે તે સર્વાવતારી પરમેશ્વરને હું સતત સદા નમસ્કાર કરૂ છું. (૧૦)

**ગોવિન્દ કેશવ વરેણ્ય મહાધિરાજ દૈત્યાંતકાશુભહરિશુદવર્ણી વેષ॥**
**સ્વતોત્રપાઠકજનેપ્સિતસર્વદાયિન કૃષ્ણ નમામિ સતતં અવતારિણં ત્વામ્॥૧૧॥**

ઈન્દ્રિયોને જીતનારા ગોવિન્દ છો. નિંદ્રાને વશકરનારા કેશવ છો. જીવોને પ્રાપ્ત કરવા મેળવવા યોગ્ય છો. ભજવા યોગ્ય છો. અનંતકોટી બ્રહ્માંડોના રાજાધિરાજ છો. જીવહિંસા અને ક્રૂર કર્મ કરનારાના કાળ છો. અમંગળ અને અશુભ કર્મને તત્કાલ દૂર કરનારા છો. વર્ણીના જેવો વેષ ધારણ કરો છો અને તેવા સાત્વિક સાદા સરળ વેશ ધારણ કરીને જે તમારા સ્તોત્ર અષ્ટકો અને નામનો પાઠ કરનારા જપ કરનારાના સર્વ પ્રકારના મનોરથોને મનમાં ઈચ્છિત કાર્યોને તત્કાળ પુરા કરો છો. અનંત બ્રહ્માંડોમાં જીવોના કલ્યાણ માટે જે અવતારો ધારણ કરો છો તે સર્વ અવતારોના અવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આ કળિયુગમાં પ્રગટ્યા ત્યારે જેમનું નામ માર્કન્ડેય મહામુનિએ કૃષ્ણ એવું પાડ્યું છે તે સર્વાવતારી પરમેશ્વરને હું સતત સદા નમસ્કાર કરૂ છું. (૧૧)

# મંદ મંદ હસતાં શ્રીહરિના દર્શન

श्रीहरि प्रार्थनाष्टपदी राग ठुमंरी – अखंडानंद वर्णी विरचित

वदनं दर्शय मंदहसनं भक्तप्रिय ते हरे जनरंजनम् ॥ वदनं.... (ध्रुवपदं)
कुंकुमभालं अधरप्रवालं मदनगर्वोच्चयखंडनम् ॥१॥
तनुसितदंतं वरतरकान्तं मधुरहासश्रीमोहनम् ॥ वदनं...२॥
त्रासितकालं भ्रूकुटिकरालं शशिरविव्योमविवासनम् ॥ वदनं...३॥
सुंदरनासं सौरभवासं नयनचारुतमभूषणम् ॥ वदनं...४॥
मोहितमारं समुदितसारं निगमागमखगनीडम् ॥ वदनं...५॥
कुंडलभासं केसरश्वासं वचनामृतैर्जननंदनम् ॥ वदनं...६॥
चंचलनेत्रं कारुण्यक्षेत्रं विकचिताब्जभातिमोषणम् ॥ वदनं...७॥
पुंड्रितभालं तारितबालं जनहितपीयूषवर्षणम् ॥ वदनं...८॥

ભગવાનશ્રી સ્વામિનારાયણના મંદહાસ્ય યુક્ત મુખાર્વિન્દના દર્શન જેવા અખંડાનંદ વર્ણીને થયા તેવા જ સૌ ભક્તને થાય તેનું સુખ કેવું અલૌકિક હોય છે. તેમાં કેવો આનંદ મળે છે. તે સર્વ વિગતને જણાવવા અને તેવો આનંદ મેળવવાના ઉપાય સ્વરૂપે આ અષ્ટકની રચના કરી છે. જેથી ગાનારા સાંભળનારાને પણ તેવું જ સુખ આનંદ મળે તેવો આશય છે.

**વદનં દર્શય મંદહસન ભક્તપ્રિય તે હરે જનરંજનમ્॥ વદનં... (ધ્રુવપદ)**

**કુંકુમભાલં અધરપ્રવાલં મદનગર્વોચ્ચયખંડનમ્ ॥૧॥**

હે શ્રીહરિ તમને તમારા એકાન્તિક નિષ્કામ ભક્તો પ્રિય અને વહાલાં છે તો હે પરમેશ્વર એવા તમારા જે ભક્તો છે તેમને પણ તમારા સુંદર મંદ મંદ હાસ્ય યુક્ત મુખાર્વિન્દના દર્શનમાં જ આનંદ આવે છે. માટે હે શ્રીહરિ તમારા ભક્તોને આનંદ આપવા માટે તમારા સુંદર ભાલવિશાળમાં કુંકુમનો ચાંદલો અને કેસરનું તિલક શોભી રહ્યું હોય તેવા દર્શન આપો. સુશોભીત પ્રવાલના જેવા અધરોષ્ટ સુંદર શોભતા હોય જેને જોઇને સાક્ષાત્ કામદેવના ગર્વનો મૂળમાંથી નાશ થઇ જાય છે. એવા હે શ્રીહરિ તમારા મંદ હાસ્ય યુક્ત મુખાર્વિન્દના દર્શન કરાવો. (૨)

**તનુસિત દંત વરતરકાન્ત, મધુરહાસશ્રીમોહનમ્ ॥વદનં... ૨॥**

આ લોકમાં માનવ શરીર ધારણ કર્યું છે તે શ્વેતને શાન્ત છે તેવી જ રીતે મુખાર્વિન્દમાં દાંતની પંક્તિ દાડમની કળીની જેમ ક્રમબધ છે અને ચળકતા છે. જેની કાન્તિને જોઇને મન મોહી જાય તેમ છે. તેવી કાન્તિ એ યુક્ત મધુર હાસ્ય કરી રહેલાં છે. જે સાક્ષાત શ્રી લક્ષ્મીજીને જગતની શોભાને પણ મોહ ઉપજાવે છે. એવા હે શ્રીહરિ તમારા મંદ હાસ્ય યુક્ત મુખાર્વિન્દના દર્શન કરાવો. (૨)

**ત્રાસિતકાલ ભ્રૂકુટિકરાલં, શશિરવિવ્યોમવિવાસન ॥વદનં... ૩॥**

કાળ માયા અને યમ જેમના દર્શનથી કાંપતા રહે છે. અર્થાત જેને તમારા દર્શન થાય છે તેનાથી કાળ દૂર ભાગે છે. તમારી દ્રષ્ટિ માત્રથી અનંતકોટી બ્રહ્માંડોની ઉત્પતિ સ્થિતિ અને પ્રલય થાય છે. તમારી આજ્ઞામાં રહીને

આકાશમાં રહેલાં સૂર્ય અને ચન્દ્રનો પ્રકાશ મળે છે જેથી જગતને પ્રકાશ આપીને સુખી કરે છે. એવા હે શ્રીહરિ તમારા મંદ હાસ્ય યુક્ત મુખાર્વિન્દના દર્શન કરાવો. (૩)

**સુંદરનાસં સૌરભવસં, નયનચારૂત્તમભૂષણમ્ ॥વદનં... ૪॥**

જેમના મુખાર્વિન્દમાં તલના પુષ્પ સમાન સુંદર નાસિકા છે. જે મનગમતા સુગન્ધીદાર પુષ્પોને સદા સૂંઘતા રહે છે. જેની સુગન્ધ સર્વત્ર વ્યાપે છે. દર્શન કરનારા ભક્તોના નયનને ગમી જાય તેવા સુંદર સૌમ્ય શિતળ શ્વેત વસ્ત્રો અને આભૂષણો ધારણ કરેલાં છે. એવા હે શ્રીહરિ તમારા મંદ હાસ્ય યુક્ત મુખાર્વિન્દના દર્શન કરાવો. (૪)

**મોહિતમારં સમુદિતસારં, નિગમાગમખગનીડમ ॥વદનં... ૫॥**

જગતના જીવમાત્રને મોહમાયામાં ફસાવનારા કામને પણ મોહ ઉપજાવે છે. એવું જેમનું મુખાર્વિન્દ છે. સર્વસત્શાસ્ત્રોના સાર રૂપ એવું જે તમારા સ્વરૂપનું જ્ઞાન જેને પ્રાપ્ત કરવા વેદાદિક સત્શાસ્ત્રો પુરાણો અને સ્મૃતિઓ ઉંડી ઉંડી જ્ઞાનની ઉડાણો ભરે છે તેમના માટે તમારા મુખાર્વિંદના દર્શન તે તો પક્ષીને જેમ પોતાનો માળો મળે છે તેના જેવું આશ્રય સ્થાન છે. એવા હે શ્રીહરિ તમારા મંદ હાસ્ય યુક્ત મુખાર્વિન્દના દર્શન કરાવો. (૫)

**કુંડલભાસં કેસરશ્વસં, વચનામૃતૈર્જનનંદનમ્ ॥વદનં... ૬॥**

જેમના બેય કાનોમાં તેજસ્વી ચળકતા હિરામોતી જડેલાં સુંદર કુંડળો શોભે છે. અને શ્વાસોશ્વાસ લેય છે ત્યારે કેસરના જેવી શોભતી જીહ્વા દર્શનાર્થીના મનને મોહી લે છે. તમારા મુખકમળમાંથી નિકળેલાં વચનામૃતો સાંભળનારા જનસમુદાયના અને તમારા એકાન્તિક ભક્તોના હૃદયમાં આનંદ ઉપજાવે છે. એવા હે શ્રીહરિ તમારા મંદ હાસ્ય યુક્ત મુખાર્વિન્દના દર્શન કરાવો. (૬)

**ચંચલનેત્ર કારૂણ્યક્ષેત્રં, વિકસિતાબ્જભાતિમોષણમ ॥વદનં... ૭॥**

હે શ્રીહરિ અતિ ચંચળતાથી તમે તમારા ભક્તોને જોતા રહો છો. અને તેમના ઉપર કરૂણાના સાગર એવા તમે સદા દયા વરસાવો છો. દયા કરીને

તમારૂ મુખ પૂર્ણ વિકસિત કમળ જેવું ખીલી ઉઠે છે. એવા હે શ્રીહરિ તમારા મંદ હાસ્ય યુક્ત મુખાર્વિન્દના દર્શન કરાવો. (૭)

**પુંડ્રિતભાલં તારિતબાલં, જનહિતપીયૂષવર્ષણમ્ ॥વદનં... ૮॥**

જેમના વિશાલ ભાલમાં સુંદર ઉર્ધ્વપુંડ્ર તિલક શોભે છે. અથવા જેના કપાળમાં તિલક ચાંદલો હોય તેવા પોતાના ભક્તોજનોને સંસારસાગરથી તારનારા છો. એવા એકાન્તિક ભક્તો ઉપર સદા કરૂણામય અમૃતદષ્ટિ રાખનારા છો. એવા હે શ્રીહરિ તમારા મંદ હાસ્ય યુક્ત મુખાર્વિન્દના દર્શન કરાવો. (૮)

# શ્રી વિઘ્નહર્તા ગણેશની પ્રાર્થના

॥ गणपतिस्तोत्रम् ॥

विघ्नेश विघ्नचयखण्डननाधेयं श्रीशंकरात्मज सुराधिपवन्द्यपाद ॥
दुर्गामहाव्रतफलाखिलमंगलात्मन् विघ्नंममापहरसिद्धिविनायक त्वम् ॥१॥
सत्यद्मरागमणिवर्णशरीरकान्ति श्रीसिद्धिबुद्धिपरिचर्चितकुंकुमश्रीः ॥
दक्षस्तनेवलयितातिमनोज्ञ शुण्डो विघ्नंममापहरसिद्धिविनायक त्वम् ॥२॥
पाशांकुंशाब्जपरशूंश्च दधच्चतुर्भिर्दोर्भिश्चशोणकुसुमस्त्रगुमांग जातः ॥
सिन्दुरशोभितललाटविधुप्रकाशो विघ्नंममापहरसिद्धिविनायक त्वम् ॥३॥
कार्येषुविघ्नचयभितविरंचिमुख्यैः सम्पूजितः सुरवरैरपि मोदकाद्यैः ॥
सर्वेषु च प्रथममेव सुरेषु पूज्यो विघ्नंममापहरसिद्धिविनायक त्वम् ॥४॥
शीघ्रांचनस्खलनचुंचुंरवोर्ध्वकण्ठस्थूलोन्दुरूद्रवणहासितदेवसंघः ॥
शूर्पश्रुतिश्चपृथुवर्तुलतुंगतुन्दो विघ्नंममापहरसिद्धिविनायक त्वम् ॥५॥
यज्ञोपवितपदलम्भितनागराजो मासादिपुण्यदद्दशीकृतऋक्षराजः ॥
भक्ताभयप्रद दयालय विघ्नराजो विघ्नंममापहरसिद्धिविनायक त्वम् ॥६॥
सद्रत्नसारततिराज सत्किरीटः कौसुम्भचारुवसनद्वय उर्जितश्रीः ॥
सर्वत्रमंगलकरस्मरणप्रतापो विघ्नंममापहरसिद्धिविनायक त्वम् ॥७॥
देवान्तकाद्यसुरभीतसुरार्तिहर्ता विज्ञानबोधनवरेण तमोपहर्ता ॥
आनन्दितत्रिभुनेश कुमारबन्धो विघ्नंममापहरसिद्धिविनायक त्वम् ॥८॥

*॥ इति श्रीशतानन्दमुनिविरचितं सत्संगिजीवनस्थं श्रीगणपतिस्तोत्रम् ॥*

શ્રીહરિએ શિક્ષાપત્રીમાં પાંચ દેવોને સદા પૂજ્ય માનવા કહેલ છે તેમાં ગણેશજીનું સ્થાન ત્રીજું છે, અને સર્વદેવોમાં ગણેશજીને સૌ પ્રથમ પૂજ્ય કહેલાં છે, જીવનમાં આવતાં સર્વ વિઘ્નોને દૂર કરવાનું સામર્થ્ય તેમનામાં છે. વિઘ્નોના તેઓ અધિષ્ઠાતા દેવ છે, તેથી સ્વયં પરમાત્મા ભગવાનશ્રીસ્વામિનારાયણને જ્યારે મનુષ્ય દેહ ધરીને પોતાના સ્વરૂપનું જ્ઞાન સમગ્ર જગતને આપવા માટે ઘરનો ત્યાગ કરવો હતો ત્યારે તે ત્યાગ કરવામાં કોઈ વિઘ્નનું આવરણ ન આવે તે માટે સૌ પ્રથમ વિઘ્નહર્તા ગણેશજીનું સ્મરણ માનવ માત્રને અનુસરણ કરવા માટે કરેલ છે તે શતાનંદ મુનિ સત્સંગિજીવન શાસ્ત્રના પ્રકરણ ૧ ના અધ્યાય ૪૨ શ્લેક ૪ થી ૧૧ સુધી વર્ણવેલ છે તે સ્તોત્ર ગણશેજીની પ્રાર્થનાના સંસ્કૃત શબ્દોનો અર્થ વિચારીએ ....

**વિઘ્નેશ વિઘ્નચયખણ્ડનનામધેયં શ્રીશંકરાત્મજ સુરાધિપવન્દ્યપાદ ॥**
**દુર્ગામહાવ્રતફલાખિલમંગલાત્મન્ વિઘ્નંમમાપહરસિદ્ધિવિનાયક ત્વમ્ ॥૧॥**

હે વિઘ્નોના નિયન્તા ઈશ્વર ગણેશજી મનુષ્યના જીવનમાં આવતાં સર્વ વિઘ્નોના સમૂહનો નાશ કરવો તે તો આપના મંગળ કારી નામનો જ પ્રતાપ અને મહિમા છે. તેથી મોટા મોટા દેવો ઈન્દ્ર વગેરે આપના ચરણ કમળમાં સદા વંદન કરે છે, માતા પાર્વતીજીના મહાન તપના ફળ સ્વરૂપે પ્રગટ થઈને સર્વનું મંગળ કરો છો, એવા હે સમગ્ર સિદ્ધિઓના નિયામક મારા જીવનમાં આવનારા સર્વ વિઘ્નોને આપ દૂર કરો. (૧)

**સત્યદ્મરાગમણિવર્ણશરીરકાન્તિ શ્રીસિદ્ધિબુદ્ધિપરિચર્ચિતકુંકુમશ્રીઃ ॥**
**દક્ષસ્તનેવલયિતાતિમનોજ્ઞ શુણ્ડો વિઘ્નંમમાપહરસિદ્ધિવિનાયક ત્વમ્ ॥૨॥**

શ્રેષ્ઠ કમળ એટલે કે બ્રહ્મ કમળના પુષ્પને સુંદર દિવ્ય મણી અર્થાત સ્વચ્છ કિંમતી મોટો હિરો હોય અને તેની બાજુમાં મુકીએ અને તે જેવો શોભે તેવો તમારા શરીરનો રંગ છે. અને તેના ઉપર તમારી બેઉ સુંદર રૂપવાન ગુણીયલ સિદ્ધિ બુદ્ધિ નામની પત્નીઓએ ચારે બાજુથી કુંકુંમનો લેપ કરેલ છે, જેથી તેની શોભા અવર્ણનીય બની છે, તે શોભામાં આપની સુંદર અને લાંબી સૂંઢ તમારા જમણા સ્તન ઉપર વિંટળાયેલ છે જે દર્શન કરનારાના મનને

આનન્દ્રિત કરે છે. એવા હે સમગ્ર સિદ્ધિઓના નિયામક મારા જીવનમાં આવનારા સર્વ વિઘ્નોને આપ દૂર કરો. (૨)

**પાશાંકુશાબ્જપરશૂંશ્ચ દધચ્ચતુર્ભિર્દોર્ભિશ્ચશોણકુસુસ્રગુમાંગ જાતઃ ॥**
**સિન્દુરશોભિતલલાટવિધુપ્રકાશો વિઘ્નંમમાપહરસિદ્ધિવિનાયક ત્વમ્ ॥૩॥**

પોતાના ભક્તોની રક્ષા કરવા અને દુષ્ટોને દંડ દેવા માટે ચારેય હાથમાં પાશ અંકુશ કમળ અને પર્શુને ધારણ કરી રાખેલ છે, તમને અતિ પ્રિય એવા લાલ પુષ્પની માળા હાર કંઠ માં ધારણ કરેલ છે. જે તમો માતા પાર્વતીજીના અંગથી પ્રગટ થઈને આભૂષણ રૂપે ચન્દ્રને અને સિંદૂરને તમારા લલાટ ઉપર ધારણ કરી રાખેલ છે, એવા હે સમગ્ર સિદ્ધિઓના નિયામક મારા જીવનમાં આવનારા સર્વ વિઘ્નોને આપ દૂર કરો. (૩)

**કાર્યેષુવિઘ્નચયભિતવિરંચિમુખ્યૈઃ સમ્પૂજિતઃ સુરવરૈરપિ મોદકાદ્યૈઃ ॥**
**સર્વેષુ ચ પ્રથમમેવ સુરેષુ પૂજ્યો વિઘ્નંમમાપહરસિદ્ધિવિનાયક ત્વમ્ ॥૪॥**

પોતાના કાર્યોમાં આવનારા વિઘ્નોથી ભય પામીને બ્રહ્માદિક દેવોએ સારી રીતે તમને પ્રિય એવા લાડુઓથી પૂજા કરેલ છે, અને આપ તો સર્વ દેવોમાં પ્રથમ પૂજ્ય છો, એવા હે સમગ્ર સિદ્ધિઓના નિયામક મારા જીવનમાં આવનારા સર્વ વિઘ્નોને આપ દૂર કરો. (૪)

**શીઘ્રાંચલનસ્ખલનચુંચુંરવાોર્ધ્વકાણ્ઠસ્થૂલોન્દુરૂદ્રવણહાસિતદેવસંઘઃ ॥**
**શૂર્પશ્રુતિશ્ચપૃથુવર્તુલતુંગતુન્દો વિઘ્નંમમાપહરસિદ્ધિવિનાયક ત્વમ્ ॥૫॥**

ભક્તોના વિઘ્નો દૂર કરવા માટે ઉતાળથી વેગથી ચાલવાની ટેવથી પોતાના વાહન એવા મુશકરાજ ઉંદરજીને પડી જવાથી ચૂં ચૂં એવા અવાજ કરતાં વાહનને ફરીથી દોડવાની પ્રેરણા આપો છો, તેથી દેવતાનો સમૂહ ખૂબ જ આનંદ પામે છે, કારણ કે તમારા મોટા સૂપડા જેવા કાન અને મોટું સુંદર વિશાળ પેટ ને જોઈને સૌને હસવું આવે છે એવા હે સમગ્ર સિદ્ધિઓના નિયામક મારા જીવનમાં આવનારા સર્વ વિઘ્નોને આપ દૂર કરો. (૫)

**યજ્ઞોપવિતપદલમ્ભિતનાગરાજો માસાદિપુણ્યદદશીકૃતૠક્ષરાજઃ ॥**
**ભક્તાભયપ્રદ દયાલય વિઘ્નરાજો વિઘ્નંમમાપહરસિદ્ધિવિનાયક ત્વમ્ ॥૬॥**

પવિત્ર યજ્ઞોપવિતની જગ્યાએ સાક્ષાત્ નાગ તમે ધારણ કરેલ છે અને ભાદવા સુદ ૪ ચતુર્થી તિથિ જે પ્રથમ કહેવાય છે તે દિવસે જે ચન્દ્રના દર્શન કરે છે તેનું તમો મંગળ કરો છે, તેને નિર્ભય કરી દો છો, દયાના સાગર છો. સર્વ વિઘ્નોના રાજા છો એવા હે સમગ્ર સિદ્ધિઓના નિયામક મારા જીવનમાં આવનારા સર્વ વિઘ્નોને આપ દૂર કરો. (૬)

**સદ્રત્નસારતતિરાજ સત્કિરીટઃ કૌસુમ્ભચારૂવસનદ્વય ઉર્જિતશ્રીઃ ॥**
**સર્વત્રમંગલકરસ્મરણપ્રતાપો વિઘ્નંમમાપહરસિદ્ધિવિનાયક ત્વમ્ ॥૭॥**

તમારા મસ્તક ઉપર ઉત્તમ પ્રકારના રત્નોથી સુશોભીત મુકુટ ધારણ કરેલ છે, અતિશય શોભાવાળા કસુંબલ રંગના બે વસ્ત્રો ધારણ કરી રહ્યા છો, સર્વત્ર તમારું સ્મરણ સદા મંગલકારી છે એવો તમારો મહાન પ્રતાપ છે એવા હે સમગ્ર સિદ્ધિઓના નિયામક મારા જીવનમાં આવનારા સર્વ વિઘ્નોને આપ દૂર કરો. (૭)

**દેવાન્તકાદ્યસુરભીતસુરાર્તિહર્તા વિજ્ઞાનબોધનવરેણ તમોપહર્તા ॥**
**આનન્દિતત્રિભુનેશ કુમારબન્ધો વિઘ્નંમમાપહરસિદ્ધિવિનાયક ત્વમ્ ॥૮॥**

મોટા મોટા અસુરો દેવાન્તક આદિના ભયથી દેવોને નિર્ભય કરનારા છો, તમારા શરણે આવેલા સર્વ રાજા કે રંકના અજ્ઞાન રૂપી અંધકારનો નાશ કરીને ત્રિભુવનપતિ બ્રહ્માદિક દેવોને આનંદ આપો છો અને કુમાર કાર્તિકેયના ભાઈ છો એવા હે સમગ્ર સિદ્ધિઓના નિયામક મારા જીવનમાં આવનારા સર્વ વિઘ્નોને આપ દૂર કરો. (૮)

# હે શ્રીહરિ મારી દૃષ્ટિ આગળ રહો

श्रीहरि महिमाष्टक – वसंततिलकावृतम् शुकानन्द मुनि कृत्

स्वामिन्परात्पर विभो पुरुषोत्तमाद्य नारायणाक्षरनिवास कृपानिधान ॥
श्रीकृष्णनिर्गुण सदीश्वर दिव्यमूर्ति हे श्रीहरे मम भवान् दृशिगोचरोऽस्तु ॥१॥
देवाधिदेव परमेश्वर वासुदेव योगेश्वरनियामक शास्त्रयौने ॥
भूमंस्तपः प्रिय महापुरुषाक्षरात्मन् हे श्रीहरे मम भवान् दृशिगोचरोऽस्तु ॥२॥
एकान्तधर्मधर सेश्वरसांख्ययोग मार्गप्रवर्तक ऋषीश्वरवृंदजुष्ट ॥
भक्तेप्सितप्रदवराभयपाणिपद्मप हे श्रीहरे मम भवान् दृशिगोचरोऽस्तु ॥३॥

सर्वेश्वरेश हृषिकेशपते परात्मन् सत्संगलभ्यपथयोगदसुप्रवृत्ते ॥
एकन्तिकप्रिय भवांबुधिपारदायिन् हे श्रीहरे मम भवान् दृशिगोचरोऽस्तु ॥४॥
श्रीमन्नवीनजलदासितसुंदरास्य सत्पुंड्रीकनयनप्रथितप्रताप ॥
नैकावतारपरिरक्षितसाधुवृंद हे श्रीहरे मम भवान् दृशिगोचरोऽस्तु ॥५॥
नैकांडनायकनिषेवितपादपद्म कल्याणकारीगुणवृंदविभूषणाढ्य ॥
सूक्ष्मोज्ज्वलांबरविधारणशोभितांग हे श्रीहरे मम भवान् दृशिगोचरोऽस्तु ॥६॥
धर्मान्वायनिहितस्वकदेशिकत्व निष्कामभक्तपरमप्रिय नैष्ठिकेन्द्र ॥
ब्रह्मण्यदेव सकलाश्रितसौख्यकारिन् हे श्रीहरे मम भवान् दृशिगोचरोऽस्तु ॥७॥
अज्ञानसंतमसनाशनबोधभाव कामादिशत्रुगणभीतिदनामधेय ॥
पाखंडखंडदलन प्रणतात्मबोध हे श्रीहरे मम भवान् दृशिगोचरोऽस्तु ॥८॥
हे भक्तिधर्मसुत हे हरिकृष्ण नाथ हे नीलकंठ कलितारण पूर्णकाम ॥
सौम्यस्वभाव शरणागतवत्सलात्मन् हे श्रीहरे मम भवान् दृशिगोचरोऽस्तु ॥९॥
स्वीयेतितेजसिपरेक्षरसंज्ञके च धाम्न्यक्षरात्मनिलये निजपार्षदाग्यैः ॥
प्रेम्णा निषेव्यचरणाब्जशुकेन चात्र हे श्रीहरे मम भवान् दृशिगोचरोऽस्तु ॥१०॥

શ્રીહરિ મહિમાષ્ટક વસન્તતિલકાવૃત્તમ્ શુકમુનિકૃત

ભગવાન શ્રી સ્વામિનારાયણના લહિયા અને સદા સાથે રહેનારા શુકાનંદમુનિ જેમને શુકમુનિના નામથી પણ સૌ જાણે છે. તે પોતાના ઈષ્ટ પ્રભુનો ક્યારેય વિયોગ ન થાય અને સદા પોતાની દૃષ્ટિ સમક્ષ જ તેમનું સ્વરૂપ રહે, દર્શન આપે તેવી ભાવવિહવળ શ્રદ્ધાથી આ સ્તુતિ પ્રાર્થના અષ્ટકની રચના તેમણે કરી છે જે ખરેખર તેનું ગાન કરનારાના હૃદયમાંથી ક્યારેય ભગવાન દૂર થતાં નથી.

**સ્વામિન્પરાત્પર વિભો પુરૂષોત્તમાદ્ય નારાયણાક્ષરનિવાસ કૃપાનિધાન ॥**
**શ્રીકૃષ્ણનિર્ગુણ સદીવૃંર દિવ્યમૂર્તે હે શ્રીહરે મમ ભવાન દૃશિગોચરોઽસ્તુ ॥૧॥**

અક્ષર પર્યન્ત સર્વજીવના નિયન્તા સ્વામી છે. જેમના કોઈ નિયન્તા કે સ્વામી નથી. સર્વથી પર અક્ષરથી પણ પર અર્થાત તે પણ જેમને જાણી શકતાં નથી. સર્વમાં અન્તર્યામી શક્તિએ કરીને વ્યાપક પણે રહેલાં છો.

સર્વપુરૂષોમાં ઉત્તમ પુરૂષોત્તમ છો. સર્વના કારણ આદિ પુરૂષ છો.સર્વના આશ્રય સ્થાન છો. પોતાના અક્ષરધામમાં નિત્ય નિવાસ કરીને રહો છો. જીવો ઉપર કૃપા કરવામાં સાગર સમાન છો. સર્વને પોતાના સ્વરૂપમાં આકર્ષણ કરીને ધારણ કરી રહ્યા છો. તમારામાં કોઇ માયિક ગુણ નથી પણ સર્વ કલ્યાણ કારી ગુણોથી વિભૂષિત છો. સદા સત્ય છો. સર્વના નિયમક છો. સદા દ્વિભૂજ દિવ્ય સાકાર મૂર્તિ છો. એવા હે શ્રીહરિ તમો મને તમારા નિત્ય દર્શન આપીને મારી નજર સામે પ્રત્યક્ષ રહીને દર્શન આપો. (૧)

**દેવાધિદેવ પરમેશ્વર વાસુદેવ યોગેશ્વરનિયામક શાસ્ત્રયોને ॥**
**ભૂમંસ્તપપ્રિય મહાપુરૂષાક્ષરાત્મન્ હે શ્રીહરે મમ ભવાન દશિગોચરોડસ્તુ ॥૨॥**

દેવલોકમાં વસતા દેવતાઓના પણ જે અધિપતિ સ્વામી નિયંતા છે. અને બ્રહ્માંડાધિપતિ ઈશ્વરોના પણ અધિપતિ નિયન્તા છે. સમગ્ર વિશ્વમાં પોતાની અન્તર્યામી શક્તિએ કરીને સર્વત્ર વ્યાપક છે. યોગની સાધના કરનારા માટે સદા ધ્યેય મૂર્તિ ઈશ્વર નિયન્તા છે. સ્વયં અક્ષરના આત્મા અન્તર્યામી રહીને નિયમન કરનારા છે.જેમના સ્વરૂપને જાણવા માટે વેદાદિક સત્શાસ્ત્રો અને નિગમ આગમ જે પુરાણ અને સ્મૃતિઓનું મૂળ તત્વ અને કારણ છે. જ્યારે પૃથવી ઉપર અવતાર ધારણ કરે છે ત્યારે તેમને તપ પ્રિય છે અને સ્વયં તપ કરીને ભક્તોને તપ પરાયણ કરે છે. પુરૂષોમાં મહાન એવા પુરૂષોત્તમ છે. અને અક્ષરના પણ આત્મા છે જેનું શરીર અક્ષર છે. એવા હે શ્રીહરિ તમો મને તમારા નિત્ય દર્શન આપીને મારી નજર સામે પ્રત્યક્ષ રહીને દર્શન આપો. (૨)

**એકાન્તધર્મધર સેશ્વરસાંખ્યયોગ માર્ગપ્રવર્તકઃ ઋષીશ્વરવૃન્દજુષ્ટ ॥**
**ભક્તેપ્સિતપ્રદવરાભયપાણિપદ્મ હે શ્રીહરે મમ ભવાન્ દશિગોચરોડસ્તુ ॥૩॥**

ભાગવત ધર્મ જેને એકાન્તિક ધર્મ કહે છે જે ચાર ધર્મ ભક્તિ જ્ઞાન વૈરાગ્યે યુક્ત છે તેવા ધર્મના પોષક અને ધારક છે. નિર્બિજ સાંખ્ય અને યોગનો મત ખોટો કરીને સબીજ સાંખ્ય અને યોગ શાસ્ત્રના મતને કહે છે. અસંખ્ય ઋષિમુનિઓ અર્થાત પાંચસો પરમહંસોના સમૂહથી જે સદા પૂજાયેલ છે

સેવાયેલ છે. પોતાના એકાન્તિક ભક્તોના સર્વ મનની ઇચ્છાઓ પૂર્ણ કરે છે. જીવ ઈશ્વર માયા અને બ્રહ્મ પર્યન્ત સૌને વરણીય છે સંબંધ બાંધવા યોગ્ય છે. પોતાના શરણે આવેલાં જીવમાત્રને સદા નિર્ભય કરીને પોતાના ડાબા હાથે કરીને અભયદાન આપે છે. એવા હે શ્રીહરિ તમો મને તમારા નિત્ય દર્શન આપીને મારી નજર સામે પ્રત્યક્ષ રહીને દર્શન આપો. (૩)

**સર્વેશ્વરેશ હૃષિકેશપતે પરાત્મન્ સત્સંગલભ્યપથયોગદસુપ્રવૃત્તે ॥**
**એકાન્તિકપ્રિયભવાંબુધ્ધિપારદાયિન્ હે શ્રીહરે મમ ભવાન દશિગોચરોઽસ્તુ ॥૪॥**

અનંતકોટી બ્રહ્માંડોના ઈશ્વરોના પણ ઈશ્વર છે. વિશ્વના નિયમકોના પણ નિયામક છે. સર્વ ચેતન માત્રના પતિ સ્વામી નિયામક છે. જીવ પ્રાણી માત્રની ઈન્દ્રિઓના નિયન્તા છે અન્તઃકરણમાં પ્રવેશ કરીને નિયામન કરે છે. પરથી પણ જે અક્ષરબ્રહ્મ તેના પણ પર છે અને તેના આત્મા છે. તે પરમેશ્વરને સત્પુરૂષો સત્શાસ્ત્રો અને સદ્ધર્મના આચરણથી જ મેળવી શકાય છે. તેવા માર્ગને ભૂલા પડેલાને સંસારસાગરમાં દુઃખ કષ્ટને ભોગવતા જીવને આત્યન્તિક મોક્ષનો માર્ગ બતાવે છે. એકાન્તિક ભક્તોને પ્રિય છે અથવા પોતાના એકાન્તિક ભક્તો જેમને પ્રિય છે. પોતાના શરણે આવેલા સર્વને ભવસાગરથી તત્કાળ પાર ઉતારનારા છે. એવા હે શ્રીહરિ તમો મને તમારા નિત્ય દર્શન આપીને મારી નજર સામે પ્રત્યક્ષ રહીને દર્શન આપો. (૪)

**શ્રીમન્નવીનજલદસિતસુંદરાસ્ય સત્પુંડ્રીકનયનપ્રથિતપ્રતાપ ॥**
**નૈકાવતારપરિરક્ષિતસાધુવંદ હે શ્રીહરે મમ ભવાન દશિગોચરોઽસ્તુ ॥૫॥**

જે શ્રીહરિનું મુખકમળ અષાઢ માસના નવીન ઘટાટોપ જળ ભરેલા મેઘ વાદળાઓના જેવું શ્યામ સુંદર શોભે છે. સરોવરમાં સદા તાજા રહેતાં કમળની પાંખડી જેવા વિશાળ નેત્રોની શોભા પ્રભાવ પ્રતાપ સર્વત્ર પ્રસિદ્ધ છે. દેવો મનુષ્યો અને ઋષિમુનિઓને જ્યારે પણ જરૂર પડે ત્યારે ત્યારે અવતાર ધારણ કરીને તે સર્વ ભક્તોનું સાધુજનોનું રક્ષણ કરે છે. એવા હે શ્રીહરિ તમો મને તમારા નિત્ય દર્શન આપીને મારી નજર સામે પ્રત્યક્ષ રહીને દર્શન આપો. (૫)

**નૈકાંડનાયકનિષેવિતપાદપદ્મ કલ્યાણકારીગુણવૃન્દવિભૂષણાઢ્ય ।।**
**સૂક્ષ્મોજ્જવલાંબરવિધારણશોભિતાંગહેશ્રીહરેમમભવાન્દશિગોચરોઽસ્તુ।।૬।।**

અનંતકોટી બ્રહ્માંડોના અધિપતિઓ શાસકો જેમના ચરણ કમળનું સદા સર્વદા નિત્ય સેવન કરે છે. જેમના સ્વરૂપમાં સદા અસંખ્ય કલ્યાકારી ગુણોના સમુદાયથી સુશોભિત છે અલંકૃત છે. એવા હે શ્રીહરિ તમો મને તમારા નિત્ય દર્શન આપીને મારી નજર સામે પ્રત્યક્ષ રહીને દર્શન આપો. (૬)

**ધર્માન્વાયનિહિતસ્વકદેશિત્વ નિષ્કામભક્તપરમપ્રિય નૈષ્ઠિકેન્દ્ર ।।**
**બ્રહ્મણ્યદેવસકલાશ્રિતસૌખ્યકારિનહેશ્રીહરેમમભવાનદશિગોચરોઽસ્તુ।।૭।।**

ભાગવત ધર્મ જે એકાન્તિક ધર્મના પોષણ અને રક્ષણ માટે જ જેમણે પોતાનામાં જગતના જીવનું ગુરૂપદ ધારણ કરી રાખેલ છે. જગતના પદાર્થોની કામના રહિત નિષ્કામ ભક્ત જેમને પ્રિય છે અથવા એવા ભક્તોને જે પ્રિય છે. નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત ધારણ કરવાવાળામાં અતિ શ્રેષ્ઠ છે. ત્રણ દેહથી વિલક્ષણ પોતાના આત્માને કરીને જે બ્રહ્મરૂપ થયા છે તેમના દેવ છે. અથવા તેવા ભક્તો જેને પ્રિય છે. પોતાના આશ્રયે આવેલા સર્વને સદા મહાન સુખ આપનારા છે. એવા હે શ્રીહરિ તમો મને તમારા નિત્ય દર્શન આપીને મારી નજર સામે પ્રત્યક્ષ રહીને દર્શન આપો. (૭)

**અજ્ઞાનસંતમસનાશનબોધભાવ કામાદિશત્રુગણભીતિદનામધેય ।।**
**પાખણ્ડખંડદલન પ્રણતાત્મબોધ હે શ્રીહરે મમ ભવાન દશિગોચરોઽસ્તુ ।।૮।।**

જેનો આશ્રય કરવાથી અહં મમત્વ હું અને મારું રૂપ જે અજ્ઞાન રૂપી ગાઢ અંધકારનો નાશ કરે છે. જેમનું નામ સ્મરણ કરવા માત્રથી કામ ક્રોધાદિ અંતઃશત્રુઓનો ભય નાશ પામી જાય છે. જેમના વચનો પાખંડ ધર્મનું ખંડન કરનારા છે. અને આત્મજ્ઞાન આત્મસ્વરૂપનું જ્ઞાન અને તેના અન્તર્યામી પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન આપનારા છે. એવા હે શ્રીહરિ તમો મને તમારા નિત્ય દર્શન આપીને મારી નજર સામે પ્રત્યક્ષ રહીને દર્શન આપો. (૮)

**હે ભક્તિધર્મસુત હે હરિકૃષ્ણ નાથ હે નિલકંઠ કલિતારણ પૂર્ણકામ ।।**
**સૌમ્યસ્વભાવશરણાગતવત્સલાત્મન્હેશ્રીહરેમમભવાનદશિગોચરોઽસ્તુ।।૯।।**

પૃથ્વી ઉપર માનવ શરીર ધારણ કરેલા હે ભક્તિધર્મના પુત્ર, હે હરિકૃષ્ણ હે નાથ હે નીલકંઠ હે પ્રભુ કલિયુગના દોષથી રક્ષણ કરનારા કલિતારણ. પોતાના ભક્તોને કલિયુગમાં તારનારા છો. સ્વયં પૂર્ણકામ છે અને પોતાના આશ્રિતોને પૂર્ણ કરે છે. જેમનો સ્વભાવ સદા સૌમ્ય અને શાંત સ્વરૂપે રહેલાં છે. પોતાના શરણે આવેલા ઉપર વાત્સલ્યથી તેના ઉપર પ્રેમ રાખનારા છે. શરણાગત જેમને પ્રિય છે. એવા હે શ્રીહરિ તમો મને તમારા નિત્ય દર્શન આપીને મારી નજર સામે પ્રત્યક્ષ રહીને દર્શન આપો. (૯)

**સ્વીયેતિતેજસિપરેઽક્ષરસંજ્ઞકે ચ ધામ્ન્યક્ષરાત્મનિલયે નિજપાર્ષદાગ્યેઃ ॥**
**પ્રેમ્ણા નિષેવ્યચરણાબ્જશુકેન ચાત્ર હે શ્રીહરે મમ ભવાન શિગોચરોઽસ્તુ॥૧૦॥**

પોતાના અતિ તેજસ્વી અધોર્ધ્વ પ્રમાણે રહિત એવા અક્ષરધામમાં બિરાજેલાં સર્વેશ્વર ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણકમળની સેવા અને ભક્તિ ઉપાસના પોતાના પ્રિય અગ્રણી ભક્તો અતિ પ્રેમથી કરી રહ્યા છે. તેવી રીતે આ કળિકાળમાં માનવ દેહ ધારી રહેલાં આપના ચરણ કમળની સેવા મને કરવાનો અવસર મળ્યો છે અર્થાત શુકમુનિને કે પછી આ સ્તોત્રનો પઠન મનન કરનાર સૌ ભક્તોને આપો છો એવા હે શ્રીહરિ તમો મને તમારા નિત્ય દર્શન આપીને મારી નજર સામે પ્રત્યક્ષ રહીને દર્શન આપો. (૧૦)

## દીનાનાથ હરિકૃષ્ણનો જય

॥ अष्टपदी ॥

जय जय दीनानाथ हरिकृष्ण ॥ जय ॥ (ध्रुवपद)
वचोमधुवदनदेहिसुखसदन । श्रावयतोऽघहार ॥हरि...१॥
गजगतिगमनं विधविधनमनम् । नौमि मुहुत्वातितार ॥हरि...२॥
वसो मम भवने सदासंपदवने । जनयेशं जितमार ॥हरि...३॥
अशरणशरणे हृदरूचरणे । त्वयि मे भ्रमत्यतिपार ॥हरि...४॥
रूचिराणिधारय वसनानि वारय । कुमति मे वेदधार ॥हरि...५॥
हतनिजशमलं तवकरकमलम् । शिरसि निधेहि जयकार ॥हरि...६॥
मदनमनोहरमृदुशिशिरोहर । तव मांशाधिनृसार ॥हरि...७॥

कृतमुनिसेवं कविवासुदेवम् । निकटं ते रक्षमोदार ॥हरि...८॥

*॥ इति वासुदेवानन्दवर्णिविरचिताष्टपदी ॥*

આદિ સદ્‌ગુરૂ નૈષ્ઠિક બ્રહ્મચારી શ્રીવાસુદેવાનંદ વર્ણી પોતાના ઈષ્ટદેવ ભગવાનશ્રીસ્વામિનારાયણની સ્તુતિ પ્રાર્થના કરે છે. અષ્ટપદીમાં ભાવના વ્યક્ત કરવા માટે સુંદર મધુર રાગથી ગાય શકાય તેવા લય બદ્ધ સ્વરોમાં રચના કરી છે. તેના ભાવમય શબ્દગાંભિર્યતાથી ભરેલાં છે તેનો અર્થ સમજવાનો પ્રયત્ન કરવાનો છે.

**જય જય દીનાનાથ હરિકૃષ્ણ જય ! (ધ્રુવપદ)**

**વચોમધુવદનદેહિસુખસદન । શ્રાવયતોઽઘહાર ॥હરિ..૧॥**

હે હરિકૃષ્ણ નામ ધારી મારા ઈષ્ટદેવપરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ તમારી દીનદયાળુતાનો સર્વત્ર જય જય કાર થઈ રહ્યો છે. તેથી મારા જેવા દીન ઉપર તમો કૃપા કરી તમારા મધુર અમૃતમય વચનો સંભળાવીને તમારા સુખકારક મુખકમળના દર્શન કરાવીને હે પરમસુખના નિધિ અને સ્થાન એવા મને પણ તેમાંથી કંઈક તમારી મૂર્તિનું સુખ આપવાની દયા કરો હે હરિકૃષ્ણ પરમાત્મા તમો તો દીન ઉપર દયા કરવાવાળા છો તેથી જ તમારો સર્વત્ર જય જય કાર થઈ રહ્યો છે. (૧)

**ગજગતિગમન વિધવિધનમનમ્ । નૌમિ મહુત્વાતિતાર ॥હરિ..૨॥**

જગતના અનંત જીવોને પોતાનું સર્વોપરી સ્વરૂપ ઓળખાવીને આત્યંતિક મોક્ષના ભાગી બનાવવા વિચરણ કરો છો ત્યારે તમારી ચાલવાની રીત જાણે કોઈ મદમસ્ત ગજરાજ ચાલ્યો જતો હોય તેવી દઢતા પૂર્વકની નિર્ભય ચાલ જોઈને વિવિધ પ્રકારના લોકો સ્વર્ગના દેવો મનુષ્યો જોનારા સર્વજનો તમારી આ દિવ્ય મૂર્તિને અનેક રીતે નમસ્કાર કરે છે, કોઈ સાષ્ટાંગ દંડવત પ્રણામ કરે છે તો કોઈ બે હાથ જોડીને મસ્તક નમાવીને ઉભા રહે છે. તેમ વારંવાર નમસ્કાર કરીને પ્રાર્થના કરે છે કે હે પ્રભુ અમને આ મહાન દુઃખદાયક સંસારમાંથી જન્મમૃત્યુમાંથી પાર ઉગારીને તારો પાર ઉતારો. હે હરિકૃષ્ણ પરમાત્મા તમો તો દીન ઉપર દયા કરવાવાળા છો તેથી જ તમારો સર્વત્ર જય જય કાર થઈ રહ્યો છે. (૨)

**વસો મમ ભવને સદાસંપદવને । જનયેશં જિતમાર ॥હરિ..૩॥**

જે પણ જગતના જીવોને તમારો યોગ થાય છે તે સર્વ દીનતાથી પ્રાર્થના કરે છે હે હરિકૃષ્ણ પ્રભુ આપ મારા ભવનમાં ઘરમાં આવીને નિવાસ કરો. મારા હૃદયમાં અન્તઃકરણમાં નિવાસ તમારો થાય તો મારા હૃદયમાં ધર્મ ભક્તિ જ્ઞાન વૈરાગ્યની જે દિવ્ય સંપત્તી છે તેનો વધારો થાય અને તેનું સારી રીતે રક્ષણ પણ થાય તેના કારણે જેને ક્યારેય કોઇ જીતી શક્યું નથી એવા કામ ક્રોધ લોભાદિ મહાશત્રુને જીતી શકાય એવી દયા હે જગતના ઈશ્વર મારા ઉપર કરો. હે હરિકૃષ્ણ પરમાત્મા તમો તો દીન ઉપર દયા કરવાવાળા છો તેથી જ તમારો સર્વત્ર જય જય કાર થઇ રહ્યો છે. (૩)

**અશરણશરણે હૃદરૂચરણે । ત્વયિ મે ભ્રમત્યતિપાર ॥હરિ..૪॥**

જગતમાં જેનું કોઇ નથી એવા નિરાધાર જીવના તમોજ એક માત્ર શરણ સ્થાન છો. જેના હૃદયમાં તમારા ચરણની ભક્તિ છે તમારા ચરણાર્વિન્દને પોતાના હૃદયમાં સ્મરણ કરે છે તેના અન્તરમાં રહેલાં સર્વ પ્રકારના ભ્રમને સંશયને તમોજ દૂર કરીને તેને આ ભયાનક સંસારસાગરથી પાર ઉતારો છો. હે હરિકૃષ્ણ પરમાત્મા તમો તો દીન ઉપર દયા કરવાવાળા છો તે જ તમારો સર્વત્ર જય જય કાર થઇ રહ્યો છે. (૪)

**રૂચિરાણિધારય વસનાનિ વારય । કુમતિમે વેદધાર ॥હરિ..૫॥**

દર્શન કરનારા ભક્તોના મનને ગમી જાય તેવા સુંદર વસ્ત્રો ધારણ કરીને દર્શન આપો છો જે મારા હૃદય મનને ગમી જાય તેવા રૂચીકરનારા છે. મારામાં કે તમારા આશ્રિત જીવમાં રહેલી કોઇ પણ પ્રકારની કુબુદ્ધિ નાસ્તિકપણું અશ્રદ્ધા આદિને જાણીને તેનો નાશ કરીને રક્ષા કરો છો. હે હરિકૃષ્ણ પરમાત્મા તમો તો દીન ઉપર દયા કરવાવાળા છો તેથી જ તમારો સર્વત્ર જય જય કાર થઇ રહ્યો છે. (૫)

**હૃતનિજશમલં તવકરકમલમ્ । શિરસિ નિધેહિ જયકાર ॥હરિ..૬॥**

હે હરિકૃષ્ણ પરમાત્મા તમારા આ આશ્રિતના હૃદયમાંથી અન્તઃશત્રુઓ રૂપ જે શલ્ય મોટા મોટા શૂળ જેવા છે તેનો નાશ કરીને તમારા અભયદાન આપનારા કરકમળને મસ્તક ઉપર પધરાવો જેથી તે મહાન ભયંકર શત્રુઓ

કામ ક્રોધ લોભ માન મોહ મદ આદિ ઉપર વિજય મેળવી શકાય તે વિના બીજો કોઇ ઉપાય જ નથી. હે હરિકૃષ્ણ પરમાત્મા તમો તો દીન ઉપર દયા કરવાવાળા છો તેથી જ તમારો સર્વત્ર જય જય કાર થઇ રહ્યો છે. (૬)

**મદન મનોહરમૃદુશિશિરોહર । તવ માંશાધિનૃસાર ॥હરિ..૭॥**

તમારી મૂર્તિ એવી સુંદર છે કે જે દર્શન કરનારાના હૃદયમાંથી કામના મદને દૂર કરે છે અર્થાત કામદેવના અહંકારનો નાશ કરે તેવું અને મનને તેમાં ચોટાડીને રાખે તેવું રૂપ છે. કોમળ તો એવું જાણે શિશિર ઋતુના કોમળ કમળની પાંખડી જેવું રૂપ જેના દર્શનથી અંતરમાંથી શત્રુઓ નાશ પામી જાય છે એવા તમો મારા મનુષ્ય જન્મનો સાર જે આત્યંતિક મોક્ષ મેળવવાનો છે તેને સાધી આપો પૂરો કરી આપો. હે હરિકૃષ્ણ પરમાત્મા તમો તો દીન ઉપર દયા કરવાવાળા છો તેથી જ તમારો સર્વત્ર જય જય કાર થઇ રહ્યો છે. (૭ )

**કૃતમુનિસેવં કવિવાસુદેવમ્ । નિકટં તે રક્ષમોદાર ॥હરિ..૮॥**

તમારી આ દિવ્ય મૂર્તિની સેવા મોટા મોટા મુનિઓ સિદ્ધપુરૂષો કરી રહ્યા છે. તે અદ્ભૂત મૂર્તિની સેવાનો અવસર મને પણ આપો અર્થાત વાસુદેવાનંદ વર્ણીને પણ એવી સેવામાં તમારી પાસે રાખીને રક્ષા કરો. હે હરિકૃષ્ણ પરમાત્મા તમો તો દીન ઉપર દયા કરવાવાળા છો તેથી જ તમારો સર્વત્ર જય જય કાર થઇ રહ્યો છે. (૮)

# પરમ ભાગવદ્ભક્તો

॥ परमभागवतस्तोत्रम् ॥ शार्दूलविक्रीडितं वृत्तम् ॥

धर्मस्तज्जनको हरेश्चतनयोऽयोध्याप्रसादो ।
महाकान्त्यर्कोरघुवीरकः क्षितिधरोरामप्रतापः प्रभुः ॥
इच्छारामतदात्मजाभगवतो भक्तविरक्ताभवे ।
सर्वान्भागवतानहं हृदि परमान् वन्दे सदैतान्नरान् ॥१॥
मुक्तानन्दमहानुभावशुकमुन्यानन्द गोपालकात्मानन्दयुगं ।
कृपः सुखशता नन्दौ मुनिः सुव्रतः ।

ब्रह्मानन्ददयाऽविनाशभजनानन्दानृणां मुक्तिदाः ।
सर्वान्भागवतानहं हृदि परमान् वन्दे सदैतान्नरान् ॥२॥
नित्यानन्दनिरंजनोभगवदानन्दो गुणातीतयोगानन्द ।
मुनिसत्तमौ तु बदरीनाथावखण्डौ शिवौ ॥
भूमानन्दमुकुन्दनिष्कुलजयानन्दाः स्वरुपोविभुः ।
सर्वान्भागवतानहं हृदि परमान् वन्दे सदैतान्नरान् ॥३॥
कृष्णानन्दशुकप्रकाशपरमज्ञानस्वरुपोतमानन्दौ ।
राघववासुदेवरघुनाथानन्दनारायणः ॥
चैतन्याऽखिलरामदासकपिलानन्दश्च योगेश्वरः ।
सर्वान्भागवतानहं हृदि परमान् वन्दे सदैतान्नरान् ॥४॥
सर्वज्ञोमुनिराड् नृसिंहनियमानन्दौ प्रभाव्यापकौ ।
निर्दोषो हरिकृष्णवामन मुनि तद्रूपपूर्णादयः ॥
देवानन्दमहाप्रसादपुरुषानन्दाश्च सर्वेश्वरः ।
सर्वान्भागवतानहं हृदि परमान् वन्दे सदैतान्नरान् ॥५॥
चिद्रूपोमुनिसच्चिदौ मुनिवरौ स्वयंप्रकाशो यमी ।
गोविन्दाक्षररामकृष्ण मुनियो नारायणो यो नरः ॥
प्रेमानन्दनरोत्तमाद्भुतसदानन्दागुरुवैष्णवः ।
सर्वान्भागवतानहं हृदि परमान् वन्दे सदैतान्नरान् ॥६॥
हेमन्तोत्तमसूरवास्तुभृगुजिन्नांजालयस्तुंगजित् ।
खट्वांगाऽभयसोमवीरमयजिद्देवप्रतापादयः ॥
जाल्मोमाभयनांगमालकरिमालक्षः कमोरत्नजित् ।
सर्वान्भागवतानहं हृदि परमान् वन्दे सदैतान्नरान् ॥७॥
रेवाशंकरसुन्दरौ चतुलजारामौ प्रभाशंकरौ ।
गांगेयोमयारामनन्दुभगमूला नाचिकेतादयः ॥
काशीपर्वतदेवरामभगवद्धेमन्तगोवर्द्धनाः ।
सर्वान्भागवतानहं हृदि परमान् वन्दे सदैतान्नरान् ॥८॥

आशाजिज्जयसिंहभीमरवजीद्दामोदरामूलजिद्रौपालो ।
हरजिद्गणेशनिभौ वेणीभयोभक्तराट् ॥
अम्बाराममुकुन्दगावलरणछोडाः शिवोयाज्ञिकः ।
सर्वान्भागवतानहं हृदि परमान् वन्दे सदैतान्नरान् ॥९॥
एतेषास्तवनं नृणां प्रियकरं सायं प्रगेवाजनाः ।
सर्वाघक्षयकारिणं प्रतिदिनं रम्यं पठन्तित्विदम् ॥
तांस्ते वै खलु दर्शयन्ति करुणं नारायणं मुक्तिदं ।
तेभ्यश्चामलकं यथा करगतं यच्छन्ति मोक्षं च ते ॥१०॥

*॥ इति वासुदेवानंदवर्णि विरचित परम भागवतस्तोत्रं ॥*

સવારના પ્રાતઃકાળમાં ભગવાનનું સ્મરણ કરવાથી જીવાત્માના સર્વ પ્રકારના મનોરથો પુરા થાય છે અને અંતે આત્યન્તિક મોક્ષ અક્ષરધામની પ્રાપ્તિ થાય છે. તે વાત સર્વ સત્શાસ્ત્રોમાં પ્રસિદ્ધપણે વર્ણવેલ છે. માટે જ આપણને ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણે પ્રાતઃકાળમાં બ્રાહ્મમુહૂર્તમાં ઉઠીને સ્નાન કરીને પવિત્ર થઈને નિત્ય પૂજા કરવાની આજ્ઞા કરેલ છે. ત્યાર બાદ ભગવાનના સ્તોત્રો કીર્તનો અને નામોનું ઉંચા સ્વરે ભજન કરવાનું કહેલ છે તે સ્તોત્રોમાં ભગવાનના સ્વરૂપનું તો ચિંતન થાય જ છે પણ તેની સાથે ભગવાનના પરમ ભાગવત એકાન્તિક ભક્તોનું પણ સ્મરણ થાય તો તેમના જેવી ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય અને શ્રદ્ધા નિષ્ઠા આવે તો એકાન્તિકપણું દઢ થાય. જેથી ભગવાનની સંપૂર્ણ પ્રસન્નતા પ્રાપ્ત કરી શકાય છે. તેવા જ ખાસ ઉદ્દેશ્યથી આપણા સંપ્રદાયમાં પરમ એકાંતિક એવા ભગવદ્ ભક્તો જે શ્રીહરિની સૌથી વધારે નિકટતા પ્રાપ્ત કરેલ છે તેવા ભક્તોનું સ્મરણ કરવા માટે વર્ણીરાજ શ્રીવાસુદેવાનંદજીએ સંસ્કૃત ભાષામાં આ સ્તોત્રની રચના કરી છે. જેમાં નંદ સંતો ભક્તો પાર્ષદોના નામો ગૂંથેલાં છે. જેનો વિસ્તાર તો એક મોટો ગ્રંથ તૈયાર થાય તેટલો હોય શકે છે પરન્તું અહિં માત્ર નામો જ કોના કોના છે તે જાણીએ -

**ધર્મસ્તજ્જનકો હરેશ્ચતનયોડયોધ્યાપ્રસાદો,**

**મહાકન્ત્યર્કોરઘુવીરકઃ ક્ષિતિધરોરામપ્રતાપઃ પ્રભુ ॥**

**ઈચ્છારામતદાત્મજાભાગવતો ભક્તવિરક્તાભાવે,**

**સર્વાન્ભાગવતાનહં હૃદિ પરમાન્ વન્દે સદૈતાન્નરાન્ ॥૧॥**

૧. ધર્મદેવ હરિપ્રસાદ વિપ્ર, ૨. શ્રીહરિના પુત્ર અયોધ્યાપ્રસાદજી, ૩. રઘુવીરજી, ૪. રામપ્રતાપજી, ૫. ઈચ્છારામજી આ ધર્મ પંચાયતનના પરમ ભાગવત્ વિરક્ત ભક્તોનું પ્રેમ અને શ્રદ્ધાથી સર્વનું હું મારા હૃદયમાં સદા આ શ્રેષ્ઠ પુરૂષોનું વન્દન નમસ્કાર કરૂં છું. (૧)

**મુક્તાનંદમહાનુભાવશુકમન્યાનંદ ગોપાલકાત્માનંદયુગં,**

**કૃપઃ સુખશતાનંદૌ મુનિઃ સુવ્રતઃ ॥**

**બ્રહ્માનંદદયાડવિનાશભજનાનંદાનૃણાં મુક્તિદાઃ,**

**સર્વાન્ભાગવતાનહં હૃદિ પરમાન્ વન્દે સદૈતાન્નરાન્ ॥૨॥**

૧. મુક્તાનંદમુનિ, ૨. મહાનુભાવાનંદમુનિ, ૩. શુકમુનિ, ૪. આનંદાનંદમુનિ, ૫. ગોપાળાનંદમુનિ, ૬. બેઆત્માનંદમુનિ, ૭. કૃપાનંદમુનિ, ૮. સુખાનંદમુનિ, ૯. બેશતાનંદમુનિ, ૧૦. સુવ્રતમુનિ, ૧૧. બ્રહ્માનંદમુનિ, ૧૨. દયાનંદમુનિ, ૧૩. અવિનાશાનંદમુનિ, ૧૪. ભજનાનંદમુનિ, આ સર્વ પરમ ભાગવત્વિરક્ત ભક્તોનું પ્રેમ અને શ્રદ્ધાથી હું મારા હૃદયમાં સદા આ શ્રેષ્ઠ એકાન્તિક ભક્તોને વંદન નમસ્કાર કરૂં છું. (૨)

**નિત્યાનંદનિરંજનોભગવદાનંદો ગુણાતીતયોગાનંદ,**

**મુનિસત્તમૌ તુ બદરીનાથાવખણ્ડૌ શિવૌ ॥**

**ભૂમાનંદમુકુન્દનિષ્કુલજયાનંદાઃ સ્વરૂપોવિભુઃ,**

**સર્વાન્ભાગવતાનહં હૃદિ પરમાન્ વન્દે સદૈતાન્નરાન્ ॥૩॥**

૧. નિત્યાનંદમુનિ, ૨. નિરંજનાનંદમુનિ, ૩. ભગવદાનંદમુનિ, ૪. ગુણાતીતાનંદમુનિ, ૫. યોગાનંદમુનિ, ૬. બે બદરીનાથાનંદમુનિ, ૭. બે અખંડાનંદમુનિ, ૮. બે શિવાનંદમુનિ, ૯. ભૂમાનંદમુનિ, ૧૦. મુકુન્દાનંદમુનિ, ૧૧. નિષ્કુળાનંદમુનિ, ૧૨. જયાનંદમુનિ, ૧૩. સ્વરૂપાનંદમુનિ આ સર્વ

પરમ ભાગવત્વિરક્ત ભક્તોનું પ્રેમ અને શ્રદ્ધાથી હું મારા હૃદયમાં સદા આ શ્રેષ્ઠ એકાન્તિક ભક્તોને વંદન નમસ્કાર કરૂં છું. (૩)

**કૃષ્ણાનંદશુકપ્રકાશપરમજ્ઞાનસ્વરૂપોત્તમાનંદૌ,**
**રાઘવવાસુદેવરઘુનાથાનંદનારાયણાઃ ॥**
**ચૈતન્યાડખિલરામદાસકપિલાનંદશ્ચ યોગેશ્વરઃ,**
**સર્વાન્ભાગવતાનહં હૃદિ પરમાન્ વન્દે સદૈતાન્નરાન્ ॥૪॥**

૧. કૃષ્ણાનંદમુનિ, ૨. શુકપ્રકાશાનંદમુનિ, ૩. બે ઉત્તમાનંદમુનિ, ૪. રાઘવાનંદમુનિ, ૫. વાસુદેવાનંદમુનિ, ૬. રઘુનાથાનંદમુનિ, ૭. નારાયણાનંદમુનિ, ૮. ચૈતન્યાનંદમુનિ, ૯. અખિલાનંદમુનિ, ૧૦. રામદાસસ્વામી, ૧૧. કપિલાનંદમુનિ, ૧૨. યોગેશ્વરાનંદમુનિ આ સર્વ પરમ ભાગવત્વિરક્ત ભક્તોનું પ્રેમ અને શ્રદ્ધાથી હું મારા હૃદયમાં સદા આ શ્રેષ્ઠ એકાન્તિક ભક્તોને વંદન નમસ્કાર કરૂં છું. (૪)

**સર્વજ્ઞોમુનિરાડ્ નૃસિંહનિયમાનંદૌ પ્રભાવ્યાપકૌ,**
**નિર્દોષો હરિકૃષ્ણવામન મુનિ તદ્રૂપપૂર્ણાદયઃ ॥**
**દેવાનંદમહાપ્રસાદપુરૂષાનંદાશ્ચ સર્વેશ્વરઃ,**
**સર્વાન્ભાગવતાનહં હૃદિ પરમાન્ વન્દે સદૈતાન્નરાન્ ॥૫॥**

૧. સર્વજ્ઞાનાનંદમુનિ, ૨. નૃસિંહાનંદમુનિ, ૩. નિયમાનંદમુનિ, ૪. પ્રભાનંદમુનિ, ૫. વ્યાપકાનંદમુનિ, ૬. નિર્દોષાનંદમુનિ, ૭. હરિકૃષ્ણાનંદમુનિ, ૮. વામનાનંદમુનિ, ૯. તદ્રૂપાનંદમુનિ, ૧૦. પૂર્ણાનંદમુનિ, ૧૧. દેવાનંદમુનિ, ૧૨. મહાપ્રસાદાનંદમુનિ, ૧૩. પુરૂષાનંદમુનિ, ૧૪. સર્વેશ્વરાનંદમુનિ આ સર્વ પરમ ભાગવત્વિરક્ત ભક્તોનું પ્રેમ અને શ્રદ્ધાથી હું મારા હૃદયમાં સદા આ શ્રેષ્ઠ એકાન્તિક ભક્તોને વંદન નમસ્કાર કરૂં છું. (૫)

**ચિદ્રૂપોમુનિસચ્ચિદૌ મુનિવરૌ સ્વયંપ્રકાશો યમી,**
**ગોવિન્દાક્ષરારામકૃષ્ણ મુનયો નારાયણો યો નરઃ ॥**
**પ્રેમાનંદનરોત્તમાદ્ભુતસદાનંદાગુરૂવૈષ્ણવઃ,**
**સર્વાન્ભાગવતાનહં હૃદિ પરમાન્ વન્દે સદૈતાન્નરાન્ ॥૬॥**

૧. ચિદ્રૂપાનંદમુનિ, ૨. સચ્ચિદાનંદમુનિ, ૩. સ્વયંપ્રકાશાનંદમુનિ, ૪. ગોવિન્દાનંદમુનિ, ૫. અક્ષરાનંદમુનિ, ૬. રામકૃષ્ણાનંદમુનિ, ૭. નારાયણાનંદમુનિ, ૮. નરાનંદમુનિ, ૯. પ્રેમાનંદમુનિ, ૧૦. નરોત્તમાનંદમુનિ, ૧૧. અદ્ભૂતાનંદમુનિ, ૧૨. સદાનંદમુનિ, ૧૩. વૈષ્ણવાનંદમુનિ આ સર્વ પરમ ભાગવત્વિરક્ત ભક્તોનું પ્રેમ અને શ્રદ્ધાથી હું મારા હૃદયમાં સદા આ શ્રેષ્ઠ એકાન્તિક ભક્તોને વંદન નમસ્કાર કરૂં છું. (૬)

**હેમન્તોત્તમસૂરવાસ્તુભૃગુજિન્નાંજાલયસ્તુંગજિત્,**
**ખટ્વાંગાડભયસોમવીરમયજિદ્દેવપ્રતાપાદયઃ ॥**
**જાલ્મોમાભયનાંગમાલકરિમાલક્ષઃ કમોરત્નજિત,**
**સર્વાન્ભાગવતાનહં હૃદિ પરમાન્ વન્દે સદૈતાન્નરાન્ ॥૭॥**

૧. હેમન્તસિંહરાજા જીણાભાઈ, ૨. ઉત્તમરાજા દાદા ખાચર, ૩. સૂરા ખાચર, ૪. વસ્તા ખાચર, ૫. ભગુજી પાર્ષદ, ૬. નાજા ભક્ત, ૭. તુંગજી તેજાજી, ૮. ખટ્વાંગ રાજા માચા ખાચર, ૯. અભયરાજા એભલ ખાચર, ૧૦. સોમલા ખાચર, ૧૧. વીરાજી પાર્ષદ, ૧૨. દેવાજી પાર્ષદ, ૧૩. પ્રતાપજી પાર્ષદ, ૧૪. જાલમજી પાર્ષદ, ૧૫. ઉમાભાઈ, ૧૬. નાગપાલ ભક્ત, ૧૭. કરીમજી પાર્ષદ, ૧૮. કમાજીપાર્ષદ, ૧૯. રતનજી પાર્ષદ આ સર્વ પરમ ભાગવત્વિરક્ત ભક્તોનું પ્રેમ અને શ્રદ્ધાથી હું મારા હૃદયમાં સદા આ શ્રેષ્ઠ એકાન્તિક ભક્તોને વંદન નમસ્કાર કરૂં છું. (૭)

**રેવાશંકરસુન્દરૌ ચતુલજારામૌ પ્રભાશંકરૌ,**
**ગાંગેયોમયારામાનંદુભગમૂલા નાચિકેતાદયઃ ॥**
**કાશીપર્વતદેવરામભગવદ્ધેમન્તગોવર્ધનાઃ,**
**સર્વાન્ભાગવતાનહં હૃદિ પરમાન્ વન્દે સદૈતાન્નરાન્ ॥૮॥**

૧. રેવાશંકર વિપ્ર, ૨. સુન્દરજી, ૩. બે તુલજારામ વિપ્ર, ૪. બે પ્રભાશંકર વિપ્ર, ૫. ગાગારામ વિપ્ર, ૬. મયારામ વિપ્ર, ૭. નંદુભાઈ વિપ્ર, ૮. ભગો પાર્ષદ, ૯. મુળો પાર્ષદ, ૧૦. નાચિકેત ભક્ત, ૧૧. કાશીરામભાઈ

પટેલ, ૧૨. પર્વતભાઇ, ૧૩. દેવરામભાઇ પાર્ષદ, ૧૪. ભગવાનભાઇ, ૧૫. હેમન્તજી પાર્ષદ, ૧૬. ગોવર્ધનભાઇ આ સર્વ પરમ ભાગવત્વિરક્ત ભક્તોનું પ્રેમ અને શ્રદ્ધાથી હું મારા હૃદયમાં સદા આ શ્રેષ્ઠ એકાન્તિક ભક્તોને વંદન નમસ્કાર કરૂં છું. (૮)

**આશાજિજ્જયસિંહભીમરવજીદામોદરામૂલજિદ્ગોપાલો,**
**હરજિદ્ગણેશનિભૌ વેણીભયોભક્તરાટ્ ॥**
**અમ્બારામમુકુન્દગાવલરણછોડાઃ શિવોયાજ્ઞિકઃ,**
**સર્વાન્ભાગવતાનહં હૃદિ પરમાન્ વન્દે સદૈતાન્નરાન્ ॥૯॥**

૧. આશજીભાઇ પટેલ, ૨. જયસિંહજીભાઇ, ૩. ભીમજીભાઇ, ૪. રવજીભાઇ, ૫. દામોદરભાઇ, ૬. મૂળજીભાઇ, ૭. ગોપાળ ભક્ત, ૮. હરજીભાઇ, ૯. ગણેશભાઇ, ૧૦. વેણીભાઇ, ૧૧. અંબારામવૈદ્ય, ૧૨. મુકુન્દભાઇ, ૧૩. ગાવલભાઇ, ૧૪. રણછોડભાઇ, ૧૫. શિવરામ યાજ્ઞિક વિપ્ર આ સર્વ પરમ ભાગવત્વિરક્ત ભક્તોનું પ્રેમ અને શ્રદ્ધાથી હું મારા હૃદયમાં સદા આ શ્રેષ્ઠ એકાન્તિક ભક્તોને વંદન નમસ્કાર કરૂં છું. (૯)

**એતેષાંસ્તવનં નૃણાં પ્રિયકરઃ સાયં પ્રગેવાજનાઃ,**
**સર્વાઘક્ષયકારિણં પ્રતિદિનં રમ્યં પઠન્તિત્વિદમ્ ॥**
**તાંસ્તે વૈ ખલુ દર્શયન્તિ કરૂણં નારાયણં મુક્તિદં,**
**તેભ્યશ્ચામલકં યથા કરગતં યચ્છન્તિ મોક્ષં ચ તે ॥૧૦॥**

આટલાં પરમ ભાગવદ્ભક્ત પરમ એકાંતિક ભક્તોનું જે કોઇ સવાર-સાંજ સ્મરણ કરે છે તેના બધા મનોરથો પુરા થાય છે. સર્વ પ્રકારના જીવને વળગેલાં પાપોનો નાશ થાય છે, અતિ સુંદર આ સ્તોત્રનો જે દરરોજ પાઠ કરે છે તેને ભગવાન શ્રીસ્વામિનારાયણ પોતાના દર્શન આપે છે. કરૂણા કરીને આત્યન્તિક મોક્ષ આપે છે. તે સ્મરણ કરનારાને જેમ પોતાના હાથમાં આંબળાનું ફળ પકડી રાખ્યું હોય તેમ જે ઇચ્છે તે સર્વ પદાર્થો અને આત્યન્તિક મોક્ષ પણ તેના હાથમાં જ છે. (૧૦)

# ધર્મધુરંધરનો જય

॥ अष्टपदीयम् ॥

धर्मधुरंधर दैत्यभयंकर भक्तमनोहर भक्तपते ।
बोधसुधाकर भक्तिदिवाकर योगकलाघर योगिगते ॥
जय जय मुनिवरसज्जनशंकर भक्तमहादर भक्तरते ॥जय जय...१॥
जीवदयाकर भक्ततमोहर भक्तसुखर मुक्तिपते ।
वाक्यसुधाधर धर्मसुपंजर कामकलाहर दिव्यगते ॥जय जय...२॥
संकटभंजन चारुविलोचन बन्धविमोचन नामपते ।
नाशितबंधन निर्मदनन्दन दुष्कुरन्धन मुक्तपते ॥जय जय...३॥
शर्मदवन्दन नित्यनिरंजन सज्जनरंजन साधुपते ।
दम्भविभेदन मत्सरखेदन रोषविनाशन शान्तमते ॥जय जय...४॥
विश्वविभावन सज्जनपावन पापविदाहनपादनते ।
सत्पुरुषावन कापुरुषोत्खन कंसनिकन्दन सत्यकृते ॥जय जय...५॥
सत्पथपोषण कापथरोषण लोभविमोषण पापहृते ।
सज्जनभूषण दुर्जनदूषण भक्तविभूषण धर्मरते ॥जय जय...६॥
लोकविलक्षण बोधविचक्षण सज्जनरक्षण सादिवृते ।
पद्मदलेक्षण लक्षितलक्षण दिव्यविभूषण पुष्पधृते ॥जय जय...७॥
कुरु तव किंकरमंघ्रिरजोभरमानत सद्वरमात्मरतिम् ।
सेवनतत्परमिष्टमहादमच्युत केशव नित्यमुनिम् ॥जय जय...८॥

॥ इति नित्यानन्दमुनि विरचिताष्टपदी ॥

પોતાને મળેલાં ભગવાનના સ્વરૂપને ઓળખવું અને તેની ઉપાસના કરવી તે પ્રત્યક્ષ પરમેશ્વરના મૂર્તિમાં જે વિશ્વાસ થવો તે સામાન્ય મનુષ્યના વિચારમાં આવતું નથી. અનેક પ્રકારની શંકા કુશંકાઓ અને તર્ક વિતર્કમાં જ્ઞાન સમજણ અને મસ્તિક અટવાય જાય છે. તેવા સમયમાં મોટા મોટા પંડિતો વિદ્વાનો સંતો મહાત્માઓ કે સિદ્ધ પુરૂષો પણ નિર્ણય કરી શકતા નથી. જ્યારે આપણા સંપ્રદાયના સૌ આશ્રિતો પરમહંસો ભક્તોની આવી ક્ષણ આવી ત્યારે એક

માત્ર નિત્યાનંદ સ્વામી જ અડગપણે આ સાક્ષાત્ આપણને મળ્યા છે તે જ ભગવાન શ્રીસ્વામિનારાયણ અનંતકોટી બ્રહ્માંડના નિયન્તા સર્વઅવતારના અવતારી સર્વોપરી અક્ષરધામના અધિપતિ છે તેવું દૃઢતાપૂર્વક સ્વયં માન્યું અને સૌને પોતાના જ્ઞાન અને અનુભવના બળે મનાવ્યું ત્યારે સૌ તેજ પ્રત્યક્ષ પ્રગટ પ્રમાણ શ્રી સ્વામિનારાયણ ભગવાનની સાકાર ઉપાસના ભક્તિ આરાધના કરવા લાગ્યા છે. તેવી ઉચ્ચ કોટીની સમજણ અને જ્ઞાનની સાથે નિત્યાનંદ મુનિએ ભગવાન શ્રીસ્વામિનારાયણની જે સ્તુતિ પ્રાર્થના કરી છે, જેઓ સંસ્કૃત ભાષાના મહાન પંડિત અને વિદ્વાન હતાં તેમણે સંસ્કૃતમાં અનેક રચનાઓ કરી છે. તેમાંથી આ સ્તોત્ર અષ્ટક એક છે જેના શબ્દોના અર્થનો વિચાર કરીએ --

**ધર્મધુરંધર દૈત્ય ભયંકર ભક્ત મનોહર ।**
**બોધસુધાકર ભક્તિદિવાકર યોગકલાધર યોગિગતે ।**
**જય જય મુનિવરસજ્જનશંકર ભક્તમહાદર ભક્તરતે ॥જયજય..૧॥**

આ ભયાનક કળિયુગમાં જ્યારે સર્વત્ર ધર્મનો ભંગ થઈ રહ્યો છે ત્યારે હે શ્રીહરિ આપ એક જ સર્વ પ્રકારે ચારો દિશાઓથી સદ્ધર્મની રક્ષા કરો છો, તે કલ્યાણકારી ધર્મને તમે જ સારી રીતે ધારણ કરી રહ્યા છો, અર્થાત્ તમે જ તે સત્ય સનાતન ધર્મનું યથાર્થ પાલન અને પોષણ કરો છો તેથી આસુરી વૃત્તિવાળા દૈત્યો દાનવો અસુર ગુરૂઓને મહાન ભયંકર સ્વરૂપે દેખાઓ છો. અને સાત્વિક એવા ભગવાનના ભક્તોને તો તમે તેમના મનને પોતાની મૂર્તિમાં હરિ લેનારા મનોહર મૂર્તિ રૂપે દર્શન આપો છો. ધર્મ ભક્તિ જ્ઞાન વૈરાગ્યનો બોધ રૂપ ઉપદેશ આપવામાં જાણે અમૃતના સાગર સમાન છો. આત્યન્તિક મોક્ષ અપાવનારી શ્રેષ્ઠ શરણાગતિ ભક્તિને જેમ પ્રકાશ કે દીવો સ્પષ્ટ પણે સમગ્ર પદાર્થોને ઓળખાવે છે જણાવે છે દેખાડે છે તેમ દર્શાવો છો. આત્મા અને પરમાત્માનું મેળાપ મિલન કરાવે તેવું જે સાધન જેને યોગ કહે છે તેની જે કળા એટલે કે આઠ અંગ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ તેવી જ રીતે આઠ ક્રિયા

નેતિ, ધોતિ બસ્તિ, કુંજર, કપાલભાતિ, કુંડલીની શક્તિપાત અને ત્રાટક આ જે યોગની કળાઓ છે તેને તમે ધારણ કરી રહ્યા છો. અર્થાત તે સર્વ કળાઓમાં તમેજ પારંગત છો. તે સર્વ કળાઓથી સિદ્ધ થયેલાં યોગીઓ પણ તમને પ્રાપ્ત કરે છે. એવા હે ભગવાન શ્રી સ્વામિનારાયણ મુનિઓને વરવા પ્રાપ્ત કરવા યોગ્ય અને સજ્જન પુરૂષો અને સાત્વિક ભગવાનના ભક્તોનું મહાન આદર પૂર્વક માન સન્માન આપીને તેમને સદ્ગતિ આપો છો તેનું કલ્યાણ કરનારા આત્યંતિક મોક્ષ ગતિ આપનારા છો તેથી તમારો સર્વત્ર જયજયકાર થાય છે. (૧)

**જીવદયાકર ભક્તતમોહર ભક્તસુખકર મુક્તિપતે ।**
**વાક્યસુધાધર ધર્મસુપંજર કામકલાહર દિવ્યગતે ।।જય જય.. ૨।।**

જગતના સર્વ પ્રકારના પામરમાં પામર જીવ ઉપર અકારણ દયા કરો છો. શરણે આવેલાં સ્વ ભક્તોના મનને પોતાની મૂર્તિમાં હરિ લ્યો છો. અને તે ભક્તોને સદા મહાન સુખ જે અક્ષરધામનું અવિનાશી સુખ તે આપો છો. તમારી કૃપા દૃષ્ટિથી મુક્ત સ્થિતિ પ્રાપ્ત કરેલાં સર્વ મુક્તો અક્ષરમુક્તો મહામુક્તો સિદ્ધમુક્તો નિત્યમુક્તોના તમેજ નિયન્તા અને પતિ છો. તમારા મુખમાંથી નીકળેલાં દરેક વાક્ય વચન તે તો જગતના જીવોને અમૃત સાગર સમાન સુખ આપે છે. સનાતન ભાગવધર્મ વર્ણાશ્રમ ધર્મના તમે સાક્ષાત્ પાંજરા સમાન રક્ષક છો. આશ્રિત ભક્તોના હૃદયમાંથી કામવાસનાની સમગ્ર ઈચ્છાઓને દૂર કરીને દિવ્યગતિ જેને આત્યન્તિક મોક્ષગતિ કહે છે તે આપો છો. એવા હે ભગવાન શ્રી સ્વામિનારાયણ મુનિઓને વરવા પ્રાપ્ત કરવા યોગ્ય અને સજ્જન પુરૂષો અને સાત્વિક ભગવાનના ભક્તોનું મહાન આદર પૂર્વક માન સન્માન આપીને તેમને સદ્ગતિ આપો છો તેનું કલ્યાણ કરનારા આત્યન્તિક મોક્ષ ગતિ આપનારા છો તેથી તમારો સર્વત્ર જયજયકાર થાય છે. (૨)

**સંકટભંજન ચારૂવિલોચન બન્ધવિમોચન નામપતે ।**
**નાશિતબંધન નિર્મદનંદન દુષ્કતરંઘન મુક્તપતે ।।જય જય..૩।।**

શરણે આવેલાં જીવમાત્રના જન્મ મૃત્યુ જરાવ્યાધિ રૂપ સંકટોને ભગાવનારા છો. શ્રેષ્ઠ કમળની પાંખડી જેવા નેત્રોથી કરૂણામય દ્દષ્ટિથી ભક્તો સામે નજર રાખો છો. માયાના સર્વ પ્રકારના અહંમમત્વાદિ બંધનોથી આશ્રિતોને છોડાવો છો. શાસ્ત્રોમાં કહેલાં અસંખ્ય નામોના તમેજ પતિ અને તે તે નામોનો જપ કરનારાને ફળપ્રદાતા છો. તમારો આશ્રય કરવાથી જેમના બધા બંધનો નાશ પામી ગયા છે એવા અને જેમના હ્દયમાંથી મદરૂપી અહંકાર નાશ થયો છો તેમને આનંદનો અનુભવ કરાવો છો. દુષ્કર્મોને શાસ્ત્રનિષધ કર્મોને રોકીને મુક્ત સ્થિતિ પ્રાપ્ત કરેલ છે એવા મુક્તોના તમેજ નિયન્તા અને અધિપતિ છો. એવા હે ભગવાન શ્રી સ્વામિનારાયણ મુનિઓને વરવા પ્રાપ્ત કરવા યોગ્ય અને સજ્જન પુરૂષો અને સાત્વિક ભગવાનના ભક્તોનું મહાન આદર પૂર્વક માન સન્માન આપીને તેમને સદ્ગતિ આપો છો તેનું કલ્યાણ કરનારા આત્યન્તિક મોક્ષ ગતિ આપનારા છો તેથી તમારો સર્વત્ર જયજયકાર થાય છે. (૩)

**શર્મદવંદન નિત્યનિરંજન સજ્જનરંજન સાધુપતે ।**
**દંભવિભેદન મત્સરખેદન રોષવિનાશન શાન્તમતે ॥જય જય... ૪॥**

તમારા શરણે આવીને નમસ્કાર કરનારા વંદન કરનારાને મોક્ષ આપો છો. તેનામાં રહેલાં અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરીને જ્ઞાનરૂપી દિવ્ય પ્રકાશ આપો છો. સજ્જન પુરૂષો સાત્વિક ભક્તોને સદા પરમ આનંદ આપો છો. સરળ સ્વભાવના સાધુજનો ભક્તોના તમે જ પતિ નિયન્તા છો. જગતના દંભ કરનારાના હ્દયને ભેદન કરો છો. જીવના હ્દયમાં રહેલાં સૂક્ષ્મ મત્સર રૂપી અન્તઃશત્રુને ભગાડનારા છો. ભક્તોના હ્દયમાંથી ક્રોધ રૂપી રોશનો નાશ કરનારા છો. અને આશ્રિત ભક્તોના હ્દયમાં સદા શાંતિમય સાત્વિક બુદ્ધિને આપો છો. એવા હે ભગવાન શ્રી સ્વામિનારાયણ મુનિઓને વરવા પ્રાપ્ત કરવા યોગ્ય અને સજ્જન પુરૂષો અને સાત્વિક ભગવાનના ભક્તોનું મહાન આદર પૂર્વક માન સન્માન આપીને તેમને સદ્ગતિ આપો છો તેનું કલ્યાણ કરનારા આત્યન્તિક મોક્ષ ગતિ આપનારા છો તેથી તમારો સર્વત્ર જયજયકાર થાય છે. (૪)

**વિશ્વવિભાવન સજ્જનપાવન પાપવિદાહનપાદનતે ।**

**સત્પુરૂષાવન કાપુરૂષોત્ખન કંસનિકન્દન સત્યકૃતે ॥જય જય.. ૫॥**

સમગ્ર વિશ્વના અનંતકોટી બ્રહ્માંડના તમે જ પાલન પોષણ સંભાળ કરીને વિકસાવનારા અને તેનું ભરણ પોષણ કરનારા છો. સત્ય પરાયણ સાત્વિક એવા સજ્જન પુરૂષોને પાવન કરનારા પવિત્રતા આપનારા પણ તમેજ છો. પાપ કરનારા અધર્મનું આચરણ કરનારા દુષ્ટકર્મ કરનારા એવા જ્યાં પણ હોય ત્યાં તમારા ચરણ પડતા જ પગ પડતા જ તેનો નાશ થઇ જાય છે તેવો તમારો પ્રતાપ છે. અને જ્યાં તમારો વાસ થાય છે ત્યાં સત્પુરૂષોનો સમુદાય એકઠો થાય છે અર્થાત તે સ્થળે જાણે સત્પુરૂષોનું સર્વ પ્રકારે રક્ષણ તમે કરો છો. કાયર અને અધર્મી પુરૂષોનો દુષ્ટકર્મ કરનારા પાપીઓનો નાશ કરો છો. જેવી રીતે તમેજ કંસ જેવા પાપીનો નાશ કર્યો છે. હમેંશાં સત્યનું જ આચરણ કરો છો અને પોતાના આશ્રિતોને સત્ય ધર્મમય આચરણ કરાવો છો. એવા હે ભગવાન શ્રી સ્વામિનારાયણ મુનિઓને વરવા પ્રાપ્ત કરવા યોગ્ય અને સજ્જન પુરૂષો અને સાત્વિક ભગવાનના ભક્તોનું મહાન આદર પૂર્વક માન સન્માન આપીને તેમને સદ્ગતિ આપો છો તેનું કલ્યાણ કરનારા આત્યન્તિક મોક્ષ ગતિ આપનારા છો તેથી તમારા સર્વત્ર જયજયકાર થાય છે. (૫)

**સત્પથપોષણ કાપથરોષણ લોભવિમોષણ પાપહૃતે ।**

**સજ્જનભૂષણ દુર્જનદૂષણ ભક્તવિભૂષણ ધર્મરતે ॥જય જય.. ૬॥**

સદા સર્વત્ર સપુરૂષોનું તમે પોષણ કરો છો. કુમાર્ગે ચાલનારા પાપકર્મ અધર્મનું આચરણ કરનારા ઉપર તમારી નારાજગી રોષ રહે છે, જેથી તેનું કલ્યાણ થતું નથી. તમારા આશ્રયે આવેલાં ભકતોને હૃદયમાંથી વિષયાસક્તિ અને ભોગવિલાસના લોભથી છોડાવો છો. અને તે ભક્તોના સર્વ પ્રકારના પ્રારબ્ધ સંચિત ક્રિયમાણ ત્રણેય પ્રકારના પાપ કર્મનો નાશ કરો છો, તેને હરિ લીયો છો. સજ્જન અને સાત્વિક ભક્તોના માટે તમારી ભકિત કે આશ્રય આભૂષણ રૂપ છે. અર્થાત તેમાં સારા ગુણો શોભાનીય પ્રસંશનીય ગુણો આવે

છે. દુર્જન દુષ્ટકર્મ કરનારાના નું દમન કરો છો. અને ભક્તિપરાયણ છે એવા એકાન્તિક પોતાના ભક્તોને શોભાવનારા વિશેષ આભૂષણ રૂપ છો. સદા સદ્ધર્મમાં જ રહેનારા વર્તનારા છો. એવા હે ભગવાન શ્રી સ્વામિનારાયણ મુનિઓને વરવા પ્રાપ્ત કરવા યોગ્ય અને સજ્જન પુરૂષો અને સાત્વિક ભગવાનના ભક્તોનું મહાન આદર પૂર્વક માન સન્માન આપીને તેમને સદ્ગતિ આપો છો તેનું કલ્યાણ કરનારા આત્યંતિક મોક્ષ ગતિ આપનારા છો તેથી જ તમારો સર્વત્ર જયજયકાર થાય છે. (૬)

**લોકવિલક્ષણ બોધવિચક્ષણ સજ્જનરક્ષણ સાદિવૃત્તે ।**
**પદ્મદલેક્ષણ લક્ષિતલક્ષણ દિવ્યવિભૂષણ પુષ્પધૃત ॥જય જય..૭॥**

તમારો પ્રવર્તાવેલો સંપ્રદાય તમારો ઉપદેશ તમારી રીત ભાત સર્વ નવીન છે વિલક્ષણ છે ક્યાંય મળતું આવે તેવું નથી. તમે પોતાના આશ્રિતોને બોધ ઉપદેશ આપીને તેનામાં રહેલાં અજ્ઞાનને દૂર કરવામાં અતિ ચતુર છો વિચક્ષણ છો. સત્યનું આચરણ કરનારા નીતિ નિયમોનું પાલન કરનારા સજ્જનો સાત્વિક પુરૂષો અને ભક્તોનું સદા રક્ષણ કરો છો. સરળ અને સાદગી ભરેલું તમારું વર્તન અને ઉપદેશ છે. વિશાળ કમલની પાંખડી જેવા નેત્રોથી ભક્તોના ઉપર કરૂણા દૃષ્ટિ કરો છો. સામુદ્રિક શાસ્ત્રમાં કહેલાં બધાજ સર્વેશ્વર પણાના બધાજ લક્ષણો ચિન્હો તમારી મૂર્તિમાં દર્શન થાય છો. મોટા મોટા દેવો અને અક્ષરમુક્તોએ ધારણ કરાવેલા દિવ્ય અલૌકિક સુવર્ણના અલંકારો આભૂષણો તમે ધારણ કરી રહ્યા છો. અને સુગંધીદાર રંગબેરંગી વિવિધ પુષ્પોના હારો ગુચ્છો બાજુબંધ અને તોરા ધારણ કરી રહ્યા છો. એવા હે ભગવાન શ્રી સ્વામિનારાયણ મુનિઓને વરવા પ્રાપ્ત કરવા યોગ્ય અને સજ્જન પુરૂષો અને સાત્વિક ભગવાનના ભકતોનું મહાન આદર પૂર્વક માન સન્માન આપીને તેમને સદ્ગતિ આપો છો તેનું કલ્યાણ કરનારા આત્યંતિક મોક્ષ ગતિ આપનારા છો તેથી તમારો સર્વત્ર જયજયકાર થાય છે. (૭)

**કુરૂ તવ કિંકરમંઘ્રિરજોભરમાનત સદ્ધરમાત્મરતિમ્ ।**
**સેવનતત્પરમિષ્ટમહાદરમચ્યુત કેશવ નિત્યમુનિમ્ ॥જય જય..૮॥**

નિત્યાનંદ મુનિ પ્રાર્થના કરે છે કે હે અચ્યુત હે કેશવ નામો ધારણ કરનારા મારા ઈષ્ટદેવ પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ મને એવું શ્રેષ્ઠ વરદાન આપો કે જેથી હું સદા તમારી સેવા કરવામાં તત્પર રહું પણ ક્યારેય મારાથી તેમાં આળસ ઢીલાશ ન આવે. કારણ કે હું તો તમારા દાસનો પણ દાસ થઈને તમારા ચરણની રજ મસ્તક ઉપર ધારણ કરવામાં મારા મોટા ભાગ્ય માનું તેથી મને તમારા સેવક કિંકર નોકર ગુલામ કરીને પણ સાથે રાખો એવા દયાળુ તમો છો. એવા હે ભગવાન શ્રી સ્વામિનારાયણ મુનિઓને વરવા પ્રાપ્ત કરવા યોગ્ય અને સજ્જન પુરૂષો અને સાત્વિક ભગવાનના ભક્તોનું મહાન આદર પૂર્વક માન સન્માન આપીને તેમને સદ્‌ગતિ આપો છો તેનું કલ્યાણ કરનારા આત્યન્તિક મોક્ષ ગતિ આપનારા છો તેથી તમારો સર્વત્ર જયજયકાર થાય છે. (૮)

## હે હરિ તમારામાં મારૂં ચિત્ત રમતું રહો

॥ अष्टपदीयम् ॥

त्वयितुहरेचेतो रमताम् । (ध्रुवपदम्)

नीलेवपुषिवसनानिसितानी । दधे धवे तत्र जगताम् ॥त्वयितु... ॥१॥

विधिभववन्दितचरणसरोजे । वरवृषांगेऽपिवदताम् ॥त्वयितु... ॥२॥

सदसिसाधूनामकृत यो मानम् । मदहर वाक्यैर्मधुरसताम् ॥त्वयितु... ॥३॥

मुक्तापुष्पवरहारसुकण्ठे । कृतभवदूरेभजताम् ॥त्वयितु... ॥४॥

तिष्ठतुतत्रयदाघपदंनः । हृदिसुखसद्मनिभवताम् ॥त्वयितु... ॥५॥

पृथुललाटविराजितचन्द्रे । महीयसिधीमतिमहताम् ॥त्वयितु... ॥६॥

विकचितशोणकमलदलदृष्टे । द्विरदगतौगतौहसताम् ॥त्वयितु... ॥७॥

वदनशशिहृत्तमोभूरिहस्ते । सखेतत्रयस्त्वरंहरताम् ॥त्वयितु... ॥८॥

वासुदेवभणितमेतदर्च्यम् । नृणांश्रवणसोरसंनयताम् ॥त्वयितु... ॥९॥

*॥ इति वासुदेवानंदवर्णी विरचिताष्टपदी ॥*

ભગવાનના ભક્તને પોતાના ઈષ્ટ દેવની મૂર્તિમાં કેવો લગાવ હોય છે તે જો જાણવું હોય તો આ સદ્‌ગુરૂ શ્રીવાસુદેવાનંદ વર્ણીએ રચેલાં સ્તોત્રો અને તેમની કરેલી પ્રાર્થનાને ખાસ સમજવી પડે. તેમના હૃદયમાં જેવી પ્રેમ લક્ષણા ભક્તિ છે તેવીજ ભક્તિ જો જીવના હૃદયમાં આવે ત્યારેજ પરમાત્માની મૂર્તિનું માહાત્મ્ય સમજાય છે અને માહાત્મ્ય સમજાયા વિના મૂર્તિ હૃદયમાં સ્મરણ કરવી કે સદા સ્મૃતિમાં રહેવી સાધારણ વાત નથી. તેથી વર્ણીરાજ શ્રીહરિની પાસે એવીજ સદા યાચના કરે છે કે તેમના હૃદયમાં ચિત્તમાં તમારી જ મૂર્તિ સદા રમતી રહે. તેવાજ અર્થને અભિવ્યક્ત કરતાં આસ્તોત્ર અષ્ટકના શબ્દોના અર્થનો વિચાર કરીએ -

**ત્વયિતુહરેચેતો રમતામ્ । (ધ્રુવપદમ્)**

**નીલેવપુષિવસનાનિસિતાની । દધે ધવે તત્ર જગતામ્ ॥ત્વયિતુ... ॥૧॥**

હે શ્રીહરિ તમારી આ સુંદર દિવ્ય મૂર્તિમાં મારૂં ચિત્ત હમેશાં રમતુજ રહે પણ અન્ય નાશવન્તમાયિક પદાર્થોમાં ન જ ભમે તેવી મારા ઉપર કૃપા દ્દષ્ટિ કરજો. તમારી મૂર્તિ કેવી સુંદર અને મનમોહક છે કે જેને જગત પ્રત્યક્ષ પ્રમાણ જોઈ શકે છે તે મનુષ્ય જેવું રૂપ ધારણ કરીને દર્શન આપો છો. ત્યારે તમારા શ્યામ સુંદર નવીન મેઘના જેવા વર્ણવાળી મૂર્તિએ ધારણ કરેલાં શ્વેત મનોહર વસ્ત્રો તો એવા શોભે છે કે જાણે તેમાં સમગ્ર જગતની શોભા સમાઈ ગઈ છે. એ વાત મારા દિવ્ય સ્વરૂપમાં મારૂં મના સદા રમતું જ રહે તેવી કૃપા પ્રસાદ સદા વર્ષાવતા રહો. (૧)

**વિધિભવવન્દિતચરણસરોજે । વરવૃષાંગેડપિવદતામ્ ॥ત્વયિતુ... ॥૨॥**

હે શ્રીહરિ તમારા કમળ જેવા કોમળ અને દયાળુ ચરણાર્વિન્દને તો મોટા મોટા દેવો સાક્ષાત્ પિતામહ બ્રહ્માજી દેવોના દેવ મહાદેવ અને સમગ્ર દેવતાઓનો સમુદાય સદા વંદન કરે છે . અને તમારા મુખ કમળમાંથી નીકળેલાં શ્રેષ્ઠ ધર્મ ભક્તિ જ્ઞાન વૈરાગ્યનું પોષણ કરનારા દિવ્ય વચનો કે આજ્ઞાનું અનુસરણ કરવા સદા તત્પર રહે છે. એ વાત મારા દિવ્ય સ્વરૂપમાં મારૂં મન સદા રમતું જ રહે તેવી કૃપા પ્રસાદ સદા વર્ષાવતા રહો. (૨)

**સદસિસાધૂનામકૃત યો માનમ્ । મદહર વાક્યૈર્મધુરસતામ્ ।।ત્વયિતુ... ।।૩।।**

અત્યારે કળિયુગમાં મનુષ્ય શરીર ધારણ કરીને વિચરણ કરો છો ત્યારે પાંચસો પરમહંસોની સભામાં કોઈ સાધારણ સાધુ પણ આવે છે. તો તમે ઉદારતાથી તેમનું પણ માન સન્માન કરો છો. અને તેના હૃદયમાં પરમાત્માના દિવ્ય સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરાવો છો. અમૃત જેવા મધુર વચોનાથી સૌ કોઈના મદને માન અહંકારને દૂર કરો છો. અને તેના હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ પ્રસરાવો છો. એ વાત મારા દિવ્ય સ્વરૂપમાં મારૂં મન સદા રમતું જ રહે તેવી કૃપા પ્રસાદ સદા વર્ષાવતા રહો. (૩)

**મુક્તાપુષ્પવરહારસુકણ્ઠે । કૃતભવદૂરેભજતામ્ ।।ત્વયિતુ... ।।૪।।**

શ્રેષ્ઠ મોતીઓની માળા અને સુગન્ધીત રંગ બેરંગી પુષ્પોના સુંદર હાર તમારા શ્રેષ્ઠ કંઠમાં શોભી રહ્યા છે. જેના દર્શન કરનારાના ભજન કરનારાના અને આશ્રય કરનારાના જન્મ મૃત્યુના ભવસાગરના દુઃખોને કષ્ટોને દૂર કરે છે . એ વાત તમારા દિવ્ય સ્વરૂપમાં મારૂં મના સદા રમતું જ રહે તેવી કૃપા પ્રસાદ સદા વર્ષાવતા રહો. (૪)

**તિષ્ઠતુતત્રયદાઘપદંનઃ । હૃદિસુખસદ્મનિભવતામ્ ।।ત્વયિતુ... ।।૫।।**

હે શ્રીહરિ તમારા આ ચરણાર્વિન્દ જ્યાં પણ પડે છે ત્યાંથી સર્વ પ્રકારના પાપો તત્કાળ નાશ પામી જાય છે. એ વાત મારા ચરણ કમળમાં મારૂં મન ચિત્ત સદા સ્થિર થઈને રહો. તેવી કૃપા કરો જેથી મારા હૃદયમાં અવિનાશી અક્ષરધામના મહાન સુખનો આનંદનો સાગર હિલોળ્યા જ કરે તમારી મૂર્તિનું સુખ વિના બીજુ કાંઈ આવરણ જ ન આવે તેવી કૃપા રાખજો. એ વાત તમારા દિવ્ય સ્વરૂપમાં મારૂં મના સદા રમતું જ રહે તેવી કૃપા પ્રસાદ સદા વર્ષાવતા રહો. (૫)

**પૃથુલલલાટવિરાજિતચન્દ્રે । મહીયસિધીમતિમહતામ્ ।।ત્વયિતુ... ।।૬।।**

હે શ્રીહરિ તમારા વિશાલ ભાલ લલાટ જે ઉદારતા અને દયાળુતાનું પ્રતિક છે. જેમાં સુંદર ઉર્ધ્વપુન્ડ્ર તિલક કુંમકુંમના ચાંદલાએ સહિત શોભી રહ્યું છે.

મહાન અને વિચક્ષણ બુદ્ધિમાન વિદ્વાનોની મતિ બુદ્ધિની મહાનતા તેમાં જ રહેલી છે કે તમારા આ દિવ્ય સ્વરૂપમાં જોડાયેલ રહે તો તેમનું સર્વનું જરૂર આત્યન્તિક કલ્યાણ મોક્ષની પ્રાપ્તિ થાય છે. એ વાત મારા દિવ્ય સ્વરૂપમાં મારૂં મના સદા રમતુંજ રહે તેવી કૃપા પ્રસાદ સદા વર્ષાવતા રહો. (૬)

**વિકચિતશોણકમલદલદૃષ્ટે । દ્વિરદગતૌગતૌહસતામ્ ॥ત્વયિતુ... ॥૭॥**

જગતના અનંત જીવોના કલ્યાણ કરવા મનુષ્ય દેહ ધારણ કરીને પૃથ્વી ઉપર વિચરણ કરો છો ત્યારે જેમ મોટા સરોવરમાં પ્રાતઃકાળે સૂર્યોદય થાય અને વિશાળ કમળો ખીલી ઉઠે છે તેવી કોમળ દૃષ્ટિથી સૌ જીવો ઉપર કરૂણા વરસાવતી તમાંરી દૃષ્ટિ પડે છે ત્યારે તેમના સર્વ દુઃખો નાશ થાય છે. તેમના દુઃખોને દૂર કરવા મંદમંદ ગતિથી હસીને જીવોને આનંદ ઉપજાવતા ચાલો છો. એ વાત તમારા દિવ્ય સ્વરૂપમાં મારૂં મના સદા રમતું જ રહે તેવી કૃપા પ્રસાદ સદા વર્ષાવતા રહો. (૭)

**વદનશશિહૃત્તમોભૂરિહસ્તે । સખેતત્રયસ્ત્વરંહરતામ્ ॥ત્વયિતુ... ॥૮॥**

હે શ્રીહરિ તમારા મુખ કમળમાં ચન્દ્રના જેવી શિતળતા છે જે જીવોના હૃદયમાંથી અનાદિકાળના અજ્ઞાનરૂપી અંધકારને તમને ખૂબ સારી રીતે દૂર કરો છો. એ વાત તમારા કરકમળને હે શ્રીહરિ હે મારા સખા સુહૃદ સ્વામી મારા મસ્તકે પણ રાખો જેથી મારામાં કંઈ પણ અજ્ઞાન હોય તો તે તત્કાળ તેનો નાશ કરો એવા દયાળુ તમે છો, એ વાત તમારા દિવ્ય સ્વરૂપમાં મારૂં મના સદા રમતું જ રહે તેવી કૃપા પ્રસાદ સદા વર્ષાવતા રહો. (૮)

**વાસુદેવભણિતમેતદર્ચ્યમ્ । નૃણાંશ્રવણસોરસંનયતામ્ ॥ત્વયિતુ... ॥૯॥**

હે શ્રીહરિ આ તમારો વાસુદેવવર્ણી જે બોલે છે તે પ્રમાણે કોઈ તમારા સ્વરૂપની વંદના કરે કે સ્તુતિ કરે કે સાંભળે અને તે પ્રમાણે આશ્રય કરે તેવા મનુષ્ય માત્રને આ પ્રાર્થના સાંભળવાથી ગાવાથી તેમના હૃદયમાં તમારી દિવ્ય મૂર્તિનું સ્મરણ થાય છે. જેથી તેના જીવાત્માને આત્યન્તિક મહામોક્ષની પ્રાપ્તિ તમારા દ્વારા પ્રાપ્ત કરાવો છો. એ વાત તમારા દિવ્ય સ્વરૂપમાં મારૂં મના સદા રમતું જ રહે તેવી કૃપા પ્રસાદ સદા વર્ષાવતા રહો. (૯)

# જીવને અભયદાતા શ્રીહરિ

॥ अष्टपदीयम् ॥

देवाभयदं नारायण देवाभयदं नारायण ।
रमणीयमे रुपं वरमतिदर्शय ॥देवाभय...॥ (ध्रुवपदम्)
परिहृतकोटिकक्कामायसुषमम् । तरुणवयः संवरणीयमे ॥देवाभय... ॥१॥
सहजानंदनाम वृषकन्दं । करुणावरुणगृहरमणीयमे ॥देवाभय... ॥२॥
हंसद्युतिवसनानियदर्च्यं । दधतिशितिशंकरणीयमे ॥देवाभय... ॥३॥
वामंवामश्रवणेनीलबिन्दुं । केनोदधद्देवधरणीयमे ॥देवाभय... ॥४॥
मुमुदिमहे प्रत्यहंमंजुहारी । वीक्षमनसि देवश्रवणीयमे ॥देवाभय... ॥५॥
सममेतुमब्जंमृगायतदृग्भ्यां । वने वातपस्यन्तिमरणीयमे ॥देवाभय... ॥६॥
दृष्टवामनोतित्वरतिहृद्यं । यन्मेऽनिशंपापंहरणीयमे ॥देवाभय... ॥७॥
वासुदेवोसौनामेतितन्मेचक्रे । भवतुभवभरणीयमे ॥देवाभय... ॥८॥

*॥ इति वासुदेवानंदवर्णी विरचिताष्टपदी ॥*

ભગવાનના ભક્તને પોતાના હૃદયમાં કેવો દૃઢ નિશ્ચય હોય છે કે ઈષ્ટ દેવના દર્શન માત્રથી સર્વ પ્રકારે નિર્ભય થવાય છે. શ્રી વાસુદેવાનંદવર્ણી શ્રીહરિના ચરણોમાં એટલા માટે પ્રાર્થના કરે છે કે હે પ્રભુ તમારા દિવ્ય દર્શન કેવા છે તો જીવ માત્રને જન્મ મૃત્યુના ભયથી રહિત કરીને આત્યન્તિક મોક્ષરૂપ પરમગતિ આપે છે. એવા ભાવને વ્યક્ત કરવા માટે આ સ્તુતિ અષ્ટકની રચના કરેલી છે તેના શબ્દોનો અર્થ વિચારીએ --

॥ અષ્ટપદીયમ્ ॥

**દેવાભયદં નારાયણ દેવાભયદં નારાયણ ।**
**રમણીયમે રૂપં વરમતિદર્શય ॥દેવાભય... ॥ (ધ્રુવપદમ્)**

હે પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીસ્વામિનારાયણ દિવ્ય સ્વરૂપે પોતાના અવિનાશી અક્ષરધામમાં વિરાજમાન છો તે જ તમો અહિં મનુષ્ય શરીર ધારણ કરીને જીવોને માયામય પંચભૌતિક નાશવંન્ત શરીરથી છોડાવીને દિવ્ય ભાગવતી તનું આપીને અભય વરદાન આપો છો. એવા હે પ્રભુ તમારા

અતિ રમણીય મનમોહક સ્વરૂપના મને દર્શન કરાવો જેથી હું પણ નિર્ભય થઈને તમારો આશ્રય કરીને મારા આત્માનું શ્રેય કરી શકું.

**પરિહૃતકોટિકકામાયસુષમમ્ । તરૂણવયઃ સંવરણીયમે ।।દેવાભય... ।।૧।।**

હે શ્રીહરિ તમારી આ દિવ્ય મૂર્તિનું રૂપ તો એવું છે જાણે કરોડો કામદેવના ગર્વને તત્કાળ જ હરિ લીયો છો. તેના અહંકારનો ક્ષણમાત્રમાં નાશ થઈ જાય છે. કારણ કે તમારા રૂપની સમાન જગતમાં બીજું કોઈ રૂપવાન કે ગુણવાન છે નહીં. તમારી આ મૂર્તિ સદા કિશોરવય અને રૂપને અને તરુણ અવસ્થાના ગુણને સદા ધારણ કરીને રહ્યા છે. તેને સારી રીતે સંભાળીને સાચવીને અખંડ રાખી રહ્યાં છો. એવા હે પ્રભુ તમારા અતિ રમણીય મનમોહક સ્વરૂપ નામને દર્શન કરાવો જેથી હું પણ નિર્ભય થઈને તમારો આશ્રય કરીને મારા આત્માનું શ્રેય કરી શકું. (૧)

**સહજાનંદનામ વૃષકન્દં । કરૂણાવરૂણગૃહરમણીયમે ।।દેવાભય... ।।૨।।**

તમારા દિવ્ય નામનો એવો પ્રતાપ છે જે શાસ્ત્રોમાં આવે છે કે कलौ हरिकीर्तनात् તે વાક્યનું સાક્ષાત્ દર્શન થાય છે. સહજમાં જગતના સર્વ જીવ માત્રને અતિ આનંદ આપનારા છો તેથી સહજાનંદ નામથી આ યુગમાં પ્રસિદ્ધ છો, અને તે નામ ધારણ કરીને ધર્મના અવતાર એવા ધર્મદેવના પુત્રરૂપે પ્રગટ થઈને ભાગવદ્ધર્મની પૃથ્વી ઉપર રક્ષા કરવા વિચરણ કરો છો. તે અતિ કરૂણાના સાગર એવા તમોએ અતિ કરૂણા દયા કરીને દીન પામર જીવોના ઘરો સુધી જઈને તેમને પોતાનું સ્વરૂપ ઓળખાવો છો. એવા હે પ્રભુ તમારા અતિ રમણીય મનમોહક સ્વરૂપ નામનું દર્શન કરાવો જેથી હું પણ નિર્ભય થઈને તમારો આશ્રય કરીને મારા આત્માનું શ્રેય કરી શકું. (૨)

**હંસદ્યુતિવસનાનિયદર્ચ્યં । દધતિશિતિશંકરણીયમે ।।દેવાભય... ।।૩।।**

માનસરોવરમાં કૈકારવ કરતાં હંસના સમાન અતિ શ્વેત અને સ્વચ્છ તેજસ્વી વસ્ત્રો ધારણ કરેલ આ તમારી મૂર્તિનું હજારો ભક્તો ભક્તિભાવથી સદા પૂજન અર્ચન કરે છે . તેમના હૃદયમાં ચિરકાળ પર્યન્ત શાન્તિ આપનારા છો કલ્યાણ કરો છો. અર્થાત આત્યન્તિક મોક્ષગતિ આપીને પોતાના દિવ્ય

અક્ષરધામમાં તેડી જાવ છો. એવા હે પ્રભુ તમારા અતિ રમણીય મનમોહક સ્વરૂપ નામનું દર્શન કરાવો જેથી હું પણ નિર્ભય થઈને તમારો આશ્રય કરીને મારા આત્માનું શ્રેય કરી શકું. (૩)

**વામંવામશ્રવણેનીલબિન્દું । કેનોદધદ્દેવધરણીયમે ॥દેવાભય... ॥૪॥**

જગતના પામર જીવોનો ઉદ્ધાર કરવો એ તો જેમના માટે સાધારણ છે, ડાબા હાથનું કામ છે. એવા અલૌકિક સામર્થ્યવાળા તમારા આ માનવ શરીરના ડાબા કાનની અંદર રહેલાં શ્યામ બિન્દુ કાળો તલ તેના દર્શન કે સ્મરણ કરનારાને પોતાના મોક્ષની કોઈ પણ પ્રકારની ચિન્તા કે ભય રહેતો નથી. તેને તો તમો સ્વયં જેમ શૈષનારાયણ પૃથ્વીને પોતાના મસ્તક ઉપર સાચવીને ધારણ કરી રાખે છે, તેમ તે ભક્તને તમો સાચવીને તમારી પાસે રાખો છો, અર્થાત અક્ષરધામમાં રાખો છો. એવા હે પ્રભુ તમારા અતિ રમણીય મનમોહક સ્વરૂપના મને દર્શન કરાવો જેથી હું પણ નિર્ભય થઈને તમારો આશ્રય કરીને મારા આત્માનું શ્રેય કરી શકું. (૪)

**મુમુદિમહે પ્રત્યહંમંજુહારી । વીક્ષમનસિ દેવશ્રવણીયમે ॥દેવાભય... ॥૫॥**

તમારો આશ્રય કરનારા એકાન્તિક ભક્તો દિવ્ય અક્ષરધામમાં નિત્ય પ્રતિ કાયમ અનેક પ્રકારના મનગમતા આનંદનો અનુભવ કરે છે. તેને સમાધિમાં તમારી કૃપાથી યોગીઓ સિદ્ધ પુરૂષો પ્રત્યક્ષ જોઇ શકે છે. અને સત્શાસ્ત્રોમાં શ્રીભાગવતાદિ પુરાણો વેદો ઉપનિષદો અને સત્સંગિજીવન, સત્સંગિભૂષણમાંથી પણ તેવું જ સાંભળવામાં આવે છે. એવા હે પ્રભુ તમારા અતિ રમણીય મનમોહક સ્વરૂપ નામનું દર્શન કરાવો જેથી હું પણ નિર્ભય થઈને તમારો આશ્રય કરીને મારા આત્માનું શ્રેય કરી શકું. (૫)

**સમમેતુમબ્જંમૃગાયતદગ્ભ્યાં । વને વાતપસ્યન્તિમરણીયમે ॥દેવાભય... ॥૬॥**

હે શ્રીહરિ તમારી કૃપા કે ઉપાસના ભક્તિ વિના સંસાર સાગરને પાર થવું એ તો એવું છે જેમ મહાભયાનક જંગલમાં કોઈ મૃગ ઉપર વનરાજની દૃષ્ટિ પડે પછી બચવું જેમ કઠણ છે. તેમ ભક્તિ વિના વનમાં કઠોર તપસ્વીઓ તપ કરે છે . પરન્તુ તેમના માથે પણ મૃત્યુનો ભય સદા રહ્યા કરે છે. પરન્તુ

તમારા શરણાગતને તમો નિર્ભય કરો છો. એવા હે પ્રભુ તમારા અતિ રમણીય મનમોહક સ્વરૂપ નામનું દર્શન કરાવો જેથી હું પણ નિર્ભય થઈને તમારો આશ્રય કરીને મારા આત્માનું શ્રેય કરી શકું. (૬)

**દૃષ્ટવામનોતિત્વરયતિહૃદ્યં । યન્મેડનિશંપાપંહરણીયમે ॥દેવાભય... ॥૭॥**

હે શ્રીહરિ તમારી કરૂણામય દૃષ્ટિથી જીવના હૃદયમાંથી તત્કાળ પૂર્વજન્મ કૃત અસંખ્ય પાપનો સમૂદાય નાશ પામી જાય છે. અને તેના હૃદયમાં અતિ દિવ્યાનંદની પ્રાપ્તિ થાય છે. તે સદા નિત્ય પ્રતિ મારા હૃદયમાં પણ તેવો જ આનંદ તમારી પ્રસન્નતાથી મળે છે. એવા હે પ્રભુ તમારા અતિ રમણીય મનમોહક સ્વરૂપ નામનું દર્શન કરાવો જેથી હું પણ નિર્ભય થઈને તમારો આશ્રય કરીને મારા આત્માનું શ્રેય કરી શકું. (૭)

**વાસુદેવોસૌનામેતિતન્મેચક્રે । ભવતુભવભરણીયમે ॥દેવાભય... ॥૮॥**

હે શ્રીહરિ આ હું તમારો દાસ વાસુદેવાનંદવર્ણી જગતના જીવોને સાવધાન કરીને કહુ છું કે તમો સર્વ ભગવાન શ્રીસ્વામિનારાયણનું નામ માત્ર જપ કરશો તો તમારા બધા દુઃખો કષ્ટો નાશ થશે અને અન્તે મોક્ષની પ્રાપ્તિ થશે. અને જગતમાં તમારૂં સર્વ રીતે ભરણ પોષણ અને રક્ષણ પણ તે પરમાત્મા જ કરશે એવા દયાળુ છો તમે પ્રભુ. એવા હે પ્રભુ તમારા અતિ રમણીય મનમોહક સ્વરૂપ નામનું દર્શન કરાવો જેથી હું પણ નિર્ભય થઈને તમારો આશ્રય કરીને મારા આત્માનું શ્રેય કરી શકું. (૮)

*॥ ઈતિ વાસુદેવાનંદવર્ણિ વિરચિતાષ્ટપદી ॥*

# દશાવતાર સ્તોત્ર

॥ द्रुतविलम्बितवृत्तम् ॥

प्रथमतः शकुलाकृतिरादधे श्रुतिगणोधरणाय धरातले ॥
पटुतरासुरसंघ विनाशिने भुवि भजे हरिकृष्णमहं हृदि ॥१॥
सपदि येन नवातिशितैर्नखैरसुरराडदितिजः प्रतिचस्करे ॥
तदुरसोऽतिविधाय विदारणं भुवि भजे हरिकृष्णमहं हृदि ॥२॥

अतुलमन्दरभृत्कमठाकृतिस्तिलमिवाथ दधे धरणीतलम् ॥
सगिरियेन लसद्दशनांचले भुवि भजे हरिकृष्णमहं हृदि ॥३॥
त्रिपदमात्रमितक्षितियाचनं छलतया वरवामनरुपिणि ॥
छलयितु बलिमेव तनुर्धृता भुवि भजे हरिकृष्णमहं हृदि ॥४॥
धृतशरासनराजकुलं कुले भुवि भृगोरवतीर्य समूलतः ॥
परशुभृद्वपुषा निधनीकृतं भुवि भजे हरिकृष्णमहं हृदि ॥५॥
क्षितिसुतापतिदाशरथिर्भवन् पृथुतरं प्रविलंध्य पयोनिधिम् ॥
दशमुखं बिभिदे किललीलया भुवि भजे हरिकृष्णमहं हृदि ॥६॥
प्रबलकंसकुलं बिभिदे भृशं गिरिधरो वसुदेवसुतोऽथ यः ॥
जनितमात्रजनातिदयोदधिः भुवि भजे हरिकृष्णमहं हृदि ॥७॥
असुरसंघविमोहनकारकः सकरुणोऽथ कलेरवसानके ॥
अखिलपापिविनाशवित्ताश्च यो भुवि भजे हरिकृष्णमहं हृदि ॥८॥

*॥ इति दीनानाथ भट्ट रचित दशावतारस्तोत्रम् ॥*

ભગવાન શ્રીહરિ સ્વામિનારાયણ મનુષ્ય શરીર ધારણ કરીને પૃથ્વી ઉપર વિચરણ કરતા હતાં ત્યારે અનેક જીવોને પોતાના દિવ્ય સ્વરૂપનો નિશ્ચય કરાવવા માટે કોઈને સમાધિમાં તો કોઈને પ્રત્યક્ષપણે પૂર્વમાં પોતે ધારણ કરેલાં અવતારોના દર્શન કરાવતા હતા તે પ્રમાણે મહાન પંડિત દીનાનાથ ભટ્ટને જેવા દશ અવતાર સ્વરૂપે દર્શન થયા તેની સ્તુતિ તેમણે ભગવાન શ્રીહરિકૃષ્ણના રૂપની કરી છે. આ અષ્ટકમાં સ્તુતિમાં તેના અર્થ વિચારીએ-

**પ્રથમતઃ શકુલાકૃતિરાદધે શ્રુતિગણોધરણાય ધરાતલે ॥**
**પટુતરાસુરસંઘ વિનાશિને ભુવિ ભજે હરિકૃષ્ણમહં હૃદિ ॥૧॥**

કલ્પના અન્તમાં સત્યવ્રત નામના રાજા અને ઋષિમુનિઓ તેમજ વેદોનો ઉદ્ધાર કરવા માટે માહા મત્સ્યનું રૂપ માછલીનું રૂપ ધારણ કરીને હયગ્રીવ નામના અસુરનો વિનાશ કરીને ઋષિમુનિઓ વેદો અને રાજાનું રક્ષણ કરનારા એવા આ કળિયુગમાં મનુષ્ય માત્રને ભુવિ ઉપર પૃથ્વી ઉપર ભજન ઉપાસના ભક્તિ કરવા યોગ્ય મારા ઈષ્ટદેવ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ જ છે તેમનું હું મારા હૃદયમાં ભજન કરૂં છું. (૧)

**સપદિ યેન નવાતિશિતૈર્નખૈરસુરરાડદિતિજઃ પ્રતિચસ્કરે ॥**

**તદુરસોઽતિવિધાય વિદારણં ભુવિ ભજે હરિકૃષ્ણમહં હૃદિ ॥૨॥**

દિતિ પુત્ર અસુરોના રાજા હિરણ્યકશિપુએ અતિ પોતાના ભક્ત પ્રહલાદને દુઃખ આપ્યું ત્યારે સ્થંભમાંથી વિકરાળ નૃસિંહા કૃતિ ધારણ કરીને પ્રગટ થઈને અસુરના બધા વરદાનોનું સ્મરણ કરાવીને પોતાના સાથળ ઉપર રાખીને અતિ તિક્ષ્ણ નખોથી તેના હૃદયને ચીરી નાખીને વિનાશ કરનારા અને જગતનું અસુરના ત્રાસથી રક્ષણ કરનારા એવા આ કળિયુગમાં મનુષ્ય માત્રને ભુવિ ઉપર પૃથ્વી ઉપર ભજન ઉપાસના ભક્તિ કરવા યોગ્ય મારા ઈષ્ટદેવ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ જ છે તેમનું હું મારા હૃદયમાં ભજન કરૂં છું. (૨)

**અતુલમન્દરભૃત્કમઠાકૃતિસ્તિલમિવાથ દધે ધરણીતલમ્ ॥**

**સગિરિયેન લસદશનાંચલે ભુવિ ભજે હરિકૃષ્ણમહં હૃદિ ॥૩॥**

દેવો અને દાનવોને અમર થવા માટે સમુદ્રના તળમાં રહેલાં અમૃત મેળવવા માટે સમુદ્ર મંથન અતિ વિશાળ અને ભારી ભરખમ એવા મંદરાચળ પર્વતને લાવીને મંથન કાર્ય શરૂ કર્યું તે પર્વત રસાતળમાં જવા માંડ્યો ત્યારે પોતાના ભક્ત એવા દેવોનું કાર્ય સિદ્ધ કરવા માટે કઠોર પીઠવાળુ કાચબાનું રૂપ ધારણ કરીને પોતાની પીઠ ઉપર મહાન પર્વત મંદરાચળને ધારણ કરી રાખનારા એવા આ કળિયુગમાં મનુષ્ય માત્રને ભુવિ ઉપર પૃથ્વી ઉપર ભજન ઉપાસના ભક્તિ કરવા યોગ્ય મારા ઈષ્ટ દેવ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ જ છે તેમનું હું મારા હૃદયમાં ભજન કરૂં છું. (૩)

**ત્રિપદમાત્રમિતક્ષિતિયાચનં છલતયા વરવામનરૂપિણી ॥**

**છલયિતું બલિમેવ તનુર્ધૃતા ભુવિ ભજે હરિકૃષ્ણમહં હૃદિ ॥૪॥**

પોતાના જ ભક્ત અસુરોના રાજા બળીની પાસે છળકપટથી માત્ર ત્રણ પગલા પૃથ્વીની યાચના કરીને ત્રિલોકીનું રાજ્ય ઈન્દ્રાદિ દેવોને આપીને સુખી કરનારા શ્રેષ્ઠ બટુકનું વામનનું રૂપ ધારણ કરનારા એવા આ કળિયુગમાં મનુષ્ય માત્રને ભુવિ ઉપર પૃથ્વી ઉપર ભજન ઉપાસના ભક્તિ કરવા યોગ્ય

મારા ઈષ્ટ દેવ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ જ છે તેમનું હું મારા હૃદયમાં ભજન કરૂં છું. (૪)

**ધૃતશરાસનરાજકુલં કુલે ભુવિ ભૃગોરવતીર્ય સમૂલતઃ ॥**
**પરશુભૃદ્વપુષા નિધનીકૃતં ભુવિ ભજે હરિકૃષ્ણમહં હૃદિ ॥૫॥**

પ્રજાનું શાસન કરનારા રાજાઓ ક્ષત્રિયોમાં જ્યારે અતિ અહંકાર અને ઉચ્છૃંખલતા આવી ગઇ ત્યારે ભૃગુકુલમાં પ્રગટ થઈને હાથમાં ફરશી કુવાડો ધારણ કરીને કાર્તવીર્ય સહસ્રાર્જુન રાજાનો અને એકવીસ વખત આવા શાસકો ક્ષત્રિયોનો મૂળ સહિત વિનાશ કરનારા એવા આ કળિયુગમાં મનુષ્ય માત્રને ભૂવિ ઉપર પૃથ્વી ઉપર ભજન ઉપાસના ભક્તિ કરવા યોગ્ય મારા ઈષ્ટ દેવ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ જ છે તેમનું હું મારા હૃદયમાં ભજન કરૂં છું. (૫)

**ક્ષિતિસુતાપતિદાશરથિર્ભવન્ પૃથુતરં પ્રવિલંઘ્ય પયોનિધિમ્ ॥**
**દશમુખં બિભિદે કિલલીલયા ભુવિ ભજે હરિકૃષ્ણમહં હૃદિ ॥૬॥**

પૃથ્વીમાંથી પ્રગટેલાં જનક નન્દિની જાનકી સીતાજીના પતિ મર્યાદા પુરૂષોત્તમરામ સ્વરૂપે મહારાજા દશરથના રાજમહેલમાં પ્રગટ થઈને વિશાળ સાગરને ઉલંઘન કરીને અત્યન્ત શક્તિશાળી દશ માથાવાળા રાવણનો લીલી માત્રમાં જેમ બાળકો રમત રમતા હોય તેવી રીતે રમતાં રમતાં વિનાશ કરનારા. એવા આ કળીયુગમાં મનુષ્ય માત્રને ભુવિ ઉપર પૃથ્વી ઉપર ભજન ઉપાસના ભક્તિ કરવા યોગ્ય મારા ઈષ્ટ દેવ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ જ છે તેમનું હું મારા હૃદયમાં ભજન કરૂં છું. (૬)

**પ્રબલકંસકુલં બિભિદે ભૃશં ગિરિધરો વસુ દેવસુતોઽથ યઃ ॥**
**જનિતમાત્રજનાતિદયોદધિઃ ભુવિ ભજે હરિકૃષ્ણમહં હૃદિ ॥૭॥**

જગતના જીવ માત્ર ઉપર દયા સાગર એવી કરૂણાવાળા વસુદેવજીના પુત્રરૂપે પ્રગટ થઈને ગોવર્ધન પર્વતને પોતાની એક આંગળી ઉપર ધારણ કરનારા પ્રબળ મહાન બળવા નકંસનો કુળ સહિત વિનાશ કરીને વારંવારં જગતનું રક્ષણકરનારા. એવા આ કળીયુગમાં મનુષ્ય માત્રને ભુવિ ઉપર પૃથ્વી

ઉપર ભજન ઉપાસના ભક્તિ કરવા યોગ્ય મારા ઈષ્ટ દેવ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ જ છે તેમનું હું મારા હ્રદયમાં ભજન કરૂં છું. (૭)

**અસુરસંઘવિમોહનકારકઃ સકરૂણોઽથ કલેરવસાનકે ॥**
**અખિલપાપિવિનાશવિત્તાશ્ચ યો ભુવિ ભજે હરિકૃષ્ણમહં હૃદિ ॥૮॥**

મહા ભયાનક કળીયુગના બળવાન આસુરી વૃત્તિવાળા દુષ્ટકર્મ કરવાવાળા અસુરોના સમુદાયને પોતાના ચરિત્રથી મોહભ્રમ ઉત્પન્ન કરવા વાળા અને ભક્તો ઉપર કરૂણાવાળા સમગ્ર પાપીઓ જીવ હિંસા અભક્ષ્યનું ભક્ષણ કરનારાનો વિનાશ કેવી રીતે કરવો તેના ઉપાયને જાણીને તેનો નાશ કરનારા એવા આ કળીયુગમાં મનુષ્ય માત્રને ભુવિ ઉપર પૃથ્વી ઉપર ભજન ઉપાસના ભક્તિ કરવા યોગ્ય મારાઈષ્ટ દેવ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ જ છે તેમનું હું મારા હ્રદયમાં ભજન કરૂં છું. (૮)

*॥ઈતિ દીનાનાથ ભટ્ટ રચિત દશાવતાર સ્તોત્રમ્ ॥*

## हे श्रीहरि माऱु मन सदा तमारामां रहे

॥ श्रीहरि स्तुति । सत्संगीजीवनस्थ मुक्तानंदमुनिकृत ॥
(गुर्जरी रागे एकताली तालेगीयते)

रमतां सततं सततमखे त्वयि मानसं मम सखे ॥ (ध्रुवपदम्)
अशरणशरणे भवभयहरणे बहुतरकरुणालये ।
सुखकरचरिते मुनिवरविदिते गुणगणवरुणालये ॥रमतां... ॥१॥
धृतसितवसने कृतमितहसने रुचिरचिकुरराजिते ।
शशिनिभवदने द्युतिजितमदने सकलसुरसभाजिते ॥रमतां... ॥२॥
प्रविततनयने क्षणजितजयने विविधकुसुमहारके ।
ततरदलिके कृतवरतिलके निजजनसुखकारके ॥रमतां... ॥३॥
परसुखनिलये परदरविलये सुररिपुमतिमोहने ।
अघचयहरणे सुखचयकरणे निगमगरसदोहने ॥रमतां... ॥४॥

हृतसुरशमले करधृतकमले परिधृतपुरुभूषणे ।
कलिबलकदने शुभमतिसदने परिहृतनिजदूषणे ॥रमतां... ॥५॥
प्रशमितकोषे कृतमदलोपे मुनिवरगणनन्दिते ।
अतिमृदुहृदये निजजनसदये सुरनरमुनिवन्दिते ॥रमतां... ॥६॥

*॥ सत्संगीजीवन प्र.३ अ. ६३ ॥*

આપણાં સંપ્રદાયમાં મુક્તાનંદ સ્વામીને સૌની માતા સમાન કહેલ છે માં જેમ પોતાના બાળકનું હિત કરે છે તેમ તેઓ સમગ્ર સંપ્રદાયના આશ્રિતોનું કેમ હિત થાય તેવું જ સદા પોતે કાર્યો કરે છે અને શ્રીહરિને પણ તેવી જ પ્રાર્થના કે વિનંતી સદા કરતા રહે છે. તે તેમના કીર્તનોના પદોમાં આપણને બહુસ્પષ્ટ પણે જોવા સમજવા અને જાણવા મળે છે. અને મહારાજના સ્વરૂપમાં તેમને ઉત્કૃષ્ટ મિત્રતાનો સદા પ્રેમપૂર્વકનો આદર અભિવ્યક્ત થાય છે. બહુજ સરળતાથી અને દીન ભાવે શ્રીહરિને કંઇ પણ વાત કહેવી હોય તો પ્રાર્થના અને વિનન્તિથી જ કહેવાની તેમની રુચિ રહેલી હોય છે. મુક્તાનંદ મુનિએ પોતાની રચનાઓમાં શરણાગત ભક્તિની સર્વોત્કૃષ્ટ અભિવ્યક્તિ ગુજરાતી ભાષાના પદોમાં અને વૃજભાષાની રચનાઓમાં અને સંસ્કૃતના શ્રેષ્ઠ ગ્રન્થોમાં કરી છે. ભક્તિ કોને કહેવાય અને તે કેવી રીતે કરાય તે જો કોઇને શિખવું હોય તો મુક્તાનંદ મુનિની રચનાઓનો હૃદયથી સમજણપૂર્વક અભ્યાસ કરવો જ પડે તેમ છે. તેથી તો શ્રીહરિએ તેમને જીવન પર્યન્ત સંપ્રદાય સંબન્ધી શાસ્ત્રોની રચના કરવાની આજ્ઞા કરી હતી. તેવી જ આજ્ઞા શ્રીહરિએ આજ વિક્રમ સંવત ૧૮૭૫ના દિવસે વડતાલમાં પોતાના જ દિવ્ય સ્વરૂપ એવા ભગવાન શ્રીનરનારાયણ દેવનો જન્મોત્સવ એટલે કે પુષ્પદોલોત્સ કર્યો અને તે મહા મહોત્સવમાં દેશાન્તરોથી આવેલાં હજારો મુમુક્ષુ આશ્રિત ભક્તોને ધર્મ ભક્તિ જ્ઞાન અને વૈરાગ્યનો ઉપદેશ અનેક પ્રકારના પૌરાણિક કથાઓ કહીને આપ્યા પછી સૌના હૃદયમાં શાન્તિ વળે તેવા સંગીતમય કીર્તન ગાવાની શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને આજ્ઞા કરીને અને સ્વામીએ આ સંસ્કૃત ભાષામાં અતિ ભાવવાળી શૈલીમાં શ્રીહરિની પ્રાર્થના કરી છે જેના શબ્દોનો અર્થ વિચારીએ --

## શ્રીહરિ સ્તુતિ મુક્તાનંદસ્વામીકૃત (સત્સંગિજીવનસ્થ)
## (ગુર્જરી રાગે એકતાલી તાલેગીયતે )

**રમતાં સતતં સતતમખે ત્વયિ માનસં મમ સખે ॥ (ધ્રુવપદ)**
**અસરણશરણે ભવભયહરણે બહુતરકરૂણાલયે ॥**
**સુખકરચરિતે મુનિજનવિદિતે ગુણગણવરૂણાલયે ॥રમતાં..॥૧॥**

હે સખે પ્રિય મિત્ર હે શ્રીહરિ તમારા આ પ્રત્યક્ષ પ્રગટ મનુષ્યા કૃતિ સ્વરૂપ કે જે સદા સર્વત્ર વિચરણ કરતાં કરતાં સતત મોટા મોટા યજ્ઞો મહામહોત્સવો સમૈયાઓ જેવા કે રામનવમીનો જન્માષ્ટમીનો પ્રબોધિનીનો ફુલદોલનો કરો છો અને તેમાં આવેલાં હજારો ભક્તોને લૌકિક સુખ ભોજન પ્રસાદ આપો છો અને અલૌકિક સુખ સ્વસ્વરૂપનું જ્ઞાન અને સમાધિમાં દિવ્ય ધામોના દર્શન કરાવીને આપો છો એવું તમારૂં સ્વરૂપ મારા મનમાં હમેંશાં રમતું રહે સ્મરણ કરતું રહે. કારણ કે આ તમારૂં પ્રગટ સ્વરૂપ તો જીવ માત્રને માટે અશરણનું શરણ નિરાધારનો આધાર છે. ભવસાગરમાં જન્મ મૃત્યુના દુઃખ ભોગવતાં જીવોને તે મહાભયાનક દુઃખનો ભય દૂર કરે છે. અવધિ વિનાની અતિકરૂણાના દયાના સાગર છો. જીવ માત્રને સદા સુખ થાય તેવું જ તમારૂં વર્તન આચરણ અને ઉપદેશ છે. જેવો ઉપદેશ તેવું જ શુદ્ધ ચરિત્ર છે. તે સર્વ વાતોને પાંચસો પરમહંસો મુનિઓ સમાધિમાં પ્રત્યક્ષ જોઇને જાણીને તમારો આશ્રય કરે છે. કલ્યાણકારી સત્ય શૌચ આદિ ગુણોના સમગ્ર સમુદાયના સાગર છો એવા હે શ્રીહરિ મારા પરમ સખા મિત્ર અને ઈષ્ટ પરમાત્મા તમારા આ પ્રત્યક્ષ દર્શનીય સ્વરૂપમાં મારૂં મન સદા રમતું રહે. (૧)

**ધૃતસિતવસને કૃતમિતહસને રૂચિરચિકુરાજિતે ॥**
**શશિનિભવદને દ્યુતિજિતમદને સકલસુરસભાજિતે ॥રમતાં..॥૨॥**

હે શ્રીહરિ તમે આ પ્રત્યક્ષ માનવ દેહ ધારણ કરીને સદા સૌને સુખશાન્તિ અને સૌમ્યતા આપનારા શ્વેત વસ્ત્રોને ધારણ કરો છો. નિષ્કલંક એવા સફેદ વસ્ત્રોમાં શોભાયમાન તમારૂં સદા મંદમંદ હાસ્ય પ્રસરાવતું તમારૂં ચન્દ્ર સમાન મુખારવિન્દવાળા અને મસ્તક ઉપર સુંદર કેશની શોભા ધારણ કરેલાં છો.

ચન્દ્રના જેવું તેજસ્વી પ્રકાશમાન મુખ કમળથી સુખ આપો છો. તમારા રૂપની કમનીયતા એવી છે જે જગત આખાને પોતાના કામ બાણથી પરાજીત કરનારા કામ દેવના ગર્વને પણ જીતી લીયો છે. સમગ્ર મોટા મોટા દેવો બ્રહ્મા ભવ આદિની વિશાળ સભામાં સૌ તમારી જ પૂજા અર્ચના કરે છે . એવા હે શ્રીહરિ મારા પરમ સખા મિત્ર અને ઈષ્ટ પરમાત્મા તમારા આ પ્રત્યક્ષ દર્શનીય સ્વરૂપમાં મારૂં મન સદા રમતું રહે. (૨)

**પ્રવિતતનયનેક્ષણજિતજયને વિવિધકુસુમહારકે ॥**

**તત તરદલિકે કૃતવરતિલકે નિજજનસુખકારકે ॥રમતાં..॥૩॥**

આશ્રિતજનોના હિત માટે સદ ાવિશાળ કમળની પાંખડી જેવા કોમળ નયનોથી કરૂણામય દૃષ્ટિ રાખી રહ્યા છો. જેથી ભક્તોના હૃદયમાંથી ક્ષણ માત્રમાં કામ ક્રોધાદિ અન્તઃશત્રુઓ જીતાય જાય છે. તે તમારા આશ્રિત ભક્તોએ તમારા સુંદર કંઠમાં અનેક પ્રકારના રંગબેરંગી સુગન્ધિત પુષ્પોની માળાઓનો સમુદાય ધારણ કરાવેલ છે. અને ઉન્નત અને વિશાળ કપાળમાં અતિ શ્રેષ્ઠ અને શોભાયમાન ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરેલ છે. પોતાના આશ્રિત ભક્તોને સદા ઉત્તમ સુખ આલોક અને પરલોકમાં આપનારા છો. એવા હે શ્રીહરિ મારા પરમ સખા મિત્ર અને ઈષ્ટ પરમાત્મા તમારા આ પ્રત્યક્ષ દર્શનીય સ્વરૂપમાં મારૂં મન સદા રમતું રહે. (૩)

**પરસુખનિલયે પરહરવિલયે સુરરિપુમતિમોહને ॥**

**અઘચયહરણે સુખચયકરણે નિગમગરસદોહને ॥રમતાં..॥૪॥**

પરમ અવિનાશી મહાસુખ બ્રહ્માનંદના આનંદના સાક્ષાત્ આશ્રય સ્થાન છો. આશ્રિત જીવ માત્રના જન્મ મૃત્યુ સંસારના ભયને નાશ કરનારા છો. માનવ દેહ ધારણ કરીને મનુષ્ય ચરિત્ર કરતાં આસુરી બુદ્ધિવાળા અસુરો અને નાસ્તિકોને તેની બુદ્ધિમાં મોહ ભ્રમ ઉત્પન્ન કરનારા છો. આશ્રિત ભક્તોના પ્રારબ્ધ સંચિત અને ક્રિયામાણ ત્રણેય પ્રકારના કર્મોને પાપોને નાશ કરનારા છો, તે ભક્તોને સર્વ પ્રકારના લૌકિક અને અલૌકિક દિવ્ય આનંદ આપનારા છો. સમગ્ર સત્શાસ્ત્રો વેદો ઉપનિષદો સ્મૃતિઓ અને પુરાણોના

સાર સારનું દોહન કરીને વચનામૃત અને શ્રીશિક્ષાપત્રીનો ઉપદેશ પોતાના આશ્રિત ભક્તોને આપો છો. એવા હે શ્રીહરિ મારા પરમ સખા મિત્ર અને ઈષ્ટ પરમાત્મા તમારા આ પ્રત્યક્ષ દર્શનીય સ્વરૂપમાં મારૂં મન સદા રમતું રહે. (૪)

**હૃતસુરશમલેકરધૃતકમલે પરિધૃતપુરૂભૂષણે ॥**

**કલિબલકદને શુભમતિસદને પરિહૃતનિજદૂષણે ॥રમતાં..॥૫॥**

આશ્રિત ભક્તો અને જીવ માત્રના આધ્યાત્મિક આધિ દૈવિક આધિ ભૌતિક સબંધી દુઃખો જે જન્મ મૃત્યુરૂપ શૂળ છે તેનું નિવારણ કરનારા છો. અને તે આશ્રિત જીવોને સર્વ પ્રકારના સુખ સમૃદ્ધિ આપવાના પ્રતિક સમાન પોતાના કમળ જેવા કોમળ હાથમાં કમળ પુષ્પને ધારણ કરી રહ્યા છો. દર્શન કરનારા ભક્તોને સુખ આપવા માટે વિવિધ પ્રકારના અનેક સુવર્ણમય હિરા નંગ જડીત આભૂષણો ધારણ કરી રહ્યા છો. કળિયુગના મહાન બળવાન એવા અન્તઃશત્રુ કામ ક્રોધના બળને ભક્તોના હૃદયમાંથી નાશ કરનારા છો. તેના બદલામાં આશ્રિત ભક્તોના હૃદયમાં ઉદારતા દયાળુતા અને કરૂણામય શ્રેષ્ઠ બુદ્ધિમતિને આપો છો. અને તેમાં રહેલાં દોષો જેવા કે આળસ ભય નિદ્રા મૈથુનાદિકને દૂર કરનારા છો. એવા હે શ્રીહરિ મારા પરમ સખા મિત્ર અને ઈષ્ટ પરમાત્મા તમારા આ પ્રત્યક્ષ દર્શનીય સ્વરૂપમાં મારૂં મન સદા રમતું રહે. (૫)

**પ્રશમિતકોપે કૃતમદલોપે મુનિવરગણનન્દિતે ॥**

**અતિમૃદુહૃદયે નિજજનસદયે સુરનરમુનિવન્દિતે ॥રમતાં..॥૬॥**

શરણે આવનારા ક્રૂરમાં ક્રૂર જીવના હૃદયમાંથી ક્રૂરતા અને ક્રોધનો નાશ કરો છો. આસુરી બુદ્ધિવાળા પોતાના મત પંથ અને જ્ઞાનના ગર્વિષ્ટ એવા કહેવાતા ગુરૂઓના અહંકારનો નાશ કરનારા છો. દુર્વાસા મુનિના શ્રાપથી માનવ દેહ ધારેલાં મરીચી આદિ મુનિઓના સમુદાયને પોતાના દિવ્ય સ્વરૂપનું જ્ઞાન આપીને આનંદિત કરનારા છો. સંસાર સાગરમાં ડુબતાં જીવોને જોઈને દયાને કરૂણાથી જેમનું મન અતિશે પીગળી જાય છે એવા મૃદુ કોમળ

હૃદયવાળા છો. સદા પોતાના આશ્રિતો ઉપર અકારણ દયાવાળા છો. જેથી ઈન્દ્રાદિક દેવો બ્રહ્માદિક બ્રહ્માંડાધિશ્વરો મનુષ્યો સિદ્ધો મુનિઓ તમારૂં સદા પૂજન અર્ચન કરે છે. એવા હે શ્રીહરિ મારા પરમ સખા મિત્ર અને ઈષ્ટ પરમાત્મા તમારા આ પ્રત્યક્ષ દર્શનીય સ્વરૂપમાં મારૂં મન સદા રમતું રહે. (૬) *(સત્સંગિજીવનપ્ર. ૩ અ. ૬૩)*

## ધર્મસુત કૃષ્ણને વંદન

॥ श्रीहरिस्तुति उपजाति ॥ सत्संगिजीवनस्थ अभयराजा कृत ॥

सिताम्बरं नैष्ठिकवर्णिवेषं पीताम्बरं तं नटवर्यवेषम् ।
नवाम्बुदश्यामलसुन्दराङ्गं वन्दे हरिं धर्मसुतं च कृष्णम् ॥१॥
शान्तान्तरस्वाश्रितमण्डलस्थं शृङ्गारिगोपीगणमण्डलस्थम् ।
सरोजपत्राभविलोलनेत्रं वन्दे हरिं धर्मसुतं च कृष्णम् ॥२॥
वृन्देन्धन स्रग्धरपद्मपाणिं वृन्दावने सुस्वरवेणुपाणिम् ।
विचित्रपुष्पोत्तमचारुहारं वन्दे हरिं धर्मसुतं च कृष्णम् ॥३॥
समाधिविस्मापितसर्वलोकं रासक्रियाचित्रितदेवलोकम् ।
कन्दर्पदर्पोत्खनातिदक्षं वन्दे हरिं धर्मसुतं च कृष्णम् ॥४॥
स्वभक्तसत्सद्मविराजमानं ज्योतिर्मये धामनि शोभमानम् ।
स्वानां हरन्तं हृदयानि दृष्ट्या वन्दे हरिं धर्मसुतं चं कृष्णम् ॥५॥
शिरः पटापीडनिजात्मलोभं मयूरपत्रालिकिरीटशोभम् ।
पद्मादिलक्ष्माङ्कितपादयुग्मं वन्दे हरिं धर्मसुतं च कृष्णम् ॥६॥
स्वदत्तभूषाः सहसा ददानं स्वाङ्गेषु भूषा विविधा दधानम् ।
सकालमायाभयदाभिधानं वन्दे हरिं धर्मसुतं च कृष्णम् ॥७॥
भक्तान्तरारिक्षपणप्रतापं गोगोपगोपीरिपुदैत्यतापम् ।
पादानमत्स्वीयजनैकबन्धुं वन्दे हरिं धर्मसुतं च कृष्णम् ॥८॥

સર્વાવતારી સર્વોપરી ભગવાન શ્રીસ્વામિનારાયણ ઉદ્ધવ સંપ્રદાયની ધર્મધુરા ધારણ કરીને સમગ્ર વિશ્વમાં રામાનંદ સ્વામીના શિષ્યો અને મુમુક્ષુઓ ભગવદ્દ્ભક્તોને ધર્મ ભક્તિ જ્ઞાન વૈરાગ્યનો ઉપદેશ આપીને પોતાના

સર્વોપરી સ્વરૂપની ઉપાસના કરાવીને આત્યન્તિક મોક્ષના મહા માર્ગે વાળવા માટે ગામે ગામ વિચરણ કરીને મોટા મોટા ઉત્સવો જન્માષ્ટમી પ્રબોધની રામનવમી અને ફુલદોલના સમૈયાઓ કરીને તેમાં હજારોનો માનવ મહેરામણ એકઠો કરીને સૌને આ મહાભિયાનમાં મોક્ષ ભાગી બનાવવા વિચરણ કરવાનું પ્રારંભ કર્યું તેમાં સરધારથી કારિયાણી આવીને વસંત પંચમીનો ઉત્સવ કર્યો જેમાં ગઢપુરના અભરાજા અને તેમના પરિવારને શ્રીહરિનો યોગ થયો અને તેઓ શ્રીહરિને પોતાના નગર તેડી લાવ્યા અને મોટા ઉત્સવ કરવાની પ્રાર્થના કરી ત્યારે સ્વયં શ્રીહરિએ પોતાના દિવ્ય અવતાર ભગવાન શ્રીનરનારાયણનો પ્રાકટ્ય દિવસ ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રએ યુક્ત વિક્રમ સંવત ૧૮૬૧ના ફાગણ વદ-૧ ના દિવસે પુષ્પદોલોત્સવ કર્યો અને ત્યાર પછી ચૈત્ર માસમાં રામનવમીના સમૈયા પ્રસંગે શ્રીહરિનો પણ પ્રાકટ્યોત્સવ છે જાણનારા અભયરાજાએ ભગવાન શ્રીહરિની શોડષોપાચારથી પૂજન અર્ચન કરીને પછી શ્રીહરિને પોતાના નગરમાં રોકવા માટે આગ્રહ કર્યો ત્યારે શ્રીહરિએ તેમને પોતાના દિવ્ય સ્વરૂપના દર્શન કરાવ્યા. મોરમુગટ ધારીવંશી વિભૂષિત કરારવિન્દવાળા પીળુ પીતામ્બર ધારી રહેલા શ્રીકૃષ્ણ ચન્દ્રરૂપે દર્શન થયા તેજ આ શ્રીહરિ મારા આંગણે ભગવાન શ્રીસ્વામિનારાયણ રૂપે વિરાજમાન છે. તે ઉભય બન્નેય દિવ્ય સ્વરૂપોના દર્શન કરીને ધન્ય થયેલાં અભયરાજા શ્રીહરિને નમ્ર ભાવથી પોતે જોયેલાં સ્વરૂપના વર્ણન પૂર્વક સ્તુતિ પ્રાર્થના કરે છે જેના શબ્દોના અર્થને જોઈએ અને સમજવાનો પ્રયત્ન કરીએ –

આ સંસ્કૃત ભાષાના અષ્ટકમાં આર્ષદષ્ટા શતાનંદમુનિએ પરમાત્માના દિવ્ય સ્વરૂપના જેવા અભયરાજાને દર્શન થયા તેવા જ દિવ્ય પોતાને પણ સમાધિમાં તેવાજ દિવ્ય દર્શન થયા તેનું વર્ણન કરવા માટે અભયરાજાના મુખથી આ અલૌકિક સ્તોત્ર અષ્ટક પ્રગટ કર્યો છે. તેમાં બન્નેય સ્વરૂપની એકતા અને સમાનતાના દર્શન કરાવવા માટે પ્રથમ પાદમાં જેવા ભગવાન શ્રીહરિ અત્યારે સામે પ્રત્યક્ષ પ્રમાણ રૂપ વિરાજમાન છે તે સ્વરૂપનું વર્ણન કરવા રૂપ સ્મરણ

કર્યું છે અને બીજા પાદમાં જે દિવ્ય દર્શન આપ્યા તે સ્વરૂપનું વર્ણન કર્યું છે. અને ત્રીજા પદમાં આ બેય સ્વરૂપમાં રહેલ એકતા તેનામાં રહેલાં ગુણો અને ધર્મોનું વિશેષપણે વર્ણન કરે છે. ચોથા પદમાં બન્નેય અવતાર ધારણ કરીને જે નામથી શાસ્ત્રોમાં અને જગતમાં પ્રસિદ્ધ જે નામો છે તે નામો લઈને નમ્રતાથી પ્રાર્થના કરે છે.

**સિતામ્બરંનૈષ્ઠિકવર્ણિવેષંપીતામ્બરંતંનટવર્યવેષમ્ ॥**
**નવામ્બુદ શ્યામલસુંદરાંગંવન્દેહરિં ધર્મસુતંચકૃષ્ણમ્ ॥૧॥**

શાન્તિ અને સાત્વિકતા પ્રતિક સમા સદા શ્વેત સફેદ વસ્ત્રોમાં નૈષ્ઠિક બ્રહ્મચારીઓ બટુક વર્ણીના જેવો વેશ ધારણ કરીને માનવ શરીરે પોતાના ભક્તોને દર્શન આપતા શ્રીહરિ તેજ સ્વરૂપે ત્યાગ અને વૈરાગ્યના પ્રતિક સમાન પીતામ્બર પીળા વસ્ત્રો અને આભૂષણો ધારણ કરીને શ્રેષ્ઠ નટના જેવી ક્રીડા અર્થાત રાસક્રીડા કરવાની તૈયારી જેવો સુંદર વેશ ધારણ કરનારા છો. તે બેય વેશ ધારણ કરનાર તમારૂં સ્વરૂપ નવીન મેઘ જે સૌ પ્રથમ વખત અષાઢ માસમાં ચડી આવતા ઘટાદાર વાદળોના જેવા શ્યામ અને સ્નેહ યુક્ત મનમોહક સુંદર મૂર્તિ જે પ્રત્યક્ષ દર્શન થાય છે તેજ સમાધિમાં પણ દર્શન આપો છો. એવા હે ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયેલા સાક્ષાત્ પરમાત્મા શ્રીકૃષ્ણ તમારા ચરણોમાં હું વંદન સાષ્ટાંગ પ્રણામ કરૂં છું. (૧)

**શાન્તાન્તરત્વાશ્રિતમણ્ડલસ્થંશૃંગારિગોપીગણમણ્ડલસ્થમ્ ॥**
**સરોજપત્રાભવિલોલનેત્રંવન્દેહરિં ધર્મસુતંચકૃષ્ણમ્ ॥૨॥**

પોતાના દિવ્ય દર્શન માત્રથી જેમના હૃદયમાંથી અન્તઃ શત્રુઓ કામ ક્રોધ લાભાદિ નાશ થઈ ગયા છે. એવા પોતાના આશ્રિત પરમહંસોના મંડળના મધ્યમાં વિરાજો છો, અર્થાત સ્વભક્તોની વિશાળ સભામાં સદા દર્શન આપો છો. તેજ તમો વિવિધ પ્રકારના શ્રૃંગાર સજીને રાસક્રીડાની યાચના કરતી ગોપીઓના સમુદાયની વચ્ચે વિરાજમાન છો. તે બેય સ્વરૂપની શોભા તો એવી છે કે જેમના નેત્રો વિશાળ કમળની પાંખડી જેવા અને અતિ ચંચળ ચપળતાએ યુક્ત છે. એવા હે ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયેલા સાક્ષાત્

પરમાત્મા શ્રીકૃષ્ણ તમારા ચરણોમાં હું વંદન સાષ્ટાંગ પ્રણામ કરૂં છું. (૨)

**વૃન્દેન્ધનસ્રાગ્ધરપદ્મપાણિંવૃન્દાવનેસુસ્વરવેણુપાણિમ્ ॥**
**વિચિત્રપુષ્પોત્તમચારૂહારંવન્દેહરિં ધર્મસુતંચકૃષ્ણમ્ ॥૩॥**

આ પ્રત્યક્ષ વિશાળ સભામાં પોતાના ભક્તોના હિત માટે અનુકરણીય થાય તે માટે પોતાના જમણા હસ્ત કમળમાં સુંદર તુલસીના કાષ્ટમાંથી બનાવેલી માળાને ધારણ કરી રહ્યા છો. અને ડાબા હસ્ત કમળમાં સુગન્ધીત સુંદર કમળના પુષ્પને ધારણ કરી રહ્યા છો. તેજ તમે પરમાત્મા શ્રીકૃષ્ણ સ્વરૂપે વૃન્દાવનમાં ગોપીઓની સાથે રાસ ક્રીડા કરવા માટે હાથમાં સુંદર મધુર સ્વરોવાળી મોરલી વેણું ધારણ કરી રહ્યા છો. તે સમાધિમાં થયેલાં દર્શન અને આ પ્રત્યક્ષ દર્શન આપતા સ્વરૂપમાં એકતા એ છે કે બેય સ્વરૂપના કંઠમાં સુગન્ધીદાર રંગબેરંગી ચિત્રવિચિત્ર પુષ્પોના સુંદર હાર શોભી રહ્યાં છે. એવા હે ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયેલા સાક્ષાત્ પરમાત્મા શ્રીકૃષ્ણ તમારા ચરણોમાં હું વંદન સાષ્ટાંગ પ્રણામ કરૂં છું. (૩)

**સમાધિવિસ્માપિતસર્વલોકંરાસક્રિયાચિત્રિત દેવલોકમ્ ॥**
**કન્દર્પદર્પોત્ખનનાતિદક્ષંવન્દેહરિં ધર્મસુતંચકૃષ્ણમ્ ॥૪॥**

આ ભયાનક કળિયુગમાં પણ હજારો સભાજનોને સમાધિ કરાવીને જગતના લોકોને આશ્ચર્યચકિત કરો છો, તેવી જ રીતે ગોપીઓ સાથે દિવ્ય રાસક્રીડા કરીને સમસ્ત દેવ સમાજને વિસ્મિત કર્યો છે, તે તમારા દિવ્ય સ્વરૂપમાં એવું સામર્થ્ય છે કે જેને જોઇને અપરાજેય એવા સાક્ષાત કામદેવના ગર્વનો નાશ કર્યો છે. એવા હે ધર્મ દેવના પુત્ર રૂપે પ્રગટ થયેલા સાક્ષાત્ પરમાત્મા શ્રીકૃષ્ણ તમારા ચરણોમાં હું વંદન સાષ્ટાંગ પ્રણામ કરૂં છું. (૪)

**સ્વભક્તસત્પદ્મવિરાજમાનંવૃન્દાવનાક્રીડસુ શોભમાનમ્ ॥**
**સ્વાનાંહરન્તંહૃદયાનિદૃષ્ટ્યાવન્દેહરિં ધર્મસુતંચકૃષ્ણમ્ ॥૫॥**

પોતાના આશ્રિત પ્રેમીભક્તોના સાધારણ માટીના ઘરોમાં સાક્ષાત્ અનંતકોટી બ્રહ્માંડાધિશ્વર સર્વાવતારી એવા આપ પ્રત્યક્ષ મનુષ્યાકૃતિ ધારણ કરીને વિરાજો છો, તેજ સ્વરૂપે વૃન્દાવનમાં તેજોમય સ્વરૂપે વ્રજવાસી ગોપીઓ સાથે

રાસક્રીડા કરતાં અતિ શોભો છો. જ્યારે સ્વભક્તો ઉપર દૃષ્ટિ કરો છો ત્યારે તેમના હૃદય મનને પોતાના સ્વરૂપમાં મૂર્તિમાં ખેંચી લો છો. એવા હે ધર્મ દેવના પુત્ર રૂપે પ્રગટ થયેલા સાક્ષાત્ પરમાત્મા શ્રીકૃષ્ણ તમારા ચરણોમાં હું વંદન સાષ્ટાંગ પ્રણામ કરૂં છું. (૫)

**શિરઃપટાપીડનિજાત્મલોભંમયૂરપત્રાલિકિરીટ શોભમ્ ॥**
**પદ્માદિલક્ષ્માંકિતપાદયુગ્મંવન્દેહરિં ધર્મસુતંચકૃષ્ણમ્ ॥૬॥**

અહિં મનુષ્યાકૃતિ ધારી સ્વરૂપે મસ્તક ઉપર સુંદર મોળીયું ધારણ કરીને પોતાના ભક્તોના મનને લોભાવો છો. અને વૃજમાં મયૂર પીંછવાળા મોરમુગટ ધારણ કરીને અતિશે શોભાયામાન રૂપના દર્શન કરાવો છો. તે તમારા બેય સ્વરૂપોમાં કમળ આદિક સોળ ચિન્હથી યુક્ત યુગલ ચરણાર્વિન્દથી શોભાયમાન છો. એવા હે ધર્મ દેવના પુત્ર રૂપે પ્રગટ થયેલા સાક્ષાત્ પરમાત્મા શ્રીકૃષ્ણ તમારા ચરણોમાં હું વંદન સાષ્ટાંગ પ્રણામ કરૂં છું. (૬)

**સ્વદત્તભૂષાઃસહસાદદાનંસ્વાંગેષુભૂષાવિવિધાદધાનમ્ ॥**
**સકાલમાયાભયદાભિધાનંવન્દેહરિં ધર્મસુતંચકૃષ્ણમ્ ॥૭॥**

આમ પ્રત્યક્ષ સ્વરૂપે વિરાજમાન થઈને પોતાના ભક્તોએ અર્પણ કરેલાં બહુ મૂલ્ય વસ્ત્રો અને સુવર્ણના આભૂષણો તત્કાળ પ્રેમથી કોઈ જરૂરિયાતવાળાને આપી દો છો. અને દિવ્ય સ્વરૂપે વૃન્દાવનમાં અનેક પ્રકારના વસ્ત્રાભૂષણો સ્વયં ધારણ કરીને ભક્તોને અલૌકિક દર્શન આપો છો. જેથી દર્શન કરનારાના કાળા માયા જન્મ મૃત્યુના મહાભયનો નાશ કરો છો. એવા હે ધર્મ દેવના પુત્ર રૂપે પ્રગટ થયેલા સાક્ષાત્ પરમાત્મા શ્રીકૃષ્ણ તમારા ચરણોમાં હું વંદન સાષ્ટાંગ પ્રણામ કરૂં છું. (૭)

**ભક્તાન્તરારિક્ષપણ પ્રતાપંગોગોપગોપીરિપુદૈત્યતાપમ્ ॥**
**પાદાનમત્સ્વીયજનૈકબન્ધુંવન્દેહરિં ધર્મસુતંચકૃષ્ણમ્ ॥૮॥**

આ તમારા પ્રત્યક્ષ મનુષ્યાકૃતિ સ્વરૂપના દર્શન આશ્રય કરે છે તેના હૃદયમાંથી અંતઃશત્રુઓ કામ ક્રોધાદિનો નાશ થાય તેવો તમારો પ્રતાપ અને ઐશ્વર્ય છે. તેવી જ રીતે ગાયો ગોવાળીયા અને ગોપીઓના શત્રુ એવા દૈત્ય કંસાદિકને મહાન ભય તાપ ઉત્પન્ન કરો છો. પણ જે કોઈ તમારા શરણે

આવે છે કે નમસ્કાર કરે છે તેમના તો સ્વજન મિત્ર કે સબંધીજ થઈને રહો છો. એવા હે ધર્મ દેવના પુત્ર રૂપે પ્રગટ થયેલા સાક્ષાત્ પરમાત્મા શ્રીકૃષ્ણ તમારા ચરણોમાં હું વંદન સાષ્ટાંગ પ્રણામ કરૂં છું. (૮)

## દયાર્જવાદિના સાગર ધર્મનંદનું ભજન

॥ पंचचामरवृत्तम् ॥

दयार्जवादिसागरंनिरन्तरप्रजागरंप्रसून दिव्यशेखरंविदांवरं मनोहरम् ॥
प्रवालसन्निभाधरंविनम्रभक्तशंकरंसुरैः कृताभि वंदनंभजामि धर्मनंदनम् ॥१॥
स्वसाधुशर्मकारिणंजगन्नरानुसारिणंप्रसूनगुच्छधारिणं करेणुमन्दचारिणम् ॥
स्वशुद्धकीर्तिकारिणंशरण्यकष्टहारिणंसुरैः कृताभि वंदनंभजामि धर्मनंदनम् ॥२॥
कृपाकटाक्षवीक्षणंदयानिधिसुलक्षणं समाधियोगशिक्षणंफलादिनित्यभक्षणम् ॥
सदाहिदीनरक्षणंस्वचिन्तनंप्रतिक्षणंसुरैः कृताभि वंदनंभजामि धर्मनंदनम् ॥३॥
अजादि देवकारणंसुरारिसैन्यमारणंभवाब्धिभक्ततारणम्समग्रविश्व धारणम् ॥
अधिश्रितोत्तमांगणप्रकोष्टपुष्पकंकणंसुरैः कृताभि वंदनंभजामि धर्मनंदनम् ॥४॥
सुभक्तिदैत्यमोहनंचवेदसारदोहनंकुवासनाव्यपोहनंचसत्पथप्ररोहणम् ॥
सुनासिकंसुलोचनंनिजाश्रितार्तिमोचनंसुरैः कृताभि वंदनंभजामि धर्मनंदनम् ॥५॥
सुधाकरप्रभाननंस्वधिष्टिताधिकाननंभुजंगदादि शोभनंसुरादि चित्तलोभनम् ॥
अनघ्यर्यमौलिवेष्टनं सदामुदासुचेष्टनंसुरैः कृताभि वंदनंभजामि धर्मनंदनम् ॥६॥
तपस्वियोगिनायकंधरासुकृद्विधायकंपुराणवेदगायकंप्रशान्तकामसायकम् ॥
सतां सदासहायकंस्वभक्तमोक्षदायकंसुरैः कृताभि वंदनंभजामि धर्मनंदनम् ॥७॥
अनंतविश्वकारकंह्यनन्तपापहारकंहिमोष्णवर्षसाहकंसतांगतिं विनायकम् ॥
कृताधिकाध्वखण्डनंच भक्ति धर्मण्डनंसुरैः कृताभि वंदनंभजामि धर्मनंदनम् ॥८॥

*॥ इति मंजुकाशानन्दविरचितं हरिभजनाष्टकम् ॥*

મંજુકેશાનંદ મુનિ ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં રહેલાં અનંત કલ્યાણકારી સદ્‌ગુણોનું વર્ણન કરીને તે પરમાત્મા ધર્મનંદન ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભજન કરવાનો દૃઢ નિશ્ચય આ સ્તોત્ર અષ્ટકમાં અભિવ્યક્ત કરે છે . તેના અર્થનો વિચાર કરીએ -

**દયાર્જવાદિસાગરંનિરન્તરપ્રજાગરંપ્રસૂન દિવ્યશેખરંવિદાંવરં મનોહરમ્ ॥**
**પ્રવાલસન્નિભાધરંવિનમ્રભક્તશંકરંસુરૈઃકૃતાભિ વંદનંભજામિ ધર્મનંદનમ્ ॥૧॥**

હે શ્રીહરિ આ પૃથ્વી ઉપર મનુષ્ય શરીર ધારણ કરીને વિચરણ કરો છો. તે તમારા સ્વરૂપમાં જીવમાત્ર ઉપર દયા કરવા રૂપ ગુણ અને આર્જવતા આદિ અનેક કલ્યાણકારી દિવ્ય સદ્‌ગુણોના સાગર તમારી મૂર્તિ છે. તે આ મૂર્તિમાં નિરન્તર સમગ્ર પ્રજાઓના ઉત્થાન માટે અને તે સર્વને મોક્ષની પ્રાપ્તિ થાય તેજ કાર્ય કરો છો. મનુષ્ય માત્રના હ્દયમાં દિવ્ય જ્ઞાનના સૂર્યનો ઉદય થાય અને તે જીવાત્મા આત્યન્તિક મોક્ષના ઉન્નત શિખરે પહોંચે તેવો જ ઉપદેશ આપીને મોટા મોટા વિદ્વાનોમાં શ્રેષ્ઠ એવા પંડિતોના મનને પણ ગમે તેવા જ્ઞાનને આપો છો. સમુદ્રમાંથી નીકળેલા પ્રવાલની સમાન તમારા અધરોષ્ઠમાંથી નીકળતા અમૃતમય વચનોને તમારા એકાન્તિક ભક્તોનો સમુદાય અતિ નમ્રતાથી પોતાના મસ્તક ઉપર ધારણ કરે છે . તેનું સર્વ પ્રકારે તમે શ્રેય અર્થાત આત્યન્તિક કલ્યાણ મોક્ષ અક્ષરધામમાં અક્ષરમુક્તની પદવી આપો છો. એવા મારા ઈષ્ટદેવ પરમાત્મા ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયેલા શ્રી સ્વામિનારાયણ ભગવાન તમારૂં સર્વત્ર સમગ્ર બ્રહ્માંડોમાં મોટા મોટા દેવતાઓ વારંવાર નત મસ્તકે અભિવાદન કરે છે . અને હું પણ તમારા ચરણોનો આશ્રય કરીને ભજન કરૂં છું. (૧)

**સ્વસાધુશર્મકારિણંજગન્નરાનુસારિણંપ્રસૂનગુચ્છધારિણં કરેણુમન્દચારિણમ્ ॥**
**સ્વશુદ્ધકીર્તિકારિણંશરણ્યકષ્ટહારિણંસુરૈઃકૃતાભિ વંદનંભજામિ ધર્મનંદનમ્ ॥૨॥**

પોતાના શરણે આવેલાં સાધુ પુરૂષો સત્પુરૂષો સાત્વિક એવા ભક્તોને તમારા દિવ્ય અક્ષરધામનું પદને આત્યન્તિક મોક્ષ આપો છો. જગતના જીવોને મોક્ષ અપાવવા માટે તે મનુષ્યના જેવું આચરણ અને વર્તન વ્યવહાર કરો છો. જેથી સૌ લોકોને પોતાના જ લાગે અને તમારામાં સ્નેહ થાય તો મોક્ષ પ્રાપ્ત કરી શકે. સદા સુખ શાન્તિ અને સમૃદ્ધિના પ્રતિક સમા કમળ પુષ્પના ગુચ્છને પોતાના હસ્ત કમળમાં ધારણ કરી રાખો છો. પ્રસન્ન મુખ મુદ્રાથી મંદમંદ હાસ્ય કરતાં કરતાં પોતાના હસ્ત કમળથી સૌને અભયદાન આપો

છો. તમારો આશ્રય કરે છે તેની જગતમાં સારી કીર્તિ અને યશની પ્રાપ્તિ કરાવો છો. શરણાગત સર્વ જીવ પ્રાણી માત્રના સમગ્ર કષ્ટ આ લોક અને પરલોકના દૂર કરો છો. એવા મારા ઈષ્ટદેવ પરમાત્મા ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયેલા શ્રી સ્વામિનારાયણ ભગવાન તમારૂં સર્વત્ર સમગ્ર બ્રહ્માંડોમાં મોટા મોટા દેવતાઓ વારંવાર નત મસ્તકે અભિવાદન કરે છે. અને હું પણ તમારા ચરણોનો આશ્રય કરીને ભજન કરૂં છું. (૨)

**કૃપાકટાક્ષવીક્ષણંદયાનિધિસુલક્ષણં સમાધિયોગશિક્ષણંફલાદિનિત્યભક્ષણમ્ ॥**
**સદાહિદીનરક્ષણંસ્વચિન્તનંપ્રતિક્ષણંસુરૈઃકૃતાભિ વંદનંભજામિ ધર્મનંદનમ્ ॥૩॥**

હે શ્રીહરિ તમો માનવ શરીરે વિચરણ કરતાં સર્વ જીવો ઉપર અતિ કૃપા કરીને કરૂણામય દ્દષ્ટિથી જુવો છો અને તેના દુઃખોને દૂર કરો છો. એજ તમારામાં રહેલાં દયાના સાગરપણાનું શ્રેષ્ઠ લક્ષણ ઉદાહરણ છે. તમારા પરમહંસોને અને આશ્રયે આવેલાં સમગ્ર જગતના જીવોને સમાધિ કરાવીને પરમાત્માનો યોગ થાય તેવું જ્ઞાન કરાવો છો. માનવ શરીરને શુદ્ધ અને પવિત્ર રાખવા માટે સદા સાત્વિક એવા ફળોનું ભક્ષણ કરો છો. અને તેવો ઉપદેશ આપો છો. સદા ત્રણેય જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિમાં દીન ગરીબ સાધારણ જીવોનું રક્ષણ કરો છો. સ્વસ્વરૂપનું સર્વદા પ્રતિક્ષણ શ્વાસેશ્વાસે જગતના હિત માટેનું ચિન્તન કરો છો. એવા મારા ઈષ્ટદેવ પરમાત્મા ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયેલા શ્રી સ્વામિનારાયણ ભગવાન તમારૂં સર્વત્ર સમગ્ર બ્રહ્માંડોમાં મોટા મોટા દેવતાઓ વારંવાર નત મસ્તકે અભિવાદન કરે છે . અને હું પણ તમારા ચરણોનો આશ્રય કરીને ભજન કરૂં છું. (૩)

**અજાદિ દેવકારણંસુરારિસૈન્યમારણંભવાબ્ધિભક્તતારણમ્સમગ્રવિશ્વ ધારણમ્ ॥**
**અધિશ્રિતોત્તમાંગણંપ્રકોષ્ટપુષ્પકંકણંસુરૈઃકૃતાભિ વંદનંભજામિ ધર્મનંદનમ્ ॥૪॥**

હે શ્રીહરિ તમે જ બ્રહ્માદિ દેવોની ઉત્પતિ સ્થિતિ અને લયના કારણ છો. સાત્વિક એવા દેવો મનુષ્યો ઋષિ મુનિઓના અંતઃ શત્રુઓના સૈન્ય એવા કામ ક્રોધ લોભાદિનો નાશ કરનારા છો. ભવ સાગરના જન્મ મૃત્યુના દુઃખથી પોતાના એકાન્તિક ભક્તોને તારનારા તેને પોતાના દિવ્ય અક્ષરધામ

પહોંચાડનારા તમે જ છો. અનંતકોટી બ્રહ્માંડોને સમગ્ર વિશ્વને તમેજ ધારણ કરી રહ્યા છો. પોતાના જ એક આશ્રયે રહેલાં એકાન્તિક ભક્તો ઉત્તમ રાજા આદિના આંગણે ઘરે રહીને તેમના મનોરથ પુરા કરો છો. ભક્તોએ પ્રેમથી લાવેલાં સુંદર સુગન્દિત રંગબેરંગી પુષ્પોથી બનાવેલાં કંકણ અને કડા બાજુ બંધને સારી રીતે છુટી ન જાય તેવી રીતે બાંધીને ધારણ કરી રહ્યા છો. એવા મારા ઈષ્ટદેવ પરમાત્મા ધર્મદિવના પુત્ર રૂપે પ્રગટ થયેલા શ્રી સ્વામિનારાયણ ભગવાન તમારૂં સર્વત્ર સમગ્ર બ્રહ્માંડોમાં મોટા મોટા દેવતાઓ વારંવાર નત મસ્તકે અભિવાદન કરે છે . અને હું પણ તમારા ચરણોનો આશ્રય કરીને ભજન કરૂં છું. (૪)

**સુભક્તિદૈત્યમોહનંચવેદસારદોહનંકુવાસનાવ્યપોહનંચસત્પથપ્રરોહણમ્ ॥**
**સુનાસિકંસુલોચનંનિજાશ્રિતાર્તિમોચનંસુરૈઃકૃતાભિ વંદનંભજામિ ધર્મનંદનમ્ ॥૫॥**

પોતાના આશ્રિત ભક્તો પાસે શ્રેષ્ઠ એકાંતિકી ભક્તિ ઉપાસના કરાવીને આસુરી વૃત્તિવાળા દૈત્યને મોહ ભ્રમિત કરો છો. અને પોતાના ભક્તોને સમગ્ર શાસ્ત્રો વેદોના સારનું દોહન કરીને શિક્ષાપત્રી અને ૨૭૩ વચનામૃતોનું દિવ્ય જ્ઞાન આપો છો. તે ભક્તોના હૃદયમાંથી કુવાસના કુત્સિત નિંદિત એવી વિષય ભોગની વાસનાને નાશ કરો છો. સત્ય સ્વરૂપ એવા પરમાત્માને પ્રાપ્ત કરાવનારો જે મોક્ષનો મહા માર્ગ તેના ઉપર ચાલવાની પ્રેરણા આપો છો. અર્થાત આત્યન્તિક મોક્ષના માર્ગે લઈ જાવ છો. તમારી સુંદર મૂર્તિની નાસિકા તલના પુષ્પ જેવી છે અને અતિ સુંદર છે. અને આંખો કમળની પાંખડી જેવી છે અને સુંદર છે. પોતાના આશ્રિતોના સમગ્ર કષ્ટો દુઃખોને અને ચિન્તાઓનો નાશ કરો છો. એવા મારા ઈષ્ટદેવ પરમાત્મા ધર્મદિવના પુત્ર રૂપે પ્રગટ થયેલા શ્રી સ્વામિનારાયણ ભગવાન તમારૂં સર્વત્ર સમગ્ર બ્રહ્માંડોમાં મોટા મોટા દેવતાઓ વારંવાર નત મસ્તકે અભિવાદન કરે છે . અને હું પણ તમારા ચરણોનો આશ્રય કરીને ભજન કરૂં છું. (૫)

**સુધાકરપ્રભાનનંસ્વધિષ્ટિતાધિકાનનંભુજગદાદિ શોભનંસુરાદિ ચિત્તલોભનમ્ ॥**
**અનઘ્ર્યમૌલિવેષ્ટનં સદામુદાસુચેષ્ટનંસુરૈઃ કૃતાભિ વંદનંભજામિ ધર્મનંદનમ્ ॥૬॥**

તમારી મનુષ્ય મૂર્તિનું મુખાર્વિન્દ પૂર્ણિમાનાં ચન્દ્ર સમાન તેજસ્વી છે. પોતાના દિવ્ય સ્વરૂપના અલૌકિક જ્ઞાનથી જેમના અજ્ઞાનને તમોએ નાશ કર્યો છે, એવા મુનિવરોથી જેમ આકાશમાં ચન્દ્ર તારાથી વિંટળાયેલો છે તેમ અહિં પરમહંસોથી વિંટળાઈને વિરાજો છો. તમારા દિવ્ય સ્વરૂપની ભુજાઓમા હાથોમાં ગદા પદ્મ શંખ ચક્ર આદિ ચિન્હો શોભી રહ્યા છે. જે સ્વર્ગમાં રહેનારા દેવોના ચિત્તને પણ લલચાવે છે. તેવા મનમોહક છે. કોઈ પણ પ્રકારના રંગ ડાઘા વિનાના સુંદર શ્વેત વસ્ત્રો ધારણ કરો છો અને મસ્તક ઉપર તેવા જ શ્વેત પાઘને બાંધો છો. ત્રણેય કાળમાં સર્વદા આનંદમાં રહો છો અને ભક્તોને રાખો છો. અને જગતના જીવોનું કલ્યાણ થાય તેવી જ ચેષ્ટા ક્રિયા કે આચરણ વર્તન કરો છો. એવા મારા ઈષ્ટદેવ પરમાત્મા ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયેલા શ્રી સ્વામિનારાયણ ભગવાન તમારૂં સર્વત્ર સમગ્ર બ્રહ્માંડોમાં મોટા મોટા દેવતાઓ વારંવાર નત મસ્તકે અભિવાદન કરે છે . અને હું પણ તમારા ચરણોનો આશ્રય કરીને ભજન કરૂં છું. (૬)

**તપસ્વિયોગિનાયકંધરાસુકૃદ્વિધાયકંપુરાણવેદગાયકંપ્રશાન્તકામસાયકમ્ ॥**
**સતાં સદાસહાયકંસ્વભક્તમોક્ષદાયકંસુરૈઃકૃતાભિ વંદનંભજામિ ધર્મનંદનમ્ ॥૭॥**

જગતના જીવોના હિત માટે મહાભિનિષ્ક્રમણ કરીને વનમાં પુલહાશ્રમમાં તપ કરો છો ત્યારે સર્વ તપસ્વીઓ અને અષ્ટાંગ યોગની સાધના કરતા યોગીઓના માર્ગદર્શન કરનારા તેમના નાયક નેતા અગ્રણી છો. પૃથ્વી ઉપર જેટલાં પણ પુણ્ય કાર્ય છે, જેમ કે જપ, તપ, જ્ઞાન, યજ્ઞ, હોમ, હવન, ભજન, ભક્તિ કે તે સર્વના તમોજ નિયમન કરનારા છો. મનુષ્યોને પોતાના મોક્ષ માટે વેદો અને પુરાણો અને સત્શાસ્ત્રોનું જ્ઞાન ઉપદેશ આપો છો. મુમુક્ષુના હૃદયમાથી કામ વાસનાને શાન્ત કરનારા તમારા મધુર અમૃતમય વચનો તીખા બાણ જેમ ચોટે તેમ મનમાં ચોટી જાય છે. સત્પુરૂષો સાધુજનો સાત્વિક ભક્તોના હમેંશા સહાયક તમો છો. અને પોતાના આશ્રયે આવેલાં અને ભક્તિ કરતાં ભક્તોને આત્યન્તિક મોક્ષ તમારૂં દિવ્ય અક્ષરધામ આપો છો. એવા મારા ઈષ્ટદેવ પરમાત્મા ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયેલા શ્રી સ્વામિનારાયણ ભગવાન તમારૂં સર્વત્ર સમગ્ર બ્રહ્માંડોમાં મોટા મોટા દેવતાઓ

વારંવાર નત મસ્તકે અભિવાદન કરે છે . અને હું પણ તમારા ચરણોનો આશ્રય કરીને ભજન કરૂં છું. (૭)

**અનંતવિશ્વકારકંહ્યનન્તપાપહારકંહિમોષ્ણવર્ષસાહકંસતાંગતિં વિનાયકમ્ ॥**
**કૃતાધિકાધ્વખણ્ડનંચ ભક્તિ ધર્મમણ્ડનંસુરૈઃકૃતાભિ વંદનંભજામિ ધર્મનંદનમ્ ॥૮॥**

અનંતકોટી બ્રહ્માંડોની સમગ્ર વિશ્વની ઉત્પતિ સ્થિતિ અને લયના કર્તા તમો જ છો. પોતાના આશ્રિતના અસંખ્ય પાપો પ્રારબ્ધ સંચિત અને ક્રિયમાણનો નાશ કરો છો. તે માટે વનમાં તપ કરતાં તમોએ ભયંકર ઠંડી અતિ વર્ષા અને ઉનાળાની વિકરાળ ગરમીને સહન કરો છો. સત્પુરૂષો એકાન્તિક ભગવદ્‌ભક્તોની ગતિરૂપ તમો જ છો. તે ભક્તોના માર્ગમાં આવનારા સર્વ પ્રકારના વિઘ્નોને નાશ પણ તમોજ કરો છો. કળીયુગના જ જાણે ધર્મ હોય તેવા અતિ વધી ગયેલા પાખંડ ધર્મ અને કલ્પીત ધર્મ મકારપંચાદિનો સારી રીતે ખંડન કરીને એકાન્તિક ભક્તિ અને ભાગવત્ ધર્મનું સારી રીતે પ્રતિપાદન કરીને તેનો પ્રચાર પ્રસાર કરતાં. એવા મારા ઈષ્ટદેવ પરમાત્મા ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયેલા શ્રી સ્વામિનારાયણ ભગવાન તમારૂં સર્વત્ર સમગ્ર બ્રહ્માંડોમાં મોટા મોટા દેવતાઓ વારંવાર નત મસ્તકે અભિવાદન કરે છે. અને હું પણ તમારા ચરણોનો આશ્રય કરીને ભજન કરૂં છું. (૮)

*॥ ઈતિમંજુકેશાનંદવિરચિતંહરિભજનાષ્ટકમ્ ॥*

# વિદ્યાની દેવી સરસ્વતીની પ્રાર્થના

॥ सरस्वती स्तोत्रम् ॥

श्रीमत्प्रदीपालविरोचमाने स्थानेस्थितां चारुसहासवक्त्राम् ॥
चराचराणामुपकारकर्त्रीं वन्दामहे देवि सरस्वती त्वाम् ॥१॥
रुपानुरुपावयवैरुपेतां प्रसन्नताभ्यासविशेषलभ्याम् ॥
विश्वेश्वरीं बिम्बफलाधरौष्ठीं वन्दामहे देवि सरस्वती त्वाम् ॥२॥
महानुभावैरपिवन्द्यमानां स्वैश्वर्यदां हेमविभूषणाढ्याम् ॥
संराजमानां निजहंसपृष्ठे वन्दामहे देवि सरस्वती त्वाम् ॥३॥
यथाप्रबन्धेषु सुबोधधीरैर्निष्किंचनानां विदुषां साक्षात् ॥
विज्ञाय तत्त्वं धनरुपगीतां वन्दामहे देवि सरस्वती त्वाम् ॥४॥

तथैवरीत्या बहुशक्तिभाजां नारायणीं वै प्रवदन्ति वाचाम् ॥
निवारितानेक जनाज्ञभावां वन्दामहे देवि सरस्वती त्वाम् ॥५॥
वीणां दधानामपि कच्छपीं स्वां महच्चपाणौ प्रसरत्प्रतापम् ॥
नानर्थसंयुक्तसुरम्यशास्त्रं वन्दामहे देवि सरस्वती त्वाम् ॥६॥
अनघ्र्यकेयूरविषाकतपाणिं धातुश्च पुत्रीमतुलप्रभावाम् ॥
विशालभाले कृतपत्रलेखां वन्दामहे देवि सरस्वती त्वाम् ॥७॥
सुकम्बुकण्ठीं रमणीयवेषां कण्ठप्रदेशार्पितपुष्पमालाम् ॥
सदाकिशोरीं कमनीयरुपां वन्दामहे देवि सरस्वती त्वाम् ॥८॥
पाणिद्वये कंकणमादधानां चन्द्राननां दन्तपंक्तिम् ॥
सुरासुरप्रार्थ्यतमंघ्रिपद्मां वन्दामहे देवि सरस्वती त्वाम् ॥९॥
समग्रशास्त्रे प्रविभक्तरुपां तारानुकाराम्बरधारिणीं ताम् ॥
प्रफुल्लपद्मायत्पत्रनेत्राम् वन्दामहे देवि सरस्वती त्वाम् ॥१०॥
विधृत्यहस्ते परिचालन्तीं स्थलारविन्दं कमनीय शोभाम् ॥
संयावोग्धादिनिवेदिताग्रां वन्दामहे देवि सरस्वती त्वाम् ॥११॥
श्रीमद्धार्मिकपादपद्मभजतां चिन्तान्धकारापहां ।
संसारावर्णवलंघनं च पठतां तापत्रयोन्मूलनम् ॥
त्यागानंदबुधेन शीघ्ररचितं बुद्धिप्रदं ।
वाणीस्तोत्रकमाशु मंगलमिदं संव्यतनोत्विष्टदम् ॥१२॥

*॥ इति त्यागानंदवर्णि विरचितंसरस्वत्यष्टकम् ॥*

ભગવાન શ્રી સ્વામિનારાયણને નિષ્કામ ભક્તો અતિ વ્હાલા અને પ્રિય છે. તેથી ભગવાનનો ભક્ત ક્યારેય પણ પોતાના ઈષ્ટદેવ આરાધ્ય દેવ એવા પરંબ્રહ્મ પરમાત્મા શ્રીહરિની પાસે જગતના સંબંધ વાળી કોઈ પણ વસ્તુ પદાર્થની યાચના તો કરે જ નહીં. અને ભગવાન પાસે કંઈ પણ માંગવું એ તો ભિખારીનું લક્ષણ છે ભક્તનું નહીં. પરંતુ આ જગતમાં માગ્યા વિના કોઈ સારૂં અને શ્રેષ્ઠ મળતું નથી. તો શું કરવું તેનો ઉકેલ સ્વયં શ્રીહરિએ આપ્યો છે. શિક્ષાપત્રીના શ્લોક ૮૪માં કહે છે – विष्णुशिवोगणपतिपार्वती

च दिवाकरः । एताः पूज्यातयामान्याः देवताः पञ्चमामकैः ॥ અમારા આશ્રિત માત્રએ ભગવાન વિષ્ણુ અને તેમના અવતારો શિવજી ગણપતિજી પાર્વતીજી અને સૂર્યનારાયણ આ પાંચ દેવોને માનવા અને પૂજવા. પોતાને કોઇ પણ જાતનું વિઘ્ન કે દુઃખ દૂર કરવા માટે અથવા કોઇ જગતના મહાન ફળની પ્રાપ્તિ માટે આ દેવોની પ્રાર્થના કરવી. પરંતુ અન્ય કોઇ શુદ્ર દેવોની પ્રાર્થના કે ઉપાસના ભગવાનના ભક્તએ કરવી નહીં. તે સિદ્ધાન્તના અનુસારે ભગવાનને ઓળખવા હોય તો વિદ્યા એટલે કે જ્ઞાનની જરૂર પડે અને તે વિદ્યાના દેવી સરસ્વતીજી છે માટે તેમની પ્રાર્થના અહિં પાંચસો પરમહંસોમાંથી ત્યાગાનંદ વર્ણી વિદ્યાર્થી એવા સંતોને તથા સર્વ કોઇ વિદ્યાની ઇચ્છાવાળા વિદ્યાર્થીને માં સરસ્વતીજીની પ્રાર્થના કેવી રીતે કરવી જોઈએ તે આ અષ્ટક સ્તુતિથી જણાવે છે. તે સંસ્કૃત સ્તુતિ અષ્ટકના શબ્દોના અર્થને સમજીએ -

**॥ શ્રી સરસ્વતી સ્તોત્રમ્ ॥**

**શ્રીમત્પ્રદીપાલવિરોચમાને સ્થાનેસ્થિતાં ચારૂસહાસવક્ત્રામ્ ॥**
**ચરાચરાણામુપકારકર્ત્રીં વન્દામહે દેવિ સરસ્વતી ત્વામ્ ॥૧॥**

શ્રીમત્ – શ્રી એટલે લક્ષ્મીજી અને તેના પતિ એવા ભગવાન શ્રી પુરૂષોત્તમનારાયણ તેના દિવ્ય સ્વરૂપને પ્રદિપ્ત કરનાર પ્રકાશિત કરનાર જેમ દીવો અંધારાને દૂર કરીને જગતને પ્રકાશિત કરે છે તેમ અજ્ઞાન રૂપી અંધકારને દૂર કરીને સત્ય સ્વરૂપ પરમેશ્વરના સ્વરૂપને પ્રકાશિત કરનારા દિવ્ય જ્ઞાનનું જે સ્થાન છે ત્યાંના અધિષ્ઠાતા રૂપે વિરાજમાન થઇને સ્થિર રહેલાં અને શ્રેષ્ઠ હસતાં મુખ કમળ વાળા જગતના ચળ અને અચળ સૌના ઉપર અકારણ ઉપકાર કરનારા એવા હે દેવી સરસ્વતી માતા હું તમને સાષ્ટાંગ દંડવત પ્રણામ સહિત ચરણોમાં વંદન કરૂં છું. (૧)

**રૂપાનુરૂપાવયવૈરૂપેતાં પ્રસન્નતાભ્યાસવિશેષલભ્યામ્ ॥**
**વિશ્વેશ્વરીં બિમ્બફલાધરૌષ્ઠીં વન્દામહે દેવિ સરસ્વતી ત્વામ્ ॥૨॥**

હે માતાજી તમારી આ દિવ્ય મૂર્તિનું રૂપ તો બરોબર તમારી અવસ્થાને અનુકુળ કિશોરી સોળ વર્ષ વયની કન્યાના જેવું અતિ અદ્‌ભુત છે. તેમાં

પણ તમો જ્યારે જીવોને વિદ્યાનું દાન આપીને પ્રસન્ન થાવ છો ત્યારે વિશેષ પ્રકારનું તમારૂં સૌન્દર્ય જણાય છે. સમગ્ર વિશ્વના જ્ઞાનની નિયન્ત્રી સ્વામીની આપ છો. સુંદર તમારૂં માનવ શરીરના અધરોષ્ટ તો જાણે પાકેલાં ગીલોડાના ફળના બે ફાડીયા હોય ને શું તેવા મનમોહક છે. એવા હે દેવી સરસ્વતી માતા હું તમને સાષ્ટાંગ દંડવત પ્રણામ સહિત ચરણોમાં વંદન કરૂં છું. (૨)

**મહાનુભાવૈરપિ વન્દ્યમાનાં સ્વૈશ્વર્યદાં હેમવિભૂષણાઢ્યામ્ ॥**
**સંરાજમાનાં નિજહંસપૃષ્ઠે વન્દામહે દેવિ સરસ્વતી ત્વામ્ ॥૩॥**

મોટા મોટા મહાન પુરૂષોએ પણ તમારી પાસેથી વિદ્યા મેળવવા માટે પરમાત્માના સ્વરૂપને યથાર્થ સમજવા માટે તમારા ચરણોની જ વંદના કરે છે. તમો જેના ઉપર કૃપા કરો છો તેને પોતાના જ સામર્થ્યને આપો છો. તેનું પોતાના જ ઐશ્વર્યનું જ્ઞાન તેને મળે છે. તમારા દિવ્ય માનવ શરીરે અતિ સુશોભિત સુવર્ણના અનેક આભૂષણો ધારણ કરેલાં છે. અને રાજરાજેશ્વરી સ્વરૂપે પોતાના જ વાહન દિવ્ય શ્વેત હંસરાજની પીઠ ઉપર વિરાજમાન છો. એવા હે દેવી સરસ્વતી માતા હું તમને સાષ્ટાંગ દંડવત પ્રણામ સહિત ચરણોમાં વંદન કરૂં છું. (૩)

**યથાપ્રબન્ધેષુ સુબોધધીરૈર્નિષ્કિંચનાનાં વિદુષાં સાક્ષાત્ ॥**
**વિજ્ઞાય તત્ત્વં ધનરૂપગીતાં વન્દામહે દેવિ સરસ્વતી ત્વામ્ ॥૪॥**

જેમ કોઈને સુંદર ગ્રન્થ પ્રબન્ધની રચના કરવી હોય તો તેને જેમ ધીરજતા પૂર્વક પરિશ્રમ કરવો પડે છે ત્યારે તેની રચનામાં સફળતા પ્રાપ્ત થાય છે. પરંતુ તમારી કૃપાથી તેને બહુજ સરળતાથી શ્રેષ્ઠ બોધ જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેમાં કોઈ ધનવાન કે બળવાનપણાની જરૂર રહેતી નથી પરંતુ સાધારણ માં સાધારાણ માનવ જેની પાસે કંઈજ નથી તેવો વ્યક્તિ પણ તમારી કૃપાથી મોટા મહાન વિદ્વાનના જેવું પ્રત્યક્ષ જ્ઞાન વિદ્યાને મેળવે છે. આત્મા પરમાત્માના વિજ્ઞાન રૂપ તત્ત્વને જાણીને તે પોતાની સર્વ સંપત્તિ કે સાચું ધન છે તેનો અનુભવ કરીને તેનું સદા સ્મરણ ગાન કરે છે. એવા હે દેવી સરસ્વતી માતા હું તમને સાષ્ટાંગ દંડવત પ્રણામ સહિત ચરણોમાં વંદન કરૂં છું. (૪)

**તથૈવરીત્યા બહુશક્તિભાજાં નારાયણીં વૈ પ્રવદન્તિ વાચામ્ ॥**
**નિવારિતાનેક જનાજ્ઞભાવાં વન્દામહે દેવિ સરસ્વતી ત્વામ્ ॥૫॥**

તમારી કૃપા પ્રસાદથી મેળવેલાં જ્ઞાનથી તેવી જ રીતે વિવિધ પ્રકારની શક્તિ સામર્થ્ય વિદ્યાએ કરીને મેળવીને બળવાન અને સામર્થ્યવાન થાય છે. તમો સાક્ષાત્ પરમાત્મા પુરૂષોત્તનારાયણની જ્ઞાન શક્તિ સ્વરૂપા છો. તેથી જ તમારી વાણી તે પરંબ્રહ્મ પરમાત્માના સ્વરૂપનું વર્ણન કરવામાં જ પ્રવર્ત રહે છે. જગતના નાશવંત અનંત પદાર્થોમાંથી વિદ્યાવાન વ્યક્તિના મનને નિવારીને પાછું વાળીને સત્યજ્ઞાનનો અનુભવ કરાવો છો. એવા હે દેવી સરસ્વતી માતા હું તમને સાષ્ટાંગ દંડવત પ્રણામ સહિત ચરણોમાં વંદન કરૂં છું. (૫)

**વીણાં દધાનામપિ કચ્છપીં સ્વાં મહચ્ચપાણૌ પ્રસરત્પ્રતાપમ્ ॥**
**નાનર્થસંયુક્તસુરમ્યશાસ્ત્રં વન્દામહે દેવિ સરસ્વતી ત્વામ્ ॥૬॥**

જીવના હૃદયમાંથી વાસના દૂર કરવા પોતાના હાથમાં વીણાં ધારણ કરીને સંગીતના મધુર સ્વર રેલાવીને પરમાનંદનો આસ્વાદ કરાવો છો. ત્યારે પણ સાવધાની પૂર્વક પોતાના વસ્ત્રોને કચ્છને બરોબર મજબુત રીતે બાંધીને બીજા બે હસ્ત કમળોથી પોતાનો મહાન પ્રતાપનો પ્રસાર પ્રચાર કરો છો. તે જગતને જણાવો છો. અનેક પ્રકારના વિવિધ પ્રકારના વિચિત્ર અર્થો થી સંયુક્ત ભરેલું અર્થોવાંળુ અને વિદ્વાનોના મનને સુખાનંદ આપનારૂં શાસ્ત્ર ગ્રન્થ રચના કૃતિને પોતાના હસ્ત કમળમાં ધારણ કરી રહ્યા છો. એવા હે દેવી સરસ્વતી માતા હું તમને સાષ્ટાંગ દંડવત પ્રણામ સહિત ચરણોમાં વંદન કરૂં છું. (૬)

**અનઘ્ર્યકેયૂરવિષાક્તપાણિં ધાતુશ્ચ પુત્રીમતુલપ્રભાવામ્ ॥**
**વિશાલભાલે કૃતપત્રલેખાં વન્દામહે દેવિ સરસ્વતી ત્વામ્ ॥૭॥**

મયૂરની સુંદરતા તેના વિશાળ અને સુંદર ચિત્રવિચિત્ર રંગે ભરેલાં પીંછાથી શોભે છે. તે પણ તમારૂં કળા કરીને અર્ઘ્ય અર્પણ કરે છે. તમારી સન્મુખ નત મસ્તક રહે છે. અને જે વિદ્યા જ્ઞાનની સમક્ષ કુદૃષ્ટિ કરે છે તેને દંડિત કરવા પોતાના હસ્ત કમળમાં પાશે સહિત અંકુશ ધારણ કરી રહ્યા છો. સાક્ષાત્

પિતામહ બ્રહ્માજીના પુત્રી દીકરી રૂપે પ્રગટેલાં તમારો પ્રભાવ પ્રતાપની કોઈની સાથે તુલના થઈ શકે તેમ નથી. તમારા વિશાળ અને ઉન્નત ઉપડતા ભાલમાં કપાળમાં તમારા સર્વ કાર્યોનું જગતના હિતના કામોનું જેમ પત્રમાં લખેલ બધું જ વાંચી શકાય છે તેમ જોઈ શકાય છે. એવા હે દેવી સરસ્વતી માતા હું તમને સાષ્ટાંગ દંડવત પ્રણામ સહિત ચરણોમાં વંદન કરૂં છું. (૭)

**સુકમ્બુકણ્ઠીં રમણીયવેષાં કણ્ઠપ્રદેશાર્પિતપુષ્પમાલામ્ ॥**
**સદાકિશોરીં કમનીયરૂપાં વન્દામહે દેવિ સરસ્વતી ત્વામ્ ॥૮॥**

વિધાતા બ્રહ્માજીના પુત્રી રૂપે પ્રગટેલાં તમારા દેહનો કંઠ ડોક તો જાણે સાગરમાંથી ઉત્પન્ન થયેલાં શંખના જેવી શ્રેષ્ઠ શોભા ધારણ કરી છે. અને શરીર ઉપર શાન્ત શ્વેત અતિ સુંદર રમણીય લાગે તેવો શ્રેષ્ઠ કન્યાનો વેષ ધારણ કરેલ છે. કંઠમાં તમારા ગળામાં વિદ્યાની ઈચ્છા વાળા મહાનુભાવોએ સુંદર સુગન્ધીમાન પુષ્પોની માળાઓ અર્પણ કરેલ છે તે ધારણ કરેલી છે. સદા સર્વદા ત્રણેય કાળમાં ભૂત ભવિષ્ય અને વર્તમાનમાં તમે કિશોરી અવસ્થા સોળવર્ષની આયુના જ છો. તેથી તમારૂં રૂપ લાવણ્યતા અતિ કમનીય છે. અર્થાત સૌ કોઈને ઈચ્છવા યોગ્ય છે કે મને પણ આવું જ રૂપ ઈશ્વર આપે. એવા હે દેવી સરસ્વતી માતા હું તમને સાષ્ટાંગ દંડવત પ્રણામ સહિત ચરણોમાં વંદન કરૂં છું. (૮)

**પાણિદ્વયે કંકણમાદધાનાં ચન્દ્રાનનાં દન્તપંક્તિમ્ ॥**
**સુરાસુરપ્રાર્થ્યતમંઘ્રિપદ્માં વન્દામહે દેવિ સરસ્વતી ત્વામ્ ॥૯॥**

હે માતા તમારા માનવ શરીરે ચાર ભૂજાઓ ધારણ કરેલ છે. તેમાં બે ભૂજથી વીણા અને બે ભૂજમાં સુંદર સુવર્ણના હિરા મોતી જડેલાં કંકણ બંગડીઓ ધારણ કરેલ છે. તે અતિ ભવ્ય રીતે શોભી રહ્યાં છે. તમારા મુખ કમળમાં દાંતની પંક્તિ એવી ચમકે છે કે જે આકાશમાં રહેલાં ચન્દ્રની કાન્તિને પણ ઝાંખી કરે છે. સુરો દેવતાઓ અસુરો દાનવો મનુષ્યો ઋષિઓ સર્વ કોઈ તમારા ચરણ કમળનું સેવન કરે છે વંદન કરે છે. એવા હે દેવી સરસ્વતી માતા હું તમને સાષ્ટાંગ દંડવત પ્રણામ સહિત ચરણોમાં વંદન કરૂં છું. (૯)

**સમગ્રશાસ્ત્રે પ્રવિભક્તરૂપાં તારાનુકારામ્બરધારિણીં તામ્ ॥**

**પ્રફુલ્લપદ્માયત્પત્રનેત્રામ્ વન્દામહે દેવિ સરસ્વતી ત્વામ્ ॥૧૦॥**

હે માતા જગતની સમગ્ર ભાષાઓમાં સર્વ પ્રકારના જ્ઞાનના ગ્રન્થો પુસ્તકો રચનાઓ શાસ્ત્રોમાં વિભાગ પ્રમાણે તે તે પ્રકારના જ્ઞાન રૂપે વહેંચાઈને સર્વમાં તમે જ રહેલાં છો. જેમ આકાશમાં જ સર્વ પ્રકારના તારાઓ સમાયેલાં છે તેમ તમારા વસ્ત્રોમાં જ સર્વ પ્રકારના શાસ્ત્રોનું જ્ઞાન વિજ્ઞાનના પ્રકાશ રૂપે તમે જ ધારણ કરી રહ્યા છો એવા તમે હે માતાજી પ્રાતઃકાળમાં સૂર્યના કિરણોથી પ્રફુલ્લિત થયેલાં કમળની પાંખડી જેવા વિશાળ નેત્રોથી આંખોથી જોઈને કૃપા કરો છો. એવા હે દેવી સરસ્વતી માતા હું તમને સાષ્ટાંગ દંડવત પ્રણામ સહિત ચરણોમાં વંદન કરૂં છું. (૧૦)

**વિધૃત્યહસ્તે પરિચાલયન્તીં સ્થલારવિન્દં કમનીય શોભામ્ ॥**

**સંયાવદોગ્ધાદિનિવેદિતાગ્રાં વન્દામહે દેવિ સરસ્વતી ત્વામ્ ॥૧૧॥**

હે માતાજી જ્યારે તમારા હસ્ત કમળમાંથી તમારા આયુધોનો ત્યાગ કરો છો ત્યારે સુંદર સ્ફટિકની માળાને ફેરવો છો. અને બીજા હસ્ત કમળમાં સુંદર સુગન્ધીમાન સ્થળાર્વિન્દ ગુલાબના પુષ્પને ધારણ કરો છો. ત્યારે તમારા સ્વરૂપની શોભા અતિ કમનીય બની જાય છે. તમારી મૂર્તિને કામધેનુ ગાયના અમૃત સમાન પવિત્ર દુગ્ધ દોહીને નૈવેદ્ય નિવેદન કરનારા સાધારણ માનવો અર્થાત ગ્રામ્ય જનોને પણ તમે દિવ્ય જ્ઞાન આપો છો. જેથી તેઓ પોતાની ખેતી વિગેરેનું કાર્ય સારી રીતે કરી શકે છે. એવા હે દેવી સરસ્વતી માતા હું તમને સાષ્ટાંગ દંડવત પ્રણામ સહિત ચરણોમાં વંદન કરૂં છું. (૧૧)

**શ્રીમદ્ધાર્મિકપાદપદ્મભજતાં ચિન્તાન્ધકારાપહાં ।**

**સંસારાવર્ણવલંઘનં ચ પઠતાં તાપત્રયોન્મૂલનમ્ ॥**

**ત્યાગાનંદબુધેન શીઘ્રરચિતં બુદ્ધિપ્રદં વિઘ્નહં ।**

**વાણીસ્તોત્રકમાશુ મંગલમિદં સંવ્યતનોત્વિષ્ટદમ્ ॥૧૨॥**

હે માતાજી હું ત્યાગાનંદ જે ધર્મદેવના પુત્રરૂપે પ્રગટેલાં પરમાત્મા ભગવાન શ્રીસ્વામિનારાયણનું સદા ભજન ભક્તિ અને ઉપાસના કરૂં છું. તે મારામાં

રહેલાં અજ્ઞાન રૂપી અંધકારનો અને ચિન્તાને દૂર કરીને સંસાર સાગરને કેવી રીતે ઉલ્લંઘન કરીને અને ત્રણ પ્રકારના તાપ કષ્ટો આધ્યાત્મિક આધિદૈવિક આધિભૌતિક નું ઉન્મૂલન નાશ કેવી રીતે થાય તે માટે જ આ સૌને બુદ્ધિ આપનારા સ્તોત્રની રચના કરી છે. તે મારામાં આવનારા વિઘ્નને દૂર કરીને મારી વાણી ને શુભ અને મંગલમય કરો એવી પ્રાર્થના કરૂં છું. (૧૨)

*॥ ઈતિ ત્યાગાનંદવર્ણીવિરચિતં સરસ્વત્યષ્ટકમ્ ॥*

# શ્રી સ્વામિનારાયણના ગુણનું વર્ણન

॥ उपजातिवृत्तम् ॥

विशालभालं कलिजाकरालं स्वभक्तपालं वृष भक्तिबालं ॥
सन्माल्यमालं ललितांगशालं श्रीस्वामिनारायणमानतस्तम् ॥१॥
धर्मावितारं भवसिन्धुतारं दयाविहारं सुकृतारिदारम् ॥
निजार्तिहारं वयुनादिसारं श्रीस्वामिनारायणमानतस्तम् ॥२॥
मुनिन्द्रवासं वरभूमिभासं विपन्निरासं सुखितात्मदासम् ॥
सदास्यहासं तिलमाल्यनासं श्रीस्वामिनारायणमानतस्तम् ॥३॥
मुक्तावचूलं परशान्तिमूलं सुरारिशूलं श्रितवैरितूलम् ॥
निजानुकुलं सितसदुकुलं श्रीस्वामिनारायणमानतस्तम् ॥४॥
घ्नन्तंविशादं शमितप्रवादं पयोदनादं दलित प्रसादम् ॥
सुपद्मपादं विपद प्रसादं श्रीस्वामिनारायणमानतस्तम् ॥५॥
निरस्तपापं भवहारिजापं लसत्कपालं हृतभक्ततापम् ॥
असदुरापं धृतबुद्धिचापं श्रीस्वामिनारायणमानतस्तम् ॥६॥
त्रसत्कृतान्तं कृतपातकान्तं प्रियं नितान्तं महतां प्रशान्तम् ॥
श्रियानिशान्तं शुभकीर्तिकान्तं श्रीस्वामिनारायणमानतस्तम् ॥७॥
श्रेयोनिदानं श्रुतमुक्तिगानं गजेन्द्रयानं कृतसाधुमानम् ॥
मोक्षैकतानं करुणानिधानं श्रीस्वामिनारायणमानतस्तम् ॥८॥

*॥ इति अचित्यानंदवर्णि विरचितं श्रीस्वामिनारायणवर्णनाष्टकम् ॥*

કળિકાળમાં અનંતકોટી જીવાત્માઓને પોતાના અક્ષરધામમાં તેડી જવા માટે સર્વાવતારી સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ રૂપે પ્રગટ થયા છે. તેમના આ દિવ્ય સ્વરૂપમાં કેવા કલ્યાણકારી દિવ્ય ગુણો રહ્યા છે. તેનું વર્ણન વર્ણીરાજ અચિન્ત્યાનંદજી જેવા તેમણે જાતે જોયા છે અનુભવ્યા છે. અને સત્શાસ્ત્રોમાંથી સાંભળ્યા છે. તેવા અલૌકિક ગુણોનું વર્ણન આ અષ્ટકમાં સ્તુતિમાં સંસ્કૃત ભાષામાં કરે છે તેના શબ્દોના અર્થને સમજવાનો પ્રયત્ન કરીએ --

**વિશાલભાલં કલિજાકરાલં સ્વભક્તપાલં વૃષ ભક્તિબાલં ॥**
**સન્માલ્યમાલં લલિતાંગશાલં શ્રીસ્વામિનારાયણમાનતસ્તમ્ ॥૧॥**

અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની આ દિવ્ય મૂર્તિનું રૂપ કેવું છે તો જેમના ભાલ પ્રદેશ લલાટ વિશાળ છે. જે ઉદારતા અને સમજણપૂર્વકના જ્ઞાનનું કલ્યાણકારી ગુણોનું પ્રતિક છે. કળિયુગના જે ગુણો છે અધર્મ દૂરાચાર જીવ હિંસા પાપકર્મ વિષય ભોગ વિલાસ આદિ દૂર્ગુણોને ધારદાર વિનાશ કરનાર શસ્ત્ર જેવા લાગે છે. અને પોતાના આશ્રયે આવેલા એકાન્તિક ભક્તોને પાલન પોષણ કરાનાર પિતા સમાન લાગે છે. વૃષ સાક્ષાત્ ધર્મદેવ અને માતા પ્રેમવતી ભક્તિ દેવીને પોતાના વ્હાલસોયા બાળક જેવા દેખાય છે. સત્પુરૂષો સાધુજનો ઋષિઓ અને ભક્તોના ઉપાસના કરવા અને મેળવવા યોગ્ય પરમાત્મા છો. છપૈયાની સ્ત્રીઓ અને માતા ભક્તિને માટે પોતાના શીલલજ્જા અને મર્યાદા સ્વમાનના રક્ષક છો. એવા હે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીસ્વામિનારાયણ તમારા શ્રી ચરણોમાં હું અતિ વિનમ્રતાથી નત મસ્તક થઈને પ્રણામ વંદન કરૂં છું. (૧)

**ધર્માવિતારં ભવસિન્ધુતારં દયાવિહારં સુકૃતારિદારમ્ ॥**
**નિજાર્તિહારં વયુનાદિસારં શ્રીસ્વામિનારાયણમાનતસ્તમ્ ॥૨॥**

પૃથ્વી ઉપર જીવોના હૃદયમાં ભાગવદ્ધર્મનો વિસ્તાર કરવા પૂર્વક રક્ષણ કરો છો. તે જીવોને ભવસાગરના બંધનોથી છોડાવીને તેનો ઉદ્ધાર કરો છો.

પુણ્ય કર્મ સત્કર્મ ભક્તિ અને ધર્માચરણ કરનારાનાં શત્રુઓનો નાશ કરો છો. પોતાના શરણે આવેલાં આર્ત જીવોનાં રક્ષક છો. શીલ અને સત્ચારિત્રના આધાર છો તેનાજ સાર છો. શીલવાન અને ચારિત્ર્યવાન વ્યક્તિ જ તમને પ્રિય છે, એવા હે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ તમારા શ્રી ચરણોમાં હું અતિ વિનમ્રતાથી નત મસ્તક થઈને પ્રણામ વંદન કરૂં છું.(૨)

**મુનિન્દ્રવાસં વરભૂમિભાસં વિપન્નિરાસં સુખિતાત્મદાસમ્ ॥**
**સદાસ્યહાસં તિલમાલ્યનાસં શ્રીસ્વામિનારાયણમાનતસ્તમ્ ॥૩॥**

એકાંતિકી ભક્તિ પરાયણ એવા પાંચસો પરમહંસો મુનિઓના મધ્યમાં નિવાસ કરીને રહો છો. જ્યાં પણ તમારા ચરણો પડે છે તે ભૂમિ શ્રેષ્ઠ તીર્થ બની જાય છે. સત્કર્મ કરનારા પુણ્ય કર્મ કરનારાના સમગ્ર વિઘ્નોનો નાશ કરો છો. પોતાના આશ્રયે આવેલાં એવા શરણાગત દાસ ભક્તોને મહાસુખ જે પોતાના દિવ્ય અક્ષરધામનું તે આપો છો. પોતાના આશ્રિત ભક્તોની ભક્તિને જોઈને સદા મંદહાસ્ય યુક્ત મુખારવિન્દવાળા છો. તમારા મુખાર્વિંદમાં તલના વૃક્ષના પુષ્પની સમાન સુંદર નાસિકા શોભે છે. એવા હે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ તમારા શ્રી ચરણોમાં હું અતિ વિનમ્રતાથી નત મસ્તક થઈને પ્રણામ વંદન કરૂં છું.(૩)

**મુક્તાવચૂલં પરશાન્તિમૂલં સુરારિશૂલં શ્રિતવૈરિતૂલમ્ ॥**
**નિજાનુકુલં સિતસદ્દુકુલં શ્રીસ્વામિનારાયણમાનતસ્તમ્ ॥૪॥**

મુક્તામણી મણીની સુંદર માળાઓની સમાન એકાન્તિક મુક્તોના મંડળમાં વિરાજમાન છો. આશ્રિત ભક્તોને પરમ શાન્તિનું સ્થાન છો. નિષ્કામ ભક્તોને આત્યન્તિક શાન્તિ તમારા શરણે જ મળે છે. સુરો દેવો સત્કર્મ કરનારા સાત્વિક વ્યક્તિઓના શત્રુઓને શૂળીએ ચડાવીને નાશ કરો છો. આશ્રિત ભક્તો અને શ્રુતિ જે વેદ તેના વિરોધીઓ શત્રુઓ વૈરીઓનો નાશ કરો છો. પોતાના શરણે આવેલાં પોતાના એકાન્તિક ભક્તોને સદા અનુકુળ તેમને મોક્ષની પ્રાપ્તિ થાય તેવી જ સરળતા કરી આપો છો. સર્વદા શ્વેત

પવિત્ર શ્રેષ્ઠ દુપટ્ટો પોતાના ખભ્ભા ઉપર ધારણ કરી રાખો છો. એવા હે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ તમારા શ્રી ચરણોમાં હું અતિ વિનમ્રતાથી નત મસ્તક થઈને પ્રણામ વંદન કરૂં છું.(૪)

**ધ્નન્તંવિશાદં શમિતપ્રવાદં પયોદનાદં દલિત પ્રસાદમ્ ॥**
**સુપદ્મપાદં વિપદ પ્રસાદં શ્રીસ્વામિનારાયણમાનતસ્તમ્ ॥૫॥**

તમારી ભક્તિ કરનારા આશ્રિત ભક્તોના વિશાદ ચિંતા ઉપાધિનો નાશ કરો છો. તમારૂં ભજન ધ્યાન કરવામાં આડું આવતું ઘાટ સંકલ્પોનું ટોળું અને તેના સંબન્ધી વિચારોને શમન શાન્ત કરો છો. ધીર ગંભીર સાગરના જેવો દિવ્ય બ્રહ્મનાદ સમાધિમાં ભક્તોને સુણાવો છો. દુઃખી અને ચારેય બાજુથી પરપીડિત તિરસ્કૃત એવા ગરીબ સાધારણ વ્યક્તિના ઉપર પ્રસન્ન થઈને તેને પણ દિવ્ય સુખ આપો છો. તમારા શ્રેષ્ઠ કમળ જેવા ચરણો જ્યાં પડે છે ત્યાં સર્વત્ર સુખ સમૃદ્ધિ અને શાન્તિ પ્રસરી જાય છે. ભગવદ્ ભક્તોનાઆશ્રિતોના જીવનમાંથી સર્વ પ્રકારની વિપત્તિઓ વિઘ્નો પ્રસન્નતાથી દૂર કરીને સુખ આપો છો. એવા હે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ તમારા શ્રી ચરણોમાં હું અતિ વિનમ્રતાથી નત મસ્તક થઈને પ્રણામ વંદન કરૂં છું.(૫)

**નિરસ્તપાપં ભવહારિજાપં લસત્કપાલં હૃતભક્તતાપમ્ ॥**
**અસદુરાપં ધૃતબુદ્ધિચાપં શ્રીસ્વામિનારાયણમાનતસ્તમ્ ॥૬॥**

તમારા નામનું સ્મરણ ઉચ્ચારણ કરનારાના સમગ્ર પાપોનો નાશ કરો છો. તમારા ષડક્ષરી દિવ્ય નામ સ્વામિનારાયણનો જપ કરનારાના ભવસાગરના કષ્ટો જન્મ મૃત્યના ભયને દૂર કરે છે. જેમના ભાલમાં ઉર્ધ્વપુંડ્ર તિલક શોભે છે તેવા તમારા ભક્તોના હૃદયમાંથી ત્રણેય પ્રકાપના તાપનો નાશ કરો છો. ભક્તોના હૃદયમાંથી અસદ્વાસનાને દૂર કરીને તેની બુદ્ધિમાં મતિમાં હૃદયમાં અન્તર્યામી સ્વરૂપે રહીને નિયંત્રણ કરો છો. એવા હે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ તમારા શ્રી ચરણોમાં હું અતિ વિનમ્રતાથી નત મસ્તક થઈને પ્રણામ વંદન કરૂં છું.(૬)

**ત્રસત્કૃતાન્તં કૃતપાતકાન્તં પ્રિયં નિતાન્તં મહતાં પ્રશાન્તમ્ ॥**
**શ્રિયાનિશાન્તં શુભકીર્તિકાન્તં શ્રીસ્વામિનારાયણમાનતસ્તમ્ ॥૭॥**

જીવના હૃદયમાં મહાન ત્રાસ આપનારા અન્તઃ શત્રુ કામ ક્રોધ લોભાદિનો નાશ કરીને પોતાના પ્રિય ભક્તોને અવિનાશી જેનો ક્યારેય અન્ત નથી તેવું સુખ આપો છો. મહાન મોટા યોગીઓ સિદ્ધોને પણ પોતાના સ્વરૂપમાં જ પરમ શાન્તનો અનુભવ કરાવો છો. જગતની શોભા લક્ષ્મી સંપત્તિ વૈભવને સ્થિર થવા માટેનું એક માત્ર સ્થાન તમે જ છો. જગતમાં સર્વત્ર તમારી શ્રેષ્ઠ યશ કીર્તિ અને મહાનતાનો જ પ્રકાશ તેજ કાન્તિ વ્યાપી રહ્યા છે. એવા હે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ તમારા શ્રી ચરણોમાં હું અતિ વિનમ્રતાથી નત મસ્તક થઈને પ્રણામ વંદન કરૂં છું. (૭)

**શ્રેયોનિદાનં શ્રુતમુક્તિગાનં ગજેન્દ્રયાનં કૃતસાધુમાનમ્ ॥**
**મોક્ષૈકતાનં કરૂણાનિધાનં શ્રીસ્વામિનારાયણમાનતસ્તમ્ ॥૮॥**

તમારા નામનું સ્મરણ કરનારા આશ્રય કરનારા ભજન ભક્તિ કરનારાનું નિશ્ચય ચોક્કસપણે કલ્યાણ આત્યન્તિક મોક્ષ આપો છો. તમારા યશ અને કીર્તિનું ગાન પ્રસંશા વેદની શ્રુતિઓ અક્ષર મુક્તો સદા કરે છે. ભક્તોના કલ્યાણ માટે જગતમાં વિચરણ કરો છો ત્યારે મોટા વિશાળ ગજરાજ ઉપર વિરાજમાન થઈને દર્શન આપો છો. લાખો મનુષ્યોના વિશાળ મહાસભામાં વિરાજમાન થઈને સાધુ પુરૂષો સંતો પરમહંસોનું માન સન્માન કરો છો. જીવ માત્રને આત્યન્તિક મોક્ષની જ પ્રાપ્તિ થાય એજ આપનો સદા ધ્યેય હોય છે. જીવો ઉપર દયા કરૂણાના નિધાન સાક્ષાત્ સાગર છો. એવા હે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ તમારા શ્રી ચરણોમાં હું અતિ વિનમ્રતાથી નત મસ્તક થઈને પ્રણામ વંદન કરૂં છું. (૮)

*॥ ઈતિઅચિન્ત્યાનંદવર્ણીવિરચિતં શ્રીસ્વામિનારાયણાષ્ટકમ્ ॥*

# હે મન સદા શ્રી સ્વામિનારાયણને ભજ

॥ ललितवृत्तम् ॥

भुविसदंगणे सर्वसद्गुणे रचितखेलनं भक्तमेलनम् ॥
तव सुरंजनं दुःखभंजनं भज मनः सदा स्वामिनं मुदा ॥१॥
शुभनिकेतनं बन्धभेदनं निगममण्डनं कालखण्डनम् ॥
परसुखाश्रयं भक्तसंशयं भज मनः सदा स्वामिनं मुदा ॥२॥
अघविधुननं शोभिताननं प्रकटिताकृतिं सुंदराहृतिं ॥
परतमंगलं मुक्तसंकुलं भज मनः सदा स्वामिनं मुदा ॥३॥
सकलकारणं भक्ततारणं भयविदारणं मुक्ति धारणम् ॥
कुपथवारणं कोपमारणं भज मनः सदा स्वामिनं मुदा ॥४॥
भुवनमंडले कामनाकुले मरणभीषणे पूर्णदुषणे ॥
नहिसुखं मठाद्यसिं किं हठात् भज मनः सदा स्वामिनं मुदा ॥५॥
बहुलसंशयं दुःखसंश्रयं सज्जनवैसुखं तेन ते सुखम् ॥
हरणमापदां धाम संपदां भज मनः सदा स्वामिनं मुदा ॥६॥
विषयसन्निधौ दुःखवारिधो सुखधियासुधामन्थितामुदा ॥
नहि मृतिर्गता सा सुसेविता भज मनः सदा स्वामिनं मुदा ॥७॥
हरिवचोमृतं सर्वसंमतं पिबयतो हितं नशिताहितम् ॥
इति सदंजितं दीनयाचितं भज मनः सदा स्वामिनं मुदा ॥८॥

*॥ इति दीनानाथ भट्ट विरचित भजनाष्टकम् ॥*

ભગવાન શ્રી સ્વામિનારાયણ બ્રાહ્મણોને વિદ્વાનોનું આદરપૂર્વક માન સન્માન કાયમ કરતાં અને તેમને પ્રસન્ન રાજી કરવા માટે દક્ષિણાઓ પણ વારં વાર આપતા અને ભક્તો પાસે અપાવતા તેથી ઘણા વિદ્વાન વિપ્રો શ્રીહરિની સાથે દરેક ગામે વિચરણ કરતા. ત્યારે તેમાંના એક પંડિતવર્ય દીનાનાથ ભટ્ટજીએ જેવા ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વરૂપમાં દિવ્ય અને અદ્ભુત કલ્યાણકારી ગુણો જોયા તેનું વર્ણન આ અષ્ટકમાં કર્યું છે. તેનો અર્થ વિચારીએ --

**ભુવિસદંગણે સર્વસદ્‌ગુણે રચિતખેલનં ભક્તમેલનમ્ ॥**
**તવ સુરંજનં દુઃખભંજનં ભજ મનઃ સદા સ્વામિનં મુદા ॥૧॥**

આ ભારત ભૂમિ એમાં પણ જે ભૂમિ ઉપર અત્યારે મનુષ્ય દેહ ધારણ કરીને વિચરણ કરતાં ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય ચરણો પડે છે તે આંગણું અતિ ભાગ્ય શાળી થઇ જાય છે. જગતમાં અને સત્શાસ્ત્રોમાં જેટલાં શ્રેષ્ઠ કલ્યાણકારી ગુણોનું વર્ણન આવે છે તે સર્વ પ્રકારના ગુણોએ યુક્ત એવા આ પ્રત્યક્ષ પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણની આ દિવ્ય મૂર્તિમાં છે. અને તેઓ પોતાના ભક્તોને આનંદ આપવા મંડળોની રચના કરીને વિવિધ પ્રકારની ક્રીડાઓ રાસક્રીડા રંગક્રીડા કરે છે. મોટા મોટા સમૈયાઓ કરીને તેમાં ભક્તોનો મોટો મેળાવડો એકઠો કરીને તેમને ધર્મ ભક્તિ જ્ઞાન વૈરાગ્યનો ઉપદેશ આપીને પરમ ભાગવત્ એકાન્તિક ભક્તો તૈયાર કરે છે. અને તેમના મનને આનંદ આપે તેવી લીલાઓ કરે છે. જગતના દુઃખી જીવોના સર્વ પ્રકારના દુઃખો કષ્ટોનો નાશ કરે છે. એવા અનંતકોટી બ્રહ્માંડોના સ્વામી નાથ અને નિયન્તા ભગવાન શ્રીસ્વામિનારાયણનું હે મન તું આનંદ પૂર્વક સદા સર્વદા હંમેશા ભજન કરી લે જેથી મોક્ષની પ્રાપ્તિ થાય. (૧)

**શુભનિકેતનં બન્ધભેદનં નિગમમણ્ડનં કાલખણ્ડનમ્ ॥**
**પરસુખાશ્રયં ભક્તસંશયં ભજ મનઃ સદા સ્વામિનં મુદા ॥૨॥**

પોતાના ભક્તો આશ્રિતો ને અતિ શુભ એવું પોતાનું અક્ષરધામમાં નિવાસ કરાવે છે. તેના માયાના સર્વ પ્રકારના નાશવંત બંધનોથી છોડાવીને મુક્ત કરે છે. વેદો અને ઉપનિષદો અને સત્શાસ્ત્રોમાં કહેલાં આત્મા પરમાત્માના જ્ઞાનનું પ્રતિપાદન સમર્થન કરે છે. કાળ માયા અને કર્મના બળનું ખંડન કરીને તેનો નાશ કરે છે. તેમનો આશય ઈચ્છા હંમેશા અન્યને કેમ સુખ થાય તેવું જ તેમનું વર્તન આચરણ અને ઉપદેશ છે. આશ્રિત ભક્તોના સર્વ પ્રકારના મનમાં ઉદ્‌ભવતા સંશયો અને શંકા કુશંકાને દૂર કરે છે. એવા અનંતકોટી બ્રહ્માંડોના સ્વામી નાથ અને નિયન્તા ભગવાન શ્રીસ્વામિનારાયણનું હે મન તું આનંદ પૂર્વક સદા સર્વદા હંમેશા ભજન કરી લે જેથી મોક્ષની પ્રાપ્તિ થાય. (૨)

**અઘવિધુનનં શોભિતાનનં પ્રકટિતાકૃતિં સુંદરાહૃતિં ॥**
**પરતમંગલં મુક્તસંકુલં ભજ મનઃ સદા સ્વામિનં મુદા ॥૩॥**

શરણાગત ભક્તોના પ્રારબ્ધ સંચિત અને ક્રિયમાણ કર્મો નાના મોટા સર્વ પાપોનો નાશ કરીને સ્વચ્છ નિષ્પાપ કરે છે. સુંદર શોભાયમાન મુખાકૃતિ વાળા છે. પોતાના દિવ્ય સ્વરૂપને અને પ્રતાપ ઐશ્વર્યને ઢાંકીને મનુષ્યાકૃતિ રૂપે પ્રગટ થઈને સૌને દર્શન આપે છે. જે શરીરની આકૃતિ અતિ સુંદર અને સામુદ્રિક શાસ્ત્રમાં કહેલાં લક્ષણોએ યુક્ત છે. જેમના દર્શન અને આશ્રય કરનારાનું તત્કાળ જ સર્વ પ્રકારે મંગલ કરે છે. દયા કરૂણા કરીને સત્ય સ્વરૂપ એવા પરમાત્માના દિવ્ય જ્ઞાનનો ઉપદેશ આપીને અક્ષરમુક્તોની સ્થિતિ જીવોને પમાડીને તેનો મોટા સમુદાય સંકુલના જગતને દર્શન કરાવ્યા છે. એવા અનંતકોટી બ્રહ્માંડોના સ્વામી નાથ અને નિયન્તા ભગવાન શ્રીસ્વામિનારાયણનું હે મન તું આનંદ પૂર્વક સદા સર્વદા હંમેશા ભજન કરી લે જેથી મોક્ષની પ્રાપ્તિ થાય. (૩)

**સકલકારણં ભક્તતારણં ભયવિદારણં મુક્તિ ધારણમ્ ॥**
**કુપથવારણં કોપમારણં ભજ મનઃ સદા સ્વામિનં મુદા ॥૪॥**

સમગ્ર વિશ્વ અનંતકોટી બ્રહ્માંડોના ઉત્પતિ સ્થિતિ અને પ્રલયના કારણ પણ તેઓ જ છે. પોતાના આશ્રિત ભક્તોને ભવસાગરના બંધનોથી જન્મ મૃત્યુથી પાર ઉતારે છે. કાળ માયા અને યમદૂતના ભયનો નાશ કરે છે. આત્યન્તિક મોક્ષ જે અપુનર્ભવ પોતાના અક્ષરધામની પદવી આપે છે. હિંસામય માર્ગ નાસ્તિક અને કુડાપંથી શુષ્કજ્ઞાનીના માર્ગનું નિવારણ કરે છે. જીવના હૃદયમાંથી ક્રોધ રૂપી અન્તઃશત્રુનો નાશ કરે છે. એવા અનંતકોટી બ્રહ્માંડોના સ્વામી નાથ અને નિયન્તા ભગવાન શ્રીસ્વામિનારાયણનું હે મન તું આનંદ પૂર્વક સદા સર્વદા હંમેશા ભજન કરી લે જેથી મોક્ષની પ્રાપ્તિ થાય. (૪)

**ભુવનમંડલે કામનાકુલે મરણભીષણે પૂર્ણદૂષણે ॥**
**નહિસુખં મઠાઘસિ કિં હઠાત્ ભજ મનઃ સદા સ્વામિનં મુદા ॥૫॥**

આ સમગ્ર ભુવનમાં ચૌદ લોકના સમૂહમાં સર્વત્ર વિષય વાસનાની કામનાથી જીવો અતિ વ્યાકુળતાનું દુઃખ ભોગવી રહ્યા છે. જેથી તેમને મૃત્યુનો મહા ભયંકર ભય લાગે છે. સર્વત્ર અતિ દૂષણો કામ ક્રોધાદિ જન્મ મૃત્યુ અને નરકમાં પડવાના અનેક દોષો જ્યાં રહેલાં છે. એવા આ ભુવનમાં કોઈ પણ પ્રકારના મોટા મોટા મઠો મકાનો સુખ સમૃદ્ધિમાં પણ જીવને ક્યારેય સુખ શાન્તિ મળતી નથી. તેમજ કોઈ અનેક પ્રકારના સાધનો કરે છે અષ્ટાંગ યોગની સાધના કરે છે તેમાં પણ સુખ શાંતિ ક્યાંયથી મળતી નથી. પરંતુ જે શ્રીહરિનો આશ્રય કરે છે તેમને આ બધું જ આપે છે. એવા અનંતકોટી બ્રહ્માંડોના સ્વામી નાથ અને નિયન્તા ભગવાન શ્રીસ્વામિનારાયણનું હે મન તું આનંદ પૂર્વક સદા સર્વદા હંમેંશા ભજન કરી લે જેથી મોક્ષની પ્રાપ્તિ થાય. (૫)

**બહુલસંશયં દુઃખસંશ્રયં સજ્જનવૈસુખં તેન તે સુખમ્ ॥**
**હરણમાપદાં ધામ સંપદાં ભજ મનઃ સદા સ્વામિનં મુદા ॥૬॥**

પોતાના આશ્રિતોના અનેક પ્રકારના સંશયના જાળનો ત્યાગ કરીને તેનામાં રહેલાં દુઃખો આધિ વ્યાધિ અને અનેક પ્રકારની ઉપાધિઓની ચિન્તાને દૂર કરે છે. અને સજ્જનો સત્પુરૂષોને મહા સુખ જે આત્યન્તિક મોક્ષનું તે આપવું તેમાં જ જેમને સુખ આનંદ મળે છે. જીવને આવતી અનેક પ્રકારની જે આપત્તિઓ તેનો નાશ કરે છે. અને પોતાના દિવ્ય અક્ષરધામનું સુખ આપે છે. એવા અનંતકોટી બ્રહ્માંડોના સ્વામી નાથ અને નિયન્તા ભગવાન શ્રીસ્વામિનારાયણનું હે મન તું આનંદ પૂર્વક સદા સર્વદા હંમેશા ભજન કરીલે જેથી મોક્ષની પ્રાપ્તિ થાય. (૬)

**વિષયસન્નિધૌ દુઃખવારિધૌ સુખધિયાસુધામન્થિતામુદા ॥**
**નહિ મૃતિર્ગતા સા સુસેવિતા ભજ મનઃ સદા સ્વામિનં મુદા ॥૭॥**

આ જગતના પંચ વિષયોની જીવાત્મા જેટલો નજીક જાય છે અર્થાત ધન સંપત્તિ જેટલી મેળવે છે તેટલું તેને વધારેમાં વધારે દુઃખો કષ્ટોના મહા સાગરમાં ગરકાવ થવું પડે છે. તેમાંથી સુખ મળવાની આશાએ અતિ

આનંદમાં દેવો અને દાનવો મળીને સાગરનું મંથન કરી જોયું પણ તેમાંથીય કોઈને સાચું સુખ કે શાન્તિ મૃત્યુ લોકમાં મેળવી શક્યા નહીં. શાન્તિ આવી નહીં. તે મુક્તિ મોક્ષ કે શાન્તિ મેળવવી હોય તો શ્રીહરિનું સેવન આશ્રય કરનારાને મળે છે. એવા અનંતકોટી બ્રહ્માંડોના સ્વામી નાથ અને નિયન્તા ભગવાન શ્રીસ્વામિનારાયણનું હે મન તું આનંદ પૂર્વક સદા સર્વદા હંમેશા ભજન કરી લે જેથી મોક્ષની પ્રાપ્તિ થાય. (૭)

**હરિવચોમૃતં સર્વસંમતં પિબયતો હિતં નશિતાહિતમ્ ॥**
**ઈતિ સદંજિતં દીનયાચિતં ભજ મનઃ સદા સ્વામિનં મુદા ॥૮॥**

મનુષ્ય શરીર ધારણ કરીને વિચરણ કરતાં ભગવાન શ્રી સ્વામિનારાયણના વચનામૃતો ઉપદેશો શિક્ષાપત્રીના વચનો જીવને અમર બનાવે છે. અર્થાત આત્યન્તિક મોક્ષ ગતિ આપે છે. તે સર્વ સત્શાસ્ત્રો વેદો ઉપનિષદો અને મોટા મહાપુરૂષોના સિદ્ધાન્તને અનુસરે છે. તેનું જે જીવ અનુસરણ કરે છે તેનું મોટું હિત થાય છે. વચનામૃતનું પાન કરે છે અર્થાત તે પ્રમાણે જીવન જીવે છે તેને મોક્ષની પ્રાપ્તિ અને તેનું જે અનુસરણ નથી કરી શકતાં એવા જીવોનું પણ હિત જ થાય છે. એવું સત્પુરૂષો વિદ્વાનો અને પંડિતોએ નિશ્ચય કરેલ છે. તેથી અતિ દીનભાવે કરીને હું દીનાનાથ ભટ્ટ માગણી કરૂં છું યાચના કરૂં છું હે મન તું પણ આશ્રય કરીશ તો તારૂં પણ કલ્યાણ કરશે. એવા અનંતકોટી બ્રહ્માંડોના સ્વામી નાથ અને નિયન્તા ભગવાન શ્રીસ્વામિનારાયણનું હે મન તું આનંદ પૂર્વક સદા સર્વદા હંમેશા ભજન કરી લે જેથી મોક્ષની પ્રાપ્તિ થાય. (૮)

*॥ ઈતિ દીનાનાથ ભટ્ટવિરચિત ભજનાષ્ટકમ્ ॥*

## પ્રાતઃ સ્મરણ

॥ वसन्ततिलकावृत्तम् ॥

प्रातः स्मरामिवृषपुत्रपदार्विन्दं पापौघपापिजनपातक पुञ्ज्ञदाहम ॥
मुक्तैर्महामुनिगणैर्महनीयमाद्यं सत्संगिनां परममंगलमार्तिनाशनम् ॥१॥

प्रातः स्मरामि सुखशान्तिनिदानहेतुं कल्याणकारीगुणसागर दिव्यरुपम् ॥
स्वानेकजन्मसुकृतैरवलोकनीयं श्रीधर्मपुत्रपदमात्मनी संदधामि ॥२॥
प्रातर्भजामिभजनीय भवाब्धिसेतुं संसारिणां सकलविघ्नविनाशदक्षम् ॥
वेदान्तवेद्य शुभषोडशचिन्हलक्ष्यं ध्यायामिधर्मतनयांघ्रियुगंधियाऽहम् ॥३॥
प्रातर्भजामिभवभीतिहरं वरेण्यं ध्यानासनादिनियमैश्च विना समाधिम् ॥
पापात्मनां सुकृतिनामपिकारयन्तं तं नौमि धर्मतनयं शिरसाप्रणम्य ॥४॥
प्रातर्नमामि शिरसा निगमैकगम्यं ब्रह्मेन्द्रशर्वविबुधादिभिरप्य गम्यम् ॥
उत्पतिसंस्थितिलयादिनिदानमेकं संचिन्त्यामि सततं हरिकृष्णदेवम् ॥५॥
प्रातर्नमाम्यमितदुष्टनिर्बर्हणाय सद्धर्म मर्म परिपालनकारणाय ॥
ब्राह्मण्यवेदपथगोसदनुग्रहाय प्रादुर्बभुव भुविभक्तिवृषांगतोऽसौ ॥६॥
प्रातर्नमामि नमनीयनिजैकधाम्नो दुर्वाससाविहितशापनिदानमेत्य ॥
घोरेकलौ विषयिपामरजीवजातं मुक्तैः समंसमकरोदवतीर्ययस्तम् ॥७॥
प्रातर्नमन्ति पुलकांकितसर्वगात्राः प्रेम्णासदैकमनसाऽचलचेतसाये ॥
ध्यात्वास्वकीयहृदये हरिकृष्णमूर्ति ते यान्तिधाम विशदंक्षरभावशून्यम् ॥८॥
प्रातर्विहायशयनं स्थिरचेतसा यः श्लोकाष्टकंपठति नित्यमनन्यभक्त्या ॥
स्तोत्रंस्वमंगलकरंगिरिजाशिवोक्तं पुण्याहमेतिनिखिलं नहि तस्यविघ्नाः ॥९॥

*॥ इति याज्ञिक गीरीजाशंकर विरचितं प्रातः स्मरणाष्टकं समाप्तम् ॥*

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સ્વમુખે કહેલ સંપ્રદાયના બંધારણ અને સિદ્ધાન્તને યથાર્થ રીતે પ્રકાશિત કરનારી એવી શ્રી શિક્ષાપત્રી ગ્રન્થમાં શ્લોક ૧૩૨માં વિશેષ ધર્મોમાં આચાર્યના વિશેષ ધર્મો કહેતાં કહ્યું છે કે – संस्थाप्य विप्रं विद्‌वासं पाठशालां विधाप्य च । प्रवर्तनीया सद्‌विद्या भुवि यत्सुकृतं महत् ॥ આ આજ્ઞા પ્રમણે સંપ્રદાય તરફથી અને આચાર્ય ધર્મનું અનુસરણ કરતાં આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ સૌ પ્રથમ અમદાવાદમાં શ્રીનરનારાયણ દેવનાં આંગણામાં સંસ્કૃત મહાવિદ્યાલયની સ્થાપના કરી જે સંપ્રદાયના બેય દેશના સંતો અને સમગ્ર ગુજરાતના બ્રાહ્મણોના બાળકોને સંસ્કૃત વિદ્યાની વિના મૂલ્યે પ્રાપ્તિ થાય તેવી સુંદર

વ્યવસ્થા મંદિર સંસ્થાન તરફથી કરી. જેનો લાભ ગુજરાતના પ્રસિદ્ધ વિદ્વાન બ્રાહ્મણોએ લઈને પોતાની વિદ્વતાથી સમગ્ર દેશ અને ગુજરાતને પ્રભાવિત કર્યો છે તેવી મહાન સંસ્કૃત મહાવિદ્યાલય (સંસ્કૃત કોલેજ)ના પ્રધાનાચાર્ય અને વિદ્વાન પંડિતવર્ય શ્રીગિરજાશંકર શાસ્ત્રીજીને ભગવાન શ્રી સ્વામિનારાયણનો જે મહિમા અને માહાત્મ્ય પોતાના હૃદયમાં સમજાણેલ છે તે તેમના જ શબ્દોમાં તેઓશ્રીએ સંસ્કૃતમાં એક સુંદર પ્રાતઃ સ્મરણ કરવા યોગ્ય અષ્ટકની રચના કરીને અભિવ્યક્ત કરેલ છે તેના શબ્દોના અર્થને જોઈએ --

**પ્રાતઃ સ્મરામિવૃષપુત્રપદાર્વિન્દં પાપૌઘપાપિજનપાતક પુઞ્જદાહમ્ ॥**
**મુક્તૈર્મહામુનિગણૈર્મહનીયમાદ્યં સત્સંગિનાં પરમમંગલમાર્તિનાશનમ્ ॥૧॥**

જેમના દિવ્ય ચરણોમાં સોળ ચિન્હ વિરાજમાન છે તેવા ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયેલાં પરમાત્મા ભગવાન શ્રીહરિના ચરણાર્વિન્દનું હું સ્મરણ કરૂ છું. જે પાપી જીવાત્માના મહાભયાનક મોટા પાપોના સમૂદાયને નાશ કરનારા છે, અને પ્રારબ્ધ સંચિન્ત અને ક્રિયમાણ કર્મોના ગંજને અગ્નિ જેમ ઘાસને બાળે છે તેમ બાળી દેનારા છે. તેથી મોટા મોટા મહાનઋષિ મુનિઓનો અને અક્ષરમક્તોનો સમૂદાય માહાત્મ્ય સમજીને આશ્રય કરે છે. આશ્રય કરનારા સત્સંગીઓના પરમ મંગલ અર્થાત આત્યન્તિક મોક્ષરૂપી મંગલ કરનારા છે. અને તેમના સર્વ પ્રકારના દુઃખો કષ્ટોનો નાશ કરે છે. (૧)

**પ્રાતઃ સ્મરામિ સુખશાન્તિનિદાનહેતું કલ્યાણકારીગુણસાગર દિવ્યરૂપમ્ ॥**
**સ્વાનેકજન્મસુકૃતૈરવલોકનીયં શ્રીધર્મપુત્રપદમાત્મની સંદધામિ ॥૨॥**

સવારના પહોરમાં પ્રાતઃકાળમાં હું ખરેખર સાચી સુખ અને શાંતિના કારણ રૂપ એવા અને જેમનામાં અનેક કલ્યાણકારી મોક્ષદાયક સદ્‌ગુણના ભંડાર સાગર રૂપ છે એવા દિવ્ય માનુષરૂપ ધારી રહેલાં જેમને અનેક જન્મ જન્માંતરોના પુણ્ય ફળના કારણે દર્શન થયા છે મળ્યા છે તે ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણને મારા આત્મામાં હૃદયમાં સારી રીતે ધારણ કરીને રાખુ છું. (૨)

**પ્રાતર્ભજામિભજનીય ભવાબ્ધિસેતું સંસારિણાં સકલવિઘ્નવિનાશદક્ષમ્ ॥**
**વેદાન્તવેદ્ય શુભષોડશચિન્હલક્ષ્યં ધ્યાયામિધર્મતનયાંઘ્રિયુગંધિયાડહમ્ ॥૩॥**

પ્રાતઃકાળમાં ભજન કરવા યોગ્ય તો તે છે જેનું ભજન કરવાથી આ જન્મ મૃત્યુના ભવસાગરમાંથી પાર ઉતારનાર સેતુ અર્થાત સરળતાથી પાર ઉતારે તેવો પુલના જેવું કામ આપે અને સંસારી જીવોના સર્વ પ્રકારના મોક્ષ મેળવવામાં આવનારા વિઘ્નો આવરણોને દૂર કરવામાં નાશ કરવામાં સક્ષ્મ અને પ્રવિણ હોય તેવા જે સત્શાસ્ત્રો વેદો પુરાણોથી જેમને જાણી શકાય છે સમજી શકાય છે તેમના ચરણમાં સામુદ્રિક શાસ્ત્રમાં કહેલાં શુભ કલ્યાણકારી સોળ ચિન્હ ઉર્ધ્વરેખા ગોપદ આદિ લક્ષણે યુક્ત છે તેવા ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણના બેય ચરણ કમળનું મારા હૃદયમાં બુદ્ધિ પૂર્વક સમજણથી ધ્યાન કરૂ છું. (૩)

**પ્રાતર્ભજામિભવભીતિહરં વરેણ્યં ધ્યાનાસનાદિનિયમૈશ્ચ વિના સમાધિમ્ ॥**
**પાપાત્મનાં સુકૃતિનામપિકારયન્તં તં નૌમિ ધર્મતનયં શિરસાપ્રણમ્ય ॥૪॥**

સવારના પહોરમાં પ્રાતઃકાળમાં જન્મ મૃત્યુના ભવસાગરના દુઃખોને હરનારા અને વરવા યોગ્ય મેળવવા યેગ્ય જે મોટા યોગીઓ અષ્ટાંગયોગની સાધના કરીને ધ્યાન આસન આદિ નિયમોનું પાલન કરીને મેળવે છે તે સમાધિ દર્શન માત્રથી સૌને પુણ્યવાળા ભક્તોને અને પાપી જીવોને પણ કોઇ જાતના ભેદભાવ વિના દિવ્ય ધામોના દર્શન કરાવે છે તેવા ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણને મસ્તક નમાવીને શિર નમાવીને પ્રણામ કરૂં છું અને તેમનું જ ભજન કરૂં છું. (૪)

**પ્રાતર્નમામિ શિરસા નિગમૈકગમ્યં બ્રહ્મેન્દ્રશર્વવિબુધાદિભિરપ્યગમ્યમ્ ॥**
**ઉત્પતિસંસ્થિતિલયાદિનિદાનમેકં સંચિન્ત્યામિ સતતં હરિકૃષ્ણદેવમ્ ॥૫॥**

પ્રાતઃકાળમાં સવારમાં ઉઠીને પ્રથમ સાષ્ટાંગ દંડવત સહિત શિર મસ્તક નમાવીને પ્રણામ નમસ્કાર કરૂં છું, જેઓને સમજવા માટે જાણવા માટે વેદો અને ઉપનિષદોનો જ એક માર્ગ છે તે વિના મોટા દેવો બ્રહ્મા ઈન્દ્ર કે બ્રહસ્પતિ જેવા બહુજ બુદ્ધિશાળી પણ સમજી શકતા નથી જાણી શકતા નથી, અને

જે સમગ્ર બ્રહ્માંડોની જગત આખાની ઉત્પતિ સ્થિતિ અને પ્રલયના જે ખરેખર સત્યતાર્થી યથાર્થ રૂપે એકમાત્ર કારણ રૂપ છે. તે પરમેશ્વર હરિકૃષ્ણનામ ધારણ કરીને દિવ્ય દેહે પ્રગટેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું હું મારા હૃદયમાં સારી રીતે સાવધાનીથી ચિન્તવન કરૂં છું. (૫)

**પ્રાતર્નમામ્યમિતદુષ્ટનિર્બર્હણાય સદ્ધર્મ મર્મ પરિપાલનકારણાય ॥**
**બ્રાહ્મણ્યવેદપથગોસદનુગ્રહાય પ્રાદુર્બભૂવ ભુવિભક્તિવૃષાંગતોડસૌ ॥૬॥**

પ્રાતઃકાળમાં સવારના પહોરમાં હે પ્રભું હું તમારા ચરણોમાં નમસ્કાર કરૂં છું. પ્રણામ કરૂં છું. જેથી મારા હૃદયમા રહેલાં અતિ દુષ્ટ કામ ક્રોધાદિ અન્તઃશત્રુઓને નિયમન કરવા માટે સાત્વિક અને શુદ્ધ ભાગવદ્ધારના રહસ્યને મર્મને સમજવા જાણવા અને તેનું સારી રીતે પાલન પોષણ કરવા માટે જ અવતાર ધારણ કરીને સંધ્યા વંદનાદિ નિત્ય કર્મ પરાયણ બ્રાહ્મણો અને વૈદિક માર્ગ સર્વ દેવ મયં એવો સિદ્ધાન્ત પવિત્ર ગાયો સત્પુરૂષો સાધુજનો ઉપર અનુગ્રહ કરવા માટે આ કળિકાળમા ભુવિ ઉપર પૃથ્વી ઉપર હરિપ્રસાદ વિપ્ર જે ધર્મદેવના આંગણે પ્રગટ થયા છો. એવા ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણોમાં નમસ્કાર કરૂં છું. (૬)

**પ્રાતર્નમામિ નમનીયનિજૈકધામ્નો દુર્વાસસાવિહિતશાપનિદાનમેત્ય ॥**
**ઘોરેકલૌ વિષયિપામરજીવજાતં મુક્તૈઃ સમંસમકરોદવતીર્યયસ્તમ્ ॥૭॥**

પ્રાતઃકાળમાં સવારમાં દરરોજ નમન કરવા યોગ્ય એવા પરમાત્મા ને હું સદા વંદન નમસ્કાર કરૂં છું, જે પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીહરિ પોતાના દિવ્ય અવનાશી અક્ષરબ્રહ્મ ધામમાં થી દુર્વાસા ઋષિના શાપને નિમિત્ત કરીને આ ભયાનક ઘોર કળિયુગમાં વિષયાસક્ત અસંખ્ય પામર જીવો જે મહાન દુઃખ અને ભયાનક કષ્ટો ભોગવી રહ્યા છે, તેમને પોતાના અક્ષરધામના મહાઅક્ષરમુક્તોના જેવું અલૌકિક દિવ્ય સુખ આપીને તે મુક્તોના સમાન ઐશ્વર્યવાન અને સુખી કરવા સ્વયં પરમેશ્વર માનવ દેહ ધારણ કરીને અવતાર ધર્યો છે તેમના ચરણોમાં હું નમન કરૂં છું. (૭)

**પ્રાતર્નમન્તિ પુલકાંકિતસર્વગાત્રાઃ પ્રેમ્ણાસદૈકમનસાઽચલચેતસાયે ॥**
**ધ્યાત્વાસ્વકીયહૃદયે હરિકૃષ્ણમૂર્તિં તે યાન્તિધામ વિશદંક્ષરભાવશૂન્યમ્ ॥૮॥**

જગતના જે જીવો પ્રાતઃકાળમાં સદા પોતાના મનને સ્થિર રાખીને ચિત્તમાંથી ચંચળતાનો ત્યાગ કરીને પ્રેમપૂર્વક એક મનથી સર્વ અંગોથી હર્ષ અને આનંદ પૂર્વક નમસ્કાર કરે છે વંદન કરે છે, અને પરમેશ્વર એવા હરિકૃષ્ણ ભગવાનના સ્વરૂપનું પોતાના હૃદયમાં ધ્યાન કરે છે તે જીવાત્માઓ અન્તે ભગવાનના અવિનાશી એવા બ્રહ્મપુર ધામ અક્ષરધામને પ્રાપ્ત કરે છે. અને તે દિવ્ય ધામમાં અક્ષરમુક્તોની સાથે અક્ષરાધિપતિ પુરૂષોત્તમનારાયણના અલૌકિક આનંદને ભોગવે છે. (૮)

**પ્રાતર્વિહાયશયનં સ્થિરચેતસા યઃ શ્લોકાષ્ટકંપઠતિ નિત્યમનન્યભક્ત્યા ॥**
**સ્તોત્રંસ્વમંગલકરં ગિરિજાશિવોક્તં પુણ્યાહમેતિનિખિલં ન હિ તસ્યવિઘ્નાઃ॥૯॥**

પંડિતવર્ય ગીરજાશંકરજી કહે છે કે મેં રચેલા આ સ્તોત્રનો સવારમાં પ્રાતઃકાળમાં ઉઠીને સ્થિર શાન્ત મનથી જે આ આઠ શ્લોકોનું નિત્ય અનન્ય ભક્તિ ભાવથી પઠન કરે છે કે શ્રદ્ધાથી સાંભળે છે તેનું સર્વ પ્રકારે મંગલ થાય છે. અને તેના જીવનમાં આવનારા સર્વ વિઘ્નો દૂર થાય છે. અને તેના જીવનમાં સત્કર્મો અને પુણ્ય કર્મોનો ઉદય થાય છે. (૯)

# પ્રાતઃકાળનું સ્મરણ

॥ मंगलाचरण ॥

प्रातः स्मरामि भवभीतिमहार्तिशान्त्यै नारायणं गरुडवाहनमब्जनाभम् ॥
ग्राहाभिभूतवरवारणमुक्तिहेतुं चक्रायुधं तरुणवारिजपत्रनेत्रम् ॥१॥
प्रातर्नमामि मनसा वचसा च मूर्ध्ना पादारविन्दयुगलं परमस्य पुंसः ॥
नारायणस्य नरकार्णवतारकस्य पारायणप्रवरविप्रपरायणस्य ॥२॥
प्रातर्भजामि भजतामभयंकरं तं प्राकसर्वजन्मकृतपाप भयापहत्यै ॥
यो ग्राहवक्रपतितांघ्रिगजेन्द्र घोरशोकप्रणशनकरो धृतशंखचक्रः ॥३॥
श्लोकत्रयमिदं पुण्यं प्रातः प्रातः पठेनरः ॥
लोकत्रयपतिस्तस्मै दद्यादात्मपदं हरिः ॥४॥

प्रातः स्मरामि हरिकृष्णमुखारविन्दं बिम्बाधरं स्मितसुधाहृतविश्वतापम् ॥
कारुण्यपूर्णनयनं शुभनासिकाढ्यं पुण्ड्राढ्यभालमवतंसलसत्कपोलम् ॥५॥
प्रातः श्रये वृषजनेर्भुजदण्डयुग्मं संसारसिन्धुपतिताश्रयणीयमेकम् ॥
आजानुलम्बितवराभयदं मनोज्ञं संस्थापकं स्वसुतयोश्च निजाकृतीनाम् ॥६॥
प्रातर्नमामि हरिकृष्णपादार्विन्दे तीर्थीकृतावनितले हृदयावधार्ये ॥
वज्राकुंशध्वजयवाम्बरगोपष्पदोर्ध्वरेखांकिते नखविधुक्षतहृदगतान्धे ॥७॥
प्रातः शिखान्तहरिकृष्णतनुं घनाभांध्यायामि सज्जनसभान्तरराजमानाम् ॥
सप्रान्तशेखरशिरः पटमादधानां श्रीवत्सकौस्तुभसिताम्बर भूषणाढ्यम् ॥८॥

સવારમાં ઉઠતાંની સાથે જે જીવાત્મા ભગવાનનું સ્મરણ કરે છે તેનો આખો દિવસ આનંદમય વિતે છે. અને ભગવાનની કૃપા દ્દષ્ટિ પડવાથી જીવનું આત્યન્તિક કલ્યાણ થાય છે. તેના કારણે જ ઋષિમુનિઓ અને પુરાણો કહે છે સવારના પ્રાતઃ કાળમાં બ્રહ્મમુહૂર્તમાં ભગવાનની મૂર્તિનું સ્મરણ અવશ્ય કરવું. તે પરમાત્માના સ્વરૂપનું કેવા પ્રકારે સ્મરણ કરવું તે પણ પુરાણોમાં ભગવાન વેદ વ્યાસજીએ નિશ્ચય કરીને આજ્ઞા કરેલ છે કે આ ત્રણ શ્લોકોનું પઠન કરવું. તે શ્લોકોનો નિત્ય પાઠ કરવાની આજ્ઞા ભગવાન શ્રીસ્વામિનારાયણે પણ સત્સંગિજીવન ધર્મ શાસ્ત્રમાં પોતાના સૌ આશ્રિતોને કરી છે. તેમાં ત્રણ શ્લોકોના નિત્ય પાઠ કરવાની આજ્ઞા કરી છે તે પુરાણોમાં પ્રસિદ્ધ આ ત્રણ શ્લોકોનો ભાવર્થ શું થાય છે તેનો વિચાર કરીએ --

**પ્રાતઃ સ્મરામિ ભવભીતિમહાર્તિશાન્ત્યૈ નારાયણં ગરૂડવાહનમબ્જનાભમ્ ॥**
**ગ્રાહાભિભૂતવરવારણમુક્તિહેતું ચક્રાયુધં તરૂણવારિજપત્રનેત્રમ્ ॥૧॥**

હે પરમાત્મા ભગવાન શ્રીહરિ દિવ્ય ગરૂડજીના વાહન વાળા અને જેમની નાભિ કમળમાંથી જગત પિતા બ્રહ્માજી પ્રગટ થયા છે એવા અને મહા ભયાનક મગરમચ્છના મુખમાંથી પોતાના હાથમાં સુદર્શન ચક્ર ધારણ કરીને તેને મુક્તિ અપાવનારા અને શરણે આવેલાં જીવો ઉપર તાજા તાજા સૂર્યના કિરણોના સ્પૃર્શ થવાથી સવારના પહોરમાં ખીલી ઉઠેલાં કોમળ કમળની પાંખડી જેવા નેત્રોથી કરૂણા દ્દષ્ટિ કરતાં એવા દયાળુ પ્રભુની હું જન્મ મૃત્યના

ભવસાગરના ભયથી અને સંસારના ભયાનક દુઃખોથી શાન્તિ મેળવવા હું પ્રાતઃ કાળમાં સ્મરણ કરૂ છું. (૧)

**પ્રાતર્નમામિ મનસા વચસા ચ મૂર્ધ્ના પાદારવિન્દયુગલં પરમસ્ય પુંસઃ ॥ નારાયણસ્ય નરકાર્ણવતારકસ્ય પારાયણપ્રવરવિપ્રપરાયણસ્ય ॥૨॥**

વેદો અને સત્શાસ્ત્રોનું પરિશિલન કરનારા સ્વાધ્યાય પઠન પાઠન અને અનુસરણ કરવા વાળા વિપ્રોના આશ્રય સ્થાન જીવોને મહાભયાનક નરકના દુઃખો કષ્ટોથી છોડાવવાવાળા અને સંસાર સાગરથી પાર ઉતારવા વાળા પરંપુરૂષ પરમાત્મા ભગવાન શ્રીનારાયણના ચરણોનું હું પ્રાતઃકાળમાં મન કર્મ વચને કરીને તેમના ચરણોંમાં મસ્તક નમાવિને નમસ્કાર વંદન કરૂં છું. (૨)

**પ્રાતર્ભજામિ ભજતામભયંકરં તં પ્રાક્સર્વજન્મકૃતપાપ ભયાપહત્યૈ ॥ યો ગ્રાહવક્રપતિતાંઘ્રિગજેન્દ્ર ઘોરશોકપ્રણશનકરો ધૃતશંખચક્રઃ ॥૩॥**

જે પરમાત્માએ ગંધમાદન પર્વત ઉપર મહાભયાનક મગરમચ્છના વિકરાળ મોઢામાં ફસાયેલાં પગવાળા ગજરાજને ઘોર સંકટથી છોડાવવા માટે પોતાના હાથમાં સુદર્શન ચક્ર ધારણ કરીને તેની રક્ષા કરનારા અને પોતાના ભક્તોને અભય આપનારા એવા પ્રભુને હું મારા જન્મ જન્માત્તરના પ્રારબ્ધ સંચિત અને ક્રિયામાણ કર્મોથી પાપોથી છૂટવા માટે પ્રાતઃકાળમાં આશ્રય કરીને ભજન કરૂં છું. (૩)

**શ્લોકત્રયમિદં પુણ્યં પ્રાતઃ પ્રાતઃ પઠેનરઃ ॥**
**લોકત્રયપતિસ્તસ્મૈ દદ્યાદાત્મપદં હરિઃ ॥૪॥**

આ ત્રણ શ્લોકોનું જે ભગવાનનો ભક્ત દરરોજ સવારમાં પાઠ કરે છે તેનાં ઉપર ત્રિલોકાધિપતિ ભગવાન શ્રીહરિ તેને પોતાના દિવ્ય અક્ષરધામનું પદ આપે છે. આ શ્લોકની વ્યાસજીએ પુરાણોમાં અને શતાનંદમુનિએ સત્સંગિજીવનમાં નોંધ લખી છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણે પ્રાતઃકાળમાં જે પુરાણ પ્રસિદ્ધ ત્રણ શ્લોકનો પાઠ કરવાની આજ્ઞા કરી છે, તેવી રીતે આપણા સંપ્રદાયમાં પોતાના ઈષ્ટ

દેવ ભગવાન શ્રીસ્વામિનારાયણની અનન્ય નિષ્ઠા વાળા ભક્તોને માટે નંદ પરમહંસોએ ભગવાન શ્રીસ્વામિનારાયણની એવા જ ભાવવાળા શ્લોકોની પોતાને દરરોજ સ્મરણ કરવા માટે રચના કરી છે તેના ભાવ શ્રદ્ધાને પણ વ્યક્ત શબ્દોનો અર્થ વિચારી એ --

**પ્રાતઃ સ્મરામિ હરિકૃષ્ણમુખારવિન્દં બિમ્બાધરં સ્મિતસુધાહૃતવિશ્વતાપમ્ ॥**
**કારુણ્યપૂર્ણનયનં શુભનાસિકાઢ્યં પુણ્ડ્રાઢ્યભાલમવતંલસત્કપોલમ્ ॥૫॥**

સવારના પહોરમાં પ્રાતઃકાળમાં સ્મરણ કરૂં છું, મારા ઈષ્ટ દેવ પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણ નામધારી રહેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય અને અતિ સુંદર મુખ કમળને કે જે એવું સુંદર છે. જે મુખારર્વિંદના બે હોઠ પાકેલાં ગિલોડાના ફળના જાણે બે ફાડીયા હોય તેવા શોભે છે. અને જ્યારે અમૃત જેવું મધુર હાસ્ય કરે છે ત્યારે સમગ્ર વિશ્વના જીવોના ત્રણેય પ્રકારના તાપ આધ્યાત્મિક આધિભૌતિક અને આધિ દૈવિકનો નાશ કરે છે. સંસારમાં ડુબકા ખાતા દુઃખી જીવોને દેખે છે ત્યારે તેમની આંખોમાંથી કરૂણા નિતરે છે. અને જેમના મુખ કમળમાં તલના પુષ્પ સમાન શુભ અને સુંદર નાસિકા શોભે છે. પોતાના તેજસ્વી ચમકતા કપોલમાં વિશાળ કપાળમાં ભાલમાં ઉર્ધ્વપુંડ્ર તિલક ચાંદલાએ સહિત અતિ શોભી રહ્યું છે. (૫)

**પ્રાતઃ શ્રયે વૃષજનેર્ભુજદણ્ડયુગ્મં સંસારસિન્ધુપતિતાશ્રયણીયમેકમ્ ॥**
**આજાનુલમ્બિતવરાભયદં મનોજ્ઞં સંસ્થાપકં સ્વસુતયોશ્ચ નિજાકૃતીનામ્ ॥૬॥**

જગતના જીવ માત્ને સવારના પહોરમાં પ્રાતઃ કાળમાં આશ્રય કરવા યોગ્ય હરિ પ્રસાદ વિપ્ર ધર્મદેવના ઘરે પ્રગટ થયેલાં ભગવાન શ્રીસ્વામિનારાયણે પોતાના અપર સ્વરૂપે સ્થાપેલાં ધર્મવંશી આચાર્યના જાનું પર્યન્ત લાંબા ભુજ દંડ હાથ જે સદા આશ્રિત જીવોને વરદાન આપવામાં અને તેમને જન્મ મૃત્યુથી અભય આપવામાં તત્પર છે. તેમની મનની અભિલાષાં પણ એજ છે કે સંસાર સાગરમાં પડેલાં અને મહા દુઃખ કષ્ટ ભોગવતા જીવોને એક માત્ર આશ્રય

આપીને તેમનો ઉધ્ધાર થાય તે માટે ભગવાનના શરણે પહોંચાડવા તેમાનો જ આશ્રય કરવાથી આ જીવને આત્યન્તિક મોક્ષરૂપ મહાફળની પ્રાપ્તિ થાય છે. (૬)

**પ્રાતર્નમામિ હરિકૃષ્ણપાદાર્વિન્દે તીર્થીકૃતાવનિતલે હૃદયાવધાર્યે ॥**
**વજાંકુંશધ્વજયવામ્બરગોષ્પદોર્ધ્વરેખાંકિતે નખવિધુક્ષતહૃદગતાન્ધે ॥૭॥**

પ્રાતઃકાળમાં સવારમાં ઉઠીને સૌ કોઇ ધાર્મિક વૃત્તિવાળા માનવે જેમના બેય ચરણોમાં વજ અંકુંશ ધ્વજ જવ અમ્બર આકાશ ગોપદ ગાયનું પગલું ઉર્ધ્વરેખા આદિ દિવ્ય શુભ ચિન્હ હોય અને જેમના જમણા ચરણના અંગુઠાના નખમાં જીવના હૃદયમાંથી અજ્ઞાન રૂપી અંધકારને દૂર કરનાર ચિન્હ હોય જે પરંબ્રહ્મ પરમાત્મ તત્ત્વના સૂચક છે. તેવા સામુદ્રિક શાસ્ત્રમાં કહેલાં લક્ષણો હોવા છતાં જેઓ જગતના જીવોના હિત માટે મહાભિનિષ્ક્રમણ કરીને ભયાનક વનોમાં અને અનેક તીર્થોમાં વિચરણ કરીને જીજ્ઞાસુ મુમુક્ષુઓને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપે છે. તેવા પોતાના હૃદયમાં ધારણ કરી રાખવા જેવા તો ભગવાન શ્રી હરિકૃષ્ણના શ્રીસ્વામિનારાયણના ચરણાર્વિન્દ છે. (૭)

**પ્રાતઃ શિખાન્તહરિકૃષ્ણતનું ઘનાભ્માં ધ્યાયામિ સજ્જનસભાન્તરરાજમાનામ્ ॥**
**સપ્રાન્તશેખરશિરઃ પટમાદધાનાં શ્રીવત્સકૌસ્તુભસિતામ્બર ભૂષણાઢ્યમ્ ॥૮॥**

સવારના પ્રાતઃ કાળના સમયમાં જેમના હૃદયાર્વિન્દમાં શ્રીવત્સનું ચિન્હ ધારણ કરી રાખ્યું છે, અને કૌસ્તુભમણિએ યુક્ત સુંદર સુવર્ણનો હાર કંઠમાં પહેરેલ છે. અને સદા શ્વેત સુંદર હેમ જેવા સ્વચ્છ વસ્ત્રો ધારણ કરેલાં છે. તેના ઉપર સુગન્ધીત રંગબેરંગી પુષ્પોના આભૂષણો ધારણ કરેલાં છે. અને મસ્તક ઉપર લલાટથી કપાળથી પ્રારંભ કરીને સુંદર સાફો પાઘ બાંધેલ છે. અને સદા સત્પુરૂષો સજ્જનો જે સાધુ વેષધારી પરમહંસો છે તેમની સભા ઉંચા સિંહાસન ઉપર વિરામાન છે. એવા ભગવાન હરિકૃષ્ણ શ્રીસ્વામિનારાયણના શ્યામ સુંદર મેઘ જેવા વર્ણ રંગ વાળા દિવ્ય માનવ શરીરનું હૃદયમાં હું સતત ધ્યાન ચિન્તવન કરૂં છું. (૮)

# શ્રી સ્વામિનારાયણ ભગવાનની સ્તુતિ પ્રાર્થના

॥ मंगलाचरण ॥

स्वीये धाम्नि सदाऽक्षरे परतरेसंसेवितांघ्रिद्वयै ।
भक्तैर्ब्रह्मशरीरिभिर्यः उरुधा वेदान्तवेद्यः प्रभुः ॥
नैकाण्डोद्भवपालनादिकरपुंमायानियन्ता स्वराट् ।
कारुण्याम्बुनिधिर्नमामितमहं श्रीस्वामिनारायणम् ॥१॥

त्वं साक्षात्पुरुषोत्तमोऽसि परमं ब्रह्माऽक्षरः ।
श्रीकृष्णो हरिकृष्ण आदिपुरुषो धर्मात्मजः श्रीहरेः ॥
हे नारायण वासुदेव परमानंद प्रभो सत्पते ।
मायाधीश बृहत्पुरस्थ नृतनो श्रीस्वामिनारायणः ॥२॥

योऽन्तः स्थित्वाऽऽत्मवर्गं नियमयति यतः सर्वकार्यस्य सिद्धिः ।
यश्चाराध्यः समस्तैर्निगमनिगदतैः कर्मभिस्तत्तदात्मा ॥
त्रायन्ते श्रूयमाणः परमखनिलयो यः परंब्रह्म कृष्णो ।
विश्वाविर्भावहे तुः स जयतु भगवान् स्वामिनारायणोऽयम् ॥३॥

श्रीमन्मंगल मूर्तिमार्तिशमनं मालां करे तौलसीं ।
दक्षे सूक्ष्मवलक्षसान्द्रवसनान्याबिभ्रतं सर्वदा ॥
चारुस्मैरमुखाम्बुजं लसदुरः श्रीवत्सलक्ष्मांकितं ।
ध्याये भूषणभूषणांगमनिशं श्रीस्वामिनारायणम् ॥४॥

पातुं सद्धर्ममार्गं निरतिशयदया पूर्णमानंदमूर्ति धर्माद्भक्तौ ।
नृ मूर्त्याकलिकलुषहरं वीक्षणा ब्रह्मणोयम् ॥
धाम्नचास्यां प्रजातं भुविसम जनतातापहरं नमामि ।
ह्यज्ञानध्वान्तसूर्यं सुरनरसुनतं श्रीस्वामिनारायणं तम् ॥५॥

श्रीमत्स्वीयपदाब्जचिन्तनविधिं लोके स्वतो दुष्करं ।
दृष्ट्वाऽऽविष्कृतरम्य मूर्तिमखिलानुद्धारयन्तं श्रितान् ॥
मायावाद कुतर्क विभ्रमहरं श्रीमत् कृपावीक्षणात्तं ।
ध्यायामि सदा जगद्गुरुमहं श्रीस्वामिनारायणम् ॥६॥

श्रीधार्मिः पुरुषोत्तमो गुणनिधिर्यो ब्रह्मधामेश्वरो ।
मुक्तैर्जुष्टपदाम्बुजो वरतरैश्वर्यैरुपेतः प्रभुः ॥
अन्तर्याम्यखिलात्मनां भवहरः सर्वेश्वराधीश्वरस्तं ।
ध्यायाम्यवतारिणं मुनिपतिं श्री स्वामिनारायणम् ॥७॥
नित्यं संरममाणमक्षरपदे ब्रह्मात्ममुक्तव्रजैः ।
श्रीराधादिसमर्चितांघ्रिकमलं नैकाडनाथानतम् ॥
छन्दः शेषमहेशगीतयशसं योगीन्द्रहृच्चिन्तितं ।
ध्यायामीष्टमहं मुदाऽखिलगुरुं श्री स्वामिनारायणम् ॥८॥
वेदाः स्तोतुं प्रवृत्ताः यदनवधिमहानंदमालक्ष्य दूरात् ।
प्रत्यावर्तन्त सर्गस्थितिलयमखिलस्यास्य येनामनन्ति ॥
स्थाने दिव्येऽक्षरे यो निवसति सततं नित्यमुक्तानुषक्तः ।
सोऽयं कृष्णः कृपालुः स्वयमवति निजान्स्वामिनारयणो नः ॥९॥
श्रीजुष्टे वटपत्तने नृपपथे भूपस्य हर्म्यागणे ।
नागेन्द्रोपरिरुढमीडितपदं भूपेन भक्त्या भृशम् ॥
नानारत्नमणीन्द्रमौक्तिकलितं हेमोद्भवं भूषणं मूर्धाग्रे ।
दधतं दधामि हृदि तं श्री स्वामिनारायणम् ॥१०॥
योऽसंख्येयमनोज्ञ दिव्यगुणयुक् सच्चित्सुखात्मा ।
स्वरान्मुक्तव्रातसमर्चितांघ्रिकमलो राधारमाधीश्वरः ॥
वेदैर्मूर्तिधरैः स्तुतोऽक्षरपदे जुष्टोऽधिराजश्रिया ।
तुष्यान्नः परमेश्वरोऽखिलगुरुः श्रीस्वामिनारायणः ॥११॥
यः साक्षाद्भगवान् क्षराक्षरपरः कृष्णः स एव स्वयं ।
भक्तौ धर्मतः आस भूरिकृपया श्री स्वामिनारायणः ।
मानुष्ये भुवि नाट्यन्निजजनाचार्यत्वधर्मे स्थितः ।
कृष्णं प्राह परोक्षवन्नतु ततोऽन्यः सोऽस्ति यत्स स्वयम् ॥१२॥

સત્શાસ્ત્રોમાં પરમાત્માને અનેક નામોથી સંબોધવામાં આવે છે. તેમાં કેટલાંક દિવ્ય ગુણે યુક્ત નામો હોય છે, અને કેટલાંક લીલા ચરિત્રો કર્યા

હોય તેના ઉપરથી નામો પાડ્યા હોય છે. અને કેટલાંક નામો શાસ્ત્રીય આધારથી પ્રસિદ્ધ થયા હોય છે. તેમાં ષડક્ષરી મહામન્ત્ર સ્વામિનારાયણ નામ પણ શાસ્ત્રીય આધારે ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં પોતાનું નામ જગતના જીવોના હિત માટે પ્રસિદ્ધ કરેલ છે. જ્યારથી આ મહામન્ત્રની પણ સિદ્ધિ થઇ ત્યારથી પાંચસો પરમહંસોએ તે નામથી જ ભગવાન શ્રીહરિની પ્રાર્થના સ્તુતિ કરવાનું પ્રારંભ કરેલ છે. તેમાંથી નંદ સંતોના મુખેથી જે સ્તુતિના શબ્દો નીકળ્યા છે તેમાંથી કેટલાંક શ્લોકો જે ગાવા યોગ્ય અને નિત્ય પ્રતિ સ્મરણ કરવા જેવા છે તેના શબ્દોના અર્થનો વિચાર કરીએ --

**સ્વીયે ધામ્નિ સદાડક્ષરે પરતરેસંસેવિતાંઘ્રિદ્વયૈ,**
**ભક્તૈર્બ્રહ્મશરીરિભિર્યઃ ઉરૂધા વેદાન્તવેદ્યઃ પ્રભુઃ ॥**
**નૈકાણ્ડોદ્ભવપાલનાદિકરપુંમાયાનિયન્તા સ્વરાટ્,**
**કારૂણ્યામ્બુનિધિર્નમામિતમહં શ્રીસ્વામિનારાયણમ્ ॥૧॥**

ભગવાન શ્રીસ્વામિનારાયણની સાથે અખંડ તેમના લહિયા તરીકેની સેવામાં રહેનારા સદ્ગુરુ શ્રીશુકાનંદમુનિ ષડક્ષરી મહામન્ત્રની સાથે સ્તુતિ કરે છે - જે શાર્દૂલવિક્રીડિત સંસ્કૃત છન્દમાં વણાયેલ છે. કહે છે — હે પ્રભુ શ્રીસ્વામિનારાયણ હું આપના દિવ્ય ચરણોમાં નત મસ્તક થઇને પ્રણામ વંદન કરૂ છું કે જે ચરણની સેવામાં સદા સર્વકાળ બ્રહ્મરૂપ થયેલાં અક્ષર મહામુક્તો સદા તમારા દિવ્ય અક્ષરધામમાં અતિ પ્રેમપૂર્વક ભક્તિભાવ અને શ્રદ્ધાએ યુક્ત થઇને તમારા બંન્નેય શ્રી ચરણોની પૂજા અર્ચના વંદના અખંડ કર્યા કરે છે. કારણકે તેમના હૃદયમાં તમારા સત્ય સ્વરૂપનું જ્ઞાન પ્રગટેલ છે. જે કેવળ માત્ર વેદાન્ત શાસ્ત્ર દ્વારા જ મળે છે. તે અલૌકિક જ્ઞાન તમારી કૃપાથી પ્રાપ્ત કરેલ છે. અનંતકોટી બ્રહ્માંડોમાં તમોજ એક છો. જેમના દ્વારા સમગ્ર વિશ્વની બ્રહ્માંડોની ઉત્પતિ સ્થિતિ અને લય થાય છે. અને તે સમગ્ર અનંતકોટી બ્રહ્માંડોનું નિયમન નિયન્ત્રણ પણ તમો જ કરો છો. અને તમોતો સ્વયં સ્વરાટ્ અર્થાત જેના ઉપર કોઇનુંય કોઇ પણ પ્રકારનું નિયંત્રણ નિયમન ન જ હોય પણ પોતેજ પોતાના ઐશ્વર્ય પ્રતાપ અને સામર્થ્યનું નિયમન કરીને

જગતના પામર જીવો ઉપર દયા કરૂણા કરીને તેમને દૃષ્ટિગોચર થાય તેવું રૂપ ધારણ કરો છો. દર્શન આપો છો, એવા ભગવાન શ્રી સ્વામિનારાયણ આ કળિયુગમાં સૌને પોતાના દિવ્ય દર્શન આપે છે જ. (૧)

**ત્વં સાક્ષાત્પુરૂષોત્તમોઽસિ પરમં બ્રહ્માઽક્ષરઃ,**
**શ્રીકૃષ્ણો હરિકૃષ્ણ આદિપુરૂષો ધર્માત્મજઃ શ્રીહરેઃ ॥**
**હે નારાયણ વાસુદેવ પરમાનંદ પ્રભો સત્પતે,**
**માયાધીશ બૃહત્પુરસ્થ નૃતનો શ્રીસ્વામિનારાયણઃ ॥૨॥**

શ્રીહરિના સ્વરૂપનો અને તેમના સર્વોપરીપણાના દૃઢ નિશ્ચય જેમના હૃદયમાં સતત નિવાસ કરીને રહેલો છે એવા પંડિત વર્ય સદ્‌ગુરુ નિત્યાનંદ મુનિ પણ ભગવાન શ્રીહરિના ષડક્ષરી મહામન્ત્ર સ્વામિનારાયણ નામથી મહિમા કહે છે. – તેનો ભાવાર્થ સમજવાનો પ્રયત્ન કરીએ – હે પ્રભુ મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણ તમો જે આ મનુષ્ય શરીર ધારણ કરીને વિચરણ કરો છો. અમને તમારા દર્શન આપો છો. તે તમો તો સાક્ષાત્ પુરૂષોત્તમનારાયણ છો. જે સ્વરૂપને તમારા આ જ સ્વરૂપને સત્શાસ્ત્રો વેદો ઉપનિષદો ઋષિમુનિઓ પરંબ્રહ્મ કહે છે. શ્રીકૃષ્ણ નામથી શ્રીમદ્‌ભાગવતાદિ મહાપુરાણોમાં કહેલ છે. હરિકૃષ્ણ કહે છે તે પણ તમો જ છો. વેદોમાં જેને આદિ પુરૂષ કહ્યાં છે તે પણ તમોજ છો. ધર્મના પુત્ર ઋષિ રૂપ નરનારાયણ કહ્યાં છે તે પણ તમોજ છો. શ્રીહરિ શંખ ચક્ર ગદા પદ્મ ધારણ કરીને ધ્રુવજીને દર્શન આપનારા પણ તમો જ છો. નારાયણ નામ લેવા માત્રથી અજામેલ જેવા પાપીનો ઉદ્ધાર કરનારા પણ તમોજ છો. સમગ્ર વિશ્વમાં વ્યાપક જેને ઉપનિષદો કહે છે – શ્રષ્ટઙક્ક·ક્જીસ્બ્ઋક્ક્ઇ તે સર્વ વ્યાપક ઈશ્વર પણ તમોજ છો. પરમાનંદ સત્ત ચિત્ત અને આનંદ સ્વરૂપ પણ તમોજ છો. સર્વના નિયન્તા પ્રભુ પણ તમોજ છો. સત્પુરૂષોના અધિપતિ નિયન્તા અને ત્રિગુણાત્મિકા માયાના નિયન્તા અને તેના અધિપતિ સ્વામી પણ તમોજ છો. જે સદા અખંડ જે વિશાળ સૌથી મહાન મોટા એવા બ્રહ્મપુર ધામ અક્ષરધામમાં સ્થિર પણે રહો છો. તે તમો આ નર દેહ મનુષ્ય શરીર ધારણ કરીને શ્રીસ્વામિનારાયણ નામે દર્શન આપો છો. (૨)

**યોऽन्तः સ્થિત્વાऽऽત્મવર્ગં નિયમયતિ યતઃ સર્વકાર્યસ્ય સિદ્ધિઃ,**
**યશ્ચારાધ્યઃ સમસ્તૈર્નિગમનિગદિતૈઃ કર્મભિસ્તત્તદાત્મા ॥**
**ત્રાયન્તે શ્રૂયમાણઃ પરમખનિલયો યઃ પરંબ્રહ્મ કૃષ્ણો,**
**વિશ્વાવિર્ભાવહેતુઃ સ જયતુ ભગવાન્ સ્વામિનારાયણોऽયમ્ ॥૩॥**

ભગવાન શ્રીસ્વામિનારાયણે આપેલાં સર્વજીવહિતાવહ સંદેશ શ્રીશિક્ષાપત્રી જે સ્વયં પરંબ્રહ્મ પરમાત્માના મુખ કમળમાં પ્રસરિત થયેલ પરાવાણીને જગતના સાધારણ જીવને સરળતાથી સમજી શકાય તેમ ન હોવાથી તેને સારી રીતે સમજવા અને શાસ્ત્રીય દૃષ્ટિથી વિદ્વાનોમાં પ્રમાણિત કરવા માટે જેમ પ્રસ્થાનત્રયી ઉપર મોટા મોટા આચાર્યોએ ભાષ્યોની રચના કરી છે. તેવી રીતે અસંખ્ય શાસ્ત્ર વચનોના પ્રમાણ ઉદ્ધત કરીને જે ભાષ્યની રચના કરી છે. તેમાં શ્રીહરિનો જય જય કાર કેવી રીતે થાય છે. ભાષ્યકાર વર્ણન કરે છે. જેમાં ષડક્ષરી મહામન્ત્ર સ્વામિનારાયણ નામથી જ સ્તુતિ કરી છે. તેના શબ્દોનો ભાવાર્થ સમજવાનો પ્રત્યન કરીએ --

જેને સમગ્ર શાસ્ત્રો સર્વના અન્તર્યામી કહે છે તે પરમેશ્વર ચેતન જીવ પ્રાણી માત્રના હૃદયમાં અન્તઃકરણમાં અખંડ સ્થિર રહીને તેનું નિયમન કરે છે. અને તેમના દ્વારા જ સર્વ પ્રકારના જગતની ઉત્પતિ સ્થિતિ લય આદિ કાર્યો સિદ્ધ થાય છે અર્થાત પૂર્ણ થાય છે. જીવોના પણ કર્મ તેમનાથી જ થાય છે. અને સમસ્ત વેદો શાસ્ત્રો આગમ અને નિગમ પણ તેવી રીતની જ આરાધના કરવાનું કહે છે. શાસ્ત્રવિહિત સર્વ યજ્ઞ યાગાદિ સત્કર્મોથી સર્વ જગતના જીવો તે પ્રભુની જ આરાધના કરે છે. જ્યારે સમગ્ર બ્રહ્માંડોનો આત્યન્તિક પ્રલય થાય છે ત્યારે તે પરમાત્મા જ એક રહે છે. અને તેમના જ ગુણ ગવાય છે. તેવું જ વેદોમાં પણ સર્વત્ર વર્ણવેલ છે. અને તે જ પરંબ્રહ્મ પરમેશ્વર ભગવાન શ્રીકૃષ્ણ છે. જે સમસ્ત વિશ્વના અનંતકોટી બ્રહ્માંડોની ઉત્પતિ સ્થિતિ લયના કારણ છે અને કર્તા પણ એજ છે. તે મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણનો આ કળિકાળમાં જયજયકાર થઈ રહ્યો છે. (૩)

**શ્રીમન્મંગલ મૂર્તિમાર્તિશમનં માલાં કરે તૌલસીં,**
**દક્ષે સૂક્ષ્મવલક્ષસાન્દ્રવસનાન્યાબિભ્રતં સર્વદા ॥**
**ચારૂસ્મૈરમુખામ્બુજં લસદુરઃ શ્રીવત્સલક્ષ્માંકિતં,**
**ધ્યાયે ભૂષણભૂષણાંગમનિશં શ્રીસ્વામિનારાયણમ્ ॥૪॥**

અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ સર્વાવતારના અવતારી પરંબ્રહ્મ પરમાત્મા પૂર્ણપુરૂષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણના સ્વરૂપનું ધ્યાન કરવા માટે કેવી મૂર્તિનું ચિન્તવન કરવું જોઇએ તે આ માંગલિક શ્લોકમાં વર્ણન કરે છે. તેના શબ્દોનો ભાવાર્થ વિચારીએ - શ્રીમન્ અત્યન્ત શોભાએ યુક્ત બહુમૂલ્ય રત્ન મોતી માણિક્યાદિ નિર્મિત સુવર્ણાભૂષણો ધારણ કરેલ પ્રભુ જગતના જીવ માત્રનું સદા મંગલ કરનારા આર્ત દુઃખી જન્મ મૃત્યુના ભયથી ભયભિત જીવોના ભયને શાન્ત કરનારા શાન્ત ચિત્તે પોતાના જમણા હસ્ત કમળમાં તુલસીના કાષ્ટમાંથી બનાવેલી સુંદર મણકાની માળાને સદા ધારણ કરી રહેલાં એકદમ સાદા શ્વેત સુંવાળા ચમકતા ધોયેલાં પવિત્ર વસ્ત્રો ધારણ કરીને નિત્ય પ્રતિ હમેંશાં શોભતાં ભક્તોના હૃદયને આનંદ આપતા પોતાના શ્રેષ્ઠ સુંદર પૂર્ણિમાના ચન્દ્ર સમાન મુખ કમળમાં મંદ મંદ હાસ્ય પ્રસરાવતાં અને જેમના હૃદય કમળ ઉપર સુવર્ણના રત્નજડિત હારો અને સુગન્ધિત પુષ્પના હારો હિલોળી રહ્યા છે. વૃક્ષઃ સ્થળમાં શ્રીવત્સનું ચિન્હ અંકિત થયેલ છે. પોતાના અંગે અંગમાં વિવિધ પ્રકારના આભૂષણોથી વિભૂષિત કરેલાં છે. એવા ભગવાન શ્રીસ્વામિનારાયણના સ્વરૂપનું ધ્યાન રાત્રિ દિવસ હમેંશા કરવું. (૪)

**પાતું સદ્ધર્મમાર્ગં નિરતિશયદયા પૂર્ણમાનંદમૂર્તિં ધર્માદ્ભક્તૌ,**
**નૃ મૂર્ત્યાકલિકલુષહરં વીક્ષણા બ્રહ્મણોયમ્ ॥**
**ધામ્નચાસ્યાં પ્રજાતં ભુવિસમ જનતાતાપહરં નમામિ,**
**હ્યજ્ઞાનધ્વાન્તસૂર્યં સુરનરસુનતં શ્રીસ્વામિનારાયણં તમ્ ॥૫॥**

પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણના ચરણોમાં નત મસ્તક વંદન દંડવત પ્રણામ કેવી રીતે કરવા જોઇએ તે સદ્‌ગુરુ મહાનુભાવાનંદ

સ્વામી પોતાની રચના શ્રીહરિકૃષ્ણલીલામૃતમાં આવી રીતે કરે છે. - હે પ્રભુ આપ તો અતિશય દયા કરૂણાના સાક્ષાત્ મૂર્તિમાન સાગર છો. જગતના જીવોને અધર્મ માર્ગથી રક્ષણ કરવા અને સનાતન ભાગવત્ સદ્ધર્મની રક્ષા કરવા માટે સ્વયં પૂર્ણ આનંદ મૂર્તિ છો છતાં મૃત્યુ લોકમાં માનવો જેવા માનવનું રૂપ માતા ભક્તિદેવીના ઉદરથી ધર્મઋષિ હરિપ્રસાદ વિપ્રના આંગણે નરરૂપ ધારણ કરીને પ્રગટ થયા છો. તે તો જીવોના હૃદયમાંથી કળિયુગના મહાન દોષો કામ, ક્રોધ, લોભ, મોહ આદિ અન્તઃશત્રુઓને દૂર કરીને તેને પરમ ભાગવત ભક્ત બનાવીને પોતાના દિવ્ય અક્ષરધામમાં તેડી જવા માટે મનુષ્ય જેવા દેખાવ છો. દર્શન આપો છો. પણ છો તો પરંબ્રહ્મ પરમેશ્વર સાક્ષાત્ બ્રહ્મ. અક્ષરધામથી અહિં પ્રગટ થયા છો, પૃથ્વી ઉપર સમાન દેહ ધારણ કર્યો છે. તે તો જનતા જનાર્દનના ત્રણેય પ્રકારના તાપ દૂર કરવા માટે આવું રૂપ ધારણ કરેલ છે. જીવોના હૃદયમાં રહેલાં અનાદિકાળના અજ્ઞાન રૂપી અંધકારને જેમ સૂર્ય ઘનઘોર રાત્રીના અંધકારને દૂર કરે છે તેમ અહં મમત્વ રૂપ હું અને મારૂ રૂપ જે અજ્ઞાન તેનો નાશ કરો છો તેથી મોટા મોટા દેવો ઋષિઓ મનુષ્યો તમારા ચરણોમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ કરે છે, એવા હે મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણ હું પણ તેવી જ રીતે તમારા શ્રી ચરણોમાં નમસ્કાર વંન્દન કરૂં છું. (૫)

**શ્રીમત્સ્વીયપદાબ્જચિન્તનવિધિં લોકે સ્વતો દુષ્કરં,**
**દૃષ્ટ્વાઽઽવિષ્કૃતરમ્ય મૂર્તિમખિલાનુંદ્ધારયન્તં શ્રિતાન્ ॥**
**માયાવાદ કુતર્ક વિભ્રમહરં શ્રીમત્કૃપાવીક્ષણાત્તં,**
**ધ્યાયામિ સદા જગદ્ગુરૂમહં શ્રીસ્વામિનારાયણમ્ ॥૬॥**

જગતના નિયન્તા જગતકર્તા પરંબ્રહ્મ પરમેશ્વરના સ્વરૂપનું ચિન્તવન કરવું અને તેમના શ્રીચરણોમાં રહેલાં સોળ ચિન્હનું ચિન્તન કરવું કે તે કેવા હશે તે તો જગતના લોકોને પોતાની રીતે અતિ દુર્લભ છે. કારણ કે જેની કલ્પના કરવી જ અશક્ય છે. તેનું ચિન્તન કેમ થઇ શકે. અને જીવોને પરમેશ્વરનું ચિન્તન કર્યા વિના માયાથી છુટકારો મળે જ નહિ. અને માયા છૂટ્યા વિના

આત્યન્તિક મોક્ષની પ્રાપ્તિ થાય જ નહિ આ બધા પ્રકારની મહા મુશ્કેલીઓને જોઇને જ સ્વયં પરંબ્રહ્મ પરમાત્માએ પોતાના આશ્રિત ભક્તોને ચિન્તન કરવામાં સરળતા થાય તે માટે જ દિવ્ય સ્વરૂપ ધારણ કરીને મનુષ્યોને મનુષ્ય જેવું જ રૂપ ધારણ કરીને પોતાના દર્શન આપે છે. તે તો તેમનો ઉદ્ધાર કરવા માટે આવિર્ભાવ થઇને કૃપા કરીને તેમનામાં રહેલાં માયા હું અને મારૂં તેનો જે ભ્રમ તેને દૂર કરીને પોતાના ચિન્તવન કરવા યોગ્ય એવા સ્વરૂપનું કૃપા કરીને દર્શન આપે છે. તેવા દયાળુ કૃપાના સાગર જગતના દિવ્ય જ્ઞાન આપનારા જગતના જીવ માત્રના ગુરુ અને મારા ઈષ્ટ પરમાત્મા ભગવાન શ્રીસ્વામિનારાયણનું હું મારા અન્તઃકરણમાં ધ્યાન કરૂં છું. (૬)

**શ્રીધાર્મિઃ પુરૂષોત્તમો ગુણનિધિર્યો બ્રહ્મધામેશ્વરો,**
**મુક્તૈર્જુષ્ટપદામ્બુજો વરતરૈશ્વર્યૈરૂપેતઃ પ્રભુઃ ॥**
**અન્તર્યામ્યખિલાત્મનાં ભવહરઃ સર્વેશ્વરાધીશ્વરસ્તં,**
**ધ્યાયામ્યવતારિણં મુનિપતિં શ્રીસ્વામિનારાયણમ્ ॥૭॥**

સનાતન ભાગવદ્ધર્મ જીવોને આત્યન્તિક મોક્ષ અપાવનારાં ધર્મોને ધારણ કરીને તેની અતિ શોભા વધારનારા તેને સુંદર અને કલ્યાણકારી બનાવનારા છે તેથી શ્રીધાર્મિઃ એવા ભગવાન શ્રીપુરૂષોત્તમઃ અનંત પુરૂષોમાં અતિ શ્રેષ્ઠ ઉત્તમ છે. તેથી પુરૂષોત્તમ છે  અને જેટલાં પણ સદ્ગુણો કહેવાય છે, તે સર્વના સાક્ષાત્ નિધિ સાગર સમાન જેમનામાં રહેલાં છે. અને જેમના બે ચરણોમાં બ્રહ્માંડના અધિપતિઓ બ્રહ્મધામમાં રહેનારા અક્ષરમુક્તો અખંડ સેવા પરાયણ રહે છે. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ મહાન જેટલાં પણ પ્રકારના ઐશ્વર્યો છે તે સર્વ જેમના ચરણની સેવાથી જ પ્રાપ્ત કરી શકાય છે. તે સર્વના નિયન્તા પ્રભુ છે. અનંતકોટી બ્રહ્માંડોના અસંખ્ય જીવોના અન્તઃકરણમાં રહીને તેનું નિયમન કરનારા અને તેમને જન્મ મૃત્યુના ભવસાગરથી છોડાવનારા છે. અને જે સર્વ ઈશ્વરોના પણ અધિશ્વર નિયન્તા સ્વામી છે તે સર્વાવતારી પાંચસો પરમહંસો મુનિઓના અધિપતિ ઉપાસ્ય એવા ભગવાન શ્રીસ્વામિનારાયણનું હું મારા હૃદયમાં ધ્યાન કરૂં છું. (૭)

**નિત્યં સંરમમાણમક્ષરપદે બ્રહ્માત્મમુક્તવ્રજૈઃ,**

**શ્રીરાધાદિસમર્ચિતાંઘ્રિકમલં નૈકાણ્ડનાથાનતમ્ ॥**

**છન્દઃ શેષમહેશગીતયશસં યોગીન્દ્રહૃચ્ચિન્તિતં,**

**ધ્યાયામીષ્ટમહં મુદાऽખિલગુરૂં શ્રીસ્વામિનારાયણમ્ ॥૮॥**

નિત્યમુક્તો અનાદિમુક્તો જે સદા પોતાને મળેલાં અક્ષર બ્રહ્માત્મક અક્ષરમુક્તપણા ના પદમાં જ આસક્ત રહેનારા છે. તેમજ જે બ્રહ્મ સ્થિતિને પ્રાપ્ત કરીને મહામુક્તોનો જે સમૂહ છે જેમાં મુખ્ય શ્રીરાધા રમાદિ છે. તે સર્વ જેમના ચરણ કમળનું અખંડ સેવન કરે છે. અનેક કોટી લોકોના અધિપતિઓ જેમના ચરણોમાં નત મસ્તક થઈને નમન વંદન સાષ્ટાંગ નમસ્કાર કરે છે. અને સમગ્ર વેદો સત્શાસ્ત્રો મોટા મોટા કવિઓ ઋષિઓ સાક્ષાત્ શેષનારાયણ મહાદેવ અને દેવતાઓ જેમના યશ અને કીર્તિનું સતત ગાન કરે છે. અષ્ટાંગ યોગને સિદ્ધ કરનારા યોગીઓ પોતાના હૃદયમાં જેમનું અખંડ ચિન્તવન કરે છે. તે સર્વ ચેતન અચેતનના પણ ગુરુ એવા મારા ઈષ્ટદેવ ઉપાસ્ય પરમાત્મા ભગવાન શ્રીસ્વામિનારાયણનું હું મારા હૃદયમાં પરમાનંદ પૂર્વક ધ્યાન કરૂં છું. (૮)

**વેદાઃ સ્તોતું પ્રવૃત્તાઃ યદનવધિમહાનંદમાલક્ષ્ય દૂરાત્,**

**પ્રત્યાવર્તન્ત સર્ગસ્થિતિલયમખિલસ્યાસ્ય યેનામનન્તિ ॥**

**સ્થાને દિવ્યેऽક્ષરે યો નિવસતિ સતતં નિત્યમુક્તાનુષક્તઃ,**

**સોऽયં કૃષ્ણઃ કૃપાલુઃ સ્વયમવતિ નિજાન્સ્વામિનારાયણો નઃ ॥૯॥**

અક્ષર મૂર્તિ સદ્ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામી અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીપુરૂષોત્તમનારાયણના ષડક્ષરી મહામન્ત્ર શ્રીસ્વામિનારાયણ નામથી તેમની સ્તુતિ પ્રાર્થના કરતાં વર્ણન કરે છે. કે હે પ્રભુ તમારી સ્તુતિ પ્રાર્થના કરવા માટે ચારેય વેદો ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ સાક્ષાત્ મૂર્તિમાન થઈને પ્રયત્ન કરે કે પરિશ્રમ કરે તો પણ જેવો તમારો મહિમા મોટાઈ છે કે જેની કોઈ અવધિ નથી, કોઈ પણ પ્રકારનું માપ નથી કરી શકાતું તેનો પાર પામવા માટે દૂરથી જ પાછું વળવું પડે

છે. અને પછી એટલું જ વિચારી શકાય છે કે આ સમગ્ર જગતની ઉત્પતિ સ્થિતિ અને પ્રલય જ્યાંથી થાય છે તે સ્વયં આપ જ છો. અને જેટલાં નામોથી સંબોધન કરીએ તે સર્વ નામો આપના જ છે. અને તમો તો પોતાના દિવ્ય અક્ષરધામ નામના સ્થાને અખંડ નિત્યમુક્તો અક્ષરમુક્તોની સેવાને સ્વીકારતાં થકાં સતત નિવાસ કરીને રહો છો. તે જ તમે પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી પુરૂષોત્તમનારાયણ અત્યારે કળિકાળમાં પ્રગટ થયા છો ત્યારે માર્કણ્ડેય મહામુનિએ શ્રીકૃષ્ણ એવું સાર્થક નામ ધારણ કરાવેલ છે. તે સ્વયં તમે કૃપા કરીને પોતાનું દિવ્ય અલૌકિક નામ ષડક્ષરી મહામન્ત્ર શ્રીસ્વામિનારાયણ પોતાના આશ્રિતો ઉપર કરૂણા કરીને આપેલ છે. તે મારા ઈષ્ટદેવ મારા ઉપર પણ કૃપા કરો. (૯)

**શ્રીજુષ્ટે વટપત્તને નૃપપથે ભૂપસ્ય હર્મ્યાંગણે,**
**નાગેન્દ્રોપરિરૂઢમીડિતપદં ભૂપેન ભક્ત્યા ભૃશમ્ ॥**
**નાનારત્નમણીન્દ્રમૌક્તિકલિતં હેમોદ્ભવં ભૂષણં મૂર્ધાગ્રે,**
**દધતં દધામિ હૃદિ તં શ્રીસ્વામિનારાયણમ્ ॥૧૦॥**

મનુષ્ય દેહ ધારણ કરીને જ્યારે શ્રીહરિ આ પૃથ્વી ઉપર વિચરણ કરતાં હતાં ત્યારે અનેક ગામો નગરોમાં સ્વયં પધારતાં અને ક્યારેક તે નગર કે ગામના નિવાસી ભક્તો પ્રેમપૂર્વક આમંત્રણ આપીને તેડી જતાં હતાં. તે રીત પ્રમાણે ભગવાન શ્રીસ્વામિનારાયણને વડોદરાના મહારાજા ગાયકવાડ શ્રીસયાજીરાવે આમંત્રણ આપી પોતાના વડોદરા નગરમાં પધરાવ્યા ત્યારે જેવા શ્રીહરિના દર્શન નગરવાસીઓને અને સંતો ભક્તોને થયા તેનું સુંદર વર્ણન આ સ્તુતિના શ્લોકમાં છે તેનો ભાવર્થ સમજીએ – શ્રી જુષ્ટે શ્રી અર્થાત લક્ષ્મીજી ધન સંપત્તિ વૈભવ સુખસમૃદ્ધિ અને સુંદર શોભા જ્યાં નગરને વિંટળાઈને રહેલાં છે. તે નગરને ક્યારેય છોડીને જાય તેમ નથી એવી દૃઢતા પૂર્વકની સંપત્તિ જે શહેરમાં છે એવા વડોદરા નગરમાં રાજમાર્ગ મુખ્ય ધોરી માર્ગ હાઈવે રોડ ઉપર આવેલાં નગરના રાજાના રાજમહેલની આગળ કે જ્યાં સુંદર મનગમતાં શણગારો સજાવેલાં છે. તે જગ્યાએ મોટા વિશાળ

ગજરાજ હાથીની અંબાડી ઉપર વિરાજમાન શ્રીહરિના ચરણની નગરના રાજાએ ભક્તિભાવ પૂર્વક પ્રેમથી પૂજા કરીને વારંવારં ચરણોમાં નમસ્કાર કરે છે. અને અનેક પ્રકારના હીરા મોતી માણેક જડેલાં સૂવર્ણના આભૂષણો જેમના સન્મુખ પધરાવીને તેને ધારણ કરવાની પ્રાર્થના વિનંતી કરી રહ્યા છે. તેવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણના સ્વરૂપને મૂર્તિને હું મારા હૃદયમાં ધારણ કરૂં છું. (૧૦)

**યોડસંખ્યેયમનોજ્ઞ દિવ્યગુણયુક્ સચ્ચિત્સુખાત્મા,**
**સ્વરાન્મુક્તવ્રાતસમર્ચિતાંઘ્રિકમલો રાધારમાધીશ્વરઃ ॥**
**વેદૈર્મૂર્તિધરૈઃ સ્તુતોડક્ષરપદે જુષ્ટોડધિરાજશ્રિયા,**
**તુષ્યાન્નઃ પરમેશ્વરોડખિલગુરૂઃ શ્રીસ્વામિનારાયણઃ ॥૧૧॥**

ભગવાન શ્રીસ્વામિનારાયણ પોતાના ઉપર પ્રસન્ન થાય તેના માટે આ સ્તુતિ શ્લોકમાં વર્ણન કરે છે - જે પરંબ્રહ્મ પરમાત્માના સ્વરૂપમાં મૂર્તિમાં મારા તો મનની કલ્પનામાં પણ ન આવે તેવાં અસંખ્ય કલ્યાણકારી દિવ્ય ગુણોથી યુક્ત છે. જે સદા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. અર્થાત સત્ય સ્વરૂપ ચૈતન્ય સ્વરૂપ અને આનંદ સ્વરૂપ છે તેવું વેદોની શ્રુતિઓ વર્ણન કરે છે. અક્ષરમુક્તોનો સમુદાય તે સ્વરૂપના ચરણ કમળોની સદા દિવ્ય ઉપચારોથી પૂજા અર્ચના કરે છે. અને રાધાજી અને લક્ષ્મીજીના અધિપતિ છે ઈશ્વર છે પતિ છે. અને જેમની સ્તુતિ કરવા માટે ચારેય વેદો સાક્ષાત્ મૂર્તિમાન થઈને અક્ષરધામના અધિપતિ પદે વિરાજમાન કરીને જુગલ ચરણની અર્ચના કરે છે. તે અક્ષરધામની અતિ સુંદર શોભાએ યુક્ત પરમેશ્વર ભગવાન શ્રીસ્વામિનારાયણ જે સમસ્ત બ્રહ્માંડોના જીવ માત્રના ગુરુ સ્થાને વિરાજમાન છે. તે પ્રભુ મારા ઉપર પ્રસન્ન થાય એવી સ્તુતિ પ્રાર્થના કરૂં છું. (૧૧)

**યઃ સાક્ષાદ્ભગવાન ક્ષરાક્ષરપરઃ કૃષ્ણઃ સ એવ સ્વયં,**
**ભક્તૌ ધર્મતઃ આસ ભૂરિકૃપયા શ્રી સ્વામિનારાયણઃ ॥**
**માનુષ્યે ભુવિ નાટ્યન્નિજજનાચાર્યત્વધર્મે સ્થિતઃ,**
**કૃષ્ણં પ્રાહ પરોક્ષવન્નતુ તતો અન્યઃ સો અસ્તિ યત્સ સ્વયમ્ ॥૧૨॥**

જે અનંતકોટી બ્રહ્માંડોના અધિપતિ પરંબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણપુરુષોત્તમનારાયણ પોતાના દિવ્ય અક્ષરધામમાં વિરાજમાન છે, જેને અક્ષર મુક્તો પણ સંપૂર્ણ પણે સમજી જાણી શકતા નથી. તેજ સ્વયં પૂર્ણપુરુષોત્તમ ભગવાન આ સમયમાં કળિકાળમાં જીવોના ઉપર અતિ કરૂણાથી કૃપા કરીને ધર્મદેવ જે હરિપ્રસાદ વિપ્ર અને ભક્તિદેવી જે પ્રેમવતી માતાના આંગણે માનવ દેહ ધારણ કરીને પ્રત્યક્ષ પ્રમાણ પ્રગટ થયા છે. જેમનું જગતમાં શ્રી સ્વામિનારાયણ નામ પ્રસિદ્ધ થયું છે. મનુષ્ય શરીર ધારણ કરીને પૃથ્વી ઉપર વિચરણ કરતાં તે સાક્ષાત્ શ્રીકૃષ્ણ પુરુષોત્તમનારાયણે સ્વયં સ્થાપેલ અને વિસ્તારેલ ઉધ્ધવ સંપ્રદાય જેનું સ્વામિનારાયણ સંપ્રદાય પ્રસિદ્ધ નામ છે. તેના આશ્રિતો પોતાના ભક્તોના ધર્મની રક્ષા માટે અને મોક્ષ પ્રાપ્ત કરાવવા માટે પોતાનાજ પવિત્ર વંશમાં ધર્મવંશમાં આચાર્ય પદની સ્થાપના કરીને આ ધર્મવંશી આચાર્ય તે સાક્ષાત્ મારૂં અપર સ્વરૂપ છે, તેમ પ્રસ્થાપિત કરીને પોતે સદા પોતાના ભક્તોના સમક્ષ પ્રત્યક્ષ પ્રમાણ છે. પણ ક્યારેય પરોક્ષ નથી તેવો પ્રગટ ઉપાસનાનો સિદ્ધાન્ત પ્રસ્થાપિત કર્યો છે. (૧૨)

# પુરાણો અને શાસ્ત્રોમાં પ્રસિદ્ધ કેટલીક સ્તુતિઓ

अखिलभुवनजन्मस्थेमभंगादि लीले ।
विनतविविधभूतव्रातरक्षैकदीक्षे ॥
श्रुतिशिरसि विदीप्ते ब्रह्मणि श्रीनिवासे ।
भवतु मम परस्मिन् शेमुषि भक्तिरुपा ॥१॥

यं ब्रह्मा वरुणेन्द्ररुद्रमरुतः स्तुन्वन्ति दिव्यैः ।
स्तवैर्वेदैः सांगपदक्रमोपनिषदैर्गायन्ति यं सामगाः ॥
ध्यानावस्थिततद्गतेन मनसा पश्यन्ति यं योगिनो ।
यस्यान्तं न विदुः सुरासुरगणा देवाय तस्मै नमः ॥२॥

वेदानुद्धरते जगन्निवहते भूगलमुब्दिभ्रते दैत्यान् दारयते ।
बलिं छलयते क्षत्रक्षयं कुर्वते ॥

पौलस्त्यं जयते हलं कलयते कारुण्यमातन्वते ।
म्लेच्छान् मूर्छयते दशकृतिकृते कृष्णाय तुभ्यं नमः ॥३॥
मत्स्यं कूर्मं वराहं कपिलमथः हरिं वासुदेव च वैन्यं ।
दत्तात्रेयं च हसं नरहरिमृषभं वामनं पर्शुरामम् ॥
यज्ञं रामं कुमारं हयशिरसमथो नारदं राजराजं,
व्यासं कृष्णं बुद्धं धृतपुरुवपुषं नौमि नारायणं त्वाम् ॥४॥
शान्ताकारं भुजगशयनं पद्मनाभं सुरेशं विश्वाधारं
गगनसदेशं मेघवर्णं शुभांगम् ॥
लक्ष्मीकान्त कमलनयनं योगिभिर्ध्यानगम्यं ।
वन्दे विष्णुं भवभयहरं सर्वलोकैकनाथम् ॥५॥
कस्तूरितिलकं ललाटपटले वक्षः स्थले कौस्तुभं ।
नासाग्रेवरमौक्तिकं करतले वेणुः करे कंकणम् ॥
सर्वांगे हरिचन्दनं सुललितं कण्ठे च मुक्तावली ।
गोपस्त्रीपरिवेष्ठितो विजयते गोपालचूडामणिः ॥६॥
बर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं बिभ्रदवासः ।
कनककपिशं वैजयन्ती च मालाम् ॥
रन्ध्रान् वेणोरधरसुधया पूरयन् गोपवृन्दैर्वृन्दारण्यं ।
स्वपदरमणं प्राविशद गीककीर्तिः ॥७॥
मल्लानामसनिनृणां नरवरः स्त्रीणां स्मरो मूर्तिमान्
गोपानां स्वजनोऽसतां क्षितिभुजां शास्ता स्वपित्रोः शिशुः ॥
मृत्युर्भोजपतेर्विराडविदुषां तत्त्वं परं योगिनां ।
वृष्णीनां पर देवतेति विदितो रंगं गतः साग्रजः ॥८॥
जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराट् ।
तेने ब्रह्महृदाय आदिकवये मुह्यन्ति यत्सूरयः ॥
तेजोवारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गो मृषा ।
धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमति ॥९॥

वाणीमंगल रुपिणी च हसितं यस्यास्ति वै मंगलं ।
नेत्रे मंगलदे च दोर्विलसितं नृणां परं मंगलम् ॥
वकत्रं मंगलकृच्च पादचलितं यस्याखिलं मंगलम् ।
सोऽयं मंगल मूर्तिराशु जगतो क्रियात् मंगलम् ॥१०॥
भगवंस्तव चरणं भवभयहरणं जनसुखरणं कमलसमं ।
कमलासनसारं हृदयविहारं विषयनिवारं वरवरदम् ॥
वरममलनिवासं रुचिरविलासं नखमणिभासं ।
मृदुमृदुलं मृदुभूरुहरंगं निजजनसंगं विलसितगंगं भवतु मुदे ॥११॥
रक्षन्वेदममन्दमन्दरगिरिं बिभ्रद्धरामाहरन्प्रहलादं ।
परिपालयन्बलिमनः क्षुभ्यन्क्षयन्क्षत्रियान् ॥
लंकेशान्तकरश्च कंसशमनः शान्तोऽसुरोन्मोहनो ।
म्लेच्छोन्मूलनकारकस्तमनिशं श्रीनीलकंठ भजे ॥१२॥

**અખિલભુવનજન્મસ્થેમભંગાદિ લીલે,**
**વિનતવિવિધભૂતવ્રાતરક્ષૈકદીક્ષે ॥**
**શ્રુતિશિરસિ વિદીપ્તે બ્રહ્મણિ શ્રીનિવાસે,**
**ભવતુ મમ પરસ્મિન્ શેમુષિ ભક્તિરૂપા ॥૧॥**

સર્વાવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણને માન્ય વિશિષ્ટાદ્વૈત સિદ્ધાન્ત તેના પ્રવૃત્તક શેષાવતાર શ્રીરામાનુજાચાર્ય પોતાન મહાન ગ્રન્થ શ્રીભાષ્યના પ્રારંભમાં ભગવાનની સ્તુતિ પ્રાર્થના કરે છે. — હે પ્રભુ હે પરંબ્રહ્મ પરમાત્મા અનંતકોટી બ્રહ્માંડોની ઉત્પતિ સ્થિતિને કરવું તે તમારી કેવળ લીલા માત્ર છે. રમત રમતમાં જેમ બાળકો અનેક પ્રકારની વસ્તુઓનું નિર્માણ કરે છે અને પછી તેનો નાશ પણ કરે છે તેમ સમગ્ર બ્રહ્માંડોનું તમારા દ્વારા નિર્માણ થાય છે. તેનું પાલન પોષણ થાય છે અને અંતે નાશ પણ તમારાથી જ થાય છે. તે ચિત્ર વિચિત્ર જગતમાં ઉત્પન્ન થયેલાં અસંખ્ય જીવોમાંથી જે મુમુક્ષુઓ અને સાત્વિક તમારા આશ્રિત ભક્તો છે. જેવો અનેક પ્રકારે કરીને તમારી ઉપાસના ભક્તિ કરે છે. અને પંચભૂતના દેહધારી રહ્યાં છે તેવા સંત પુરૂષો મુનિઓ અને તપસ્વીઓને આત્યન્તિક મોક્ષની પ્રાપ્તિ કરાવવા માટે ભાગવતી

મહાદીક્ષાની આ ભૂમંડલ ઉપર પ્રવૃત્તિ પણ તમે જ કરાવરાવો છો. આ વેદોની શ્રુતિઓમાં પ્રસિદ્ધ પણે સર્વત્ર વર્ણવેલ છે. તેવા પરંબ્રહ્મ પરમાત્મા શોભા ઐશ્વર્ય અને સામર્થ્યથી યુક્ત એવા પોતાના દિવ્ય અક્ષરધામમાં નિવાસ કરી રહેલાં જેમના સ્વરૂપને કોઇ સમજી જાણી શકતું નથી તે પરમપુરૂષ પરમાત્માના સ્વરૂપમાં મારી બુદ્ધિ મતિ તીવ્ર પણે પ્રેમ લક્ષણા પરા ભક્તિ રૂપે થઇને સદા પરોવાયેલી રહે તેજ પ્રાર્થના કરૂં છું. (૧)

**યં બ્રહ્મા વરૂણેન્દ્રરૂદ્રમરૂતઃ સ્તુન્વન્તિ દિવ્યૈઃ,**
**સ્તવૈર્વેદૈઃ સાંગપદક્રમોપનિષદૈર્ગાયન્તિ યં સામગાઃ ॥**
**ધ્યાનાવસ્થિતતદ્ગતેન મનસા પશ્યન્તિ યં યોગિનો,**
**યસ્યાન્તં ન વિદુઃ સુરાસુરગણા દેવાય તસ્મૈ નમઃ ॥૨॥**

જે પરંબ્રહ્મ પરમેશ્વરની જગતના સૃષ્ટા પિતામહ બ્રહ્માજી સદા સ્તુતિ પ્રાર્થના કરે છે. તેવી જ રીતે વરૂણ દેવ ઇન્દ્રાદિક દેવતાઓ પણ જેમની સર્વદા સ્તુતિ પ્રાર્થના કરે છે. મરૂતાદિગણો મૂર્તિમાન થઇને ચારેય વેદો વેદોના છે એ છ અંગો ઉપનિષદો ક્રમ બદ્ધ અર્થાત સવાર સાંજ નિત્ય પ્રતિ એક પણ દિવસ ભૂલ્યા વગર સામવેદના મંત્રોનું ગાન કરીને સ્તુતિઓ કરે છે. મોટા મોટા અષ્ટાંગ યોગને સિદ્ધ કરનારા યોગીઓ ધ્યાનાવસ્થામાં પોતાના મનને જેમના સ્વરૂપમાં અખંડ જોડવાને સતત પ્રયત્ન કરે છે. તો પણ જે પરંબ્રહ્મ પરમેશ્વરનો મહિમાનો પાર પામી શકતા નથી. સંપૂર્ણ જેવો છે તેવો મહિમાં સમજી શકતા નથી. તેવી જ રીતે દેવતાઓના સમુદાયમાંથી કે પછી દાનવોના સમુદાયમાંથી કોઇ પણ પાર પામી શક્યા નથી. એવા હે દિવ્ય સ્વરૂપ ધારી રહેલાં પ્રભુ આપના ચરણોમાં નત મસ્તક થઇને વંદન સાષ્ટાંગ દંડવત પ્રણામ કરૂં છું. (૨)

**વેદાનુદ્ધરતે જગન્નિવહતે ભૂગલમુદ્બિભ્રતે દૈત્યાન્ દારયતે,**
**બલિં છલયતે ક્ષત્રક્ષયં કુર્વતે ॥**
**પૌલસ્ત્યં જયતે હલં કલયતે કારૂણ્યમાતન્વતે,**
**મ્લેચ્છાન્ મૂર્છયતે દશાકૃતિકૃતે કૃષ્ણાય તુભ્યં નમઃ ॥૩॥**

ભગવાનના પરભક્ત સત્યનિષ્ઠ પરાયણ પંડિત જય દેવજી પોતાના ઈષ્ટદેવ પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણ આ ભૂમંડલ ઉપર જીવોના ઉદ્ધાર કરવા માટે અને પોતાના એકાન્તિક ભક્તોનું રક્ષણ કરવા માટે કેવા કેવા વિચિત્ર આકૃતિઓ ધારણ કરીને અવતાર લઈને પ્રગટ થાય છે. તેનું સ્મરણ કરતાં કહે છે – હે પ્રભુ તમે જ્યારે હયગ્રીવ નામના અસુરના ત્રાસનો નાશ કરવો હતો ત્યારે મત્સ્ય માછલીનું રૂપ ધારણ કરીને પ્રગટ થયા હતાં. મંદરાચળ પર્વતને ધારણ કરીને દેવતાઓનું કાર્ય સાધવા માટે તમે કૂર્મનું રૂપ ધારણ કરીને પ્રગટ થયા હતાં. હિરણ્યાક્ષ નામના અસુરનો વિનાશ કરવા વરાહનું રૂપ ધારણ કરીને પૃથ્વીને રસાતળમાંથી લાવીને બ્રહ્માજીને સોંપી હતી. પોતાના ભક્ત પ્રહ્લાદજીની રક્ષા કરવા અને હિરણ્યકશિપુનો વિનાશ કરવા માટે તમે થાંભલામાંથી નૃસિંહ રૂપ ધારણ કરીને પ્રગટ થયા હતાં. બલિ રાજા પાસેથી ત્રિલોકીનું રાજ્ય વામન રૂપ ધારણ કરીને ઇન્દ્રને તમે આપ્યું હતું. પાપ કર્મ કરનારા ક્ષત્રિયોનો વિનાશ કરવા માટે પરશુરામ રૂપે પ્રગટ થયા હતાં. રાવણનો નાશ કરવા માટે તમે મર્યાદા પુરૂષોત્તમ રામ રૂપે પ્રગટ્યા હતાં. કંસાદિ અસુરોનો નાશ કરવા હળધારી બળરામ સાથે કૃષ્ણ રૂપે પ્રગટ્યા હતાં અને મ્લેછ પાપી ક્રૂર કર્મ કરનારાનો નાશ કરવા માટે કરૂણા મૂર્તિ બુદ્ધ રૂપે પ્રગટ્યાં હતા. એવા દસ અવતાર ધારણ કરનારા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીકૃષ્ણ તમારા ચરણોમાં હું વંદન સાષ્ટાંગ દંડવત પ્રણામ કરૂં છું. (૩)

**મત્સ્યં કૂર્મં વરાહં કપિલમથઃ હરિં વાસુદેવં ચ વૈન્યં,**
**દત્તાત્રેયં ચ હસં નરહરિમૃષભં વામનં પર્શુરામમ્ ॥**
**યજ્ઞં રામં કુમારં હયશિરસમથો નારદં રાજરાજં,**
**વ્યાસં કૃષ્ણં બુદ્ધં ધૃતપુરૂવપુષં નૌમિ નારાયણં ત્વામ્ ॥૪॥**

ભગવાન શ્રીસ્વામિનારાયણે પોતાના સ્વહસ્તે લખેલી શ્રીશિક્ષાપત્રીનાં ૨૯માં શ્લોકમાં કહ્યું છે કે ભગવાન અને ભગવાનના અવતારોનું ક્યારેય કોઈ યુક્તિ પ્રયુક્તિથી ખંડન કરે તો તે માનવું નહીં અને તેના મુખથી

ભગવાનની વાત પણ ન સાંભળવી. તે ભગવાનના અવતારોનું વર્ણન પુરાણોમાં તો આવે છે પરન્તું સત્સંગિજીવનમાં શતાનંદ મુનિ આ શ્લોકથી તે ભગવાનના ચોવીસ અવતારોનું વર્ણન કરે છે – હે પ્રભુ તમે જ મત્સ્ય માછલીનું રૂપ ધારણ કર્યું હતું. તેમજ તમેજ કૂર્મનું રૂપ ધારણ કરીને પ્રગટ્યા હતાં. વરાહ રૂપે તમે જ હતાં. કપિલ દેવ રૂપે તમેજ માતા દેવહુતિને સાંખ્યનું જ્ઞાન આપ્યું છે. હરિરૂપે પ્રગટ થઈને ભક્ત ધ્રુવને તમેજ દર્શન આપ્યા છે. વાસુદેવનારાયણ રૂપે તમેજ દર્શન આપો છો. પૃથુરાજા રૂપે તમેજ પ્રગટ્યા હતાં. દત્તાત્રય રૂપ તમેજ ધારણ કર્યું હતું. હંસ રૂપે તમેજ પ્રગટ્યાં હતાં. નૃસિંહ રૂપ ધારણ કરીને તમેજ ભક્ત પ્રહ્લાદની રક્ષા કરી હતી. ઋષભ દેવ ભગવાન રૂપે તમેજ પ્રગટ્યા હતાં. વામનરૂપ તમેજ ધારણ કર્યું હતું. પરશુરામ રૂપે તમેજ પ્રગટ્યા હતાં. યજ્ઞનારાયણનું રૂપ તમેજ ધારણ કર્યું હતું. મર્યાદા પુરૂષોત્તમ રામ રૂપે તમેજ પ્રગટ્યા હતાં. સનત્કુમાર રૂપે ચાર રૂપો તમેજ ધારણ કર્યાં હતાં. હયગ્રીવનું રૂપ પણ તમેજ ધારણ કર્યું હતું. દેવર્ષિનારદ રૂપે તમેજ વિચરણ કરો છો. રાજરાજ ભરતખંડના રાજાધિરાજ શ્રીનરનારાયણ રૂપે તમેજ વિરાજો છો. વ્યાસનું રૂપ ધારણ કરીને તમે જ પ્રગટ્યા હતાં. શ્રીકૃષ્ણરૂપે તમેજ સાક્ષાત્ ભગવાન છો. બુદ્ધ રૂપ ધારણ કરીને તમેજ પ્રગટ્યા હતાં. અને ભવિષ્યમાં તમેજ પુનઃ મનુષ્ય રૂપ ધારણ કરીને તમેજ પ્રગટ થશો. એવા ચોવીસ રૂપો ધારણ કરનારા હે પુરૂષોત્તમનારાયણ તમારા ચરણોમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ સહ નમસ્કાર કરૂં છું. (૪)

**શાન્તાકારં ભુજગશયનં પદ્મનાભં સુરેશં વિશ્વાધારં,**
**ગગનસદૃશં મેઘવર્ણં શુભાંગમ્ ॥**
**લક્ષ્મીકાન્તં કમલનયનં યોગિભિર્ધ્યાનગમ્યં,**
**વન્દે વિષ્ણું ભવભયહરં સર્વલોકૈકનાથમ્ ॥૫॥**

ભગવાન શ્રીસ્વામિનારાયણે માન્ય કરેલાં આઠ સત્શાસ્ત્રોમાં જેની ગણના કરી છે. તે મહાભારતમાં આવતા વિષ્ણુસહસ્ર સ્તોત્રનો ઉપદેશ આપતાં ભીષ્મજી જે સ્તુતિ પ્રાર્થના ભગવાનની કરે છે. તે ભગવાન વેદવ્યાસજી આ

રીતે વર્ણન કરે છે ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરે છે – સદા સર્વદા જેમનો આકાર મૂર્તિ શાન્ત શિતળ છે. અને ભુંજંગરાજ શેષનારાયણના શરીરને પલંગ બનાવીને આરામ કરે છે સૂવે છે પોઢે છે. જેમના નાભિમાંથી વિશાળ કમળ ઉગી નીકળેલ છે. જેઓ દેવતાઓના પણ ઈશ્વર નિયન્તા છે. સમગ્ર વિશ્વના અનંતકોટી બ્રહ્માંડોના એક માત્ર આધાર છે. સ્વચ્છ નિર્મળ આકાશના જેવો જેમના શરીરનો રંગ વર્ણ છે. જેમના દરેક અંગો અવયવો હાથ પગ નાક મુખાર્વિન્દ વિગેરે શુભ છે. અને સાક્ષાત લક્ષ્મીજીના પતિ છે. જેમના સુંદર નયનો આંખો કમળની પાંખડી જેવા છે. અષ્ટાંગ યોગ સિદ્ધ કરેલાં યોગીઓ જેમનું ધ્યાનમાં દર્શન કરે છે. સર્વ લોક અનંતકોટી બ્રહ્માંડોના એક માત્ર નાથ પતિ નિયન્તા છે. અને જીવ માત્રને જન્મ મૃત્યુના ભવસાગરના ભયને દૂર કરનારા છે. તેવા ભગવાન વિષ્ણુનારાયણના ચરણમાં હું વંદન સાષ્ટાંગ દંડવત પ્રણામ કરૂં છું. (૫)

**કસ્તૂરિતિલકં લલાટપટલે વક્ષઃ સ્થલે કૌસ્તુભં,**
**નાસાગ્રેવરમૌક્તિકં કરતલે વેણુઃ કરે કંકણમ્ ॥**
**સર્વાંગે હરિચન્દનં સુલલિતં કણ્ઠે ચ મુક્તાવલી,**
**ગોપસ્ત્રીપરિવેષ્ઠિતો વિજયતે ગોપાલચૂડામણિઃ ॥૬॥**

જગતના જીવોના હિત માટે અને શરણાગત જીવોના આત્યન્તિક મોક્ષ માટે પૃથ્વી ઉપર યુગે યુગમાં અવતાર ધારણ કરીને પ્રગટ થતાં પરમાત્મા ભગવાન શ્રીહરિએ જ્યારે શ્રીકૃષ્ણાવતાર ધારણ કર્યો ત્યારે તેમનું રૂપ સૌંદર્ય અને મનમોહકતા કેવી હતી તેનું વર્ણન અને સ્મરણ આ શ્લોકમાં કરવામાં આવેલ છે. પોતાના વિશાળ અને ઉન્નત લલાટમાં કપાળમાં સુગંધીદાર કસ્તુરીની સાથે ઘસીને તૈયાર કરેલ મલયાચલના શ્વેત ચંદનમાં કેસરનો રંગ મિશ્રિત કરીને સુશોભિત તિલક કરેલ છે. જેમના વક્ષ:સ્થળ હૃદય સ્થળમાં છાતીમાં કરોડો સૂર્યના જેવા તેજસ્વી કૌસ્તુભમણિ સુવર્ણના આભૂષણમાં શોભી રહ્યો છે. નાસિકાના અગ્રભાગે એટલે કે પોતાની દૃષ્ટિ પડે છે તે છાતી ઉપર શ્રેષ્ઠ અને સુંદર બહુમૂલ્ય વાળા મોતીની માળા ધારણ કરી છે. પોતાના

કમળ જેવા સુંદર હાથમાં મનમોહક બાંસુરી વગાડવા વેણું ધારણ કરી રાખી છે. બન્ને હાથમાં સુગંધીત પુષ્પના કંકણ કડા પહેરેલાં છે. સર્વ અંગોમાં શ્વેત ચંદનનો લેપ કરેલ છે. ચંદનની અર્ચા ચાંદલો કરેલ છે. સુંદર કંબુ કંઠમાં મુક્તામણિનો સુંદર ગંઠો ધારણ કરેલ છે. અને પોતાની ચારેબાજુ પ્રેમાસક્ત ગોપીકાઓનું મંડળ વિંટળાઈને સ્થિર થઇ ગયું છે. એવા ગોપાલકોના અધિપતિ ગોવાળિયાઓના નેતા અગ્રણી ગોવાળોના ચૂડામણિ ભગવાન શ્રીકૃષ્ણનો સર્વત્ર વિજય થાય છે. (૬)

**બર્હાપીડં નટવરવપુઃ કર્ણયોઃ કર્ણિકારં બિભ્રદવાસઃ,**
**કનકકપિશં વૈજયન્તીં ચ માલામ્ ॥**
**રન્ધ્રાન્ વેણોરધરસુધયા પૂરયન્ ગોપવૃન્દૈર્વૃન્દારણ્યં,**
**સ્વપદરમણં પ્રાવિશદ ગીતકીર્તિઃ ॥૭॥**

શ્રીમદ્‌ભાગવતમાં ભગવાન વેદવ્યાસ પરમાત્માના દિવ્ય સ્વરૂપનું જે વર્ણન કરે છે તે શ્લોકને સાંભળને જ શુકદેવજી જેવા મહાન વૈરાગ્ય ધારણ કરેલાં યોગીને પણ આવા શ્લોકો વાળું ભાગવત ભણવાની ઇચ્છા થઈ અને પાછા પિતાના આશ્રમમાં આવ્યા હતાં. તે શ્લોકના સ્કન્ધ-૧૦ અધ્યાય-૨૧ શ્લોક-૫ માંના ભાવાર્થને સમજીએ — ભગવાન શ્રીકૃષ્ણચન્દ્ર યશોદામૈયાના લાલનનું જ હમેશાં રટણ કરતી ગોપીકાઓ જ્યારે વનમાં સુંદર મોરલીનો નાદ છેડ્યો ત્યારે તે દિવ્ય મધુર નાદને સાંભળીને મનોમન વિચારવા લાગી છે કે ભગવાન શ્રીકૃષ્ણ યશોદા મૈયાનો લાલો ગોવાળિયાના બાળકોની સાથે વૃન્દાવનમાં પ્રવેશ કરી રહ્યો છે. તે કેવો સુંદર શોભે છે. જેના મસ્તક ઉપર શોભતી પાઘમાં મોરલાંનું પીંછુ શોભાયમાન છે. અને બેય કાનોમાં સુવર્ણ જેવા શોભતા પીળી કરેણના પુષ્પો ભરાવેલાં છે. શરીરે સોનેરી પીળું પીતાંમ્બર ધારણ કરેલ છે. અને કંઠમાં ગળામાં વૈજયંતીમાળા જે પાંચ પ્રકારના રંગ બેરંગી સુગંધીત પુષ્પોથી બનાવેલ છે તે ધારણ કરેલ છે. જેમ કોઇ રંગ મંચ ઉપર અભિનય કરવા માટે તૈયાર નટ હોય તેના જેવી શોભા ધારણ કરેલ છે. મોરલીના વેણુંના છીદ્રોને પોતાના હોઠોથી ભરી રહ્યા છે.

તેમની પાછળ ગોવાળિયાના બાળકો તેમનો જ લોક પાવનકારી યશ કીર્તિનું ગાન કરતાં કરતાં ચાલી રહ્યાં છે. એવા વૈકુંઠ કરતાં પણ પાવનકરી શ્રેષ્ઠ વૃન્દાવન ધામને તેમના સોળ ચિન્હ યુક્ત ચરણથી વિશેષ પાવકારી અને રમણીય કરી રહ્યાં છે. (૭)

**મલ્લાનામસનિર્નૃણાં નરવરઃ સ્ત્રીણાં સ્મરો મૂર્તિમાન્,**
**ગોપાનાં સ્વજનોઽસતાં ક્ષિતિભુજાં શાસ્તા સ્વપિત્રોઃ શિશુઃ ॥**
**મૃત્યુર્ભોજપતેર્વિરાડવિદુષાં તત્ત્વં પરં યોગિનાં,**
**વૃષ્ણીનાં પર દેવતેતિ વિદિતો રંગં ગતઃ સાગ્રજઃ ॥૮॥**

અસુરોનો વિનાશ કરવા પ્રગટ થયેલાં પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણચન્દ્ર અગીયાર વર્ષ સુધી ગોકુળમાં રહ્યા પછી કંસનો વિનાશ કરવા માટે જ્યારે કંસના મલ્લ અખાડામાં પ્રવેશ કર્યો ત્યારે ત્યાં મંચ ઉપર અને સભામાં જોનારાઓના સમૂદાયમાં રહેલાં સર્વ જનોને વિવિધ પ્રકારના પરમેશ્વરના રૂપના દર્શન થયા તેનું વર્ણન સ્વયં શુકદેવજીના મુખે ભગવાન વેદ વ્યાસજી કરેલ છે તે આ ભાગવતના સ્કન્ધ-૧૦ અધ્યાય-૪૩ શ્લોક-૧૭ માં શ્લોકના શબ્દોના અર્થનો ભાવાર્થ સમજીએ - જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ કંસનો વિનાશ કરવા માટે કંસે જ રચેલાં મલ્લ અખાડામાં પ્રવેશ કર્યો ત્યારે ત્યાં ઉપસ્થિત સર્વજનોમાંથી જેનો જેવો ભાવ હતો તેવા દેખાણા. તે કહે છે તે વખતે બળરામજીની સાથે રંગભૂમિ અખાડામાં આવેલાં શ્રીકૃષ્ણ મલ્લોને પહેલવાનોને વજ્ર જેવા કઠોર શરીર ધારણ કરેલાં દેખાણા. સાધારણ મનુષ્યોંને પુરૂષોમાં રત્ન જેવા નરરત્ન જેવા લાગ્યા. સ્ત્રીઓને સાક્ષાત્ મૂર્તિમાન કામદેવ જેવા દેખાણા. ગોવાળિયાઓને પોતાના સ્વજન સગાસંબંધી જેવા લાગ્યા. દુષ્ટ રાજાઓને દંડ આપનારા શાસક સમ્રાટ જેવા દેખાણા. સભામાં વૃદ્ધો હતાં તેમને નાના શિશુ જેવા લાગ્યા. ભોજરાજ કંસને સાક્ષાત્ પોતાનો જાણે કાળ મૂર્તિમાન થઈને આવ્યો હોય તેવા લાગ્યા. અજ્ઞાની અને પામર જીવોને વિરાટ દેહધારી દેખાણાં. યોગીઓને પરમતત્વ પરમાત્માના સાક્ષાત દર્શન થયા. એકાન્તિક ભક્તો એવા વૈષ્ણવંશીઓને પોતાના ઈષ્ટદેવ સાક્ષાત્ ભગવાનના

દર્શન થયા. જોનારા બધાને પોતપોતાના ભાવ પ્રમાણે કોઈને રૌદ્ર તો કોઈને અદ્‌ભુત શ્રૃંગાર હાસ્ય વીર વાત્સલ્ય ભયાનક બિભત્સ શાન્ત અને પ્રેમભક્તિ રસપૂર્ણ દર્શન થયા. (૮)

**જન્માદ્યસ્ય યતોઽન્વયાદિતરતશ્ચાર્થેષ્વભિજ્ઞઃ,**
**સ્વરાટ્ તેને બ્રહ્મહૃદાય આદિકવયે મુહ્યન્તિ યત્સૂરયઃ ॥**
**તેજોવારિમૃદાં યથા વિનિમયો યત્ર ત્રિસર્ગો મૃષા,**
**ધામ્ના સ્વેન સદા નિરસ્તકુહકં સત્યં પરં ધીમહિ ॥૯॥**

ભગવાન વેદવ્યાસજીએ અઢાર પુરાણો અને મહાભારત જેવા વિશાળ ગ્રન્થોની રચના કરીને જગતને જ્ઞાનનો ઉપદેશ આપ્યો છતાં મનમાં એમ વિચાર આવ્યો કે આનાથી શું જીવાત્માને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન પૂર્ણ રૂપે થશે. આવી ચિન્તામાં હતાં ત્યારે દેવર્ષિ નારદમુનિ એ શ્રીમદ્ ભાગવત શાસ્ત્રની રચના કરવાની પ્રેરણા આપી ત્યારે તે પરમેશ્વરના કેવા સ્વરૂપનું વર્ણન કરવું તે કેવું હશે તે તો કોઈનાય જાણ્યામાં કે સમજવામાં આવે તેવા નથી. પણ તે સ્વરૂપનું સ્મરણ કરવું છે તો આવી રીતે કરી શકાય તે આ શ્લોકમાં પ્રથમ મંગલાચરણ કરતાં પ્રથમ જ શ્લોકમાં સ્કન્ધ-૧, અધ્યાય-૧, શ્લોક-૧ માં વર્ણવેલ છે. તેના શબ્દોનો ભાવાર્થ વિચારીએ - જેમના દ્વારા આ સંપૂર્ણ જગતની ઉત્પતિ સ્થિતિ અને લય થાય છે. કારણ કે તે સર્વ ચેતન પદાર્થોમાં અંતઃર્યામી સ્વરૂપે છે. અને તે અસત્ જડ પદાર્થોથી અલગ છે જુદા છે. જડ નથી પણ ચેતન છે. ક્યારેય પરતંત્ર નથી સદા સ્વતંત્ર છે. સ્વયં પ્રકાશિત છે કોઈનાય પ્રકાશની અજવાળાની જેને જરૂર પડતી નથી. જેમના દ્વારા જગતનું સૃજન થાય છે પણ તે બ્રહ્માજી નથી પણ તે હિરણ્યગર્ભ રૂપ બ્રહ્માને પોતાના સંકલ્પથી વેદોનું જ્ઞાન આપીને જગત સૃજનની શક્તિ આપી છે. જેમના સ્વરૂપના જ્ઞાનમાં મોટા મોટા વિદ્વાનો કવિઓ પણ મોહ પામી જાય છે અર્થાત ભ્રમમાં પડી જાય છે. જેમ તેજસ્વી સૂર્યની કિરણોમાં પાણીનો ભ્રમ થાય છે. પાણીમાં પૃથ્વીનો ભ્રમ થાય છે. ભૂમિમાં જળનો ભ્રમ થાય છે. તેવીજ રીતે જેમાં આ ત્રણ ગુણોવાળી માયિક સત્વ રજ

તમોગુણાત્મિકા અને જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિ રૂપ સૃષ્ટિમાં નાશવન્ત અને મિથ્યા હોવા છતાં તેમાં પણ પ્રત્યક્ષ દેખાતું હોવાથી સત્યપણાનો ભ્રમ થાય છે. તેવી માયાને પોતાના સ્વયંપ્રકાશ રૂપ તેજ સત્ય જ્ઞાનથી સર્વદા માયિક કાર્યોથી અલિપ્ત મુક્ત રહીને જગતના જીવોનું હિત કરવા વાળા સદા સત્ય સનાતન સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીપુરૂષોત્તમનારાયણનું અમે ધ્યાન કરીએ છીએ. (૯)

**વાણીમંગલ રૂપિણી ચ હસિતં યસ્યાસ્તિ વૈ મંગલં,**
**નેત્રે મંગલદે ચ દોર્વિલસિતં નૃણાં પરં મંગલમ્ ॥**
**વક્ત્રં મંગલકૃચ્ચ પાદચલિતં યસ્યાખિલં મંગલમ્,**
**સોડયં મંગલ મૂર્તિરાશુ જગતો ક્રિયાત્ મંગલમ્ ॥૧૦॥**

ભગવાન શ્રીસ્વામિનારાયણની આજ્ઞાથી સંપ્રદાયના આશ્રિત માત્રને સરળતાથી પોતાના ધાર્મિક વિધિ વિધાનો ક્રિયાઓ કરવામાં ઉપયોગી થાય તેવું ભગવાનની અર્ચા પૂજા કરવાની પદ્ધતિ પ્રવર્તાવી જેને આપણે મહાપૂજા એવું નામ આપીને ઓળખીએ છીએ. પ્રચાર પ્રસાર સ્વયં અક્ષર મૂર્તિ સદ્ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામીએ કર્યો અને વિધિની રચના વર્ણીરાજ અખંડાનંદ બ્રહ્મચારીજીએ કરેલ છે. તેમાં ભગવાન શ્રીહરિ શ્રીસ્વામિનારાયણના સ્વરૂપનું વર્ણન કરતાં સત્સંગિજીવનના પ્ર. ૧, અ. ૩૨, શ્લોક ૪૫ ના શબ્દોનો ભાવાર્થ સમજીએ — અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ સર્વાવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણ જ્યારે મનુષ્ય દેહ ધારણ કરીને વિચરણ કરતાં હતાં ત્યારે પોતાના એકાન્તિક ભક્તોને જે ઉપદેશ આપતા શ્રીશિક્ષાપત્રી વચનામૃત અને અનેક સ્થાનો ઉપર સભામાં ધર્મ ભક્તિ જ્ઞાન વૈરાગ્યની જે વાતો કરી તે વાણી સમગ્ર જીવોના માટે મંગલકારી છે. તેનું ભલું મોક્ષ અને કરનાર છે. તેમજ પોતાના ભક્ત સામું જોઈને હાસ્ય કરે તોય તેમાં સર્વનું હિત થાય તેવું મંગલમય છે. તે પ્રભુની કરૂણામય દ્રષ્ટિ જ્યાં પડે ત્યાં પણ સર્વનું મંગળ જ થાય છે. અને તે પરમાત્મા પોતાનો હસ્ત કમળ ઉંચો કરીને કોઈને અભયદાન આપે છે તેમાં મનુષ્ય માત્રનું પરમ મંગલ જ થાય છે. તે પ્રભુના

મુખાર્વિન્દના કોઈને દર્શન થાય છે તેનું પણ મંગલ થાય છે. અને તે પ્રભુના પગલા પડે છે ત્યાં પણ સર્વત્ર મંગલમય વાતાવરણ થઈ જાય છે. જેમની સર્વ પ્રકારની પ્રવૃત્તિ કે ક્રિયા હાલવું ચાલવું સર્વમંગલકારી છે. તે મંગલમૂર્તિ પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીસ્વામિનારાયણ આ સમગ્ર જગતનું સર્વ પ્રકારે મંગલ કલ્યાણ મોક્ષ કરો એવી પ્રાર્થના સ્તુતિ કરૂં છું. (૧૦)

**ભગવંસ્તવ ચરણં ભવભયહરણં જનસુખકરણં,**
**કમલસમં કમલાસનસારં હૃદયવિહારં વિષયનિવારં વરવરદમ્ ॥**
**વરમમલનિવાસં રૂચિરવિલાસં નખમણિભાસં,**
**મૃદુમૃદુલં મૃદુભ્રૂરૂહરંગં નિજજનસંગં વિલસિતગંગં ભવતુ મુદે ॥૧૧॥**

ભગવાન શ્રીહરિએ પાંચસો પરમહંસો હતાં તેમને સૌને આજ્ઞા કરી હતી કે સંપ્રદાય સંબંધી શાસ્ત્રની રચના કરો. તે આજ્ઞાનુંસાર સૌ સંતો પોત પોતાની ભાવના પ્રમાણે કોઈ સંસ્કૃત ભાષામાં તો કોઈ ગુજરાતી કે વ્રજભાષામાં અનેક કીર્તનો પદોની રચના કરીને શ્રીહરિનો મહિમા સમજાવતા હતાં. તેમાં ઘણાં સંસ્કૃત ભાષાના વિદ્વાન હતાં. તેઓએ સંસ્કૃતમાં જે શ્લોકની રચના કરીને શ્રીહરિના મહિમાનું ગુણગાન કરેલ છે તેમાંથી એક આ શ્લોકના શબ્દોના ભવાર્થને વિચારીએ - હે પ્રભુ હે ભગવાન શ્રીહરિ જે તમારા ચરણોમાં સોળ ચિન્હ વિરાજમાન છે તે ચરણ જીવમાત્રના જન્મ મૃત્યુના ભવસાગરના દુઃખો કષ્ટોને હરનાર દૂર કરનારા છે. શરણાગત આશ્રિત માત્રને આત્યન્તિક મોક્ષ આપીને મહાસુખ આપનારા છે. કોમળતા અને સુંદરતામાં તો એવા મૃદુ છે કે જાણે સાક્ષાત્ કમળ જેવા છે. જે જગતની શોભા સંપત્તિ ધન વૈભવનું જાણે સ્થિર થવાનું આસન હોય એવા છે. મોક્ષ કે અક્ષરધામના સુખની ઈચ્છા રાખવાવાળાએ સદા પોતાના હૃદયમાં ધારણ કરી રાખ્યા જેવા છે. જગતના નાશવન્ત અને માયિક દુઃખદાયક વિષયોમાંથી જીવને પાછો વાળીને શ્રેષ્ઠ જે અક્ષરધામનું સુખ તેનું વરદાન વચન આપનારા છે. વરદાન તો એવું આપો છો જે સર્વના માટે અમલ નિવાસ એટલેકે જ્યાં કોઈ પણ પ્રકારનો અજ્ઞાનરૂપી મળ અહં મમત્વનું અજ્ઞાન નથી એવા દિવ્ય અક્ષરધામમાં નિવાસ

કરનારા અને આશ્રિત ભક્તોને કરાવનારા છો. જે અક્ષરધામમાં અનેક પ્રકારના મનને ગમે તેવા રૂચિકર આનંદ પ્રમોદના અને સુખ સુવિધાઓનો સમૂદાય છે. જગતમાં સૂર્ય ચન્દ્ર વિગેરેનો જેંટલો પ્રકાશ છે તેટલો તો આપના ચરણના અંગૂઠાના એક નખ માત્રનો છે. તેમ છતાં તમારા સર્વ અંગો કોમળથી પણ અતિ કોમળ મૃદુમાં પણ અતિ મૃદુલ છે. પોતાના એકાંતિક ભક્તોની સાથે ભક્તોની વિશાળ સભામાં વિરાજમાન થઈને સૌને કરૂણામય પવિત્ર દૃષ્ટિ માત્રથી પાવન કરો છો. એવા હે પ્રભુ મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણ મને પણ તેવો જ તમારા દિવ્ય અક્ષરધામનો નિવાસી બનાવો એજ પ્રાર્થના છે. (૧૧)

**રક્ષન્વેદમમન્દમન્દરગિરિં બિભ્રદ્ધરામાહરન્પ્રહલાદં,**
**પરિપાલયન્બલિમનઃ ક્ષુભ્યન્ક્ષયન્ક્ષત્રિયાન્ ॥**
**લંકેશાન્તકરશ્ચ કંસશમનઃ શાન્તોઽસુરોન્મોહનો,**
**મ્લેચ્છોન્મૂલનકારકસ્તમનિશં શ્રીનીલકંઠ ભજે ॥૧૨॥**

ભગવાન શ્રીકૃષ્ણએ મહાભાગતના રણસંગ્રામમાં અર્જુન પ્રતિ સ્વયં પોતાના અનન્ત અવતાર આ પૃથ્વી પોતે સ્વંય ધારણ કરે છે. તેમ કહ્યું यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत । अभ्युत्थानमधर्स्यतदात्मनां सृजाम्यहं ॥ परित्राणाय साधुनां विनाशाय च दुष्कुतां । धर्म संस्थापनार्थाय संभावामि युगे युगे ॥ આ વચનને સાર્થક કરતાં પુરાણ ગ્રંથોમાં તે ભગવાને ધારણ કરેલાં અવતારોનું ચરિત્ર સવિસ્તાર વર્ણવેલ છે, તે ચરિત્રોને સાંભળવાથી ભક્તોના હૃદયમાં અને જીવ માત્રના હૃદયમાંથી પાપ માત્ર નાશ થાય છે તેમ સત્પુરૂષો અને સત્શાસ્ત્રોમાં કહેવામાં આવેલ છે. પરંતુ આજનો માનવી આ બધા શાસ્ત્રો ક્યાં વાંચવા અને શોધવા જાય તેમ છે તેથી આવા માનવોની સગવડ માટે અને સરળતા માટે મહાપુરૂષોએ તે ભગવાને ધારણ કરેલાં પ્રસિદ્ધ અને મુખ્ય અવતારોનું સ્મરણ પોતાની રીતે સ્તુતિમાં કરેલ છે જે સર્વ જનસમુદાયની અતિ ઉપયોગી થાય છે. તેવી જ રીતે અહિં ભગવાન શ્રીસ્વામિનારાયણના આશ્રિતો ભક્તોના હિત માટે નંદ પંક્તિના સંત કવિઓએ જે રીતે તે

ભગવાનના પૂર્વ અવતારોનું સ્મરણ કરેલ છે. એમાંનો એક શ્લોક જેમાં ભગવાન શ્રીહરિએ ધારણ કરેલાં દશ અવતારને યાદ કરવામાં આવેલ છે. અને તે રીતે પોતાની ભાવના અને શ્રદ્ધાને વ્યક્ત કરેલ છે તેના શબ્દોના અર્થને વિચારી જોઈએ -

रक्षन्वेदम्-૧ વેદની રક્ષા કરવાવાળા મત્સ્ય ભગવાન. अमन्दमन्दरगिरिम्-૨ ભારે મન્દરાચળ પર્વતને ધારણ કરનારા કચ્છ ભગવાન. धराम् आहरन्-૩ પૃથ્વીને લાવનારા વરાહ ભગવાન, प्रहलादंपरिपालयन्-૪ ભક્ત પ્રહલાદની રક્ષા કરનારા નૃસિંહ ભગવાન, बलिंमनः क्षुभ्यन्-૫ બલિરાજાના મનને છેતરવાવાળા વામન ભગવાન, क्षयान्क्षत्रीयान्-૬ ક્ષત્રિયોનો વિનાશ કરનારા પરશુરામ ભગવાન, लंकेशान्तकरः-૭ લંકેશ રાવણનો નાશ કરવાવાળા શ્રીરામ ભગવાન, कंसशमनः-૮ દુષ્ટ કંસનો નાશ કરવાવાળા શ્રીકૃષ્ણ ભગવાન, शान्तो असुरोन्मुलनः-૯ શાંત રહીને અસુરોનો નાશ કરનારા બુદ્ધ ભગવાન, म्लेच्छ्रोन्मूलनकारकः-૧૦ મ્લેચ્છ યવનોનો નાશ કરવાવાળા કળિયુગમાં પ્રગટનારા કલ્કી ભગવાન. આવા ચિત્રવિચિત્ર આકૃતિવાળા દેહનો આશ્રય કરીને પોતાના અવતાર કાર્યને પૂર્ણ કરનારા અવતારી છતાં અજન્મા એવા મારા ઈષ્ટદેવ નીલકંઠ નામ ધારણ કરેલાં પરમેશ્વર શ્રીસ્વામિનારાયણ ભગવાનનું હું સદા રાત્રિ દિવસ અંખડ ભજન સ્મરણ ભક્તિ કરૂ છું. (૧૨)

# કેટલીક પ્રસિધ્ધ સ્તુતિના શ્લોકો

॥ मंगलाचरण ॥

आदौ प्रेमवतिवृषांगजननं सन्नैकतीर्थाटनं ।
दुष्कर्मोपशमनं च साधुशरणं सद्धर्मसंस्थापनम् ॥
हिंसावर्जितभूरियज्ञकरणं मूर्तिप्रतिष्ठापनम् ।
आर्यस्थापनमक्षराख्यगमनं सत्संगिसंजीवनम् ॥१॥
सदानंदाम्भोधिः स्मितरुचिरपूर्णेन्दुवदनः ।
प्रफुल्लाम्भोजन्मच्छदसद्द शोभाक्षियुगलम् ॥

कृपापारावारः श्रितसकलजीवातिसुखदो ।
महाश्रेयो मूर्तिर्जयति स हि नारायणमुनिः ॥२॥
पातुं धर्ममधर्ममुत्खनयितुं श्रीभक्तिधर्मांगतो ।
जातायोत्तरकोसलेषुविबुधानन्दायसद्धर्मिणे ॥
श्रीमच्चन्दनपुष्पहाररूचये शुभ्रांशुके बिभ्रते ।
तस्मै श्रीगुरुवेनमोस्तुहरये नारायणायर्षये ॥३॥
स्नातं चन्दनचर्चितं निजजनैः पुष्पैसृजालंकृतं प्रातः ।
सुर्यमयूखसेवितमुखं श्रीचन्द्रशालोपरि ॥
धृत्वा रोटकमेकपाणितलके भक्त्वांऽऽन्यहस्तेन ।
तं भुञ्जजानं प्रविलोक्य सेवकगणान् वन्दे सदा स्वामिनम् ॥४॥
धर्मस्त्याज्यो न कैश्छित्स्वनिगमविहितो वासुदेवे च ।
भक्तिर्दिव्याकारे विधेया सितघनमहसि ब्रह्मणैक्यं निजस्य ॥
निश्चित्वैवान्यवस्तुन्यणुमपि च रति सम्परित्यज्य ।
सन्तस्तन्माहात्म्याय सेव्या ईति वदति निजान् धार्मिको नीलकण्ठः ॥५॥
द्दष्टाः पृष्ठाः नता वा कृतपरि चरणा भोजिताः पूजिताः वा ।
सद्यः पुंसामघौघं बहुजनिजनितं घ्नन्ति ये वै समूलम् ॥
प्रोक्ताः कृष्णेन ये वा निजहृदयसमा यत्पदे तीर्थजातं ।
तेषां मातः प्रसंगात्किमिह ननु सतां दुर्लभं स्यान्मुमुक्षो ॥६॥
सुनीशारं सारं शुचिकनकबुट्टं परिदधन्निचोलं ।
कौस्तुभं कटितटपटे चारुणरुचिम् ॥
बहून हारान् हैमान् वरवलयकेयूरमुकुटान् ।
हसद्वक्त्रेन्दुर्मे द्दशि जयतु नारायणमुनिः ॥७॥
श्रीमच्छारदपूर्णचन्द्रविलसत्समेराननं श्रीहरिं ।
तुंगेपीठवरे स्थितं परिव्रतं सद्भक्तवृन्दैर्यथा ॥
ताराभिर्विधुमर्च्यमानमुरुधा तैश्चन्दनैः कौसुमैहारैः ।
शेखरपंक्तिभिश्च हृदये शुकलांबरं चिन्तये ॥८॥

य ईशोऽपि स्वेच्छाधृतनृतनुरानंदनिलयः ।
कृपासिन्धुर्भवजलनिधौ दुःखितनृणाम् ॥
सकामैर्निष्कामैरपि सुरनरैः सेव्य चरणं ।
नमाम्यात्मात्मानं तमहमिह नारायणमुनिम् ॥९॥
स्वभक्तवृन्दपालिनं मणिन्द्रमाल्यमालिनं ।
विमुक्तसंघशालिनं स्वशक्तियुक्तलालिनम् ॥
क्षमादयाधिमालिनं विनाशिताघजालिनं ।
भवन्तमार्त्तिकनन्दनं भजामि धर्मनंदनम् ॥१०॥
स्त्रीपुंसैर्जयतल्पपत्तन बहिर्वाटिवटेवेष्टिते ।
दोले तूलपटोपबर्हणपटैर्जुष्टे चलन्मूर्त्तये ॥
हस्तेकोमलकर्कटीफलयुगं धृत्वा विलोक्य ।
स्वकान्दन्तैश्चर्वण चातुरीं विदधते तस्मै नमः स्वामिने ॥११॥
श्रीकान्तं शान्तर्मूर्तिं सरसिजनयनं पूर्णचन्द्राभवकत्रं ।
पीतं वासोवसानं भव भयशमनं मुक्तवृन्दार्चितांघ्रिम् ॥
विश्वाधारं गुणाब्धिं नवजलदतनुं धार्मिनारायणाह्वं ।
कृष्णं सत्संगगम्यं मनसि मम सदा भावये श्रेयसेऽहम् ॥१२॥

**આદૌ પ્રેમવતિવૃષાંગજનનં સન્નૈકતીર્થાટનં,**
**દુષ્કર્મોપશમનં ચ સાધુશરણં સદ્ધર્મસંસ્થાપનમ્ ॥**
**હિંસાવર્જિતભૂરિયજ્ઞકરણં મૂર્તિપ્રતિષ્ઠાપનમ્,**
**આર્યસ્થાપનમક્ષરાખ્યગમનં સત્સંગિસંજીવનમ્ ॥૧॥**

અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ સર્વાવતારના અવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી શ્રી શતાનંદ મુનિએ શ્રીહરિના જન્મથી લઈને અન્તર્ધાન સુધીની લીલાનું વર્ણન અને સંપ્રદાયના આશ્રિતોને ઉપકારક એવા સદ્ધર્મનું જેમા વર્ણન કર્યું છે. તેવા ધર્મશાસ્ત્ર સત્સંગિજીવન જેમાં પાંચ પ્રકરણ (૫) અને તેના ત્રણસોને સાંઈઠ (૩૬૦) અધ્યાયોના અઢાર હજારને આઠસો બાસઠ (૧૮૮૬૨) સંસ્કૃતના શ્લોક છે. તેને યાદ રાખવું

ઘણું જ અઘરું અને કઠીન છે. તેની આ એક જ શ્લોકમાં તે સંપૂર્ણ સત્સંગિજીવન શાસ્ત્ર યાદ રહી જાય તેવા શ્લોકની નંદ સંતોએ રચના કરી છે. તેના ભાવાર્થને સમજીએ. સૌ પ્રથમ પરમેશ્વર ભગવાન શ્રીહરિએ માતા પ્રેમવતી ભક્તિદેવી અને પિતા ધર્મદેવના આંગણે જન્મ ધારણ કરી માનવ શરીર ધારણ કર્યું છે. માતૃપિતૃ ઋણથી મુક્ત થઈને અગીયાર (૧૧) વર્ષની ઉંમરે સમગ્ર સાત્વિક દિવ્ય તીર્થોમાં વિચરણ કરીને જ્યાં જ્યાં ક્રૂર, કર્મ, દંભ, આડંબર થતા હતાં તેનો નાશ કર્યો અને સાત્વિક સજ્જનો સત્પુરુષોને પોતાના શરણે લઈને તેમની રક્ષા કરીને સદ્ધર્મની સંસ્થાપના કરવા માટે તેમને સાથે રાખ્યા. જગતમાં પ્રવર્તેલાં હિંસામય ક્રૂર યજ્ઞનો નિષેધ કરીને અહિંસામય સાત્વિક યજ્ઞોનું પ્રસારણ કર્યું. અને પોતાના જ સ્વરૂપ એવા દિવ્ય દેવોની પ્રતિમા મૂર્તિઓનું નવ નવ મહામંદિરો બનાવરાવીને તેમાં પ્રાણ પ્રતિષ્ઠા સ્વહસ્તે કરી. શ્રી શિક્ષાપત્રી આદિ શાસ્ત્રોની રચના સ્વયં કરી અને અન્ય શાસ્ત્રોની રચના કરાવી તે શાસ્ત્રો અને દેવોની સંભાળ રાખવા માટે પોતાના જ કુળ ધર્મકુળમાં બે આચાર્યોની સ્થાપના કરી અને પછી પોતાના દિવ્ય અક્ષરધામમાં પધાર્યા. અંતર્ધ્યાન લીલા કરી તેનું જેમાં વર્ણન છે તે સત્સંગિજીવન ધર્મશાસ્ત્ર છે. (૧)

**સદાનંદામ્ભોધિઃ સ્મિતરુચિરપીર્ણેન્દુવદનઃ,**
**પ્રફુલ્લામ્ભોજન્મચ્છદસદ શોભાક્ષિયુગલમ્ ॥**
**કૃપાપારાવારઃ શ્રિતસકલજીવાતિસુખદો,**
**મહાશ્રેયો મૂર્તિર્જયતિ સ હિ નારાયણમુનિઃ ॥૨॥**

ભગવાન શ્રીહરિની શુભ દિવ્ય આજ્ઞાથી શતાનંદ મુનિએ શ્રીમદ્ સત્સંગિજીવન ધર્મશાસ્ત્રની રચના કરવાનો પ્રારંભ કરવાની તૈયારી કરી ત્યારે સૌ પ્રથમ પોતાના ઈષ્ટદેવ પરંબ્રહ્મ પરમેશ્વર ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્મરણ રૂપ મંગલાચરણ કરે છે તે શતાનંદ મહામુનિના જે શબ્દો આ શ્લોકમાં છે તેના ભાવાર્થને સમજવાનો પ્રયત્ન કરીએ. જેમના દર્શન કરનારાના હૃદયમાં અને પોતાના હૃદયમાં સદા હંમેશા દિવ્ય બ્રહ્માનંદનો મહાન આનંદનો

સાગર હિલોળા લઈ રહ્યો છે. અને જેમનું કમળ જેવું સુંદર મુખરવિંદ સદા મંદ મંદ હાસ્યથી શોભતું ભક્તોને દર્શન થાય છે. તે મુખ શરદ ઋતુના પૂર્ણિમાના ચંદ્ર જેવું તેજસ્વી અને શાંત દેખાય છે. સરોવરમાં ખિલેલા તાજા વિશાળ કમળની પાંખડી જેવા શોભાયમાન નેત્રો આંખોવાળા છે. પોતાના આશ્રિતો ઉપર સાગરના જેવી અપાર કૃપા વર્ષાવનારા છે. અતિ મહાન સુખ જે અવિનાશી અક્ષરધામનું સુખ આત્યન્તિક મોક્ષ રૂપી સુખ આપનારા ઉદ્ધવાવતાર શ્રી રામાનંદ મુનિએ જેમનું નામ નારાયણ મુનિ રાખેલ તે મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનો સર્વત્ર જય જયકાર થાય છે. (૨)

**પાતું ધર્મમધર્મમુત્ખનયિતું શ્રીભક્તિધર્માંગતો,**
**જાતાયોત્તરકોસલેષુવિબુધાનન્દાયસદ્ધર્મિણે ॥**
**શ્રીમચ્ચન્દનપુષ્પહારરૂચયે શુભ્રાંશુકે બિભ્રતે,**
**તસ્મૈ શ્રીગુરૂવે નમોસ્તુ હરયે નારાયણાયર્ષયે ॥૩॥**

ભગવાન શ્રીહરિની આજ્ઞાથી આર્ષદષ્ટા ત્રિકાળજ્ઞાની મહામુનિ શતાનંદજીએ સત્સંગિજીવન ધર્મશાસ્ત્રની રચના કરવાનો પ્રારંભ કર્યો ત્યારે સૌ પ્રથમ પોતાના ઈષ્ટદેવ પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીસ્વામિનારાયણનું સ્મરણ રૂપ મંગલાચરણ કરતાં નમસ્કાર કરે છે. અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ સર્વઅવતારના અવતારી પરંબ્રહ્મ પરમેશ્વર શ્રીપુરૂષોત્તમનારાયણ પૃથ્વી ઉપર સદ્ધર્મ ભાગવદ્ધર્મની સારી રીતે રક્ષા કરવા અને અધર્મ પાપ કર્મ દુરાચારનો નાશ કરવા મનુષ્ય દેહ ધારણ કરવાનો સંકલ્પ કર્યો અને તેનું નિમિત્ત દુર્વાસા ઋષિના શાપને કરીને ઉત્તર કોશલ દેશમાં માનવ શરીર ધારણ કરેલાં એવા ધર્મદેવ હરિપ્રસાદ વિપ્ર અને માતા ભક્તિદેવી પ્રેમવતિ માતાના ઉદરથી પ્રગટ થયા અવતાર ધારણ કર્યો. જેના સમાચાર સાંભળીને વિદ્વાનો પંડિતો સાત્વિક પુરૂષો અને ધર્મવાન ભગવદ્‌ભક્તોના હૃદયમાં અતિશે આનંદ થયો. તેવા સજ્જનોને વિશેષ આનંદ આપવા માટે તે મનુષ્ય દેહ ધારી રહ્યા એવા પરમેશ્વર સમગ્ર ભારત વર્ષમાં વિચરણ કરતાં જ્યાં જ્યાં પોતાના આશ્રિત ભક્તો તેમની મલીયાગર ચંદન અને અનેક વિધ

રંગબેરંગી સુગંધિત પુષ્પોના હારોથી પૂજન અર્ચન કરે તે સર્વ અતિ રુચિ ઉત્પન્ન કરનારી દિવ્ય બહુમૂલ્ય પૂજન સામગ્રી પોતાના શુભ કરકમળોથી ગ્રહણ કરીને પૂજક ભક્તોને આનંદ આપતા એવા જગત્ગુરુ સર્વના અંતઃર્યામી એવા ભગવાન શ્રીહરિ જે મારા ગુરુ સ્થાને વિરાજમાન છે. તે સાક્ષાત બદ્રિકાશ્રમ વાસી શ્રીનારાયણ ઋષિ જ આ કળિકાળમાં માનવ શરીર ધારણ કરીને શ્રીસ્વામિનારાયણ ભગવાનના નામે સૌ જગતના માનવોને પોતાના દિવ્ય દર્શન આપે છે. તેમના શ્રીચરણોમાં હું શતાનંદ મુનિ સાષ્ટાંગ દંડવત પ્રણામ સહ નમસ્કાર કરૂં છું. (૩)

**સ્નાતં ચન્દનચર્ચિતં નિજજનૈઃ પુષ્પૈસૃજાલંકૃતં,**
**પ્રાતઃ સુર્યમયૂખસેવિતમુખં શ્રીચન્દ્રશાલોપરિ ॥**
**ધૃત્વા રોટકમેકપાણિતલકે ભક્ત્વાંડડન્યહસ્તેન,**
**તં ભુઞ્જાનં પ્રવિલોક્ય સેવકગણાન્ વન્દે સદા સ્વામિનમ્ ॥૪॥**

ભગવાન શ્રી સ્વામિનારાયણ પાંચસો પરમહંસોની સાથે ગામે ગામ અને નગરે નગર વિચરણ કરતાં અને તે તે ગામો નગરોમાં વસતાં પોતાના આશ્રિત એવા એકાન્તિક ભક્તોને મનગમતાં સુખ આપતા તે માટે અનેક પ્રકારની દિવ્ય લીલાઓ પણ કરતાં જેથી ભક્તોને તે લીલાઓના દર્શન કરીને દિવ્ય સુખનો અનુભવ થતો. તે પોતાના સ્વભાવ પ્રમાણે શ્રીહરિ જેતલપુર પધાર્યા ત્યારે ગ્રામજનોએ પોતાની ઘરે રસોઈ જમીને જ જવા માટે વિનંતીઓ કરી તેથી ભગવાન શ્રીહરિ કહે છે અમારે અને સંતોને અન્ય ગામોમાં જવાનું હોવાથી અહીં એક દિવસથી વધારે નહિ રોકાઈ શકીએ. માટે એવું કરો કે જેમને પણ જમાડવાની ઈચ્છા હોય તે સર્વ ભક્તો પોતાના ઘરેથી રસોઈ બનાવીને લાવો અને અમે તે સૌની રસોઈ એક જ દિવસે જમીશું. આ આજ્ઞા થઈ એટલે સૌ પોત પોતાની શક્તિ પ્રમાણે સારામાં સારી વાનગીઓ અને પકવાનો બનાવીને શ્રીહરિને જમાડવાની તૈયારી કરવા લાગ્યા. પરંતુ આ ગામમાં એક સાધારણ ભગવાનના ભક્ત હતા જેમની પાસે કોઈ ધન સંપત્તિ કે સાધનો નહોતા ખેત મજૂરી કરીને પોતાનું જીવન ગુજારતાં હતાં. તે જીવણ

ભક્તના ધર્મપત્નિને પણ ઈચ્છા થઈ કે મારા ઘરનું પણ ભગવાન જમે. પણ ઘરમાં તો કંઈજ નથી શું કરવું ? તેવામાં ઘરમાંથી મજૂરીના બદલામાં મળેલા મઠ થોડા પડ્યા હતાં. જીવણ ભક્તને વાત કરી કે ભગવાન તો ભાવના ભૂખ્યા છે. માટે આપણા ઘરમાં જે છે તેનાથી જ પ્રભુ અવશ્ય રાજી થશે. તે જ બનાવો અને ભક્ત મઠનો રોટલો અને ડોડી (ખરખોડી) ખેતરની વાડોમાં થતી એક પ્રકારની વેલના પાનની ભાજી લઈને આવ્યા છે. ત્યારે તે મઠનો રોટલો અને ભાજી શ્રીહરિ પ્રેમથી જેમ માતા ભક્તિદેવીનું બનાવેલું સ્વાદિષ્ટ ભોજન હોય તેવા પ્રેમથી જમવા લાગ્યા. ત્યારે તે દિવ્ય અલૌકિક લીલાના દર્શન કરનારા નંદ સંતોએ તે લીલાના દશ્યને પોતાની કવિત્વ શક્તિથી આ શ્લોકમાં શબ્દબદ્ધ કરી છે તેના શબ્દોના ભાવને સમજીએ. જેતલપુરના દેવસરોવરમાં સ્નાન નિત્યવિધિથી પરવારીને સરોવરના કિનારે રહેલાં સુંદર મહોલની ચંદ્રશાળા અર્થાત્ અગાસી ઉપર સૌ ભક્તોને દર્શન આપવા વિરાજેલા ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂજા ચંદન પુષ્પોથી ભક્તોએ કરી છે. તેની સુંદર શોભા બની છે. તેમાં સવારના પ્રાતઃકાળના સૂર્યના કિરણો પડવાથી દેદિપ્યમાન શ્રીહરિનું મુખમળ શોભી રહ્યું છે. ત્યારે પોતાના હસ્તકમળમાં જીવણ ભક્તના મઠના રોટલાંને ધારણ કરીને બીજા હાથેથી તેમાંથી બટકું ભાંગીને ટુકડો કરીને જમી રહ્યા છે ત્યારે હજારો ભક્તો સેવકો પરમહંસો આ દ્રશ્યને ભાવવિભોર થઈને નિરનિમેષ નેત્રે કરીને જોઈ રહ્યા છે. એવા દયાળુ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણને હું સદા સાષ્ટાંગ દંડવત સહિત વંદન પ્રણામ નમસ્કાર કરું છું. (૪)

**ધર્મસ્ત્યાજ્યો ન કૈશ્ચિત્સ્વનિગમવિહિતો વાસુદેવે ચ,**
**ભક્તિર્દિવ્યાકારે વિધેયા સિતઘનમહસિ બ્રહ્મણૈક્યં નિજસ્ય ॥**
**નિશ્ચિત્યૈવાન્યવસ્તુન્યણુમપિ ચ રતિ સમ્પરિત્યજ્ય,**
**સન્તસ્તન્માહાત્મ્યાય સેવ્યા ઈતિ વદતિ નિજાન્ ધાર્મિકો નીલકણ્ઠઃ ॥૫॥**

ભગવાન શ્રીહરિ મહાપ્રભુ આ ભૂમંડલ ઉપર વિચરણ કરીને અનંત જીવોને પોતાના અક્ષરધામમાં તેડી જવા માટે તેમનામાં રહેલી વિષય વાસનાને

છોડાવીને શુદ્ધ એકાન્તિક ભક્ત બનાવવા માટે જે ઉપદેશ આપતા તે કેવો છે તેનું વર્ણન આ શ્લોકમાં નંદ સંતોએ કરેલ છે તેનો ભાવાર્થ સમજીએ.

- હે ભક્તજનો તમો કોઈ પણ નાના કે મોટા સ્ત્રી કે પુરુષ ક્યારેય તમારો જે ધર્મ વર્ણ અને આશ્રમનો ધર્મ છે તેનો ત્યાગ કરશો નહી. જે પોત પોતાના વેદમાં વિધાન કરેલ છે તે જેમ સામવેદી હોય તેનો ધર્મ સામવેદ પ્રમાણે પાળવો જોઈએ. યજુર્વેદિને યજુર્વેદ પ્રમાણે અને ઋગ્વેદિને તેમાં કહેલાં નિયમોનું પાલન કરવું તે વેદ વિહિત ધર્મ અને પોતાના ગૃહ શાસ્ત્રમાં વર્ણવેલા સામાજીક ધર્મોનું અનુસરણ કરવું જોઈએ. આ ધર્મ નિયમોનું પાલન કરતાં કરતાં જ ભગવાન શ્રી વાસુદેવની ભક્તિ કરવી અને તેમના સ્વરૂપને સદા સાકાર દિવ્ય મૂર્તિ જાણવી અને તે તો સદા શ્વેત અને સ્વચ્છ ઘાટા વસ્ત્રો ધારણ કરે છે. અને અનંતકોટી બ્રહ્માંડોમાં એકમેવ અદ્વિતીય છે. તેમની ભક્તિ ત્રણ દેહથી પોતાના આત્માને જુદો કરીને બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મ જે પુરુષોત્તમનારાયણના સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરીને અન્ય માયિક પદાર્થ માત્રમાંથી વાસના આસક્તિ પ્રેમ તેનો સારી રીતે ત્યાગ કરવો અને ભગવાનના ભક્ત સંતોનો અને ભગવાનના સ્વરૂપનો યથાર્થ જેવો છે તેવો મહિમાં સમજી વિચારીને તેમનું સેવન કરવું તેમ સર્વાવતારી પરમેશ્વર ભગવાન શ્રી નીલકંઠ નામ ધારી શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ કહે છે. (૫)

**દૃષ્ટાઃ પૃષ્ઠાઃ નતા વા કૃતપરિ ચરણા ભોજિતાઃ પૂજિતાઃ વા,**
**સદ્યઃ પુંસામઘૌઘં બહુજનિજનિતં ઘ્નન્તિ યે વૈ સમૂલમ્ ॥**
**પ્રોક્તાઃ કૃષ્ણેન યે વા નિજહૃદયસમા યત્પદે તીર્થજાતં,**
**તેષાં માતઃ પ્રસંગાત્કિમિહ નનુ સતાં દુર્લભં સ્યાન્મુમુક્ષો ॥૬॥**

ભગવાન શ્રીહરિની આજ્ઞાથી શતાનંદ મુનિએ રચેલા શ્રીમદ્ સત્સંગિજીવન ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણના (૩૨) બત્રીસમાં અધ્યાયમાં (૪૫) પિસ્તાલીસમો શ્લોક શ્રી ઘનશ્યામ પ્રભુ પોતાના માતુશ્રી ભક્તિદેવીને મંદવાડમાં શાંતિ આપનારો ઉપદેશ શ્રીહરિગીતાનો આપે છે. તેમાં સંત પુરુષોના લક્ષણો અને તેમના સમાગમથી આ જીવને કેવી મોક્ષ ગતિ પ્રાપ્ત

થાય છે. તે વાતને સમજાવતા જે વાત શ્રી ઘનશ્યામ પ્રભુએ માતા ભક્તિદેવીને કહી છે તે આ શ્લોકમાં વર્ણવેલ છે. તેનો ભાવાર્થ સમજીએ. માતાજીને પ્રથમ જે સાધુના ઓગણ ચાલીસ લક્ષણો કહ્યા છે અને બત્રીસ લક્ષણો કહ્યા છે તે લક્ષણોથી યુક્ત ભગવાનના ભક્ત સાધુનો સમાગમ કે તેમના એક જ વારના દર્શન માત્રથી કે તેમના ચરણનો સ્પર્શ કરવાથી, તેમને નમસ્કાર કરવાથી. તેવા સંતની સેવા ચાકરી કરવાથી, તેમને જમાડવાથી કે ભાવપૂર્વક તેમનું પૂજન કરવાથી જીવાત્માના અનેક જન્મજન્માંતરોના પાપ સમૂહનો નાશ થઈ જાય છે. તેના મૂળમાંથી પ્રારબ્ધ સંચિત અને ક્રિયમાણ પાપો નાશ પામી જાય છે. તેવા સંત પુરુષોને ભગવાન શ્રીકૃષ્ણએ પોતાના હૃદય સમાન કહ્યાં છે. તેવા એકાન્તિક ભક્ત સાધુ પુરુષોના ચરણોમાં સમગ્ર તીર્થોનો વાસ છે. હે માં આવા સાધુ જનોના સમાગમથી સત્સંગથી આ લોકમાં મુમુક્ષુજનોને કોઈ પણ વસ્તુ દર્લભ નથી. અર્થાત્ સર્વ મનોરથો તેના તત્કાળ જ પૂરા થાય છે. (૬)

**સુનીશારં સારં શુચિકનકબુટ્ટં પરિદધન્નિચોલં,**
**કૌસ્તુભં કટિતટપટે ચારૂણરૂચિમ્ ॥**
**બહૂન હારાન્ હૈમાન્ વરવલયકેયૂરમુકુટાન્,**
**હસદ્વક્ત્રેન્દુર્મે દૃશિ જયતુ નારાયણમુનિઃ ॥૭॥**

ભગવાન શ્રી સ્વામિનારાયણ મનુષ્ય શરીર ધારણ કરીને પૃથ્વી ઉપર વિચરણ કરતાં ત્યારે હજારો ભક્તો તેમની દિવ્ય મૂર્તિના દર્શન કરવા ખાસ દૂર દૂરથી આવતાં ત્યારે જેને જેવા સમયે અને જેવી સ્થિતિમાં દર્શન થતાં તે ભક્ત તેવા જ રૂપે શ્રીહરિની દિવ્ય મૂર્તિનું પોતાના મનમાં સ્મરણ સદા માટે કરી રાખતા અને તેનું વર્ણન પણ કરતાં રહેતાં. તેવું જ આ શ્લોકમાં નંદ સંતોએ જેવા દર્શન કર્યા છે તેવું વર્ણન કર્યું છે તેનો ભાવ કેવો છે વિચારીએ. મનુષ્ય માત્રના કાનનો જો કોઈ સાર હોય તો તે ભગવાનના ગુણગાન ચરિત્રો સાંભળવામાં જ છે. અથવા ભગવાન શ્રીહરિ મહાપ્રભુ નદી કે સરોવરમાં સ્નાન કરવા પધાર્યા છે. ઉત્તરીય વસ્ત્ર ઉતારીને પોતાના

સુંદર જલેબી જેવા કાન ઉપર જનોઈનો આંટો ફેરવીને વિંટાળ્યો છે. કારણ કે કાનની બુટ્ટી હંમેશા પવિત્ર કહેવાય છે. માટે ઉપનયન જે જનોઈ જે સર્વ કર્મની સાક્ષી છે. વૈદિક કર્મકાંડ તેના વિના થઈ શકે નહિ. માટે તેને સદા પવિત્ર રાખવા માટે તે સ્થાન છે. જ્યારે પણ પોતાના દેહ સંબંધી ક્રિયા કરવી હોય ત્યારે જનોઈને પોતાના કાન ઉપર પધરાવવી જોઈએ. આ વૈદિક નિયમ છે. તેનું પાલન શ્રીહરિ પણ કરે છે. સ્નાન કરીને પોતાનું પહરેલું વસ્ત્ર સ્વયં ધોઈને પછી તેને વળ દઈને નિચોવે છે. એવા શ્રીહરિની મૂર્તિના કંઠમાં કૌસ્તભમણિ અને કટી ઉપર સુંદર શ્વેત વસ્ત્ર વિંટાયેલ છે. તેવા પ્રભુના મુખ કમળ ઉપર સૂર્યના કિરણોનો પ્રકાશ પડે છે જે દર્શન કરનારા ભક્તોને અતિ રૂચિકર લાગે છે. અને શ્રીહરિના કંઠમાં સુગંધિત ઘણા પ્રકારના પુષ્પોના હારો અને સુવર્ણના હાર તેમજ બાજુબંધ કડા અને સુવર્ણનો મોરમુકુટ મસ્તક ઉપર ધારણ કરે છે. પોતાના ભક્તોને જોઈને મંદ મંદ હાસ્ય વેરતાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો સર્વત્ર જય જયકાર થઈ રહ્યો છે. (૭)

**શ્રીમચ્છારદપૂર્ણચન્દ્રવિલસત્સમેરાનનં શ્રીહરિં,**
**તુંગેપીઠવરે સ્થિતં પરિવ્રતં સદ્ભક્તવૃન્દૈર્યથા ॥**
**તારાભિર્વિધુમર્ચ્યમાનમુરૂધા તૈશ્ચન્દનૈઃ કૌસુમૈહારૈઃ,**
**શેખરપંક્તિભિશ્ચ હૃદયે શુક્લાંબરં ચિન્તયે ॥૮॥**

ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી શતાનંદ મુનિએ સત્સંગિજીવન ધર્મશાસ્ત્રની રચના કરીને પછી તેમાંથી શ્રીહરિના એકહજારનામોવાળું સર્વમંગલ સ્તોત્રની રચના કરી તે સ્તોત્રનો પાઠ કરતાં પહેલા ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય મૂર્તિનું જે રીતે ધ્યાન કરવું જોઈ તે રીતનું આ ધ્યાનના મંગલાચરણના શ્લોકમાં શતાનંદ મુનિ મૂર્તિનું વર્ણન છે. તેનો ભાવાર્થ સમજાવનો પ્રયત્ન કરીએ. શરદ ઋતુમાં સ્વચ્છ આકાશમાં પૂર્ણિમાંનો સોળે કળાએ ચંદ્ર ખીલી ઉઠ્યો હોય તેવું તેજસ્વી ભગવાન શ્રીહરિનું મુખારવિંદ છે. તેની શોભા સાક્ષાત્ લક્ષ્મીજી વધારી રહ્યા હોય તેમ સર્વત્ર મુખ મંડળની આભાની કિરણો ફુટી રહી છે. તેવું શ્રીહરિનું મુખકમળનું સ્મરણ કરવું તે

શ્રીહરિ ઉંચા સિંહાસન ઉપર વિરાજમાન છે અને જેમ ચંદ્રની ચારે બાજુ ચમકતાં તારાઓનું મંડળ છે તેવી જ રીતે શ્રીહરિની ચારે બાજુ પરમહંસો એકાન્તિક શ્રેષ્ઠ ભક્તોનું મંડળ વિંટળાઈને વિરાજમાન છે. એવા શ્રીહરિનું બ્રહ્માદિક દેવો માન મુકીને પોતાના હૃદયમાં મૂર્તિને ધારણ કરીને નમ્રતાથી આ દિવ્ય મૂર્તિનું ચંદન પુષ્પોના અનેક હારોની પંક્તિઓથી પૂજન અર્ચન કરે છે. અને શ્વેત સુંદર હિમ જેવા ચમકતા વસ્ત્રો ધારણ કરી રહેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું હું મારા હૃદયમાં સ્મરણ રૂપ ચિન્તવન કરું છું. (૮)

**ય ઈશોઽપિ સ્વેચ્છાધૃતનૃતનુરાનંદનિલયઃ,**
**કૃપાસિન્ધુર્બન્ધુર્ભવજલનિધૌ દુઃખિતનૃણામ્ ॥**
**સકામૈર્નિષ્કામૈરપિ સુરનરૈઃ સેવ્ય ચરણં,**
**નમામ્યાત્માત્માનં તમહમિહ નારાયણમુનિમ્ ॥૯॥**

અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ પરંબ્રહ્મ પરમેશ્વર શ્રી પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણ માનવ શરીર ધારણ કરીને પ્રત્યક્ષ પ્રમાણ પૃથ્વી ઉપર પ્રગટ થઈને વિચરણ કરે છે. ત્યારે તે સ્વરૂપમાં કેવા અલૌકિક દિવ્ય કલ્યાણકારી ગુણો તેમનામાં રહેલા છે. તેનું સ્મરણ મનન ચિંતન કરવાથી આ જીવાત્માને કેવો મોટો મહાન આત્યંતિક મોક્ષ પ્રાપ્ત કરવા રૂપ લાભ થાય છે તેવું નંદ સંતો જણાવવા માટે આવી સ્તુતિઓનું ગાન કરીને જગતના જીવોને જણાવે છે. તેમાંનો આ શ્લોક છે. તેના શબ્દોનો ભાવાર્થ વિચારીએ.... પોતે સ્વયં સાક્ષાત્ ઈશ્વર મૂર્તિ અનંતકોટી બ્રહ્માંડોની ઉત્પત્તિ સ્થિતિ અને લયના કરનારા નિયંતા સ્વામી હોવા છતાં પોતાની ઈચ્છાએ કરીને પોતાના દિવ્ય અક્ષરધામ જ્યાં અવિનાશી અખંડ આનંદનો સાગર છે. ત્યાંથી મનુષ્ય દેહ ધારણ કર્યો છે. તે તો કેવળ ભવસાગરમાં જન્મમૃત્યુના ડુબકા ખાતા દુઃખી જીવોના ઉપર કરૂણા દયાના કારણે જ પ્રગટ થાય છે. તેમના ચરણોનું જે કોઈ સકામ ભક્ત કે નિષ્કામ ભક્ત હોય કે પછી દેવલોકમાં વસનારા દેવો મનુષ્ય સિદ્ધો મુક્તો સૌ કોઈના માટે તેમના ચરણનું સેવન પૂજન અર્ચન કરવા માત્રથી તે તે સેવન કરનારના સમગ્ર મનોરથો તત્કાળ જ પૂર્ણ થાય

છે અને અંતે આત્યંતિક મોક્ષ અક્ષરધામની પ્રાપ્તિ થાય છે. એવા પ્રભુ જે મારા આત્માના પણ આત્મા છે. અંતર્યામી છે અંદર રહીને નિયમન કરનારા છે તેવા પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ હાલ અત્યારે અહીં આ ભૂમંડલ ઉપર જેમને નારાયણ મુનિ એવું નામ ધારણ કરાવે છે. તેમના શ્રી ચરણોમાં સાષ્ટાગં દંડવત પ્રણામ સહિત નમસ્કાર વંદન કરું છું. (૯)

**સ્વભક્તવૃન્દપાલિનં મણિન્દ્રમાલ્યમાલિનં,**
**વિમુક્તસંઘશાલિનં સ્વશક્તિયુક્તલાલિનમ્ ॥**
**ક્ષમાદયાદિમાલિનં વિનાશિતાઘજાલિનં,**
**ભવન્તમર્ત્તિકન્દનં ભજામિ ધર્મનંદનમ્ ॥૧૦॥**

ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપમાં જગતના જીવોના હિત માટે અલૌકિક કલ્યાણકારી ગુણો ધારણ કરી રાખ્યો છે તે આ સ્તુતિના શ્લોકમાં વર્ણન કરે છે - પોતાના આશ્રયે આવેલાં શરણાગત પોતાના એકાન્તિક ભક્તોના વૃંદને સમૂહને સારી રીતે સાચવીને તેમનું ધર્મ ભક્તિ જ્ઞાન વૈરાગ્યાદિથી પાલન પોષણ કરે છે. માનવ મૂર્તિ શ્રીહરિ પોતાના કંઠમાં સ્વ ભક્તોએ અર્પણ કરેલા અનેક પ્રકારના હિરા મોતી અને દિવ્ય અમૂલ્ય મણીઓથી સુશોભિત સુવર્ણના આભૂષણો સુંદર હારો ધારણ કરે છે. તેમજ સુગંધિત વિવિધ પુષ્પોના હારો ધારણ કરે છે. પૃથ્વી ઉપર વિચરણ કરે છે ત્યારે તેમની સાથે સદા પાંચસો અક્ષરમુક્તોનો સમુદાય સંઘ મંડળો સાથે ને સાથે હોય છે. પોતાના ભક્તોનું અને સમગ્ર જીવોનું સ્વયં પોતે જ પોતાની દિવ્ય શક્તિ સામર્થ્યથી તે સર્વનું લાલન પાલન તેમને પોતાના જ સ્વરૂપનું દિવ્ય જ્ઞાન આપીને આત્યંતિક મોક્ષના મહાભાગી કરે છે. તે સર્વ કરવાનું કારણ માત્ર તે પ્રભુના હૃદયમાં રહેલી અતિ દયાળુતા ક્ષમાશિલતા અને કરૂણાનું જ કારણ છે. શરણે આવેલા જીવોને વળગેલાં પ્રારબ્ધ સંચિત અને ક્રિયમાણ પાપોના જાળનો નાશ કરીને તેના હૃદયમાં વિશુદ્ધ સાત્વિક પરમાત્માના સંબંધ વાળું દિવ્ય જ્ઞાન ભરી દે છે. આર્ત જીજ્ઞાસુ મુમુક્ષુ કે અર્થાથી જે કોઈ તમારો થાય છે તેના બધા કષ્ટો દુઃખો સંકટોનો તમેજ અંત કરી

દો છો. એવા મારા ઈષ્ટ ભગવાન શ્રી સ્વામિનારાયણ જે ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયા છે તેમનું હું ભજન ઉપાસના ભક્તિ કરૂ છું. (૧૦)

**સ્ત્રીપુંસૈર્જયતલ્પપત્તન બહિર્વાટિવટેવેષ્ટિતે દોલે,**

**તૂલપટોપબર્હણપટૈર્જુષ્ટે ચલન્મૂર્ત્તયે ॥**

**હસ્તેકોમલકર્કટીફલયુગં ધૃત્વા વિલોક્ય,**

**સ્વકાન્દન્તૈશ્ચર્વણ ચાતુરીં વિદધતે તસ્મૈ નમઃ સ્વામિને ॥૧૧॥**

આજથી બસો વર્ષ પહેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યારે સમગ્ર ગુજરાત કચ્છ કાઠિયાવાડમાં વિચરણ કરતા ત્યારે આજ કાલની જેમ કેમરા કે વિડિયો મુવી ઉતારવાના સાધનો ન હતા. જેમ આજ કોઈ પણ નાનો મોટો પ્રસંગ કે સમૈયો હોય તો તેનું તરતજ રેકોર્ડિંગ થઈ જતું હોય છે. ફોટોગ્રાફી થઈ જતા હોય છે. જેથી ત્યારબાદ પણ કોઈ પણ વ્યક્તિ તે પ્રસંગોના દર્શનનો લ્હાવો લઈ શકે છે. તે સમયમાં આવા સાધનો તો નહતાં પરંતુ પરમહંસો પોતાના હૃદય રૂપી કેમેરામાં અંતઃકરણ રૂપી વિડિયોમાં જાતે ડીજીટલાઈજ કરી લેતાં અને તેનું જ સતત મનન રટણ અને ચિંતવન કરતાં. તેનો આનંદ અન્ય ભક્તો મુક્તો સંતોને પણ પ્રાપ્ત થાય તે માટે તેને શબ્દ દેહ પણ આપતા. તેનું સુંદર વર્ણન પોતાની રચનાઓમાં પ્રત્યક્ષ કરતાં. તેવી જ એક દિવ્ય લીલાનું અહીં આ શ્લોકમાં એચ ડી માં વર્ણવેલ છે. જે હૃદય મનને સ્પર્શી જાય તેવું છે. તેના શબ્દોનો ભાવાર્થ વિચારીએ - જેતલપુર નગરની બહાર દેવસરોવરના કિનારે મોટી વિશાળ અનેક ગગન ચુંબી વૃક્ષોના સમુદાયથી વિંટળાયેલ જે વાડી બગીચો બાગ છે. ત્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પધાર્યા છે. તે સમાચાર જાણીને તેમના દર્શન કરવા માટે જેતલપુરના ભક્તો સ્ત્રીઓ અને પુરુષોનો મોટો સમુદાય એકઠો થયો છે. ત્યારે તે સર્વ ભક્તોને જે અલૌકિક દિવ્ય દર્શન શ્રીહરિએ આપ્યા છે. તે કેવાં ભવ્ય અને સુંદર દૃશ્ય છે. તો બે મોટા વિશાળ વૃક્ષોની ઉંચી ડાળીઓ ઉપર સુતરના બનાવેલાં મજબુત દોરડાનો હિંચકો બાંધેલ છે. અને તે હિંચકાની બેય બાજુ આનંદાનંદ સ્વામી અને મહાનુભાવાનંદ સ્વામી

હિંચકાના દોરડાને પકડીને તેને જોરથી હિંચકાવે છે. તેના ઉપર બેઠેલા પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણની તે ચંચળ ચાલતી મૂર્તિ હાસ્યને વેરતી એ દિવ્ય મૂર્તિના ભક્તો દર્શન કરે છે. જેમના હસ્તકમળમાં હાથમાં કુણી અને તાજી બે કાકડીના ફળ ધારણ કરેલા છે. તે ફળના હજારો ભક્તો દર્શન કરે છે જુવે છે તેમને આનંદ આપવા માટે પોતાની જમવાની કુશળતા ચતુરાઈના દર્શન કરાવતા શ્રીહરિ તે બે કાકડીના ફળને એક સાથે પોતાના સુંદર દાડમની કળી જેવા દાંતોથી ચાવીને જમવા લાગ્યા છે. એવા પોતાના ભક્તોને દર્શન આપતાં મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણોમાં હું નમસ્કાર કરૂં છું. (૧૧)

**શ્રીકાન્તં શાન્તમૂર્તિં સરસિજનયનં પૂર્ણચન્દ્રાભવક્ત્રં,**
**પીતં વાસોવસાનં ભવ ભયશમનં મુક્તવૃન્દાર્ચિતાંઘ્રિમ્ ॥**
**વિશ્વાધારં ગુણાબ્ધિં નવજલદતનું ધાર્મિનારાયણાહ્વં,**
**કૃષ્ણં સત્સંગગમ્યં મનસિ મમ સદા ભાવયે શ્રેયસેડહમ્ ॥૧૨॥**

સદ્‌ગુરુ મહાનુભાવાનંદ સ્વામી પોતાના ગ્રંથરાજ શ્રીહરિકૃષ્ણલીલામૃતમાં જેને પણ પોતાના આત્માનું શ્રેય કલ્યાણ આત્યન્તિક મોક્ષ મેળવવો હોય તેમણે અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ પરંબ્રહ્મ પરમેશ્વર ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપનું ચિંતવન મનન અને નિદિધ્યાસ કરવો જેથી પોતાના હૃદયમાં તે મૂર્તિનો જો સાક્ષાત્કાર થશે તો આ જીવાત્માને જરૂર અક્ષરધામની પ્રાપ્તિ થશે. તે મૂર્તિ કેવી છે તેનું વર્ણન આ મંગલાચરણના શ્લોકમાં સ્વયં સ્વામી કરે છે. તેના શબ્દોનો ભાવાર્થ જાણીએ.... હે પ્રભુ શ્રીહરિ આપની મનોહર મૂર્તિ કેવી છે તો સાક્ષાત્ શ્રી જે લક્ષ્મીજી તેના કાન્ત અર્થાત સમગ્ર ધન સંપત્તિ વૈભવના નાથ પતિ અતિ તેજસ્વી કાન્તિમાન હોવા છતાં સદા શાંત સ્વભાવ ધારણ કરી રાખ્યો છે. તમારા દર્શન કરનારાને તમારા મુખકમળમાં સુંદર વિશાલ કમળની પાંખડી જેવા નયન નેત્રો આંખોના દર્શન થાય છે. શરદ પૂનમના આકાશમાં ઉગેલા ચંદ્રની સમાન આભા વાળુ સુંદર મુખારવિંદ છે. સુંદર રેશમી પીળું પીતામ્બર અને પીળો ખેસ ધારણ કરેલ છે. જેના દર્શન

કરનારાના ભવસાગરના જન્મ મૃત્યુના મહાભયંકર ભયનો બીકનો નાશ થઈ જાય છે. અને જેમની સેવા પૂજા અર્ચના મોટા મોટા મુક્તો અક્ષરમુક્તો સદા કરે છે. તે તમો સમગ્ર વિશ્વના અનંતકોટી બ્રહ્માંડોના કર્તા અને તેના આધાર છો. જીવોના કલ્યાણકારી અનંત સદ્ગુણોના સાગર છો. પૃથ્વી ઉપર શરીર ધારણ કર્યું છે. તે અષાઢ માસના નવા નવા મેઘ વાદળો પ્રથમ વખત ચડી આવ્યા હોય તેના જેવો રંગ ધારણ કર્યો છે. અને તેમાં ખેડૂતોને આશા સુખની બંધાય છે તેવી જ આશા એકાંતિક ભક્તોને આત્યંતિક મોક્ષની તમારા આ સ્વરૂપમાં બંધાય છે. હે પ્રભુ તમે તો સાક્ષાત્ અનાદિ શ્રીકૃષ્ણ પુરુષોત્તમનારાયણ છો છતાં આ ભૂમંડલ ઉપર સાધુપુરુષોના સંતોના સમાગમ કરવાથી જગતના સાધારણ જીવોને પણ સુલભ થયા છો તેમને પણ પોતાના દિવ્ય અલૌકિક દર્શન આપો છો. એવા હે મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ હું મારા હૃદયમાં ભાવથી પ્રેમલક્ષણા ભક્તિ પૂર્વક મારા પોતાના શ્રેય આત્યંતિક મોક્ષ માટે મારા હૃદયમાં અખંડ ચિંતવન મનન કરૂં છું. (૧૨)

## શ્રી સહજાનન્દ સ્વામીની સ્તુતિ

॥ मंगलाचरण ॥

पातुं धर्ममधर्ममुत्खनयितुं श्रीभक्तिधर्मांगतो ।
जातायोत्तरकोसलेषु दयया सर्वेश्वराय च ॥
तृप्तिं वाक्यसुधारसैर्विदधते नैजैर्निजानां ।
मुहुस्तस्मै श्रीहरये नमोस्तु सहजानंदाय सद्वर्णिने ॥१॥
श्रीमन्नूतननीरदाभतनवे श्रीमाधुरीमूर्तये ।
त्वंगतुंगतरंगसंगिवृत्तये चञ्चच्चलद्वाससे ॥
नानाहार मनोहराय हरये यष्ट्या लसतपाणये ।
तस्मै श्रीगुरुवेऽभवाय सहजानंदाय वन्दामहे ॥२॥
श्रीमत्केतुयवाष्टकोणकमलस्वस्त्यूर्ध्वरे
खासृणिभ्राजज्जम्बुफलाशनिश्रितलसद्दक्षाङ्घ्रिमब्जप्रभम ॥

मत्स्यार्धेन्दुधनुस्त्रिकोणकलशव्योमोल्लसद्गोपदजुष्टादक्षपदं ।
स्मरामि सहजानंदं सदा तं मुदा ॥३॥

श्री धर्मधुरन्धरं सुखरं कारुण्यपाथोनिधिं सन्नाथ ।
निगमान्तगीतयशसं पाथोदनीलप्रभम् ॥
धर्मस्थीकृतभूतलं स्वमहसा धर्मात्मजं स्वामिनं ।
सदाधाम्नः पतिमक्षरस्य सहजानंदं हरिं तं भजे ॥४॥

यो भूमेरुदडीडयत्स्वमहसा वात्येव तुलं ।
सुरामांसप्राशमयोपधर्ममभितः कार्ष्णं वृषं पोषयन् ॥
स्वैश्वर्य समपप्रथल्लघु नृणां स्वान्तासुरोधाद्धरौ ।
श्रीस्वामी जयतीश्वरः स सहजानंदो ममानंददः ॥५॥

श्रीकृष्णाय तमोहराय हरये श्रीनीलकण्ठाय ते ।
श्रीनारायणनामधेयधृतये धर्मात्मजायाऽऽत्मने ॥
सद्धर्मावनसम्भवाय हरियुककृष्णाभिधायानिशं ।
षण्णामावलिसंयुताय सहजानंदाय वन्दामहे ॥६॥

परं तीर्थस्थानं ध्वजयवसरोजांकुशनभो ।
धनूरेखार्धेन्दुप्रभृतिशुभलक्ष्मांकितमपि ॥
श्रिया जुष्टं तद्यत्प्रणतजनपापप्रशमनं ।
पदाब्जं ते स्वामिन् वसतु सहजानंद हृदि मे ॥७॥

सर्वेषां पतिरात्मदः प्रभुरनंतेहोऽक्षरे संस्थितः ।
कारुण्येक्षण नीरजः सुखनिधिः सर्वज्ञईशः परः ॥
कल्याणऽमित दिव्यजन्मचरितोयो ब्रह्मणेऽध्यायपयद्वैदास्तं ।
प्रणमाम्यहं च सहजानंदं सदा धर्मजम् ॥८॥

यं ब्रह्मेश्वरदेवराज रवयो दिव्यैस्तुवन्ति स्तवैर्यं ।
वेदैः क्रमतः पदैश्चजटया गायन्ति सामर्षयः ॥
ध्यानेनात्मनी यंमहे प्रतिदिनं पश्यन्ति योगेश्वरायत्पारं ।
निगमां विदुर्न सहजानंदाय तस्मै नमः ॥९॥

कश्यैकस्य कुमंडलं हि शिरशः शेषश्य देशेस्थितं ।
यस्येदं फणिनः सहस्त्रशिरसां सिद्धार्थवद्राजते ॥
सोप्यस्यैश्च सहस्त्रशः प्रतिदिनं नूत्नानि यन्नामन्याह ।
सिताम्बराय सहजानंदाय तस्मै नमः ॥१०॥
ख्यातं धर्मकुलं गुणैर्भुविवरै यश्चाविरासीत्ततः कर्तुं ।
सद्विजतो यथा शशधर पूर्वाचलं पुष्कलः ॥
यस्यासन्मुनयोपि शुद्ध हृदय धन्याश्च सत्संगिन ।
संबन्धात्सततं समेऽस्तु सहजानंद प्रसन्नो हरिः ॥११॥
अतिक्षान्त्या दान्त्या मृदुलवचनैश्छादितमह ।
न्त्रिजातकर्यैश्वर्यादद्विलसितनृनाट्यय गुरवे ॥
वसानाय श्वेताम्बरयुगलमावार्धियशसे ।
नमस्तस्मै नित्यं हृदि भगवते ध्येयवपुषे ॥१२॥

અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ પરબ્રહ્મ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આ ભૂમંડલ ઉપર માનવ દેહ ધારણ કરીને માતા પ્રેમવતી ભક્તિદેવી અને પિતા હરિપ્રસાદ વિપ્ર ધર્મદેવના આંગણે પ્રગટ થયા અને ચિરંજીવી મહામુનિ માર્કંડેય મુનિએ ચાર નામો પાડ્યા હરિ, કૃષ્ણ, હરિકૃષ્ણ અને નીલકંઠ અગિયાર વર્ષ પર્યંત માતા પિતાની સેવામાં રહ્યા અને પછી માતૃપિતૃ ઋણમાંથી મુક્ત થઈને મહાભિનિષ્ક્રમણ કર્યું. સાત વર્ષ પર્યન્ત મહા વનમાં વિચરણ કરીને ઉદ્ધવાવતાર શ્રી રામાનંદ સ્વામી પાસે આવ્યા ત્યારે ભાગવતી મહાદીક્ષા ધારણ કરીને સહજાનંદ સ્વામી અને નારાયણમુનિ એવા બે નામો ધારણ કર્યા. ત્યારથી પાંચસો પરમહંસો શ્રીહરિને તેમાંથી શ્રી સહજાનંદ સ્વામીના નામથી સૌને ઓળખાવતા અને સ્વયં નંદ સંતો તે નામથી જ શ્રીહરિની સ્તુતિ પ્રાર્થના પોતાની રચનાઓમાં હંમેશા કરતા હતાં. તેમાંથી કેટલીક રચનાઓમાંથી આ સ્તુતિના પ્રાર્થના શ્લોક છે. જેના શબ્દોનો ભાવાર્થ જોઈએ.

**પાતું ધર્મમધર્મમુત્ખનયિતું શ્રીભક્તિધર્માંગતો,**
**જાતાયોત્તરકોસલેષુ દયયા સર્વેશ્વરાય ચ ॥**
**તૃપ્તિં વાક્યસુધારસૈર્વિદધતે નૈજૈર્નિજાનાં મુહુસ્તસ્મૈ,**
**શ્રીહરયે નમોસ્તુ સહજાનંદાય સદ્વર્ણિને ॥૧॥**

ભગવાન શ્રીહરિએ પાંચ નંદ સંતો સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી, સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામી, સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી અને સદ્‌ગુરુ શ્રી શુકાનંદ સ્વામીને પોતે કહેલાં વચનામૃતો જે સમગ્ર સંપ્રદાયમાં વિચરણ પ્રસંગે ગામો ગામ અને નગરે નગરોમાં ભક્તોની વિશાળ સભાઓમાં ઉપદેશ આપેલ છે. તે અમૃતમય વચનો જે તે સમયે લહ્યા સંતો પોતાની પાસે યાદ રાખવા માટે લખી લેતા હતાં તેને એકત્રીત કરીને પુનઃરૂક્તિ દોષ ન આવે અને ભાષાની પણ શુદ્ધિ થાય તેવી રીતે સમગ્ર વચનોને સંગ્રહિત કરવાની આજ્ઞા કરી. ત્યારે પાંચેય સંતો મળીને તે આજ્ઞાનું પાલન કરવા વચનામૃતો જે સંપ્રદાયમાં ૨૭૩ ની શુભ સંખ્યામાં પ્રસિધ્ધ છે. તેનું સંપાદન કરતા પહેલાં તે કાર્ય નિર્વિઘ્ન અને સંપૂર્ણ રીતે પૂર્ણ થાય તે હેતુથી શ્રીહરિની પ્રાર્થના રૂપ મંગલા ચરણ કરે છે તે આ સંસ્કૃત શ્લોક છે. મહા ભયાનક કળિકાળમાં વ્યાપી ગયેલાં સર્વત્ર હિંસા ક્રૂરતા માંસ મદિરાનું ભક્ષણ, દારૂ, જુગાર અને વ્યભિચાર જેવા અનેક દુષ્કર્મો રૂપી અધર્મ અને ધર્મના નામે દંભ આડમ્બર અને અંધ વિશ્વાસના વમળમાં ફસાયેલા ભોળા અને નિર્દોષ માનવીઓની અને ધર્મની રક્ષા કરવા માટે અને અધર્મનો નાશ કરવા માટે શ્રીધર્મદેવ અને ભક્તિદેવીને પોતાના માતાપિતા કરીને મનુષ્ય શરીર ધારણ કરીને ઉત્તર કોશલ દેશ જે સૂર્ય ગંગાના કિનારે વસેલાં નાનકડા એવા છપૈયા નામના ગામમાં સર્વ ઈશ્વરોના પણ ઈશ્વર મૂર્તિ જીવો ઉપર દયા કરૂણા કરીને પ્રગટ થયા છે. તે પરંબ્રહ્મ પરમાત્માના ભવસાગરથી પાર ઉતારનારા અમૃતમય દિવ્ય વચનોથી પોતાના આશ્રિત એવા પરમ એકાન્તિક પરમહંસો સાધુજનો સાત્વિક એવા ભક્તજનોને વારંવાર તેમનામાં રહેલાં અજ્ઞાન ને સંશયાત્મક બુદ્ધિને પોતાના અમૃત રસમય વાક્યોથી તૃપ્ત

કરીને સંશય રહિત કરીને આત્યંતિક મહામોક્ષના અધિકારી કર્યા છે. એવા જગતના જીવ માત્રને સહજમાં સરળતાથી અક્ષરબ્રહ્મનો આનંદ આપનારા અને સદા શ્રેષ્ઠવર્ણી નૈષ્ઠિક બ્રહ્મચારીના જેવો શાંત સાત્વિક શ્વેત વેષ વસ્ત્રો ધારણ કરનારા ભગવાન શ્રીહરિ મહાપ્રભુ શ્રી સહજાનંદ સ્વામીના ચરણોમાં અમે સાષ્ટાંગ દંડવત પ્રણામ સહિત વંદન નમસ્કાર કરીએ છીએ (૧)

**શ્રીમન્નૂતનનીરદાભતનવે શ્રીમાધુરીમૂર્તયે,**
**ત્વંગતુંગતરંગસંગિવૃત્તયે ચઞ્ચચ્ચલદ્વાસસે ॥**
**નાનાહાર મનોહરાય હરયે યષ્ટ્યા લસત્પાણયે,**
**તસ્મૈ શ્રીગુરૂવેડભવાય સહજાનંદાય વન્દામહે ॥૨॥**

ભગવાન શ્રીહરિ જ્યારે વિચરણ કરતાં હોય ત્યારે તેમની સુંદર મૂર્તિને જોવા કે દર્શન કરવા આવનારા મનુષ્યોને કેવા દેખાય છે અને કેવા દર્શન થાય છે તેનું વર્ણન આ શ્લોકમાં છે. તેના શબ્દોનો ભાવાર્થ વિચારીએ. શ્રી શોભા ધન સંપત્તિ વૈભવ શક્તિ સામર્થ્ય ઐશ્વર્યાદિથી યુક્ત એવા ભગવાન શ્રીહરિનું દિવ્ય માનવ સ્વરૂપ મૂર્તિઓ શરીરનો રંગ આકાશમાં અષાઢ માસમાં ચડી આવેલાં નવીન મેઘના આડંબર ગોટે ગોટામાં ઘેરાયેલા વાદળોના જેવો શ્યામ છે. જોનારા દર્શન કરવા વાળા ભક્તોના હૃદયમાં તે સુમધુર મૂર્તિ વસી જાય છે. અને જ્યારે તે પ્રભુ પોતાના માનીતા અતિ ઉંચા અશ્વ ઉપર આરોણ કરે છે અશ્વારી કરે છે ત્યારે તે અશ્વનો ઘોડાનો વેગ એવો છે જાણે સમુદ્રના મોજાઓ ઉછળતા હોયને શું ! તેમ તે અશ્વ તીવ્ર વેગથી રેવાળ ચાલમાં ચાલવાં માંડે છે. ત્યારે શ્રીહરિના વસ્ત્રો કોઈ ચંચળ મનવાળા વ્યક્તિના મનમાં જેમ અનેક વિચારો અને કલ્પનાઓના તરંગો ઉઠે છે તેમ આકાશમાં વસ્ત્રો ફરકે છે તે સાધારણ મનુષ્યની દૃષ્ટિમાં પણ આવતાં નથી. અર્થાત ઓળખી શકતાં નથી કે વસ્ત્રો કેવા રંગના છે કે કેવી ભાતના છે. તે પ્રભુ જ્યારે દેશાન્તરોમાં વિચરણ કરતાં હોય ત્યારે જે ગામ કે નગરમાં પધારે છે ત્યારે ત્યાં ભક્તો શ્રીહરિનું સ્વાગત કરવા માટે પોત પોતાના હાથમાં સુગન્ધીત પુષ્પોના સુંદર હાર ગૂંથીને લઈને આવે છે ત્યારે મોટી સંખ્યામાં

ભક્તો હોય તેથી તેમના સર્વના હારોને પ્રેમ પૂર્વક પોતાના હાથ લાંબા કરીને તે સ્વીકારે છે અને ક્યારેક અતિ વધારે ભક્તોનો સમૂદાય હોય ત્યારે તો પોતાના હાથમાં રહેલ સોનાની છડીથી તે પુષ્પના હારને સ્વીકારી લે છે. ત્યારે ભક્તો તો અતિ હર્ષમાં આનંદમાં ગરકાવ થઈ જાય છે. તેવા મારા પરમ ગુરૂ અને ઈષ્ટદેવ ભગવાન શ્રી સહજાનંદ સ્વામી જે સૌને ભવસાગરના બંધનથી છોડાવનારા છે. તેમના ચરણોમાં હું સાષ્ટાંગ દંડવત પ્રણામ વંદન નમસ્કાર કરૂં છું. (૨)

**શ્રીમત્કેતુયવાષ્ટકોણકમલસ્વસ્ત્યૂર્ધ્વરે,**
**ખાસૃણિભ્રાજજ્જમ્બુફલાશનિશ્રિતલસદક્ષાઘ્રિમબ્જપ્રભમ્ ॥**
**મત્સ્યાર્ધેન્દુધનુસ્ત્રિકોણકલશવ્યોમોલ્લસદ્ગોપદજુષ્ટાદક્ષપદં,**
**સ્મરામિ સહજાનંદં સદા તં મુદા ॥૩॥**

ભગવાન શ્રીહરિ સહજાનંદ સ્વામી મનુષ્ય દેહ ધારણ કરીને પ્રગટ પ્રમાણ ભૂમંડલ ઉપર વિચરણ કરે છે. તેમના પાવનકારી ચરણ યુગલમાં સોળ ચિન્હ છે. તેનું સ્મરણ કરવા માટે સદા યાદ રાખવા માટે આ સ્તુતિમાં વર્ણન કરેલ છે. સૌ પ્રથમ શ્રીહરિના જમણા ચરણમાં જે દિવ્ય ચિન્હો છે તેનું સ્મરણ કરે છે. અતિ શોભાયમાન યશ, કીર્તિ અને આધિપત્યનું પ્રતિક સમાન કેતુ અર્થાત ધ્વજ ધજા છે. પોષક અને જીવનનું પ્રતિક ધાન્ય યવ અર્થાત જવના ચિન્હના દર્શન થાય છે. આઠેય દિશામાં જેમની દયા અને કરૂણા જીવો ઉપર છે તેનું અષ્ટકોણનું ચિન્હ વિરાજમાન છે. ધન સંપત્તિ લક્ષ્મીનું પ્રતિક કમળનું ચિન્હ સુંદર લાગે છે. મંગળ અને શુભ કાર્યોમાં સદા જેમની હાજરીનું પ્રતિક સ્વસ્તિક સાથિયાનું ચિન્હ વિરાજમાન છે. આશ્રિતોને અને શરણે આવેલાને ઉર્ધ્વગતિ આપનાર આત્યન્તિક મોક્ષ ગતિ આપનાર ઉર્ધ્વરેખાનું ચિન્હ ધારણ કરેલ છે. અંતઃશત્રુઓ અને બળવાન ઈન્દ્રિય સમૂદાયને વશ રાખવાના પ્રતિક સમાન અંકુશના ચિન્હને ધારણ કરેલ છે. ઔષધીઓ અને નિરોગીતાના પ્રતિક સમ જાંબુના ફળનું ચિન્હ શોભી રહ્યું છે. સત્તાને અધિકારનું પ્રતિક વજ્રનું ચિન્હ વિરાજમાન છે. એવા સુશોભિત

જમણા ચરણનું સ્મરણ કરૂં છું. તેવી જ રીતે શ્રીહરિના ડાબા ચરણમાં જે ચિન્હો છે તે પરમાત્માના સ્વરૂપમાં નિઃસ્વાર્થ પ્રેમ અને નિષ્ઠાનું પ્રતિક માછલીનું ચિન્હ ધારણ કરેલ છે. શિવજીના જેમ તપ અને ત્યાગના પ્રતિક અર્ધ ચંદ્રનું ચિન્હ વિરાજમાન છે. દુષ્ટો દાનવો અને પાપીઓને દંડ દેનારાનું પ્રતિક ધનુષનું ચિન્હ ધારણ કરેલ છે. એવું જ ત્રિકોણ અને કળશ જે જીવ માત્રને પૂર્ણતા અને સંતોષ આપનારા છે. માયા અને માયાના કાર્યોમાં સદા નિર્લેપપણાના પ્રતિક વ્યોમ અર્થાત આકાશનું ચિન્હ વિરાજમાન છે. પવિત્રતાના પ્રતિક ગોપદ ગાયના પગલાનું ચિન્હ ધારણ કરેલ છે. એવા ચિન્હોથી સુશોભિત બેય ચરણનું ચિંતવન કરૂં છું. (૩)

**શ્રી ધર્મધુરન્ધરં સુખકરં કારૂણ્યપાથોનિધિં સન્નાથ,**
**નિગમાન્તગીતયશસં પાથોદનીલપ્રભમ્ ॥**
**ધર્મસ્થીકૃતભૂતલં સ્વમહસા ધર્માત્મજં સ્વામિનં,**
**સદાધામ્નઃ પતિમક્ષરસ્ય સહજાનંદં હરિં તં ભજે ॥૪॥**

શ્રીમત્ શ્રી જે લક્ષ્મી શોભા સંપત્તિ ધન વૈભવ સત્તા વિગેરેથી યુક્ત સમ્પન્ન હોવા છતાં ભાગવત ધર્મને સદ્ધર્મને પોતાની એક જવાબદારીની જેમ સારી રીતે વહન કરે છે ધારણ કરે છે. તે સર્વ જીવને સુખકારી છે. જન્મ મૃત્યુના દુઃખથી છોડાવીને આત્યન્તિક મોક્ષ રૂપ મહા સુખ આપવા માટે છે. કારણ કે જેમના હૃદયમાં હંમેશા સાગર જેટલી અગાધ અતિશે દયા અને કરૂણા જીવોના ઉપર રહે છે. એવી કરૂણા કરીને જીવોને જાણે પોતે અનાથ નથી તેવો ભાસ કરાવે તેનું ગાન નિગમ અને આગમ વેદો ઉપનિષદો સત્શાસ્ત્રો અને પુરાણોમાં થાય છે. જીવોને સરળતાથી મહા દુર્લભ એવો મોક્ષનો માર્ગ વિશુદ્ધ અને સાત્વિક પણે મળે અને તે માર્ગે ચાલીને સુખીયા કરે છે. સમગ્ર પૃથ્વીને આ જ માર્ગે ચાલીને જીવનમાં સુખ મેળવવાનું સાધન સ્વયં કરી આપે છે. તે પણ પોતાના સ્વસામર્થ્યથી અર્થાત સ્વયં પરમાત્મા પોતે જ ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થઈને ભૂમંડલ ઉપર વિચરણ કરે છે. તે જ તેમની મહાનતા છે. પણ પોતે તો સ્વયં સમગ્ર

બ્રહ્માંડોના અધિપતિ સ્વામી છે અને હંમેશા પોતાનું જે દિવ્ય ધામ અક્ષરધામ તેમાં સદા દિવ્ય ચૈતન્ય સ્વરૂપે અનંતકોટી અક્ષરમુક્તોના નિયંતા પતિ સ્વરૂપે વિરાજમાન છે તે શ્રીહરિ પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીપુરુષોત્તમનારાયણ આજ પ્રગટ પ્રમાણ આ મારા પ્રભુ શ્રી સહજાનંદ સ્વામી છે. તેમની મૂર્તિનું હું ભજન કરૂં છું. (૪)

**યો ભૂમેરૂદડીડયત્સ્વમહસા વાત્યેવ તુલં,**
**સુરામાંસપ્રાશમયોપ ધર્મમભિતઃ કાર્ષ્ણં વૃષં પોષયન્ ॥**
**સ્વૈશ્વર્યં સમપપ્રથલ્લઘુ નૃણાં સ્વાન્તાસુરોધાદ્ધરૌ,**
**શ્રીસ્વામી જયતીશ્વરઃ સ સહજાનંદો મમાનંદદઃ ॥૫॥**

અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ સર્વાવતારના અવતારી પરંબ્રહ્મ પરમેશ્વર ભગવાન શ્રીહરિ સહજાનંદ સ્વામી આ ભૂમંડલ ઉપર પ્રગટ થઈને મનુષ્ય દેહ ધારણ કરીને વિચરણ કરતાં હતાં ત્યારે તેમના પોતાના મહાપ્રતાપથી જેમ ભયાનક વંટોળ સાઈકલોન આવે ને સર્વ પ્રદાર્થ માત્રને પોતાની જુટમાં લઈને ઉડાડી મુકે છે. તેવી જ રીતે પોતાના અલૌકિક દિવ્ય પ્રતાપથી ભગવાન શ્રીહરિએ માંસ મદિરાનું પાન કરનારા દારૂ માટી ચોરીના રવાડે ચડી ગયેલાં કેટલાય સમુદાયોને વ્યક્તિઓને લોકોને તેમાંથી ઉગારીને સાત્વિક બનાવ્યા છે. તેમજ ખોટો ધર્મ જેને શાસ્ત્રોમાં ઉપધર્મ કહે છે. દેવી દેવતાઓ આગળ નિર્દોષ પશુની હિંસા કરવી તેનું બલિદાન ચડાવવું. મંત્ર તંત્ર અને અંધ વિશ્વાસમાં અભિભૂત થઈ ગયેલા ભોળા માનવોને તેમાંથી બહાર ખેંચી લાવીને સાચી ધર્મની સમજણ આપીને તેમાંથી છોડાવ્યા છે. અને સદ્ધર્મનું પોષણ કરીને તેને સુદૃઢ બનાવ્યો છે. એવા પોતાના દિવ્ય અલૌકિક પ્રતાપનો સર્વ કોઈ જ્ઞાની અજ્ઞાની ગરીબ કે તવંગર શ્રેષ્ઠ કે કનિષ્ઠના ભેદભાવ વિના સૌ મનુષ્યને એક સરખો લાભ અપાવ્યો છે. અને પોતાની પાસે આવેલા કોઈ પણ અધમમાં અધમ કે પાપીમાં પાપી જીવને પણ તેનો ઉદ્ધાર થાય, સારી રીતે સુખ શાંતિ મેળવી શકે તેવો માર્ગ બતાવનારા મારા ઈષ્ટદેવ પ્રભુ શ્રીહરિ સહજાનંદ

સ્વામીનો સર્વત્ર જય જયકાર થઈ રહ્યો છે. (૫)

**શ્રીકૃષ્ણાય તમોહરાય હરયે શ્રીનીલકણ્ઠાય તે,**
**શ્રીનારાયણનામધેયધૃતયે ધર્માત્મજાયાऽऽત્મને ॥**
**સદ્ધર્માવનસમ્ભવાય હરિયુક્કૃષ્ણાયભિધાયાનિશં,**
**ષણ્ણામાવલિસંયુતાય સહજાનંદાય વન્દામહે ॥૬ ॥**

આ સ્વપ્ન રૂપ સંસારમાં માયાના મહા અંધકારમાં દુઃખ ભોગવતા જીવોના હૃદયમાંથી અહં મમત્વ રૂપ અજ્ઞાન તમોગુણના પરિપાક રૂપ જન્મ મૃત્યુના ભયથી મુક્ત કરીને ત્રિગુણાત્મિકા માયામાંથી આકર્ષણ કરીને ખેંચીને બહાર કાઢવા માટે જેમણે તે જ માયામાં પ્રવેશ કરીને માનવ રૂપ ધારણ કર્યું છે. અને જેમનું શ્રીકૃષ્ણ એવું સાર્થક નામ મહામુનિ માર્કંડેય ઋષિએ આપેલ છે. સમગ્ર આશ્રિતો ભક્તો અને શરણાગત જીવ માત્રના કષ્ટોને હરનારા હરિ એવું વાસ્તવિક નામ પણ ધારણ કરેલ છે. તે જ પ્રભુએ જગતના જીવોને પોતે સ્વયં આચરણ કરીને શિક્ષણ આપવા અતિ કઠોર તપશ્ચરણ કરવા માટે નીલંકઠ એવું શ્રેષ્ઠ નામ અંગીકાર કરેલ છે. તે પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીહરિ પુરુષોત્તમનારાયણ પોતે શ્રી સ્વામિનારાયણ ષડક્ષરી દિવ્ય નામ ધારણ કરનારા સ્વયં પોતે જ છે. તે સ્વયં પરમેશ્વર ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થઈને સદ્ધર્મ ભાગવત ધર્મની સંભાવના કરવા તેનું રક્ષણ કરવા અને તેને પુનઃ પરિષ્કૃત પરિશુદ્ધ કરીને વિશુદ્ધ રૂપને વિસ્તારવા હરિ અને કૃષ્ણ સાથે નામો ધારણ કરીને હરિકૃષ્ણ એવા શ્રેષ્ઠ નામોએ યુક્ત મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિ સહજાનંદ સ્વામીના શ્રી ચરણોમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ સહિત નમસ્કાર વંદન કરૂં છું. (૬)

**પરં તીર્થસ્થાનં ધ્વજયવસરોજાંકુશનભો,**
**ધનૂરેખાર્ધેન્દુપ્રભૃતિશુભલક્ષ્માંકિતમપિ ॥**
**શ્રિયા જુષ્ટં તદ્યત્પ્રણતજનપાપપ્રશમનં,**
**પદાબ્જં તે સ્વામિન્ વસતુ સહજાનંદ હૃદિ મે ॥૭॥**

જેમના શ્રી ચરણોમાં સમગ્ર તીર્થસ્થળો નિવાસ કરીને રહે છે. તીર્થત્વના

કારણ રૂપ એવા જે સોળ ચિન્હો જેમાં ધ્વજ ધજાનું નિશાન ઝંડો જેમ રાષ્ટ્રનું નિશાન હોય છે તેમ તીર્થત્વનું પ્રતિક છે. યવનું ચિન્હ જવ અન્નનું પ્રતિક સરોવરમાંથી ઉત્પન્ન સરોજ કમળ અંકુશ અને આકાશનું ચિન્હ ધનુષ ઉર્ધ્વરેખા ચંદ્ર આદિ જે સામુદ્રિક શાસ્ત્રમાં કહેલાં ભગવાનપણાના શુભ પ્રતિક રૂપ ચિન્હો જેમના ચરણોમાં વિરાજમાન છે. અને જેમના ચરણોની સેવામાં સદા જોડાઈને રહેલાં સાક્ષાત્ લક્ષ્મીજી તેઓ પણ જે કોઈ આ ચરણાર્વિંદનું સેવન કરે છે તેમની સાથે જોડાઈ જાય છે. અને શરણાગતજનોનાં જીવોના સમગ્ર પાપો પ્રારબ્ધ સંચિત અને ક્રિયામાણનો નાશ કરીને આત્યંતિક મોક્ષના મહા ભાગ્યશાળી કરે છે. એવું જેમના ચરણોમાં સામર્થ્ય છે. તે મારા ઈષ્ટદેવ પ્રભુ સહજાનંદ સ્વામી મારા હૃદયમાં સદા નિવાસ કરીને રહો એવી નમ્ર પ્રાર્થના કરૂં છું. (૭)

**સર્વેષાં પતિરાત્મદઃ પ્રભુરનંતેહોઽક્ષરે સંસ્થિતઃ,**
**કારૂણ્યેક્ષણ નીરજઃ સુખનિધિઃ સર્વજ્ઞઈશઃ પરઃ ॥**
**કલ્યાણઽમિત દિવ્યજન્મચરિતોયો બ્રહ્મણેઽધ્યાપયદ્વેદાસ્તં ,**
**પ્રણમામ્યહં ચ સહજાનંદં સદા ધર્મજમ્ ॥૮॥**

ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી પાંચસો પરમહંસો સંપ્રદાય સંબંધી સત્શાસ્ત્રોની રચના કરવામાં લાગી ગયા હતાં. તેમાં જેમને જે ભાષાનું જ્ઞાન હતું તે તે ભાષાઓમાં જગતના જીવને સમજાવવાનારા ગ્રંથોની રચના કરી. તે જ રીતે સદ્ગુરુ મહાનુભાવાનંદ સ્વામીએ પોતાના ગ્રંથરાજ શ્રીહરિકૃષ્ણ લીલામૃતમાં પોતાના ઈષ્ટદેવની પ્રાર્થના જે કરી છે તેના શબ્દોનો ભાવાર્થ સમજવાનો પ્રયત્ન કરીએ..... પરંબ્રહ્મ પરમેશ્વર સર્વષાં અનંતકોટી બ્રહ્માંડના સમગ્ર વિશ્વના પતિ નિયંતા સ્વામી અંતર્યામી જીવાત્માઓને પોતાના જ સ્વરૂપનું જ્ઞાન આપનારા સ્વને ઓળખાવનારા પ્રભુ શાસક નિયમન કરનારા વિશ્વમાં બ્રહ્માંડોમાં અનંતરૂપો ધારણ કરનારા છતાં પોતાના દિવ્ય અક્ષરધામમાં સદા દિવ્ય અને દ્વિભુજ સાકાર મૂર્તિ વિરાજમાન એવા ભગવાન કમળ જેવા વિશાળ નેત્રોથી કરૂણામય દૃષ્ટિથી સમસ્ત વિશ્વના જીવોને દુઃખી

થતાં જોઈને સુખના નિધિ સાગર એવા અને સર્વજ્ઞ અન્તર્યામી રૂપે બધુંજ જાણે છે. તે જ સર્વત્ર વ્યાપક છે તે પણ કોઈથી ન જાણી શકાય તેવા છે. અર્થાત સર્વથી પર છે. તે ઈશ્વર એવા ભગવાન સ્વયં પોતે અજન્મા હોવા છતાં જીવોનું કલ્યાણ કરવા માટે દિવ્ય ચરિત્રો કરવા માટે પૃથ્વી ઉપર જન્મ ધારણ કરે છે. પ્રગટ થાય છે. સૌ પ્રથમ પ્રગટ થઈને દર્શન આપીને જેમણે પિતામહ બ્રહ્માંજીને વેદોનું દિવ્ય જ્ઞાન આપ્યું હતું તે પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રીહરિ ધર્મદેવના પુત્ર રૂપે અવતાર ધારણ કરીને શ્રી સહજાનંદ સ્વામીના નામથી વિચરણ કરે છે તેમના શ્રી ચરણોમાં હું સાષ્ટાંગ દંડવત પ્રણામ કરૂં છું. (૮)

**યઃ બ્રહ્મેશ્વરદેવરાજ રવયો દિવ્યૈસ્તુવન્તિ સ્તવૈર્ય,**
**વેદૈઃ ક્રમતઃ પદૈશ્ચજટયા ગાયન્તિ સામર્ષયઃ ॥**
**ધ્યાનેનાત્મની યંમહે પ્રતિદિનં પશ્યન્તિ યોગેશ્વરાયત્પારં,**
**નિગમાં વિદુર્ન સહજાનંદાય તસ્મૈ નમઃ ॥૯॥**

શ્રીમદ્ સત્સંગિભૂષણ ભક્તિશાસ્ત્રમાં વાસુદેવાનંદવર્ણી વ્યાપકેશ નામના મહામુનિના મુખથી પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ જે હાલ કળિકાળમાં શ્રી સહજાનંદ સ્વામી નામ ધારણ કરીને ભૂમંડલ ઉપર વિચરણ કરે છે તેમના સ્વરૂપના વર્ણન રૂપ સ્તુતિ પ્રાર્થના કરતાં કહે છે. જે મારા ઈષ્ટદેવ પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણની જગતના સૃષ્ટા પિતામહ બ્રહ્માજી ઈશ્વરમૂર્તિ મહાદેવજી શિવજી ત્રિલોકાધિપતિ દેવતાઓના રાજા ઈન્દ્ર જગતને પ્રકાશિત કરનાર સૂર્યદેવ આદિ દેવો દિવ્ય સ્વરૂપે વેદની શ્રુતિઓ મંત્રો અને સૂક્તોથી સ્તુતિ પ્રાર્થના કરે છે. વિદ્વાન બ્રાહ્મણો પંડિતો સામવેદના ગીતોથી પદ ક્રમ અને જટાએ સહિત ગાન કરે છે. અને જેમના સ્વરૂપને સનકાદિક ચાર કુમારો યોગેશ્વરો સિદ્ધો ઋષિમુનિઓ તેજોમય પોતાના આત્મસ્વરૂપમાં અન્તર્યામી રૂપે પોતાના હૃદય કમળમાં નિત્ય પ્રતિદિન દર્શન કરે છે. જેમના મહિમાને વેદની શ્રુતિઓ પણ પુરેપુરુ વર્ણન કરી શકતાં નથી. એવા સહજાનંદ નામે વિચરણ કરતાં મારા ઈષ્ટદેવ પ્રભુને મારા સાષ્ટાંગ

દંડવત પ્રણામ નમસ્કાર કરૂં છું. (૯)

**કશ્યૈકસ્ય કુમંડલં હિ શિરશઃ શેષશ્ય દેશેસ્થિતં,**
**યસ્યેદં ફણિનઃ સહસ્રાશિરસાં સિદ્ધાર્થવદ્રાજતે ॥**
**સોપ્યસ્યૈશ્ચ સહસ્રશઃ પ્રતિદિનં નૂત્નાનિ યન્નામાન્યાહ,**
**સિતામ્બરાય સહજાનંદાય તસ્મૈ નમઃ ॥૧૦॥**

પરમાત્મા ભગવાન શ્રીહરિ નારાયણના નાભિકમળમાં ઉત્પન્ન થયેલાં બ્રહ્માજીને જગતનું સર્જન કરવાની આજ્ઞા કરી ત્યારે પૃથ્વીને ભૂમંડલને સ્થિર રાખવા માટે બ્રહ્માજીની પ્રાર્થનાથી ભગવાને શેષનારાયણજીને પ્રેરણા કરી તે શેષનારાયણના એક હજાર મસ્તકો છે. તેમાંથી કોઈ એક મસ્તક ઉપર શેષજીએ આ પૃથ્વીને ભૂમંડલને જેમ કોઈના માથામાં રાઈનો દાણો મુકી રાખ્યો હોય તેમ મુકીને સ્થિર રાખી છે. એવા સમર્થ શેષજી પણ પોતાના હજારે હજાર મસ્તકના મુખોથી દરરોજ નિત્ય પ્રતિ ભગવાન શ્રીહરિના નવીન નવીન નામોનું ગુણગાન કરે છે. તો પણ જે પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન પુરુષોત્તમનારાયણના દિવ્ય નામોનો પાર આવતો જ નથી એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સહજાનંદ સ્વામી જે સદા શ્વેત વસ્ત્રો ધારણ કરીને આ કળિકાળમાં વિચરણ કરે છે તેમના શ્રી ચરણોમાં હું વાસુદેવાનંદ વર્ણી સાષ્ટાંગ દંડવત પ્રણામ સહ નમસ્કાર કરૂં છું. (૧૦)


**ખ્યાતં ધર્મકુલં ગુણૈર્ભુવિવરૈ યશ્ચાવિરાસીત્તતઃ કર્તું,**
**સદ્વિજતો યથા શશધર પૂર્વાચલં પુષ્કલઃ ॥**
**યસ્યાસન્મુનયોપિ શુદ્ધ હૃદય ધન્યાશ્ચ સત્સંગિન,**
**સંબન્ધાત્સતતં સમેડસ્તુ સહજાનંદ પ્રસન્નો હરિઃ ॥૧૧॥**

પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિને પ્રસન્ન કરવા માટે વાસુદેવાનંદ વર્ણીરાજ તે પ્રભુના કેવા ગુણો છે તેનું વર્ણન કરે છે. જેમ રાત્રિના મહાભયંકર અંધકારમાં ઢંકાઈ ગયેલાં પર્વતાધિરાજ ઉદયાચલ હિમાલયને પ્રકાશિત કરવા માટે જ જેમ પૂર્ણિમાના ચંદ્રનો ઉદય થાય છે તેમ પોતાના જ કુળ એવા ધર્મકુળને તેનામાં રહેલાં શ્રેષ્ઠ પરોપકારી દિવ્ય ગુણોને પ્રકાશિત કરવા માટે

જ ધર્મના અવતાર રૂપે પ્રગટેલાં પોતાના જ પિતા હરિપ્રસાદ વિપ્રના ઉત્તમ સર્વશ્રેષ્ઠ કુળમાં માનવ દેહ ધારણ કરીને પ્રગટ થયા છે. તે પ્રભુના સંબંધથી વિદ્વાનોની વિદ્વતા બ્રાહ્મણોનું બ્રાહ્મણત્વ સોળેય કળાએ કરીને ખીલી ઉઠ્યું છે. તેમજ તે શ્રીહરિના યોગે કરીને મોટા મોટા મુનિજનોના દિવ્ય કલ્યાણકારી સદ્‌ગુણોથી અનંત જીવોનો ઉદ્ધાર થયો છે. અને તેમના સંબંધથી જ અસંખ્ય સદ્‌ગૃહસ્થોના પણ મન અંતઃકરણ શુદ્ધ પવિત્ર અને નિર્મળ બન્યા છે. તેથી તેઓ પણ કૃતકૃત્ય થયા છે. એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સહજાનંદ સ્વામી મારા ઉપર પ્રસન્ન થાય તેવી હું પ્રાર્થના સ્તુતિ કરૂં છું. (૧૧)

**અતિક્ષાન્ત્યા દાન્ત્યા મૃદુલવચનૈશ્છાદિતમહ,**
**ન્નિજાતર્ક્યૈશ્વર્યાદદ્વિલસિતનૃનાટ્યાય ગુરવે ॥**
**વસાનાય શ્વેતામ્બરયુગલમાવાર્ધિયશસે,**
**નમસ્તસ્મૈ નિત્યં હૃદિ ભગવતે ધ્યેયવપુષે ॥૧૨॥**

મોક્ષની ઈચ્છાવાળા મુમુક્ષુને ધ્યાન કરનારા ધ્યાનીઓને અને મુક્તોને મહામુક્તોને અને અક્ષરમુક્ત પર્યન્ત સૌને ધ્યાન કરવા યોગ્ય એવા પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણ પુરૂષોત્તમનારાયણનું દિવ્ય સ્વરૂપ કેવું પોતાને ધ્યાનમાં દેખાય છે દર્શન થાય છે તેની આછી ઝલક અહિં આ શ્લોકમાં વર્ણન કરે છે. પોતાના આશ્રિત ભક્તો ઉપર જેમના હૃદયમાં અતિશે ક્ષમાનો ભાવ ભરેલો છે. તેમજ દુઃખી જગતના ગરીબ યાચક જીવો ઉપર અતિ ઉદારતાથી મન માગ્યા વરદાન આપવાને અમૃત જેવા મધુર વચનો કહીને તેમના હૃદયમાં પરમ શાંતિ કરે છે. પોતાના મહાન ઐશ્વર્ય જેની કોઈ કલ્પના પણ ન કરી શકે તેવા અપાર સામર્થ્યની સાથે મનુષ્ય શરીર ધારણ કરીને જયારે જગતમાં વિચરણ કરે છે ત્યારે સાધારણ માણસોના જેવા પણ અતિ પવિત્ર અને સ્વચ્છ અને શાંતિ આપનારા સદા શ્વેત વસ્ત્રો પોતાના અંગ ઉપર ધારણ કરે છે. તે બેય પ્રકારના વસ્ત્રો અંગ વસ્ત્ર અને ઉત્તરિય વસ્ત્ર દર્શન કરનારાને યશ અને નિશઃકંલક કીર્તિનો પ્રસાર ફેલાવો કરે છે. એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણના સ્વરૂપનું હું મારા હૃદયમાં ધ્યાન કરૂં છું. (૧૨)



©

shree swaminarayan mandir

amdavad-one